

# શ્રી
# સમયસાર ટીકામૃત
## ભાગ-૧

**શ્રી સમયસાર પરમાગમ પરની**
**શ્રી આત્મખ્યાતિ ટીકા તથા કળશોના**
**હરિગીતોમાં રૂપાંતરનું સંકલન**

**પ્રસ્તુતિકરણ**

**Mumukshus of North America**
**(MONA)**

# સમર્પણ

(દોહરા)

* અહો અહો ગુરુદેવશ્રી, શ્રુતના સિંધુ અપાર,
કરુણા કરી સમજાવીયો સમયસારનો સાર. 1.

* આત્મખ્યાતિ ટીકા અહા અતિ ગંભીર અગાધ;
મર્મ ખોલીયો તેહનો અમ ભવ્યોને કાજ. 2.

* એ ટીકાનું પદ્યમાં હરિગીત છંદો માંય;
રૂપાંતર અર્પણ કરું તુજ કરકમળો માંય. 3

* પ્રમાદ ને અજ્ઞાનવશ ભૂલો થઈ છે જેહ;
ક્ષમા આપજો તેમની વિનવું હે ગુરુદેવ! 4.

* વૈમાનિકના સ્વર્ગમાં આપનો છે નિવાસ;
દાસ દાસના દાસને આપો આશીર્વાદ. 5

# ટીકામૃત ટીમ

| | | |
|---|---|---|
| * સ્વર : | * | અમીબહેન પારેખ, રાજકોટ |
| | * | ભરતભાઈ મહેતા (જ્ઞાયક), સૂરત |
| | * | શૈલાબહેન મહેતા, ભાવનગર |
| * લેખન : | * | રજનીકાંત ગોસલીઆ, ઓરલેન્ડો |
| * સંકલન : | * | પ્રેમભાઈ ગડા, લોસ એન્જલસ |
| * સંશોધન : | * | સુભાષભાઈ શાહ, ટોરંટો |
| * વીડીઓ બુક : | * | કુનાલ અને ખુશી મીઠાણી, દુબઈ |
| * વેબસાઈટ પોસ્ટીંગ | * | નેહલ દોશી, સાન ફ્રાન્સિસિકો |
| * ટેકનીકલ સહાય | * | પ્રજ્ઞેશ ગાંધી, માયામી |

અન્ય સહાયકો

| | | |
|---|---|---|
| * ડી.ટી.પી. | * | નિર્જેશ જૈન, સોનગઢ |
| * ધ્વનિમુદ્રણ | * | સ્વરમ્ સ્ટુડીઓ, સૂરત |
| | * | વ્રજ સ્ટુડીઓ, રાજકોટ |
| | * | ભાવિક કીબોર્ડ, ભાવનગર |
| | * | સૂરધારા સ્ટુડીઓ, ભાવનગર |

પ્રસ્તુતિ

મુમુક્ષુઝ ઓફ નોર્થ અમેરિકા (MONA)

e 1

# અનુક્રમણિકા


| અધિકાર નંબર | અધિકાર | ગાથા | કળશ | પાના નંબર |
|---|---|---|---|---|
| | | ભાગ-1 | | |
| 1A | પૂર્વરંગ અધિકાર | 1—38 | 1—32 | 1—94 |
| 1B | જીવ-અજીવ અધિકાર | 39—68 | 33—45 | 95—140 |
| 2 | કર્તા-કર્મ અધિકાર | 69—144 | 46—99 | 141—296 |
| 3 | પુણ્ય-પાપ અધિકાર | 145—163 | 100—112 | 297—329 |
| 4 | આસ્રવ અધિકાર | 164—180 | 113—124 | 330—356 |
| 5 | સંવર અધિકાર | 181—192 | 125—132 | 357—377 |
| | | ભાગ-2 | | |
| 6 | નિર્જરા અધિકાર | 193—236 | 133—162 | 378—454 |
| 7 | બંધ અધિકાર | 237—287 | 163—179 | 455—528 |
| 8 | મોક્ષ અધિકાર | 288—307 | 180—192 | 529—570 |
| 9 | સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર | 308—415 | 193—246 | 571—731 |
| * | પરિશિષ્ટ | — | 247—278 | 732—797 |


## અનુક્રમણિકા

શ્રી સમયસાર ટીકામૃતના PDF સંકલનમાં ગાથા તથા કળશોના રૂપાંતરીત હરિગીતો ઉપરાંત મૂળ ટીકાને પણ તેને સંબંધિત હરિગીત અનુસાર વિભાજિત કરીને અલગ અલગ બનાવવામાં આવી છે.

બધા મળીને 805 પાનાની આ PDF Bookને ભાગ-1 તથા ભાગ-2 એમ બે ભાગોમાં વિભાજિત કરીને Spiral Books બનાવવાના હેતુથી આ અનુક્રમણિકા તૈયાર થઈ છે. તેમાં દરેક અધિકારની અંતર્ગત સમાવિષ્ટ ગાથાઓ તથા કળશોની યાદી બનાવી છે.

# પરિચય

**નમું હું તીર્થનાયકને, નમું ઓમકાર નાદને,**
**ઓમકાર સંઘર્યો જેણે નમું તે કુંદકુંદને;**
**અહો ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ-દિવ્યનો,**
**જિન-કુંદ-ધ્વનિ આપ્યાં, અહો આ ગુરુ કહાનનો.**

અધ્યાત્મયુગસ્રષ્ટા, પ્રાતઃસ્મરણીય, પરમોપકારી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીને કોટિ કોટિ વંદન !

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત **'સમયપ્રાભૃત'** પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત **'આત્મખ્યાતિ'** નામની સંસ્કૃત ટીકાના પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદના આધારે ઉપરોક્ત ગદ્ય ટીકાનું તથા તેમાં સમાવિષ્ટ કળશોનું ગુજરાતી હરિગીત છંદોમાં કરાયેલ રૂપાંતરનું પૂજ્ય ગુરુદેવશ્રીને સમર્પિત કરાયેલું આ સંકલન **'શ્રી સમયસાર ટીકામૃત' PDF Book તથા Audio Book Formatમાં** પ્રસ્તુત કરતાં અમે ધન્યતા અનુભવીએ છીએ.

બધા મળીને 3300 રૂપાંતરીત હરિગીતો સહિતનું લગભગ 800 પાનાનું આ PDF સંકલન મોનાની website : www.jainism.us પર ''Supplements'' section અંતર્ગત તથા 33 કલાક લાંબુ સંગીતમય Audio Book સંકલન YouTubeની 'MONA' ચેનલ અંતર્ગત ઉપલબ્ધ છે.

પાઠકોને જણાવવાનું કે અહીં અર્ધગોળ કૌંસ () અંદર મૂકવામાં આવેલી વિગત મૂળ શાસ્ત્ર અનુસાર છે તથા લંબચોરસ કૌંસ [] અંદર મૂકવામાં આવેલી વિગત છંદાનુરોધ અથવા વિશેષ સમજણ માટે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનના આશય અનુસાર ઉમેરવામાં આવી છે.

વિદ્વત્જનોને નમ્ર વિનંતિ છે કે અહીં રહી જવા પામેલી કોઈપણ ક્ષતિ વિષે અથવા બીજા કોઈ પણ પ્રસ્તાવ વિષે અમને bhanu_shah1948@hotmail.com અથવા WhatsApp નંબર +1(647)-636-1288 દ્વારા જાણ કરશો.

આ સંકલન તૈયાર કરવામાં નિઃસ્વાર્થભાવે અથાક પ્રયત્નો વડે અનેક પ્રકારની સેવાઓ આપનાર બધા સાથીદાર મુમુક્ષુ ભાઈ-બહેનોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આશા છે કે શ્રી સમયસાર પરમાગમના સ્વાધ્યાય માટે ઉપરોક્ત બંને કૃતિઓ મુમુક્ષુ જીવોને ઉપયોગી થશે.

**જય જિનેન્દ્ર**

**મુમુક્ષુઝ ઓફ નોર્થ અમેરિકા (MONA), યુ.એસ.એ.**

ॐ

श्री परमात्मने नमः ।

# શ્રી સમયસાર ટીકામૃત

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ।।
सर्व मंगल मांगल्यं सर्व कल्याण कारणम् ।
प्रधानं सर्व धर्माणां, जैनं जयतु शासनम् ।।

(હરીગીત)

* સ્થાપી અનંતા સિદ્ધને મુજ જ્ઞાનની પર્યાયમાં,
શ્રદ્ધું અહો સિદ્ધત્વને મુજ આત્મના ધ્રુવભાવમાં.
* હું પૂર્ણ છું, કૃતકૃત્ય ને અવિનાશી શુદ્ધાત્મા ખરે,
શક્તિપણે હું સિદ્ધ છું, વ્યક્તિપણે માનીશ હવે.
* નિજ સ્વરૂપની સન્મુખ થવું, સ્વાધ્યાય છે જ્ઞાની કહે,
પ્રારંભું જિનવાણી પઠન હું વંદીને ગુરુદેવને. (૨)

# શ્રી પૂર્વરંગ અધિકાર

## કળશ-૧

**ઉત્થાનિકા** : પ્રથમ સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં (પહેલા શ્લોક દ્વારા) મંગળ અર્થે ઇષ્ટદેવને નમસ્કાર કરે છે.

**શ્લોકાર્થ** (સંક્ષિપ્ત)

(૧) **(नमः समयसाराय)** 'સમય' અર્થાત્ જીવ નામનો પદાર્થ, તેમાં સાર જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા, તેને મારો નમસ્કાર હો.

(૨) તે કેવો છે? **(भावाय)** શુદ્ધ સત્તારૂપ વસ્તુ છે. વળી તે કેવો છે?
**(चित्स्वभावाय)** જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે. વળી તે કેવો છે?
**(स्वानुभूत्याचकासते)** પોતાની જ અનુભૂતિરૂપ ક્રિયાથી પ્રકાશે છે, અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે, પ્રગટ કરે છે.

(૩) વળી તે કેવો છે? **(सर्वभावान्तरच्छिदे)** પોતાથી અન્ય આત્મા સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્ર કાળ સંબંધી, સર્વ વિશેષણો સહિત એક જ સમયે જાણનારો છે.

(૪) આ પ્રકારના વિશેષણો (ગુણો)થી શુદ્ધ આત્માને જ ઇષ્ટ સિદ્ધ કરી તેને (-શુદ્ધાત્મને મંગળરૂપે) નમસ્કાર કર્યો છે.

**કલશામૃત**

(હરિગીત)

| | | | |
|---|---|---|---|
| (૧) | **(नमः समयसाराय)** | * | જે દ્રવ્ય ને નોકર્મ તેમજ ભાવકર્મથી રહિત છે,<br>એવા સમયના સાર સમ શુદ્ધાતમાને નમન છે. |
| (૨) | **(भावाय, चित्स्वभावाय)*<br>(स्वानुभूत्याचकासते)** | | જે શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ, ચિત્સ્વભાવી છે વળી,<br>સ્વાનુભૂતિથી પ્રગટ છે, જાણે સ્વને જ સ્વયં થકી. |
| (3) | **(सर्वभावान्तरच्छिदे)** | * | ભાવાંતરો જે અન્ય સર્વે જીવ-અજીવ પદાર્થને,<br>સહુ કાળ, ક્ષેત્ર, વિશેષથી તે જાણતો યુગપદ્પણે. |
| (૪) | [ઉપસંહાર : ] | * | આવા ગુણોથી યુક્ત એવો ઇષ્ટદેવ જ તે અહો !<br>મંગળરૂપે શુદ્ધાત્મને તેથી અહો મુજ નમન હો. |

## કળશ-૨

**ઉત્થાનિકા** : હવે (બીજા કળશમાં) સરસ્વતીને નમસ્કાર કરે છે :—

(૧) **(अनेकान्तमयी मूर्तिः)** જેમાં અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન તથા વચન તે-મયમૂર્તિ **(नित्यम् एव प्रकाशताम्)** સદાય પ્રકાશરૂપ રહો. કેવી છે તે મૂર્તિ?

(૨) **(अनन्त धर्मणः प्रत्यगात्मनः तत्त्वं)**

* તે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યોંના ગુણપર્યાયોથી તથા
* પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર છે અને
* જે અનંત ધર્મોવાળો છે એવા આત્માના તત્ત્વને અર્થાત અસાધારણ-સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિચક્ષણ-નિજ સ્વરૂપને તે મૂર્તિ અવલોકન કરે છે, દેખે છે.

**કલશામૃત**

(૧) જેમાં અનંતા અંત[૧] છે, એ જ્ઞાન ને વાણી અહા!
'નેકાંતમય મૂર્તિ અહો તે પ્રગટરૂપ રહો સદા.

(૨) પરદ્રવ્ય ને પરદ્રવ્યના ગુણપર્યયોથી રહિત જે,
પરના નિમિત્તિક ભાવથી પણ જે કથંચિત્ અન્ય છે;
અનંત ધર્મ સહિત ને પરજીવ-અજીવથી ભિન્ન જે,
એવા અહો નિજ સ્વરૂપને તે મૂર્તિ અવલોકન કરે.

૧. અંત=ધર્મ

## કળશ-3

**ઉત્થાનિકા** :- હવે (ત્રીજા શ્લોકમાં) ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે :–

**શ્લોકાર્થ** :- શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે :– આ સમયસાર (શુદ્ધાત્મા તથા ગ્રંથ)ની વ્યાખ્યા (કથની તથા ટીકા)થી જ મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ (સમસ્ત રાગાદિ વિભાવ પરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) થાઓ.

(૨) કેવી છે તે પરિણતિ?

* પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભવ (-ઉદયરૂપ વિપાક)ને લીધે જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે,
* તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે અને હું કેવો છું?
* દ્રવ્યદ્રષ્ટિથી શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છું.

### કલશામૃત

આ સમયસાર તણી જ વ્યાખ્યાથી અહો મુજ અનુભૂતિ,
પામો પરમ વિશુદ્ધિને, પરિણતિ વિભાવ રહિત થઈ.
મોહન કરમના ઉદયરૂપ વિપાકથી મુજ પરિણતિ,
અનુભાવ્ય રાગાદિ તણી વ્યાપ્તિથી કલ્માષિત થઈ
નિરંતરે (પર્યય મહીં), પણ હું અહો કેવો ખરે?
દ્રવદ્રષ્ટિથી તો શુદ્ધ ચેતનમાત્ર છું મૂર્તિ (અરે!)

**ઉત્થાનિકા** :–હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે.

**ગાથા-૧**

ગાથા : **ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,**
**વંદી કહું શ્રુતકેવળી ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

ટીકામૃત (૧) 'અથ સૂત્ર'નો 'અવતાર' કહી મંગળ કરી આચાર્યશ્રી,
સ્તુતિ સર્વ સિદ્ધોની અહો કરી દ્રવ્ય તેમજ ભાવથી.
સ્થાપિત કરી સહુ સિદ્ધને પોતા તથા શ્રોતા મહીં,
પરિભાષતા આ સમયપ્રાભૃત દ્રવ્ય-ભાવ વચન થકી.

(૨) પ્રતિચ્છંદ સમ છે સિદ્ધ પ્રભુ આ સાધ્ય આત્માને અહો!
તેના જ જેવું સ્વરૂપ નિજનું ધ્યાવીને તેવો થતો,
ચારેય ગતિથી જુદી તે પંચમગતિને પામતો,
એવી વિલક્ષણ સિદ્ધની છે કેવી પંચમગતિ અહો?

(૩) સ્વભાવભાવરૂપે અહો છે તેથી તે ધ્રુવ છે અને,
પરના નિમિત્તે થાતી તેથી ચાર ગતિ વિનાશી છે.

(૪) પરના નિમિત્તે ભ્રમણ જે થતું પર મહીં જ અનાદિથી,
વળી તે નથી તેથી અચલતા પામી છે પંચમગતિ.

(૫) અદ્‌ભૂત મહિમાવંત એવી તેની કો ઉપમા નથી,
અનુપમ ગતિ છે તેથી તે નથી કોઈ ગતિ એના સમી.

(૬) ધર્મ, અર્થાદિ ત્રિવર્ગથી પણ વિલક્ષણ જે અતિ,
અપવર્ગ એથી છે અહો! સિદ્ધો તણી પંચમગતિ.

(૭) એ સર્વ સિદ્ધોની કરીને સ્વ-પરમાં હું સ્થાપના,
નિજના તથા પરના અનાદિના અહા વિમોહના
વિનાશ કરવાને અહો, અરિહંત-પ્રવચન અંશનું,
પ્રારંભ પરિભાષણ કરું આ સમયના પ્રાભૃત તણું.

(૮) સર્વજ્ઞથી જે પ્રણીત છે, ગણધર થકી જે કથિત છે,
આ શબ્દબ્રહ્મ અનાદિ'નંત, પ્રમાણતા પામેલ છે.
નથી અન્યવાદીઓ તણા આગમ સમાન રચિત તે,
છદ્મસ્થથી, તેથી નથી અપ્રમાણતા પામેલ તે.

[ઉપસંહાર : ] : ધ્રુવ, અચલ, અનુપમ સિદ્ધને હું સ્થાપીને મુજ અંતરે,
જિનવાણીનું હું પઠન કરું છું વંદીને ગુરુદેવને.

ટીકા : (૧) અહીં ‘અથ’ શબ્દ મંગળના અર્થને સૂચવે છે. ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના અને પરના આત્મામાં સ્થાપીને આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન અને દ્રવ્યવચનથી પરિભાષણ શરૂ કરીએ છીએ,–એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.

(૨) એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે. જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. કેવી છે પંચમગતિ?

(૩) સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે. ચારે ગતિઓ પર નિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે; ધ્રુવ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.

(૪) વળી તે ગતિ કેવી છે? અનાદિકાળથી અન્ય (પર)ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ અચલતાને પામી છે. આ વિશેષણથી, ચારે ગતિઓને પર નિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.

(૫) વળી તે કેવી છે? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભૂત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.

(૬) વળી તે કેવી છે? અપવર્ગ તેનું નામ છે. ધર્મ, અર્થ અને કામ–એ ત્રિવર્ગ કહેવાય છે; મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહી–આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.

(૭) તેમને પોતાના અને પરના આત્મામાં સ્થાપીને, અનાદિકાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવ પદાર્થનો) પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હંત પ્રવચનોનો અવયવ (અંશ) તેનું હું પરિભાષણ કરું છું.

(૮) કેવો છે તે અર્હંતપ્રવચનનો અવયવ?

સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળી ભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી અને કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, પ્રમાણતાને પામ્યો છે. અન્યવાદીઓના આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની)ની કલ્પનામાત્ર નથી કે જેથી અપ્રમાણ હોય.

## ગાથા-૨

**ઉત્થાનિકા** : પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું? તેથી હવે પહેલાં સમયને જ કહે છે :–

**ગાથા** **જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

**ટીકામૃત** : ટીકાના પહેલા પારિગ્રાફમાંથી **જીવો** કેવો છે?

(A) 'સમય' કોને કહે છે?

* જાણે અને જે પરિણમે પણ એક સાથે દ્રવ્ય તે,
એકત્વપૂર્વક બે ક્રિયાઓ જે કરે તે 'સમય' છે.

* આ 'જીવ' નામક દ્રવ્ય પણ જાણે અને છે પરિણમે,
એકત્વપૂર્વક એક સાથે તેથી જીવ તે "સમય" છે.

(B) 'જીવ' પદાર્થની સાત વિશેષતાઓ

(૧) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય : * પરિણમનરૂપ સ્વભાવમાં જીવદ્રવ્યનું અસ્તિત્વ છે,
ઉત્પાદ-વ્યયને ધ્રૌવ્ય ત્રણની એકતા જીવ-સ્વરૂપ છે.

(૨) દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ : * ચૈતન્યસ્વરૂપપણા થકી ઉદ્યોતરૂપ છે નિત્ય ને,
સ્પષ્ટ નિર્મળ જ્ઞાનદર્શનજ્યોતિમય જીવદ્રવ્ય છે.

(૩) અનંતધર્મસ્વરૂપ : * અનંત ધર્મોમાં રહેલા એકધર્મીપણા વડે,
છે પ્રગટ દ્રવ્યપણું અહો અનંતધર્મી જીવને.

(૪) ગુણપર્યયવત્ : * ક્રમ ને અક્રમરૂપ વર્તતા ભાવો અનંતા જેહમાં,
તે ગુણપર્યયવત્ અહો છે જીવ નામક દ્રવ્ય આ.

(૫) સ્વપરપ્રકાશક : * જેમાં અનંતા સ્વ-પરના આકાર સૌ પ્રતિભાસતા,
પણ એક જ્ઞાનાકારરૂપ રહેતું સદા જીવદ્રવ્ય આ.

(૬) અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ : * અવગાહના આદિ વિશિષ્ટ ગુણો નથી તેમાં અને
ચૈતન્યના સદ્‌ભાવથી સૌ દ્રવ્યથી જીવ ભિન્ન છે.

(૭) પોતાના સ્વરૂપને છોડતો નથી : * અનંત દ્રવ્યો સાથ એક જ ક્ષેત્રમાં રહેતો ભલે,
નહિ છૂટતો નિજ સ્વરૂપથી જીવ તેથી ટંકોત્કીર્ણ છે.

ટીકાના બીજા પારિગ્રાફમાંથી

(A) સ્વસમય : * આ જીવ જ્યારે ભેદજ્ઞાનથી અન્ય દ્રવ્યોથી છૂટી,
દ્રગ જ્ઞાનમય આત્મા મહીં, એકત્વગત વર્તન કરી.

* દ્રગ જ્ઞાન ચરિત મહીં સ્થિતિ તેની (જ) ત્યારે હોઈને,
યુગપદ્ અહો એકત્વપૂર્વક જાણતો નિજને અને

* નિજરૂપ પણ એકત્વપૂર્વક પરિણમન કરતો થકો,

| | | | |
|---|---|---|---|
| | | | '**जीवो**' અહો '**स्वसमय**' છે–એ રીત પ્રતીતરૂપે થતો. |
| (B) પરસમય | : | * | પણ જીવ જ્યારે પુષ્ટ મોહ તણા ઉદયને અનુસરી,<br>પરદ્રવ્યથી ઉત્પન્ન એવા મોહને નિજરૂપ કરી; |
| | | * | પુદ્‌ગલકરમના ક્ષેત્રમાં ત્યારે સ્થિતિ તેની થતી,<br>યુગપદ્‌પણે એકત્વપૂર્વક જાણતો પરને વળી. |
| | | * | એકત્વપૂર્વક પરિણમન પરરૂપ કરતો જીવ તે,<br>એવી પ્રતીત થતી અહો કે જીવ આ 'પરસમય' છે. |
| (C) દ્વિવિધપણું : | | * | એ રીત પ્રગટે દ્વિવિધતા આ જીવ નામ પદાર્થને,<br>'સ્વસમય' અથવા 'પરસમય' (સંજ્ઞા મળે) તે જીવને. |
| [ઉપસંહાર : ] | : | * | સંયોગમાં, સંયોગી*માં – રત હું અરે પરસમય છું,<br>જ્ઞાયક તણો આશ્રય કરી 'સ્વસમય' નિશ્ચય હું બનું. |

* સંયોગીમાં = પુદ્‌ગલકર્મના નિમિત્તે થતા મોહ-રાગ-દ્વેષાદિ સંયોગીભાવોમાં

## સંક્ષિપ્ત ટીકા

[પહેલો પારિગ્રાફ) ("जीवो" કેવો છે?) (A 'समय' કોને કહે છે?)]

* 'સમય' શબ્દનો અર્થ આ પ્રમાણે છે :—એક સાથે જાણવું અને પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે છે તે 'સમય' છે.
* આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે, તેથી સમય છે. આ જીવ પદાર્થ કેવો છે?

[B : 'જીવ પદાર્થની સાત વિશેષતાઓ :—]

**[(i) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે.]** * સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.

**[(ii) દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે.]** * ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શન-જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે.

**[(iii) અનંતધર્મસ્વરૂપ છે]** * અનંત ધર્મોમાં રહેલું જે એકધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે (કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે.)

**[(iv) ગુણપર્યાયવાળો છે :]** * ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયોને અંગીકાર કર્યા છે.

**[(v) સ્વપરપ્રકાશક છે]** * પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્તરૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે (અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે)

**[(vi) અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે]** ∗ અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો અવગાહન-ગતિ-સ્થિતિ-વર્તનાહેતુપણું અને રૂપીપણું-તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્‌ભાવને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્‌ગલ—એ પાંચ દ્રવ્યોથી ભિન્ન છે.

**[(vii) પોતાના સ્વરૂપને છોડતો નથી]** ∗ અનંત અન્ય દ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે.

**[ઉપસંહાર : ]** – આવો જીવ નામનો પદાર્થ સમય છે.

[બીજો પારિગ્રાફ]

**[A સ્વસમય :-]** * જ્યારે આ (જીવ), ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે.

∗ ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે ‘સ્વસમય’–એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.

**[B પરસમય :-]** પણ જ્યારે તે, અનાદિના પુષ્ટ મોહના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહ-રાગ-દ્વેષાદિભાવો સાથે એકત્વગતપણે (એકપણું માનીને) વર્તે છે.

∗ ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ પરને એકત્વપૂર્વક જાણતો અને પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે ‘પરસમય’–એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.

**[C દ્વિવિધપણું :-]** આ રીતે ‘જીવ’ નામના પદાર્થને ‘સ્વસમય’ અને ‘પરસમય’–એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.

## ગાથા-3

ઉત્થાનિકા :– હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે :–

**ગાથા** **એકત્વનિશ્ચય-ગત, સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. 3**

**ટીકામૃત :–**

૧) * નિજ ગુણ તેમજ પર્યયોને એક સાથે પ્રાપ્ત થઈ,
જે પરિણમે તે સર્વ દ્રવ્યોને 'સમય' સંજ્ઞા કહી.

૨) * ને તેથી ધર્માદિ બધાય પદાર્થ જે આ લોકમાં,
એકત્વનિશ્ચય પ્રાપ્ત સુંદરતા ખરે તે પામતા;

[કારણ કે] * અન્ય રીતે સર્વ સંકર આદિ દોષો આવતા,
કેવા અહો છે સર્વ તેહ પદાર્થ લોક સમસ્તમાં?

3) * નિજમાં નિમગ્ન રહી બધા સ્પર્શે સ્વધર્મસમૂહને,
તોપણ પરસ્પર દ્રવ્ય સૌ સ્પર્શન કરે નહીં અન્યને;

* અતિ નિકટ એક જ ક્ષેત્રમાં રહેતા ભલે સાથે છતાં,
પડતા નહિ નિજ સ્વરૂપથી તે દ્રવ્ય સૌ કદીએ અહા!

* પરરૂપ પરિણમતા નહિ તેથી અનંતી વ્યક્તિતા,
નહિ નાશ પામતી તેમની, સ્થિતિ તેથી છે શાશ્વત અહા!

* હેતુપણાથી વિરુદ્ધ ને અવિરુદ્ધ એવા કાર્યના,
ટકાવતા-ઉપકાર કરતા-વિશ્વને તેઓ સદા.

૪) * આ રીત સર્વ પદાર્થનું એકત્વ નિજ નિજ હોઈને,
વિખવાદ બંધકથાથી થાતો જીવ નામક સમયને.

* તો બંધ જેનું મૂળ એવું કર્મમધ્યે સ્થિત થવું,
જે મૂળ છે પરસમયનું જેનાથી થાતું દ્વિવિધપણું-

* સ્વસમય ને પરસમયરૂપ, તે હોય ક્યાંથી જીવને?
આ રીત સિદ્ધ થયું અહો એક જ પણું આ સમયને.

[ઉપસંહાર :–] * એકત્વ મુજ સૌંદર્ય છે, એકત્વ છે શ્રેયસ અને,
વિખવાદ છે પર-બંધમાં, પરને ન સ્પર્શું હું ખરે!]

હેતુ પરંપરા :— બંધકથા (બંધભાવ)—પુદ્ગલકર્મમાં સ્થિર થવું—પરસમયપણું—દ્વિવિધપણું

**ટીકા (સંક્ષિપ્ત)**

(૧) અહીં 'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે કારણ કે એકીભાવે (એકત્વપૂર્વક) પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે 'સમય' છે.

(૨) તેથી લોકમાં સર્વત્ર ધર્માદિ જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે.

કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વ સંકર આદિ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો?

(૩) * પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે–સ્પર્શે છે.

* તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.

* અત્યંત નિકટ એકક્ષત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી.

* પરરૂપે નહિ પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા (શાશ્વત) સ્થિત રહે છે અને

* સમસ્ત વિરુદ્ધ કાર્ય અને અવિરૂદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશા વિશ્વને ઉપકાર કરે છે–ટકાવી રાખે છે.

(૪) * આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી જીવ નામના સમયને બંધકથાથી જ વિસંવાદની આપત્તિ આવે છે;

* તો પછી બંધ જેનું મૂળ છે એવું જે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું, તે જેનું મૂળ છે એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું દ્વિવિધપણું.

* (પરસમય-સ્વસમયરૂપ) તેને (જીવ નામના સમયને) ક્યાંથી હોય? માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.

* હેતુ પરંપરા – બંધકથાથી વિસંવાદ (દ્વિવિધપણું) :–

બંધકથા (બંધભાવ)—પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું—પરસમયપણું—દ્વિવિધપણું

## ગાથા-૪

ઉત્થાનિકા :—હવે તે એકત્વની અસુલભતા બતાવે છે :–

**ગાથા :–** **શ્રુત-પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

**ટીકામૃત :—**

૧) [કામભોગબંધનની કથા સુલભ છે :]

* સમસ્ત આ જીવલોકને કામભોગબંધનની કથા,
એકત્વથી વિપરીત છે તેથી વિસંવાદી મહા;
* તોપણ શ્રવણમાં ને પરિચયમાં તથા અનુભૂતિમાં
આવી અનંતી વાર છે, જીવલોક તે કેવો અહા?
* સંસારચક્રની મધ્યમાં સ્થિત દ્રવ્ય-ક્ષેત્રાદિરૂપે,
પરિવર્તનો કરતો થકો, ભમતો નિરંતર તે અરે!
* કરી વિશ્વને વશ પૂર્ણ રીતે મોહરૂપી ભૂત જે,
જીવને કરાવે વહન તે બહુ ભાર બળદ સમાન ને
* તૃષ્ણારૂપી જ્વરદાહથી પીડા પ્રગટ છે અંતરે,
તે આકુલિત થઈ ગ્રહણ કરતો વિષયના સમૂહને;
* આચાર્યપણું કરતો વળી આવું પરસ્પર અન્યને,
કામભોગબંધનની કથા તેથી સુલભ છે લોકને.

૨) [આત્માનું એકપણું સુલભ નથી : ]

* નહિ જાણતો નિજ આત્મને તે સંગતિ પણ નવ કરે,
બીજા જીવો સહ, જે અહો જાણે-અનુભવે આત્મને;

[તેથી]
* પ્રકાશતું જે અંતરંગે પ્રગટરૂપ સદા છતાં,
અત્યંત ઢંકાતુ અરે કષાયચક્રની મધ્યમાં;
* પણ ભેદજ્ઞાનપ્રકાશથી જે સ્પષ્ટરૂપે દીસતું,
નિર્મળપણે એવું અહો એકત્વ નિજ આત્માતણું;
* પૂર્વે નથી કદી શ્રવણ-પરિચય કે અનુભવ પણ કર્યું,
તેથી નથી તેને સુલભ એકત્વ નિજ આત્માતણું.

[ઉપસંહાર : ]
* અનુભવ-શ્રવણ-પરિચય કર્યા મેં ભોગના ભૂતકાળમાં,
પરથી જુદા મુજ આત્મની નહીં સાંભળી કદીયે કથા.

## ટીકા [Slighty Rearranged]

(૧) [કામભોગબંધનની કથા સુલભ છે :]

* આ સમસ્ત જીવલોકને, કામભોગ સંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે (આત્માનું અત્યંત બૂરું કરનારી છે.)
* તોપણ, પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે, અનંતવાર પરિચયમાં આવી છે અને અનંતવાર અનુભવમાં પણ આવી ચૂકી છે. કેવો છે જીવલોક?
* જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે, નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તનોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે,
* સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે.
* જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે, આકળો બનીને મૃગજળ જેવા વિષયગ્રામને (ઇન્દ્રિય વિષયોના સમૂહને) જે ઘેરો ઘાલે છે.
* અને જે પરસ્પર આચાર્યપણું કરે છે (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર (ટાળે છે). તેથી કામભોગની કથા તો સૌને સુલભ (સુખે પ્રાપ્ત) છે.

(૨) [આત્માનું એકપણું સુલભ નથી :]

* પોતામાં અનાત્મપણું હોવાથી (-પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી
* જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે તોપણ કષાયચક્ર (કષાયસમૂહ) સાથે એકરૂપ [જેવું] કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે (–ઢંકાઈ રહ્યું છે)
* પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ
* (તે) નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું, નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું અને નથી કદી પૂર્વે અનુભવમાં આવ્યું તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.

## ગાથા-૫

ઉત્થાનિકા :–હવે આચાર્ય કહે છે કે તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએ :—

ગાથા :– દર્શાવું એક-વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.

**ટીકામૃત :**

(૧) [આચાર્યશ્રીની પ્રતિજ્ઞા :] * હું કહીશ એક-વિભક્ત આત્માને અહો નિજવિભવથી,
નિર્ણય કરી એવો, કહું જે વિભવ છે તે સર્વથી.

(૨) [મારો નિજ વૈભવ કેવો છે?]

(i) [આગમનું સેવન : ] * જે પૂર્ણ લોકાલોકની વસ્તુ સમસ્ત પ્રકાશતો;
તે શબ્દબ્રહ્મ-ઉપાસનાથી નિજવિભવ જન્મ્યો અહો!

(ii) [યુક્તિનું અવલંબન] * નયપક્ષ વળી જે સર્વથા એકાંતવાદીઓ તણો,
નિરસ્ત કરી નિર્બાધ તેને, વિભવ આ જન્મ્યો અહો!

(iii) [ પરંપરા ગુરુઓનો ઉપદેશ ] * સર્વજ્ઞ પરમગુરુ અને ગણધરથી લઈ મુજ ગુરુ તણા,
શુદ્ધાત્મના ઉપદેશથી પણ જન્મ છે તેનો અહા!

(iv) [સ્વાનુભવ :] * આનંદ જે ઝરતો નિરંતર આવતો આસ્વાદમાં,
નિજના પ્રચુર વેદનથી પણ જન્મ્યો અહો નિજવિભવ આ.

(3) [આચાર્યશ્રીની પ્રેરણા/ આજ્ઞા ] * દર્શાવું છું આ રીત સર્વે જ્ઞાનના મુજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ સ્વયં કરી નિજ અનુભૂતિ.

* પણ ક્યાંય અક્ષર-યુક્તિ આદિમાં કદી જો ભૂલ થઈ,
તો છલ-ગ્રહણ કરશો નહિ, કરજો પરીક્ષા અર્થની.

[ઉપસંહાર : ] [* આચાર્યશ્રી દર્શાવતા નિજવિભવથી મુજ આત્મને;
તેનું કરીશ પ્રમાણ હું શ્રદ્ધા અને સ્થિરતા વડે.]

**ટીકા :–**

(૧) [આચાર્યશ્રીની પ્રતિજ્ઞા :]

* આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે તે સર્વથી હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય (ઉદ્યમ, નિર્ણય) કર્યો છે.

(૨) કેવો છે મારા આત્માનો નિજવિભવ?

(i) * આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને

* 'સ્યાત્'પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ-અર્હંતના પરમાગમ-તેની ઉપાસનાથી જેનો જન્મ છે.

* ('સ્યાત્'નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું.' પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણ : અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો-વચનગોચર સર્વ ધર્મોના નામ આવે છે; અને

વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; આ રીતે તે સર્વ વસ્તુઓના પ્રકાશક છે માટે તેમને શબ્દબ્રહ્મ કહે છે.)

(ii) * સમસ્ત જે વિપક્ષ-અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ–

* તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી જેનો જન્મ છે.

(iii) * વળી તે કેવો છે?

* નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ સર્વજ્ઞદેવ અને અપરગુરુ ગણધરાદિકથી માંડીને અમારા ગુરુપર્યંત,

* તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ તેનાથી જેનો જન્મ છે.

(iv) * વળી તે કેવો છે?

* નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ

* તેની છાપવાળું જે પ્રચુર સંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે.

**(3) [આચાર્યશ્રીની પ્રેરણા/આજ્ઞા :]**

* એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છું. જો દર્શાવું તો સ્વયમેવ (પોતેજ) પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું;
* જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો છલ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું, શાસ્ત્રસમુદ્રનાં પ્રકરણ બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે તેથી અર્થની પરીક્ષા કરવી.

## ગાથા-૬

ઉત્થાનિકા :–હવે પ્રશ્ન ઊપજે છે કે, એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

ગાથા :— નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬

### ટીકામૃત :-

**A [ પહેલો પારિગ્રાફ ]**

(૧) * ઉદ્યોતરૂપ છું નિત્ય હું અનાદિ તેમ અનંત છું,
પ્રકાશમાન હું સ્પષ્ટ જ્યોતિ-એક જ્ઞાયકભાવ છું.

(૨) * છું વર્તમાને ક્ષીરનીરવત્ કર્મપુદ્‌ગલ સહિત હું,
પણ શુભ-અશુભરૂપ નહિ થતો હું પર્યયોથી રહિત છું.

(૩) * મુજને હું પરદ્રવ્યો તણા ભાવોથી ભિન્ન ઉપાસીને,
"છું શુદ્ધ" જ્ઞાયકભાવ હું ત્યમ અનુભવીશ-જાણીશ હવે.

**B [ બીજો પારિગ્રાફ ]**

(૪) * અગ્નિ ભલે ઇંધન તણા આકારરૂપે પરિણમે,
પણ દાહ્યકૃત ન અશુદ્ધતા થાયે કદી એ અગ્નિને.

(૫) * ત્યમ જ્ઞેયના આકારરૂપે જ્ઞાન'ભાવ'* પરિણમે,
પણ જ્ઞેયકૃત ન અશુદ્ધતા થાયે કદી એ જ્ઞાનને.

(૬) * ઘટપટરથાદિ પ્રકાશતો દીપક ખરે દીપક જ છે,
ત્યમ જ્યોતિ નિજની પ્રકાશતો દીપક ખરે દીપક જ છે;

(૭) * છે જ્ઞાન કર્તા, જ્ઞાન કર્મ જ–એમ બેય અનન્ય છે,
પરને નહિ, નિજને જ આ રીત જાણું હું જ્ઞાયક** ખરે.

[ ઉપસંહાર : ] [* નથી અપ્રમત કે પ્રમત્ત નથી હું એક જ્ઞાયકભાવ છું,
એ રીત શુદ્ધ કથાઉં વળી હું જ્ઞેય-જ્ઞાતા-જ્ઞાન છું. ]

* 'ભાવ'= જ્ઞેયાકાર (જ્ઞાનાકાર) થયેલું જ્ઞાન =જ્ઞાનની પર્યાય=અભેદથી જ્ઞાયક

** 'જ્ઞાયક' =જ્ઞાનની પર્યાય=અભેદથી જ્ઞાયક

### ટીકાનો સંક્ષિપ્ત સારાંશ :–

A [પહેલો પારિગ્રાફ :]

(૧) * જે અનાદિ-અનંત છે, નિત્ય ઉદ્યોતરૂપ છે માટે ક્ષણિક નથી,
* સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે–એવો હું એક જ્ઞાયકભાવ છું.

(૨) * [જો કે] હું સંસાર અવસ્થામાં કર્મપુદ્‌ગલો સાથે ક્ષીરનીરની જેમ એકરૂપ છું.

* [પરંતુ] દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ શુભાશુભભાવરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત-અપ્રમત્ત નથી. [હું કોઈપણ પ્રકારની પર્યાયથી રહિત છું.]

(૩) * હું સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ છું. [હવે સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી મને ભિન્નપણે જાણીને હું ''શુદ્ધ'' એક જ્ઞાયકભાવ છું એમ જાણીશ–અનુભવીશ.]

B [બીજો પારિગ્રાફ]

(૪) * દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે, પરંતુ તેને દાહ્યકૃત અશુદ્ધતા નથી.

(૫) * [તેવી જ રીતે] જ્ઞેયાકાર થવાથી તે ''ભાવ''*ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. પરંતુ તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

(૬) * જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શીખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી, તેમ જ્ઞાયકનું પણ સમજવું.

(૭) * કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે** જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ દીવાની જેમ કર્તાકર્મપણું હોવાથી જ્ઞાયક** જ છે.

* પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યું માટે પોતે જ કર્મ. [આ પર્યાયની વાત છે. પર્યાય કર્તા છે અને પર્યાય જ કર્મ છે.]

* 'ભાવ'= જ્ઞેયાકાર (જ્ઞાનાકાર) થયેલું જ્ઞાન =જ્ઞાનની પર્યાય=અભેદથી જ્ઞાયક

** 'જ્ઞાયક' =જ્ઞાનની પર્યાય=અભેદથી જ્ઞાયક

## ગાથા-૭

ઉત્થાનિકા :–હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર—એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા, એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે! આ પ્રશ્નના ઉત્તરમાં ગાથાસૂત્ર કહે છે :—

ગાથા :– **ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

## ટીકામૃત

ઉત્થાનિકા * દ્રગ જ્ઞાન ને ચારિત્ર એવા ધર્મ જે કહેવાય છે,
અશુદ્ધપણું આવે અહો એ ભેદભાવથી આત્મને !

(૧) * એ પ્રશ્નના ઉત્તરરૂપે ગાથા કહે છે આ હવે,
કે ધર્મ તેમજ ધર્મીમાં સ્વભાવથી જ અભેદ છે.

(૨) * પણ ધર્મી એક-અનંત ધર્મો જાણતો નહિ શિષ્ય જે,
છે નિકટવર્તી તેહને, આચાર્ય સંબોધન કરે–

(૩) * [અભેદરૂપ છે વસ્તુ તોપણ ધર્મીને ઉપદેશવા,]
વિશેષરૂપ કો' ધર્મના નામો વડે સમજાવતા.

(૪) * કે જ્ઞાન ને દર્શન તથા ચારિત્ર છે આ જ્ઞાનીને,
વ્યવહારમાત્રથી, પણ અહો જે દેખતો પરમાર્થને;

(૫) * અનંત પર્યય પી જવાથી એક એવા દ્રવ્યને,
કિંચિત્ અભેદ, સ્વભાવી એક જ તત્ત્વ અનુભવનારને;

(૬) * દર્શન નથી, નથી જ્ઞાન ને ચારિત્ર પણ તેને અરે,
છે શુદ્ધ જ્ઞાયકમાત્ર એક જ [તેથી સિદ્ધ થયું ખરે :]

(૭) * નથી કર્મબંધ નિમિત્તથી અશુદ્ધપણું તો આત્મને,
પણ જ્ઞાન દર્શન ચરિત નહિ, જ્ઞાયકસ્વભાવી દ્રવ્યને.

[ઉપસંહાર : ] [* ચારિત્ર દર્શન જ્ઞાન પણ વ્યવહાર કથને છે મને;
ચારિત્ર નહિ, દર્શન નહિ, નહીં જ્ઞાન જ્ઞાયક શુદ્ધ હું.]

## ટીકા [Rearranged]

(૧) જો કે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે.

(૨) તોપણ અનંત ધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યજનને ઉપદેશ કરતા આચાર્યોનો

(૩) ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે નામથી ભેદ ઉપજાવીને

(૪) વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો

(૫) અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે એવું કાંઈક મળી ગયેલા આસ્વાદવાળું અભેદ, એકસ્વભાવી (તત્ત્વ) અનુભવનારને

(૬) દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે. [આમ સિદ્ધ થયું કે]

(૭) આ જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી.

## ગાથા-૮

ઉત્થાનિકા :–હવે ફરી પ્રશ્ન ઉઠે છે કે જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

ગાથા :– ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,
વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.

### ટીકામૃત

(૧) * જે અર્થ 'સ્વસ્તિ' શબ્દનો નથી જાણતો એ મ્લેચ્છને,
'સ્વસ્તિ' કહે બ્રાહ્મણ પુરુષ, ત્યારે ન સમજે શબ્દ તે.

(૨) * ટગટગ કરીને મ્લેચ્છ તે કહેનારને દેખ્યા કરે,
સમજાવતો બ્રાહ્મણ અહો વા અન્યજન તે મ્લેચ્છને;

(૩) * 'કલ્યાણ તારું નિત્ય થાઓ-સ્વસ્તિનો છે અર્થ એ,'
આનંદ સહ તત્કાલ ત્યારે મ્લેચ્છ સમજી જાય છે.

(૪) * એવી રીતે વ્યવહારી પણ નહીં જાણતો જે આત્મને,
સૂણી 'આતમા' એ શબ્દને ટગટગ જુએ કહેનારને.

(૫) * વ્યવહાર ને પરમાર્થમાર્ગી જ્ઞાની કોઈ અન્ય વા,
કહેનાર 'આત્મા' શબ્દને સમજાવતો જ્યારે અહા;

(૬) * કે 'જ્ઞાન દર્શન ચરિતને જે પ્રાપ્ત તે આત્મા સદા'
અત્યંત આનંદિત થઈ તત્કાલ સમજે 'આતમા'.

(૭) * છે મ્લેચ્છ સમ આ જગત ને વ્યવહાર ભાષા તેહની,
કહેનાર છે પરમાર્થની, તેથી કહી આગમ મહીં.
પણ જેમ નથી જરી યોગ્ય મ્લેચ્છ થવું કદી કો' બ્રાહ્મણે;
વ્યવહાર સ્થાપનયોગ્ય છે પણ અનુસરણ નથી યોગ્ય તે.

[ઉપસંહાર : ] [* વ્યવહાર પ્રતિપાદન કરે નિશ્ચય તણું આગમ કહે,
પણ તેથી ના વ્યવહારી મારે થાવું એ સમજું ખરે.]

### ટીકા :–

૧) * જેમ કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ 'સ્વસ્તિ' એવો શબ્દ કહે છે ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્યવાચક સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈપણ ન સમજતાં

૨) * બ્રાહ્મણ સામે મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે,

* પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા–એ બંનેનો અર્થ જાણનાર અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ મ્લેચ્છ ભાષા બોલીને તેને સમજાવે છે કે

૩) * 'સ્વસ્તિ' શબ્દનો અર્થ 'તારું અવિનાશી કલ્યાણ થાઓ' એવો છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદમય આંસુઓથી જેના નેત્રો ભરાઈ જાય છે એવો તે મ્લેચ્છ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજી જાય છે;

૪) * એવી રીતે વ્યવહારીજન પણ 'આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં જેવો 'આત્મા' શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈપણ ન સમજતાં મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે.

૫) * પણ જ્યારે કોઈ આચાર્ય અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને

૬) * 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા છે' એવો 'આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે.

* ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે એવો તે વ્યવહારીજન તે 'આત્મા' શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે.

૭) * એ રીતે જગત મ્લેચ્છના સ્થાને હોવાથી અને વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે

* પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે; તેમજ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું–એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવાયોગ્ય નથી.

## ગાથા ૯-૧૦

ઉત્થાનિકા :–હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપે ગાથાસૂત્ર કહે છે :–

ગાથા :– * શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.
* શ્રુતજ્ઞાન સૌ જાણે જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.

ટીકામૃત :– (૧) * જે [ભાવ]શ્રુતથી જાણતો આ શુદ્ધ કેવળ આત્મને,
નિશ્ચય થકી તેને કહે શ્રુતકેવળી–પરમાર્થ છે.
* ને જાણતો શ્રુતજ્ઞાન સર્વ [તણા અહો તાત્પર્યને]
કહેવાય તે શ્રુતકેવળી વ્યવહારથી [-આગમ કહે.]

(૨) * ઉપરોક્ત કથન તણી પરીક્ષા જો કરીએ આ રીતે,
કે આતમા છે કે અનાત્મા સર્વ છે શ્રુતજ્ઞાન એ?
* જડરૂપ આકાશાદિથી તદરૂપ જ્ઞાન થતું નથી,
તેથી 'અણાત્મા જ્ઞાન સૌ'–તે પક્ષ તો બનતો નથી;
* ને અન્ય પક્ષ તણા અભાવે 'સર્વ તે શ્રુતજ્ઞાન છે
આત્મા જ'–એવા પક્ષની તેથી જ સિદ્ધિ થાય છે.

(3) * આ રીત જાણે આત્મને શ્રુતકેવળી તે છે ખરે,
એમ જ ઠરે છે તેથી તે શ્રુતકેવળી છે નિશ્ચયે.
* 'છે જ્ઞાન તે આત્મા' અહા એ ભેદ જ્ઞાની-જ્ઞાનના,
તેનાથી પણ વ્યવહાર કહેતો માત્ર પરમાર્થ જ યથા.

(૪) * વળી [ભાવ]શ્રુતથી જાણતો જે શુદ્ધ કેવળ આત્મને,
શ્રુતકેવળી છે નિશ્ચયે તેવું કથન અશક્ય છે;
* 'જે સર્વશ્રુતને જાણતો કહેવાય તે શ્રુતકેવળી'
–કહેનાર એ વ્યવહાર પણ પરમાર્થ પ્રતિપાદક નકી

[ઉપસંહાર :–] * [નિશ્ચય અને વ્યવહાર એવા ભેદ શ્રુતકેવળી તણા,
પરમાર્થને સમજાવવા સર્વજ્ઞ જિનદેવે કહ્યાં;
અનુસરણ હું વ્યવહારનું કદીયે કરીશ નહીં અહો!
શ્રદ્ધેય-જ્ઞેય બનાવી આશ્રય કરીશ હું ધ્રુવધામનો.]

## ટીકા [Slighty Rearranged]

૧) * પ્રથમ, "જે [ભાવ]શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે [નિશ્ચય] શ્રુતકેવળી છે"–તે તો પરમાર્થ છે;

* અને જે સર્વ શ્રુતજ્ઞાન [ના તાત્પર્ય]ને જાણે છે તે શ્રુતકેવળી છે."–તે વ્યવહાર છે.

૨) * અહીં બે પક્ષ લઈને પરીક્ષા કરીએ છીએ :–

ઉપર કહેલું સર્વજ્ઞાન [સર્વશ્રુતજ્ઞાનનું તાત્પર્ય] આત્મા છે કે અનાત્મા?

* કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્યો છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી (કેમકે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી). [તેથી] જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી.

* તેથી અન્યપક્ષનો અભાવ હોવાથી જ્ઞાન (સર્વ શ્રુતજ્ઞાન) આત્મા જ છે પક્ષ સિદ્ધ થાય છે.

(૩) આમ થવાથી "જે [ભાવશ્રુતથી] આત્માને જાણે છે તે [નિશ્ચય] શ્રુતકેવળી છે." એમ જ આવે છે; અને તે તો પરમાર્થ જ છે.

* આ રીતે [જ્ઞાન તે આત્મા છે એવા] જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનારો જે વ્યવહાર તેનાથી પણ પરમાર્થ માત્ર જ કહેવામાં આવે છે. તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી.

(૪) * વળી "જે [ભાવ]શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે [નિશ્ચય] શ્રુતકેવળી છે" એવા પરમાર્થનું પ્રતિપાદન કરવું અશક્ય હોવાથી

* "જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે [વ્યવહાર] શ્રુતકેવળી છે." એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી પોતાને દ્રઢપણે સ્થાપિત કરે છે.

## ગાથા-૧૧

ઉત્થાનિકા :–હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે–પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો? તેના ઉત્તરરૂપે ગાથાસૂત્ર કહે છે :–

ગાથા :– **વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

ટીકામૃત :– (૧) * વ્યવહારનય અભૂતાર્થ સર્વે અસત્ અર્થ પ્રગટ કરે,
છે શુદ્ધનય ભૂતાર્થ તે સત્યાર્થને જ પ્રગટ કરે.

(૨) * જળ-પંકના વિવેકહીન જન 'જળ મલિન છે'–અનુભવે,
પણ કતકફળને નાખી જળને જ્ઞાની નિર્મળ અનુભવે.

(૩) * ત્યમ જીવ-કર્મ વિવેકહીન મોહી 'મલિન જીવ' અનુભવે,
ને શુદ્ધનયદર્શી અહો, શુદ્ધાત્મનો અનુભવ કરે,

(૪) * તેથી હવે હું શુદ્ધનય આશ્રય કરી સમકિત લહું,
અણશુદ્ધનય આશ્રય તજી મિથ્યાત્વને જલદી વમું,

(૫) * રાગાદિથી છે ભિન્ન આત્મા દેખવાની ચાહના,
વ્યવહારનું અનુસરણ તેથી છે મને કદી યોગ્ય ના.

### ટીકાનો સંક્ષિપ્ત સારાંશ :–

(૧) * વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અસત્ય અર્થને પ્રગટ કરે છે.

* શુદ્ધનય ભૂતાર્થ હોવાથી સત્ય અર્થને પ્રગટ કરે છે.

(૨) * (જેનો નિર્મળભાવ પ્રબળ કાદવના મળવાથી તિરોભૂત થઈ ગયો છે એવા) જળ અને કાદવનો વિવેક નહીં કરનાર પુરુષો જળને મલિન અનુભવે છે. પરંતુ (પોતાના પુરુષાર્થ વડે સ્વયં કતકફળ નાખીને) જ્ઞાની પુરુષ જળને નિર્મળ જ અનુભવે છે.

(૩) * તેવી રીતે આત્મા અને કર્મનો વિવેક નહિ કરનાર વ્યવહારથી વિમોહિત પુરુષો આત્માને વિશ્વરૂપ [-મલિન] અનુભવે છે.

* અને શુદ્ધનયને દેખનારાઓ (પોતાના પુરુષાર્થ વડે આત્મ-કર્મના વિવેકપણાથી) એક જ્ઞાયકભાવને જ અનુભવે છે.

(૪) * તેથી [હવે હું કતકફળ સમાન] શુદ્ધનયનો આશ્રય કરીને સમ્યક્ત્વને પ્રાપ્ત કરીશ.

* તેમજ અશુદ્ધનયનો આશ્રય છોડીને મારા મિથ્યાત્વનું વમન કરીશ.

(૫) * મને કર્મથી ભિન્ન આત્મા દેખવાની ચાહના હોવાથી

* મારે વ્યવહારનયનું અનુસરણ [કદીયે] કરવાયોગ્ય નથી.

મૂળટીકા :– * (૧) વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, સારભૂત અર્થને પ્રગટ કરે છે;

* શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન સત્વ, ભૂત અર્થને પ્રગટ કરે છે.

* આ વાત દ્રષ્ટાંતથી બતાવીએ છીએ :–

(૨) * જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનારા ઘણા તો, તેને મલિન જ અનુભવે છે;

* પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ-(નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલ સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને નિર્મળ જ અનુભવે છે;

(૩) * એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો–આત્મા અને કર્મના વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકપણું) પ્રગટ છે એવો અનુભવ છે;

* પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.

(૪) * અહીં શુદ્ધનય કતકફળના સ્થાને છે, તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દ્રષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગદ્રષ્ટિ નથી.

(૫) * માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવાયોગ્ય નથી.

## ગાથા-૧૨

ઉત્થાનિકા :–હવે, "એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી, તેથી તેનો ઉપદેશ છે"–એમ કહે છે :–

ગાથા :— દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.

**ટીકામૃત :–**

૧) (A) [શુદ્ધનય-પૂર્ણ જ્ઞાની]
* ઉતરેલ અંતિમ પાકથી એવા સુવર્ણ સમાન જે,
વસ્તુ તણા ઉત્કૃષ્ટભાવોને પુરુષ જે અનુભવે;
* તેને પ્રથમ કે દ્વિતીયાદિ અનેક પાક-પરંપરા
દ્વારા પકાવાતા અશુદ્ધ સુવર્ણથી ન સમાનતા;
* ને તેથી નથી ઉત્કૃષ્ટ એવા મધ્યમાદિ ભાવનો
[આગમ કહે] તે પુરુષને અનુભવ નથી હોતો અહો!

(B)
* સૌથી ઉપરના સ્વર્ણ-વર્ણ સમાન હોવાથી અહો!
કહેનાર શુદ્ધ દરવ તણો હોવાથી શુદ્ધનય જ અહો!
* અચલિત એક અખંડ શુદ્ધ સ્વભાવને પ્રગટાવતો,
તે છે પ્રયોજનવાન જાણેલો અહો તેથી કહ્યો.

(૨) (A) [વ્યવહારનય-સાધક જ્ઞાની]
* જેને પ્રથમ કે દ્વિતીયાદિ અનેક પાક-પરંપરા,
તેનાથી પકવાતા અશુદ્ધ સુવર્ણ સાથ સમાનતા;
* તે પુરુષ વસ્તુનો અનુત્તમ ભાવ મધ્યમ અનુભવે,
પણ શુદ્ધ પૂરણ સ્વર્ણ સમ નહિ ભાવનો અનુભવ કરે.

(B)
* વ્યવહારનય અણશુદ્ધ દ્રવ્ય તણો અહો કહેનાર છે,
ને તેથી દર્શાવે અનેક પ્રકારના તે ભાવને;
* વિચિત્ર વિધવિધ વર્ણમાલા સમ અહો તે હોઈને,
વ્યવહારને તે કાળ જાણેલો પ્રયોજનવાન છે.

(3) (A)
* એ રીત નિજ નિજ સમયમાં બંને નયો ઉપયોગી છે,
છે તીર્થફળ ને તીર્થની એવી વ્યવસ્થાને લીધે;
* 'તરાય જેનાથી અહો તે તીર્થ'–એ વ્યવહાર છે,
'નિજ સ્વરૂપની પ્રાપ્તિ અહો'–તે તીર્થનું ફળ છે ખરે.

(B)
* "હે ભવ્ય જીવો ! જો તમે જિનમત-પ્રવર્તનને ચહો,
વ્યવહાર ને નિશ્ચય નયો તે બેયને નહિ છોડશો;
* વ્યવહારનય વિણ તીર્થરૂપ વ્યવહારમાર્ગ વિનાશ ને,
નિશ્ચય વિના વસ્તુ અહો વિનાશને પણ પામશે."

(૪) [ઉપસંહાર : ]
* સ્વાધ્યાય, ભક્તિ, શ્રવણ, ધારણ, વંદના જિનબિંબની;
જાણું સહજ, અવલંબુ નહિ દ્રષ્ટિ કરી ધ્રુવધામની.

ટીકા : (Slightly Rearranged)

(૧) [શુદ્ધનય/નિશ્ચયનયઃ પૂર્ણજ્ઞાની]

(A) * જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન

* (વસ્તુના) ઉત્કૃષ્ટભાવને અનુભવે છે.
* તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી
* પચ્યમાન (પકવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન
* જે અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેનો અનુભવ હોતો નથી; તેથી

(B) * સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા (સુવર્ણના વર્ણ) સમાન હોવાથી [અને]

* શુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે
* અચલિત આખો એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે એવો શુદ્ધનય જ જાણેલો પ્રયોજનવાન છે.

(૨) [વ્યવહારનય : સાધક જ્ઞાની]

(A) * પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી

* પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન
* જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેને અનુભવે છે.
* તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટભાવનો અનુભવ નથી હોતો;

(B) * તેથી અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે

* જુદા જુદા એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય,
* વિચિત્ર (અનેક) વર્ણમાલા સમાન હોવાથી
* જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.

(3) [બંને નયો :-]

(A) * એ રીતે પોતપોતાના સમયમાં બંને નયો કાર્યકારી છે.

* કારણ કે તીર્થ અને તીર્થફળની એવી જ વ્યવસ્થિતિ છે.
* (જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે.
* પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે; અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે.)

(B) * બીજી જગ્યાએ પણ કહ્યું છે કે :-

* આચાર્ય કહે છે કે—
* ''હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો.
* તો વ્યવહાર અને નિશ્ચય—એ બંને નયોને ન છોડો;
* કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને
* નિશ્ચયનય વિના તત્ત્વ (વસ્તુ)નો નાશ થઈ જશે.''

## કળશ-૪ (जिनवचसि रमन्ते)

ઉત્થાનિકા : હવે એ [-ગાથા ૧૨ના] અર્થનું કળશરૂપ કાવ્ય ટીકાકાર કહે છે :-

**શ્લોકાર્થ** :- (૧) નિશ્ચય અને વ્યવહાર-એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું 'સ્યાત્'પદથી ચિહ્નિત જે ભગવાનનું વચન (વાણી)

(૨) તેમાં જે પુરુષો રમે છે (-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) તે પુરુષ સ્વયં-પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને

(૩) આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરંત દેખે જ છે; કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા? નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે.

(૪) વળી કેવો છે? સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.

કલશામૃત :-

(૧) નિશ્ચય અને વ્યવહાર બેમાં વિષયભેદ વિરોધ જે,
તે સ્યાત્ મુદ્રિત જિનવચનથી નાશને પામે ખરે.
(૨) તેથી પ્રચુર પ્રીતિ થકી હું જિનતણા વચને રમી,
મિથ્યાત્વ કર્મ તણા ઉદયને હું સ્વયં શીઘ્રે વમી;
(૩) દેખીશ અતિશય પરમ જ્યોતિ પ્રકાશમાન હું આત્મને,
છે કર્મ-આચ્છાદિત ભલે તે વ્યક્તિરૂપ પ્રગટ થશે.
(૪) વળી સર્વથા એકાંત એવા કુનયના પક્ષો વડે,
થાતો નથી ખંડિત કદા રહે છે સદા નિર્બાધ જે.

## કળશ-૫

ઉત્થાનિકા :–હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. અશુદ્ધનયની (-વ્યવહારનયની) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે. ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે, તેમાં પહેલાં શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો તો પણ તે કાંઈ વસ્તુભૂત નથી :—

**શ્લોકાર્થ :—**

(૧) જે વ્યવહારનય છે તે જોકે પહેલી પદવીમાં (જ્યાં શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી), જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે! હસ્તાવલંબતુલ્ય કહ્યો છે,

(૨) તોપણ જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ ‘અર્થ’ને અંતરંગમાં અવલોકે છે,

(૩) તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને [પૂર્ણતઃ] પ્રાપ્ત થાય છે, તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી.

**કલશામૃત :—**

(૧) શુદ્ધાત્મની સંપૂર્ણ પ્રાપ્તિ જ્યાં લગી નથી તેમને
હસ્ત અવલંબન સમાન કહ્યો અરે વ્યવહારને;
(૨) પણ પુરુષ જે ચૈતન્યના ચમકારને નિજ અંતરે,
પરદ્રવ્યભાવોથી રહિત અવલોકતો પરમાર્થને;
(૩) શ્રદ્ધા કરંતો લીન થતો જે પામતો ચારિત્રને,
વ્યવહારનું કંઈ પણ પ્રયોજન છે નહિ તે પુરુષને.

## કળશ-૬

ઉત્થાનિકા :–હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (-શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.

(૨) કેવો છે આત્મા? પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે? પૂર્ણ જ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આત્મા છે.

(૩) તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે આ નવતત્ત્વની પરિપાટી છોડી આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.

**કલશામૃત :–**

(૧) છે દેખવો મુજ આત્મને સહુ અન્ય દ્રવ્યોથી જુદો,
નિયમ થકી દર્શન કહ્યું છે જેહને સમ્યક્ અહો !

(૨) [કેવો છે આત્મા] ગુણપર્યયોમાં વ્યાપનારો, શુદ્ધનયથી એકલો,
હું જ્ઞાનઘન સંપૂર્ણ ને છું સત્ય દર્શન જેટલો;

(૩) છે પ્રાર્થના–આ છોડીને નવતત્ત્વની પરિપાટીને,
બસ પ્રાપ્ત થાઓ માત્ર મારો આતમા મુજને હવે.

## કળશ-૭

ઉત્થાનિકા :–હવે 'ત્યાર પછી શુદ્ધનયને આધીન, સર્વ દ્રવ્યોથી ભિન્ન આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે' એમ આ શ્લોકમાં ટીકાકાર આચાર્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

* ત્યારબાદ શુદ્ધનયને આધીન જે ભિન્ન આત્મજ્યોતિ છે તે પ્રગટ થાય છે કે જે નવતત્ત્વોમાં પ્રાપ્ત થવા છતાં પોતાના એકપણાને છોડતી નથી.

**કલશામૃત :–**

**નવતત્ત્વ પ્રાપ્ત છતાં નહીં નિજ ઐક્યતાને છોડતો;**
**નયશુદ્ધને આધીન પ્રત્યગ* આતમા મુજ પ્રગટજો.**

* પ્રત્યગ = ભિન્ન

## ગાથા-૧૩

ઉત્થાનિકા :–એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છે :–

ગાથા : **ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ વળી પુણ્ય, પાપ ને,**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે.**

### ટીકામૃત :

(૧) જીવ અજીવ વળી પુણ્ય, પાપ ને આસ્રવ, સંવર, નિર્જરા,
બંધ, મોક્ષ–આ નવત**ત્ત્વ**ને, વ્યવહાર ધર્માર્થે કહ્યાં.

(૨) આ સર્વ તત્ત્વોમાં વિકારી ભાવ જીવ પરિણામ છે;
ને હેતુ તેહ વિકારના વિધવિધ કેવળ અજીવ છે.

(૩) પ્રત્યેક ત**ત્ત્વ**ની સિદ્ધિ છે જીવ ને અજીવ બંને થકી;
પણ સિદ્ધિ તેની થતી નથી બેમાંથી માત્ર જ એકથી.

(૪) જીવ-પુદ્‌ગલોના બંધની પર્યાયદ્રષ્ટિથી દેખતાં,
નવ ત**ત્ત્વ** આ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, કિંતુ અહા–

(૫) અસ્ખલિત એવા જીવદ્રવ્યસ્વભાવની સમીપે જતાં,
અસત્ય છે, અભૂતાર્થ છે, જીવાદિ નવતત્ત્વો બધાં.

(૬) નવ ત**ત્ત્વ**માં નિશ્ચયનયે જીવ એકલો જ પ્રકાશતો,
એ રીત એકપણે જ જીવ, એ અનુભવનમાં આવતો.

(૭) આ આતમાની અનુભૂતિને આત્મખ્યાતિ કહી અહો!
દર્શન કહ્યું પણ તેહને નિયમ થકી સમ્યક્ અહો!

(૮) [ઉપસંહાર : ] * આ રીત હું નવત**ત્ત્વ**ને ભૂતાર્થનયથી જાણીને;
મુજ આત્મની ખ્યાતિ કરીશ પ્રગટાવી આતમજ્યોતિને.

* નવત**ત્ત્વ** હો પર્યાયમાં હું 'નિત્ય' એક જ ભાવ છું,
દ્રવદ્રષ્ટિ કરી એવી હવે હું શુદ્ધ સમકિતને લહું.

### ટીકાનો સંક્ષિપ્ત સારાંશ

(૧) * તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર)નયથી કહેવામાં આવે છે એવા આ નવતત્ત્વો—જેમના લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે.

(૨) અંતર્મુખદ્રષ્ટિથી જોઈએ તો —

* જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે.
* વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જેમના લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે અને

* પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ–એ વિકારહેતુઓ કેવળ અજીવ છે.

(૩) એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉત્પત્તિ (સિદ્ધિ) બનતી નથી. તે બંને જીવ અને અજીવ છે. (અર્થાત્ તે બંનેમાં એક જીવ છે ને બીજું અજીવ છે).

(૪) બાહ્ય (સ્થૂલ) દ્રષ્ટિથી જોઈએ તો —

* જીવ-પુદ્‌ગલના અનાદિ બંધ પર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવતત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે અને

(૫) એવી રીતે અંતર્દ્રષ્ટિથી જોઈએ તો–

* સર્વકાળે અસ્ખલિત એક જીવ દ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

(૬) તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે અને

(૭) જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.

## ટીકા : [પહેલો પારિગ્રાફ]

* આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે (-એ નિયમ કહ્યો); કારણ કે

(૧) * તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર)નયથી કહેવામાં આવે છે એવા આ નવતત્ત્વો—જેમના લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે–

* તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,

* શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે–તેની પ્રાપ્તિ હોય છે. (શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો.)

(૨) * ત્યાં વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર—એ બંને પુણ્ય છે, તેમજ એ બંને પાપ છે, આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર—એ બંને આસ્રવ છે, સંવરરૂપ થવાયોગ્ય (સંવાર્ય) અને સંવર કરનાર (સંવારક)—એ બંને સંવર છે, નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર—એ બંને નિર્જરા છે, બંધાવાયોગ્ય અને બંધન કરનાર—એ બંને બંધ છે અને મોક્ષ થવાયોગ્ય અને મોક્ષ કરનાર—એ બંને મોક્ષ છે;

(૩) કારણકે એકનો જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉત્પત્તિ (સિદ્ધિ) બનતી નથી. તે બંને જીવ અને અજીવ છે (અર્થાત્ તે બંનેમાં એક જીવ છે ને બીજું અજીવ છે.)

[બીજો પારિગ્રાફ]

(૪) * બાહ્ય (સ્થૂલ)દ્રષ્ટિથી જોઈએ તો :—

જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવતત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે અને

* એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; (જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી;)
* તેથી આ નવતત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.

(૫) એવી રીતે અંતર્દ્રષ્ટિથી જોઈએ તો :–

* જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે;
* વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ–એ જેમના લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે અને
* પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ વિકારહેતુઓ કેવળ અજીવ છે.
* આવા આ નવતત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને [નિષ્ક્રિય પારિણામિકભાવને] છોડીને પોતે [ જીવની પર્યાય] ને પર [-નિમિત્ત કર્મ] જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયપણે અનુભવ કરવામાં આવતા ભૂતાર્થ છે અને
* સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

(૬) * તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે;

* એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે. અને

(૭) * જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.

* આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે—બાધા રહિત છે.

## કળશ-૮ [चिरम् नव-तत्त्व-च्छन्नमइदम् आत्मज्योतिः]

ઉત્થાનિકા :– અહીં, અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (૧) આ રીતે નવ તત્ત્વોમાં ઘણા કાળથી છૂપાયેલી આ આત્મજ્યોતિને જેમ વર્ણોના સમૂહમાં છૂપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ,

(૨) શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. માટે હે ભવ્ય જીવો! હંમેશા આને અન્ય દ્રવ્યોથી તથા

(૩) તેમનાથી થતા નૈમિત્તિકભાવોથી ભિન્ન એકરૂપ દેખો. આ (જ્યોતિ) પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્યમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.

કલશામૃત

(૧) રે સ્વર્ણ જેમ છૂપાયું છે વર્ણો તણા સમૂહો મહીં,
ચિરકાળથી મુજ આત્મજ્યોતિ છૂપાઈ નવતત્ત્વો મહીં.
(૨) હું શુદ્ધનયથી પ્રગટ કરી મુજ આતમાની જ્યોતિને;
જાણીશ ને દેખીશ તેથી અન્ય દ્રવ્યોથી અને
(૩) તેના નિમિત્તિક ભાવથી જુદી તથા એક જ રૂપે,
ચૈતન્યના ચમકારમય ઉદ્યોતમાન પદે પદે.

## કળશ-૯

ઉત્થાનિકા :–એ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :– (૧) આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરીને કહે છે— આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજપુંજ આત્મા તેનો અનુભવ થતાં

(૨) નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે એ અમે જાણતા નથી.

(૩) આથી અધિક શું કહીએ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી. [ભાવાર્થમાંથી :–એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.]

**કલશામૃત :–**

(૧) હું શુદ્ધનયનો વિષય છું, ચૈતન્યનો ચમકાર છું;
આ સર્વ ભેદો ગૌણ કરી મુજ આત્મનો અનુભવ કરું.

(૨) નયલક્ષ્મી ઉદય ન પામશે, પરમાણ અસ્ત થશે અને
નિક્ષેપસમૂહ જતો રહેશે ક્યાં નહિ કો' જાણશે.

(૩) કહેવું અધિક આનાથી શું દ્વૈત જ ન પ્રતિભાસિત થશે,
ચિન્માત્ર એકાકાર મુજ આત્મા જ દેખાશે મને.

## કળશ-૧૦

ઉત્થાનિકા :–આગળ શુદ્ધનયનો ઉદય થાય છે તેની સૂચનારૂપ શ્લોક કહે છે :–

(उपजाति)

**आत्मस्वभावं परभावभिन्नमापूर्णमाद्यन्तविमुक्तमेकम् ।**
**विलीनसंकल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ।।१०।।**

શ્લોકાર્થ :– * શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે.

(૧) * તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે?

* [૧] પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો–એવા પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે. વળી તે,
* [૨] આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે—સમસ્ત લોકાલોકને જાણનાર છે—એમ પ્રગટ કરે છે; (કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુદ્ધનયમાં કર્મ ગૌણ છે). વળી તે,
* [3] આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (અર્થાત્ કોઈ આદિથી માંડીને કોઈથી ઉત્પન્ન કરવામાં આવ્યો નથી અને ક્યારેય કોઈથી જેનો વિનાશ નથી એવા પારિણામિકભાવને તે પ્રગટ કરે છે.) વળી તે,

(૨) * [૪] આત્મસ્વભાવને એક સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર-પ્રગટ કરે છે, અને

* [૫] જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે (દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્‌ગલ દ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.)

(3) * આવો શુદ્ધનય પ્રકાશરૂપ થાય છે.

**કલશામૃત–૧ :**

(૧) પરદ્રવ્ય, પરભાવો અને વિભાવ સર્વથી ભિન્ન છું,
હું આદિ-અંત રહિત છું ને સર્વ રીતે પૂર્ણ છું;
(૨) સહુ દ્વૈતભાવોથી રહિત બસ માત્ર એકાકાર છું,
સંકલ્પ તેમ વિકલ્પની જંજાળથી પણ મુક્ત છું;
(3) એવો અહો! મુજ આત્મનો સંપૂર્ણ શુદ્ધ સ્વભાવ છે,
તેને હવે પ્રગટાવતો નય શુદ્ધ પામો ઉદયને.

**કલશામૃત–૨ : ગુજરાતી/સંસ્કૃત મિક્સમાં :–**

(ઉપજાતિ)

**परभावभिन्नं, परिपूर्ण, एकं,**
છું આદિ ને અંતથી હું **रहितम् ।**
વિકલ્પ-સંકલ્પથી છું **विमुक्तं**
**आत्मस्वभावं** મુજ શુદ્ધ **पूर्णम् ।**
એને હવે હે નયરાજ **शुध्धं**
કરજો પ્રગટ રે અત્યંત **शीघ्रम् ।**

## ગાથા-૧૪

ઉત્થાનિકા :–એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે :–

ગાથા :– **અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

**ટીકામૃત :–**

(૧) * અબદ્ધસ્પૃષ્ટાદિસ્વરૂપ આત્મા તણી અનુભૂતિ તે
છે શુદ્ધનય, વળી અનુભૂતિ એ છે અહો આત્મા ખરે;
* અભૂતાર્થ છે બદ્ધત્વ આદિક ભાવ સૌ તેથી મને,
અનુભૂતિ કરવી કેમ તે સમજાવ્યું દ્રષ્ટાંતો વડે.

(૨) * જળમાં રહેલું કમળપત્ર ન જળથી જ્યમ સ્પર્શિત થતું;
હું કર્મમધ્ય રહું છતાં નહિ કર્મસ્પર્શ કદી કરૂં.

(૩) * ઘટ ઝારી આદિ પર્યયોમાં માટી એક અનન્ય છે;
નર-નારકાદિ થઉં છતાં મુજ આત્મ એક અનન્ય છે.

(૪) * હો વૃદ્ધિ-હાનિ છતાં સમુદ્રનું દળ સદા નિયત રહે;
વધ-ઘટ ભલે પર્યયમહીં મુજ આતમા નિયત રહે.

(૫) * ચિકણાશ આદિ વિશેષ મહીં અવિશેષ તો સોનું રહે;
છે જ્ઞાન આદિ વિશેષ પણ મુજ આતમા અવિશેષ છે.

(૬) * હો અગ્નિસંગે ઉષ્ણતા પણ જળ સદા શીતળ રહે;
ત્યમ કર્મસંગે મોહ પણ નહીં મોહયુત મુજ આત્મ છે.

(૭) [ઉપસંહાર : ] * [અબદ્ધસ્પૃષ્ટાદિપણે આ રીત મારૂં સ્વરૂપ છે;
તેની અહો અનુભૂતિ કરી હું શુદ્ધનય જાણીશ હવે. ]

**ટીકાનો સંક્ષિપ્ત સારાંશ :–**

(૧) * નિશ્ચયથી અબદ્ધ-સ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત–એવા આત્માની અનુભૂતિ તે શુદ્ધનય છે. અને એ અનુભૂતિ આત્મા જ છે.

* શિષ્ય : એવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?
સમાધાન : બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. આ વાતને દ્રષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે.

(૨) જેમ [પર્યાયાર્થિકનયે] સંયોગદ્રષ્ટિએ જોતાં કમલિનીનું પત્ર જળથી સ્પર્શાયેલું જણાય છે પરંતુ [દ્રવ્યાર્થિકનયે] એ પત્રના સ્વભાવની દ્રષ્ટિએ જોતાં તેનું સ્પર્શાવાપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, તેમ હું પુદ્‌ગલકર્મથી બંધાયેલી-સ્પર્શાયેલી અવસ્થામાં જણાતો હોવા છતાં મારા સ્વભાવની દ્રષ્ટિ વડે જોતાં અબદ્ધ-અસ્પૃષ્ટ જ છું.

(૩) [ઉપરોક્ત ન્યાયે] જેમ ઘડો, ઝારી આદિ અવસ્થારૂપ અન્ય અન્યપણું જણાતું હોવા છતાં માટી સ્વભાવથી અનન્ય છે તેમ મારામાં નર-નારકાદિરૂપ અન્ય-અન્યપણું હોવા છતાં સ્વભાવથી હું અનન્ય જ છું,

(૪) જેમ વૃદ્ધિ-હાનિ આદિ અવસ્થાઓરૂપ અનિયતપણું જણાતું હોવા છતાં સમુદ્ર તો નિયત જ છે તેમ [અગુરુલઘુ સ્વભાવને કારણે] વૃદ્ધિ-હાનિ આદિ અવસ્થારૂપ પર્યાયભેદો હોવા છતાં સ્વભાવથી હું નિયત જ છું.

(૫) [એ જ રીતે] જેમ ચીકણાપણું આદિ ભેદરૂપ વિશેષપણું હોવા છતાં સ્વભાવથી સુવર્ણ અવિશેષ જ છે તેમ જ્ઞાનાદિ ગુણરૂપ વિશેષો હોવા છતાં સ્વભાવથી હું અવિશેષ જ છું.

(૬) [એ જ રીતે] જેમ અગ્નિના સંગની અવસ્થામાં જળ ઉષ્ણપણાથી સંયુક્ત હોવા છતાં સ્વભાવથી જળ સદા શીતળ જ રહે છે તેમ કર્મના સંગે મોહ સાથે મારું સંયુક્તપણું હોવા છતાં સ્વભાવથી હું તેનાથી અસંયુક્ત જ છું.

(૭) ઉપસંહાર : આવા મારા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ તથા અસંયુક્ત સ્વભાવને જાણીને હું મારા આત્માનો અનુભવ કરીશ. [અને 'શુદ્ધનય તું જાણજે' એવા આચાર્યશ્રીના આદેશનું હું પાલન કરીશ.]

## કળશ-૧૧

ઉત્થાનિકા :–અહીં, આ શુદ્ધનયને મુખ્ય કરી કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :**

(૧) જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ તેમાં પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે

(૨) દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે.

(૩) આ શુદ્ધસ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધસ્વભાવનો મોહ રહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.

**કલશામૃત :–**

(૧) રે બદ્ધસ્પૃષ્ટાદિક બધા ભાવો ન દ્રવ્યસ્વભાવમાં
પામે પ્રતિષ્ઠા, પણ તરે તેના ઉપર પ્રત્યક્ષ આ.

(૨) પર્યાયભાવો સર્વ આ અનિત્ય તેમ અનેક છે,
પણ એક તેમજ નિત્ય એવો દ્રવ્યનો જ સ્વભાવ છે.

(૩) હું મોહરહિત થઈ અહો મુજ શુદ્ધ સ્વરૂપ અનુભવું,
ઉદ્યોતરૂપ છે નિત્ય જે સમ્યક્પણે તેને લહું.

## કળશ-૧૨

ઉત્થાનિકા :–હવે, એ જ અર્થનું કળશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છે :—

શ્લોકાર્થ :—

(૧) જો કોઈ સુબુદ્ધિ (સમ્યગ્દ્રષ્ટિ) ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણકાળના કર્મોના બંધને પોતાના આત્માથી તત્કાળ—શીઘ્ર ભિન્ન કરીને તથા

(૨) તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ (અજ્ઞાન)ને પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને અથવા નાશ કરીને

(૩) અંતરંગમાં અભ્યાસ કરે—દેખે તો આ આત્મા પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે

(૪) એવો વ્યક્ત (અનુભવગોચર), નિશ્ચલ, શાશ્વત, નિત્ય, કર્મકલંક-કર્દમથી રહિત—એવો પોતે સ્તુતિ કરવાને યોગ્ય દેવ વિરાજમાન છે.

### કલશામૃત

(૧) ભૂત ભાવિ સાંપ્રત કાળના કર્મો તણા છે બંધ જે,
મુજ આત્મથી હું તેમને તત્કાળ ભિન્ન કરીશ અને
(૨) જે કર્મઉદય નિમિત્તથી મિથ્યાત્વ આદિ થાય છે;
પુરુષાર્થ પ્રગટાવી કરીશ હું તેમનો પણ નાશ ને
(૩) અભ્યાસ કરીશ હું અંતરંગે દેખવા મુજ આત્મને,
અત્યંત મહિમાવંત ને જે અનુભવનથી ગમ્ય છે;
(૪) વિરાજતો જે વ્યક્ત શાશ્વત નિત્ય નિશ્ચલ છે અને
તે કર્મકર્દમરહિત સ્તુતિને યોગ્ય દેવ સ્વયં ખરે!

## કળશ-૧૩

ઉત્થાનિકા :–હવે શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ છે એમ આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) એ રીતે જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે એમ જાણીને તથા

(૨) આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને, 'સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું.

**કલશામૃત**

(૧) આ રીત નિશ્ચયનયસ્વરૂપ આત્માની જે અનુભૂતિ છે,
તે જ્ઞાનની જ અનુભૂતિ છે એમ જાણીને અને

(૨) મુજ આત્મને આત્મા મહીં હું સ્થાપીને નિશ્ચળપણે,
દેખું સદા સર્વત્ર એક જ જ્ઞાનઘન આત્મા હવે.

## ગાથા-૧૫

ઉત્થાનિકા :–હવે, આ અર્થરૂપ ગાથા કહે છે :–

ગાથા : અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમજ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫

**ટીકામૃત :–**

(૧) * અબદ્ધસ્પૃષ્ટ અનન્ય આત્માની અહો અનુભૂતિ જે,
તે છે જ જિનશાસન તણી, અનુભૂતિ નિશ્ચયથી ખરે.
* શાસન અહો શ્રુતજ્ઞાનમય છે જ્ઞાન પોતે આતમા;
જ્ઞાનાનુભૂતિ છે જ તેથી આત્મઅનુભૂતિ અહા!

(૨) * પ્રગટાવતો વિશેષ જે તેને અપ્રગટ સામાન્ય છે;
પ્રગટાવતો સામાન્ય જે વિશેષ તિરોભૂત કરે.
એ રીત તિરોભૂત કરી વિશેષ જ્ઞેયાકારને,
સામાન્ય આવિર્ભૂત કરીને જ્ઞાની જ્ઞાન અનુભવે.

(૩) * 'છે શાક ખારું'–કહે અરે લોલુપી જીવ ભોજન તણો,
પણ ક્ષારરૂપ તો લવણ છે તેને નહિ એ જાણતો.

(૪) * ત્યમ જ્ઞેયલુબ્ધ જીવો કહે 'હું જાણું જ્ઞેયાકારને'
પણ જ્ઞાનના આકાર તે છે—તેમ નહિ જાણે અરે!

(૫) * વિશેષરૂપે જે લવણ છે તે અહો પરમાર્થથી,
સામાન્યરૂપે પણ લવણ તે આવતું અનુભવ મહીં.

(૬) * પરમાર્થથી જોતાં અહો વિશેષરૂપ જે જ્ઞાન છે,
છે તે જ અનુભવ જ્ઞાનનો સામાન્ય આવિર્ભૂત થયે.
'નહિ શાક ખારું છે લવણ ખારું'–અહો જ્ઞાની કહે;
સહુ અન્ય દ્રવ્યસંયોગહીન તે ક્ષારરસને અનુભવે.

(૭) * તેથી કરી વ્યવચ્છેદ સૌ પરદ્રવ્ય-સંયોગો તણો,
અનુભવ કરીશ હું આત્મનો–વિજ્ઞાનઘન એ માત્રનો.

(૮) [ઉપસંહાર :] * [વિશેષ, જ્ઞેયાકાર, ઇન્દ્રિય ને અનેકાકાર જે;
પરલક્ષી, જ્ઞેયાસક્ત –એ સૌ જ્ઞાન ભવના હેતુ છે.
* સામાન્ય, જ્ઞાનાકાર, એકાકાર, ઇન્દ્રિયપાર જે;
તે ભાવશ્રુત સમ્યક્ અહો! ભવનિવૃત્તિરૂપ જ્ઞાન છે.
* પરના નિમિત્તે જે થતું તે જ્ઞાન સૌ પરદ્રવ્ય છે,
તેથી નથી તે જ્ઞાન પણ, મુજ જ્ઞાનનું પરજ્ઞેય છે.

*    **મુજ લક્ષ જ્ઞેયાકાર-ઇન્દ્રિયજ્ઞાનમાં જાશો નહીં,**
**બસ એકતા હોજો હવે મુજ જ્ઞાનઘન આત્મા મહીં.**

(દોહરા)

**અહો અહો શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર,**
**ઇન્દ્રિયજ્ઞાન જીતીશ હું કરું છું કોલકરાર.]**

**ટીકા :**

(૧) જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે, તેથી જ્ઞાનની* અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.

(૨) પરંતુ હવે ત્યાં સામાન્યજ્ઞાનના** આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) *** જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે.

(૩) તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. તે પ્રગટ દ્રષ્ટાંતથી બતાવીએ છીએ.

જેમ અનેક તરહના શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ-વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી.

*    જ્ઞાનની = જ્ઞાનસ્વભાવની

**    સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ = જ્ઞાયકસ્વભાવનો એકાકાર અનુભવ = ભાવશ્રુતજ્ઞાન (પર્યાય) = સમ્યગ્જ્ઞાન

***    વિશેષજ્ઞાન = ઇન્દ્રિયજ્ઞાનના વિશેષથી અનેકાકાર જ્ઞાન

(૪) એવી રીતે અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ), જ્ઞાન તે અજ્ઞાની જ્ઞેયલુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી.

(૫) વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે.

(૬) વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.

અલુબ્ધ જ્ઞાનીઓને તો જેમ સૈંધવની ગાંગડી, અન્ય દ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે.

(૭) તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.

## કળશ-૧૪

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) આચાર્ય કહે છે કે તે ઉત્કૃષ્ટ (-પરમ) તેજ-પ્રકાશ અમને હો કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણામથી ભરેલું છે.

(૨) જેમ મીઠાની એક કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે તેમ જે તેજ એક જ્ઞાનરસને અવલંબે છે,

(૩) જે તેજ અખંડિત છે–જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી, અનાકુલ છે—કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી,

(૪) જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે—જાણવામાં આવે છે,

(૫) જે સ્વભાવથી થયું છે—કોઈએ રચ્યું નથી અને હંમેશા જેનો વિલાસ ઉદયરૂપ છે—જે એકરૂપ પ્રતિભાસમાન છે.

**કળશામૃત**

(૧) કહે છે અહો આચાર્યશ્રી ઉત્કૃષ્ટ તેજ પ્રકાશ જે,
ભરપૂર નિત ચૈતન્યથી તે પ્રાપ્ત હો અમને હવે.

(૨) જ્યમ કાંકરી મીઠા તણી અવલંબતી બસ ક્ષારને,
અવલંબતું એ તેજ નિજના જ્ઞાનરસરૂપ સ્વરૂપને;

(૩) એ તેજ જ્ઞેયાકારરૂપે ના કદી ખંડિત થતું;
નહિ દ્રવ્યકર્મથી જન્ય રાગાદિથી તે આકુલ થતું;

(૪) દેદીપ્યમાન સદા અહો અવિનાશી એવું તેજ એ,
જે અંતરંગે ને બહિરંગે અહો નિત પ્રગટ છે;

(૫) સ્વભાવથી જ રચિત છે એને રચ્યું નથી કોઈએ,
છે ઉદયરૂપ વિલાસ એનો, ભાસતું એક જ રૂપે.

## કળશ-૧૫

ઉત્થાનિકા :–હવે, આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) આ (પૂર્વકથિત) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છુક પુરુષોએ સાધ્ય-સાધકભાવના ભેદથી બે પ્રકારે એક જ નિત્ય સેવવાયોગ્ય છે. તેનું હું સેવન કરીશ.

**ભાવાર્થ :–**

(૨) * આ આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે.
* પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે અને
* અપૂર્ણરૂપ સાધકભાવ છે;
* એવા ભાવભેદથી બે પ્રકારે એકને જ સેવવો,

**કલશામૃત**

(૧) * છે સાધ્ય-સાધક ભેદ બે મુજ જ્ઞાનરૂપ આત્મા તણા,
એ ભાવભેદે એક આત્મા સેવવો મારે સદા.

(૨) * છે આતમા મુજ એકમાત્ર જ જ્ઞાનસ્વરૂપ અહો ખરે,
જે પૂર્ણ શુદ્ધ સ્વરૂપ આત્માનું અહો તે સાધ્ય છે;
* અણપૂર્ણ શુદ્ધ સ્વરૂપ તેનું છે અહો સાધક ખરે,
ને સાધ્ય-સાધક ભાવ બેથી સાધવો બસ એકને.

## ગાથા-૧૬

ઉત્થાનિકા :–હવે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છે :–

ગાથા :– દર્શન વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદ્રષ્ટિમાં. ૧૬.

**ટીકામૃત :–**

(૧) * [કરવી અહો ઐક્યાગ્રતા મુજના ત્રિકાલિક દ્રવ્યમાં;]
એ ભાવથી આત્મા થશે નિજ સાધ્ય ને સાધક અહા!

(૨) * આ રીત સેવન* કરીશ હું મુજ આત્મનું બે ભાવથી;
વ્યવહારથી તેને કહે છે જ્ઞાન-દર્શન-ચરણથી.

(૩) * જ્યમ પુરુષ કો’ના જ્ઞાન-દર્શન-ચરણ કદી ન ઉલ્લંઘતા,
તે પુરુષના જ સ્વભાવને, તેથી ન તેઓ અન્ય ના.

(૪) * એ રીત શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર છે આત્મા જ ને,
મુજ આતમા તેથી જ કેવળ સેવવાને યોગ્ય છે.

* સેવન કરવું = ધ્યાનની પર્યાયમાં ધ્યેય બનાવીને આત્મામાં એકાગ્રતા થવી.

**ટીકા :–**

(૧) આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ નિત્ય સેવવા*યોગ્ય છે એમ પોતે ઇરાદો રાખીને બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે કે

(૨) ‘સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે.’ પણ પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી—આત્માના જ પર્યાયો છે.

(૩) જો કોઈ દેવદત્ત નામના પુરુષનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતા નહીં હોવાથી, (તેઓ) દેવદત્ત જ છે—અન્ય વસ્તુ નથી,

(૪) તેમ આત્મામાં પણ આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી, (તેઓ) આત્મા જ છે અન્યવસ્તુ નથી.

## કળશ-૧૬

ઉત્થાનિકા :–હવે, એ જ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * પ્રમાણદ્રષ્ટિથી જોઈએ તો આ આત્મા એકીસાથે અનેક અવસ્થારૂપ (મેચક) પણ છે અને

* એક અવસ્થારૂપ (અમેચક) પણ છે કારણ કે

(૨) * એને દર્શન-જ્ઞાન-ચારિત્રથી તો ત્રણપણું છે અને પોતાથી પોતાને એકપણું છે.

**કલશામૃત :–**

(૧) * જો દેખું હું મુજને અહો પરમાણની દ્રષ્ટિ વડે,
તો એક સાથે હું દીસું 'મેચક'-'અમેચક' બે રીતે.

(૨) * છે ત્રણપણું મુજને અહો દ્રગ-જ્ઞાન-ચરણથી,
ને એકપણું મુજને અહો મારાપણે છે મુજ થકી.

## કળશ-૧૭

ઉત્થાનિકા :–હવે, નયવિવક્ષા કહે છે :-

**શ્લોકાર્થ :–**

(૧) * આત્મા એક છે તોપણ વ્યવહાર-દ્રષ્ટિથી જોઈએ તો,
* ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ મેચક છે

(૨) કારણ કે દર્શન-જ્ઞાન ચારિત્ર—એ ત્રણભાવે પરિણમે છે.

**કલશામૃત :–**

(૧) હું છું ભલે બસ એક આત્મા [શુદ્ધ દ્રવ્યાર્થિકનયે]
પણ છું અનેકાકાર હું વ્યવહારની દ્રષ્ટિ વડે.

(૨) દ્રગ-જ્ઞાન-ચરિત ત્રિભાવરૂપે પરિણમું છું હું અને
[મેચકપણું તેથી મને વ્યવહારથી કહેવાય છે.]

## કળશ-૧૮

ઉત્થાનિકા :–હવે પરમાર્થનયથી કહે છે :–

શ્લોકાર્થ :–

(૧) * શુદ્ધનિશ્ચયનયથી જોવામાં આવે તો

* પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી આત્મા એકસ્વરૂપ છે કારણ કે

(૨) * શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સર્વ અન્ય દ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે.

* તેથી તે 'અમેચક' છે—શુદ્ધ એકાકાર છે.

**કલશામૃત :–**

(૧) * કરી ગૌણ દ્રષ્ટિ ભેદની પરમાર્થનયથી દેખું હું,
તો પ્રગટ જ્ઞાયકજ્યોતિરૂપ બસ એકમાત્ર સ્વરૂપ છું;

(૨) * છું સર્વ ભાવાંતર તણા વિધ્વંસરૂપ સ્વભાવ હું,
તેથી 'અમેચક' આતમા હું શુદ્ધ એકાકાર છું.

## કળશ-૧૯

ઉત્થાનિકા :–આત્માને પ્રમાણ-નયથી મેચક-અમેચક કહ્યો, તે ચિંતાને મટાડી જેમ સાધ્યની સિદ્ધિ થાય તેમ કરવું એમ હવે કહે છે :–

શ્લોકાર્થ :-

(૧) * આ આત્મા 'મેચક' છે—ભેદરૂપ અનેકાકાર છે તથા 'અમેચક' છે—અભેદરૂપ એકાકાર છે;

(૨) * એવી ચિંતાથી બસ થાઓ.

* સાધ્ય આત્માની સિદ્ધિ તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ ભાવોથી જ છે, બીજી રીતે નથી (એ નિયમ છે)

સમયસારનાટકમાંથી :

એક જાનીયે દેખીયે રમી રહિયે ઇક ઠૌર,
સમલ વિમલ ન વિચારીએ યહી સિદ્ધિ નહીં ઔર.

**કલશામૃત :–**

(૧) * મુજ આતમા છે ભેદરૂપ–'મેચક' અનેકાકાર છે,
અથવા 'અમેચક'–એક આકારે–અભેદસ્વરૂપ છે;

(૨) * એ છોડી ચિંતાઓ હું સેવું જ્ઞાન-દર્શન-ચરણને,
છે સિદ્ધિ આ ત્રણ ભાવથી નહિ અન્ય કોઈપણ રીતે.

## ગાથા-૧૭-૧૮

ઉત્થાનિકા :–હવે, આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દ્રષ્ટાંતથી કહે છે:–

ગાથા : * જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે. ૧૭.
* જીવરાજ એમ જ જાણવો પછી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

### ટીકામૃત :-

(૧) * તે જ્ઞાન-દર્શન-ચરિત સાધકભાવ પૂર્વકથિત જે,
તેની હવે સિદ્ધિ વિષે દ્રષ્ટાંતથી કહેવાય છે.

(૧.૧) * જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધનઅર્થી એ અનુચરણ નૃપતિનું કરે;

(૧.૨) * જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ.

(૧.3) * જે સાધ્ય નિષ્કર્મ અવસ્થારૂપ, શુદ્ધ સ્વરૂપ છે,
છે સિદ્ધિની ઉપપત્તિ આ રીત, અન્યથા નહિ થાય તે.

(૨.૧) * અનેક મિશ્રિત ભાવમાં 'આ અનુભૂતિ છે એ જ હું'—
તે ભેદજ્ઞાન પ્રવીણને થતું જ્ઞાન નિજ આત્મા તણું.

(૨.૨) * 'જેવું થયું છે જ્ઞાન, છે તેવો જ આ આત્મા'—અહો!
એને નિઃશંક પ્રતીતરૂપ શ્રદ્ધા તણો ઉદય થતો.

(૨.3) * આ રીત અન્ય સમસ્ત ભાવોનો કરીને ભેદ ને,
આચરણ આત્માનું ઉદય થઈ સાધતું તે આત્મને.

(૨.૪) * એમ જાણીને, શ્રદ્ધી અને નિઃશંક એમાં લીન થયે,
છે સાધ્ય શુદ્ધાત્મા તણી સિદ્ધિ, ન કો' બીજી રીતે.

(3.૧) * આવો અનુભૂતિસ્વરૂપ આત્મા અનુભવાતો અહો!
આબાલને ગોપાલને નિત્યે સ્વયં કિંતુ અહો-

(3.૨) * પરદ્રવ્યસહ એકત્વનિશ્ચયથી અરે મૂઢ જીવનું,
'આ અનુભૂતિ છે તે જ હું'—એ જ્ઞાન ઉદિત નહિ થતું.

(3.3) * ને આત્મજ્ઞાન અભાવથી શ્રદ્ધાન પણ ન ઉદિત થતું,
જ્યમ ખર તણા શિંગો* વિના શ્રદ્ધાન તેનું નહીં થતું.

* શિંગો=શિંગડા

(3.૪) * સહુ અન્ય ભાવોથી નહીં જે ભેદજ્ઞાન કરે અરે,
તે જીવ નિજ આત્મા મહીં નિઃશંક સ્થિર ન થઈ શકે.

(૩.૫) * આત્માચરણના ઉદય વિણ આત્મા ન સાધી શકાય છે,
આ રીત સાધ્ય તણી ખરે સિદ્ધિ કદી ના થાય છે.

[ઉપસંહાર :] * પરદ્રવ્ય ને પરભાવ પ્રતિ મુજ લક્ષને હું છોડીને,
અનુભૂતિસ્વરૂપ નિજાત્મને જાણીશ ને શ્રદ્ધીશ હવે.

**ટીકા :– [1st Paragraph :]**

(૧.૧) નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે, પછી તેનું જ શ્રદ્ધાન કરે કે 'આ અવશ્ય રાજા જ છે. તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે' ત્યારપછી તેનું જ આચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે;

(૧.૨) તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે 'આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે' અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું—અનુભવ વડે તેમાં લીન થવું; કારણ કે—

(૧.૩) સદાય જે નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ, તેની સિદ્ધિની એ રીતે ઉત્પત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે (અર્થાત્ સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી.)

[૨Nd Paragraph : ]

* (તે વાત વિશેષ સમજાવે છે :–)

(૨.૧) જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણતાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું;

(૨.૨) આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું શ્રદ્ધાન ઉદિત થાય છે ત્યારે

(૨.૩) સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે.

(૨.૪) આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.

[3rd Paragraph :]

(૩.૧) પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ

(૩.૨) અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદિત થતું નથી અને

(૩.૩) તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડાના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી ત્યારે

(૩.૪) સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે

(૩.૫) આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી. આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.

## કળશ-૨૦

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–આચાર્ય કહે છે કે :

(૧) * અનંત (અવિનશ્વર) ચૈતન્ય જેનું ચિહ્ન છે એવી

* આ આત્મજ્યોતિને અમે નિરંતર અનુભવીએ છીએ કારણ કે

(૨) * તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી.

* કેવી છે આત્મજ્યોતિ?

(૨) * જેણે કોઈ પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે તોપણ

* જે એકપણાથી ચ્યુત થઈ નથી અને જે નિર્મળપણે ઉદય પામી રહી છે.

### કળશામૃત :–

(૧) * અનંત અવિનશ્વર અહો ચૈતન્ય જેનું ચિહ્ન છે,
કરીએ છીએ અનુભવ સદા આ આત્મજ્યોતિનો અમે.

(૨) * નથી સાધ્ય આત્માની કદી સિદ્ધિ થતી તેના વિના,
તે આત્મજ્યોતિ કેવી છે આચાર્યશ્રી કહેતા અહા!

(૩) * કોઈ પ્રકારે ત્રણપણું છે આત્મજ્યોતિને છતાં,
એક જ પણે રહેતી થકી નિર્મળ ઉદય પામે અહા!

(૪) [ઉપસંહાર : ] * એવી અવિનશ્વર અહો! મુજ આતમાની જ્યોતિને,
પ્રગટાવવા પુરુષાર્થથી તત્પર થયો છું હું હવે.

### કળશ-૨૦ પછીની ટીકા

(૧) * હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, જુદો નથી,

* તેથી નિત્ય રાખીને સેવે જ છે;

(૨) * તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?

* તેનું સમાધાન :

(૩) * તે એમ નથી. જો કે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ

* એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી; કારણ કે

* સ્વયંબુદ્ધત્વ (પોતે પોતાની મેળે જાણવું તે)-અથવા બોધિતબુદ્ધત્વ (બીજાના જણાવવાથી જાણવું તે)—એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. (કાં તો કાળલબ્ધિ આવે ત્યારે પોતે જ જાણી લે અથવા તો કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે—

* જેમ સૂતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અથવા કાં તો કોઈ જગાડે ત્યારે જાગે.)

(૪) * અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં શું તે આત્મા અજ્ઞાની જ છે કેમકે તેને સદાય અપ્રતિબુદ્ધપણું છે?

∗ તેનો ઉત્તર : એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.

(૫) [ઉપસંહાર :] અનાદિકાળથી મેં જ્ઞાનની સેવા કરી નથી. હવે ગુરુદેવશ્રીનો ઉપદેશ પામીને હું જરૂર પ્રતિબુદ્ધ બનીશ.

**ટીકામૃત :–**

(૧) શિષ્ય : "તદ્‌રૂપતા છે આતમાની જ્ઞાનની સાથે સદા,
તેથી કરે છે જ્ઞાનની સેવા સદાય જ આતમા.

(૨) * તો જ્ઞાનને ઉપાસવાની કેમ છે શિક્ષા અહા?"
એ શિષ્યની શંકા તણો આચાર્ય ઉત્તર આપતા.

(૩) આચાર્યશ્રી * "તદ્‌રૂપતા છે જ્ઞાન સાથે આતમાની પણ છતાં,
ક્ષણમાત્ર પણ તે સેવતો નથી જ્ઞાનને કદીયે અહા!
* બોધિ સ્વયંથી વા બીજાથી ઉત્પત્તિ છે જ્ઞાનની;
નિદ્રાથી જ્યમ જાગે પુરુષ પોતાથી વા બીજા થકી."

(૪) શિષ્ય "તો તે પહેલાં શું અહો આ આતમા અજ્ઞાની છે?"
આચાર્યશ્રી : "હા, જરૂર તે અજ્ઞાની છે, નથી સેવતો જે આત્મને."

(૫) [ઉપસંહાર :] અનાદિકાળથી મેં કદી નથી જ્ઞાનની સેવા કરી,
પ્રતિબુદ્ધતા પામીશ હવે ગુરુદેવના ઉપદેશથી.

## ગાથા-૧૯

ઉત્થાનિકા :–વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી (ક્યાં સુધી) અપ્રતિબુદ્ધ છે તે તો કહો. તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :–

ગાથા :– નોકર્મ-કર્મે 'હું', હું માં વળી 'કર્મ ને નોકર્મ છે,'
–એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.

ટીકામૃત :–

(૧) જ્યમ સ્પર્શ આદિ ભાવ ને આકાર ઉદરાદિ તણા
રૂપે થયેલા સ્કંધમાં, 'આ ઘટ' અહો એ માન્યતા,

(૨) વળી ઘટ મહીં આ સ્પર્શ ને આકાર ઉદરાદિ તણા
રૂપે થયેલા સ્કંધ છે, એવી અભેદ વિચારણા–

(૩) ત્યમ કર્મ મોહાદિક અને શરીરાદિ વસ્તુઓ બહુ;
આત્મ-તિરસ્કારી સહુ એને કહે 'તે હું જ છું.'

(૪) વળી આત્મમાં મોહાદિ કર્મો ને શરીરાદિ બધા,
આત્મ-તિરસ્કારી સહુ, એવી અભેદ વિચારણા–

(૫) છે આવી અનુભૂતિ અહો આ આતમાને જ્યાં લગી,
એ આતમા પામે નહિ પ્રતિબુદ્ધતાને ત્યાં લગી.

(૬) પણ સ્વ-પરના પ્રતિભાસરૂપ છે સ્વચ્છતા દર્પણ તણી,
ને ઉષ્ણતા-જ્વાળા અહો છે માત્ર જ્યમ અગ્નિ તણી.

(૭) ત્યમ જાણનારી સ્વ-પરને છે આતમાની જ્ઞાતૃતા,
પણ કર્મ ને નોકર્મ છે જડ એવી ભેદ વિચારણા-

(૮) જ્યારે કરે નિજથી જ અથવા ગુરુ તણા ઉપદેશથી,
ત્યારે થશે પ્રતિબુદ્ધ આત્મા ભેદના વિજ્ઞાનથી.

(૯) [ઉપસંહાર : ] તિરસ્કારીને મોહાદિ કર્મો તેમ સહુ નોકર્મને,
મુજ આત્મનો સત્કાર કરી પ્રતિબુદ્ધતા પામીશ હવે.

ટીકા :–

(૧) જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત થયેલ પુદ્‌ગલ સ્કંધોમાં 'આ ઘડો છે' એમ, અને

(૨) ઘડામાં 'આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્‌ગલ સ્કંધો છે' એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે.

(૩) તેવી રીતે કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ—કે જેઓ (બધાં) પુદ્‌ગલના પરિણામ છે અને આત્માનો તિરસ્કાર કરનારા છે—તેમનામાં 'આ હું છું' એમ અને

(૪) આત્મામાં 'આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા) પુદ્‌ગલ-પરિણામો છે એમ વસ્તુના અભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે.

(૫) ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે અને

(૬) જ્યારે કોઈ વખતે, જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે

(૭) તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને અને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાનપણું) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્‌ગલના છે.

(૮) એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ આત્મા પ્રતિબુદ્ધ થશે.

[ઉપસંહાર :] (૯) મોહાદિ ભાવકર્મરૂપ અંતરંગ પરિણામો તથા શરીરાદિ નોકર્મરૂપ બાહ્ય વસ્તુઓનો તિરસ્કાર (તેઓ પ્રત્યેના લક્ષને છોડીને) કરીને હવે હું મારા આત્માનો સત્કાર કરીશ અને શીઘ્ર જ પ્રતિબુદ્ધ થઈશ.

## કળશ-૨૧

ઉત્થાનિકા : હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

(૧) જે પુરુષો પોતાથી જ અથવા પરના ઉપદેશથી કોઈપણ પ્રકારે ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે.

(૨) એવી અવિચળ (નિશ્ચળ) પોતાના આત્માની અનુભૂતિને પામે છે, [તે હવે દર્પણના દ્રષ્ટાંતથી સમજાવે છે.]

(૩) તે જ પુરુષો દર્પણની જેમ પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકારરહિત હોય છે,–

(૪) જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી.

(૫) [ઉપસંહાર : પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશથી હું મારા આત્માની અનુભૂતિ કરીશ અને ત્યારે મારા જ્ઞાનદર્પણમાં પ્રતિબિંબિત થતા રાગાદિ પરજ્ઞેયોથી પણ હું વિકારરહિત રહીશ.]

**કળશામૃત :–**

(૧) જે પુરુષ પોતાથી જ અથવા પર તણા ઉપદેશથી,
છે જેનું મૂળ ઉત્પત્તિકારણ ભેદજ્ઞાન અહો થકી;

(૨) અવિચળ અહો નિજ આતમાની અનુભૂતિને પામતા,
[તેને હવે દર્પણ તણા દ્રષ્ટાંતથી સમજાવતા.]

(૩) અનંત પ્રતિબિંબો ભલે દર્પણ વિકારરહિત રહે,
ઝળકે અનંતા ભાવ પણ તે પુરુષ અવિકારી રહે.

(૪) જ્ઞેયો તણા આકાર પ્રતિભાસે અનંતા જ્ઞાનમાં,
તેનાથી પણ ન વિકારને તે પુરુષ પ્રાપ્ત કદી થતા.

(૫) [ઉપસંહાર :- ] [ગુરુદેવના ઉપદેશથી અનુભૂતિ કરીશ હું આત્મની;
રાગાદિ પ્રતિબિંબિત થશે મુજ જ્ઞાનના દર્પણ મહીં.]

## ગાથા–૨૦-૨૧-૨૨

ઉત્થાનિકા :–હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય એનું ચિહ્ન બતાવો; તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

ગાથા :– * હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,
જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.
* હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,
વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.
* અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.

### ટીકામૃત :–

(૧) * અગ્નિ મહીં ઇંધન તણો, ઇંધન મહીં અગ્નિ તણો,
જૂઠો વિકલ્પ કરે અહો અજ્ઞાની તેને જાણવો.

(૨) * નિજ આત્મમાં પરદ્રવ્યનો, પરદ્રવ્યમાં નિજ આત્મનો,
અયથાર્થ આત્મવિકલ્પ કરતો જીવ અજ્ઞાની અહો!

(૩) * વળી, અગ્નિ મહીં જેને વિકલ્પ ન થાય છે ઇંધન તણો,
પણ 'અગ્નિ તો અગ્નિ જ છે'—પ્રતિબુદ્ધ તેને જાણવો.

(૪) * તેવી રીતે નિજ દ્રવ્યમાં સત્યાર્થ આત્મવિકલ્પ જો,
કરતો અહો ત્રણ કાળનો, પ્રતિબુદ્ધ તેને જાણવો.

(૫) [ઉપસંહાર : ] * જ્યમ અગ્નિમાં ઇંધન નથી, ઇંધન મહીં અગ્નિ નથી;
ત્યમ હું નથી રાગાદિમાં, રાગાદિ મારામાં નથી.
* સત્યાર્થ આત્મવિકલ્પ આવો ગુરુ તણા ઉપદેશથી,
કરી શીઘ્ર હું અનુભવ કરું મુજ આત્મનો આત્મા મહીં.

### ટીકાનો સંક્ષિપ્ત સારાંશ :–

(૧) જે કોઈ પુરુષ ઇંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે તે જૂઠો છે, તેનાથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.

(૨) તેવી રીતે પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.

(૩) વળી કોઈને અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય [અને ઇંધનમાં અગ્નિનો વિકલ્પ ન થાય] તે પ્રતિબુદ્ધનું લક્ષણ છે.

(૪) તેવી જ રીતે [જેને] સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય તે જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે. તેનાથી તે ઓળખાય છે.

(૫) [ઉપસંહાર :] જેમ અગ્નિમાં ઇંધન નથી તથા ઈંધનમાં અગ્નિ નથી. તેમ હું રાગાદિમાં નથી તથા રાગાદિ મારામાં નથી—આવો સત્ય આત્મવિકલ્પ હું પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશથી કરીને શીઘ્ર જ મારા આત્માનો અનુભવ કરવા કટિબદ્ધ થાઉં છું.

## કળશ-૨૨

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) જગત અર્થાત્ જગતના જીવો અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને હવે તો છોડો અને

(૨) [આ મોહને છોડીને તમે નિજ આત્માની સન્મુખ થઈને] રસિકજનોને રુચિકર, ઉદય થઈ રહેલું જ્ઞાન તેને આસ્વાદો; કારણ કે

(૩) * આ લોકમાં આત્મા છે તે ખરેખર કોઈ પ્રકારે અનાત્મા (પરદ્રવ્ય) સાથે કોઈ કાળે પણ
* તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી, કેમકે આત્મા એક છે, તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી.

**કળશામૃત :–**

(૧) * હે જગતના જીવો અહો અનાદિના આ મોહને,
આજે સુધી જે અનુભવ્યો, છોડો હવે તો સૌ તમે.

(૨) * [ને છોડીને આ મોહને નિજ આત્મની સન્મુખ થજો,]
ને રસિકજનને બહુ રુચે તે જ્ઞાનને આસ્વાદજો.

(૩) * પામે નહિ તાદાત્મ્ય કો રીત આતમા પરથી કદા;
તે એક છે, પરદ્રવ્યથી કદી એકતારૂપ થાય ના.

(૪) [ઉપસંહાર : ] * મુજ આત્મની સન્મુખ થઈ તેમાં જ કરી એકાગ્રતા,
અનાદિકાલિન મોહને છોડું હવે—મુજ ભાવના.

## ગાથા – ૨૩-૨૪-૨૫

ઉત્થાનિકા :–હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :–

ગાથા :– * અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
"આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું" તે કહે. ૨૩.
* સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે "મારું આ" તું કહે અરે ! ૨૪
* જો જીવ પુદ્‌ગલ થાય, પામે પુદ્‌ગલો જીવત્વને,
તું તો જ એમ કહી શકે "આ મારું પુદ્‌ગલદ્રવ્ય છે." ૨૫

ટીકામૃત :–

(૧-૧) * જ્યમ વિવિધ વર્ણની નિકટતાથી અનેકરંગી સ્ફટિક બને,
ને શ્વેત નિર્મળ ભાવ તેનો દ્રષ્ટિગોચર નવ બને.
(૧-૨) * ત્યમ શુદ્ધ આત્મસ્વભાવ આચ્છાદિત થતાં કર્મો વડે,
અજ્ઞાની મોહી સ્વયં થઈ પરદ્રવ્યને મારું કહે.
(૨-૧) * હે દુરાત્મન્ ! હસ્તી સમ તું તૃણ સહિત મિષ્ઠાન્નને,
આરોગવાના છોડ, છોડ વિવેકહીન સ્વભાવને.
(૨-૨) * **સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે !
(૩-૧) * મીઠું થતું જળરૂપ, ત્યમ ઉપયોગમય જે નિત્ય છે,
એ જીવનું પુદ્‌ગલરૂપે નહિ પરિણમન દેખાય છે.
(૩-૨) * જળ નમકરૂપે થાય છે, ત્યમ જડરૂપે જે નિત્ય છે,
તે પુદ્‌ગલોનું જીવરૂપે નહિ પરિણમન દેખાય છે.
(૩-૩) * પ્રકાશ ને અંધારું બંને એક સાથે નવ રહે,
ઉપયોગ અણઉપયોગ બંને એક સાથે નવ રહે.
(૩-૪)* * [સાધક જીવોને જ્ઞાન તેમજ રાગ બંને હોય છે,
પણ રાગ જ્ઞાન ન થાય તેમજ જ્ઞાન રાગ ન થાય છે.]
(૪) * તેથી તું સર્વ પ્રકારથી પ્રસન્ન થઈ સાવધ થજે,
'સ્વદ્રવ્યમાત્ર જ મારું છે'—તું એમ અનુભવજે હવે."
(૫) [ઉપસંહાર : ] * સ્ફટિક, હસ્તી, નમક આદિ ઉદાહરણના મર્મને,
સમજી, અહો 'મુજ દ્રવ્યને જ હું મારું છે' માનીશ હવે.

* શ્રી સમયસાર સિદ્ધિ ભાગ-૨, પાનું ૩૭૦માંથી સંકલિત

** શ્રી સમયસાર ગાથા-૨૪

## ટીકાનો સંક્ષિપ્ત સારાંશ

[નોંધ :–અહીં બધી જગ્યાએ પરદ્રવ્ય=રાગ એ સમજવું બહુ જરૂરી છે.]

(૧-૧) (જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના વર્ણની નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે, સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી.

(૧-૨) તેવી રીતે જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે એવા અપ્રતિબુદ્ધનો કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે—દેખાતો નથી તેથી [તે] પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે.

(૨-૧) હે દુરાત્મન્ ! જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે, તેવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.

(૨-૨) સર્વજ્ઞજ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરવામાં આવેલ જે નિત્ય ઉપયોગ સ્વભાવરૂપ જીવદ્રવ્ય છે, તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્ય થઈ ગયું કે જેથી તું 'આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે?

(૩-૧) 'મીઠાનું પાણી' એવા અનુભવની જેમ નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી અને [પાણીનું મીઠું એવા અનુભવની જેમ]

(૩-૨) નિત્ય અનુપયોગ (જડ) લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી.

(૩-૩) કારણ કે પ્રકાશ અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગ સાથે રહેવામાં વિરોધ છે.

(૩-૪) [પ્રકાશ અને અંધકાર એક સાથે રહી શકતા નથી, તેનો અર્થ ? કે ચૈતન્ય ઉપયોગ પ્રકાશ અને રાગ ઉપયોગ અંધકાર તે બંને એકરૂપ થઈ જતા નથી પરંતુ ભિન્નરૂપે રહે છે. [સાધકજીવને] પોતાના શુદ્ધ ઉપયોગસ્વરૂપ ભગવાન આત્માનું ભાન થયું ત્યારે કમજોરીથી રાગ વ્યવહાર આવે છે પરંતુ તે અણઉપયોગ ભિન્ન રહે છે.]

(૪) તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા, સાવધાન થા અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે', એમ અનુભવ.

(૫) [ઉપસંહાર :] સ્ફટિક, હસ્તી, નમક અને પ્રકાશ-અંધકારના ઉદાહરણના મર્મને સારી રીતે સમજીને હું હવે માત્ર સ્વદ્રવ્યને જ મારું માનીશ અને રાગાદિ પરદ્રવ્યમાં મારાપણાને છોડીશ.

* શ્રી સમયસાર સિદ્ધિ-ભાગ-૨, પાનું ૩૭૦માંથી સંકલિત

## કળશ-૨૩

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ ! તું કોઈપણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતુહલી થઈ

(૨) આ શરીરાદિ મૂર્ત દ્રવ્યોનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માને અનુભવ કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી

(૩) આ શરીરાદિ મૂર્તિક પરદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે.

(૪) [ઉપસંહાર : ]–'જ્ઞાન અને રાગ ભિન્ન છે' એવો પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપદેશ છે; તેથી મારે અત્યંત પુરુષાર્થપૂર્વક-મહાકષ્ટથી પણ—રાગાદિનો પાડોશી થઈને આત્માનો અનુભવ કરવાનો છે.

**કલશામૃત :–**

(૧) * હે ભાઈ ! કોઈ પણ રીતે તું મરણને પણ પામીને,
થઈ તત્ત્વનો કૌતુહલી, બસ માત્ર બે જ ઘડી હવે;

(૨) * પાડોશી બની રાગાદિનો, કરજે અનુભવ આત્મનો;
જેથી તું દેખીશ આત્મને વિલાસરૂપ, પરથી જુદો.

(૩) * આ શરીર ને રાગાદિ મૂર્તિક સર્વ પરદ્રવ્યો વિષે,
તુરંત છોડીશ તું અહો એકત્વરૂપ વિમોહને.

(૪) [ઉપસંહાર[] * "છે જ્ઞાન રાગથી ભિન્ન"—એ ગુરુદેવનો ઉપદેશ છે;
મહા કષ્ટથી પણ રાગનો પાડોશી બનવું છે મને.

## ગાથા-૨૬

ઉત્થાનિકા :–હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છે :–

ગાથા :– **જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી,**
**સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની. ૨૬.**

**ટીકામૃત :–**

* **આ આતમા પુદ્‌ગલદરવરૂપ શરીર છે મુજ મત વિષે,**
**જો એમ હોય નહીં ખરે તો સ્તુતિ સહુ મિથ્યા ઠરે.**
* **પૂજનીય તીર્થંકર અને આચાર્ય મુનિવરની અરે !**
**[જે યોગ્ય નથી તેથી ખરે જીવ-દેહ બંને એક છે.]**

ટીકા :–* જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે.

* જો એમ ન હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવે છે તે બધી મિથ્યા થાય.

[પરંતુ આમ થવું યોગ્ય નથી તેથી ખરેખર જીવ તથા દેહ બંને એક જ છે.]

## કળશ-૨૪

ઉત્થાનિકા :–તે સ્તુતિ આ પ્રમાણે છે.

**શ્લોકાર્થ :–**

(૧) * તે તીર્થંકર [-तीर्थेश्वर]—આચાર્યો [-सूरि] વાંદવાયોગ્ય છે. કેવા છે તે?
* પોતાના દેહની કાંતિથી દશેદિશાઓને ધૂએ છે-નિર્મળ કરે છે,

(૨) * પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે [निरुन्वन्ति]
* પોતાના રૂપથી લોકોના મન હરી લે છે,

(3) * દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં સાક્ષાત્ સુખઅમૃત વરસાવે છે અને
* એક હજાર આઠ [अष्टसहस्र] લક્ષણોને ધારણ કરે છે—એવા છે.

**કળશામૃત :–**

(૧) * તે તીર્થના ઈશ્વર અને સૂરિ વાંદવાને યોગ્ય છે,
નિજ દેહની કાંતિથી જે દશ દિશને નિર્મળ કરે;

(૨) * નિજ તેજથી ઉત્કૃષ્ટ તેજસ્વી તણું રૂંધન કરે,
ને રૂપથી સર્વે જનોના ચિત્તને મોહિત કરે;

(3) * વળી દિવ્યધ્વનિથી ભવ્યજનના કર્ણમાં અમૃત ભરે,
ને અઠસહસ્ર અહો અહો જે લક્ષણો ધારણ કરે.

## ગાથા-૨૭

ઉત્થાનિકા :–ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી; તું નયવિભાગને સમજ્યો નથી. તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છે :–

ગાથા :– **જીવ-દેહ બંને એક છે—વ્યવહારનયનું વચન આ;**
**પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.**

ટીકામૃત :–(૧) * સુવર્ણ તેમજ ચાંદીને ગાળી અને ભેગાં કરે;
વ્યવહારમાત્રથી તેમને 'એકપિંડ છે'—લોકો કહે.

(૨) * એકક્ષેત્ર અવગાહન કરંતા દેહ તેમજ આત્મને,
છે 'એકપણું' વ્યવહારથી, 'અનેકપણું' છે નિશ્ચયે.

(૩) * શ્વેતાદિ ને પીળાશ આદિ સ્વભાવ ચાંદી-સ્વર્ણના;
નથી 'એકપણું' તેથી ખરે 'અનેકપણું' છે બેઉમાં.

(૪) * ત્યમ આતમા ઉપયોગરૂપ, ઉપયોગ નહીં આ દેહમાં,
નથી 'એકપણું' તેથી ખરે 'અનેકપણું' છે બેઉમાં.

(૫) * વિભાગ આવા નય તણા છે પ્રગટ તેને જાણજે;
વ્યવહારમાત્રથી દેહની સ્તુતિ આતમાની બને ખરે.

**ટીકા :–**

(૧) જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી 'એક પિંડ'નો વ્યવહાર થાય છે તેમ

(૨) આત્માને અને શરીરને પરસ્પર એકક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે. આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે, પરંતુ નિશ્ચયથી એકપણું નથી.

(૩) કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો, જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે એવા સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે તેથી અનેકપણું જ છે.

(૪) તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે એવા આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી તેથી અનેકપણું જ છે.

(૫) આવો આ પ્રગટ નયવિભાગ છે. માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.

## ગાથા-૨૮

ઉત્થાનિકા :–આ જ વાત હવેની ગાથામાં કહે છે :–

**ગાથા :–** **જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ,**
**માને પ્રભુ કેવળી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.**

**ટીકામૃત :–**

(૧) * રે શ્વેતપણું સુવર્ણનો જ સ્વભાવ નથી પરમાર્થથી,
પણ શ્વેતપણું છે ચાંદીનો ગુણ, માત્ર તેના નામથી

(૨) * છે 'શ્વેત સ્વર્ણ' સુવર્ણ આ, લોકો વડે કહેવાય છે;
વ્યવહારનયનું કથન એ સત્યાર્થ નથી નિશ્ચયનયે;

(૩) * ત્યમ શુક્લ-રક્તપણાદિ ગુણ નથી નિશ્ચયે કેવળીતણા,
પણ તે ગુણો છે શરીરના, તીર્થંકરો-કેવળીતણા.

(૪) * 'પ્રભુ કેવળી છે' શુક્લ-રક્ત અહો—સ્તવન વ્યવહારનું,
તે સ્તવન માત્ર શરીરનું, બનતું જ નથી આત્મા તણું.

ટીકા :–(૧) જેમ પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં પણ ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી

(૨) સુવર્ણનું 'શ્વેત સુવર્ણ' એવું નામ કહેવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કહેવામાં આવે છે;

(૩) તેવી રીતે પરમાર્થથી શુક્લ-રક્તપણું તીર્થંકર-કેવળી પુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, શરીરના ગુણો જે શુક્લ-રક્તપણું વગેરે,

(૪) તેમના સ્તવનથી તીર્થંકર-કેવળી પુરુષનું 'શુક્લ-રક્ત તીર્થંકર-કેવળી પુરુષ' એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.

## ગાથા-૨૯

ઉત્થાનિકા :–ઉપરની વાતને ગાથાથી કહે છે :–

ગાથા :– પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવલી તણા;
જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.

ટીકામૃત :–

(૧) * છે શ્વેતપણું ગુણ ચાંદીનો, તેનો અભાવ સુવર્ણમાં,
તેનાથી તેથી બને નહિ સુવર્ણ નામ ખરે અહા !

(૨) * પીળાપણું આદિ અહો જે ગુણ છે જ સુવર્ણના,
તે સૌ ગુણોને કારણે સુવર્ણ નામ બને અહા !

(૩) * તેવી રીતે જે શરીરના ગુણ શુક્લ-રક્તાદિ બધાં,
તેનો અહો સદ્‌ભાવ નહિ તીર્થંકરાદિ પુરુષમાં.

(૪) * તેથી શરીરના શુક્લ ને રક્તાદિ આ ગુણો વડે,
તીર્થંકરો-કેવળીતણું નહિ સ્તવન બનતું નિશ્ચયે.

(૫) * પણ કેવળી-તીર્થંકરોના ગુણના જ સ્તવન થકી,
સાચું સ્તવન થતું તેમનું, નહિ દેહગુણના સ્તવનથી.

ટીકા :–

(૧) જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું.

(૨) સુવર્ણના ગુણ જે પીળાપણું આદિ છે તેમના નામથી સુવર્ણનું નામ થાય છે;

(૩) તેવી રીતે શરીરના ગુણો જે શુક્લ-રક્તપણું વગેરે, તેમનો તીર્થંકર-કેવળી પુરુષમાં અભાવ છે.

(૪) માટે નિશ્ચયથી શરીરના શુક્લ-રક્તપણું વગેરે ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર-કેવળી પુરુષનું સ્તવન નથી થતું.

(૫) [પણ] તીર્થંકર-કેવળી પુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ તીર્થંકર-કેવળી પુરુષનું સ્તવન થાય છે.

## ગાથા-૩૦

ઉત્થાનિકા :–હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દ્રષ્ટાંત સહિત ગાથા કહે છે :–

ગાથા :– **વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીર ગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.**

ટીકા :–ઉપરના અર્થનું (ટીકામાં) કાવ્ય કહે છે.

## કળશ-૨૫

**શ્લોકાર્થ :–**

(૧) * આ નગર એવું છે કે જેણે કોટ વડે આકાશને ગ્રસ્યુ છે (અર્થાત્ તેનો ગઢ બહુ ઊંચો છે),
* બગીચાઓની પંક્તિઓથી જે ભૂમિતલને ગળી ગયું છે (અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે.)

(૨) * અને કોટની ચારે તરફ ખાઈના ઘેરાથી જાણે પાતાળને પી રહ્યું છે (અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે).
* [આ રીતે કોટ આદિ વડે આ નગરનું વર્ણન કર્યું છે]

(૩) * આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી કારણ કે,
* જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે તોપણ કોટ-બાગ-ખાઈ આદિવાળો રાજા નથી.

**કળશામૃત**

(૧) * એવું અહો આ નગર જેનો કોટ છે ઊંચો બહુ,
ઉપવન તણી પંક્તિ થકી જે ભૂમિતળને ગળી જતું.

(૨) * ને કોટ ફરતી ખાઈથી પાતાળને પણ પી જતું,
[આ રીત કોટાદિ થકી વર્ણન કર્યું છે નગરનું.]

(૩) * વર્ણન થતું નહિ ભૂપનું નગરી તણું વર્ણન કર્યે,
છે ભૂપ અધિષ્ઠાતા ભલે પણ ભૂપ નગર નથી ખરે.

## કળશ-૨૬

ઉત્થાનિકા :–તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :–(૧) જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. કેવું છે તે?

* જેમાં સર્વ અંગ હંમેશા અવિકાર અને સુસ્થિત (સારી રીતે સુખરૂપ સ્થિત) છે,
* જેમાં (જન્મથી જ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે (અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે) અને
* જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી.

ટીકા :– (૧) આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળી પુરુષનું સ્તવન થતું નથી કારણ કે

(૨) * જોકે તીર્થંકર-કેવળી પુરુષને શરીરાદિનું અધિષ્ઠાતાપણું છે તોપણ
* સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી

(૩) * તીર્થંકર-કેવળી પુરુષોને તે ગુણોનો અભાવ છે.

### કળશામૃત :–

(૧) * જિનેન્દ્રનું ઉત્કૃષ્ટ રૂપ અહો સદા જયવંત છે,
સર્વાંગ જેમાં નિત્ય ને અવિકાર સુખરૂપ સ્થિત છે;
જેમાં અપૂરવ ને સહજ લાવણ્ય સહુનું પ્રિય છે,
ગંભીર જે સાગર સમાન અક્ષોભ તેમજ અચળ છે.

### ટીકામૃત :–

(૧) * આવું સ્તવન કરવા છતાં પ્રભુ કેવળીના શરીરનું;
તીર્થંકરો ને કેવળીનું સ્તવન સાચું નહિ થતું.

(૨) * તેઓ અધિષ્ઠાતા ભલે હો શરીરના તોપણ અહા!
સુસ્થિતતા, લાવણ્ય આદિ ગુણો નથી આત્મા તણા.

(૩) * તીર્થંકરાદિમાં નથી સદ્ભાવ આવા ગુણનો,
તેથી જ તેના સ્તવનથી નથી સ્તવન સાચું થતું અહો!

## ગાથા-૩૧

ઉત્થાનિકા :–હવે, (તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલા જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છે :–

ગાથા :– **જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

### ટીકામૃત (સંક્ષિપ્ત :–)

(૧) * દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો ને સર્વ વિષયો તેમના,
છે જ્ઞેય, ને જ્ઞાયક સ્વયં છે આ અહો મુજ આતમા.

(૨) * વિષયો તણી આસક્તિથી તે બેઉ એક જ ભાસતા,
એ જ્ઞેયજ્ઞાયક દોષ સંકર દૂર કરવાને મહા.

(૩) * નથી આત્મ સાથે એક જેવી ભાસતી દ્રવ્યેન્દ્રિ' હું,
પણ અંતરંગે પ્રગટ સૂક્ષ્મ માત્ર ચેતનભાવ છું.

(૪) * જે ખંડ ખંડ ગ્રહે વિષયને તે નથી ભાવેન્દ્રિ' હું,
પણ પ્રતીતરૂપ અખંડ એક હું ચિત્ સ્વરૂપી ભાવ છું.

(૫) * નથી ભાવઇન્દ્રિયના વિષયભૂત સ્પર્શ આદિ પદાર્થ હું,
પણ સર્વસંગ રહિત હું ચૈતન્યશક્તિમાત્ર છું.

(૬) * એ ભેદજ્ઞાન-પ્રવીણ થઈ જુદા કરી ત્રણ જ્ઞેયને,
હું અનુભવીશ મુજ આત્મને જિતેન્દ્રિ' જિન થવા હવે.

### ટીકાનો સંક્ષિપ્ત સારાંશ

(૧) * (જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો અને
* જ્ઞાયક પોતે આત્મા—એ બન્નેનું અનુભવન

(૨) * વિષયોની આસક્તતાથી એક જેવું થતું હતું :
* ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું.)

(૩) * (જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી) એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો
* તેમને તો નિર્મળ ભેદઅભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત
* જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ
* તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી.

(૪) * જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે (અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને,
* પ્રતીતમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે
* સર્વથા પોતાથી જુદી જાણી.

(૫) ⁎ ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને,

⁎ પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા.

(૬) (આ રીતે) સર્વ અન્ય દ્રવ્યોથી [અર્થાત્ ઉપરોક્ત ત્રણ પ્રકારના જ્ઞેયોથી] પરમાર્થે જુદા એવા

⁎ પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચય જિતેન્દ્રિય જિન છે.

## ગાથા-૩૨

ઉત્થાનિકા :–હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી સ્તુતિ કરે છે :–

ગાથા :– **જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

### ટીકામૃત :–

(૧) * ફળદાનશક્તિથી પ્રગટતું મોહનકરમ ભાવકપણે,
તેના અનુસારે સહુ જીવ ભાવ્યરૂપે પરિણમે;

(૨) * પણ ભેદજ્ઞાન કરી અહો જે મોહને તિરસ્કૃત કરે,
તે જીવ ભાવકભાવ્ય સંકર દોષ દૂર કરી અને

(૩) * એકત્વમાં નિશ્ચલ તથા સહુ અન્ય ભાવોથી જુદા,
નિજ આત્મને જે અનુભવે જ્ઞાનસ્વભાવ વડે અહા!

(૪) * તે જીવને 'જિતમોહ જિન' કહેવાય છે નિશ્ચયનયે,
કેવો [અલૌકિક] તે હશે જ્ઞાનસ્વભાવ હવે કહે.

(૫) * ઉદ્યોતમાન પ્રકાશતો તે સર્વલોક ઉપર તરે,
અવિનાશી, સિદ્ધ સ્વયં સદા પરમાર્થથી સત્ સ્વરૂપ છે.

(૬) * આ રીત ભાવકભાવ્ય સંકરદોષના પરિહારની
નિશ્ચયસ્તુતિ બીજી કહી [જે શ્રેણી છે ઉપશમ તણી].

(૭) * અહીં 'મોહ' નામ જ માત્ર કહ્યું પણ અન્ય રાગાદિ બધાં,
ભાવો તણું વ્યાખ્યાન કરીને અન્ય સૂત્ર વિચારવાં.

### ટીકા :–

(૧) * મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે.
* તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા-ભાવ્ય,

(૨) * તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી
* એ બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,

(૩) * સમસ્ત ભાવ્ય-ભાવક-સંકરદોષ દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ (નિશ્ચલ) અને અન્ય દ્રવ્યોના સ્વભાવથી થતા સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા એવા
* પોતાના આત્માને જે (મુનિ) [જ્ઞાનસ્વભાવ વડે] અનુભવે છે.

(૪) * તે નિશ્ચયથી 'જિતમોહ જિન' (જેણે મોહને જીત્યો છે એવો જિન) છે.
* કેવો છે જ્ઞાનસ્વભાવ?

(૫) * આ સમસ્ત લોકના ઉપર તરતો, પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન,
* અવિનાશી, પોતાથી જ સિદ્ધ અને પરમાર્થસાર એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.

(૬) * આ રીતે ભાવ્યભાવકભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.

(૭) * આ ગાથાસૂત્રમાં એક 'મોહ'નું જ નામ લીધું છે; તેમાં 'મોહ'પદને બદલીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય મૂકીને ૧૧ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન—એ પાંચના ઇન્દ્રિયસૂત્ર દ્વારા જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં; એમ ૧૬ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજા પણ વિચારવાં.

## ગાથા-૩૩

ઉત્થાનિકા :–હવે, ભાવ્યભાવકભાવના અભાવથી નિશ્ચયસ્તુતિ કહે છે :–

ગાથા :– જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,
નિશ્ચયવિદો થકી તેહને, ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.

ટીકામૃત :– (૧) * નિજ આતમામાંથી તિરસ્કૃત મોહને કરીને મુનિ,
પૂર્વોક્ત જ્ઞાનસ્વભાવથી જાણી અધિક સૌ દ્રવ્યથી

(૨) * નિજ આતમાને અનુભવે તે જિતમોહી જિન થઈ;
અવલંબતો નિજ આત્મને ઐક્યાગ્ર ઉગ્રપણે કરી,

(૩) * અત્યંત તેથી વિનાશ પામતી મોહની સહુ સંતતિ
એવો અહો કે જેથી તેની થાય નહિ કદી ઉત્પત્તિ.

(૪) * એ રીત ભાવક મોહનો ને તેથી ભાવ્ય વિભાવનો,
અભ્યાસ પૂર્ણરૂપે થતાં તે એકપણું પામી અહો!

(૫) * નિશ્ચલ થઈ પરમાત્મપદને પ્રાપ્ત કરતો તે મુનિ,
ક્ષીણમોહ જિન થયો થકો કરતો ત્રીજી નિશ્ચયસ્તુતિ.

(૬) * અહીં 'મોહ' નામ જ માત્ર કહ્યું પણ અન્ય રાગાદિ બધા,
ભાવો તણું વ્યાખ્યાન કરીને અન્ય સૂત્ર વિચારવા.

(૭) [ઉપસંહાર :– ] * આ રીત ત્રણ નિશ્ચયસ્તુતિ સમજી ગુરુ ઉપદેશથી,
જિતમોહ થઈ ક્ષીણમોહનો પુરુષાર્થ જાગો મુજ મહીં.

ટીકા :–

(૧) * આ નિશ્ચયસ્તુતિમાં, પૂર્વોક્ત વિધાનથી આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી
* જેવો (પૂર્વે) કહયો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી

(૨) * અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો,
* તેને જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી

(૩) * મોહની સંતતિનો અત્યંત વિનાશ
* એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય.

(૪) * એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય, ત્યારે (ભાવક મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે અને એ રીતે)
* ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી

(૫) * ટંકોત્કીર્ણ (નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો તે 'ક્ષીણમોહ જિન' કહેવાય છે.
* આ ત્રીજી નિશ્ચય સ્તુતિ છે.

(૬) * અહીં પણ પૂર્વે કહ્યું હતું તેમ 'મોહ' પદને બદલી રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ મન, વચન, કાય, શ્રોત, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન—એ પદો મૂકી સોળ સૂત્રો (ભણવા અને) વ્યાખ્યાન કરવાં અને આ પ્રકારના ઉપદેશથી બીજા પણ વિચારવાં.

## કળશ-૨૭

ઉત્થાનિકા :–હવે અહીં આ નિશ્ચય-વ્યવહારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (૧) શરીરને અને આત્માને વ્યવહારનયથી એકપણું છે. પણ નિશ્ચયનયથી એકપણું નથી.

(૨) * માટે શરીરના સ્તવનથી આત્માપુરુષનું સ્તવન
* વ્યવહારથી થયું કહે છે, અને નિશ્ચયનયથી નહિ;

(૩) * નિશ્ચયથી તો ચૈતન્યના સ્તવનથી જ ચૈતન્યનું સ્તવન થાય છે.
* તે ચૈતન્યનું સ્તવન અહીં જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ—એમ ઉપરોક્ત કહ્યું તેમ છે.

(૪) * અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો
* તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો;

(૫) * તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે
* આત્માને અને શરીરને એકપણું નિશ્ચયથી નથી.

**કળશામૃત :–**

(૧) * છે એકપણું આત્મા અને આ દેહને વ્યવહારથી,
પણ એકપણું નથી આત્મને આ દેહથી નિશ્ચય થકી;

(૨) * તેથી શરીરના સ્તવનથી થતું સ્તવન આત્મા-પુરુષનું,
એ કથન છે વ્યવહારનું, પણ તે નથી નિશ્ચયતણું.

(૩) * ચૈતન્યના જ સ્તવન થકી છે સ્તવન તેનું નિશ્ચયે,
તે વર્ણવ્યાં જિતેન્દ્રી, જિતમોહી અને ક્ષીણમોહને.

(૪) * તીર્થંકરોના સ્તવન વિષયક પ્રશ્ન જે અજ્ઞાનીનો,
આ રીત નયના ભેદથી, ઉત્તર દીધો તેનો અહો!

(૫) * ને તેથી સિદ્ધ થયું અહો ઉપરોક્ત ઉત્તરના બળે,
આત્મા અને આ શરીરને નથી એકપણું નિશ્ચયનયે.

[નોંધ :] * [અહીં કર્મને તેના નિમિત્તિક રાગ-દ્વેષાદિ બધાં,
વિભાવ શુભ અશુભને છે 'શરીર' શબ્દથી વર્ણવ્યા.]

## કળશ-૨૮

ઉત્થાનિકા : હવે વળી, આ [-પૂર્વોક્ત કળશમાં કહેલાં] અર્થને જાણવાથી ભેદજ્ઞાનની સિદ્ધિ થાય છે એવા અર્થવાળું કાવ્ય કહે છે.

શ્લોકાર્થ :–(૧) જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ

(૨) ⁎ જ્યારે આત્મા અને શરીરના એકપણાને

⁎ આમ નયના વિભાગની યુક્તિ વડે જડમૂળથી ઉખેડી નાખ્યું છે—અત્યંત નિષેધ્યું છે.

(૩) ⁎ ત્યારે, ક્યા પુરુષને જ્ઞાન તત્કાળ

⁎ યથાર્થપણાને ન પામે? અવશ્ય પામે જ.

(૪) ⁎ કેવું થઈને? પોતાના નિજરસના વેગથી

⁎ ખેંચાઈને પ્રગટ થતું એકસ્વરૂપ થઈને.

**કળશામૃત :–**

| | | |
|---|---|---|
| (૧) | * | પૂર્વોક્ત રીતે નયવિભાગની સિદ્ધિ કરી છે જેમણે,<br>યથાર્થ વસ્તુસ્વરૂપનો પરિચય કર્યો છે તેમણે; |
| (૨) | * | એ મુનિવરે આ દેહ ને આત્મા તણા એકત્વને,<br>નિષેધ્યું છે અત્યંત, નયના ભેદની યુક્તિ વડે. |
| (૩) | * | તો કોણ એવો પુરુષ છે કે જેનું જ્ઞાન નહિ અહો!<br>યથાર્થપણું તત્કાળ નહિ પામે અવશ્ય જ તે કહો. |
| (૪) | * | એ જ્ઞાન છે કેવું? અહો નિજરસ તણા બહુ વેગથી,<br>ખેંચાઈને તે પ્રગટતું એ જ્ઞાન એકસ્વરૂપ થઈ. |
| [નોંધ :– ] | * | [અહીં કર્મ ને તેના નિમિત્તિક રાગ-દ્વેષાદિ બધાં,<br>અસંખ્ય વિધ વિભાવને, છે શરીર શબ્દથી વર્ણવ્યા.] |

## ગાથા-૩૪

ઉત્થાનિકા :–'આ આત્મારામને અન્ય દ્રવ્યનું પ્રત્યાખ્યાન (ત્યાગવું) તે શું છે?' તેને આચાર્ય આ પ્રમાણે કહે છે :–

ગાથા :– * સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

ટીકામૃત :–

(૧) * ભગવાન જ્ઞાતા-દ્રવ્ય આ આત્મા સહુ પરભાવ જે,
પરદ્રવ્યજનિત, નહિ અહો જે નિજ સ્વભાવથી વ્યાપ્ત છે;

(૨) * જાણે પ્રથમ તે પરપણે છે રાગ આદિ ભાવ સૌ,
પછી શીઘ્ર તેને ત્યાગતો, નથી ત્યાગનારો અન્ય કો'.

(૩) * નિશ્ચય કરી ત્યમ આતમામાં ત્યાજ્ય સહુ પરભાવના
છે ત્યાગનું કર્તાપણું બસ નામમાત્ર જ આત્મમાં.

(૪) * પરમાર્થથી કર્તાપણું નથી ત્યાગનું પરભાવના,
એ નામથી છે રહિત તે રહેતો સદા નિજ જ્ઞાનમાં;

(૫) * તેથી અહો છે જ્ઞાન પ્રત્યાખ્યાન તે અનુભવ કરો,
આ રીત આતમરામને છે ત્યાગ પરભાવો તણો.

ટીકા :–

(૧) * આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય (આત્મા) છે તે અન્ય દ્રવ્યના સ્વભાવથી થતા
* અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી

(૨) * પરપણે જાણીને ત્યાગે છે;
* તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી

(૩) * એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ
* તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ,

(૪) * પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,
* પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટ્યો નથી,

(૫) * માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે, [જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ નથી]–એમ અનુભવ કરવો.
[આ રીતે આત્મારામને પરભાવોના ત્યાગનો પ્રકાર કહ્યો.]

## ગાથા-૩૫

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દ્રષ્ટાંત શું છે? તેના ઉત્તરરૂપ દ્રષ્ટાંત-દ્રાષ્ટાંતની ગાથા કહે છે :–

ગાથા :– * આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫

**ટીકામૃત :–**

(૧) * જ્યમ પુરુષ કોઈ અન્ય નરનું વસ્ત્ર નિજનું જાણીને,
ઓઢી સૂતો છે ભ્રમ સહિત—તો અન્ય નર તેને કહે-

(૨) * 'તું જાગ, સાવધ થા અરે આ વસ્ત્ર મારું છે ખરે,
મારું મને દે'–વસ્ત્ર ખેંચી અનેક વાર કહે અરે.

(૩) * ત્યારે પુરુષ એ સર્વ ચિહ્નો દેખીને નિર્ણય કરે,
જાણી-'નથી આ વસ્ત્ર મારું' શીઘ્ર ત્યાગે વસ્ત્રને.

(૪) * ત્યમ આતમા જ્ઞાતા અરે પરભાવ નિજના જાણીને,
એકત્વ કરી પોતાથી તે અજ્ઞાની પોતે થઈ રહે.

(૫) * જ્યારે શ્રીગુરુ પરનો અને નિજનો વિવેક કરી કહે-
કરી એક આતમભાવરૂપ, તે પુરુષ પર કરુણા કરે-

(૬) * 'તું જાગ, સાવધ થા, તું છો બસ જ્ઞાનમાત્ર જ આતમા,
બાકી બધાં તો ભાવ સૌ છે અન્ય પરદ્રવ્યો તણા.'

(૭) * ત્યારે સુણી આ વાક્ય આગમનું ફરી ફરીને અને,
કરીને પરીક્ષા સુરીતે સૌ સ્વ-પરના ચિહ્નો વડે,
* 'હું જ્ઞાનમાત્ર જ ભાવ છું ને આ બધા પરભાવ છે'
–ત્યમ જાણી જ્ઞાની થઈ તુરંત જ ત્યાગતો પરભાવને.

(૮) [ઉપસંહાર :] * આ ક્રોધ, માયા, માન, લોભાદિ કષાય અનેક જે,
ને ભક્તિ, વાંચન, શ્રવણ આદિ વિકલ્પ-વસ્ત્રો પણ ખરે;
* મારા નથી તેઓ બધાં હું જ્ઞાનમાત્ર જ એક છું,
થઈ એક આતમભાવરૂપ હું ત્યાગ તેઓનો કરું.

**ટીકા :–**

(૧) * જેમ કોઈ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવી,

* પોતાનું જાણી ઓઢીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની (-આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો) થઈ રહ્યો છે; જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી, ખેંચી તેને નગ્ન કરે છે, અને કહે છે કે

(૨) * 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે

* તે મારૂં મને દે,' ત્યારે વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો તે,

(૩) * (એ વસ્ત્રના) સર્વ ચિહ્નોની સારી રીતે પરીક્ષા કરીને,

* 'જરૂર આ વસ્ત્ર પારકું જ છે' એમ જાણીને, જ્ઞાની થયો થકો, તે (પરના) વસ્ત્રને જલદી ત્યાગે છે.

(૪) * તેવી રીતે—જ્ઞાતા પણ ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી, પોતાના જાણી

* પોતામાં એકરૂપ કરીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;

(૫) * જ્યારે શ્રીગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી

* તેને એક આત્મભાવરૂપ કરે અને કહે કે

(૬) * 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ તારો આત્મા ખરેખર એક (જ્ઞાનમાત્ર) જ છે.

* (અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે)

(૭) * ત્યારે તે વારંવાર કહેલું અને આગમનું વાક્ય સાંભળતો તે

* સમસ્ત (સ્વ-પરના) ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને,

* 'જરૂર આ પરભાવો જ છે' (હું એક જ્ઞાનમાત્ર જ છું)

* એમ જાણીને, જ્ઞાની થયો થકો, સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.

(૮) [ઉપસંહાર :—] આ પ્રગટપણે જાણવામાં આવતા ક્રોધ, માન, માયા, લોભ આદિ અસંખ્ય પ્રકારના અશુભભાવો તેમજ સ્વાધ્યાય, ભક્તિ, શ્રવણ, વાંચન, ધર્મચર્ચા આદિ શુભભાવો મારાં નથી પરંતુ તેઓ કર્મના સંગે થયેલાં પરભાવો-વિકલ્પવસ્ત્રો છે. હું તો જ્ઞાનમાત્ર એક ભાવ છું—એમ એક આત્મભાવરૂપ થઈ (નિજ શુદ્ધાત્માના ગ્રહણપૂર્વક) હું શીઘ્ર આ સૌ પરદ્રવ્યના ભાવોનો ત્યાગ કરું.

## કળશ-૨૯

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે—

**શ્લોકાર્થ :–**

(૧) ⁎ આ પરભાવના ત્યાગના દ્રષ્ટાંતની દ્રષ્ટિ, જૂની ન થાય એ રીતે

(૨) ⁎ અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ [-રાગરૂપે પરિણમે નહિ] તે પહેલાં જ તત્કાળ

⁎ સકલ અન્યભાવોથી રહિત પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.

**કળશામૃત :–**

(૧) * પરભાવના આ ત્યાગના દ્રષ્ટાંતની દ્રષ્ટિ અહો!

* જૂની ન થાયે એ રીતે, રાગાદિની પ્રવૃત્તિઓ

(૨) * છૂટી ગઈ અતિ વેગથી, તત્કાળ આત્મા સ્થિર થયો;

* પ્રગટી સ્વયં આ અનુભૂતિ પરભાવથી વિરહિત અહો !

(૩) [ઉપસંહાર : ]

* 'છે જ્ઞાન રાગથી ભિન્ન'—એ ગુરુદેશના સૂણીને અહો!

* સુપાત્ર સોગાનીજીને તત્કાળ દ્રઢ નિર્ણય થયો;

* અત્યંત અલ્પ જ કાળમાં અનુભવ કરી નિજ આત્મનો,

* કૃપાળુ શ્રી ગુરુદેવના ઉપદેશને સાર્થક કર્યો.

## ગાથા-૩૬

ઉત્થાનિકા :–હવે, 'આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું?' એવી આશંકા કરીને પ્રથમ તો જે ભાવકભાવ-મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :–

ગાથા :– * નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,
–એ જ્ઞાનને જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.

ટીકામૃત :–

(૧) * ફળદાનશક્તિથી પ્રગટતું પુદ્ગલદરવ ભાવકરૂપે,
તેનાથી થાતો મોહ તે મારો નથી કો'પણ રીતે.

(૨) [કારણ કે] * પરમાર્થથી જે એક જ્ઞાયકભાવ ટંકોત્કીર્ણ છે,
પરદ્રવ્યના ભાવો વડે તે ભાવ્યરૂપ ન થઈ શકે.

(૩) [વળી] * પરકાશવામાં ચતુર છે સ્વયમેવ વળી આ વિશ્વને,
પ્રતાપસંપત્તિ જેહની વિકસિત છે નિરંતરે;
* ચૈતન્યશક્તિમાત્રના જ સ્વભાવભાવ અહો વડે,
'પરમાર્થથી હું એક છું'–ત્યમ આતમા જાણે ખરે.

(૪) [તેથી] * શિખંડ સમ મુજ આતમા-જડ એકરૂપ ભાસે ભલે,
અવગાહ એક જ ક્ષેત્રમાં સહુ દ્રવ્યનો અનિવાર્ય છે.

(૫) [તેમ છતાં] * એકત્વ છે સહુ દ્રવ્યનું નિજમાંહી નિજ તણું સદા,
રહેતાં અવિચલિત સ્વરૂપમાં સ્થિર તેથી તેઓ જગતમાં.

(૬) * મોહનકરમના ઉદયનો છે સ્વાદ રાગાદિક અને
ચૈતન્યના નિજ સ્વાદથી તે સ્વાદ જુદો છે ખરે.

(૭) [આમ-] * આ સ્પષ્ટ ભેદો સ્વાદના અનુભવ મહીં મુજ આવતા,
તેથી ખરે હું મોહ પ્રત્યે છું સદા નિર્મમ અહા!

(૮) * નિજ લક્ષણોના ભેદથી ચેતન તથા જડ દ્રવ્યના,
આ રીત ભાવકભાવ મોહથી ભેદજ્ઞાન થયું અહા!

(૯) [ઉપસંહાર : ] * નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,
કરી લક્ષ મુજ ચૈતન્યનું હું મોહથી નિર્મમ થઉં.

ટીકા : **[Rearranged/Slighty modified for clarity]**

(૧) * નિશ્ચયથી, (આ મારા અનુભવમાં) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્ગલ દ્રવ્ય

* તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઈપણ લાગતો-વળગતો નથી,

(૨) * કારણ કે ટંકોત્કીર્ણ એક [અખંડ] જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે
* પરના ભાવ વડે ભાવવું (-બનાવવું, ભાવ્યરૂપ કરવું) અશક્ય છે.

(૩) * વળી અહીં સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર અને
* વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે એવા
* ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે
* ભગવાન આત્મા જ જાણે છે કે—પરમાર્થે હું એક છું તેથી

(૪) * મારો આત્મા અને જડ, શિખંડની જેમ; એકમેક થઈ રહ્યાં છે [કારણ કે]
* સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું (એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશક્ય [છે, તોપણ]

(૫) * સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ)
* એવોને એવો જ સ્થિર રહે છે.

(૬) * મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે.
* તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે.

(૭) * શિખંડની માફક સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે (દહીં અને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે તેમાં દહી અને ખાંડ એક જેવા માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદાં જુદાં જણાય છે.)

(૮) * [આ રીતે] દ્રવ્યોના લક્ષણભેદથી જડ-ચેતનના જુદા જુદા સ્વાદને લીધે
* ભાવકભાવ જે મોહનો ઉદય તેનાથી ભેદજ્ઞાન થયું.

## કળશ-30

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :-**

(૧) * આ લોકમાં હું (સ્વયં) પોતાથી જ પોતાના એક આત્મસ્વરૂપને અનુભવું છું
* કે જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્ય પરિણમનથી [અર્થાત્ પારિણામિકભાવથી*] પૂર્ણ ભરેલા ભાવવાળું છે;

(૨) * માટે આ મોહ મારો (कश्चन नास्ति नास्ति) કાંઈ પણ લાગતો વળગતો નથી.
* અર્થાત્ એને અને મારે કાંઈ પણ નાતો નથી.

(૩) * હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપૂંજનો નિધિ છું.
* (ભાવકભાવના ભેદ વડે આવું અનુભવ કરે,)

**કળશામૃત :**

(૧) * આ લોકમાં અનુભવું સ્વયં હું એક આત્મસ્વરૂપને,
જે સર્વતઃ ચૈતન્યમય નિજ પરિણમનથી* પૂર્ણ છે,

(૨) * તેથી અહો આ મોહ મારો નથી નથી કો'પણ રીતે,
નથી કોઈ પણ નાતો અરે મારે અને આ મોહને.

(૩) * છું શુદ્ધ ચેતનના સમૂહરૂપ તેજપૂંજ નિધિ અહો!
કરી ભેદ ભાવકભાવથી આવો અહો અનુભવ કરો.

## ગાથા-૩૬ : ટીકાનો છેલ્લો પેરેગ્રાફ :–

એવી જ રીતે ગાથામાં 'મોહ' પદ છે તેને બદલી, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શ—એ સોળ પદના જુદાં જુદાં ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવા અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

* અહીં 'મોહ' નામ જ માત્ર કહ્યું પણ અન્ય રાગાદિ બધાં,
ભાવો તણું વ્યાખ્યાન કરીને અન્ય સૂત્ર વિચારવાં.

## શ્રી સમયસાર નાટક : જીવદ્વાર-છંદ ૩૩

**(अडिल्ल छंद)**

* **कहैं विचच्छन पुरुष सदा मैं एक हौं ।**
**अपने रससौं भरयौं अपनी टेक हौं ।।**
**मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है ।**
**सुद्‌ध चैतनासिंधु हमारौ रूप है ।।**

**શ્લોકાર્થ :–**

* જ્ઞાની પુરુષ એવો વિચાર કરે છે કે, હું સદૈવ એકલો છું.
* પોતાના જ્ઞાન-દર્શનરસથી ભરપૂર પોતાના જ આધારે છું.

* ભ્રમજાળનો કૂપ મોહકર્મ મારું સ્વરૂપ નથી !
* મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યસિંધુ છે.

પદ્યાનુવાદ :–

કહે વિચક્ષણ પુરુષ સદા હું એક છું,
નિજરસથી ભરપૂર હું મુજમાંહી જ છું;
મોહકર્મ મારું નથી નથી, ભ્રમકૂપ છે,
શુદ્ધ ચેતનાસિંધુ મારું સ્વરૂપ છે.

## ગાથા-૩૭

ઉત્થાનિકા :–હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :–

ગાથા :– * **ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**–એ જ્ઞાનને જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭**

**ટીકામૃત :–**

(૧) * નિજ સ્વરૂપથી જે પ્રગટ છે અનિવારણીય ફેલાવ છે,
ગળી જાય સર્વ પદાર્થને જેનો અહો નિજભાવ છે;

(૨) * ચિન્માત્ર એવી પ્રચંડ શક્તિથી ગ્રસિત થયા થકા,
અત્યંત અંતર્મગ્ન થઈ જે જ્ઞાનમાં ડૂબી રહ્યાં;

(3) * એ રીત આત્મમહીં પ્રકાશિત ધર્મ, નભ, કાળાદિ જે,
પરદ્રવ્ય સહ સંબંધ નથી મારે કંઈ આ કારણે–

(૪) [કારણ કે-] * હું એક ટંકોત્કીર્ણ જ્ઞાયક અંતરંગી તત્ત્વ ને,
સ્વભાવ એ સહુ દ્રવ્યનો તો મુજ સ્વભાવથી ભિન્ન છે;
અભાવ નિજસ્વભાવનો તેઓ કદી ન કરી શકે,
ને તેથી તેઓ બાહ્યતત્ત્વપણું ન છોડી કદી શકે.

(૫) [વળી-] * સ્વયમેવ નિત ઉપયુક્ત ચેતનમાં અહો છે એક જે,
એવા અનાકુળ આતમાને વેદતો જાણે ખરે
ભગવાન આત્મા કે–અહીં હું એક છું પરમાર્થથી,
પરદ્રવ્યથી હો મિલન મુજને જ્ઞેયજ્ઞાયકભાવથી.

[છતાં પણ] * આ પ્રગટ ભેદો સ્વાદમાં, અનુભવમહીં મુજ આવતા,
ધર્માધરમ આકાશ આદિથી હું છું નિર્મમ અહા !

[કારણ કે–] * એકત્વ છે સહુ દ્રવ્યનું નિજમાંહી નિજ તણું સદા,
રહેતાં અવિચલિત સ્વરૂપમાં સ્થિર તેથી તેઓ જગતમાં.'

(૬) [ઉપસંહાર :] * આ રીત ધર્મ અધર્મ આકાશાદિ સહુ જ્ઞેયો અને
મુજ એક જ્ઞાયકભાવનું થયું ભેદજ્ઞાન ભલી રીતે.

**ટીકા :–**

(૧) * પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે, નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે તથા
* સમસ્ત પદાર્થોને ગ્રસવાનો (ગળી જવાનો) જેનો સ્વભાવ છે;

(૨) * એવી પ્રચંડ ચિન્માત્રશક્તિ* વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યા હોવાથી
* જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યાં હોય—જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યાં હોય એવી રીતે

(3) * આત્મામાં પ્રકાશમાન છે એવા આ

* ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ, અન્ય જીવ—એ સર્વ પરદ્રવ્યો મારા સંબંધી નથી; કારણ કે–

(૪) * ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું અને

* તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવમાં હોવાથી [-છે તેથી]
* પરમાર્થે બાહ્યતત્ત્વપણાને છોડવા અસમર્થ છે
* (કેમકે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતાં નથી.)

(૫) * વળી અહીં સ્વયમેવ (ચૈતન્યમાં) નિત્ય ઉપયુક્ત એવો અને પરમાર્થે એક,

* અનાકુળ આત્માને અનુભવતો એવો
* ભગવાન આત્મા જ જાણે છે કે—હું પ્રગટ નિશ્ચયથી એક જ છું માટે,
* જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન) હોવા છતાં પણ
* પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે
* ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; કારણ કે–
* સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ)
* એવો ને એવો જ સ્થિર રહે છે (પોતાના સ્વભાવને કાંઈ છોડતું નથી.)

(૬) * આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.

## કળશ-૩૧

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * આમ પૂર્વોક્ત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં

* સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા થઈ ત્યારે

(૨) * આ ઉપયોગ છે તે પોતે જ પોતાના જ આત્માને જ ધારતો [-દ્રષ્ટિમાં લેતો]

* જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવા દર્શન-જ્ઞાન-ચારિત્રથી જેણે પરિણતિ કરી છે એવો

(૩) * પોતાના આત્મારૂપી બાગ (ક્રીડાવન)માંજ પ્રવૃત્તિ કરે છે,

* અન્ય જગ્યાએ જતાં નથી.

**કળશામૃત :**

(૧) * પૂર્વોક્ત રીતે જ્ઞેય ને ભાવક તણા સહુ ભાવથી;
થઈ ભિન્નતા જ્યારે અહો, આ ભેદના વિજ્ઞાનથી;

(૨) * ઉપયોગ આ પોતે જ ત્યારે ધારીને* નિજ આત્મને,
દ્રગ જ્ઞાન ચરિતની પરિણતિ પરમાર્થથી પ્રગટાવીને;

(૩) * નિજ આત્મરૂપ ઉપવન મહીં જ કરે ક્રીડા [આનંદથી],
ને અન્ય કોઈ સ્થાનમાં પ્રવૃત્તિ કંઈ કરતો નથી.

* ધારીને = ધારણ કરીને

## ગાથા-૩૮

ઉત્થાનિકા :–હવે, એ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્યશ્રી આ કથનને સંકોચે છે, સમેટે છે :–

**ગાથા :–** * **હું એક શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે! ૩૮**

**ટીકામૃત :–**

(૧) [અપ્રતિબુદ્ધજીવ] * અનાદિકાલિન મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્ત થતો,
જે જીવ અપ્રતિબુદ્ધ થઈ અત્યંત [વર્તી રહ્યો] હતો;
(૨) * વિરક્ત શ્રીગુરુની નિરંતર દેશના મહાભાગ્યથી,
સમજી-[ગ્રહી]-સાવધ થઈ [પુરુષાર્થ પોતાનો કરી];
(૩) * જ્યમ કોઈ પોતાની જ મુઠ્ઠીમાં સુવર્ણ ગ્રહી અને
ભૂલી જઈ, ફરી યાદ કરતાં સ્વર્ણને દેખે અરે!
(૪) * એ રીત નિજ પરમેશ્વરાત્માને ભૂલી જઈને ફરી,
જાણી અને શ્રદ્ધી તથા અનુચરણ પણ તેનું કરી;
(૫) [પ્રતિબુદ્ધ જીવ] * સમ્યક્ પ્રકારે એક આત્મારામ થઈને હું અહો!
કરું છું અનુભવ [જ્ઞાન ને દર્શન તથા ચારિત્રનો]-
(૬) [૧. હું :-] * ચૈતન્યમાત્ર જ જ્યોતિરૂપ હું આતમા એવો અહો!
મારા જ અનુભવથી મને પ્રત્યક્ષરૂપે જાણતો.
(૭) [૨. એક :-] (એવા સહુ) * ચિન્માત્ર હોવાથી પ્રવર્તન ક્રમ-અક્રમ છે જેહનું.
વ્યવહારભાવોથી નહીં ભેદાઉં તેથી એક છું.
(૮) [૩. શુદ્ધ :-] * નર-નારકાદિ જીવવિશેષો, તત્ત્વ નવ વ્યવહારના,
તેનાથી જ્ઞાયકભાવ જુદો તેથી શુદ્ધ હું છું અહા!
(૯) [૪. દર્શનજ્ઞાનમય :] * ચિન્માત્ર હોવાથી દ્વિવિધ ઉપયોગને ન ઉલ્લંઘતો,
[વિશેષ ને સામાન્યરૂપ] હું, જ્ઞાનદર્શનમય અહો!
(૧૦) [૫. સદા અરૂપી] * સ્પર્શાદિના નિમિત્તથી હો પરિણમન મુજમાં ભલે,
સ્પર્શાદિરૂપ ન પરિણમું તેથી અરૂપી સદા ખરે.
(૧૧) * આ રીત સર્વથી ભિન્ન એવું સ્વરૂપ અનુભવતો થકો,
[સંચેતતો મુજ આત્મને] પ્રતાપવંત હું આ રહ્યો.
(૧૨) * પ્રતાપમંડિત વર્તતા એવા અહો મુજને હવે,
મારી બહાર અનેકરૂપે સ્વરૂપસમૃદ્ધિ વડે
* સમસ્ત પરદ્રવ્યો અહો સ્ફુરાયમાન દીસે ભલે,
નથી કોઈપણ પરમાણુમાત્ર જ ભાસતું મારાપણે;

[કે] * જે જ્ઞેય કે ભાવકપણે ફરી મોહ ઉપજાવે મને,
[કારણ કે] નિજરસ થકી ઉખેડીને મૂળથી જ એવા મોહને;
[કે] * અંકુર પણ નહીં ઉપજે તે મોહનો ફરીને હવે,
એવો મહાન પ્રકાશ જ્ઞાન તણો મને પ્રગટેલ છે.

(૧૩) [ઉપસંહાર :] * અત્યંત અપ્રતિબુદ્ધ છું હું મોહરૂપ અજ્ઞાનથી,
પામ્યો હવે હું દેશના ગુરુદેવની મહાભાગ્યથી;
* ગુરુદેવના ઉપદેશથી સાવધ થઈ હું આજથી,
ભૂલી અને ફરી પ્રાપ્ત એવા સ્વર્ણના દ્રષ્ટાંતથી;
* હું છું અહો પરમાતમા એમ જ હવે નિર્ણય કરી,
જાણીશ ને શ્રદ્ધીશ હું મુજ આત્મને ગુરુગમ થકી.

ટીકા :–

(૧) * જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે
* અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને
(૨) * વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે (મહાભાગ્યથી)
* સમજી, સાવધાન થઈ,
(૩) * જેમ કોઈ મુઠીમાં રાખેલું સુવર્ણ
* ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે,
(૪) * પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો
* તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને (-તેમાં તન્મય થઈને)
(૫) * જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું
* એવો અનુભવ કરું છું કે
(૬) * હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છુ કે
* જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;
(૭) * ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા
* વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું;
(૮) * નર, નારકાદિ જીવના વિશેષો; અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી,
* ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું;
(૯) * ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી
* માટે હું દર્શનજ્ઞાનમય છું;

(૧૦) * સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ

* સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું.

(૧૧)* આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો

* આ હું પ્રતાપવંત રહ્યો.

(૧૨) * એમ પ્રતાપવંત વર્તતા એવા મને,

* જો કે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે
* સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ
* કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે
* જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે
* નિજરસથી જ મોહને મૂળથી ઉખેડીને-
* ફરી અંકુર ન ઉપજે એવો નાશ કરીને,
* મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.

## કળશ-૩૨ (मज्झन्तु)

ઉત્થાનિકા :–હવે, એવો આત્માનો અનુભવ થયો તેનો મહિમા કહી પ્રેરણારૂપ કાવ્ય આચાર્યશ્રી કહે છે કે આવા જ્ઞાનસ્વરૂપ આત્મામાં સમસ્ત લોક નિમગ્ન થાઓ :–

**શ્લોકાર્થ :– (Slighty rearranged)**

(૧) * વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડૂબાડી દઈને (દૂર કરીને)
* આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા પોતે સર્વાંગ પ્રગટ થયો છે;

(૨) * તેથી હવે આ સમસ્ત લોક તેના શાંતરસમાં
* એકી સાથે જ અત્યંત મગ્ન થાઓ. (मज्झन्तु)

(૩) * કેવો છે શાંત રસ?
* સમસ્ત લોકપર્યંત [ઉત્કૃષ્ટપણે] ઊછળી રહ્યો છે.

**કળશામૃત :–**

(૧) * દૂરે કરી વિભ્રમરૂપી જે આડી ચાદરને અહા!
આ જ્ઞાનસિંધુ આતમા સર્વાંગ પ્રગટ્યો છે [મહા];

(૨) * તેથી તેના શાંતરસમાં જગતના જીવો હવે,
અત્યંત થાઓ મગ્ન એક જ સાથ ભવ્યજનો તમે.

(૩) * [આચાર્યશ્રી દર્શાવતા] છે શાંતરસ કેવો અહો!
[ઉત્કૃષ્ટરૂપે] સર્વલોકે તે અહો ઊછળી રહ્યો.

આ પ્રમાણે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસાર શાસ્ત્રની (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવિરચિત) આત્મખ્યાતિ નામની ટીકામાં પૂર્વરંગ સમાપ્ત થયો.

# શ્રી જીવ અજીવ અધિકાર

## ગાથા : ૩૯ થી ૬૮

### કળશ-૩૩

ઉત્થાનિકા : (૧) હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય—એ બંને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે :– ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી (કાવ્ય દ્વારા) આચાર્ય જ્ઞાનનો મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું (સર્વ સ્વાંગોને પિછાણનારું) સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે—એ અર્થરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૨) * જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને

* [આ] જ્ઞાન છે તે મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે. કેવું છે તે ?
* જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વલ નિર્દોષ દ્રષ્ટિ વડે
* ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે; વળી તે કેવું છે?

(૩) * અનાદિ સંસારથી જેમનું બંધન દ્રઢ બંધાયું છે એવા જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી

* વિશુદ્ધ થયું છે, સ્ફૂટ થયું છે—જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે.
* જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે; વળી કેવું છે?

(૪) * જેનો પ્રકાશ અનંત છે; પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે.

* ધીર છે, ઉદાસ (ઉચ્ચ) છે અને તેથી અનાકુળ છે.
* સર્વ ઇચ્છાઓથી રહિત નિરાકુળ છે.
* (અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ—એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યના આભૂષણ જાણવાં.) એવું જ્ઞાન વિલાસ કરે છે.

**કલશામૃત :–**

(૧) * જીવ ને અજીવ બે દ્રવ્ય એક થઈ રચેલા સ્વાંગમાં
પ્રવેશ કરતા મંચમાં, આચાર્યશ્રી કહેતા અહા!
* કે સર્વ વસ્તુ જાણનારું જ્ઞાન સમ્યક્ પ્રગટતું,
અત્યંત મહિમાવંત જે સહુ સ્વાંગ સુરીત જાણતું.

(૨) * જીવ-અજીવ સ્વાંગ નિહાળનારા ગણધરાદિ પુરુષને,
આનંદ આપે આત્મનો જે પ્રગટ થાતું જ્ઞાન તે;
* જીવ-અજીવ ભેદની દ્રષ્ટિ અતિ ઉજ્જ્વલ અને નિર્દોષ જે,
ઉપજાવતું પ્રતીતિ અહો નિજ દ્રવ્યની તેના વડે.

(3) * અનાદિના કર્મો તણા દ્રઢ બંધનો થઈ નાશ જે,
વિશુદ્ધ થઈ ખીલ્યું અહો, ફુલની કળી સમ જ્ઞાન તે;
* રમવા વિષે જેનું ક્રીડાવન છે વળી બસ આતમા,
જેમાં અનંતા જ્ઞેય ઝળકે પણ રમે નિજ સ્વરૂપમાં.

(૪) * જેનો પ્રકાશ અનંત છે, પ્રત્યક્ષ તેજથી પ્રગટ છે,
એ ધીર છે, ઉદ્દાત્ત છે, તેથી અનાકુળ છે અને
* ઇચ્છાથી સર્વ રહિત એવું જે નિરાકુળ છે અને
જે શાંતરસરૂપે અહો વિલાસ કરતું જ્ઞાન તે.

## ગાથા–૩૯ થી ૪૩

ઉત્થાનિકા :–હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છે :–

ગાથા :– * કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે,
છે કર્મ[૨], અધ્યવસાન[૧] તે જીવ–એમ એ નિરૂપણ કરે! ૩૯.
* વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ મંદ[૩] જે,
એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને[૪] ! ૪૦.
* કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને[૫],
કો તીવ્ર મંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને[૬] ! ૪૧
* કો કર્મ ને જીવ ઊભયમિલને[૭] જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી[૮] અભિલાષ કો જીવની કરે! ૪૨.
* દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,
તે સર્વને પરમાર્થવાદી કહ્યાં ન નિશ્ચયવાદીએ. ૪૩

ટીકામૃત :–

(૦) * લક્ષણ અસાધારણ અહો જીવનું નહીં જે જાણતા,
બહુવિધ અજ્ઞાનીજનો પરને કહે છે આતમા!

(૧) * સ્વયમેવ જનિત થયેલ રાગાદિથી જેહ મલિન છે,
છે એવું 'અધ્યવસાન જીવ' કોઈ કહે આ કારણે-
* 'કાળાપણાથી કોઈ જુદો કોલસો હોતો નથી,
ને તેથી અધ્યવસાન વિણ કો જીવ દેખાતો નથી' !

(૨) * અનાદિ જેનો પૂર્વ અવયવ ને અનંત ભવિષ્યનો,
એ સંસરણરૂપે થતી ક્રિયા ભ્રમણની છે અહો,
* એવી ક્રીડા કરતું સદા જે 'કર્મ તે જીવ' કો કહે,
'એ કર્મથી કો અન્ય જુદો જીવ છે જ નહીં ખરે' !

(૩) * ને તીવ્ર મંદરૂપે સદા જે અનુભવનમાં આવતા,
દુરંત એવા રાગરૂપરસથી ભરેલાં તે અહા !
એવા જ 'અધ્યવસાનની છે સંતતિ જીવ' કો કહે,
'નથી એવી સંતતિથી જુદો કો જીવ છે'–એ કારણે !

(૪) * નવી ને પુરાણી આદિ ભાવે [વિવિધ પર્યાયોરૂપે]
નોકર્મ પરિવર્તન કરે છે [વિવિધ] શરીરાદિરૂપે.
* 'નોકર્મ એ જીવ છે' ખરે [અમ મત વિષે] કોઈ કહે
'એ શરીરથી કો અન્ય જુદો જીવ નથી'–એ કારણે !

(૫) * પુણ્ય તેમજ પાપરૂપે જે નિરંતર વ્યાપતો,
વિપાક કર્મતણો અહો [જે જીવમાં અનુભવ થતો];
* 'કર્મો તણો જ વિપાક એ જીવ છે' ખરે કોઈ કહે,
'શુભ-અશુભભાવથી અન્ય જુદો જીવ નથી'—એ કારણે !

(૬) * 'શાતા-અશાતારૂપ કર્મ તણો અનુભવ જીવ છે,'
'સુખદુઃખ તણા ભાવોથી જુદો જીવ નહીં દેખાય છે !

(૭) * શિખંડમાં જ્યમ ખાંડ ને દહીં ઉભયરૂપ રહેલ છે,
ત્યમ આતમા ને કર્મ પણ જીવમાં ઉભયરૂપ છે ખરે;
* એ 'ઉભયરૂપ જ મિલન જીવ છે' અમ મતે આ કારણે,
કે 'કર્મથી સંપૂર્ણ રીતે અન્ય કો નહીં જીવ છે'!

(૮) * અર્થક્રિયાને કરી શકે છે 'કર્મનો સંયોગ જે,
તે જીવ છે' અમ મત વિષે કોઈ કહે આ કારણે
* કે 'અષ્ટ કાષ્ટથી રહિત નહિ કો ખાટલો દેખાય છે,
ત્યમ અષ્ટકર્મ સંયોગ વિરહિત જીવ નહિ દેખાય છે!

(૯) * દુર્બુદ્ધિઓ પણ અન્ય આવા આતમા પરને કહે,
પરમાર્થવાદી તેમને સત્યાર્થવાદી નહીં કહે.

[ઉપસંહાર :] * હું જીવ છું ને છે અહો, આ અજીવ અષ્ટ પ્રકારના,
મારાં નથી તેઓ, નથી હું તેમનો કિંચિત કદા.
* આવા અનેક પ્રકારના જીવ-અજીવના એકત્વના,
અભિપ્રાય અજ્ઞાની તણા, ટાળું સૂણી ગુરુદેશના.

**સંક્ષિપ્ત ટીકા :–**

(૦) * આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે
* ઘણા અજ્ઞાનીજનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે, બકે છે.

(૧) * કોઈ તો એમ કહે છે કે સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષ વડે મેલું જે
* અધ્યવસાન (અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવ પરિણામ) તે જ જીવ છે
* કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી
* તેમ એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી.

(૨) * કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે
* એવી જે સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા
* તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે કારણ કે

* કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.

(૩) * કોઈ કહે છે કે તીવ્ર-મંદ અનુભાગથી ભેદરૂપ થતાં
* દુરંત (જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલા
* અધ્યવસાનોની જે સંતતિ (પરિપાટી) તે જ જીવ છે કારણ કે
* તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.

(૪) * કોઈ કહે છે કે નવી અને પુરાણી અવસ્થા ઇત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ
* તે જ જીવ છે કારણ કે શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.

(૫) * કોઈ એમ કહે છે કે પુણ્ય-પાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક
* તે જ જીવ છે કારણ કે શુભાશુભભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.

(૬) * કોઈ કહે છે કે શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે કર્મનો અનુભવ
* તે જ જીવ છે કારણ કે
* સુખ-દુઃખથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.

(૭) * કોઈ કહે છે કે શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ જીવ છે.
* કારણ કે સંપૂર્ણપણે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી

(૮) * કોઈ કહે છે કે અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે
* કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી
* તેમ કર્મના સંયોગથી અન્ય કોઈ જુદો જીવ જોવામાં આવતો નથી.

(૯) * એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ
* (અનેક પ્રકારે) પરને આત્મા કહે છે, પરંતુ તેમને
* પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.

## ગાથા-૪૪

ઉત્થાનિકા :–એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છે :–

ગાથા :– * **પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ,**
**સહુ કેવળી જિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા ? ૪૪**

**ટીકામૃત :–**

(૧) * સૌ ભાવ અધ્યવસાન આદિને કહ્યાં પુદ્‌ગલ તણા,
સર્વજ્ઞદેવે, તેથી તેઓ થઈ શકે નહીં જીવના;
* પણ 'ભાવ આ સૌ જીવ છે' એવું કહેનારા અહો,
તેથી ખરેખર છે નહીં પરમાર્થવાદી એ જનો !
* આ પક્ષ તેઓનો અરે બાધિત છે આગમ અને
યુક્તિ તથા અનુભવથી પણ એ મત નથી સાચો ખરે.
* 'આ ભાવ સર્વે જીવ નથી' સર્વજ્ઞનું એ વચન છે,
આગમ, અને અનુભવ, સહિત યુક્તિ કહી છે આ રીતે;

(૨) * [પૂર્વોક્ત અધ્યવસાન ને કર્મો અનાદિ કાળના,
ને અધ્યવસાનની સંતતિ, નોકર્મ શરીરરૂપે તથા
વિપાક કર્મ તણો અને અનુભવ અહો રાગાદિનો,
ને કર્મ આત્માનું મિલન, સંયોગ કર્મો અષ્ટનો.
* ઉપરોક્ત અષ્ટ પ્રકારના ભાવોથી] અન્ય જુદો અહો!
ચેતનમયી આત્મા સ્વયં, ઉપલભ્યમાન થતો થકો,
* સૌ ભેદજ્ઞાની જીવ તે પ્રત્યક્ષ અનુભવતા અહો !
ત્યમ અન્ય ભાવ અનેક વિષયક આ જ યુક્તિ જાણજો.

**સંક્ષિપ્ત ટીકા :–**

(૧) * આ અધ્યવસાનાદિ ભાવો છે તે બધાય અર્હંતદેવો વડે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી

* તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી.
* માટે જેઓ અધ્યવસાનાદિકને જીવ કહે છે
* તેઓ ખરેખર પરમાર્થવાદી નથી.
* તેમાં 'તેઓ જીવ નથી' એવું આ સર્વજ્ઞનું વચન છે તે આગમ છે અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુક્તિ છે.

(૨) * [પૂર્વોક્ત અધ્યવસાન, અનાદિકાળના કર્મો

* અધ્યવસાનોની સંતતિ, શરીરરૂપ નોકર્મ,

* પુણ્ય-પાપરૂપ કર્મનો વિપાક, શાતા-અશાતારૂપ થતો અનુભવ,
* ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તથા અષ્ટ કર્મોનો સંયોગ
* આ બધાથી] જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.

## કળશ-૩૪

ઉત્થાનિકા :–અહીં પુદ્‌ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ પ્રત્યે વિરોધ કરનાર (પુદ્‌ગલને જ આત્મા જાણનાર) પુરુષને (તેના હિતરૂપ આત્મપ્રાપ્તિની વાત કહી) મીઠાશથી (અને સમભાવથી) જ આ પ્રમાણે ઉપદેશ કરવો એમ કાવ્યમાં કહે છે :–

**શ્લોકાર્થ :–**

* હે ભવ્ય! તને બીજો નકામો (-અકાર્ય) કોલાહલ કરવાથી શો લાભ છે?
* એ કોલાહલથી તું વિરક્ત થા અને
* એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખ;
* એવો છ મહિના અભ્યાસ કર અને
* જો (તપાસ) કે એમ કરવાથી પોતાના હૃદય-સરોવરમાં
* જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે
* એવા આત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે.

**કળશામૃત :–**

* આ વ્યર્થના કોલાહલોથી ભવ્ય હે શું લાભ છે?
વિરક્ત થઈ કોલાહલોથી દેખ ચેતન વસ્તુને;
* નિશ્ચલપણે થઈ લીન એમાં દેખજે તે એકને,
કરજે અહો અભ્યાસ તું ષટ્ માસ એ જ રીતે અને
* પછી ભાઈ! તારા હૃદયરૂપ તળાવમાં જ તપાસજે,
કે જેનું તેજ-પ્રતાપ જડ રાગાદિથી પણ ભિન્ન છે
* એ આતમાની પ્રાપ્તિ તુજને થાય કે નહિ થાય છે.
[લગની લગાડ્યે ભાઈ! પ્રાપ્તિ આતમાની થાય છે.]

## ગાથા-૪૫

(૧) ઉત્થાનિકા :– * હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યાં,

* અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો;
* તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે
* (ચૈતન્ય સિવાય જડમાં દેખાતા નથી),
* છતાં તેમને પુદ્‌ગલના સ્વભાવ કેમ કહ્યાં?
* તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :–

ઉત્થાનિકા (હરિગીત) * આ સર્વ અધ્યવસાન આદિ ભાવને જીવ નહિ કહ્યાં,
ને અન્ય ચેતનના સ્વભાવો જીવરૂપે વર્ણવ્યાં;
* ચૈતન્ય સહ સંબંધ તો પ્રતિભાસતો આ ભાવને,
જે માત્ર ચેતનમાં જ, પણ નહિ જડ મહીં દેખાય છે;
* તોપણ 'સહુ એ ભાવને પુદ્‌ગલસ્વભાવો કાં કહ્યાં?'
એ શિષ્યની શંકા તણો ઉત્તર હવે કહેતા અહા !

ગાથા :– **રે ! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્‌ગલમય કહે,**
**પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫**

ટીકામૃત :– * આ સર્વ અધ્યનવસાન આદિ સમસ્ત ભાવોના અહા,
કરનાર છે જ્ઞાનાવરણ સમ કર્મ અષ્ટ પ્રકારના;
* 'છે સર્વ પુદ્‌ગલમય કરમ'—સર્વજ્ઞનું આ વચન છે,
પરિપાક સમયે જેહનું ફળ 'કર્મફળ' કહેવાય છે.
* છે સુખ આત્મસ્વભાવ, લક્ષણ તેનું અણઆકુળતા,
તેનાથી વિપરીત કર્મફળ-લક્ષણ અહો આકુળતા,
* આકુળતાના લક્ષણે તે ભાવ અધ્યવસાનના,
દુઃખમાત્રમાં જ સમાઈને [અશુચિપણાને પામતા];
* ચૈતન્યના સંબંધી છે તે એમ ભ્રમ ઉપજાવતા,
તોપણ સ્વભાવો તે બધા પુદ્‌ગલ તણા, નહિ જીવના.

(૨) ટીકા :–(Slightli Rearranged)

* અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું
* જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણાદિ કર્મ છે
* તે બધુંય પુદ્‌ગલય છે એવું સર્વજ્ઞનું વચન છે.
* વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે (એટલે કે કર્મફળ)
* અનાકુળતા લક્ષણ જે સુખ નામનો સ્વભાવ

* તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે.
* તે આકુળતા લક્ષણ અધ્યવસાન આદિ ભાવો
* દુઃખમાં જ સમાવેશ પામે છે.
* તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધી હોવાનો ભ્રમ ઉપજાવે છે,
* તોપણ તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્‌ગલ સ્વભાવો છે.

## ગાથા-૪૬

ઉત્થાનિકા :– (૧) ⁎ હવે પૂછે છે કે જો અધ્યવસાન આદિ ભાવો છે તે પુદ્‌ગલસ્વભાવો છે
(૨) ⁎ તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?
⁎ તેના ઉત્તરનું ગાથા સૂત્ર કહે છે :–

ગાથા :– * **વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યાં. ૪૬.**

ટીકામૃત :–

| | | | |
|---|---|---|---|
| ઉત્થાનિકા : | ૧ | * | પૂર્વોક્ત ભાવો જેહને પુદ્‌ગલસ્વભાવો વર્ણવ્યાં, |
| | ૨ | | આગમ મહીં, તો તેમને જીવના સ્વભાવો ક્યમ કહ્યાં? |
| ટીકા :- | ૩ | * | ‘આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જીવ છે’—જિન કહે, |
| | ૪ | | દર્શાવિયો વ્યવહારનય અભૂતાર્થ તે હો પણ ભલે; |
| [કારણ કે] | ૫ | * | જ્યમ મ્લેચ્છ ભાષા મ્લેચ્છને વસ્તુસ્વરૂપ કહે ખરે, |
| | ૬ | | વ્યવહારનય વ્યવહારીને પરમાર્થ-પ્રતિપાદન કરે. |
| [તેથી] | ૭ | * | વ્યવહાર છે અભૂતાર્થ, તોપણ તીર્થની પ્રવૃત્તિને, |
| | ૮ | | અર્થે સુસંગત છે અહો દર્શાવવો વ્યવહારને. |
| | ૯ | * | જ્યમ ભસ્મ મસળી નાખતાં હિંસા નથી પરમાર્થથી, |
| | ૧૦ | | હિંસા નથી ત્યમ સ્થાવરાદિ જીવના મર્દન થકી. |
| | ૧૧ | * | તેથી અહો વ્યવહારનયને જો નહીં દર્શાવશો, |
| | ૧૨ | * | વ્યવહારનય વિણ આ રીતે થાશે અભાવ જ બંધનો. |
| | ૧૩ | * | વળી રાગ-દ્વેષ-વિમોહથી જીવ ભિન્ન છે પરમાર્થથી, |
| | ૧૪ | | તો બંધથી છોડાવવાનું રાગીને રહેતું નથી. |
| | ૧૫ | * | આ રીત મોક્ષ ઉપાયનો થાશે અભાવ ખરે અને |
| | ૧૬ | | તેથી જ મોક્ષ તણો અહો થાશે અભાવ [તું જાણજે]. |

ટીકા : **(Slighty Rerranged)**

૩. આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે તે,
૪. જો કે વ્યવહાર અભૂતાર્થ છે તોપણ, વ્યવહારનયને દર્શાવ્યો છે;
૫. કારણ કે જેમ મ્લેચ્છ ભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે
૬. તેમ વ્યવહારનય વ્યવહારીજીવોને પરમાર્થનો કહેનાર છે તેથી
૭. [વ્યવહારનય] અપરમાર્થભૂત હોવા છતાં ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા
૮. માટે દર્શાવવો ન્યાયસંગત જ છે.

૯. [જીવને] પરમાર્થે (-પરમાર્થનયે) શરીરથી ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે

૧૦. તેમ, ત્રસ-સ્થાવર જીવોનું નિઃશંકપણે, મર્દન (ઘાત) કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે અને

૧૧. [તેથી] જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો

૧૨. બંધનો અભાવ ઠરશે.

૧૩. વળી પરમાર્થ દ્વારા રાગ-દ્વેષ-મોહથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી,

૧૪. 'રાગી-દ્વેષી-મોહી જીવ કર્મથી બંધાય છે તેને છોડાવવો'–[એમ રહેતું નથી]

૧૫. એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે.

૧૬. અને તેથી મોક્ષનો જ અભાવ થશે.

(આમ જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધ-મોક્ષનો અભાવ ઠરે છે.)

## ગાથા ૪૭-૪૮

ઉત્થાનિકા :–હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય ક્યા દ્રષ્ટાંતથી પ્રવર્ત્યો છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :–
* 'નિર્ગમન આ નૃપનું થયું'–નિર્દેશ સૈન્ય સમૂહને;
વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.
* ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,
–સૂત્રે કર્યો વ્યવહાર પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.

ટીકામૃત :–

(૧)
* 'નીકળી રહ્યો છે ભૂપ આ વિસ્તાર યોજન પાંચના,'
લૌકિકજન કહેતાં ભલે પણ તેમ થાવું શક્ય ના;
'આ સૈન્યનો સમુદાય નૃપ છે' એ કથન વ્યવહાર છે,
પરમાર્થથી સેના નહીં પણ નૃપ માત્ર જ એક છે.

(૨)
* ત્યમ 'જીવ વ્યાપે રાગના સ્થાનો મહીં' લોકો કહે;
પણ તેમ થાવું શક્ય ના લૌકિક જન કહેતાં ભલે;
* 'આ સર્વ અધ્યવસાન આદિ અન્ય ભાવો જીવ છે'
વ્યવહારથી, પરમાર્થથી તો જીવ માત્ર જ એક છે.

ટીકા :–

(૧) * જેમ આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે એમ કહેવું તે,
* એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી;
* વ્યવહારી લોકોનો સેના સમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે,
* પરમાર્થથી રાજા તો એક જ છે, (સેના રાજા નથી).

(૨) * તેવી રીતે આ જીવ રાગગ્રામમાં (-રાગના સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું તે,
* એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી;
* વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે.
* પરમાર્થથી તો જીવ એક જ છે, (અધ્યવસાનાદિક ભાવો જીવના નથી).

## ગાથા-૪૯

ઉત્થાનિકા :–હવે શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છે :–

ગાથા :– જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ વ્યક્તિવિહીન છે,
નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.

ટીકામૃત :–

અરસ (૧) * જીવ છે ખરે પુદ્ગલદરવથી અન્ય તેથી જીવને,
અભાવ છે રસગુણનો તેથી અરસ આ જીવ છે.

(૨) * પુદ્ગલદરવના ગુણથી પણ ભિન્ન હોવાથી ખરે,
પોતે નથી રસગુણ તેથી અરસ આ જીવદ્રવ્ય છે.

(૩) * સ્વામી નથી પુદ્ગલ તણો, તેથી જ દ્રવ્યેન્દ્રિ વડે,
રસ ચાખતો નથી જીવ તેથી અરસ આ જીવદ્રવ્ય છે.

(૪) * સ્વભાવદ્રષ્ટિથી દેખતાં ન, ક્ષયોપશમ છે જીવને,
ભાવેન્દ્રિથી તેથી નહિ તે ચાખતો–જીવ અરસ છે.

(૫) * જે સકલ વિષયોના વિશેષોમાં અહો સામાન્ય છે,
તે એક સંવેદનપણે પરિણમનરૂપ સ્વભાવને
કારણ, અહો જીવમાત્ર રસવેદનરૂપે નવ પરિણમે;
રસમાત્રને નહિ ચાખતો તેથી અહો જીવ અરસ છે.

(૬) * જાણે ભલે સહુ જ્ઞેયને પણ જીવ તે જ્ઞેયોરૂપે,
તાદાત્મ્યને પામે નહીં બસ માત્ર જાણે તેમને;
* એ રીત રસના જ્ઞાનરૂપે જીવ પરિણમતો ભલે,
તે રસરૂપે નવ પરિણમે તેથી અહો જીવ અરસ છે.

(૨) અરૂપ, (૩) અગંધ, (૪) અસ્પર્શ :

* નિષેધપૂર્વક ષટ્ પ્રકારે જીવ આ રીત અરસ છે,
તે રીત અરૂપ, અગંધ ને અસ્પર્શ પણ તું જાણજે.

(૫) અશબ્દ :– * [ઉપરોક્ત ન્યાયોથી અહા નથી શબ્દપર્યય જીવમાં,
નથી શબ્દપર્યય જીવ પોતે ને દ્રવેન્દ્રિયથી તથા
ભાવેન્દ્રિથી પણ શ્રવણ નથી કરતો અહો તે જીવ આ,
નહિ એક કેવળ શબ્દવેદનરૂપ પરિણમતો કદા;
નથી શબ્દરૂપ સ્વયં થતો ને તેથી જીવ અશબ્દ આ,
નિષેધપૂર્વક ષટ્ પ્રકારે જીવ આમ અશબ્દ આ.]

(૬) અનિર્દિષ્ટ સંસ્થાન (='અનિર્-દિષ્ટ **Below)**

(૧) * પુદ્ગલદરવથી રચિત જે આ શરીરનો આકાર છે,
આકાર તે નથી જીવનો, જીવ તેથી 'અનિર્-દિષ્ટ' છે;

(૨) * નિયત અસંખ્યપ્રદેશરૂપ સ્વભાવથી રહેતો સદા,
અનિયત શરીરોમાં અહો જીવ તેથી 'અનિર્-દિષ્ટ' આ;

(૩) * સંસ્થાન કર્મવિપાક આવે માત્ર પુદ્ગલદરવમાં,
આકાર નથી તેના નિમિત્તે જીવ છે 'અનિર્-દિષ્ટ' આ,

(૪) * વિધ વિધ આકારોરૂપે પરિણમિત વસ્તુ સમસ્તને,
જાણે ભલે પણ તેહના આકારરૂપ ન પરિણમે;

* નિર્મળ અહો અનુભૂતિ હોવાથી નથી આ જીવને,
સંસ્થાન કોઈ સ્વયં અહો જીવ તેથી 'અનિર્-દિષ્ટ' છે.

* આ રીત ચાર પ્રકારથી સંસ્થાનને નિષેધીને,
[આચાર્યશ્રી કહેશે હવે 'અવ્યક્ત'ના ષટ્ બોલને.]

(૭) અવ્યક્ત **:** (૧) * જે જ્ઞેય છે ને વ્યક્ત છે ષટ્ દ્રવ્યસ્વરૂપે લોક આ,
તેનાથી જીવ આ અન્ય છે તેથી 'અવ્યક્ત' કહ્યો અહા!

(૨) * કષાયનો જે સમૂહ ભાવકભાવ છે તે વ્યક્ત છે,
તેનાથી જીવ આ અન્ય છે માટે અહો 'અવ્યક્ત' છે.

(૩) * ચૈતન્યની સહુ વ્યક્તિઓ નિમગ્ન ચિત્ સામાન્યમાં
છે, તેથી આ જીવદ્રવ્યને 'અવ્યક્ત' સંજ્ઞા છે અહા !

(૪) * જે ક્ષણિક વ્યક્તિમાત્ર નથી તેવું અહો જીવદ્રવ્ય આ,
અવ્યક્ત છે [અપ્રગટ છે પર્યય મહીં તેથી અહા !]

(૫) * રે વ્યક્તપણું તેમજ અવ્યક્તપણું અહો મિશ્રિતરૂપે,
પ્રતિભાસતા ભેળાં છતાં પણ સ્પર્શતો નહિ વ્યક્તને;

* તેથી અહો આ જીવ તે 'અવ્યક્ત છે' [મુનિવર કહે,]
['અવ્યક્ત'ના ષટ્ બોલના પંચમ કથનમાં આ રીતે.]

(૬) * તે બાહ્ય ને અભ્યંતરે પોતે જ પોતાથી અહા!
અનુભવ મહીં આવી રહ્યો છે સ્પષ્ટરૂપે પણ છતાં;

* થઈને ઉદાસીન વ્યક્તિતા પ્રતિ તે પ્રકાશે છે અહા!
'અવ્યક્ત' છે જીવ તેથી એ થયું સિદ્ધ ષટ્ હેતુથી આ.

(૮) અલિંગગ્રહણ : * આ રીત રસ, રૂપ, ગંધ તેમજ સ્પર્શ ને શબ્દો તથા
સંસ્થાન, વ્યક્તપણું અહો જીવને નહિ હોવા છતાં;

* પ્રત્યક્ષ છે નિજના જ સંવેદન તણા બળથી સદા,
તેથી જણાતો જીવ નથી અનુમાનમાત્ર જ થી અહા!

* આ કારણે 'અલિંગગ્રહણ' કહી અહો આ જીવને,
['જીવ ચેતનાગુણ છે' અહો આચાર્યશ્રી કહેતા હવે.]

(૯) ચેતનાગુણવાળો : * ચૈતન્યગુણ વડે સદા અનુભવ થતો નિજનો અહો !
પરકાશતો તે અંતરંગે તેથી છે ગુણ જીવનો.

(૧) * કેવો અહો છે ચેતનાગુણ?—નાશ એ કરતો અહો!
સમસ્ત વિપ્રતિપત્તિનો એ, ચેતનાગુણ જીવનો.

(૨) * સહુ ભેદજ્ઞાની આત્મનો અનુભવ કરીને જાણતા,
આ ચેતનાગુણથી અહો પ્રત્યક્ષ થાતો આતમા.

(૩) * કરી ગ્રાસીભૂત સમસ્ત લોક-અલોકને આ ગુણ અહો!
અત્યંત સૌખ્ય વડે થઈને તૃપ્ત તૃપ્ત જ તે અહો!

* નિજ સ્વરૂપમાંથી બહાર જાવાનો નહીં ઉદ્યમ કરે,
તે સર્વકાળે માત્ર કિંચિત્ નહીં ચલિત થતો અને

(૪) * આ રીત અચલિત અન્ય દ્રવ્યોથી અસાધારણપણે
હોવાથી આ ચૈતન્યગુણ સ્વભાવભૂત છે-[જિન કહે.]

* આવો અહો પરમાર્થરૂપે જીવ ચેતનવંત જે,
નિર્મળપણે પરકાશતો એવો અહો ભગવાન જે;

* આ લોકમાં બસ એક, ટંકોત્કીર્ણ, પરથી ભિન્ન તે,
[શાશ્વતપણે] જ્યોતિસ્વરૂપે જીવ વિરાજે ખરે.

## ટીકા (સંક્ષિપ્ત)

(૧) અરસ * જે જીવ છે તે ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી
* તેમાં રસગુણ નથી માટે અરસ છે.

(૨) * પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન હોવાથી
* પોતે પણ રસગુણ નથી માટે અરસ છે.

(૩) * પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે
* દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.

(૪) * પોતાના સ્વભાવની દ્રષ્ટિ વડે જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી
* તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.

(૫) * સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદન-પરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી
* તે કેવળ એક રસવેદના પરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે.

(૬) * (તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ) સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો (-એકરૂપ થવાનો) નિષેધ હોવાથી

* રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં પણ પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે.

* આમ છ પ્રકારે રસના નિષેધથી તે અરસ છે.

(૨) અરૂપ, (૩) અગંધ, (૪) અસ્પર્શ :

* [ઉપરોક્ત ન્યાયોથી [(છ પ્રકારના નિષેધપૂર્વક)] જીવને અરૂપ, અગંધ અને અસ્પર્શ પણ જાણવો,]

(૫) અશબ્દ : [ઉપરોક્ત ન્યાયોથી (૧) જીવમાં શબ્દ પર્યાય નથી, (૨) જીવ પોતે શબ્દપર્યાય નથી, (૩) દ્રવ્યેન્દ્રિયના અવલંબનથી શબ્દ સાંભળતો નથી, (૪) ભાવેન્દ્રિયના અવલંબનથી શબ્દ સાંભળતો નથી, (૫) કેવળ એક શબ્દવેદના પરિણામને પામીને શબ્દ સાંભળતો નથી અને (૬) પોતે શબ્દરૂપે પરિણમતો નથી; તેથી જીવ અશબ્દ છે.]

(૬) અનિર્દિષ્ટસંસ્થાન* :– [અનિર્ દિષ્ટ]

(૧) * પુદ્ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર તેના સંસ્થાન (આકાર)થી

* જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી માટે જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે.

(૨) * પોતાના નિયત [અસંખ્યપ્રદેશી] સ્વભાવથી

* અનિયત સંસ્થાનવાળા અનંત શરીરોમાં રહે છે માટે અનિર્દિષ્ટસંસ્થાન છે.

(૩) * સંસ્થાનનામકર્મનો વિપાક (ફળ) પુદ્ગલોમાં જ કહેવામાં આવે છે.

(તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી) માટે અનિર્દિષ્ટસંસ્થાન છે.

(૪) * જુદા જુદા સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓના સ્વરૂપ સાથે

* જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત (અર્થાત્ તદાકાર) છે [એટલે કે જુદા જુદા આકારવાળા અર્થોને જાણે છે] એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના મિલાપથી (-સંબંધથી) રહિત [-પરના આકારના સંબંધથી રહિત]

* નિર્મળ (જ્ઞાનમાત્ર) અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી

* પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે. માટે અનિર્દિષ્ટસંસ્થાન છે.

* આમ ચાર હેતુથી સંસ્થાનનો નિષેધ કહ્યો.

* [હવે આચાર્યશ્રી અવ્યક્તના છ બોલ કહેશે.]

(૭) અવ્યક્ત :– * (હવે 'અવ્યક્ત' લક્ષણને સિદ્ધ કરે છે :–)

૧- * છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે

* તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.

૨- * કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે.

* તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.

૩- * ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વવ્યક્તિઓ

* નિમગ્ન (અંતરભૂત) છે માટે અવ્યક્ત છે

૪- * ક્ષણિક વ્યક્તિમાત્ર નથી [-પર્યાયમાં અપ્રગટ છે] માટે અવ્યક્ત છે.

૫- * વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે

* તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી

* માટે અવ્યક્ત છે.

[અવ્યકતના છ બોલના પંચમ કથનમાં આચાર્યશ્રીએ આમ કહ્યું છે]

૬- * પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર

* સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં

* વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે

* માટે અવ્યક્ત છે. આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું છે.

(૮) અલિંગગ્રહણ :–

* આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ

* સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ

* સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી

* અનુમાનગોચરપણાના અભાવને લીધે

* (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.

* ['જીવ ચેતનાગુણ(વાળો) છે' એમ આચાર્ય) હવે કહે છે.]

(૯) ચેતનાગુણવાળો :–

* પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે

* સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.

[જીવ ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં અનુભવાય છે—પ્રકાશમાન છે.]

(i)- * કેવો છે ચેતનાગુણ? જે નાશ કરનારો છે [કોનો?]

* સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝગડાઓનો)

(ii) * જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે

[પરથી ભિન્ન પડીને સ્વનો અનુભવ જેણે કર્યો તે જાણે છે કે મારો આત્મા સીધો મારાથી જણાય એવો છે—પ્રવચન રત્નાકર ભાગ-૩, પાનું ૭૯]

(iii) * જે સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત કરીને

* જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ (અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે)

* સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ)
* સર્વ કાળે કિંચિત્ માત્ર પણ ચલાયમાન થતો નથી અને

(iv) * એ રીતે સદાય જરા પણ નહિ ચળતું અન્ય દ્રવ્યથી અસાધારણપણું
* હોવાથી જે (અસાધારણ) સ્વભાવભૂત છે [એમ જિનવર કહે છે.]
* આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે.
* જેનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન
* આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, [પરથી] ભિન્ન
* [શાશ્વતપણે] જ્યોતિરૂપ બિરાજમાન છે.

## કળશ-૩૫

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની પ્રેરણા કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧) * ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને

* પ્રગટપણે પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું અવગાહન કરીને

૨) * ભવ્ય આત્મા સમસ્ત પદાર્થ સમૂહ લોકના ઉપર

* સુંદર રીતે પ્રવર્તતા એવા આ એક કેવળ

૩) * અવિનાશી આત્માનો આત્મામાં જ અભ્યાસ કરો, સાક્ષાત્ અનુભવ કરો.

* [કરુણાભીના આચાર્યશ્રીની પૂર્વોક્ત (-ગાથા ૪૯માં વર્ણવેલા) આત્માના અભ્યાસની-અનુભવની પ્રેરણા સૌ ભવ્યાત્માઓ ગ્રહો!]

**કળશામૃત :–**

(૧) * ચિતશક્તિથી જે રહિત એવા સર્વ ભાવો છોડીને,
ચિતશક્તિ માત્ર જ ભાવને પરગટપણે અવગાહીને;

(૨) * સુંદર રીતે, ભવ્યાત્માઓ, સર્વ લોક ઉપર અહો!
પ્રવર્તતા એવા [સ્વયં] આ એક કેવળ આત્મનો;

(૩) * અવિનાશી આત્મામાં તમે સાક્ષાત્ સૌ અનુભવ કરો,
[કરુણાભીના આચાર્યની આ પ્રેરણા ભવ્યો ગ્રહો !]

## કળશ-૩૬

ઉત્થાનિકા :–હવે ચિત્શક્તિથી અન્ય જે ભાવો છે તે બધા પુદ્‌ગલ દ્રવ્યસંબંધી છે એવી આગળની ગાથાઓની સૂચનિકારૂપે શ્લોક કહે છે :–

શ્લોકાર્થ :–

(૧) * ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો

* આ જીવ એટલો જ માત્ર છે [તે દેહ કે રાગાદિથી વ્યાપ્ત નથી];

(૨) * આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે

* તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે.

**કળશામૃત :–**

(૧) * ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સાર છે સંપૂર્ણ તે,
[નથી વ્યાપ્ત રાગાદિથી તે] બસ એટલો જીવમાત્ર છે;

(૨) * ચિત્શક્તિથી છે શૂન્ય એવા આ સહુ જે ભાવ છે,
તે સર્વ પુદ્‌ગલજન્ય છે, પુદ્‌ગલતણા તેથી જ છે.

## ગાથા ૫૦ થી ૫૫

ઉત્થાનિકા :–એવા એ ભાવોનું વ્યાખ્યાન છ ગાથાઓમાં કરે છે :–

ગાથા :– * નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,
નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં, ૫૦.
* નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં;
નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.
* નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં;
અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં. ૫૨.
* જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં;
નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.
* સ્થિતિબંધસ્થાન ન જીવને, સંક્લેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪
* નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં;
પરિણામ પુદ્ગલ દ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫

ટીકામૃત :–

(૧) * નથી વર્ણ જીવને, ગંધ તેમજ સ્પર્શ, રસ જીવને નથી,
નથી રૂપ કે ન શરીર ને સંસ્થાન પણ જીવને નથી;
* નથી સંહનન કે રાગ-દ્વેષ, ન મોહ, પ્રત્યય પણ નથી,
નથી કર્મ કે નોકર્મ તેમજ વર્ગ પણ જીવને નથી;
* નથી વર્ગણા કે સ્પર્ધકો, અધ્યાત્મસ્થાનો પણ નથી,
અનુભાગસ્થાનો, યોગસ્થાનો, બંધસ્થાનો પણ નથી;
* નથી ઉદયસ્થાનો જીવને કો માર્ગણાસ્થાનો નથી,
સ્થિતિબંધસ્થાનો ને વળી સંક્લેશસ્થાનો પણ નથી;
* સ્થાનો વિશુદ્ધિ તણા ન સંયમલબ્ધિના સ્થાનો નથી,
જીવસ્થાન પણ જીવને નથી, ગુણસ્થાન પણ જીવને નથી.

(૨) [કારણ કે–] * પુદ્ગલ તણા પરિણામમય આ સર્વ ભાવ કહ્યાં અહીં,
તેથી બધાં તે ભિન્ન છે નિજ આત્મની અનુભૂતિથી.

(3) * આ રીત સહુ એ ભાવ નથી જીવના [અહો નિશ્ચયનયે,]
પરમાર્થથી તો જીવ આ ચૈતન્યશક્તિમાત્ર છે.

**ટીકા : (સંક્ષિપ્ત; ફરીથી ગોઠવણી કરીને)**

(૧) * જે [આ વિવિધ પ્રકારના] (૧) વર્ણ, (૨) ગંધ, (૩) સ્પર્શ, (૪) રસ, (૫) રૂપ, (૬) શરીર, (૭) સંસ્થાન, (૮) સંહનન, (૯) રાગ, (૧૦) દ્વેષ, (૧૧) મોહ, (૧૨) પ્રત્યય, (૧૩) કર્મ, (૧૪) નોકર્મ, (૧૫) વર્ગ, (૧૬) વર્ગણા, (૧૭) સ્પર્ધક, (૧૮) અધ્યાત્મસ્થાન, (૧૯) અનુભાગસ્થાન, (૨૦) યોગસ્થાન, (૨૧) બંધસ્થાન, (૨૨) ઉદયસ્થાન, (૨૩) માર્ગણાસ્થાન, (૨૪) સ્થિતિબંધસ્થાન, (૨૫) સંક્લેશસ્થાન, (૨૬) વિશુદ્ધિસ્થાન, (૨૭) સંયમલબ્ધિસ્થાન, (૨૮) જીવસ્થાન અને (૨૯) ગુણસ્થાનો છે તે બધાય જીવને નથી.

(૨) કારણ કે— * તે [-તેઓ બધાં] પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી
 * પોતાની અનુભૂતિથી ભિન્ન છે.

(૩) * (આ પ્રમાણે આ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય ભાવો છે;
 * તે બધા જીવના નથી.
 * જીવ તો પરમાર્થે ચૈતન્યશક્તિમાત્ર છે.)

## કળશ-૩૭

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–(થોડા ફેરફાર સાથે ફરીથી ગોઠવણ કરીને)**

(૧) * જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યાં
* તે બધાય આ પુરુષથી (-આત્માથી) ભિન્ન છે તેથી

(૨) * અંતર્દ્રષ્ટિ વડે જોનારને એ બધા
* દેખાતા નથી, માત્ર એક જ

(૩) * સર્વોપરી ચૈતન્યભાવસ્વરૂપ [સર્વોત્તમ]
* કેવળ એક અભેદરૂપ આત્મા જ દેખાય છે.

**કળશામૃત :-**

(૧) * વર્ણાદિ કે રાગાદિ ને મોહાદિ ભાવો જે કહ્યાં,
તે સર્વ ભાવો ભિન્ન છે આ પુરુષથી તેથી સદા;

(૨) * અંતર તણી દ્રષ્ટિ વડે જોનારને તેઓ બધાં,
નથી દેખવામાં આવતા, પણ માત્ર એક જ તત્ત્વ આ;

(3) * સર્વોપરી ચૈતન્યભાવસ્વરૂપ [સર્વોત્તમ] અહા !
બસ માત્ર એક અભેદરૂપ આ આતમાને દેખતા.

## ગાથા-પ૬

ઉત્થાનિકા :–હવે શિષ્ય પૂછે છે કે જો આ વર્ણાદિકભાવો જીવના નથી તો અન્ય સિદ્ધાંત ગ્રંથોમાં 'તે જીવના છે' એમ કેમ કહ્યું છે? તેનો ઉત્તર ગાથામાં કહે છે :–

ગાથા :– * વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી;
પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. પ૬

**ટીકામૃત :–**

(૧) વ્યવહારનય : * વ્યવહારનય પ્રવર્તન કરે, પર્યાયના આશ્રય વડે,
તેથી 'કસુંબી રંગ છે સફેદ વસ્ત્ર તણો'–કહે.
* ને કર્મના સંયોગવશ જીવના ઉપાધિક ભાવ જે,
'વર્ણાદિ છે જીવના'—અહો વ્યવહારનય નિરુપણ કરે.

(૨) નિશ્ચયનય * પરમાર્થનય પ્રવર્તન કરે ધ્રુવ દ્રવ્યના આશ્રય વડે,
'વર્ણાદિ ભાવો જીવના નથી'—તેમ તે નિરુપણ કરે.

(3) સ્યાદ્‌વાદ : * 'વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના'—વ્યવહાર છે,
પણ 'જીવના નથી' નિશ્ચયે—સ્યાદ્‌વાદ એવો યોગ્ય છે.

**ટીકા :– [Rearrangd with Explanation Added from પ્રવચન રત્નાકર-3]**

(૧) * વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી [વ્યવહારનય પર્યાયના આશ્રયે હોય છે તેથી તે]

* સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબા વડે રંગાયેલું છે એવા વસ્ત્રમાં ઔપાધિક ભાવ (-લાલ રંગ)ની જેમ [કસુંબા લાલ રંગને વસ્ત્રનો કહે છે તથા]

* પુદ્‌ગલના સંયોગવશે અનાદિકાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે [-અનાદિકાળથી કર્મપુદ્‌ગલના સંયોગવશે જીવના બંધ પર્યાય છે.]

* એવા જીવના ઔપાધિક ભાવ (-વર્ણાદિક)ને અવલંબીને પ્રવર્તતો થકો, (તે વ્યવહારનય) બીજાના ભાવને ઉત્પન્ન કરે છે. [વર્ણાદિ ભાવોને જીવના કહે છે]

(૨) * અને નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી, 'કેવળ એક જીવના સ્વાભાવિકભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો, નિષેધ કરે છે. [નિશ્ચયનય ત્રિકાળી દ્રવ્યના આશ્રયે હોય છે તેથી] [વર્ણાદિને જીવના ભાવ કહેતો નથી.]

(3) * માટે વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્‌વાદ) કથન યોગ્ય છે.

## ગાથા-૫૭

ઉત્થાનિકા :–હવે વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી તેનું કારણ કહો. તે પ્રશ્નનો ઉત્તર કહે છે :–

ગાથા :– * આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;
ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.

ટીકામૃત :–

(૧) * જળ-દૂધનું બસ એક ક્ષેત્રે હોય અવગાહન ભલે,
જળથી જુદું છે દૂધ તેના દૂધપણાને કારણે;
* તાદાત્મ્યરૂપ સંબંધ છે જ્યમ અગ્નિને ગરમી થકી,
તાદાત્મ્ય નથી જળ-દૂધમાં ને તેથી જળ દૂધનું નથી.

(૨) * ત્યમ વર્ણ આદિક જીવ સાથે એકક્ષેત્રે હો ભલે,
જીવ ભિન્ન છે વર્ણાદિથી ઉપયોગ ગુણને કારણે;
* તાદાત્મ્યરૂપ સંબંધ છે જ્યમ અગ્નિને ગરમી થકી,
તાદાત્મ્ય નથી વર્ણાદિ-જીવને તેથી તે જીવના નથી.

ટીકા :–

(૧) * જેમ—જળમિશ્રિત દૂધનો, જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં,
* સ્વલક્ષણભૂત જે દૂધપણું-ગુણ તે વડે વ્યાપ્ત હોવાને લીધે દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે; તેથી
* જળ સાથે દૂધનો સંબંધ નહિ હોવાથી નિશ્ચયથી જળ-દૂધનું નથી;

(૨) * તેવી રીતે, વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્ગલદ્રવ્ય સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં
* સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે; તેથી
* જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે
* તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી, નિશ્ચયથી વર્ણાદિક પુદ્ગલ પરિણામો આત્માના નથી.

## ગાથા—૫૮-૫૯-૬૦

ઉત્થાનિકા :-હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? તેનો ઉત્તર દ્રષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે :–

ગાથા :- * દેખી લૂંટાતું પંથમાં કો', 'પંથ આ લૂંટાય છે'—
બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.
* ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,
ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો.' ૫૯.
* એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,
નિશ્ચયતણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.

### ટીકામૃત :-

(૧) * માર્ગે જતા કો' સાર્થને* દેખી લૂંટાતો જન કહે
કે 'માર્ગ આ લૂંટાય છે' ઉપચારથી વ્યવહારી તે;

સાર્થ = સંઘ

* આકાશના કો' ભાગરૂપ ન માર્ગ લૂંટાતો ખરે,
પણ સાર્થની સ્થિતિ માર્ગમાં હોવાથી આ ઉપચાર છે.

(૨) * ત્યમ જીવ સાથે બંધસ્થિતિ પામેલ નોકર્મો અને
કર્મો તણો જે વર્ણ છે, 'તે વર્ણ જીવનો છે'—કહે.
* એ કારણે કે કર્મ ને નોકર્મ જીવમાં સ્થિત છે,
એવું કથન સર્વજ્ઞનું ઉપચારથી, પણ જીવ તે
* અમૂર્ત છે, ઉપયોગ ગુણથી અધિક છે સહુથી અને
જીવને નથી કો' વર્ણ તેથી, તેમ નિશ્ચયનય કહે.

(૩) [તેવી રીતે] * 'વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના છે'—જિન કહે
વ્યવહારથી, પણ નિશ્ચયે જીવનો અમૂર્ત સ્વભાવ છે;
* ઉપયોગ ગુણ વડે અધિક છે જીવ સર્વે દ્રવ્યથી,
ને વર્ણ આદિક ભાવ સહ તદ્‌રૂપતા તેને નથી.
* 'વર્ણાદિ સર્વે ભાવ જીવ તણા નથી'—નિશ્ચયનયે,
'તેઓ સહુ છે જીવના' વ્યવહારથી કહેવાય છે.

### ટીકા :– [Slightly rearranged]

(૧) * જેમ માર્ગે નીકળેલા કોઈ સાર્થને (સંઘને) લૂંટાતો દેખીને
* 'આ માર્ગે લૂંટાય છે' એમ વ્યવહારીજનો કહે છે,

* તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી;
* [પરંતુ] સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને [આમ કહેવાય છે]

(૨) * તેવી રીતે, જીવમાં બંધપર્યાયની સ્થિતિ પામેલો (રહેલો)
* કર્મ અને નોકર્મનો વર્ણ દેખીને, 'જીવનો આ વર્ણ છે' એમ
* (કર્મ-નોકર્મના) વર્ણની (બંધપર્યાયથી) જીવમાં સ્થિતિ હોવાથી તેનો ઉપચાર કરીને
* ભગવાન અર્હંતદેવો વ્યવહારથી જણાવે છે, તોપણ નિશ્ચયથી
* સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે અને જે ઉપયોગ ગુણ વડે અન્ય દ્રવ્યોથી અધિક છે એવા
* જીવનો કોઈ વર્ણ નથી [એમ નિશ્ચયનય કહે છે] .

(૩) * એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંક્લેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન અને ગુણસ્થાન—એ બધાય (ભાવો) વ્યવહારથી અર્હંતદેવો જીવના કહે છે,
* તોપણ નિશ્ચયથી, સદાય અમૂર્ત સ્વભાવ છે અને
* જે ઉપયોગ ગુણ વડે અન્યથી અધિક છે એવા જીવના તે સર્વ નથી,
* કારણ કે એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણસંબંધનો અભાવ છે.
* [આ રીતે નક્કી થયું કે નિશ્ચયનયથી વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના નથી.
* પરંતુ તેઓ સહુ જીવના છે એમ વ્યવહારથી કહેવાય છે.]

## ગાથા-૬૧

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે વર્ણાદિક સાથે જીવનો તાદાત્મ્યલક્ષણ સંબંધ કેમ નથી? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * સંસારી જીવને વર્ણ આદિ ભાવ જે સંસારમાં,
સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.

**ટીકામૃત :–**

(૧) * સર્વે અવસ્થાઓ મહીં જે ભાવસ્વરૂપે હોય ને,
કોઈ અવસ્થામાં નહીં છોડે કદી તે સ્વરૂપને;
* કહેવાય છે તાદાત્મ્ય, તે વસ્તુ અને તે ભાવમાં,
[નિશ્ચયનયે સમજાવીયું તાદાત્મ્યલક્ષણને અહા!]

(૨) [તેથી] * સર્વે અવસ્થાઓ મહીં વર્ણાદિ ભાવો વ્યાપતા,
કોઈ અવસ્થામાં રહે તે ભાવથી જે રહિત ના;
* એવા અહો પુદ્ગલદરવ ને વર્ણ આદિક ભાવમાં,
તાદાત્મ્યલક્ષણનો અહો સંબંધ છે [જિનવચનમાં.]

(3) [અને જોકે] * સંસાર'વસ્થામાં* કથંચિત વ્યાપ્ત છે વર્ણાદિથી,
ને વ્યાપ્તિ વર્ણાદિ તણીથી રહિત જે હોતો નથી;
* પણ મોક્ષ'વસ્થામાં** રહિત છે વ્યાપ્તિથી વર્ણાદિની
સંપૂર્ણ રીતે, ને નથી જે વ્યાપ્ત વર્ણાદિ થકી.
* આવા અહો જીવદ્રવ્ય ને વર્ણાદિ સર્વે ભાવથી,
કોઈ પ્રકારે પણ અહા તાદાત્મ્યસ્વરૂપપણું નથી.

* સસાર'વસ્થામાં = સંસાર-અવસ્થામાં

** મોક્ષ'વસ્થામાં = મોક્ષ-અવસ્થામાં

**ટીકા :–**

(૧) * જે નિશ્ચયથી બધીયે અવસ્થાઓમાં યદ્-આત્મકપણાથી અર્થાત્ જે સ્વરૂપપણાથી વ્યાપ્ત હોય અને

* તદ્-આત્મકપણાની અર્થાત્ તે સ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત ન હોય,
* તેનો તેમની સાથે તાદાત્મ્યલક્ષણ સંબંધ હોય છે.
* (જે વસ્તુ સર્વ અવસ્થાઓમાં જે ભાવોસ્વરૂપ હોય અને
* કોઈ અવસ્થામાં તે ભાવોસ્વરૂપપણું છોડે નહિ,
* તે વસ્તુનો તે ભાવોની સાથે તાદાત્મ્યસંબંધ હોય છે.)
* [આ રીતે નિશ્ચયનયથી તાદાત્મ્યલક્ષણ સંબંધને જિનાગમમાં સમજાવ્યો છે.]

(૨) * માટે બધીયે અવસ્થાઓમાં જે વર્ણાદિકસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને
* વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતું નથી,
* એવા પુદ્‌ગલનો વર્ણાદિ ભાવોની સાથે
* તાદાત્મ્યલણક્ષ સંબંધ છે; [એવું જિનવચન છે.]

(૩) * જો કે સંસારઅવસ્થામાં કથંચિત્ વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોય છે અને
* વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોતો નથી,
* તોપણ મોક્ષ-અવસ્થામાં જે સર્વથા વર્ણાદિસ્વરૂપપણાની વ્યાપ્તિથી રહિત હોય છે
* અને વર્ણાદિસ્વરૂપપણાથી વ્યાપ્ત હોતો નથી
* એવા જીવનો વર્ણાદિભાવોની સાથે
* તાદાત્મ્યલક્ષણ સંબંધ કોઈપણ પ્રકારે નથી.

## ગાથા-૬૨

ઉત્થાનિકા :–હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તેમાં આ દોષ છે એમ ગાથામાં કહે છે :–

**ગાથા :–** * **આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી. ૬૨.**

**ટીકામૃત :–**

(૧) * જ્યમ પ્રગટતી ક્રમસર અને વ્યય પામતી પર્યય વડે;
જો વર્ણ આદિક ભાવ પુદ્‌ગલદ્રવ્ય સાથ સદા રહે;

(૨) * ને તેથી પુદ્‌ગલ-વર્ણના તાદાત્મ્યની સિદ્ધિ કરે,
ત્યમ પ્રગટતી ક્રમસર અને વ્યય પામતી પર્યય વડે;

* જો વર્ણ આદિક ભાવ આ જીવદ્રવ્ય સાથ સદા રહે,
ને તેથી જીવ-વર્ણાદિના તાદાત્મ્યની સિદ્ધિ કરે;

* જેનો અહો અભિપ્રાય છે એવા જનોના મત વિષે,
વર્ણાદિસ્વરૂપપણા તણી પ્રાપ્તિ થશે જીવદ્રવ્યને;

* ને તેથી પુદ્‌ગલ-જીવ બંને પામશે અવિશેષને,
એ રીત જીવથી અન્ય કોઈ ભિન્ન પુદ્‌ગલ નહીં રહે;

* તેનાથી જરૂર અભાવને આ જીવદ્રવ્ય જ પામશે [!]
આ દોષ છે જીવ-વર્ણ આદિક ભાવના તાદાત્મયને.

**ટીકા :– [Slighty Rearranged]**

(૧) * જેમ અનુક્રમે આવિર્ભાવ (પ્રગટ થવું, ઊપજવું) અને તિરોભાવ (ઢંકાવું, નાશ થવું) પામતી એવી તે તે વ્યક્તિઓ વડે (અર્થાત્ પર્યાયો વડે)

* જો વર્ણાદિક ભાવો પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા,

(૨) * પુદ્‌ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે, વિસ્તારે છે

* તેવી રીતે અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવ પામતી એવી
* તે તે વ્યક્તિઓ વડે વર્ણાદિભાવો જીવની સાથે સાથે રહેતા થકા,
* જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે, વિસ્તારે છે.
* એમ જેનો અભિપ્રાય છે તેના મતમાં,
* અન્ય બાકીના દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિક સ્વરૂપપણું—કે જે પુદ્‌ગલનું લક્ષણ છે— તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,
* જીવ-પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે,
* અને તેમ થતાં પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી,
* જીવનો જરૂર અભાવ થાય છે.
* [‘જીવનું વર્ણાદિક ભાવો સાથે તાદાત્મ્ય છે’ એવા મિથ્યા અભિપ્રાયમાં આવો દોષ આવે છે.]

## ગાથા–૬૩-૬૪

ઉત્થાનિકા :–હવે, ''માત્ર સંસાર-અવસ્થામાં જ જીવને વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે'' એવા અભિપ્રાયમાં પણ આ જ દોષ આવે છે એમ કહે છે :–

ગાથા :– * **વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,**
**સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપીત્વને; ૬૩**
* **એ રીત પુદ્‌ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,**
**ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્‌ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪.**

ટીકામૃત :–(૧) * "વર્ણાદિ સાથે જીવને તાદાત્મ્ય જો સંસારમાં" –
તો તેમના મતમાં 'રૂપી' ઠરશે જીવો સંસારના !

(૨) * રૂપીત્વ છે કો' દ્રવ્યનું લક્ષણ અસાધારણ અહા!
રૂપીત્વ જેને હોય તેથી હોય તે જીવ જ સદા;

(૩) * પણ 'રૂપી'ના લક્ષણ વડે તો પુદ્‌ગલ જ લક્ષિત છે,
પુદ્‌ગલ સ્વયં છે જીવ તેથી અન્ય કો' નહીં જીવ છે.

(૪) * ને તેમ થાતાં મોક્ષમાં પુદ્‌ગલદરવ પણ જીવ ઠરે,
પુદ્‌ગલદરવ વિણ અન્ય કોઈ દ્રવ્ય જીવ નહીં ઠરે!

(૫) * સર્વે અવસ્થામાં થતું લક્ષિત નિજ લક્ષણ વડે,
હાનિ-ઘસારો પામતું નહિ દ્રવ્ય તો નિત્ય જ રહે.

(૬) * આ રીત "જીવ-વર્ણાદિને તાદાત્મ્ય છે"–એ મત વિષે
પણ, પુદ્‌ગલોથી ભિન્ન એવું જીવદ્રવ્ય નહીં રહે;

(૭) * ને તેથી જીવદરવ તણો જ અભાવ [પૂર્ણ રીતે] થશે !
[વર્ણાદિ-જીવતાદાત્મ્યની સિદ્ધિ થતી નથી આ રીતે.]

**ટીકા :–**

(૧) * વળી સંસાર-અવસ્થામાં જીવને વર્ણાદિ ભાવો સાથે તાદાત્મ્યસંબંધ છે એવો જેનો અભિપ્રાય છે,
* તેના મતમાં સંસાર-અવસ્થા વખતે જીવ અવશ્ય રૂપીપણાને પામે છે, અને

(૨) * રૂપીપણું તો કોઈ દ્રવ્યનું, બાકીના દ્રવ્યોથી અસાધારણ એવું લક્ષણ છે.
* માટે રૂપીપણા (લક્ષણ)થી લક્ષિત (લક્ષ્યરૂપ થતું, ઓળખાતું) જે કાંઈ હોય તે જીવ છે.

(૩) * રૂપીપણાથી લક્ષિત તો પુદ્‌ગલદ્રવ્ય જ છે.
* એ રીતે પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જીવ છે, પણ તે સિવાય બીજો કોઈ જીવ નથી.

(૪) * આમ થતાં, મોક્ષ-અવસ્થામાં પણ પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જીવ (ઠરે) છે,
* પણ તે સિવાય બીજો કોઈ જીવ (ઠરતો) નથી;

(૫) * કારણ કે સદાય પોતાના સ્વલક્ષણથી લક્ષિત એવું દ્રવ્ય બધીયે અવસ્થાઓમાં

* હાનિ અને ઘસારો નહિ પામતું હોવાથી અનાદિ-અનંત હોય છે.

(૬) * આમ થવાથી, તેના મતમાં પણ (અર્થાત્ સંસાર-અવસ્થામાં જ જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય માનનારાના મતમાં પણ);

* પુદ્ગલોથી ભિન્ન એવું જીવદ્રવ્ય નહિ રહેવાથી,

(૭) * જીવનો જરૂર અભાવ થાય છે.

* [આ રીતે જીવ અને વર્ણાદિ ભાવોના તાદાત્મ્યની સિદ્ધિ થતી નથી.]

## ગાથા–૬૫-૬૬

ઉત્થાનિકા :–આ રીતે સિદ્ધ થયું કે વર્ણાદિકભાવો જીવ નથી, એમ હવે કહે છે :–

ગાથા :– * જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.
* પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,
રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬

**ટીકામૃત :–**

(૧) * કરણ-કર્મ અભિન્ન હોવાથી અહો નિશ્ચયનયે,
જેના વડે જે થાય છે તે બેય એક જ હોય છે.

(૨) * સુવર્ણપત્ર સુવર્ણથી જ સદા થતું એ કારણે,
સોનું જ છે સુવર્ણપત્ર અને નથી કંઈ અન્ય તે;

(૩) * ત્યમ સૂક્ષ્મ, બાદર, એક ઇન્દ્રિ આદિ સહુ જીવસ્થાન જે,
તે નામકર્મની પ્રકૃતિ પુદ્‌ગલમયીથી થાય છે;

(૪) * ને તેથી સહુ જીવસ્થાન પુદ્‌ગલ છે, નથી સહુ જીવ તે,
ને નામકર્મની પ્રકૃતિ પુદ્‌ગલમયી-સુપ્રસિદ્ધ છે

(૫) * આગમ મહીં, અનુમાનથી પણ તેમ જાણી શકાય છે,
એ કારણે કે શરીર આદિ ભાવ મૂર્તિક છે ખરે;

(૬) * તે કર્મપ્રકૃતિથી થયેલા કાર્ય હોવાને લીધે,
પુદ્‌ગલપણું છે તેમને અનુમાન એમ થઈ શકે.

(૭) * એવી જ રીતે ગંધ, રસ ને સ્પર્શ તેમજ રૂપ ને,
છે શરીર ને સંસ્થાન, સંહન* પણ રચિત કર્મો વડે;

* સંહન=સંહનન

(૮) * પુદ્‌ગલમયી જે નામકર્મ તણી પ્રકૃતિ [અનેક] છે,
તે કારણે તેઓ બધાં પુદ્‌ગલદરવથી અભિન્ન છે.

(૯) * આ રીત જ્યમ જીવસ્થાન પુદ્‌ગલ તેમ પણ રસ, ગંધ ને,
સ્પર્શાદિ સર્વે ભાવને પુદ્‌ગલમય જ તું જાણજે.

(૧૦) * વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો આ રીતે નથી જીવ એ,
સિદ્ધાંત છે નિશ્ચય તણો [-આચાર્યશ્રીનું વચન છે.]

**ટીકા :–**

(૧) * નિશ્ચયનયે કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી,
* જે જેના વડે કરાય છે (-થાય છે) તે તે જ છે—એ સમજીને (નિશ્ચય કરીને),

(૨) * જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું (-થતું) હોવાથી

* સુવર્ણ જ છે, બીજું કાંઈ નથી.

(૩) * તેમ જીવસ્થાનો બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીંન્દ્રિય, ચતુરિન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત

* નામની પુદ્‌ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં (-થતાં)

(૪) * હોવાથી પુદ્‌ગલ જ છે, જીવ નથી.

* અને નામકર્મની પ્રકૃતિઓનું પુદ્‌ગલમયપણું તો આગમથી પ્રસિદ્ધ છે તથા

(૫) * અનુમાનથી પણ જાણી શકાય છે

* કારણ કે પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર, આદિ જે મૂર્તિક ભાવો છે

(૬) * તે કર્મપ્રકૃતિઓના કાર્ય હોવાથી

* પુદ્‌ગલમય છે એમ અનુમાન થઈ શકે છે.

(૭) * એવી રીતે ગંધ, રસ, સ્પર્શ, રૂપ,

* શરીર, સંસ્થાન અને સંહનન તેઓ પણ

(૮) * પુદ્‌ગલમય નામકર્મની પ્રકૃતિઓ વડે રચાયાં (-બન્યા) હોવાથી

* પુદ્‌ગલથી અભિનન છે;

(૯) * તેથી માત્ર જીવસ્થાનોને પુદ્‌ગલમય કહેતાં [તેમ રસ, ગંધ અને] [સ્પર્શાદિ] આ બધાં પણ પુદ્‌ગલમય કહ્યાં સમજવાં.

(૧૦) * માટે વર્ણાદિક [-વર્ણથી લઈને ગુણસ્થાન સુધીના ભાવો] જીવ નથી એમ નિશ્ચયનયનો સિદ્ધાંત છે [એમ આચાર્યશ્રીનું વચન છે.]

## કળશ-૩૮

ઉત્થાનિકા :–અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * જે વસ્તુથી જે ભાવ બને, તે ભાવ તે વસ્તુ જ છે
* કોઈ રીતે અન્ય વસ્તુ નથી [એ આગમનું વચન છે];

(૨) * જેમ જગતમાં સોનાથી બનેલી મ્યાનને લોકો
* સોનું જ દેખે છે, કોઈ રીતે તરવાર દેખતા નથી.

**કળશામૃત :–**

(૧) * જે વસ્તુથી જે ભાવ બનતો, ભાવ તે વસ્તુ જ છે;
કોઈ રીતે નથી અન્ય વસ્તુ, [આગમતણું એ કથન છે];

(૨) * જ્યમ જગતમાં સોનાથી બનતા, મ્યાનને લોકો ખરે;
સોનું જ દેખે છે, નથી તરવારને કો'પણ રીતે.

[ઉપસંહાર :] * [‘ષટ્કાયના જીવો’ ખરેખર તેથી ‘જીવ’ નથી અરે!
છે જીવ જ્ઞાનસ્વરૂપ જેને ‘જીવતત્ત્વ’ કથાય છે.]

## કળશ-૩૯

ઉત્થાનિકા :–વળી બીજો કળશ કહે છે.

**શ્લોકાર્થ :–**

૧) * અહો જ્ઞાનીજનો! આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે
 * તે બધાય એક પુદ્‌ગલની પર્યાય જાણો;

૨) * માટે આ ભાવો પુદ્‌ગલ જ હો, આત્મા ન હો,
 * કારણ કે આત્મા તો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પુંજ છે,

૩) * તેથી આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે,
 * [આ રીતે અહીં આચાર્યશ્રીએ ભેદજ્ઞાનને ઘૂંટાવ્યું છે.]

**કળશામૃત :–**

૧) * વર્ણાદિ ગુણસ્થાનાંત આ ભાવો અહો જ્ઞાની જનો!
તે સર્વને બસ એક પુદ્‌ગલની જ રચના જાણજો;

૨) * તેથી સહુએ ભાવ આ પુદ્‌ગલ જ હો, આત્મા ન હો;
છે આતમા વિજ્ઞાનઘન ને પુંજ છે એ જ્ઞાનનો;

૩) ને તેથી આ વર્ણાદિથી આત્મા [ખરેખર] અન્ય છે,
[આ રીત ભેદવિજ્ઞાનની દ્રઢતા કરાવી મુનિવરે.]

## ગાથા-૬૭

ઉત્થાનિકા :–હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છે :–

**ગાથા :– * પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી,**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.**

**ટીકામૃત :–**

(૧) * સૂક્ષ્મ, બાદર, એકથી પંચેન્દ્રિ, અણપર્યાપ્ત ને,
પર્યાપ્ત–એવી દેહની સંજ્ઞા કહી છે જીવને.

(૨) * પરની પ્રસિદ્ધિને લીધે સૂત્રે કર્યો વ્યવહાર એ,
'ઘીના ઘડા'ની જેમ જે ન કંઈ પ્રયોજન અર્થ છે.

(૩) આ વાતને સ્પષ્ટ કરે છે * જ્યમ જન્મથી કોઈ પુરુષ બસ જાણતો 'ઘીનો ઘડો'
ને તે સિવા નહિ અન્ય કોઈ પણ ઘડાને જાણતો;

(૪) * સમજાવવા "ઘીનો ઘડો" છે માટીમય ઘીમય નથી;
છે આ ઘડો "ઘીનો ઘડો"–કહેવું પડે વ્યવહારથી,

(૫) * એ કારણે કે પુરુષને "ઘીનો ઘડો" જ પ્રસિદ્ધ છે;
[આ રીત કહી દ્રષ્ટાંત સમજાવે હવે સિદ્ધાંતને.]

(૬) * તેવી રીતે અણશુદ્ધ જીવ જ છે પ્રસિદ્ધ અબુધને,
પણ શુદ્ધ જીવ પ્રસિદ્ધ નથી અનાદિથી સહુ જીવને;

(૭) * તેવા જીવોને શુદ્ધ જીવના સ્વરૂપને સમજાવવા,
"વર્ણાદિસહ છે જીવ" જે આ જ્ઞાનમય છે તે અહા!

(૮) * 'વર્ણાદિમય જીવ છે નહિ', વ્યવહારથી કહેવાય છે,
એ કારણે કે "વર્ણમય જીવ" છે પ્રસિદ્ધ અબુધને.

**ટીકા :–**

(૧) * બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત એ દેહની સંજ્ઞાઓને (નામોને) સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી છે,

(૨) * તે, પરની પ્રસિદ્ધિને લીધે, "ઘીના ઘડા"ની જેમ વ્યવહાર છે–
* કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે (અર્થાત્ તેમાં પ્રયોજનભૂત વસ્તુ નથી).
* (એ વાતને સ્પષ્ટ કરે છે.)

(૩) * જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને 'ઘીનો ઘડો' જ પ્રસિદ્ધ હોય,
* તે સિવાય બીજા ઘડાને તે જાણતો ન હોય,

(૪) * તેને સમજાવવા 'જે આ "ઘીનો ઘડો" છે તે માટીમય છે, ઘીમય નથી'

* એમ (સમજાવનાર વડે) ઘડામાં "ઘીના ઘડા"નો વ્યવહાર કરવામાં આવે છે,

(૫) * કારણ કે પેલા પુરુષને "ઘીનો ઘડો" જ પ્રસિદ્ધ (જાણીતો) છે;

[આમ દ્રષ્ટાંત કહીને હવે આચાર્યશ્રી સિદ્ધાંત સમજાવે છે.]

(૬) * તેવી રીતે, આ અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને 'અશુદ્ધ જીવ' જ પ્રસિદ્ધ છે,

* શુદ્ધ જીવને તે જાણતો નથી,

(૭) * તેને સમજાવવા (-શુદ્ધ જીવનું જ્ઞાન કરાવવા)

* જે આ "વર્ણાદિમાન (વર્ણાદિવાળો) જીવ" છે તે જ્ઞાનમય છે,

(૮) * વર્ણાદિમય નથી' એમ (સૂત્ર વિષે) જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે.

## કળશ-૪૦

ઉત્થાનિકા :–હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

**શ્લોકાર્થ :–**

(૧) * જો ''ઘીનો ઘડો'' એમ કહેતાં પણ ઘડો છે

* તે ઘીમય નથી (-માટીમય જ છે),

(૨) * તો તેવી રીતે ''વર્ણાદિવાળો જીવ'' એમ કહેતા પણ

* જીવ છે તે વર્ણાદિમય નથી (-જ્ઞાનઘન જ છે).

**કળશામૃત :–**

(૧) * 'ઘીનો ઘડો' આ-એમ કહેતાં પણ ઘડો ઘીમય નથી,
'ઘીનો ઘડો' કહેવાય પણ તે માટીમય છે એ નક્કી;

(૨) * તેવી રીતે 'વર્ણાદિવાળો જીવ' માત્ર કથન મહીં,
'વર્ણાદિમય જીવ' છે નહીં પણ જ્ઞાનઘન છે એ નક્કી.

## ગાથા-૬૮

ઉત્થાનિકા :–હવે કહે છે કે (જેમ વર્ણાદિ ભાવો જીવ નથી એ સિદ્ધ થયું તેમ એ પણ સિદ્ધ થયું કે રાગાદિ ભાવો પણ જીવ નથી.)

ગાથા :– * **મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં ? ૬૮.**

ટીકામૃત :–(૧) * જડ મોહકર્મની પ્રકૃતિના ઉદયથી તેઓ થતાં,
તેથી અચેતન ભાખિયાં આ સર્વ ગુણસ્થાનો અહા.

(૨) * છે કાર્ય કારણના જ જેવું એમ સમજીને સદા,
ને જવ થકી જવ થાય છે તે હોય છે જવ સર્વદા;

(૩) * એ ન્યાયથી ગુણસ્થાન સહુ છે પુદ્‌ગલો, નહિ જીવ કદા,
તેઓ અચેતન છે વળી એ સિદ્ધ છે જિનવચનમાં.

(૪) * ચૈતન્યમય આત્માથી ભિન્નપણે સ્વયં જેઓ સદા,
ગુણસ્થાન આ ઉપલભ્ય છે સહુ ભેદજ્ઞાનીને અહા.

(૫) * ગુણસ્થાનની આથી અચેતનતા તણી સિદ્ધિ થતી,
એવી જ રીતે રાગ, દ્વેષથી લબ્ધિસ્થાનો પણ સુધી;

* સૌ ભાવ પુદ્‌ગલથી થતાં હોવાથી પણ ચેતન નથી,
એવાં અચેતન ભાવ તે સૌ પુદ્‌ગલ જ છે, જીવ નથી.

**ટીકા :– [Slightly Rearramged] :–**

(૧) * પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોઈને,
* આ મિથ્યાદ્રષ્ટિ આદિ ગુણસ્થાનો સદાય અચેતન હોવાથી,

(૨) * કારણના જેવા જ કાર્યો હોય છે એમ કરીને (સમજીને, નિશ્ચય કરીને),
* જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે એ ન્યાયે,

(૩) * પુદ્‌ગલના જ છે, જીવ નથી.

(૪) * ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત જે આત્મા તેનાથી ભિન્નપણે,
* તે ગુણસ્થાનો ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન હોવાથી પણ

(૫) * તેમનું અચેતનપણું સિદ્ધ થાય છે.

* એવી રીતે, રાગ-દ્વેષ, મોહ, પ્રત્યય, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંક્લેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન—

* તેઓ પણ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને સદાય અચેતન હોવાથી પુદ્‌ગલ જ છે—જીવ નથી એમ આપોઆપ આવ્યું (ફલિત થયું, સિદ્ધ થયું.)

## કળશ-૪૧

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે વર્ણાદિક અને રાગાદિક જીવ નથી તો જીવ કોણ છે? તેના ઉત્તરરૂપે શ્લોક કહે છે :–

શ્લોકાર્થ :–

(૨) * જે અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી,
જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી,
જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ-ચળાચળ થતું નથી,
* જે સ્વસંવેદ્ય છે અર્થાત્ પોતે પોતાથી જ જણાય છે અને જે [વસ્તુરૂપે] પ્રગટ છે અર્થાત્ છૂપું નથી—

(૩) * એવું જે આ ચૈતન્ય અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યું છે,
* [એવો વર્ણાદિ અને રાગાદિ રહિત] તે પોતે જ જીવ છે.

**કળશામૃત :–**

(૧) * [વર્ણાદિ ને રાગાદિ ભાવો જીવ જો નહીં હોય તો
'જીવ કોણ છે'—એ પ્રશ્નનો કૃપા કરી ઉત્તર કહો.]

(૨) * અનાદિ તેમ અનંત છે, ચૈતન્યરૂપે અચળ જે,
સંવેદ્ય છે નિજથી સ્વયં, જે [વસ્તુરૂપે] પ્રગટ છે;

(3) * ને ચકચકાટ પ્રકાશતું ચૈતન્ય જે અતિશયપણે,
[વર્ણાદિ રાગાદિ રહિત એવો] સ્વયં જીવ પ્રગટ છે.

## કળશ-૪૨

ઉત્થાનિકા :–હવે, ચેતનપણું જ જીવનું યોગ્ય લક્ષણ છે એમ કાવ્ય દ્વારા સમજાવે છે :–

**શ્લોકાર્થ :– [Slightly modified]**

(૧) ⁎ [ચેતનપણું જ જીવનું યોગ્ય લક્ષણ છે એમ હવે કહે છે.]
⁎ અજીવ બે પ્રકારે છે : વર્ણાદિ સહિત અને વર્ણાદિ રહિત;
(૨) ⁎ માટે અમૂર્તપણાનો આશ્રય કરીને પણ (અર્થાત્ અમૂર્તપણાને જીવનું લક્ષણ માનીને પણ)
⁎ જીવના યથાર્થ સ્વરૂપને જગત દેખી શકતું નથી.
(૩) ⁎ આમ પરીક્ષા [-આલોચના] કરીને ભેદજ્ઞાની પુરુષોએ
⁎ ચેતનપણાને જીવનું લક્ષણ કહ્યું છે તે યોગ્ય છે.
(૪) ⁎ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્ત દૂષણોથી રહિત
⁎ તે ચૈતન્યલક્ષણ પ્રગટ છે,
(૫) ⁎ તેણે જીવના યથાર્થ સ્વરૂપને પ્રગટ કર્યું છે અને
⁎ તે અચળ છે-ચળાચળતા રહિત, સદા મોજૂદ છે.
(૬) ⁎ જગત તેનું જ આલંબન કરો!
⁎ (તેનાથી યથાર્થ જીવનું ગ્રહણ થાય છે.)

**કળશામૃત :–**

(૧) * [ચેતનપણું જ યથાર્થ લક્ષણ જીવનું છે આ રીતે :]
વર્ણાદિ સહિત અને રહિત બંને પ્રકારે અજીવ છે.
(૨) * અમૂર્તપણું પણ જીવનું તેથી ન લક્ષણ બની શકે,
તેના વડે જીવસ્વરૂપને ન યથાર્થ જાણી શકાય છે.
(૩) * આલોચના કરી આ રીતે જે ભેદજ્ઞાની પુરુષ છે,
ચૈતન્યલક્ષણ જીવનું તેણે કહ્યું તે યોગ્ય છે.
(૪) * ચેતનપણું અતિવ્યાપ્તિ ને અણવ્યાપ્તિ દૂષણ રહિત છે,
ચૈતન્યલક્ષણ [સર્વદા સર્વે જીવોને] પ્રગટ છે.
(૫) * જીવના યથાર્થ સ્વરૂપને આ લક્ષણે પ્રગટાવ્યું છે,
તે અચળ છે, મોજૂદ છે નિત્યે અહો સહુ જીવને.
(૬) * હે જગતના સર્વે જીવો! તેનું જ આલંબન કરો,
ને જીવનું સાચું સ્વરૂપ [ચૈતન્ય] લક્ષણથી ગ્રહો.

## કળશ-૪૩

ઉત્થાનિકા : હવે, આવા લક્ષણ વડે જીવ પ્રગટ છે તોપણ અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે?— એમ આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * આમ પૂર્વોક્ત જુદાં લક્ષણને લીધે જીવથી અજીવ ભિન્ન છે

* તેને (અજીવને) તેની મેળે જ (-સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું—પરિણમતું જ્ઞાની પુરુષ અનુભવે છે,

(૨) * તોપણ અજ્ઞાનીને અમર્યાદપણે ફેલાયેલો આ મોહ (અર્થાત્ સ્વ-પરના એકપણાની ભ્રાંતિ) કેમ નાચે છે–

* એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે!

**કળશામૃત :–**

(૧) * **પૂર્વોક્ત લક્ષણને લીધે છે અજીવ જીવથી ભિન્ન ને,**
**તેને સ્વયં જ વિલસતું જ્ઞાની પુરુષ અનુભવે;**

(૨) * **તોપણ નિરવધિ મોહ આ ક્યમ નાચતો અજ્ઞાનીને,**
**તે ખેદ ને આશ્ચર્ય છે અમને અહો અતિશયપણે!**

## કળશ-૪૪

ઉત્થાનિકા :–વળી ફરી મોહનો પ્રતિષેધ કરે છે અને કહે છે કે 'જો મોહ નાચે છે તો નાચો! તોપણ આમ જ છે' :–

**શ્લોકાર્થ :–**

(૧) * આ અનાદિકાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં
* વર્ણાદિમાન પુદ્ગલ જ નાચે છે, અન્ય કોઈ નહિ;

(૨) * (અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે,)
* જીવ તો અનેક પ્રકારનો છે નહિ; [તે તો એકરૂપે જ સદાય રહે છે;]

(૩) * અને આ જીવ તો રાગાદિ પુદ્ગલ વિકારોથી
* વિલક્ષણ [રહેતો] શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.

**કળશામૃત :–**

(૧) * અનાદિકાલિનના મહા અવિવેકના આ નાચમાં,
વર્ણાદિમાન અનેકવિધ પુદ્ગલ જ નાચે છે અહા!

(૨) * નથી અન્ય કોઈ નાચતું દેખાય જ્ઞાન અભેદમાં,
જીવ તો અનેક પ્રકારનો નહિ, [એકરૂપ રહે સદા;]

(૩) * ને જીવ આ રાગાદિ પુદ્ગલ[મય] વિકારોથી અહા,
[રહેતો] વિલક્ષણ, શુદ્ધ ચિન્મયધાતુમય મૂર્તિ મહા.

## કળશ-૪૫

ઉત્થાનિકા :–હવે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા, આ જ્ઞાતાદ્રવ્ય પોતે પ્રગટ થાય છે એમ કળશમાં મહિમા કરી અધિકાર પૂર્ણ કરે છે :–

**શ્લોકાર્થ :– [Rearranged]**

(૧) * આ રીતે જ્ઞાનરૂપી કરવતનો જે વારંવાર અભ્યાસ તેને નચાવીને

* જ્યા જીવ અને અજીવ બંને પ્રગટપણે જુદા ન થયાં,

(૨) * ત્યાં તો અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપીને,

* જ્ઞાતાદ્રવ્ય પોતાની મેળે જ અતિ વેગથી ઉગ્રપણે અર્થાત્ અત્યંતપણે પ્રકાશી નીકળ્યું.

**કળશામૃત :–**

**(૧) * આ રીત જ્ઞાન-ક્રકચ* તણા અભ્યાસ વારંવારથી,**
**જ્યાં જીવ-અજીવ પ્રગટપણે જુદા થયા નહિ ત્યાં લગી;**
**(૨) * આ વિશ્વને વ્યાપી અતિ વિકસિત ચિત્શક્તિ થકી,**
**પરકાશતું સ્વયમેવ જ્ઞાતાદ્રવ્ય અતિશય વેગથી.**

* જ્ઞાન-ક્રકચ = જ્ઞાનરૂપી કરવત

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં જીવ-અજીવનો પ્રરૂપક પહેલો અંક સમાપ્ત થયો.

# શ્રી કર્તા-કર્મ અધિકાર
# કળશ ૪૬ થી ૯૯
# ગાથા ૬૯ થી ૧૪૪

## કળશ-૪૬

ઉત્થાનિકા :–હવે પ્રથમ તે સ્વાંગને [જે] જ્ઞાન યથાર્થ જાણી લે છે તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * 'આ લોકમાં હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો એક કર્તા છું અને
 * આ ક્રોધાદિ ભાવો મારાં કર્મ છે.'

(૨) * એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે.
 * તેને બધા તરફથી શમાવતી (-મટાડતી) જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.

(૩) * કેવી છે કે જ્ઞાનજ્યોતિ ? જે પરમ ઉદાત્ત છે અર્થાત્ કોઈને આધિન નથી,
 * જે અત્યંત ધીર છે અર્થાત્ કોઈ પ્રકારે આકુળતારૂપ નથી અને

(૪) * પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાળો જેનો સ્વભાવ હોવાથી
 * જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે—પ્રત્યક્ષ જાણે છે.

**કળશામૃત :–**

(૧) * ચૈતન્યસ્વરૂપી આતમા હું એક કર્તા છું અને
ક્રોધાદિ આ મુજ કર્મ છે અજ્ઞાની માને એમ ને;

(૨) * કર્તા-કરમની પ્રવૃત્તિ કરતો રહે આ લોકમાં,
તેને શમાવતી જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થતી અહા !

(૩) * તે જ્ઞાનની જ્યોતિ પરમ ઉદાત્ત—સ્વાધીન છે અને
અતિ ધીર-આકુળતા રહિત છે જ્ઞાનજ્યોતિ તે અને

(૪) * પરની સહાય વિના પ્રકાશે તે સહુએ દ્રવ્યને,
પ્રત્યક્ષ જાણે તેથી જે આ લોક તેમ અલોકને.

## ગાથા – ૬૯, ૭૦

ઉત્થાનિકા :–હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને (તફાવતને) જાણે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો, આસ્રવોમાં પોતે લીન થતો, કર્મોનો બંધ કરે છે એમ ગાથામાં કહે છે :–

ગાથા :- * આત્મા અને આસ્રવ તણો, જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.
* જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦

ટીકામૃત :–

(૧) [જ્ઞાનીની ધર્મક્રિયા : ]

(i) * તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે આ આતમા ને જ્ઞાનમાં,
વિશેષ નથી તેથી ન કાંઈ ભેદ તેમાં દેખતાં;
(ii) * નિઃશંકતાથી વર્તતો પોતાપણે નિજ જ્ઞાનમાં,
તે જ્ઞાનની ક્રિયા સ્વભાવસ્વરૂપ હોવાથી અહા;
(iii) * નિષેધ્ય નથી [પણ છે ખરે તે ધર્મરૂપ ક્રિયા યથા],
એ રીત જ્ઞાની આતમા કરતો અહો જાણનક્રિયા.

(૨) * [અજ્ઞાનીની અધર્મક્રિયા : ]

(i) * સંયોગસિદ્ધ સંબંધ છે આ આતમા-ક્રોધાદિમાં
અજ્ઞાનને કારણ, પરંતુ ન ભેદ તેમાં દેખતાં;
(ii) * તેથી અભેદપણે નિઃશંક થઈ અહો ક્રોધાદિમાં,
પોતાપણે વર્તન કરંતો [તેહ અજ્ઞાની મહા];
(iii) * પરભાવભૂત હોવાથી ક્રોધાદિ ક્રિયા નિષેધ્ય છે,
પણ છે સ્વભાવસ્વરૂપ તે અધ્યાસ એવો હોઈને;
(iv) * અજ્ઞાની ક્રોધાદિરૂપે ને રાગરૂપે પરિણમે,
વળી મોહરૂપે પરિણમે [અજ્ઞાનતાને કારણે ]

(૩) * [અજ્ઞાનીની અનાદિકાલિન કર્તાકર્મ પ્રવૃત્તિ :-]

(i) * અજ્ઞાનભાવથી આ રીતે આ આતમા અજ્ઞાનીનો,
તે જ્ઞાનના પરિણમનમાત્ર સહજ અવસ્થા ત્યાગતો;
(ii) * ક્રોધાદિના વ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસતો,
એવો અહો એ આતમા ક્રોધાદિનો કર્તા થતો;
(iii) * ને જ્ઞાનના પરિણમનરૂપ પ્રવૃત્તિથી છે જે જુદા,
ક્રિયમાણરૂપે અંતરંગે ઊપજતાં પ્રતિભાસતા;

(iv) * ક્રોધાદિ એ ભાવો સહુ છે કર્મ તે કર્તા તણા,
[આત્મા અને આસ્રવ તણા એકત્વથી જે ઊપજતા.]
(v) * અનાદિકાલિનની થયેલી આ રીતે અજ્ઞાનથી
પ્રવૃત્તિ કર્તાકર્મની છે [જીવની ને બંધની]

(૪) * [કર્તા-કર્મની પ્રવૃત્તિથી અજ્ઞાનીને કર્મનો બંધ થાય છે :]

(i) * આ રીત નિજ અજ્ઞાનને કારણ [અરે] આ આતમા,
* કર્તા-કરમના ભાવથી રે વર્તતાં ક્રોધાદિમાં;
(ii) * ક્રોધાદિની જ પ્રવૃત્તિમય પરિણામના નિમિત્તથી,
* પોતે જ નિજના ભાવથી પરિણમન રે [નિજનું] કરી–
(iii) * પુદ્ગલ કરમ સંચિત થતું [એ વાત સર્વજ્ઞે કહી].
* આ રીત જીવ-પુદ્ગલ તણો, અવગાહ એકબીજા મહીં
(iv) * લક્ષણ અહો છે જેહનું, એ બંધરૂપ સંબંધની,
* સિદ્ધિ થતી [જીવમાં અહો બસ જીવના અજ્ઞાનથી].

(૫) * [કર્તા-કર્મની પ્રવૃત્તિ અને બંધને એકબીજાનો આશ્રય નથી :]

(i) * અનેકઆત્મક હો છતાંય પ્રવાહરૂપ (અનાદિથી)
* હોવાથી, જેમાં દોષ ઇતરેતર તણો આશ્રય નથી
(ii) * છે બંધ એવો, તે નથી, કે જેહ છે અજ્ઞાનનું
* નિમિત્ત, જેહ નિમિત્ત છે કરતા-કરમ પ્રવૃત્તિનું.

ટીકા : [Slighty modified]

(૧) [જ્ઞાનીની ધર્મક્રિયા : ]

(i) * જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને જ્ઞાનમાં
* વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી તેમનો ભેદ (જુદાપણું) નહિ દેખતો થકો,
(ii) * આ આત્મા જેમ, નિઃશંકપણે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને
* ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે,
(iii) * જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી માટે,
* જાણે છે—જાણવારૂપ પરિણમે છે.

(૨) [અજ્ઞાનીની અધર્મક્રિયા :]

(i) * તેવી રીતે, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં
* પણ પોતાના અજ્ઞાનભાવને લીધે,
(ii) * તેમનો વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી
* ત્યાં સુધી નિઃશંક રીતે ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે, અને

(iii) * ત્યાં (ક્રોધાદિમાં પોતાપણે) વર્તતો તે,

* જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે

(iv) * તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી,

* ક્રોધરૂપ પરિણમે છે, રાગરૂપ પરિણમે છે, મોહરૂપ પરિણમે છે.

**(3) [અજ્ઞાનીની અનાદિકાલિન કર્તા-કર્મની પ્રવૃત્તિ : ]**

(i) * હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે,

* જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદ્રષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને

(ii) * અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે

* તે કર્તા છે;

(iii) * અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં,

* જે ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે,

(iv) * એવાં ક્રોધાદિક તે, (તે કર્તાનાં) કર્મ છે.

[કે જે આત્મા અને આસ્રવના તફાવતને નહિ જાણવાથી ઉત્પન્ન થાય છે.]

(v) * આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી

* આ (આત્માની) [જીવની અને બંધની] કર્તાકર્મની પ્રવૃત્તિ છે.

**(૪) * [કર્તાકર્મની પ્રવૃત્તિથી અજ્ઞાનીને કર્મનો બંધ થાય છે :]**

(i) * એ રીતે પોતાના અજ્ઞાનને લીધે [આ આત્માને]

* કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં [વર્તતાં]

(ii) * તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને

* પોતે પોતાના ભાવથી જ પરિણમતું

(iii) * પૌદ્ગલિક કર્મ એકઠું થાય છે [એમ સહુ સર્વદર્શીએ કહ્યું છે]

* આ રીતે જીવ અને પુદ્ગલનો, પરસ્પર અવગાહ

(iv) * જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ

* [જીવમાં તેના અજ્ઞાનને કારણે] સિદ્ધ થાય છે.

**(૫) * [કર્તાકર્મની પ્રવૃત્તિ અને બંધ એકબીજાના આશ્રય વિના અનાદિથી એક પ્રવાહરૂપ વર્તે છે :]**

(i) * અનેકાત્મક હોવા છતાં (અનાદિ) એક પ્રવાહપણે

* હોવાથી, જેમાંથી ઇતરેતરાશ્રય દોષ

(ii) * દૂર થયો છે એવો તે બંધ,

* કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

## ગાથા – ૭૧

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે આ કર્તા કર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું,
જાણે વિશેષાંતર તદા બંધન નહીં તેને થતું. ૭૧.

ટીકામૃત:–

(૧) [આત્મા અને આસ્રવોનું જુદાપણું :–]

(i) * સ્વભાવમાત્ર જ વસ્તુ છે ને ભવન 'સ્વ'નું સ્વ-ભાવ છે,
છે તેથી જ્ઞાનનું પરિણમન તે આતમા જ ખરે અને

(ii) * ક્રોધાદિનું પરિણમન [પણ] ક્રોધાદિ છે નિશ્ચયનયે,
વળી જ્ઞાનનું પરિણમન જે, નથી ક્રોધનું પરિણમન તે;

(iii) * જ્યમ જ્ઞાનના પરિણમનમાં બસ જ્ઞાનમાત્ર જણાય છે,
કિંતુ નહીં ક્રોધાદિ એ પરિણમનમાંહી જણાય છે.

(iv) * છે ક્રોધનું પરિણમન જે, નથી જ્ઞાનનું પરિણમન તે,
ક્રોધાદિના પરિણમનમાં જ્યમ ક્રોધ માત્ર જણાય છે,

(v) * કિંતુ નહીં ત્યમ જ્ઞાન એ પરિણમન માંહી જણાય છે.

[આ રીતે] આત્મા અને ક્રોધાદિને નથી એકવસ્તુપણું ખરે.

(૨) [ કર્તાકર્મ પ્રવૃત્તિની નિવૃત્તિ તથા બંધનો નિરોધ : ]

(i) * આત્મા અને આસ્રવ તણો દેખી તફાવત આ રીતે,
આ જીવ જ્યારે ભિન્નતાને જાણતો તે બે વિષે;

(ii) [ને ત્યારે] * અજ્ઞાનથી ઊપજેલ એવી કર્તૃ-કર્મની પ્રવૃત્તિ,
અનાદિની હોવા છતાં પણ નિવૃત્તિ તેની થતી;

(iii) * ત્યારે અહો અજ્ઞાનના નિમિત્તથી થાતો હતો,
પુદ્ગલ કરમનો બંધ તે [સ્વયમેવ] પણ નિવૃત્ત થતો;

(iv) * ને એમ થાતાં જ્ઞાનમાત્રથી બંધના નિરોધની,
સિદ્ધિ થતી [આત્મા અને ક્રોધાદિના બે ભેદથી.]

ટીકા :– **[Slightly Rearranged]**

(૧) [આત્મા અને આસ્રવોનું જુદાપણું : ]

(i) * આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ'નું ભવન તે સ્વ-ભાવ છે [અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે];

* માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે અને

(ii) * ક્રોધાદિનું થવું—પરિણમવું તે ક્રોધાદિ છે.

* વળી જ્ઞાનનું જે થવું—પરિણમવું છે તે ક્રોધાદિનું પણ થવું—પરિણમવું નથી.

(iii) * કારણ કે જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે.

* તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;

(iv) * અને ક્રોધાદિકનું જે થવું—પરિણમવું તે જ્ઞાનનું પણ થવું—પરિણમવું નથી,

* કારણ કે ક્રોધાદિના થવા (–પરિણમવામાં) જેમ ક્રોધાદિ થતાં માલૂમ પડે છે.

(v) * તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.

* આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.

**(૨) [કર્તા-કર્મ પ્રવૃત્તિની નિવૃત્તિ તથા બંધનો નિરોધ : ]**

(i) * આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી

* જ્યારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે

(ii) * ત્યારે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તા-કર્મની પ્રવૃત્તિ

* આ આત્માને અનાદિની હોવા છતાં પણ નિવૃત્ત થાય છે;

(iii) * તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો

* પૌદ્‌ગલિક દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે.

(iv) * એમ થતાં, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ

* [આત્મા અને ક્રોધાદિ એ બેનો ભેદ થતાં] સિદ્ધ થાય છે.

## ગાથા – ૭૨

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોના જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.

ટીકામૃત :–

(૧) [પારિગ્રાફ-૧ આત્મા અને આસ્રવોનું વિશેષાંતર જાણતાં જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ:]

(૧) [અશુચિપણું :] * જ્યમ જળ મહીં શેવાળ છે તે મેલ છે તેવી રીતે,
આત્મા મહીં આ આસ્રવો પણ મળરૂપે વેદાય છે;

(૨) * તેથી અશુચિ છે અને ભગવાન આત્મા તો સદા,
નિર્મળ અતિ ચૈતન્યમય જ્ઞાયક [જ] હોવાથી અહા;

(3) * અત્યંત શુચિ છે, પવિત્ર જ છે અને ઉજ્જવળ અહા !
[નિર્મળ સ્ફટિક સમાન છે, જ્ઞાતા અને દ્રષ્ટા સદા.]

(૪) [વિપરીતતા :] * વળી, આસ્રવોને જડસ્વભાવપણું જ હોવાથી સદા,
તેઓ સ્વને નહિ કે નહીં પરને કદીયે જાણતા;

(૫) * પણ અન્ય દ્વારા આસ્રવો એ જાણવામાં આવતા,
તેથી અચેતન છે અને ભગવાન આત્મા તો સદા;

(૬) * વિજ્ઞાનઘનમયતા સ્વયં હોવાથી છે ચેતક અહા!
ચેતન્યથી તદ્‌રૂપ આત્મા જાણતો સહુને સદા.

(૭) [દુઃખ કારણ :] * આકુળતા ઉપજાવતાં દુઃખકારણો આસ્રવ કહ્યાં,
ભગવાન આત્મા તો રહિત આકુળતાથી છે સદા;

(૮) * તેથી નથી કારણ તથા તે કાર્ય કોઈનું કદા,
એવો અકારણ દુઃખનો જ સ્વભાવથી છે આતમા.

(૯) [વિશેષાંતર :] * આત્મા અને આસ્રવ તણો વિશેષ આ રીત દેખતાં,
એ બેય વચ્ચે ભેદને જાણે યદા આ આતમા;

(૧૦) [જ્ઞાનમાત્રથી જ કર્મબંધનો નિરોધ : ]

* ક્રોધાદિ આસ્રવથી નિવૃત્તિ પામતો તત્કાળમાં,
[રાગાદિ પ્રત્યે રાગને તે છોડતો અભિપ્રાયમાં;]

(૧૧) * જો તે નહીં નિવર્તતો આ રીત [આસ્રવભાવથી]
તો ભેદજ્ઞાન તણી નથી તેને થઈ સિદ્ધિ ખરી;

(૧૨) * આ નિવૃત્તિની સાથ તેથી જે અવિનાભાવ છે,
તે જ્ઞાનમાત્રથી કર્મબંધ તણો નિષેધ જ થાય છે.

(૨) [પારિગ્રાફ-૨ : જ્ઞાનમાત્રથી જ આસ્રવોનો નિરોધ કઈ રીતે છે તેની ન્યાયપૂર્વક સિદ્ધિ :]

(૧) * વળી આતમા ને આસ્રવોનું ભેદજ્ઞાન કહ્યું અહીં,
તે જ્ઞાન કે અજ્ઞાન છે [સમજાવતાં તે ન્યાયથી;]

(૨) * અજ્ઞાન છે જો જ્ઞાન તે તો આતમા-આસ્રવ તણા,
અભેદજ્ઞાનથી કાંઈ પણ તેની થઈ ન વિશેષતા;

(૩) * વળી જો પ્રવર્તે આસ્રવોમાં જ્ઞાન તે તોપણ થઈ
ન વિશેષતા તે જ્ઞાનની અભેદજ્ઞાનથી પણ કંઈ.

(૪) * ને જ્ઞાન તેહ નિવર્તતું જો આસ્રવોના ભાવથી,
તો જ્ઞાનમાત્રથી બંધના નિરોધની સિદ્ધિ થતી.

(૫) * અજ્ઞાનનો જે અંશ છે એવી ક્રિયાના નયતણું,
[ઉપરોક્ત રીતે ન્યાયપૂર્વક આ રીતે] ખંડન થયું.

(૬) * વળી આતમાને આસ્રવોના ભેદનું પણ જ્ઞાન છે,
પણ નિવૃત્તિ નથી આસ્રવોથી તો ખરે નથી જ્ઞાન તે;

(૭) * ને સિદ્ધિ એમ થતાં અહો છે જ્ઞાનનો જે અંશ તે,
એકાંત એવા જ્ઞાનનયનું પણ થયું ખંડન ખરે.

ટીકા :- [પારિગ્રાફ-૧ : આત્મા અને આસ્રવોનું વિશેષાંતર જાણતાં જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ :]

(૧) * જળમાં શેવાળ છે તે મળ છે—મેલ છે;
* તે શેવાળની માફક આસ્રવો મળપણે—મેલપણે અનુભવાતા

(૨) * હોવાથી અશુચિ છે (-અપવિત્ર છે) અને ભગવાન આત્મા તો સદાય
* અતિ નિર્મળપણે ચૈતન્યસ્વભાવપણે જ્ઞાયક હોવાથી

(૩) * અત્યંત શુચિ જ છે (-પવિત્ર જ છે; ઉજ્જ્વળ જ છે),
* [સ્ફટિક સમાન નિર્મળ છે અને સદાય જ્ઞાતા-દ્રષ્ટામાત્ર જ છે].

(૪) * આ આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ
* બીજા વડે જણાવાયોગ્ય છે (-કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી,

(૫) * તેને બીજો જ જાણે છે–)
* માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે, અને ભગવાન આત્મા તો,

(૬) * પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (-જ્ઞાતા) છે
* (-પોતાને અને પરને જાણે છે—) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે (અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી).

(૭) ∗ આસ્રવો આકુળતા ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે,
∗ અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા–સ્વભાવને લીધે
(૮) ∗ કોઈનું કાર્ય તેમજ કાંઈનું કારણ નહિ હોવાથી,
∗ [સ્વભાવથી જ] દુઃખનું અકારણ જ છે (અર્થાત્ દુઃખનું કારણ નથી).
(૯) ∗ આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા,
∗ આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે
૧૦) ∗ તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,
[અર્થાત્ રાગાદિ ભાવો પ્રત્યેના પ્રેમને તે અભિપ્રાયમાંથી છોડે છે;]
૧૧)∗ કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય
∗ તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી,
૧૨)∗ માટે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે
∗ એવા જ્ઞાનમાત્રથી જ અજ્ઞાનથી થતો જે પૌદ્‌ગલિક કર્મનો બંધ તેનો નિષેધ થાય છે.
(૨) [પારિગ્રાફ-૨ : જ્ઞાનમાત્રથી જ આસ્રવનો નિરોધ કઈ રીતે છે તેની ન્યાયપૂર્વક સિદ્ધિ :–]
(૧) ∗ વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે.
∗ તે અજ્ઞાન છે કે જ્ઞાન છે? [તે સમજાવે છે.]
(૨) ∗ જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના
∗ અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.
(૩) ∗ અને જો તે જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો આસ્રવોમાં પ્રવર્તે છે તો પણ
∗ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.
(૪) ∗ અને જો આસ્રવોથી નિવર્ત્યું છે.
∗ તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય? (સિદ્ધ થયો જ કહેવાય.)
(૫) ∗ અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું [ઉપરોક્ત રીતે ન્યાયપૂર્વક]
∗ આમ સિદ્ધ થવાથી ખંડન થયું.
(૬) ∗ વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ
∗ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી
(૭) ∗ એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ
∗ એવા (એકાંત) જ્ઞાનનયનું પણ ખંડન થયું.

## કળશ-૪૭

ઉત્થાનિકા :–અહીં કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) પરપરિણતિને છોડતું,

(૨) ભેદના કથનોને તોડી પાડતું;

(૩) આ અત્યંત પ્રચંડ અને

(૪) અખંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.

(૫) અહો ! આવા જ્ઞાનમાં (પરદ્રવ્યના) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?

(૬) તથા પૌદ્‌ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે? (ન જ હોઈ શકે.)

* [પરપરિણતિને છોડતું :] (પરના નિમિત્તે રાગાદિરૂપ પરિણમતું હતું તે પરિણતિને છોડતું ઉદય પામ્યું છે.)
* [ભેદના કથનોને તોડી પાડતું :] (મતિજ્ઞાન આદિ જે અનેક ભેદો કહેવાતા હતા તેમને દૂર કરતું ઉદય પામ્યું છે.)
* [અખંડ :] (જ્ઞેયોના નિમિત્તથી અને ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો છે.)
* [અત્યંત પ્રચંડ :] (પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમતું નથી, બળવાન છે.)

**કળશામૃત :**

(૧) * પરિણમતું જે પરના નિમિત્તે રાગ-દ્વેષાદિરૂપે,
તે પરિણતિને છોડતું આ જ્ઞાન પામ્યું ઉદયને;

(૨) * મતિજ્ઞાન આદિ અનેક ભેદ તણા સહુએ ભાવ જે,
દૂરે કરંતુ તેમને આ જ્ઞાન પામ્યું ઉદયને;

(3) * બળવાન જ્ઞાયકભાવની દ્રષ્ટિ થઈ તે કારણે,
પ્રચંડ છે અત્યંત જે, આ જ્ઞાન પામ્યું ઉદયને;

(૪) * જ્ઞેયો તણા નિમિત્તથી ખંડિત હતું જે જ્ઞાન તે
ખંડોથી રહિત અખંડરૂપે જ્ઞાનમાત્ર જણાય છે;

(૫) * આત્મા અને પરદ્રવ્યની પ્રવૃત્તિ કર્તાકર્મની,
આવા અહો! આ જ્ઞાનમાં અવકાશને નથી પામતી;

(૬) * વળી પૌદ્‌ગલિક કર્મો અને આ આતમાના બંધની,
આવા અહો! આ જ્ઞાનમાં પ્રવૃત્તિ હોઈ શકે નહીં.

## ગાથા – ૭૩

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે કઈ વિધિ થી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :–

ગાથા :– છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શન પૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩

ટીકામૃત :–

(૧) ["એક :"] (i) * પ્રત્યક્ષ ખંડ રહિત જ્યોતિ અનંત હું ચિન્માત્ર છું,
નથી આદિ કે નથી અંત એવા ઉદયરૂપ હું નિત્ય છું;
(ii) * વિજ્ઞાનઘનનિજભાવમયતાને લીધે હું "એક" છું,
[આચાર્યશ્રીએ આ રીતે વર્ણન કર્યું છે "એક"નું.]

(૨) ["શુદ્ધ"] * કર્તાદિ ષટ્કારક તણી હું પ્રક્રિયાથી પાર છું,
નિર્મળ અહો એવી અનુભૂતિમાત્રથી હું "શુદ્ધ" છું.

(૩) ["મમત્વહીન"] (i) * પુદ્ગલ દરવ છે સ્વામી જેનું ક્રોધ આદિ ભાવ તે,
એના અનેકપણા તણા જે સ્વામીરૂપ ન પરિણમે
(ii) * કદીયે, અહા એવો હું છું તેથી જ મમતારહિત છું,
[આચાર્યશ્રીએ આ રીતે "મમત્વહીન" વિષે કહ્યું.]

(૪) ["જ્ઞાનદર્શન પૂર્ણ"] (i) * વસ્તુસ્વભાવ વડે અહો ચિન્માત્રજ્યોતિ આત્મ હું,
સામાન્ય તેમ વિશેષથી પરિપૂર્ણતા હોવાથી હું;
(ii) * છું "જ્ઞાન ને દર્શન વડે પરિપૂર્ણ" આતમ દ્રવ્ય હું,
આવો ખરે આકાશ આદિ જેમ વસ્તુવિશેષ છું.

(૫) [ચૈતન્યના અનુભવ વડે ક્રોધાદિનો ક્ષય :]
(i) * તેથી હવે હું સમસ્ત પરપ્રવૃત્તિને નિવૃત્ત કરી,
આ આત્મના જ સ્વભાવમાં તેથી અહો નિશ્ચલ રહી;
(ii) * પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચૈતન્યમાં,
કલ્લોલ ચંચળ જે થતાં નિરોધ કરીને તેમનાં;
(iii) * અજ્ઞાનથી જે ઉપજતાં મુજ આત્મમાં એ ભાવ સૌ,
ચૈતન્યનો અનુભવ કરંતો ક્રોધ આદિ ક્ષય કરું.

(૬) [વહાણ-વમળનું દ્રષ્ટાંત]
(i) * [ક્રોધાદિનો હું ક્ષય કરું-] નિશ્ચય કરી આત્મા મહીં,
સમુદ્રના વમળો અહો પકડેલ લાંબા સમયથી

(ii) * એવા વહાણને છોડી દે, ત્યમ છોડી સર્વ વિકલ્પને,
જલદી વમન કરી નાખતો એવો અહો છે આત્મ તે;
(iii) * અવિકલ્પ અવિચળ શુદ્ધ આતમને અહો અવલંબીને,
વિજ્ઞાનઘન થઈ એ આતમા સૌ આસ્રવોનો ક્ષય કરે.

ટીકા :– **(Slightly Modified)**

(૧) * [“એકઃ”]

૧. * હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ-

* અનાદિ-અનંત નિત્ય ઉદયરૂપ

૨. * વિજ્ઞાનઘન સ્વભાવભાવપણાને લીધે એક છું,

* [આ રીતે આચાર્યશ્રીએ “એક” બોલનું વર્ણન કર્યું.]

(૨) [“શુદ્ધઃ”]

* (કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ સ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી

* જે નિર્મળ અનુભૂતિ તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;

(૩) [“મમત્વહીન” :]

૧ * પુદ્‌ગલ દ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું

* વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે

૨ * સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું.

* [આ રીતે આચાર્યશ્રીએ “મમત્વહીન” બોલની વ્યાખ્યા કરી.]

(૪) [“જ્ઞાનદર્શનપૂર્ણઃ”]

૧ * ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું) વસ્તુસ્વભાવથી જ,

* સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી,

૨ * હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું.

* આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું.

(૫) [ચેતન્યના અનુભવ વડે ક્રોધાદિનો ક્ષય :]

૧ * તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે

* આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો,

૨ * સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા–

* જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે

૩ * પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં જે આ

* ક્રોધાદિક ભાવો તે સર્વને આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો ક્ષય કરું છું,

(૬) * [વહાણ-વમળનું દ્રષ્ટાંત :]

(૧) * [ક્રોધાદિ આસ્રવોનો હું ક્ષય કરું] એમ આત્મામાં નિશ્ચય કરીને

* સમુદ્રના વમળો ઘણા વખતથી પકડેલા વહાણને

(૨) * જેમ છોડી દે છે તેમ જેણે સર્વ વિકલ્પોને

* જલદી વમી નાખ્યા છે એવો

(૩) * નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો

* વિજ્ઞાનઘન થયો થકો આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

## ગાથા - ૭૪

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ (એક કાળ) કઈ રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :–

ગાથા :– **આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

ટીકામૃત :–

(૧) ["જીવનિબદ્ધ" :]

૧. * જ્યમ લાખ વૃક્ષની સાથ ઘાતક-વધ્યરૂપે બદ્ધ છે,
તેવી જ રીતે આસ્રવો આ 'જીવ સાથે બદ્ધ' છે;

૨. * સ્વભાવની વિરુદ્ધતા છે લાખ ને વૃક્ષો મહીં,
નથી લાખ વૃક્ષ જ તેથી ને આ આસ્રવો જીવ જ નથી.

(૨) ["અધ્રુવ" :]

૧. * વાઈ [જ્વર]ના વેગ સમ વધ-ઘટપણું જે પામતા;
તે આસ્રવો 'અધ્રુવ' છે ધ્રુવ છે અહો ચૈતન્ય આ.

(૩) ["અનિત્ય" :]

૧. * શીતદાહજ્વરની જેમ ક્રમસર આસ્રવો આ ઉપજતાં,
[કદી પાપ તો કદી પુણ્ય એમ અનુક્રમે તેઓ થતાં;]

૨. * તેથી 'અનિત્ય' કહ્યાં અહો [આ અશુભ ને શુભ ભાવને,]
વિજ્ઞાનઘન નિજભાવ છે તે જીવ છે નિત્ય જ ખરે.

(૪) ["અશરણ" :]

૧ * વીર્યસ્ખલન ક્ષણે જ દારૂણ કામ પામે નાશને,
રોકી શકાય ન કોઈથી તે કામસેવનને વિષે;

૨ * ત્યમ નાશ પામે આસ્રવો જે સમય કર્મોદય છૂટે,
રોકી શકાય ન જેમને તે આસ્રવો 'અશરણ' છે.

૩ * પોતાથી રક્ષિત સહજ ચિત્-શક્તિસ્વરૂપ જ જીવ જે,
બસ માત્ર તે જ શરણ સહિત છે [અન્ય કો નહિ શરણ છે.]

(૫) ૧. ["દુઃખરૂપ":] * આકુળતામય આસ્રવો જ સદાય દુઃખસ્વરૂપ છે;
આકુળતાથી રહિત છે તે જીવ સુખસ્વરૂપ છે.

(૬) ["દુઃખફળરૂપ] * જેઓ અનાગત કાળમાં આકુળતા ઉપજાવશે,
તે પુદ્ગલોના હેતુ આસ્રવભાવ દુઃખફળરૂપ છે;

૨. * પણ સર્વ પુદ્ગલ કરમનો હેતુ કદી આ જીવ નથી,
[છે જીવ તો સુખરૂપ] તેથી દુઃખફળરૂપ તે નથી.

(૭) ["આસ્રવોની નિવૃત્તિ અને ભેદજ્ઞાનની ઉત્પત્તિનો સમકાળ" :]

૧. * આ રીત આસ્રવ-જીવનું વિભાગજ્ઞાન થતાં જ જે,
વિપાક કર્મતણો શિથિલ જેમાં થયો છે જીવ તે;

૨. * ખંડિત થતાં ઘનઘોર વાદળ ફેલતો વિસ્તાર જે,
અસંકુચિત વિકાસ તેનો થાય ચિત્-શક્તિ વડે;

૩. * જ્યમ જ્ઞાનઘનનિજભાવ થાતો જાય છે આ આતમા,
ત્યમ આસ્રવો નિવૃત્ત થાતાં જાય છે સમકાળમાં;

૪. * જ્યમ આસ્રવો નિવૃત્ત થાતાં જાય છે જેવી રીતે,
ત્યમ જ્ઞાનઘનનિજભાવ થાતો જાય છે તેવી જ રીતે;

૫ * સમ્યક્ પ્રકારે આસ્રવોથી જેટલો નિવર્તતો,
વિજ્ઞાનઘન નિજભાવરૂપે તેટલો જ થતો અહો !

૬ * સમ્યક્ પ્રકારે જ્ઞાનઘન નિજભાવ થાતો જેટલો,
નિવર્તતો સમ્યક્ પ્રકારે તેટલો આત્મા અહો !

૭. * આ રીત નિવૃત્તિ આસ્રવોની, ઉત્પત્તિ સદ્જ્ઞાનની;
સમકાળમાં જ થતી અહો ! [સમજાવીયું કરુણા કરી.]

**ટીકા : [Slightly Modified :]**

(૧) ["જીવનિબદ્ધ" :]

(૧) * વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી
* આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;

(૨) * પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી [અર્થાત્ વિરુદ્ધસ્વભાવપણું હોવાથી]
* તેઓ [અર્થાત્ આસ્રવો] જીવ જ નથી. (લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વદ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એક-બીજાથી વિરુદ્ધ છે, માટે લાખ વૃક્ષ સાથે બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વદ્ય છે. આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી.)

(૨) ["અધ્રુવ" :]

૧. * વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી
* આસ્રવો અધ્રુવ છે, ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે

(૩) ["અનિત્ય" :]

૧. * આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી
* [કદી પાપરૂપે તો કદી પુણ્યરૂપે અનુક્રમે તેઓ ઉત્પન્ન થાય છે,]

૨. * તેથી [આ શુભ-અશુભભાવને] અનિત્ય [કહ્યાં] છે;
 * વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.

(૪) ["અશરણ" :]

૧. * જેમ વીર્ય છૂટી જાય તે જ ક્ષણે દારૂણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે,
 * કામસેવનમાં તે કોઈથી રોકી શકાતો નથી.

૨. * તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે,
 * રોકી શકાતા નથી માટે તેઓ અશરણ છે;

૩. * આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શક્તિથી જીવ જ
 * શરણ સહિત છે, [અન્ય કોઈ શરણ નથી.]

(૫) ["દુઃખરૂપ" :]

૧. * આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;
 * સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખ અર્થાત્ સુખરૂપ છે.

(૬) ["દુઃખફળરૂપ" :]

૧. * આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા
 * એવા પુદ્‌ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે.

૨. * (અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવાં છે);
 * જીવ જ સમસ્ત પુદ્‌ગલ પરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે (અર્થાત્ દુઃખફળરૂપ નથી).

(૭) [આસ્રવોની નિવૃત્તિ અને ભેદજ્ઞાનની ઉત્પત્તિનો સમકાળ □:]

૧. * આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ
 * જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા,

૨. * જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ
 * અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે એવો, સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે

૩. * જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે
 * તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, અને

૪. * જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે
 * તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે;

૫. * જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે
 * તેટલો [તે] વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે.

૬. * અને જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે
 * તેટલો આસ્રવોથી નિવર્તે છે.

૭. * આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને
 * સમકાળપણું છે. [-એમ આચાર્યશ્રીએ કરુણા કરીને સમજાવ્યું.]

## કળશ-૪૮

ઉત્થાનિકા :–હવે આ જ અર્થના કળશરૂપ અને આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :– [Slightly Rearranged]**

(૧) * એ રીતે હમણાં જ (તુરત જ) પૂર્વકથિત વિધાનથી
* પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને

(૨) * વિજ્ઞાનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો
* અર્થાત્ પોતાનો આશ્રય કરતો (અથવા નિઃશંકપણે આસ્તિક્યભાવથી સ્થિર કરતો),

(૩) * અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના
* અભ્યાસથી થયેલા ક્લેશથી નિવૃત્ત થયેલો,

(૪) * પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો, જગતનો સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા),
* પુરાણપુરુષ (આત્મા) અહીંથી હવે પ્રકાશમાન થાય છે.

**કળશામૃત :**

(૧) * તુરંત આ રીત આતમા આ પૂર્વકથિત વિધાનથી,
નિવૃત્તિ કરી પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ સર્વ પ્રકારથી;

(૨) * વિજ્ઞાનઘન નિજભાવ કેવળ પર થઈ આરૂઢ તે
નિર્ભયપણે, કરતો અહો નિજભાવનો આશ્રય અને

(૩) * અજ્ઞાનથી ઉત્પન્ન એવી કર્તૃકર્મપ્રવૃત્તિના
અભ્યાસથી ઉપજેલ ક્લેશથી નિવૃત્તિ પામી અહા !

(૪) * પોતે જ જ્ઞાનસ્વરૂપ થઈને, જગતનો સાક્ષી અહા !
પુરાણ પુરુષ પ્રકાશતો અહીંથી હવે [આ આતમા].

## ગાથા – ૭૫

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય? તેનું ચિહ્ન (લક્ષણ) કહો. તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :–

ગાથા :– * પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે,
તે નવ કરે જે, માત્ર જાણે તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

ટીકામૃત :- (૧) * [મોહ-રાગાદિ તથા સ્પર્શાદિ પુદ્ગલપરિણામ છે :]

૧. * આ મોહ, રાગાદિ અને સુખ, દુઃખ આદિ ભાવ છે,
જે અંતરંગે ઉપજે તે કર્મના પરિણામ છે;

૨. * ને સ્પર્શ, રસ આદિ અને સંસ્થાન, સ્થૂલતાદિરૂપે,
બહિરંગમાં જે ઉપજે નોકર્મના પરિણામ તે;

૩. * આ સર્વ પરિણામો કહ્યાં પુદ્ગલ તણા છે નિશ્ચયે;
[એ મોહ આદિક ભાવ છે અસ્થિરતાથી જ્ઞાનીને.]

(૨) [પુદ્ગલ દ્રવ્ય ઉપરોક્ત પુદ્ગલપરિણામનું કર્તા છે :]

૧. * છે વ્યાપ્યવ્યાપકભાવ ઘટ ને માટી એ બન્ને વિષે,
ને તેથી કર્તૃકર્મનો સંબંધ છે તે બેઉને;

૨. * પુદ્ગલ દરવ-પુદ્ગલ તણા પરિણામ[૧]ને પણ એ રીતે,
છે વ્યાપ્યવ્યાપકભાવ તેથી કર્તૃકર્મસંબંધ છે;

૩. * પુદ્ગલદરવ વ્યાપક થઈ પરિણામ[૧]નું કર્તા અને
પરિણામ વ્યાપ્યરૂપે થઈને કર્મ પુદ્ગલનું બને.

(૩) [આત્મા પુદ્ગલપરિણામનો નહિ પરંતુ તેના જ્ઞાનપરિણામનો કર્તા છે : ]

૧. * પુદ્ગલદરવ કર્તા થઈને કર્મરૂપ જેને કરે,
નોકર્મકર્મરૂપે અહો પુદ્ગલ તણા પરિણામ[૧]ને;

૨. * પુદ્ગલ તણા પરિણામ[૧] એ ને આતમા બન્ને વિષે,
કુંભાર-ઘટની જેમ વ્યાપકવ્યાપ્તપણું ના હોઈને,

પાદટીપ્પણ : અહીં છંદાનુરોધને કારણે ‘પુદ્ગલપરિણામ’ તથા ‘આત્મપરિણામ’ શબ્દોને બદલે માત્ર ‘પરિણામ’ શબ્દનો જ ઉપયોગ નીચે પ્રમાણે કરાયો છે.

કર્તાવ્યાપક : પુદ્ગલ—કર્મ/વ્યાપ્ય : (૧) પુદ્ગલ પરિણામ = મોહ-રાગાદિ તથા શરીરાદિની ક્રિયા

કર્તાવ્યાપક : આત્મા–કર્મ/વ્યાપ્ય : (૨) આત્મપરિણામ = રાગને જાણનાર જ્ઞાન પરિણામ.

3 * નથી કર્તૃ-કર્મની સિદ્ધિ થાતી આતમા-પરિણામને,
કર્તા નથી પરિણામ[૧]નો આ આતમા નિશ્ચયનયે;

૪ * પરિણામ[1]ના એ જ્ઞાનને કરી કર્મરૂપ, જે આત્મને
નોકર્મ કર્મથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ જાણે જ્ઞાની તે.

(૪) (પુદ્ગલ પરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે)

૧. * જ્યમ વ્યાપ્યવ્યાપકભાવ નથી ઘટને અને કુંભારને,
નથી કર્તૃકર્મપણા તણી સિદ્ધિ થતી બન્ને વિષે;

૨. * પુદ્ગલ અને પરિણામ[1]ના ત્યમ જ્ઞાન વચ્ચે નિશ્ચયે
[નથી વ્યાપ્યવ્યાપકભાવ તેથી કર્તૃકર્મ અસિદ્ધ છે.]

૩. * ને જેમ ઘટ ને માટી વચ્ચે વ્યાપ્યવ્યાપકભાવ છે,
ને તેથી કર્તાકર્મનો સંબંધ છે તે બેયને.

૪. * પરિણામ[2]ને ત્યમ આત્મ સાથે વ્યાપ્યવ્યાપકભાવ છે,
ને તેથી કર્તૃકર્મનો સંબંધ છે તે બે વિષે.

૫. * આ આતમા સ્વાધીન વ્યાપક આત્મના પરિણામ[2]નો
છે, તેથી કર્તા આતમા પરિણામના એ જ્ઞાનનો;

૬. * પરિણામ[1]નું એ જ્ઞાન વ્યાપ્ત થતું સ્વયં વ્યાપક વડે
ને તેથી કર્તા આતમાનું કર્મ એ પરિણામ[2] છે.

(૫) [જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે :]

૧. * પરિણામ[1]નું જ્ઞાન ભલે જ્ઞાતા કરે છે આ રીતે
પુદ્ગલ તણું પરિણામ[1] કિંતુ ન આતમાનું વ્યાપ્ય છે;

૨. * આત્મા અને પુદ્ગલ વિષે વ્યવહારમાત્ર ભલે જ હો
સંબંધ જ્ઞાયકજ્ઞેયનો, પરંતુ આતમ દ્રવ્ય તો

૩. * છે વ્યાપ્ત માત્ર જ જ્ઞાનમાં પુદ્ગલ તણા પરિણામ[1]ના
[તેથી] છે જ્ઞાનમાત્ર જ કર્મ ને જ્ઞાતા જ છે કર્તા અહા !

પાદટીપ્પણ : (૧) પરિણામ = પુદ્ગલપરિણામ = રાગાદિ કર્મપરિણામ તથા સ્પર્શાદિ નોકર્મપરિણામ
(૨) પરિણામ = આત્મપરિણામ = પુદ્ગલપરિણામનું જ્ઞાન.

**ટીકા :– [Slightiy Rearranged :]**

(૧) [મોહ-રાગાદિ તથા સ્પર્શાદિ પુદ્ગલપરિણામ છે :]

૧. * મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે
* અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,

૨. * અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે.
* બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ,

૩. * તે બધુંય નિશ્ચયથી પુદ્ગલ પરિણામ છે.

* [અહીં જ્ઞાનીને અસ્થિરતાને કારણે થતા મોહ-રાગ, સુખ-દુઃખાદિ વિષે કહ્યું છે.]

(૨) [પુદ્ગલ દ્રવ્ય ઉપરોક્ત પુદ્ગલપરિણામનું કર્તા છે :]

૧. * પરમાર્થે જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્ભાવ
* હોવાથી કર્તાકર્મપણું છે,

૨. * તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ
* વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.

૩. * પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે અને
* પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.

(૩) [આત્મા પુદ્ગલપરિણામનો નહિ પરંતુ તેના જ્ઞાનપરિણામનો કર્તા છે :]

૧. * તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું,
* જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ તેને,

૨. * પુદ્ગલપરિણામને અને આત્માને
* ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે

૩. * [આત્મા અને પુદ્ગલપરિણામને] કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,
* જે આત્મા પરમાર્થે કરતો નથી,

૪. પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,
* તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.

(૪) (પુદ્ગલ પરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે :)

૧. * [જેમ] ઘટ અને કુંભારને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી
* કર્તાકર્મપણાની અસિદ્ધિ છે,

૨. * [તેમ] પરમાર્થે પુદ્ગલ પરિણામના જ્ઞાનને અને પુદ્ગલને
* [વ્યાપ્યવ્યાપકભાવ નથી તેથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે.]

૩. * અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ
* હોવાથી કર્તાકર્મપણું છે,

૪. * તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ
* હોવાથી કર્તાકર્મપણું છે.

૫. * આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો
* એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે અને

૬ * પુદ્ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું
* હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.

(૫) [જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે :]

૧. * વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન કરે છે તેથી)
   * એમ પણ નથી કે પુદ્‌ગલ પરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;

૨. * કારણ કે પુદ્‌ગલને અને આત્માને વ્યવહારમાત્ર જ
   * જ્ઞેયજ્ઞાયકનો સંબંધ હોવા છતાં પણ [આત્મદ્રવ્ય તો]

૩. * પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન [તેમાં જ વ્યાપ્ત છે; તેથી]
   * તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. (માટે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.)

## કળશ-૪૯

ઉત્થાનિકા :–હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,
   ⁎ અતત્સ્વરૂપમાં ન જ હોય.
૨. ⁎ અને વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના કર્તાકર્મની સ્થિતિ કેવી?
   ⁎ અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય.
૩. ⁎ આવો પ્રબળ વિવેકરૂપ અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે
   ⁎ એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી
૪. ⁎ અજ્ઞાન-અંધકારને ભેદતો, આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને,
   ⁎ તે કાળે કર્તૃત્વરહિત (કર્તૃત્વશૂન્ય) થયેલો શોભે છે.

**કળશામૃત :–**

(૧) * વ્યાપ્ય ને વ્યાપકપણું તો હોય છે તત્સ્વરૂપમાં,
અતત્સ્વરૂપ મહીં કદી ના હોય વ્યાપકવ્યાપ્યતા;
(૨) * ને વ્યાપ્યવ્યાપકતા વિના કદી કર્તૃકર્મની સ્થિતિ ના,
જ્યાં વ્યાપ્યવ્યાપકતા તહાં છે કર્તૃકર્મપણું અહા!
(3) * આવો પ્રબળ વિવેકરૂપ ને સર્વ જાણનહાર છે,
જેનો સ્વભાવ [મહાન] એવી જ્ઞાનની શક્તિ વડે;
(૪) * અજ્ઞાન-અઘને ભેદતો થઈ જ્ઞાનરૂપ આત્મા અહો!
કર્તૃત્વશૂન્ય થયો થકો તે કાળ જ્ઞાયક શોભતો.

## ગાથા – ૭૬

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે પુદ્ગલકર્મને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– વિધવિધ પુદ્ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.

ટીકામૃત :

(૧) [પુદ્ગલદ્રવ્ય પુદ્ગલપરિણામને કરે છે :–]

૧. * પુદ્ગલ તણા પરિણામરૂપ[x] કર્તાતણું છે કર્મ જે,
વિકાર્ય, પ્રાપ્ય, નિર્વત્ય એવા વ્યાપ્યલક્ષણ સહિત છે;

૨. * અંતર મહીં વ્યાપક થઈ જડ*દ્રવ્ય તે પરિણામમાં,
પોતે જ આદિ-મધ્ય-અંતે** વ્યાપીને તેમાં અહા;

૩. * તેને જ ગ્રહતું, તેહરૂપે પ્રણમતું ને ઊપજતું,
પુદ્ગલ તણા પરિણામનું જડ*દ્રવ્ય એ કર્તા થતું.

(૨) [પુદ્ગલકર્મને જાણતા એવા જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.]

૧. * આ રીત પુદ્ગલદ્રવ્ય [કર્તા થઈ] કરંતુ જેહ તે,
પુદ્ગલ તણા પરિણામને એ જ્ઞાની જીવ જાણે ભલે;

૨. * જ્યમ માટી વ્યાપે અંતરંગે ઘટ મહી વ્યાપક થઈ,
પોતે જ આદિ-મધ્ય-અંતે** [ઘટમયી જ સ્વયં થઈ;]

૩. * ઘટને ગ્રહે, ઘટરૂપ પ્રણમે, ઘટરૂપે ઊપજે અહા,
પણ જ્ઞાની પોતે બાહ્યસ્થિત પરદ્રવ્યના પરિણામમાં;

૪. * વ્યાપી ન આદિ-મધ્ય-અંતે** અંતરંગે તેમના,
ગ્રહતો નથી, નથી પ્રણમતો, નથી ઊપજતો [કદીયે અહા.]

૫. * પુદ્ગલદરવરૂપ કરમને જ્ઞાની જરૂર જાણે ભલે,
તોપણ વિકાર્ય, નિવર્ત્ય તેમજ પ્રાપ્ય એવા કર્મને;

૬. * જે વ્યાપ્યલક્ષણ સહિત છે પરદ્રવ્યનું પરિણામ તે,
તેને ન કરતા જ્ઞાનીને જડ*થી ન કર્તૃકર્મ છે.

* જડ = પુદ્ગલ; ** અંતે = અંતમાં

X પુદ્ગલતણા પરિણામ = વિકારી ભાવો = પુદ્ગલકર્મનું કાર્ય.

**ટીકા :– [Slightly Rearranged]**

(૧) * [પુદ્‌ગલદ્રવ્ય પુદ્‌ગલ પરિણામને કરે છે :–]

૧. * પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય) [છે,]

* [તે] પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) [છે,]

૨. * તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,

* આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,

૩. * તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું,

* તે પુદ્‌ગલપરિણામને કરે છે.

(૨) * [પુદ્‌ગલકર્મને જાણતા એવા જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી :]

૧. * આમ પુદ્‌ગલદ્રવ્ય વડે [કર્તા થઈને] કરવામાં આવતા

* પુદ્‌ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,

૨. * જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,

* આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,

૩. * ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ,

* જ્ઞાની પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં

૪. * અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,

* તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી;

૫. * માટે જોકે જ્ઞાની પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ

* પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે

૬. * વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,

* તેને નહિ કરતા એવા જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

## ગાથા – ૭૭

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭

ટીકામૃત :–

(૧) * [જ્ઞાની આત્મપરિણામને (નિર્મળ પર્યાયને) કરે છે.]

૧. * નિજ આત્મના પરિણમનરૂપ કર્તા તણું છે કર્મ તે,
વિકાર્ય, પ્રાપ્ય, નિર્વત્ય એવા વ્યાપ્યલક્ષણ સહિત છે;

૨. * અંતર મહીં વ્યાપક થઈ આત્મા સ્વયં પરિણામમાં
તે, આદિ તેમજ મધ્ય-અંતે[૨] વ્યાપીને [તેમાં અહા;]

૩. * તેને ગ્રહી, તે-રૂપ પ્રણમી, તે-રૂપે ઊપજી અહા,
નિજ આત્મના પરિણામને આત્મા કરે છે [સર્વદા.]

(૨) [પોતાના પરિણામને જાણતો એવો જ્ઞાની રાગાદિનો કર્તા નથી.]

૧. * આ રીત આત્માથી કરાતું આત્મનું પરિણામ જે,
જ્ઞાની [જરૂર] જાણે [અહો તન્મયપણે] તેને ભલે;

૨. * જ્યમ માટી વ્યાપે અંતરંગે ઘટ મહીં વ્યાપક થઈ,
પોતે જ આદિ-મધ્ય-અંતે[૨] [ઘટમયી પોતે થઈ;]

૩. * ઘટને ગ્રહે, ઘટરૂપ પ્રણમે, ઘટરૂપે ઊપજે અહા,
ત્યમ જ્ઞાની પોતે બાહ્યસ્થિત પરદ્રવ્યના પરિણામમાં;

૪. * વ્યાપે ન આદિ-મધ્ય-અંતે[૨] અંતરંગે તેમના;
ગ્રહતો નથી, નથી પ્રણમતો, નથી ઊપજતો [કદીયે અહા,]

૫. * નિજ આત્મના પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
તોપણ વિકાર્ય, નિવર્ત્ય તેમજ પ્રાપ્ય એવા કર્મને;

૬. * જે વ્યાપ્યલક્ષણ સહિત છે પરદ્રવ્યનું પરિણામ તે,
તેને ન કરતા જ્ઞાનીને જડ[૩]થી ન કર્તૃકર્મ છે.

૧ પુદ્ગલ= રાગાદિ ભાવો ૨ અંતે = અંતમાં ૩ જડ = પુદ્ગલ

ટીકા :– **[Slightly Rearranged]**

(૧) * [જ્ઞાની આત્મપરિણામને (નિર્મળ પર્યાયને) કરે છે.]

૧. * આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય) [છે તે,]

* પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું, વ્યાપ્યવ્યાપકલક્ષણવાળું [છે;]

૨. * તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને,
* આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
૩. * તેને ગ્રહતો, તે-રૂપે પરિણમતો અને તે-રૂપે ઊપજકો થકો,
* તે આત્મ પરિણામને કરે છે;
(૨) * [પોતાના પરિણામને જાણતો એવો જ્ઞાની રાગાદિનો કર્તા નથી.]
૧. * આમ આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ
* તેને જ્ઞાની જાણતો હોવા છતાં,
૨. * જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,
* આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
૩. * ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે.
* તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં
૪. * અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
* તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી;
૫. * માટે, જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે
* તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે
૬ * વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,
* તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ[૧] સાથે કર્તાકર્મભાવ નથી.

૧. પુદ્‌ગલ = રાગાદિ વિકારી ભાવો.

## ગાથા – ૭૮

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે.

ગાથા :– * પુદ્‌ગલકરમનું ફળ અનંતુ જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.

ટીકામૃત :–

(૧) * [પુદ્‌ગલ દ્રવ્ય પુદ્‌ગલકર્મફળને કરે છે :]

૧ * પુદ્‌ગલકરમના ફળરૂપે સુખદુઃખ આદિ કર્મ જે,
વિકાર્ય, પ્રાપ્ય, નિર્વત્ય એવા વ્યાપ્ય લક્ષણ સહિત છે;

૨. * અંતર મહીં વ્યાપક થઈ જડ*દ્રવ્ય તે પરિણામમાં,
[પોતે જ] આદિ-મધ્ય-અંતે વ્યાપીને તેમાં અહા;

૩. * તેને જ ગ્રહતું, તેહરૂપે પ્રણમતું ને ઊપજતું,
સુખદુઃખ આદિરૂપ તે પુદ્‌ગલકરમફળરૂપ થતું.

(૨) [પુદ્‌ગલકર્મફળને જાણતા એવા જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી :]

૧. * આ રીત પુદ્‌ગલદ્રવ્ય [કર્તા થઈ] કરંતુ જેહ તે,
સુખ દુઃખ આદિ કર્મફળને જ્ઞાની જીવ જાણે ભલે;

૨. * જ્યમ માટી વ્યાપે અંતરંગે ઘટ મહીં વ્યાપક થઈ,
પોતે જ આદિ-મધ્ય-અંતે [ઘટમયી પોતે થઈ;]

૩. * ઘટને ગ્રહે, ઘટરૂપ પ્રણમે, ઘટરૂપે ઊપજે અહા,
પણ જ્ઞાની પોતે બાહ્યસ્થિત પરદ્રવ્યના પરિણામમાં;

૪. * વ્યાપે ન આદિ-મધ્ય-અંતે અંતરંગે તેમના,
ગ્રહતો નથી, નથી પ્રણમતો, નથી ઊપજતો [કદીયે અહા.]

૫. * સુખદુઃખ આદિ કર્મફળને જ્ઞાની જીવ જાણે ભલે,
તોપણ વિકાર્ય, નિવર્ત્ય તેમજ પ્રાપ્ય એવા કર્મને;

૬. * જે વ્યાપ્યલક્ષણ સહિત છે પરદ્રવ્યનું પરિણામ તે,
તેને ન કરતા જ્ઞાનીને જડ*થી ન કર્તૃકર્મ છે.

* જડ = પુદ્‌ગલ

ટીકા :– **[Slightly Rearranged]**

(૧) * [પુદ્‌ગલદ્રવ્ય પુદ્‌ગલ કર્મફળને કરે છે :–]

૧. * સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય) [છે,]

* [તે] પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું [છે;]

૨. * તેનામાં પુદ્‌ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને,
   * આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
૩. * તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું,
   * તે સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળને કરે છે.
(૨) * [પુદ્‌ગલકર્મફળને જાણતા એવા જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી :]
૧. * આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતું
   * જે સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,
૨. * જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને,
   * પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
૩. * ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે,
   * તેમ જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં
૪. * અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
   * તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રીતે ઊપજતો નથી;
૫. * માટે જોકે જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મના ફળને જાણે છે તોપણ,
   * પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે
૬. * વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,
   * તેને નહિ કરતા એવા જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

## ગાથા – ૭૯

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહીં જાણતા એવા પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે.

ગાથા : * એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,
પરદ્રવ્ય પર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯

ટીપ્પણ :– * જીવ = સમ્યગ્દ્રષ્ટિ જીવ જડ = પુદ્‌ગલ

* પ્રાપ્ય = થતું; વિકાર્ય = પલટતું; નિર્વત્ય = ઊપજતું (-નિપજતું)

* જીવના પરિણામ = સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ, સ્વચ્છતા આદિ વીતરાગી પરિણામ.

* પોતાના પરિણામ = પુદ્‌ગલદ્રવ્યના પરિણામ = દયા, દાનાદિ તથા રાગ-દ્વેષાદિ

* પરદ્રવ્યના પરિણામ = જીવના પરિણામ

* પોતાના (-પુદ્‌ગલદ્રવ્યના) પરિણામના ફળ = હરખ-શોક, સુખ-દુઃખાદિ પરિણામ

* પુદ્‌ગલ દ્રવ્ય = રાગ

ટીકામૃત : (૧) [પુદ્‌ગલદ્રવ્ય (-રાગ) પરદ્રવ્યના (-જીવના) પરિણામને કરતું નથી :]

૧ * જ્યમ માટી વ્યાપે અંતરંગે ઘટ મહીં વ્યાપક થઈ,
પોતે જ આદિ-મધ્ય-અંતે [ઘટમયી પોતે થઈ,]

૨ * ઘટને ગ્રહે, ઘટરૂપ પ્રણમે, ઘટરૂપે ઊપજે અહા,
ત્યમ જીવના પરિણામને, પરિણામને નિજના તથા;

૩ * તેના જ ફળને જાણતું નહિ એવું પુદ્‌ગલ દ્રવ્ય આ,
પરદ્રવ્યના પરિણામમાં વ્યાપક થઈ પોતે [સદા;]

૪ * પોતે જ આદિ-મધ્ય-અંતે વ્યાપીને તેમાં અહા,
ગ્રહતું નથી, નથી પ્રણમતું, નથી ઊપજતું તે-રૂપમાં.

(૨) * [પુદ્‌ગલદ્રવ્ય પોતાના પરિણામને કરે છે :]

૧ * વિકાર્ય, પ્રાપ્ય, નિર્વત્ય એવા વ્યાપ્યલક્ષણ સહિત જે,
નિજના સ્વભાવરૂપે અહો કર્તાતણું છે કર્મ તે;

૨. * અંતર મહીં વ્યાપક થઈ જડદ્રવ્ય તે પરિણામમાં,
પોતે જ આદિ-મધ્ય-અંતે વ્યાપીને તેમાં અહા,

૩. * તેને ગ્રહે, તે-રૂપ પ્રણમે, તે-રૂપે ઊપજે [સદા,]
[આ રીત પુદ્‌ગલ દ્રવ્ય નિજ પરિણામનું કર્તા અહા.]

૧. * ને તેથી જીવપરિણામને, પરિણામને નિજના તથા,
તેના જ ફળ જાણતું નહિ એવું પુદ્‌ગલદ્રવ્ય આ;

૨. * વિકાર્ય, પ્રાપ્ય, નિર્વત્ય એવા વ્યાપ્યલક્ષણ સહિત છે,
પરદ્રવ્યના પરિણામરૂપ [કર્તાતણું] તે કર્મ જે;
૩. * તેને નથી કરતું [કદી] પુદ્‌ગલદરવ એ કારણે,
જીવ સાથ કર્તૃ-કર્મનો સંબંધ નથી જડકર્મને.

ટીકા :–

(૧) * [પુદ્‌ગલદ્રવ્ય પરદ્રવ્યના પરિણામને કરતું નથી :]
૧. * જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,
* આદિં-મધ્ય-અંતમાં વ્યાપીને,
૨. * ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે તેમ,
* જીવના પરિણામને, પોતાના પરિણામને અને
૩. * પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્‌ગલ દ્રવ્ય
* પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,
૪. * પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
* તેને ગ્રહતું નથી, તે-રૂપે પરિણમતું નથી અને તે-રૂપે ઉપજતું નથી;
(૨) * [પુદ્‌ગલદ્રવ્ય પોતાના પરિણામને કરે છે :]
૧. * પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્ય લક્ષણવાળું
* પોતાના સ્વભાવરૂપ કર્મ (કર્તાનું કાર્ય) [છે;]
૨. * તેનામાં (તે પુદ્‌ગલદ્રવ્ય) અંતર્વ્યાપક થઈને
* પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,
૩. * તેને જ ગ્રહે છે, તે-રૂપે જ પરિણમે છે અને તે-રૂપે જ ઊપજે છે,
* [આ રીતે પુદ્‌ગલદ્રવ્ય પોતાના જ પરિણામને કરે છે,]
(૩) * [પુદ્‌ગલદદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી :]
૧. * માટે, જીવના પરિણામને, પોતાના પરિણામને અને
* પોતાના પરિણામને ફળને નહિ જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય
૨. * પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જે વ્યાપ્યવ્યાપકલક્ષણવાળું
* [જે] પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ [છે,]
૩. * તેને નહિ કરતું હોવાથી,
* તે પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.

## કળશ – ૫૦

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે

* અને પુદ્‌ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે,

(૨) * આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બંને ભિન્ન દ્રવ્યો હોવાથી),

* તે બંને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે.

(૩) * જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું ભાસે છે એવી ભ્રમબુદ્ધિ

* અજ્ઞાનને લીધે [જે ચિરકાળથી થાય છે]

(૪) * ત્યાં સુધી ભાસે છે (-થાય છે) કે જ્યાં સુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ

* નિર્દય રીતે (ઉગ્ર રીતે) જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને પ્રકાશિત થતી નથી.

## કળશામૃત :-

(૧) * નિજ-પર પરિણતિ જાણતો જ્ઞાની પ્રવર્તે છે સદા,
નિજ-પર પરિણતિ જાણતું નહિ જડ[૧] પ્રર્વતે છે અહા;

(૨) * અત્યંત આવો ભેદ તેઓ માંહી હોવાને લીધે,
સમર્થ નથી તે બેઉ વ્યાપક-વ્યાપ્યતાની પ્રાપ્તિને,

(૩) * જીવ-પુદ્‌ગલોને કર્તૃ-કર્મસંબંધ છે ભ્રમબુદ્ધિ એ,
અજ્ઞાનના કારણ થકી [ચિરકાળથી] જે થાય છે,

(૪) * તે ત્યાં સુધી કે જ્યાં સુધી વિજ્ઞાનજ્યોતિ ક્રકચ સમી,
નિર્દયપણે જડ-જીવમાં ઉપજાવી ભેદ ન પ્રગટતી.

પાદટીપ્પણ :–અહીં 'પરિણતિ'નો અર્થ દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે.

* જીવ અપેક્ષાએ : પોતાની પરિણતિ = સમ્યગ્દર્શનાદિ નિર્મળ વીતરાગી પરિણામ સહિત નિર્મળ દ્રવ્ય, નિર્મળ ગુણ; અથવા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ.

* પરપરિણતિ = રાગનો ઉત્પાદ, પૂર્વનું અવસ્થાંતર, તેના ગુણ અને દ્રવ્યની ધ્રુવતા
= પુદ્‌ગલદ્રવ્યકર્મના દ્રવ્ય, ગુણ તથા અશુદ્ધ પર્યાય.

## ગાથા – ૮૦, ૮૧, ૮૨

ઉત્થાનિકા :–જો કે જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય (પરસ્પર) નિમિત્તમાત્રપણું છે તોપણ તેમને (બન્નેને) કર્તાકર્મપણું નથી એમ હવે કહે છે :–

ગાથા :– * જીવભાવ હેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;
એવી રીતે પુદ્‌ગલકરમ નિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.
* જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.
* એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.

ટીકામૃત :– (૧) [જીવ અને પુદ્‌ગલ વચ્ચે વ્યાપ્યવ્યાપકભાવ નથી.]

૧. * પરિણામને જીવના નિમિત્ત કરી અહો આ પુદ્‌ગલો,
દ્રવકર્મરૂપે પરિણમે છે તેમ આ જીવ પણ અહો;
૨. * દ્રવકર્મના નિમિત્તથી પરિણામ પોતાના કરે,
એ રીત જીવપરિણામ ને પુદ્‌ગલ તણા પરિણામને;
૩. * અન્યોન્ય હેતુપણા તણો ઉલ્લેખ હોવા પણ ભલે,
જીવ-પુદ્‌ગલો વચ્ચે ન કોઈ વ્યાપ્યવ્યાપકભાવ છે.

(૨) [જીવ-પુદ્‌ગલ વચ્ચે કર્તાકર્મસંબંધ નથી પરંતુ નિમિત્તનૈમિત્તિકસંબંધ છે.]

૧. * તેથી અહો આ જીવ ને પુદ્‌ગલ તણા પરિણામને,
ને પુદ્‌ગલોને જીવના પરિણામ સાથે પણ ખરે;
૨. * નથી સિદ્ધિ કર્તા-કર્મના સંબંધની તેથી અને
નિષેધ્ય નહિ નિમિત્તનૈમિત્તિક હોવાથી ખરે;
૩. * અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને,
[બે દ્રવ્યના સંબંધનો સંક્ષેપમાં આ સાર છે.]

(૩) * [જીવ નિજભાવનો કથંચિત્ કર્તા છે, પુદ્‌ગલભાવોનો કદાપિ નહિ.]

૧. * ને તેથી જ્યમ માટી વડે ઘટ [આદિ પાત્ર] કરાય છે,
નિજ ભાવથી પણ તે રીતે નિજભાવને જ કરાય છે.
૨. * નિજ ભાવનો કર્તા કથંચિત્ તેથી આ જીવ થાય છે,
પણ વસ્ત્ર થઈ શકતું નથી કદી [કો' રીતે] માટી વડે;
૩. * નિજ ભાવથી પરભાવનું કરવું અશક્ય જ હોઈને,
જીવ પુદ્‌ગલોના ભાવનો, કર્તા નથી તેથી ખરે.

**ટીકા :–**

(૧) * [જીવ અને પુદ્‌ગલકર્મ વચ્ચે વ્યાપ્યવ્યાપકભાવ નથી :]

૧. * ‘જીવ પરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો

* કર્મપણે પરિણમે છે અને

૨. * પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે’—

* એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને

૩. * અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં પણ

* જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે

(૨) * [જીવ-પુદ્‌ગલ વચ્ચે કર્તાકર્મસંબંધ નથી પરંતુ નિમિત્તનૈમિત્તિકસંબંધ છે :]

૧. * જીવને પુદ્‌ગલ પરિણામો સાથે

* અને પુદ્‌ગલકર્મને જીવ પરિણામો સાથે

૨. * કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને,

* માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી,

૩. * અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બંનેના પરિણામ (થાય) છે;

* [બે દ્રવ્યો વચ્ચેના સંબંધ વિષે આ સંક્ષેપમાં સાર છે.]

(૩) [જીવ નિજભાવનો કથંચિત્ કર્તા છે, પુદ્‌ગલભાવોનો કદાપિ નહિ :]

૧. * તે કારણે [અર્થાત્ તેથી] જેમ માટી વડે ઘડો કરાય છે

* તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,

૨. * જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે.

* પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી.

૩. * તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી

* (જીવ) પુદ્‌ગલભાવોનો કર્તા તો કદી પણ નથી એ નિશ્ચય છે.

## ગાથા – ૮૩

ઉત્થાનિકા :–તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ (ભોક્તાભોગ્યપણું) છે એમ હવે કહે છે :–

ગાથા :– આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું;
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.

ટીકામૃત :–

(૧) * [પ્રથમ વ્યાપકવ્યાપ્યપણું સમુદ્ર અને પવનના દ્રષ્ટાંત વડે સમજાવે છે :–]

૧. * નિમિત્ત સમુદ્રતરંગને છે વાવું માત્ર પવન તણું,
નિમિત્ત સ્થિર સમુદ્રને નહીં વાવું માત્ર પવન તણું;

૨. * અભાવ વ્યાપકવ્યાપ્યતાનો છે સમુદ્ર-પવન વિષે,
તેથી ન કર્તા-કર્મની હોવાથી સિદ્ધિ બેઉને;

૩. * વ્યાપક થઈ અંતર મહીં બન્ને અવસ્થાઓ વિષે,
સમુદ્ર આદિ-મધ્ય-અંતે વ્યાપીને પોતે જ ને

૪. * બંને અવસ્થાઓરૂપે નિજને જ તે કરતો થકો,
નિજ એકમાત્ર જ ને કરંતો તે અહો પ્રતિભાસતો;

૫. * પણ અન્યને કરતો નહિ એવો અહો પ્રતિભાસતો,
[આ રીત વ્યાપકવ્યાપ્યના દ્રષ્ટાંતને સમજાવીયો.]

(૨) * [જ્યાં વ્યાપકવ્યાપ્યભાવ છે ત્યાં જ કર્તાકર્મપણું છે—એ સિદ્ધાંત કહે છે :]

૧. * ઉત્પત્તિ કર્મવિપાકની જ નિમિત્ત છે સંસારની,
નિવૃત્તિ કર્મવિપાકની નિમિત્ત નિઃસંસારની;

૨. * અભાવ વ્યાપકવ્યાપ્યતાનો છે અહો જીવ-કર્મને,
તેથી ન કર્તાકર્મની હોવાથી સિદ્ધિ બેઉને;

૩. * વ્યાપક થઈ અંતર મહીં બન્ને અવસ્થાઓ વિષે,
જીવ આદિ તેમજ મધ્ય-અંતે વ્યાપીને પોતે જ ને;

૪. * બંને અવસ્થાઓરૂપે નિજને જ તે કરતો થકો,
નિજ એકમાત્ર જ ને કરંતો જીવ તે પ્રતિભાસજો;

૫. * પણ અન્યને કરતો નહીં એવો અહો પ્રતિભાસજો,
[જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ છે ત્યાં કર્મકર્તા જાણજો.]

(૩) * [હવે ભાવકભાવ્યપણું સમુદ્ર અને પવનના દ્રષ્ટાંત વડે સમજાવે છે :–]

૧. * વળી તે જ સાગર ભાવ્યભાવકના અભાવ થકી અહા
પરભાવનો પરથી ન અનુભવ શક્ય હોવાથી કદા;

૨. * તરંગરહિત–સહિત નિજનો અનુભવન કરતો થકો,
બસ એક પોતાને જ અનુભવતો અહો પ્રતિભાસતો;
૩. * પરંતુ અનુભવતો ન કોઈ અન્યને પ્રતિભાસતો,
[આ રીત ભાવકભાવ્યના દ્રષ્ટાંતને સમજાવીયો.]

(૪) * [જ્યાં ભાવકભાવ્યભાવ છે ત્યાં જ ભોક્તાભોગ્યપણું છે–એ સિદ્ધાંત કહે છે :–]

૧. * તે રીત વળી એ જીવ ભાવકભાવ્યના જ અભાવથી,
પરભાવનો પરથી ન અનુભવ શક્ય હોવાથી કદી;
૨. * સંસારસહિત-રહિતરૂપ નિજને અનુભવતો થકો,
બસ એક પોતાને જ અનુભવતો અહો પ્રતિભાસજો;
૩. * પરંતુ અનુભવતો ન કોઈ અન્યને પ્રતિભાસજો;
[જ્યાં ભાવ્યભાવકભાવ છે ત્યાં ભોગ્યભોક્તા જાણજો.]

ટીકા :– (૧) [પ્રથમ વ્યાપકવ્યાપ્યપણું સમુદ્ર અને પવનના દ્રષ્ટાંત વડે સમજાવે છે :–]

૧. * સમુદ્રની ઉત્તરંગ અવસ્થામાં પવનનું વાવું અને
* નિસ્તરંગ અવસ્થામાં પવનનું નહિ વાવું નિમિત્ત [માત્ર] છે.
૨. * પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે,
* તેથી કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી
૩. * સમુદ્ર પોતે જ અંતર્વ્યાપક થઈને
* બંને અવસ્થાઓ વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને
૪. * બંને અવસ્થાઓ એવા પોતાને કરતો થકો,
* પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે;
૫ * પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી;
* [આ રીતે આચાર્યશ્રીએ વ્યાપ્યવ્યાપકભાવને દ્રષ્ટાંત વડે સમજાવ્યો.]

(૨) * [જ્યાં વ્યાપકવ્યાપ્યભાવ છે ત્યાં કર્તાકર્મપણું છે-એ સિદ્ધાંત કહે છે :]

૧. * તેવી રીતે સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને
* પુદ્ગલકર્મના વિપાકના સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ
૨. * પુદ્ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે
* કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,
૩. * અસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે અંતર્વ્યાપક થઈને
* જીવ જ પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને
૪. * સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો,

* પોતાને એકને જ કરતો પ્રતિભાસો;

૫. * પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો,

* [આ રીતે જ્યાં વ્યાપ્કવ્યાપ્યભાવ છે ત્યાં કર્તાકર્મભાવ છે એ સિદ્ધાંત સમજાવ્યો.]

(૩) * [હવે ભાવકભાવ્યપણું સમુદ્ર અને પવનના દ્રષ્ટાંત વડે સમજાવે છે :–]

૧. * અને વળી જેમ તે જ સમુદ્ર ભાવ્યભાવકભાવના (ભાવ્યભાવકપણાના) અભાવને લીધે

* પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,

૨ * ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો,

* પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે.

૩. * પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી;

* [આ રીતે આચાર્યશ્રીએ ભાવકભાવ્યભાવને દ્રષ્ટાંત વડે સમજાવ્યો.]

(૪) [જ્યાં ભાવકભાવ્યભાવ છે ત્યાં ભોક્તાભોગ્યભાવ છે—એ સિદ્ધાંત કહે છે :–]

૧. * અને વળી તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે

* પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,

૨. * સંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો,

* પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો

૩. * પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો;

. * [આ રીતે જ્યાં ભાવકભાવ્યભાવ છે ત્યાં ભોક્તાભોગ્યભાવ છે એ સિદ્ધાત સમજાવ્યો.]

## ગાથા – ૮૪

ઉત્થાનિકા :–હવે વ્યવહાર દર્શાવે છે :–

ગાથા :– * આત્મા કરે વિધવિધ પુદ્ગલકર્મ-મત વ્યવહારનું,
વળી તે જ પુદ્ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.

ટીકામૃત :–

(૧) * [દ્રષ્ટાંત (A) અંતરંગ; (B) બહિરંગ]

(A) ૧. * જ્યમ અંતરંગે વ્યાપ્યવ્યાપકતા વડે માટી કરે
ઘટને, વળી તે ભોગવે છે ભાવ્યભાવકતા વડે.

(B) ૧. * ઘટના બહિરંગે અહો અનુકૂળ છે ઉત્પાદને,
ઇચ્છા તથા હસ્તાદિરૂપ ક્રિયા તણો વ્યાપાર જે;

૨. * તે વ્યાપ્યવ્યાપકતા વડે કરતો અહો કુંભાર જે,
વળી તૃપ્તિને જે પામતો કરી જળ તણા ઉપયોગને;

૩. * આ રીત ભોગવતો અહો તે ભાવ્યભાવકતા વડે,
'ઘટને કરે છે, ભોગવે છે કુંભકર' એવો અરે;

૪. * અનાદિથી રૂઢિરૂપ છે વ્યવહાર આવો લોકને
[દ્રષ્ટાંત આ સમજાવીને કહે છે હવે સિદ્ધાંતને.]

(૨) * [સિદ્ધાંત : (A) અંતરંગ; (B) બહિરંગ]

(A) ૧. * ત્યમ અંતરંગે વ્યાપ્યવ્યાપકતા વડે પુદ્ગલ કરે
છે કર્મને, વળી ભોગવે છે ભાવ્યભાવકતા વડે.

(B) ૧. * પુદ્ગલકરમઉત્પાદને બહિરંગમાં અનુકૂળ જે,
રાગાદિ કરતો વ્યાપ્યવ્યાપકતા વડે અજ્ઞાની તે;

૨. * પુદ્ગલકરમવિપાકથી ઉત્પન્ન વિષયાદિ વડે,
ઊપજેલ સુખ-દુઃખ ભોગવે છે ભાવ્યભાવકતા વડે.

૩. * 'જીવ કર્મપુદ્ગલને કરે વળી ભોગવે છે જીવ તે'
–અનાદિથી અજ્ઞાનીને જ પ્રસિદ્ધ છે વ્યવહાર એ.

ટીકા : [Slightly Rearranged]

(૧) [દ્રષ્ટાંત : (A) અંતરંગ; (B) બહિરંગ]

(A) ૧. * જેમ અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે.
* અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે.

(B) ૧. * તોપણ બહારમાં, ઘડાના સંભવ (-થવું તે, ઉત્પત્તિ)ને અનુકૂળ એવા
* (ઇચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ[x] પોતાના) વ્યાપારને

૨. ⁎ વ્યાપ્યવ્યાપકભાવથી કરતો અને
⁎ ઘડા વડે કરેલો જે પાણીનો ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને (પોતાના તૃપ્તિભાવને)
૩. ⁎ ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો
⁎ કુંભાર ઘડાને કરે છે અને ભોગવે છે.
૪. ⁎ એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે :
⁎ [આ દ્રષ્ટાંત સમજાવીને હવે આચાર્યશ્રી સિદ્ધાંતને સમજાવે છે.]

(૨) [સિદ્ધાંત : (A) અંતરંગ; (B) બહિરંગ]

(A) ૧. ⁎ તેવી રીતે, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલદ્રવ્ય કર્મને કરે છે અને
⁎ ભાવ્યભાવકભાવથી પુદ્ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે તોપણ,

(B) ૧. બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ
⁎ એવા (પોતાના રાગાદિક) પરિણામને કરતો અને
૨. ⁎ પુદ્ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની નિકટતા
⁎ તેનાથી ઊપજેલી (પોતાની) સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ
⁎ વડે અનુભવતો-ભોગવતો એવો જીવ
૩. ⁎ પુદ્ગલકર્મને કરે છે અને ભોગવે છે.
⁎ એવો અજ્ઞાનીઓને અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

X [હસ્તાદિકની ક્રિયારૂપ = હસ્તાદિકની ક્રિયા કરવાના રાગરૂપ–અહંકારરૂપ]

## ગાથા – ૮૫

ઉત્થાનિકા :–હવે આ વ્યવહારને દૂષણ દે છે :–

ગાથા :– * પુદ્ગલ કરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,
જિનને અસમંત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.

ટીકામૃત :– (૧) [ક્રિયા-પરિણામ-પરિણામી ત્રણેય એક જ વસ્તુ છે.]

૧. * ક્રિયા બધી આ જગતમાં પરિણામસ્વરૂપ જ હોઈને,
પરિણામથી તે ભિન્ન નથી પણ છે ખરે પરિણામ તે;

૨. * પરિણામ તે પરિણામીથી નથી ભિન્ન પણ એ કારણે–
[કે] પરિણામ ને પરિણામી બન્ને વસ્તુ એક અભિન્ન છે.

૩. * આ રીત સિદ્ધ થયું અહો છે કોઈપણ ક્રિયા જગે*
તે સૌ ક્રિયાઓ દ્રવ્યથી નથી ભિન્ન [કોઈ પણ રીતે.]

૪. * વસ્તુસ્થિતિથી અભિન્ન છે કર્તા અને ક્રિયા ખરે,
[પરિણામ-પરિણામી-ક્રિયા ત્રણ નામ હો પણ એક છે.]

(૨) [દ્વિક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિ છે.]

૧. * જીવ વ્યાપ્યવ્યાપકભાવથી પરિણામ પોતાના કરે,
ને ભાવ્યભાવકતા વડે જ્યમ અનુભવે પણ તેમને;

૨. * ત્યમ વ્યાપ્યવ્યાપકતા વડે પુદ્ગલકરમ પણ જો કરે,
ને ભાવ્યભાવકતા વડે તેને જ જો જીવ ભોગવે;

૩. * ભેગી મળેલી સ્વ-પરની [બન્ને] ક્રિયાઓથી [ખરે,]
અભિન્નતા બેમાં થતાં વિભાગ પામે અસ્તને;

૪. * અનેકદ્રવ્યસ્વરૂપ[તા]ને અનુભવે જે આ રીતે,
સર્વજ્ઞના મતમાં નથી મિથ્યાત્વી એવો જીવ તે.

* જગે = આ જગતમાં

ટીકા :– [ક્રિયા-પરિણામ-પરિણામી ત્રણેય એક જ વસ્તુ છે.]

૧ * પ્રથમ તો જગતમાં જે ક્રિયા છે તે બધીય પરિણામ સ્વરૂપ હોવાથી
* ખરેખર પરિણામથી ભિન્ન નથી (-પરિણામ જ છે);

૨. * પરિણામ પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી કારણ કે
* પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે (-જુદી જુદી બે વસ્તુ નથી.)

૩. * માટે (એમ સિદ્ધ થયું કે) જે કોઈ ક્રિયા છે
* તે બધીયે ક્રિયાવાનથી (દ્રવ્યથી) ભિન્ન નથી.

૪. * આમ, વસ્તુસ્થિતિથી જ (અર્થાત્ એવી જ મર્યાદા હોવાને લીધે) ક્રિયા અને કર્તાનું અભિન્નપણું (સદાય) તપતું હોવાથી,

* [ક્રિયા, પરિણામ, પરિણામી—એવા ત્રણ નામો હોવા છતાં વસ્તુ એક જ છે.]

(૨) [દ્વિક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિ છે.]

૧. * જીવ જેમ વ્યાપ્યવ્યાકભાવથી પોતાના પરિણામને કરે છે

* અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે,

૨. * તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલકર્મને પણ કરે અને

* ભાવ્યભાવકભાવથી તેને જ ભોગવે તો તે જીવ,

૩. * પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી

* અભિન્નતાનો પ્રસંગ આવતાં સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી),

૪. * અનેક દ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો

* મિથ્યાદ્રષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની બહાર છે.

## ગાથા – ૮૬

ઉત્થાનિકા :–હવે ફરી પૂછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદ્રષ્ટિ કઈ રીતે છે? તેનું સમાધાન કરે છે :–

ગાથા :– * જીવભાવ, પુદ્‌ગલભાવ–બંને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદ્રષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬

ટીકામૃત :–

(૧) [એક દ્રવ્ય વડે બે ક્રિયાઓ થતી નથી–એ નિશ્ચય છે :]

* આત્મા કરે પરિણામ નિજના, ને વળી પુદ્‌ગલ તણા,
ત્યમ માનતા જે જીવ તેને દ્વિક્રિયાવાદી કહ્યાં.
* બે દ્રવ્યના પરિણામ કદી ના એક દ્રવ્ય થકી થતાં,
છે દ્વિક્રિયાવાદી જીવો તેથી જ મિથ્યાત્વી [મહા!]

(૨) [દ્રષ્ટાંત : કુંભાર રાગાદિપરિણામને કરે છે, ઘટપરિણામને નહિ :]

* કુંભાર ઇચ્છાદિ અને હસ્તાદિની ક્રિયા કરે,
અનુકૂળ ઘટઉત્પત્તિને પોતાથી જેહ અભિન્ન ને,
* નિજની પરિણતિથી અભિન્ન ક્રિયા વડે કરતો થકો,
કુંભારના વ્યાપારને અનુરૂપ [નિજથી] થાય છે.
* 'હું કુંભનો કરનાર છું'–હો ગર્વ એ કુંભારને,
પણ તે છતાં આ રીત કર્તા કુંભનો તે નવ બને.

(3) [સિદ્ધાંત : આત્મા પોતાના પરિણામને કરે છે, પુદ્‌ગલકર્મપરિણામને નહિ :]

* અનુકૂળ પુદ્‌ગલકર્મરૂપ પરિણામને તેવી રીતે,
પરિણામ નિજના જે કરે નિજ પરિણતિથી અભિન્ન જે;
* તેને ભલે કરતો અહો અજ્ઞાની એ પ્રતિભાસતો,
પણ તેહને અનુરૂપ જે પુદ્‌ગલકરમપરિણામનો;
* અભિન્ન જે પુદ્‌ગલથી ને તેની જ પરિણતિથી અહો,
ઉત્પાદ તેનો થાય છે, આત્મા વડે નહિ જાણજો.
* 'પુદ્‌ગલકરમને હું કરું છું'–ગર્વ એવો હો ભલે,
પણ તે છતાં અજ્ઞાની તે કર્તા ન પુદ્‌ગલનો બને.

ટીકા :– (૧) [એક દ્રવ્ય વડે બે ક્રિયાઓ થતી નથી–એ નિશ્ચય છે :]

* નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ (અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા)
* આત્માના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે એમ માને છે
* તેથી તેઓ મિથ્યાદ્રષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે.

* એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો.

(૨) [દ્રષ્ટાંત : કુંભાર રાગાદિપરિણામને કરે છે, ઘટપરિણામને નહિ :]

* જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાના (ઇચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ) વ્યાપાર પરિણામને (-વ્યાપારરૂપ પરિણામને)
* –કે જે પોતાથી અભિન્ન છે અને
* પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને–
* કરતો પ્રતિભાસે છે,
* પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ
* (તે કુંભાર) પોતાના વ્યાપારને અનુરૂપ એવા ઘટપરિણામને (ઘડારૂપ પરિણામને)
* –કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને–
* કરતો પ્રતિભાસતો નથી;

(૩) [સિદ્ધાંત : આત્મા પોતાના પરિણામને કરે છે, પુદ્‌ગલકર્મપરિણામને નહિ :]

* તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને
* –કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને–
* કરતો પ્રતિભાસો, પરંતુ
* પુદ્‌ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે આત્મા)
* પોતાના પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગગલના પરિણામને
* –કે જે પુદ્‌ગલથી અભિન્ન છે અને પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને–
* –કરતો ન પ્રતિભાસો.

## કળશ – ૫૧

ઉત્થાનિકા :–હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * જે પરિણમે તે કર્તા છે, જે પરિણામ છે તે કર્મ છે

* અને જે પરિણતિ તે ક્રિયા છે;

(૨) * [પરિણામ, કર્તા અને પરિણતિ—એ ત્રણ ભેદ પર્યાયદ્રષ્ટિ છે*]

* [દ્રવ્યદ્રષ્ટિએ] એ ત્રણેય, વસ્તુપણે ભિન્ન નથી.

**કળશામૃત :–**

**(૧) * જે પરિણમે છે તેહ કર્તા છે અને પરિણામ તે**
**છે કર્મ, ને જે પરિણતિ તેને ક્રિયા કહેવાય છે;**

**(૨) * [પરિણામ, કર્તા, પરિણતિ—ત્રણ ભેદ પર્યયદ્રષ્ટિએ;*]**
**વસ્તુપણે તો એ ત્રણેય અભિન્ન છે દ્રવદ્રષ્ટિએ.****

* ભાવાર્થમાંથી : પર્યાયદ્રટિ = ભેદની દ્રષ્ટિ

** અહીં એક દ્રવ્યને બીજા દ્રવ્યથી પૃથક્ બતાવવાના પ્રયોજનથી

દ્રવ્યદ્રષ્ટિ = દ્રવ્ય-પર્યાયની અભેદ દ્રષ્ટિ-અભિન્ન દ્રષ્ટિ = વસ્તુદ્રષ્ટિ [આ દ્રષ્ટિના વિષયની દ્રષ્ટિ નથી.]

## કળશ-૫૨

ઉત્થાનિકા :–(ફરી પણ કહે છે કે :–)

**શ્લોકાર્થ :–**

(૧) * વસ્તુ એક જ સદા પરિણમે છે,

* એકના જ સદા પરિણામ થાય છે અને એકની જ પરિણતિ-ક્રિયા થાય છે;

(૨) * કારણ કે

* અનેકરૂપ થવા છતાં

* એક જ વસ્તુ છે, ભેદ નથી.

**કળશામૃત :–**

(૧) * વસ્તુ સદાય [સ્વયં] પરિણમે છે અહો બસ એકલી,
પરિણામ થાયે એકના ને પરિણતિ બસ એકની;
(૨) [કારણ કે] * કર્તા, કરમ, ક્રિયાપણે ત્રણ ભેદરૂપ થવા છતાં,
વસ્તુ રહે છે એકમાત્ર જ, ભેદ નહીં તેમાં થતા.

## કળશ – ૫૩

ઉત્થાનિકા :–વળી કહે છે કે :–

**શ્લોકાર્થ :–**

(૧) * બે દ્રવ્યો એક થઈને પરિણમતા નથી,
* બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી અને

(૨) * બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી;
* [બે દ્રવ્ય વચ્ચે સર્વથા ભિન્નતા છે] કારણ કે

(૩) * અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે,
* પલટીને એક થઈ જતા નથી.

**કળશામૃત**

(૧) * બે દ્રવ્ય એક થઈ [કદી] પરિણમન [તો] કરતા નથી,
બે દ્રવ્યનું એક જ [કદી] પરિણામ પણ થાતું નથી;

(૨) * બે દ્રવ્યની એક જ ક્રિયા-પરિણતિ નહિ [કદી] થાય છે,
[બે દ્રવ્ય વચ્ચે ભિન્નતા છે સર્વથા] આ કારણે–

(૩) * અનેક દ્રવ્યો જે [સહુ] છે તે સદા જ અનેક છે,
પલટન કરી સૌ દ્રવ્ય તે નહિ એક કદીયે થાય છે.

## કળશ – ૫૪

ઉત્થાનિકા :–ફરી આ અર્થને દ્રઢ કરે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) ⁎ એક દ્રવ્યના [પરિણામના] બે કર્તા ન હોય,

⁎ વળી એક દ્રવ્યના બે કર્મ [=કાર્ય] ન હોય અને

(૨) ⁎ એક દ્રવ્યની બે ક્રિયા ન હોય;

⁎ કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.

**કળશામૃત :–**

(૧) * **કર્તા કદી બે હોય નહીં પરિણામ* એક જ [માત્રના,]**
**બે કાર્ય વળી ના હોય એક જ દ્રવ્યના કદીયે અહા;**

(૨) * **કદી બે ક્રિયાઓ હોય નહિ બસ એક દ્રવ્ય જ [માત્રની,]**
**એ કારણે કે દ્રવ્ય એક અનેક દ્રવ્ય થતું નથી.**

⁎ અહીં શ્લોકાર્થમાં 'દ્રવ્ય' શબ્દ 'પરિણામ'ના અર્થમાં વપરાયો છે.

## કળશ – ૫૫

ઉત્થાનિકા :–આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે તે જો પરમાર્થના ગ્રહણથી એકવાર પણ વિલય પામે તો ફરી ન આવે, એમ હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોનો
* 'પરદ્રવ્યને* હું કરું છું'

(૨) * એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર—
* કે જે અત્યંત દુર્નિવાર છે તે—અનાદિ સંસારથી ચાલ્યો આવે છે.

આચાર્ય કહે છે કે :

(૩) * અહો ! પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિકનયનું ગ્રહણ કરવાથી જો તે એકવાર પણ નાશ પામે
* તો જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય? ન થાય.

(૪) * (જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી
* જ્ઞાન** ક્યાં જતું રહે?

(૫) * અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી
* બંધ ક્યાંથી થાય? કદી ન થાય.)

**કળશામૃત :–**

(૧) * આ જગતમાં અજ્ઞાની—મોહી સર્વ એવા જીવને,
'પરદ્રવ્ય*ને કરું છું હું' એવું ગર્વરૂપ અજ્ઞાન છે.

(૨) * પરદ્રવ્યના કર્તૃત્વનું, અજ્ઞાનરૂપ અઘ તે મહા,
અત્યંત દુર્નિવાર છે અનાદિના સંસારમાં.

આચાર્ય કહે છે— અ'હો !

(૩) * પરમાર્થનયના ગ્રહણથી જો નાશ પામે તે અહા,
તો જ્ઞાનઘન આ આતમાને થાય નહિ બંધન કદા.

(૪) * જીવ જ્ઞાનઘન છે તેથી જ્ઞાન યથાર્થતા પામે પછી
ક્યા જતું રહે તે જ્ઞાન [સમ્યક્ એકવાર થયા પછી?]

(૫) * ને જ્ઞાન જો નહીં જાય તો અજ્ઞાનથી કદીયે ફરી,
નહિ બંધ થાશે'—એમ કરુણાથી કહે આચાર્યશ્રી.

* પરદ્રવ્ય = મિથ્યાત્વ, રાગદ્વેષ; ** જ્ઞાન = જ્ઞાનની, સમકિતની, અનુભવની પર્યાય

## કળશ – ૫૬

ઉત્થાનિકા :–ફરીને વિશેષતાથી કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) ∗ આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે અને

∗ પરદ્રવ્ય પરના ભાવોને કરે છે;

(૨) ∗ કારણ કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે

∗ અને પરના ભાવો છે તે પર જ છે (એ નિયમ છે.)

**કળશામૃત :–**

(૧) * **આત્મા સદાય અહો કરે, નિજના જ [સર્વે*] ભાવને,**
**પરદ્રવ્ય પરના ભાવને કરતું સદાય [પરિણમે;]**

(૨) * **નિજભાવ જે છે તેપણે તે દ્રવ્ય છે–એ કારણે,**
**પરભાવ જે છે તેપણે પરદ્રવ્ય છે–એ નિયમ છે.**

∗ સર્વે ભાવને = શુદ્ધ અને અશુદ્ધ બધા ભાવોને

## ગાથા – ૮૭

ઉત્થાનિકા :–(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું હતું કે જે એવું માને તે મિથ્યાદ્રષ્ટિ છે; ત્યાં આશંકા ઊપજે છે કે—આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે? જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિભાવોને પુદ્ગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે; અને જો પુદ્ગલના પરિણામ કહેવામાં આવે તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે? આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છે :–

**ઉત્થાનિકા (હરિગીતમાં) :–**

* પરદ્રવ્યના કર્તાપણાની માન્યતા અજ્ઞાન છે,
જે માનતો એવું અહો તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.
* તેથી કહો મિથ્યાત્વ આદિ ભાવ આ શી વસ્તુ છે ?
તે જીવના પરિણામ હો તો પૂર્વકથન વિરુદ્ધ છે
* કે રાગ આદિ ભાવ સૌ પુદ્ગલ તણા પરિણામ છે;
પુદ્ગલ તણા પરિણામ જો તે રાગ આદિ ભાવ હો,
* તો કાંઈ પણ સંબંધ નથી એ જીવને ફળ કેમ હો?
આચાર્યશ્રી ઉત્તર કહે છે શિષ્યની શંકા* તણો.

**ગાથા :–** * **મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને,**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભય પ્રકાર છે. ૮૭.**

**ટીકામૃત :**

(૧) * [મિથ્યાત્વાદિ ભાવો અજીવ તેમજ જીવ છે :]

૧. * મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતિ આદિ જે સૌ ભાવ છે
પ્રત્યેક જે, દર્પણ-મયુરની જેમ જીવાજીવ વડે;
૨. * [ભાવક થઈને] ભાવવામાં આવતા હોવાથી છે,
તે ભાવ સહુયે જીવ ને તેઓ સહુય અજીવ છે.

(૨) તે [દર્પણ-મોરના] દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છે :

૧. * લીલો પીળો ઇત્યાદિ એવા વર્ણરૂપ સૌ ભાવ જે
તે મોરના જ સ્વભાવથી સહુ મોરથી જ ભવાય છે;
૨. * તેઓ સહુએ વર્ણભાવો તો ખરેખર મોર છે
[અને] * દર્પણ મહીં પ્રતિબિંબ જે સૌ વર્ણના દેખાય તે,
૩. * પ્રતિબિંબભાવો તે સહુ તો છે ખરે દર્પણ જ ને;
દર્પણ તણા સ્વચ્છત્વથી વિકારરૂપ ભવાય છે.

* શંકા = આશંકા.

(3) * [સિદ્ધાંત : મિથ્યાત્વાદિ ભાવો અજીવ તેમજ જીવ છે :]

૧. [તેવી જ રીતે] * મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતિ આદિ જે સૌ ભાવ છે,
તે અજીવના જ સ્વભાવથી જ ભવાય છે પુદ્‌ગલ વડે.

૨. * ને તેથી આ મિથ્યાત્વ આદિ ભાવ સર્વ અજીવ છે.

[અને] મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ ભાવ છે સહુ જેહ કે

૩. * ચૈતન્યના વિકારરૂપે જીવથી જ ભવાય છે;
ને તેથી આ મિથ્યાત્વ આદિ ભાવ સહુયે જીવ છે.

**ટીકા :–**

(૧) [મિથ્યાત્વાદિ ભાવો જીવ તેમજ અજીવ છે :]

૧. * મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે.
* તે પ્રત્યેક, મયુર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે

૨. * ભાવવામાં આવતા હોવાથી
* અજીવ પણ છે અને જીવ પણ છે.

(૨) * તે [મોર અને દર્પણના] દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છે :–

૧. * જેમ ઘેરો, વાદળી, લીલો, પીળો આદિ (વર્ણરૂપ) ભાવો
* કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે (-બનાવાય છે, થાય છે)

૨. * તેઓ મોર જ છે અને
* (દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો, વાદળી, લીલો, પીળો ઇત્યાદિ ભાવો

૩. * કે જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે
* તેઓ દર્પણ જ છે; તેવી જ રીતે

(૩) * [સિદ્ધાંત : મિથ્યાત્વાદિ ભાવો અજીવ તેમજ જીવ છે :]

૧. * મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે
* જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે.

૨. * તેઓ અજીવ જ છે અને
* મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો કે

૩. * જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે
* તેઓ જીવ જ છે.

## ગાથા – ૮૮

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યાં તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮

ટીકામૃત :–

(૧) * [અજીવ મિથ્યાત્વાદિ કોણ છે?]

૧. * મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતિ આદિ જે સૌ અજીવ છે,
તે તો અમૂર્તિક જેહ છે ચૈતન્યભાવોથી ખરે;

૨. * છે [સર્વ રીતે] અન્ય એવું મૂર્ત પુદ્ગલકર્મ ને

(૨) * [જીવ મિથ્યાત્વાદિ કોણ છે?]

મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતિ આદિ જે સૌ જીવ છે,

૩. * તે મૂર્ત પુદ્ગલકર્મથી જે [સર્વ રીતે] અન્ય છે;
એવો અહો ચૈતન્યના પરિણામનો જ વિકાર છે.

ટીકા :– **[Slightly Rearranged]**

(૧) * [અજીવ મિથ્યાત્વાદિ કોણ છે?]

૧. * જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ અજીવ છે.
* તે તો નિશ્ચયથી અમૂર્તિક ચૈતન્ય પરિણામથી

૨. * અન્ય એવું મૂર્તિક પુદ્ગલકર્મ છે અને

(૨) [જીવ મિથ્યાત્વાદિ કોણ છે?]

* જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જીવ છે.

(૩) * તે મૂર્તિક પુદ્ગલકર્મથી અન્ય એવો
* ચૈતન્યપરિણામનો વિકાર છે.

## ગાથા – ૮૯

ઉત્થાનિકા :–હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યનો વિકાર ક્યાંથી થયો? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,
–મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.

ટીકામૃત :–

(૧) * [મોહ સાથે સંયુક્તપણાથી ઉપયોગમાં ત્રણ પ્રકારના પરિણામ વિકાર થાય છે :]

૧. * નિજરસથી સર્વે દ્રવ્ય પોતાના સ્વભાવે પરિણમે,
એવા સ્વના પરિણમનમાં જો કે સહુય સમર્થ છે;

૨. * તોપણ અનાદિથી આતમાથી ભિન્ન એવા મોહના,
સંગે થતા ઉપયોગના પરિણામ ત્રણ પ્રકારના;

૩. * મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરત એમ ત્રિવિધ વિકારના,
ઉપયોગના વિકાર જે દેખાય છે આ જીવમાં;

૪. * તે સ્ફટિકના સ્વચ્છત્વના વિકારપરિણામો સમા,
પરની ઉપાધિને લીધે છે જીવમાં ઊપજે અહા.

(૨) * [સ્ફટિકના દ્રષ્ટાંત વડે] તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે :–

૧. * નિજ સ્વરૂપરૂપે પરિણમનમાં સ્ફટિક [પૂર્ણ] સમર્થ છે,
–કિંતુ કદાચિત્ શ્યામ, લીલા ને પીળા છે દ્રવ્ય જે;

૨. * તમાલ, કેળ, સુવર્ણના પાત્રો તણા આધાર તે,
દેખાય છે ત્રણ વિધ વર્ણે સ્ફટિકનું સ્વચ્છત્વ એ.

(૩) * [તાત્પર્ય : મોહના સંયોગથી આત્મામાં ત્રણ પ્રકારના વિકાર થાય છે : ]

૧. * તેવી રીતે મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરત જેહનો,
અનાદિથી જ સ્વભાવ છે પરવસ્તુ એવા મોહનો;

૨. * સંયોગ હોવાથી અહો આ આત્મના ઉપયોગનો;
મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ વિકાર ત્રણ વિધ દેખવો.

ટીકા : (૧) [મોહ સાથે સંયુક્તપણાથી ઉપયોગમાં ત્રણ પ્રકારના પરિણામ વિકાર થાય છે :]

૧. * જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું
* પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે,

૨. * તોપણ (આત્માને) અનાદિથી અન્ય વસ્તુભૂત મોહ
* સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો,

૩. * મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.
* ઉપયોગનો તે પરિણામવિકાર,

૪. * સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ,

* પરને લીધે (-પરની ઉપાધિને લીધે) ઉત્પન્ન થતો દેખાય છે.

(૨) * [સ્ફટિકના દ્રષ્ટાંત વડે] તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :

૧. * જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં (અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપ પરિણમવામાં) સમર્થપણું હોવા છતાં,
   * કદાચિત્ (સ્ફટિકને) કાળા, લીલા અને પીળા એવા

૨. * તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી,
   * સ્ફટિકની સ્વચ્છતાનો કાળો, લીલો, અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે.

૩. [તાત્પર્ય : મોહના સંયોગથી આત્મામાં ત્રણ પ્રકારના વિકાર થાય છે :]

૧. * તેવી રીતે, (આત્માને) અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ
   * જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહનો

૨. * સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો,
   * મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.

## ગાથા – ૯૦

ઉત્થાનિકા : હવે આત્માના ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છે :–

ગાથા :– * **એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

### ટીકામૃત :–

(૧) * [મોહના સંયુક્તપણાને લીધે ઉપયોગ ત્રણ પ્રકારના વિકારરૂપ પરિણમે છે : ]

૧. * અનાદિથી આ રીત જુદી વસ્તુભૂત આ મોહના
સંગે થતા ઉપયોગના પરિણામ ત્રણ પ્રકારના;

૨. * મિથ્યાત્વ ને અજ્ઞાન , અવિરતિ એમ ત્રિવિધ વિકારના,
[ઉપયોગના પરિણામ જે દેખાય છે આ જીવમાં.]

(૨) [આ ત્રણ પરિણામ વિકારોના નિમિત્તે અજ્ઞાની થયો થકો આત્મા વિકારી ભાવોનો કર્તા થાય છે :]

૧. * જોકે અહો છે શુદ્ધ, નિર્મળ* આદિ-અંત રહિત ને,
વસ્તુ તણા સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર જ ભાવ છે;

૨. * પરમાર્થથી એક જ પ્રકારે, તોય ત્રિવિધ વિકારના,
નિમિત્તથી સાંજન, અશુદ્ધ, અનેકભાવપણું અહા;

૩. * પામી અને ત્રણ વિધ થઈ પોતે જ અજ્ઞાની થતો,
કર્તાપણાને પામતો વિકારરૂપ થયો થકો;

૪. * જે ભાવને પોતાપણે કરતો અહો તે ભાવનો,
ઉપયોગ તે કર્તા થતો [આ રીત ત્રણ પરિણામનો.]

* નિર્મળ = નિરંજન = રાગાદિ દોષ રહિત

### ટીકા :– [Slightly Rearranged]

(૧) [મોહના સંયુક્તપણાને લીધે ઉપયોગ ત્રણ પ્રકારના વિકારરૂપ પરિણમે છે :]

૧. * એ પ્રમાણે અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે
* સંયુક્તપણાને લીધે પોતામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ

૨. * મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ
* પરિણામવિકારો [મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ જે આ જીવમાં દેખાય છે,]

(૨) * [આ ત્રણ પરિણામવિકારોના નિમિત્તે અજ્ઞાની થયો થકો આત્મા વિકારીભાવોનો કર્તા થાય છે :]

૧. * જો કે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન
* વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે

૨. * પરમાર્થથી તો એક પ્રકારનો છે. [તો પણ ઉપરોક્ત ત્રણ પ્રકારના વિકારને નિમિત્તે]
* અશુદ્ધ, સાંજન અને અનેકભાવપણાને
૩. * પામતો થકો ત્રણ પ્રકારનો થઈને, પોતે અજ્ઞાની થયો થકો
* કર્તાપણાને પામતો, વિકારરૂપ પરિણમીને
૪. * જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો
* તે ઉપયોગ કર્તા થાય છે.

## ગાથા – ૯૧

ઉત્થાનિકા :–હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે એમ કહે છે :–

ગાથા :– * જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.

ટીકામૃત :– (૧) [આત્મા પોતાના વિકારી ભાવોનો કર્તા છે, દ્રવ્યકર્મનો નહિ :]

૧. * આત્મા સ્વયં તે-રૂપ* પરિણમતો જ હોવાથી ખરે,
કરતો અહો જે ભાવને તે ભાવનો કર્તા બને;

૨. * ને આતમાનો ભાવ તે નિમિત્તભૂત થતાં અરે,
પુદ્‌ગલદરવ સ્વયમેવ ત્યારે કર્મરૂપે પરિણમે;

૩. * જ્યમ મંત્ર-સાધકના નિમિત્તે સાધ્યભાવો પરિણમે,
કહે છે અહો આ વાતને આચાર્ય સ્પષ્ટપણે હવે.

(૨) * [દ્રષ્ટાંત : મંત્ર-સાધક સાધ્યભાવોનો કર્તા નથી, પરંતુ નિમિત્તમાત્ર જ છે :]

૧. * જ્યમ મંત્ર-સાધક ધ્યાનભાવે પરિણમન કરતો થકો,
એ રીતના તે ધ્યાનનો કર્તા સ્વયં થાતો અહો;

૨. * ને સાધ્યભાવોને અનુકૂળ ધ્યાન તેનું હોઈને,
કર્તા ન સાધક થાય પણ નિમિત્તમાત્ર જ થાય તે;

૩. * તેનાથી સર્પાદિક તણું સ્વયમેવ વિષ દૂર થાય ને
વિડંબના પામે સ્ત્રીઓ, સ્વયમેવ પણ બંધન તૂટે.

(૩) * [સિદ્ધાંત : અજ્ઞાનીનો આત્મા મિથ્યાત્વાદિનો કર્તા છે, પુદ્‌ગલનો નહિ :]

૧. * તેવી રીતે આ આતમા અજ્ઞાન નિજના કારણે,
મિથ્યાત્વ આદિરૂપે સ્વયં પરિણમન કરી કર્તા બને.

૨. * મિથ્યાત્વ આદિક ભાવનો, અનુકૂળ જે જડ**દ્રવ્યને
કર્તા થયા વિણ તેથી આત્મા માત્ર થાય નિમિત્ત ને

૩. * તેનાથી પુદ્‌ગલદ્રવ્ય વિધવિધ કર્મરૂપે પરિણમે,
[કર્તા સ્વયં નિજ નિજના, નિમિત્ત-નૈમિત્તિક ભલે.]

* તે-રૂપ = પૂર્વોક્ત મિથ્યાદર્શનાદિ ભાવો; ** જડદ્રવ્ય = પુદ્‌ગલ દ્રવ્ય, દ્રવ્યકર્મ

### ટીકા :– [Slightly Rearranged]

(૧) * [આત્મા પોતાના વિકારી ભાવોનો કર્તા છે, દ્રવ્યકર્મનો નહિ :]

૧. * આત્મા પોતે જ તે પ્રકારે (તે-રૂપે) પરિણમવાથી ખરેખર
* જે ભાવને કરે છે તેનો તે કર્તા થાય છે.

૨. * તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં,

* પુદ્‌ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે.

૩. * સાધકની (અર્થાત્ મંત્ર-સાધનારની) જેમ,

* આ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે.

(૨) * [મંત્ર-સાધક સાધ્યભાવોનો કર્તા નથી, પરંતુ નિમિત્તમાત્ર જ છે :]

૧. * જેમ સાધક ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો

* તે પ્રકારના ધ્યાનનો કર્તા થાય છે અને

૨. * તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને (અર્થાત્ સાધકને સાધવાયોગ્ય ભાવોને) અનુકૂળ હોવાથી

* નિમિત્ત થતાં સાધક કર્તા થયા સિવાય

3 * (સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે,

* સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે;

(૩) * [સિદ્ધાંત : અજ્ઞાનીનો આત્મા મિથ્યાત્વાદિનો કર્તા છે, પુદ્‌ગલનો નહિ :]

૧. * તેવી રીતે આ આત્મા અજ્ઞાનને લીધે

* મિથ્યાદર્શનાદિભાવે પોતે જ પરિણમતો થતો મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે અને

૨. * મિથ્યાદર્શનાદિભાવ પુદ્‌ગલદ્રવ્યને (કર્મરૂપે પરિણમવામાં) અનુકૂળ હોવાથી

* નિમિત્તમાત્ર થતાં આત્મા કર્તા થયા સિવાય

૩. * પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે.

* [આ રીતે બે દ્રવ્યો વચ્ચે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્ર છે, પરંતુ તેઓ સ્વયમેવ પોતપોતાના કર્તા છે, અન્યના નહિ.]

## ગાથા – ૯૨

ઉત્થાનિકા :–હવે, અજ્ઞાનથી જ કર્મ* ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છે :–

ગાથા :– * પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.

**ટીકામૃત :–**

(૧) * [અજ્ઞાની આત્મા કર્મનો* કર્તા બને છે : ]

૧. * અજ્ઞાનથી આ આતમા પરના અને નિજના અહા,
વિશેષને જ્યારે નહિ હો જાણતો ત્યારે સદા;

૨. * પરને કરી નિજરૂપ નિજને પરરૂપે કરતો થકો,
અજ્ઞાનમય પોતે થઈ કર્તા બને છે કર્મનો;

(૨) * [દ્રષ્ટાંત વડે] તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે [કે]

(A) [શીત-ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલથી અને તેનું જ્ઞાન આત્માથી અભિન્ન છે : ]

૧. * પુદ્‌ગલ તણા પરિણામની શીત-ઉષ્ણરૂપ દશા મહીં,
શીત-ઉષ્ણનો અનુભવ કરાવે તેવી છે શક્તિ રહી;

૨. * પુદ્‌ગલદરવથી અભિન્ન હોવાથી દશા શીત-ઉષ્ણની,
અત્યંત ભિન્ન સદાય છે શીત-ઉષ્ણતા આ આત્મથી;

3. * તેના નિમિત્તે જે અનુભવ** થાય છે આત્મા મહીં
અભિન્ન છે તે આત્મથી, અતિ ભિન્ન છે પુદ્‌ગલ થકી.

(B) તેવી રીતે [રાગદ્વેષ-સુખ-દુઃખાદિ પુદ્‌ગલથી અને તેનું જ્ઞાન આત્માથી અભિન્ન છે :]

૧. * પુદ્‌ગલ તણા પરિણામની, સુખ-દુઃખ-રાગ દશા મહીં,
સુખ-દુઃખનો અનુભવ કરાવે તેવી છે શક્તિ રહી;

૨. * પુદ્‌ગલદરવથી અભિન્ન હોવાથી દશા સુખ-દુઃખ તણી,
અત્યંત ભિન્ન સદાય છે સુખદુઃખ દશા આ આત્મથી;

3. * તેના નિમિત્તે જે અનુભવ થાય છે આત્મા મહીં,
અભિન્ન છે તે આત્મથી, અતિ ભિન્ન છે પુદ્‌ગલ થકી.

* કર્મ = ભાવકર્મ; રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિ ભાવો.

** અનુભવ = જ્ઞાન.

(3) * [અજ્ઞાની જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરીને કર્મનો કર્તા થાય છે :]

૧. * અજ્ઞાનથી આ આતમા સુખ-દુઃખ ને અનુભવ* તણા
વિશેષને જ્યારે નહિ હો જાણતો ત્યારે સદા.

૨. * એકત્વના અધ્યાસથી, શીત-ઉષ્ણ સમ જેના રૂપે

પરિણમન કરવું અશક્ય છે, તે રાગ-દ્વેષાદિપણે

૩. * અજ્ઞાન આત્મા પરિણમન કરતો થકો પ્રગટાવતો

અજ્ઞાનતા નિજ જ્ઞાનની, અજ્ઞાનમય પોતે થતો;

૪. * "હું રાગી છું ને હું કરું છું રાગને" ત્યમ માનતો,

ઇત્યાદિ વિધિથી રાગનો કર્તા અહો પ્રતિભાસતો.

ટીકા :– [Slightly Modified and Rearranged]

(૧) * [અજ્ઞાની આત્મા કર્મનો કર્તા બને છે :]

૧. * અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો

* પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય ત્યારે

૨. * પરને પોતારૂપ કરતો અને પોતાને પર કરતો,

* પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે.

(૨) [દ્રષ્ટાંત વડે] તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે [કે :]

(A) [શીત-ઉષ્ણ અવસ્થા પુદ્ગલથી અને તેનું જ્ઞાન આત્માથી અભિન્ન છે :]

૧. * શીત-ઉષ્ણ પુદ્ગલ પરિણામની અવસ્થા

* [કે જે] શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી [છે, તે]

૨. * પુદ્ગલથી અભિન્નપણાને લીધે

* આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને

૩. * તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ

* આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે,

* સુખદુઃખ ને અનુભવ = પુદ્ગલમાં થતું સુખદુઃખ અને આત્મામાં થતું તેનું જ્ઞાન.

(B) * [રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ પુદ્ગલથી અભિન્ન છે, અનુભવ [જ્ઞાન] આત્માથી અભિન્ન છે :]

૧. * તેવી રીતે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા

* [કે જે] તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ [છે, તે]

૨. * પુદ્ગલથી અભિન્નપણાને લીધે

* આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને

૩. * તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ

* આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

(૩) * [અજ્ઞાની જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરીને, કર્મનો કર્તા થાય છે :]

૧. * જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને અનુભવનો

* પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે

૨. * એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ),

* જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપે

૩. * અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો),

* જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો,

૪. * 'હું' આ રાગી છું (અર્થાત્ આ રાગ હું કરું છું)'

* ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.

## ગાથા - ૯૩

ઉત્થાનિકા :–જ્ઞાનથી કર્મ* ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છે :–

ગાથા :- * પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩

**ટીકામૃત :–**

(૧) * [જ્ઞાની આત્મા કર્મ*નો કર્તા બનતો નથી :]

૧. * [સુ]જ્ઞાનથી આ આતમા પરના અને નિજના અહા,
વિશેષને [સારી રીતે] હો જાણતો ત્યારે સદા;

૨ * પરને ન નિજરૂપ નિજને નહિ પરરૂપે કરતો થકો
થઈ જ્ઞાનમય, કર્તા નહીં કર્મો તણો પ્રતિભાસતો.

(૨) * [દ્રષ્ટાંત વડે] તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે [કે]

(A) [શીત-ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલથી અને તેનું જ્ઞાન આત્માથી અભિન્ન છે :]

૧. * પુદ્‌ગલ તણા પરિણામની શીત-ઉષ્ણરૂપ દશા મહીં,
શીત-ઉષ્ણનો અનુભવ કરાવે તેવી છે શક્તિ રહી;

૨. * પુદ્‌ગલદરવથી અભિન્ન હોવાથી દશા શીત-ઉષ્ણની
અત્યંત ભિન્ન સદાય છે શીત-ઉષ્ણતા આ આત્મથી;

3. * તેના નિમિત્તે જે અનુભવ** થાય છે આત્મા મહીં,
અભિન્ન છે તે આત્મથી, અતિ ભિન્ન છે પુદ્‌ગલ થકી.

(B) તેવી રીતે [રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિ પુદ્‌ગલથી અને તેનું જ્ઞાન આત્માથી અભિન્ન છે :]

૧. * પુદ્‌ગલ તણા પરિણામની સુખ-દુઃખ-રાગ દશા મહીં,
સુખ-દુઃખનો અનુભવ કરાવે તેવી છે શક્તિ રહી;

૨. * પુદ્‌ગલદરવથી અભિન્ન હોવાથી દશા સુખ-દુઃખ તણી,
અત્યંત ભિન્ન સદાય છે, સુખ-દુઃખ દશા આ આત્મથી;

3. * તેના નિમિત્તે જે અનુભવ થાય છે આત્મા મહીં,
અભિન્ન છે તે આત્મથી, અતિ ભિન્ન છે પુદ્‌ગલ થકી.

* કર્મ = ભાવકર્મ; રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિ ભાવો

** અનુભવ = જ્ઞાન.

(3) * [જ્ઞાની જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરીને કર્મનો કર્તા થતો નથી :]

૧. * [સુ] જ્ઞાનથી આ આતમા સુખ-દુઃખ ને અનુભવ*તણા
વિશેષને [સારી રીતે] હો જાણતો ત્યારે સદા;

૨. * જુદાઈના વિવેકથી, શીત-ઉષ્ણ સમ જેના રૂપે,

પરિણમન કરવું અશક્ય છે, તે રાગ-દ્વેષાદિકપણે;
૩. * અજ્ઞાનથી ન જરાય પરિણમતો થકો પ્રગટાવતો,
જ્ઞાનત્વને નિજ જ્ઞાનના, તે જ્ઞાનમય પોતે થતો;
૪. * "આ રાગને હું જાણું છું, છે રાગી તો પુદ્‌ગલ" અહો,
ઇત્યાદિ વિધિથી તે અકર્તા રાગનો પ્રતિભાસતો.

ટીકા :– **[Slightly Modified and Rearranged]**

(૧) * [જ્ઞાની કર્મનો કર્તા બનતો નથી :]
૧. * [સમ્યક્]જ્ઞાનથી આત્મા પરનો અને પોતાનો
* પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે
૨. * પરને પોતારૂપ નહિ કરતો અને પોતાને પર નહિ કરતો,
* પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે.
(૨) * [દ્રષ્ટાંત વડે] તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે [કે]
(A) * [શીત-ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલથી અને તેનું જ્ઞાન આત્માથી અભિન્ન છે.]
૧. * શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા
* [કે જે] શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી [છે, તે]
૨. * પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે
* આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને
૩. * તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ
* આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

* સુખ-દુઃખ ને અનુભવ = પુદ્‌ગલમાં થતું સુખ-દુઃખ અને આત્મામાં થતું તેનું જ્ઞાન

(B) * [રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિ પુદ્‌ગલથી અને તેનું જ્ઞાન આત્માથી અભિન્ન છે :]
૧. * તેવી રીતે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા
* [કે જે] તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ [છે, તે]
૨. * પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે
* આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને
૩. * તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ
* આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.
(૩) * [જ્ઞાની જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરીને કર્મનો કર્તા થતો નથી :]
૧. * જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને
* તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે,
૨. * તેઓ એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશકય્ છે તેમ),

* જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવા રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપે
3. * અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો,
* જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો,
૪ * 'આ હું (રાગને) જાણું જ છું, રાગી તો પુદ્‌ગલ છે (અર્થાત્ રાગ તો પુદ્‌ગલ કરે છે)'
* ઇત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.

## ગાથા – ૯૪

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * 'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણ વિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.

ટીકામૃત :–(૧) [અજ્ઞાનથી જીવ પોતાને વિકારી ભાવોનો આધાર માને છે :]

૧. * અજ્ઞાનમય સામાન્યરૂપે છે ખરેખર એવું જે,
મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતિરૂપ ત્રણ પ્રકાર એ;

૨. * સવિકાર છે ચૈતન્યનું પરિણામ [આગમકથિત] જે,
પરના અને નિજના વિશેષ રહિત દર્શનથી અને

૩. * અવિશેષ* જ્ઞાનથી ને વળી અવિશેષ રતિથી અરે,
[આત્મા અને રાગાદિના] છૂપાવીને સહુ ભેદને;

૪. * ભાવક [કરમ] ને ભાવ્ય [રાગાદિપણા]ને પ્રાપ્ત જે,
ચેતન-અચેતન બેઉનો આધાર નિજને જાણીને;

(૨) [તેથી 'હું ક્રોધ છું' એવી ભ્રાંતિને કારણે જીવ વિકારનો કર્તા બને છે.]

૧. * 'હું ક્રોધ છું' એવો અહો વિકલ્પ નિજનો તે કરે,
ને તેથી છું હું ક્રોધ એવી ભ્રાંતિને ઉપજાવીને;

૨. * સવિકાર એ ચૈતન્યના પરિણામને કરતો થકો,
આ આતમા વિકારરૂપ નિજભાવનો કર્તા થતો.

(૩) * [આ જ રીતે અજ્ઞાની જીવ બીજા અનેક પ્રકારના વિકારનો કર્તા બને છે :]

૧. * જ્યમ ક્રોધનો કર્તા બને જીવ તેમ માયા, માનનો,
ને લોભ, મોહ અને અહો તે રાગનો ને દ્વેષનો;

૨. * કર્મો અને નોકર્મનો વળી મન, વચન ને કાયનો,
ને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણનો ને રસન તેમજ સ્પર્શનો;

૩. * આવા અનેક બીજા ઘણા ભાવો થતા જીવમાં અહો,
સવિકાર ચેતનના પરિણામો તણો કર્તા થતો.

* અવિશેષ = વિશેષ રહિત = સ્વના અને પરના ભેદજ્ઞાન વિનાનું.

### ટીકા :–

(૧) * [અજ્ઞાનથી જીવ પોતાને વિકારી ભાવોનો આધાર માને છે :]

૧. * ખરેખર આ સામાન્યપણે*** અજ્ઞાનરૂપ એવું જે

* મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ

૨. ⁎ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્ય પરિણામ તે,

⁎ પરના અને પોતાના અવિશેષ દર્શનથી,

૩. ⁎ અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી

⁎ સમસ્ત ભેદને છૂપાવીને,

૪. ⁎ ભાવ્ય-ભાવકભાવને પામેલા એવા

⁎ ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણથી (-જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે) અનુભવ કરવાથી

(૨) [તેથી 'હું ક્રોધ** છું એવા પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરીને વિકારનો કર્તા બને છે.]

૧. ⁎ 'હું ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે.*

⁎ તેથી 'હું ક્રોધ છું' એવી ભ્રાંતિને લીધે

૨. ⁎ જે સવિકાર (વિકાર સહિત) છે એવા ચૈતન્ય પરિણામે પરિણમતો થકો આ આત્મા

⁎ તે સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

(૩) ⁎ [આ જ રીતે અજ્ઞાની જીવ બીજા અનેક પ્રકારના વિકારનો કર્તા બને છે.]

૧. ⁎ એવી જ રીતે 'ક્રોધ' પદ પલટાવીને માન, માયા,

⁎ લોભ, મોહ, રાગ, દ્વેષ

૨. ⁎ કર્મ, નોકર્મ, મન, વચન, કાય

⁎ શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શનના

૩. ⁎ સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં;

⁎ અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

⁎ એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે = એ રૂપે પોતાને માને છે = એ (વિકાર) તે હું છું એમ માને છે = રાગ મારો છે એમ માને છે.

⁎⁎ ક્રોધ = રાગની રુચિ, સ્વભાવની અરુચિ = સ્વભાવ પ્રત્યેનો ક્રોધ

⁎⁎⁎ સામાન્ય = સંક્ષિપ્ત

## ગાથા - ૯૫

ઉત્થાનિકા :– હવે, એ જ વાતને વિશેષ કહે છે :–

ગાથા :– * ‘હું ધર્મ આદિ’ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,
ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.

### ટીકામૃત :

(૧) * [અજ્ઞાનથી આત્મા પોતાને પરજ્ઞેયોનો આધાર માને છે.]

૧. * અજ્ઞાનથી સામાન્યરૂપે છે ખરેખર એવું જે,
મિથ્યાત્વ ને અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકાર એ;

૨. * સવિકાર છે ચૈતન્યનું પરિણામ [આગમકથિત] જે,
પરના અને નિજના વિશેષ રહિત દર્શનથી અને

૩. * અવિશેષ જ્ઞાનથી ને વળી અવિશેષ રતિથી [અરે,]
[આત્મા અને રાગાદિના] છૂપાવીને સહુ ભેદને;

૪. * છે જ્ઞેય-જ્ઞાયકભાવને પામેલ એવા સ્વ-પર જે,
પરજ્ઞેયનો આધાર હું છું એમ નિજને જાણીને;

(૨) * [તેથી ‘હું ધર્માદિ છું’ એવી ભ્રાંતિને કારણે જીવ પોતાના સોપાધિક ભાવોનો કર્તા બને છે :]

૧. * ‘હું ધર્મ છું, હું અધર્મ છું, આકાશ [પણ] હું છું અને
હું કાળ છું, પુદ્‌ગલ હું છું’ એવો વિકલ્પ સ્વનો કરે;

૨. * તેથી ‘હું ધર્મ-અધર્મ છું, આકાશ-કાળ હું છું અને
પુદ્‌ગલ તથા હું અન્ય જીવ છું’ એવી ભ્રાંતિને લીધે;

૩. * ઉપાધિ સહ ચેતન તણા પરિણામરૂપે તે અહો,
પરિણમન કરતો આતમા નિજ ભાવનો કર્તા થતો.

### ટીકા :–

(૧) * [અજ્ઞાનથી આત્મા પોતાને પરજ્ઞેયોનો આધાર માને છે :]

૧. * ખરેખર આ સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે
* મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું

૨. * સવિકાર ચૈતન્યપરિણામ તે,
* પરના અને પોતાના અવિશેષ દર્શનથી,

૩. * અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી (લીનતાથી)
* સમસ્ત ભેદને છૂપાવીને

૪. * જ્ઞેય-જ્ઞાયકભાવને પામેલાં એવા
* સ્વ-પરનું સામાન્ય અધિકરણથી અનુભવ કરવાથી,

(૨) * [તેથી 'હું ધર્માદિ છું' એવી ભ્રાંતિને કારણે જીવ પોતાના સોપાધિક ભાવોનો કર્તા બને છે :]

૧. * 'હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું,
* હું કાળ છું, હું પુદ્‌ગલ છું' એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે;

૨. * તેથી 'હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું,
* હું પુદ્‌ગલ છું, હું અન્ય જીવ છું' એવી ભ્રાંતિને લીધે

૩. * જે સોપાધિક (ઉપાધિ સહિત) છે એવા ચૈતન્યપરિણામે
* પરિણમતો થકો આ આત્મા તે સોપાધિક ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવોનો કર્તા થાય છે.

## ગાથા – ૯૬

ઉત્થાનિકા :–'તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું'—એમ હવે કહે છે :–

ગાથા :– * જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,
નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.

ટીકામૃત :– (૧) [અજ્ઞાનથી આત્મા સવિકાર અને સોપાધિક ભાવોનો કર્તા પ્રતિભાસે છે :]

૧. * એ રીત હું છું ક્રોધ ને હું ધર્મ છું આદિ પણે,
પરદ્રવ્યને નિજરૂપ, નિજને પરરૂપે કરતો ખરે

૨. * આ આતમા, તેથી ભલે હો સર્વ વસ્તુઓ તણા
સંબંધ વિરહિત, શુદ્ધ ચેતનધાતુમય બેહદ અહા;

૩. * તોપણ [અરે] અજ્ઞાનને, લીધે જ સવિકારી અને
ઉપાધિસહ ચૈતન્યના પરિણામવાળો હોઈને;

૪. * એ રીતના ભાવો તણો પ્રતિભાસતો કર્તા અને
છે ભૂતથી આવિષ્ટ* ને છે ધ્યાનથી આવિષ્ટ** જે

૫. * એવા પુરુષની જેમ, તેથી જીવને અજ્ઞાન છે
કર્તાપણાનું મૂળ, તે દ્રષ્ટાંતથી કહું છું હવે.

(૨) * [અજ્ઞાનને કારણે ભૂતાવિષ્ટ પુરુષની જેમ આત્મા ભાવકભાવ્યભાવનો કર્તા પ્રતિભાસે છે :]

૧. * છે ભૂતથી આવિષ્ટ એવો પુરુષ પોતાને અને
ભૂતને કરે છે એક જ્ઞાનરહિતતાને કારણે;

૨. * ચેષ્ટા વિશિષ્ટ કરે અનુચિત છે અહો જે મનુજને,
આરંભ ભયકારી થકી અણમાનવીય વર્તન કરે;

૩. * ને તેથી તે એવા બધા ભાવો તણો કર્તા બને,
તેવી રીતે આ આતમા પણ જ્ઞાન રહિત જ હોઈને,

૪. * તે ભાવ્યભાવકભાવરૂપ પરને કરે નિજરૂપ અને
અવિકાર અનુભૂતિમાત્ર*** ભાવકને અનુચિત જેહ છે,

* ભૂતથી આવિષ્ટ = ભૂતાવિષ્ટ = જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય,

** ધ્યાનથી આવિષ્ટ = ધ્યાનાવિષ્ટ = ધ્યાન કરતા.

*** અનુભૂતિમાત્ર = અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા—ત્રિકાળી દ્રવ્ય.

૫. * એવા વિવિધ જે ક્રોધ આદિ ભાવ્યરૂપ વિભાવથી,
મિશ્રિત છે ચૈતન્યના પરિણામરૂપ વિકારથી;

૬. * તે કારણે તેવા બધા ભાવો તણો કર્તા બને.
[આ રીત ભૂતાવિષ્ટનું દ્રષ્ટાંત કહ્યું છે મુનિવરે.]

(3) * [અજ્ઞાનને કારણે ધ્યાનાવિષ્ટ પુરુષની જેમ આત્મા જ્ઞેયજ્ઞાયકભાવનો કર્તા પ્રતિભાસે છે :]

૧. * વળી જેમ કો' ભોળો પુરુષ અજ્ઞાનીના ઉપદેશથી,
પાડા તણું કરી ધ્યાન નિજને એક માને મહિષથી;

૨. * માની [અરે] અજ્ઞાનથી કે 'હું જ મોટો મહિષ છું
ને ગગન સહ ઘર્ષણ કરંતો શિંગડાવાળો જ છું'—

૩. * એવા અહો અધ્યાસથી, જે યોગ્ય છે સહુ મનુજને,
કે ઓરડાના દ્વારમાંથી બહાર જાવું ઉચિત છે;

૪. * તેનાથી ચ્યુત થઈ [અરે] તે ભાવનો કર્તા બને;
[આ રીત ધ્યાનાવિષ્ટ જન અજ્ઞાનથી વર્તન કરે.]

(A) * [મનના વિષયરૂપ ધર્માદિ પદાર્થો વડે શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી-]

૧. * નિજ સ્વરૂપના અજ્ઞાનથી આ આતમા પણ એ રીતે,
જે જ્ઞેયજ્ઞાયકરૂપ પરને નિજરૂપે કરીને અરે,

૨. * 'પરદ્રવ્ય છે તે હું [જ] છું'—અધ્યાસ કરવાને લીધે,
મનના વિષયરૂપે કરેલાં ધર્મ, પુદ્‌ગલ, નભ અને

૩. * અધર્મ, કાળ તથા સહુયે અન્ય જીવદ્રવ્યો વડે
(નિજ) શુદ્ધ ચેતનધાતુ રોકાયેલી હોવાથી અને

(B) * [ઇન્દ્રિયોના વિષય એવા રૂપી પદાર્થો વડે કેવળ બોધ ઢંકાયેલો હોવાથી-]

૧. * ઇન્દ્રિયવિષયરૂપે કરેલાં રૂપી [સહુ] દ્રવ્યો વડે
નિજ માત્ર બોધ [સ્વરૂપ] ઢંકાઈ ગયું હોવાથી ને

(C) * [મૃતક ક્લેવરમાં વિજ્ઞાનઘન મૂર્છાયેલો હોવાથી-]

૧. * મૃતક ક્લેવર શરીરથી છે પરમ અમૃતસ્વરૂપ જે,
વિજ્ઞાનઘન આ આતમા પોતે જ મૂર્છા પામીને;

* [ઉપરોક્ત ત્રણેય પ્રકારના કારણોથી એ પ્રકારના ભાવોનો આત્મા કર્તા પ્રતિભાસે છે :]

૧. * એવા સહુયે ભાવનો પ્રતિભાસતો કર્તાપણે;
['કર્તાપણાનું મૂળ છે અજ્ઞાન'—સિદ્ધ થયું ખરે.]

**ટીકા :– [Slightly Rearranged]**

(૧) * [અજ્ઞાનથી આત્મા સવિકાર અને સોપાધિક ભાવોનો કર્તા પ્રતિભાસે છે :]

૧. * ખરેખર એ રીતે, 'હું ક્રોધ છું' ઇત્યાદિની જેમ અને 'હું ધર્મ છું' ઇત્યાદિની જેમ
* આત્મા પરદ્રવ્યોને પોતારૂપે કરે છે અને પોતાને પણ પરદ્રવ્યરૂપ કરે છે;

૨. * તેથી આ આત્મા, જોકે તે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત

* બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ,

૩. * અજ્ઞાનને લીધે જ સવિકાર અને

* સોપાધિક કરાયેલા ચૈતન્ય પરિણામવાળો હોવાથી

૪. * તે પ્રકારના ભાવોનો કર્તા પ્રતિભાસે છે [અને]

* આ રીતે, ભૂતાવિષ્ટ (જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા) પુરુષની જેમ અને ધ્યાનાવિષ્ટ (ધ્યાન કરતા)

૫. * પુરુષની જેમ, આત્માને અજ્ઞાન

* કર્તાપણાનું મૂળ ઠર્યું. તે પ્રગટ દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છે.

(૨) * [અજ્ઞાનને કારણે ભૂતાવિષ્ટ પુરુષની જેમ આત્મા ભાવકભાવ્યભાવનો કર્તા પ્રતિભાસે છે :]

૧. * જેમ ભૂતાવિષ્ટ પુરુષ પોતાને અને

* ભૂતને અજ્ઞાનને લીધે એક કરતો થકો,

૨. * મનુષ્યને અનુચિત એવી વિશિષ્ટ ચેષ્ટાના અવલંબન સહિત

* ભયંકર આરંભ*થી ભરેલા અમાનુષ વ્યવહારવાળો હોવાથી

* આરંભ.= કાર્ય; વ્યાપાર; હિંસાયુક્ત વ્યાપાર.

૩. * તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે;

* તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ

૪. * ભાવ્યભાવકરૂપ પરને અને પોતાને એક કરતો થકો,

* અવિકાર અનુભૂતિમાત્ર જે ભાવક તેને અનુચિત એવા

૫. * વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી

* મિશ્રિત ચૈતન્યપરિણામ વિકારવાળો હોવાથી

૬. * તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

* [આ રીતે આચાર્યશ્રીએ ભૂતાવિષ્ટ પુરુષનું દ્રષ્ટાંત સમજાવ્યું.]

(૩) * [અજ્ઞાનને કારણે ધ્યાનાવિષ્ટ પુરુષની જેમ આત્મા જ્ઞેયજ્ઞાયકભાવનો કર્તા પ્રતિભાસે છે :]

૧. * વળી જેમ કોઈ ભોળો પુરુષ અપરીક્ષક* આચાર્યશ્રીના ઉપદેશથી

* મહિષનું (પાડાનું) ધ્યાન કરતો મહિષને અને પોતાને એક કરતો થકો,

* અપરીક્ષક = અજ્ઞાની

૨. * અજ્ઞાનને લીધે

* 'હું ગગન સાથે ઘસાતાં શિંગડાવાળો મોટો મહિષ છું'

૩. * –એવા અધ્યવસાનને લીધે, મનુષ્યને યોગ્ય એવું

* જે ઓરડાના બારણામાંથી બહાર નીકળવું

૪. ∗ તેનાથી ચ્યુત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે;

∗ [આવી રીતે ધ્યાનાવિષ્ટ જીવ અજ્ઞાનને કારણે વર્તન કરે છે.]

(A) * [મનના વિષયરૂપ ધર્માદિ પદાર્થો વડે શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી–]

૧. ∗ તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે

∗ જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો,

૨. ∗ 'હું પરદ્રવ્ય છું' એવા અધ્યાસને લીધે

∗ મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, પુદ્ગલ, આકાશ અને

૩. ∗ અધર્મ, કાળ અને અન્ય જીવ વડે

∗ (પોતાની) શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તથા

(B) * [ઇન્દ્રિયોના વિષય એવા રૂપી પદાર્થો વડે કેવળ બોધ ઢંકાયેલો હોવાથી–]

૧. ∗ ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે

∗ (પોતાનો) કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી અને

(C) * [મૃતક ક્લેવરમાં વિજ્ઞાનઘન મૂર્છાયેલો હોવાથી–]

૧. ∗ મૃતક ક્લેવર (-શરીર) વડે પરમ અમૃતરૂપ

∗ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી

∗ [ઉપરોક્ત ત્રણેય પ્રકારના કારણોથી તે તે પ્રકારના ભાવોનો આત્મા કર્તા પ્રતિભાસે છે :]

૧. ∗ તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે,

∗ [આ રીતે 'કર્તાપણાનું મૂળ અજ્ઞાન છે' તે બરાબર સિદ્ધ થયું.]

## ગાથા - ૯૭

ઉત્થાનિકા :– 'તેથી (પૂર્વોક્ત કારણથી) એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે' એમ હવે કહે છે :–

ગાથા :– * એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,
–એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.

ટીકામૃત :–

(૧) * [જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે :]

૧. * એ કારણે કે આતમા આ જ્ઞાનવિરહિત હોઈને,
'નિજ-પર મહીં એકત્વ છે'–વિકલ્પ એ નિજનો કરે;

૨. * ને તેથી તે નિશ્ચય થકી કર્તા પ્રતિભાસે અને
જે આવું જાણે તે અહો છોડે સકલ કર્તૃત્વને;

૩. * તેથી અકર્તા જીવ તે પ્રતિભાસતો નિશ્ચયપણે,
સમજાવવામાં સ્પષ્ટ રીતે આવશે આ [વાતને.]

(૨) * [ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની ક્રોધાદિનો કર્તા થાય છે :]

૧. * અજ્ઞાની થઈને આતમા આ [સ્વરૂપના] અજ્ઞાનથી,
અનુભવ કરે છે મિલિત તે અનાદિના સંસારથી

૨. * નિજનો અને પુદ્ગલ કરમનો એકરૂપે, તેહથી
બિડાઈ ગઈ છે ભેદજ્ઞાનની શક્તિ રે તે આત્મની;

૩. * અનાદિથી તે એકરૂપે તેથી જાણી સ્વ-પરને,
'હું ક્રોધ છું' ઇત્યાદિ પોતાના વિકલ્પ [ઘણાં] કરે;

૪. * તેથી અકૃત્રિમ, નિરવિકલ્પ [જે] એક જ્ઞાનસ્વભાવથી
થઈ ભ્રષ્ટ વારંવાર, તે વિકલ્પરૂપે પરિણમી

૫. * પ્રતિભાસતો કર્તા અહો [અજ્ઞાની સહુ એ ભાવનો;]
[કહેશે હવે જ્ઞાની કઈ રીતે નહિ કર્તા થતો.]

(૩) * [ભેદજ્ઞાનના સદ્ભાવથી જ્ઞાની ક્રોધાદિનો કર્તા થતો નથી :]

૧. * ને આતમા નિજ આત્મનો જ્યારે અહો જ્ઞાની બને,
સદ્જ્ઞાનની શરૂઆતથી એ જ્ઞાન હોવાને લીધે;

૨. * નિજના અને જડકર્મના સ્વાદો પૃથક્ તે અનુભવે,
છે ભેદજ્ઞાનની શક્તિ તેની તેથી ઊઘડેલી અને

૩. * તે જાણતો તેથી અહો "અનાદિ અંત રહિત જે,
સહુ અન્ય રસથી ભિન્ન તે વેદાય છે નિરઅંતરે;

૪. * અતિ મધુર એક જ માત્ર ચેતનરસ અહો છે જેહનો,
છે આતમા એવો અને તેનાથી ભિન્ન કથાય તો;
૫. * બેસ્વાદ છે અત્યંત સહુયે તેમની સાથે અહો,
અજ્ઞાનમાત્રથી થાય છે વિકલ્પ એકપણા તણો;"
૬. * આ રીત નિજને જાણતો એ ભિન્ન પરથી તેથી તે,
'હું નિત્ય એક જ જ્ઞાન છું' પણ ક્રોધ આદિ અનેક જે;
૭. * અનિત્ય છે, કૃત્રિમ છે, તે હું નથી જાણે ખરે,
'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મવિકલ્પ જરીયે નવ કરે;
૮ * તેથી [અહો જ્ઞાની થઈ] છોડે સકલ કર્તૃત્વને,
તેથી ઉદાસીન થઈ સદા બસ માત્ર તે જાણ્યા કરે;
૯ * ને તેથી એક વિકલ્પહીન વિજ્ઞાનઘન શાશ્વત* અહો,
થઈને અકર્તા [કર્મનો] અત્યંત તે પ્રતિભાસતો.

* શાશ્વત = અકૃત્રિમ

**ટીકા :–**

(૧) * [જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે :]
૧. * કારણ કે આ આત્મા અજ્ઞાનને લીધે
* પરના અને પોતાના એકપણાનો આત્મવિકલ્પ કરે છે,
૨. * તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે;
* તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે :–
(૨) * [ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની ક્રોધાદિનો કર્તા થાય છે :]
૧. * આ આત્મા અજ્ઞાની થયો થકો, અજ્ઞાનને લીધે
* અનાદિ સંસારથી માંડીને મિલિત (-એકમેક મળી ગયેલા) સ્વાદનું અનુભવન હોવાથી,
૨. * (અર્થાત્ પુદ્‌ગલકર્મના અને પોતાના સ્વાદનું ભેળસેળપણે –એકરૂપે અનુભવન હોવાથી),
* જેની ભેદસંવેદનની (ભેદજ્ઞાનની) શક્તિ બિડાઈ ગયેલી છે
૩. * એવો અનાદિથી જ છે, તેથી તે પરને અને પોતાને એકપણે જાણે છે,
* તેથી 'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મવિકલ્પ (પોતાના વિકલ્પ) કરે છે,
૪. * અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન (સ્વભાવ)થી
* ભ્રષ્ટ થયો થકો વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો
૫. * કર્તા પ્રતિભાસે છે.
* [હવે જ્ઞાની કઈ રીતે કર્તા થતો નથી તે સમજાવે છે :–]

(૩) * [ભેદજ્ઞાનના સદ્ભાવથી જ્ઞાની ક્રોધાદિનો કર્તા થતો નથી :]

૧. * અને જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે,

* [સમ્યક્] જ્ઞાનને લીધે [સમ્યક્] જ્ઞાનના આદિથી માંડીને

૨. * પૃથક્-પૃથક્ સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદ્ગલકર્મના અને પોતાના સ્વાદનું એકરૂપે નહિ પણ ભિન્નપણે અનુભવન હોવાથી),

* જેની ભેદસંવેદનશક્તિ ઉઘડી ગઈ છે એવો હોય છે;

૩. * તેથી તે જાણે છે કે "અનાદિનિધન

* નિરંતર સ્વાદમાં આવતો, સમસ્ત અન્ય રસથી વિલક્ષણ (ભિન્ન),

૪. * અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ એક જેનો રસ છે

* એવો આ આત્મા છે અને કષાયો તેનાથી ભિન્ન ભિન્ન

૫. * રસવાળા (કષાયેલા-બેસ્વાદ) છે; તેમની સાથે

* જે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનથી છે;"

૬. * આ રીતે પરને અને પોતાને ભિન્નપણે જાણે છે; તેથી

* 'અકૃત્રિમ (નિત્ય), એક જ્ઞાન જ હું છું પરંતુ અનેક જે ક્રોધાદિક

૭. * કૃત્રિમ (અનિત્ય) છે તે હું નથી' એમ જાણતો થકો

* 'હું કોણ છું' અત્યાદિ આત્મવિકલ્પ જરા પણ કરતો નથી;

૮. * તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે;

* તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો માત્ર જાણ્યા જ કરે છે;

૯. * અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન

* થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે.

## કળશ – ૫૭

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * નિશ્ચયથી સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં
   * અજ્ઞાનને લીધે જે જીવ,

૨. * ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક
   * રાગ કરે છે (અર્થાત્ રાગનો અને પોતાનો ભેળસેળ સ્વાદ લે છે) તે,

૩. * દહીં-ખાંડના અર્થાત્ શિખંડના ખાટા-મીઠા રસની અતિ લોલુપતાથી શિખંડને પીતા છતાં,
   * પોતે ગાયના દૂધને પીએ છે એવું માનનાર પુરુષ જેવો છે.

**કળશામૃત :**

(૧) * આ આતમા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે નિશ્ચયપણે,
તોપણ અરે અજ્ઞાનથી નિજને અને રાગાદિને;

(૨) * મિષ્ટાન્નને જ્યમ ઘાસ સાથે હસ્તિઓ આરોગતા,
ત્યમ તે જનો નિજને અરે રાગાદિ સહ આસ્વાદતા;

(૩) * શિખંડના ખાટા-મીઠા રસના અતિ લોલુપી જે,
દૂધને પીઉં છું—માનતા, એવા જ છે અજ્ઞાની તે.

## કળશ-૫૮

ઉત્થાનિકા :–અજ્ઞાનથી જ જીવો કર્તા થાય છે એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી
⁎ હરણો તેને પીવા દોડે છે;
૨. ⁎ અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં
⁎ સર્પનો અધ્યાસ થવાથી લોકો (ભયથી) ભાગી જાય છે;
૩. ⁎ અને (તેવી રીતે) અજ્ઞાનને લીધે આ જીવો,
⁎ પવનથી તરંગવાળા સમુદ્રની માફક
૪. ⁎ વિકલ્પોના સમૂહ કરતા હોવાથી-
⁎ જોકે તેઓ શુદ્ધજ્ઞાનમય છે તોપણ-
૫. ⁎ આકુળ બનતા થકા (સ્વયં) મેળે કર્તા થાય છે.
⁎ [એ રીતે 'અજ્ઞાનથી જ જીવો કર્તા થાય છે'—એમ સિદ્ધ થયું.]

**કળશામૃત :–**

૧ * અજ્ઞાનને લીધે જ મૃગજળમાંહી જળ છે—માનીને
હરણો [ભ્રમિત થઈ] દોડતાં પીવા અરે તે પાણીને !
૨ * અજ્ઞાનને લીધે જ દેખી દોરડી અઘમાં ખરે,
કરી સર્પનો અધ્યાસ ડરથી ભાગતા લોકો અરે !
૩. * તેવી રીતે અજ્ઞાનને લીધે જ આ જીવો બધાં,
જ્યમ પવનથી સાગર થતો બહુ ક્ષુબ્ધ એ રીતે અહા !
૪. * વિકલ્પના સમૂહો કરે છે [લોકના જીવો બધાં]
ને તેથી જોકે જ્ઞાનમય છે શુદ્ધ [જીવો લોકના]
૫. * આકુળ થઈ કર્તા સ્વયં તેઓ અહો બનતા બધાં;
[તેથી ઠર્યું–'અજ્ઞાનથી કર્તા થતા જીવો અહા!]

## કળશ-૫૯

ઉત્થાનિકા :–જ્ઞાનથી આત્મા કર્તા થતો નથી એમ હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે

⁎ તેમ જે જીવ જ્ઞાનને લીધે વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી

૨. ⁎ પરના અને પોતાના વિશેષને જાણે છે.

⁎ તે (જેમ હંસ મિશ્રિત થયેલા દૂધજળને જુદા કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ)

૩. ⁎ અચળ ચૈતન્ય ધાતુમાં સદા આરૂઢ થયો થકો (અર્થાત્ તેનો આશ્રય કરતો થકો) માત્ર જાણે જ છે.

૪. ⁎ કાંઈ પણ કરતો નથી (અર્થાત્ જ્ઞાતા જ રહે છે,

⁎ કર્તા થતો નથી) [અર્થાત્ જ્ઞાનને કારણે ક્રોધાદિને કરતો નથી.]

**કળશામૃત :–**

૧. * જ્યમ હંસ જળ ને દૂધના વિશેષને જાણે ખરે,
ત્યમ જ્ઞાનને લીધે અહો જીવ જે વિવેકી હોઈને;

૨. * પરના અને નિજના વિશેષો જીવ તે જાણે અને
જ્યમ હંસ મિશ્રિત દૂધજળને ભિન્ન કરી દૂધને ગ્રહે;

૩. * તેવી રીતે તે જીવ પણ આરૂઢ થઈ નિત્યે અહા,
નિજ અચળ ચેતન ધાતુમાં, બસ માત્ર જાણે છે યથા;

૪. * નથી કાંઈ પણ કરતો અહો તે જીવ જ્ઞાતા થઈ સદા,
કર્તા થતો નથી [ક્રોધનો સદ્‌જ્ઞાનને કારણ અહા!]

## કળશ – ૬૦

ઉત્થાનિકા :–હવે, જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છે :

**શ્લોકાર્થ :–**

૧. ⁎ (ગરમ પાણીમાં) અગ્નિની ઉષ્ણતાનો

⁎ અને પાણીની શીતળતાનો ભેદ

૨. ⁎ જ્ઞાનથી જ પ્રગટ થાય છે

⁎ લવણના સ્વાદભેદનું નિરસન (-નિરાકરણ, અસ્વીકાર, ઉપેક્ષા) જ્ઞાનથી જ થાય છે (અર્થાત્ જ્ઞાનથી જ શાક વગેરેમાં લવણનો સામાન્ય સ્વાદ તરી આવે છે અને તેનો સ્વાદવિશેષ નિરસ્ત થાય છે).

૩. ⁎ નિજરસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો

⁎ ભેદ, કર્તૃત્વને (કર્તાપણાના ભાવને) ભેદતો થકો-તોડતો થકો, જ્ઞાનથી જ પ્રગટ થાય છે.

કળશામૃત :–

૧. * ઉષ્ણ પાણીમાં અહો છે ઉષ્ણતા અગ્નિ તણી,
ને પાણી તો શીતળ [સ્વભાવી] છે અહો [ચિરકાળથી;]

૨. * એ ભેદ [શીતળ-ઉષ્ણનો] થાયે પ્રગટ બસ જ્ઞાનથી,
જ્યમ લવણ-શાકનો સ્વાદભેદ જણાય છે બસ જ્ઞાનથી.

૩. * નિજરસથી વિકસિત નિત્ય ચેતન ધાતુનો ને ક્રોધનો
[બહુ] ભેદ, જ્ઞાનથી પ્રગટતો કર્તાપણાને તોડતો.

## કળશ-૬૧

ઉત્થાનિકા :–હવે, અજ્ઞાની પણ પોતાના ભાવને જ કરે છે પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી—
એવા અર્થનો આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ રીતે ખરેખર અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો આત્મા
* પોતાના જ ભાવનો કર્તા છે,

૨. * પરભાવનો (પુદ્‌ગલના ભાવોનો) કર્તા
* તો કદી નથી. [-અનાદિકાળના તીર્થંકરો આમ કહેતા આવ્યા છે.]

**કળશામૃત :–**

૧. * આ રીત નિજને જ્ઞાન કે અજ્ઞાનરૂપ આત્મા કરે,
તેથી ખરેખર તે અહો નિજભાવનો કર્તા બને;

૨. * પણ આતમા પુદ્‌ગલ તણા પરભાવનો કર્તા કદા
બનતો નથી [–એવું અહો તીર્થંકરોનું વચન આ.]

## કળશ – ૬૨

ઉત્થાનિકા :–એ જ વાતને દ્રઢ કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ જ્ઞાન છે;
   ∗ તે જ્ઞાન સિવાય બીજું શું કરે?

૨. ∗ આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું (તથા કહેવું)
   ∗ તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.

**કળશામૃત :–**

૧. * છે જ્ઞાનસ્વરૂપે આતમા, આત્મા જ પોતે જ્ઞાન છે,
ને જ્ઞાનમાત્ર સિવાય તે બીજું કંઈ પણ નવ કરે;

૨. * 'આત્મા કરે પરભાવને'—ત્યમ માનવું, કહેવું અરે,
વ્યવહારીજનનો મોહ છે [-જિનવરતણું આ વચન છે.]

## ગાથા – ૯૮

ઉત્થાનિકા :–હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છે :–

ગાથા :– * ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,
નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.

### ટીકામૃત :–

(૧) * [આત્મા બાહ્ય નોકર્મને કરે છે–એમ વ્યવહારીજન માને છે :]

૧. * પોતાની ઇચ્છારૂપ ને હસ્તાદિની ક્રિયા તણા,
વિકલ્પ ને વ્યાપારથી પ્રતિભાસતો આ આતમા;

૨. * કર્તા ઘટાદિ દ્રવ્યનો જે બાહ્યકર્મો છે અહા,
વ્યવહારી જીવોને અહો [વ્યવહારથી જે દેખતા.]

(૨) [આત્મા અંતરંગ જડકર્મોને પણ કરે છે–એવો વ્યવહારીનો વ્યામોહ છે :]

૧. * તેવી રીતે આ આતમા ક્રોધાદિ પરદ્રવ્યો અહા,
છે અંતરંગે જેહ [જડ] કર્મો [અનંત પ્રકારના;]

૨. * બંનેય તે કર્મો અહો પરદ્રવ્યસ્વરૂપે હોઈને;
વિશેષ નહિ કંઈ પણ અહો, તે બેય વચ્ચે હોઈને;

૩. * આત્મા કરે છે [તેમને પણ અંતરંગે જેહ છે,]
એવો અહો વ્યવહારી જીવનો ભ્રાંતિરૂપ વ્યામોહ છે.

### ટીકા :–

(૧) ૧. * જેથી પોતાના (ઇચ્છારૂપ) વિકલ્પ અને (હસ્તાદિની ક્રિયારૂપ)
* વ્યાપાર વડે

૨. * આ આત્મા ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મને કરતો
* (વ્યવહારીઓને) પ્રતિભાસે છે

(૨) ૧. * તેથી તેવી રીતે (આત્મા) ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ
* સમસ્ત અંતરંગકર્મને પણ–

૨. * બંને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને
* તેમનામાં તફાવત નહિ હોવાથી

૩. * [એ અંતરંગ જડકર્મને પણ]-કરે છે,
* એવો વ્યવહારી જીવોનો વ્યામોહ (ભ્રાંતિ, અજ્ઞાન) છે.

## ગાથા – ૯૯

ઉત્થાનિકા :–વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છે :–

ગાથા :– **પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તે તન્મય બને,**
**પણ તે નથી તન્મય અરે ! તેથી નહિ કર્તા ઠરે. ૯૯**

ટીકામૃત :–

૧. * આત્મા કરે પરદ્રવ્યરૂપ જડકર્મને જો નિશ્ચયે,
પરિણામ-પરિણામીપણું બનતું ન બીજી કો'રીતે;

૨. * તે કારણે આત્મા બને પરદ્રવ્યમય એ નિયમ છે,
પણ તે નથી તન્મય ખરેખર કેમ કે જો તે બને

૩. * કદી અન્યદ્રવ્યરૂપે, અરે તો નાશ પામે દ્રવ્ય તે,
તેથી ન વ્યાપક-વ્યાપ્યથી આત્મા કરે જડકર્મને.

ટીકા :–

૧. * જો નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મ*ને કરે તો,
* પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,

* પરદ્રવ્યસ્વરૂપ કર્મ = જડ કર્મ.

૨. * તે (આત્મા) નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય;
* પરંતુ તે તન્મય તો નથી, કારણ કે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યમય થઈ જાય તો

૩. * તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે,
* માટે આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.

## ગાથા – ૧૦૦

ઉત્થાનિકા :–આત્મા (વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ) નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી એમ હવે કહે છે :–

ગાથા :– * જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;
ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.

ટીકામૃત :–

(૧) * [આત્મા વ્યાપ્યવ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો જરાયે કર્તા નથી :]

૧. * ઘટપટ અને ક્રોધાદિ છે પરદ્રવ્યરૂપ કર્મો ખરે,
નહિ વ્યાપ્યવ્યાપકભાવથી આત્મા કરે છે તેમને;

૨. * એ કારણે કે જો કરે તે વ્યાપ્યવ્યાપકભાવથી,
તન્મયપણું પામે અરે આ આતમા પરદ્રવ્યથી.

(૨) * [આત્માના યોગ અને ઉપયોગ પરદ્રવ્યસ્વરૂપ કર્મમાં નિમિત્ત બને છે :]

૧. * નિમિત્ત-નૈમિત્તિક થકી વળી આતમા પણ નવ કરે,
એ કારણે કે જો કરે તો "નિત્ય-કર્તા" તે બને.

૨. * ઉપયોગ ને યોગ જ અહો સહુએ અવસ્થાઓ વિષે,
જે વ્યાપતા નથી તેથી નિત્ય નથી અહો તેઓ ખરે;

૩. * પરદ્રવ્યરૂપ કર્મો તણા કર્તા નિમિત્તપણે બને;
[આ રીત નિત્યાત્મા નહીં, ઉપયોગ-યોગ નિમિત્ત છે.]

(૩)* [આત્મા પોતાના યોગ-ઉપયોગનો કદાચિત્ કર્તા છે, પરંતુ પરદ્રવ્યનો કર્તા કદાપિ નથી :]

૧. * વિકારરૂપ ચૈતન્યના પરિણામ રાગાદિપણે,
નિજના વિકલ્પ તથા પ્રદેશોના અહો કંપન વડે;

૨. * વ્યાપારને નિજના કદાચિત્ જ્ઞાનહીન આત્મા કરે,
તેથી અહો ઉપયોગ-યોગોનો કદી કર્તા ભલે

૩. * આત્મા બને, તોપણ નહીં પરદ્રવ્યરૂપ કર્મો તણો,
નિમિત્તરૂપે પણ કદી આ આતમા કર્તા બને,.

(૪) [ઉપસંહાર] અજ્ઞાનીના ઉપયોગ-યોગ "નિમિત્તકર્તા" છે તથા
"નિમિત્તમાત્ર" જ છે અહો યોગોપયોગો જ્ઞાનીના;
પણ આતમા નિમિત્ત કે કર્તા નથી પરદ્રવ્યનો,
આવું સ્વરૂપ સમજાવ્યું તે ઉપકાર છે ગુરુદેવનો.

**ટીકા :–**

(૧) [આત્મા વ્યાપ્યવ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મોનો જરાયે કર્તા નથી :]

૧. * ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ [જડ] કર્મ છે

* તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી

૨. * કારણ કે જો એમ કરે તો

* તન્મયપણાનો પ્રસંગ આવે;

(૨) [આત્માના યોગ અને ઉપયોગ પરદ્રવ્યસ્વરૂપ કર્મમાં નિમિત્ત બને છે :]

૧. * વળી નિમિત્ત-નૈમિત્તિક ભાવે પણ તેને કરતો નથી

* કારણ કે જો એમ કરે તો નિત્ય-કર્તૃત્વનો પ્રસંગ આવે.

૨. * અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા)

* યોગ અને ઉપયોગ જ

૩. * નિમિત્તપણે તેના (-પરદ્રવ્યસ્વરૂપ કર્મોના) કર્તા છે.

* [આ રીતે નિત્ય એવો આત્મા નહીં પરંતુ અનિત્ય એવા યોગ-ઉપયોગ જ પરદ્રવ્યસ્વરૂપ કર્મોના નિમિત્ત છે.]

(૩) * [આત્મા કદાચિત્ પોતાના યોગ-ઉપયોગનો કર્તા છે, પરંતુ પરદ્રવ્યનો કર્તા કદાપિ નથી :]

૧. * (રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ)

* પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ)

૨. * પોતાના વ્યાપારને કદાચિત્ આત્મા અજ્ઞાનથી કરતો હોવાથી

* યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા (કદાચિત્) ભલે હો

૩. * તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો

* (નિમિત્તપણે પણ કદી) નથી.

(૪) [ઉપસંહાર :]

* અજ્ઞાનીના યોગ અને ઉપયોગ 'નિમિત્તકર્તા' છે,

* જ્ઞાનીના યોગ અને ઉપયોગ 'નિમિત્તમાત્ર' જ છે;

* પરંતુ આત્મદ્રવ્ય પરદ્રવ્યનું નિમિત્તમાત્ર અથવા કર્તા નથી.

* આવું વસ્તુસ્વરૂપ સમજાવનાર પૂજ્યશ્રી કહાનગુરુદેવનો અનંત ઉપકાર છે.

## ગાથા – ૧૦૧

ઉત્થાનિકા :–હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છે :–

ગાથા :– * જ્ઞાનાવરણાદિક જે પુદ્ગલ તણા પરિણામ છે;
કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.

### ટીકામૃત :–

(૧) * [જેમ તટસ્થ પુરુષ ગોરસ-પરિણામને તેમ જ્ઞાની જ્ઞાનાવરણાદિને કરતો નથી :]

૧. * જેવી રીતે દહીં-દૂધ વ્યાપ્ત થયા થકા ગોરસ વડે,
વ્યપાઈને જે ઊપજતા ખાટા-મીઠા પરિણામ છે;

૨. * નથી તેમને કરતો પુરુષ મધ્યસ્થ* દેખનહાર જે,
તેવી રીતે જ્ઞાનાવરણ ઇત્યાદિ કે જેઓ ખરે;

* મધ્યસ્થ = તટસ્થ

૩. * પુદ્ગલ વડે થઈ વ્યાપ્ત ઊપજે છે [અહો વિધવિધ રૂપે,]
પુદ્ગલ તણા પરિણામ તે જ્ઞાની અહો [કદી] ના કરે;

(૨) * [જેમ તટસ્થ પુરુષ માત્ર દેખે જ છે તેમ જ્ઞાની માત્ર જાણે જ છે :]

૧. * પણ જેવી રીત તેહ ગોરસનો અહો જોનાર જે,
પોતાથી વ્યાપ્ત થઈ અહો [પોતા મહીં] જે ઊપજે;

૨. * ગોરસ તણા પરિણામના દર્શન મહીં તે વ્યાપીને,
બસ માત્ર એ દેખે જ છે [ગોરસ તણા પરિણામને.]

૩. * તેવી રીતે જ્ઞાની સ્વતઃ વ્યાપી [સદા] જે ઊપજે,
પુદ્ગલ દરવ-પરિણામ છે જેમાં અહો નિમિત્ત તે;

૪. * એ જ્ઞાનમાં વ્યાપી અને બસ જ્ઞાની તો જાણે જ છે,
આ રીત જ્ઞાની માત્ર જ્ઞાન તણો અહો કર્તા જ છે.

(3) * [એવી જ રીતે જ્ઞાની અન્ય પ્રકારના કર્મો, કષાય, નોકષાયાદિને જાણે જ છે :]

૧. * જેવી રીતે જ્ઞાનાવરણ જડકર્મને જાણે જ છે,
તેવી જ રીતે જ્ઞાની જાણે શેષ સહુયે કર્મને;

૨. * ને તેની સાથે જ્ઞાની જાણે મોહ તેમજ રાગને,
વળી દ્વેષ, માયા, માનને ને ક્રોધ, લોભ [કષાયને;]

૩. * નોકર્મ, મન, વચ, કાયને વળી શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણને,
તેમજ રસન ને સ્પર્શને જ્ઞાની અહો જાણે જ છે.

(૧) * [જેમ તટસ્થ પુરુષ ગોરસ-પરિણામને તેમ જ્ઞાની જ્ઞાનાવરણાદિને કરતો નથી :]
૧. * જેવી રીતે દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને
* (–વ્યપાઈને) ઊપજતા ગોરસના ખાટા-મીઠા પરિણામ છે;
૨. * તેમને ગોરસનો તટસ્થ જોનાર પુરુષ કરતો નથી,
* તેવી રીતે જ્ઞાનાવરણ ઇત્યાદિ કે જેઓ ખરેખર
૩. * પુદ્‌ગલ દ્રવ્ય વડે વ્યાપ્ત થઈને ઊપજતા
* પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ છે, તેમને જ્ઞાની કરતો નથી;
(૨) * [જેમ તટસ્થ પુરુષ માત્ર દેખે જ છે તેમ જ્ઞાની માત્ર જાણે જ છે :]
૧. * પરંતુ જેવી રીતે તે ગોરસનો જોનાર;
* પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું
૨. * જે ગોરસ-પરિણામનું દર્શન (જોવાપણું) તેમાં વ્યાપીને,
* માત્ર [ગોરસ-પરિણામને] જુએ જ છે,
૩. * તેવી રીતે જ્ઞાની પોતાથી (જ્ઞાનીથી), વ્યાપ્ત થઈને ઊપજતું,
* પુદ્‌ગલ દ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે;
૪. * એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને, માત્ર જાણે જ છે;
* આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.
(૩) * [એવી જ રીતે જ્ઞાની અન્ય પ્રકારના કર્મો, કષાય, નોકષાયાદિને જાણે જ છે :]
૧. * વળી એવી જ રીતે ‘જ્ઞાનાવરણ’ પદ પલટીને કર્મસૂત્રનું (કર્મની ગાથાનું) વિભાગ પાડીને કથન કરવાથી
* દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયના સાત સૂત્રો,
૨. * તથા તેમની સાથે મોહ, રાગ,
* દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ
૩. * નોકર્મ, મન, વચન. કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ,
* રસન અને સ્પર્શનનાં સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

## ગાથા – ૧૦૨

ઉત્થાનિકા :– વળી અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ હવે કહે છે :–

ગાથા :– * જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨

ટીકામૃત :–

(૧) * [પોતાના શુભાશુભ ભાવ અજ્ઞાનીનું કર્મ બને છે :]

૧. * વિજ્ઞાનઘન અચલિત એક જ સ્વાદ હોવા પણ છતાં,
અનાદિથી આ લોકમાં અજ્ઞાનથી આ આતમા;

૨. * પરના અને નિજના અહા એકત્વના અધ્યાસથી,
જે કર્મ પુદ્ગલના વિપાક તણી દશાઓ બે થતી;

૩. * તે તીવ્ર-મંદ વડે [અરે] નિજ જ્ઞાનઘનના સ્વાદને
ભેદી, અહો શુભ કે અશુભ અજ્ઞાનરૂપ ભાવો કરે;

૪. * તે કાળ તે ભાવો* થઈને વ્યાપ્યરૂપ તન્મયપણે,
તે આતમાના કર્મ** થઈને [આતમા કર્તા બને.]

* ભાવો = શુભાશુભ ભાવો = પર્યાયરૂપ ભાવો = અભેદથી આત્મા

** આતમાના કર્મ = અશુદ્ધ ઉપાદાનથી શુભાશુભભાવો આત્માના કર્મ બને છે.

(૨) * [અજ્ઞાની પોતાના શુભાશુભભાવોનો ભોક્તા થાય છે, પરંતુ પરભાવનો કર્તા-ભોક્તા થતો નથી :]

૧. * વળી તે જ આત્મા તે જ કાળે તે [શુભાશુભ] ભાવનો,
તન્મયપણે ભાવક થઈને ભોકતા તેનો થતો;

૨. * ને તે [શુભાશુભ]ભાવ તે કાળે અહો તન્મયપણે,
તે આતમાનું ભાવ્ય હોવાથી થતું 'અનુભાવ્ય' ને

૩. * આ રીત પણ અજ્ઞાની જીવ પરભાવનો કર્તા નથી,
[તેથી થયું એ સિદ્ધ કે પરભાવ કો' કરતું નથી.]

ટીકા :–

(૧) [પોતાના શુભાશુભભાવો અજ્ઞાનીનું કર્મ બને છે :]

૧. * પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એકસ્વાદ હોવા છતાં પણ
* આ લોકમાં જે આ આત્મા અનાદિકાળના અજ્ઞાનને લીધે

૨. * પરના અને પોતાના એકપણાના અધ્યાસથી
* મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ વડે

૩. * પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો
* અજ્ઞાનરૂપ શુભ કે અશુભભાવને કરે છે,

૪. * તે આત્મા તે વખતે તન્મયપણે
   * તે આત્માનું વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે;

(૨) * [અજ્ઞાની પોતાના શુભાશુભભાવોનો કર્તા થાય છે, પરંતુ પરભાવનો કર્તા-ભોક્તા થતો નથી :]

૧. * વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે
   * તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર (અર્થાત્ ભોક્તા) થાય છે

૨. * અને તે ભાવ તે વખતે તન્મયપણે
   * તે આત્માનું ભાવ્ય હોવાથી તેનું અનુભાવ્ય (અર્થાત્ ભોગ્ય) થાય છે.

૩. * આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.
   * [તેથી સિદ્ધ થયું કે જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ પરભાવને કરી શકતા નથી.]

## ગાથા – ૧૦૩

ઉત્થાનિકા :–પરભાવને કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ એમ હવે કહે છે :–

ગાથા :– * જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩

ટીકામૃત :–

૧. * આ જગતમાં જે કોઈ વસ્તુ જેવડી ચૈતન્ય કે
જડસ્વરૂપ છે, તે જેવી દ્રવ ને ગુણ*માં વર્તે જ છે

૨. * અનાદિથી નિજરસથી**, તે જ ખરે સ્થિતિ વસ્તુની છે;
અચલિત એવી તેની સીમા તોડવી જ અશક્ય છે,

૩. * ને તેથી તે નિજ દ્રવ્ય-ગુણ*માં તેટલી જ વર્તે અહા,
કિંતુ દ્રવ્યાંતર ન કે ગુણાંતર ન રૂપે કદા

૪. * સંક્રમણરૂપ થતી અરે [જિનવરતણું આ વચન છે.]
નહિ અન્ય દ્રવ કે ગુણરૂપ જે સંક્રમે છે વસ્તુ તે

૫. * ક્યમ પરિણમાવી શકે અહો કદી અન્ય વસ્તુને ખરે?
તેથી ઠર્યું 'પરભાવને*** નહિ કોઈ વસ્તુ કરી શકે.'

* ગુણ = પર્યાય

** નિજરસ = નિજશક્તિ

*** પરભાવ = અન્ય દ્રવ્યના ભાવ (પોતાના વિકારભાવ નહિ)

ટીકા :—

૧. * જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે
* અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં

૨, * નિજરસથી જ અનાદિથી જ વર્તે છે તે,
* ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી,

૩. * તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ) વર્તે છે
* પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે

૪. * સંક્રમણ પામતી નથી;
* અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહીં સંક્રમતી તે,

૫. * અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? (કદી ન પરિણમાવી શકે,)
* માટે પરભાવ કોઈ થી કરી શકાય નહિ.

## ગાથા – ૧૦૪

ઉત્થાનિકા :–આ (ઉપર કહેલા) કારણે આત્મા ખરેખર પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો એમ હવે કહે છે :-

ગાથા :– * આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪

ટીકામૃત :–

(૧) * [પોતાના દ્રવ્ય-ગુણને ઘડામાં નહિ નાખતો એવો કુંભાર ઘડાનો કર્તા નથી :]

૧. * જ્યમ માટીમય ઘટરૂપ એવું કર્મ વર્તે છે [સદા]
નિજરસ*થી માટીરૂપ દ્રવ ને માટીના ગુણમાં અહા;

[* નિજરસ = નિજ શક્તિ ]

૨. * તેમાં નહિ કુંભાર નિજને કે નહીં નિજ ગુણને,
કદી નાખતો કે મૂકતો ભેળવણી કરતો કેમ કે;

૩. * ક્યારેય કોઈ વસ્તુનું કો' અન્ય દ્રવ કે ગુણરૂપે,
સંક્રમણ થઈ શકવા તણો વસ્તુસ્થિતિથી નિષેધ છે;

૪. * નહીં અન્ય દ્રવ્યરૂપે કદીયે સંક્રમણ પામ્યા વિના,
તે અન્ય વસ્તુનું અહા પરિણમન કરવું શક્ય ના;

૫. * નિજ દ્રવ્ય-ગુણને તેથી ઘટરૂપ કર્મમાં નહીં નાખતો,
કુંભાર પરમાર્થે અહા કર્તા નહીં પ્રતિભાસતો.

(૨) * [પોતાના દ્રવ્ય-ગુણને જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો એવો આત્મા કર્મોનો કર્તા નથી :]

૧. * દ્રવકર્મ જ્ઞાનાવરણ આદિ તેમ જે પુદ્ગલ [સદા]
જડ*દ્રવ્યમાં ને ગુણમાં નિજરસથી છે વર્તે અહા;
[જડ=પુદ્ગલ]

૨. * તેમાં નહીં આ આતમા નિજ દ્રવ્યને કે ગુણને,
કદી નાખતો કે મૂકતો–ભેળવણી કરતો કેમ કે;

૩. * ક્યારેય કોઈ વસ્તુનું કો' અન્ય દ્રવ કે ગુણરૂપે,
સંક્રમણ થઈ શકતું નથી [-જિનવરતણું આ વચન છે;]

૪. * નહીં અન્ય દ્રવ્યરૂપે કદીયે સંક્રમણ પામ્યા વિના,
તે અન્ય વસ્તુનું અહા પરિણમન કરવું શક્ય ના;

૫. * નિજ દ્રવ્ય-ગુણને તેથી જ્ઞાનાવરણમાં નહીં નાખતો,
તે આતમા કર્તા ખરે ન થઈ શકે છે તેહનો;

૬ * તેથી ઠર્યો આત્મા અકર્તા કર્મપુદ્ગલનો ખરે,
[ઘટ-કુંભના દ્રષ્ટાંતથી સિદ્ધાંત સમજાયો મને.]

**ટીકા :–**

(૧) [પોતાના દ્રવ્ય-ગુણને ઘડામાં નહિ નાખતો એવો કુંભાર ઘડાનો અકર્તા છે :]

૧. * જેવી રીતે માટીમય ઘડારૂપી કર્મ કે જે
 * માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજરસથી જ વર્તે છે.

૨. * તેમાં, કુંભાર પોતાને કે પોતાના ગુણને
 * નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે

૩. * (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે
 * સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;

૪. * દ્રવ્યાંતરરૂપે [અર્થાત્ અન્ય દ્રવ્યરૂપે] સંક્રમણ પામ્યા વિના
 * અન્ય વસ્તુને પરિણમાવી અશક્ય હોવાથી,

૫. * પોતાના દ્રવ્ય અને ગુણ બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો એવો
 * તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી;

(૨) * [પોતાના દ્રવ્ય-ગુણને જ્ઞાનાવરણાદિ કર્મોમાં નહિ નાખતો એવો આત્મા તે કર્મોનો અકર્તા છે.]

૧. * તેવી રીતે, પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ કે
 * જે પુદ્ગલ દ્રવ્યમાં અને પુદ્ગલ ગુણમાં નિજરસથી જ વર્તે છે

૨. * તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને
 * ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે

૩. * (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે
 * સંક્રમણ થવું અશક્ય છે [-એવું જિનવરનું વચન છે;]

૪. * દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના
 * અન્ય વસ્તુને પરિણમાવી અશક્ય હોવાથી,

૫. * પોતાના દ્રવ્ય અને ગુણ બંનેને તે જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો એવો
 * તે આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે? (કદી ન હોઈ શકે.)

૬. * માટે ખરેખર આત્મા પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો.
 * [આચાર્યશ્રીએ ઘટકુંભના સરળ દ્રષ્ટાંત વડે આવો સિદ્ધાંત આ રીતે સમજાવ્યો.]

## ગાથા – ૧૦૫

ઉત્થાનિકા :–માટે આ સિવાય બીજો—એટલે કે આત્માને પુદ્‌ગલકર્મોનો કર્તા કહેવો તે—ઉપચાર છે, એમ હવે કહે છે :–

ગાથા :– * જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.

ટીકામૃત :–

૧. * આ લોકમાં આત્મા સ્વભાવથી પૌદ્‌ગલકિ [સહુ] કર્મને,
નિમિત્તભૂત નથી ખરેખર એમ હોવા પણ [અરે !]

૨. * અનાદિના અજ્ઞાનથી તે પૌદ્‌ગલિક [સહુ] કર્મને
નિમિત્તભૂત થતાં, અહો અજ્ઞાન [મય] ભાવોરૂપે

૩. * પરિણમન કરતો હોઈને, નિમિત્તભૂત આત્મા બને,
તેનાથી પુદ્‌ગલ કર્મની ઉત્પત્તિ [ત્યારે] થાય છે;

૪. * ને તેથી પુદ્‌ગલ કર્મ આત્માએ કર્યું—એવું કહે,
જે નિર્વિકલ્પ વિજ્ઞાનઘન એવા સ્વભાવથી ભ્રષ્ટ તે;

૫. * વિકલ્પમાં લીન અબુધજનનો [માત્ર એક] વિકલ્પ છે,
વિકલ્પ એ ઉપચાર છે; કિંતુ નહીં પરમાર્થ તે.

ટીકા :–

૧. * આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી
* પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,

૨. * અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને
* નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે

૩. * પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં,
* પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે,

૪. * તેથી ‘પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું.’
* એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ,

૫. * વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે;
* તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.

## ગાથા – ૧૦૬

ઉત્થાનિકા :–હવે, એ ઉપચાર કઈ રીતે છે તે દ્રષ્ટાંતથી કહે છે :–

ગાથા :– * **યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,**
**એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.**

### ટીકામૃત :–

(૧) * ['રાજાએ યુદ્ધ કર્યું'–એ વ્યવહારમાત્ર કથન છે :]

૧. * જે યુદ્ધના પરિણામરૂપે પરિણમન પોતે કરે,
યોદ્ધા અહો એવા વડે જે યુદ્ધ થાતું તે વિષે;

૨. * એ યુદ્ધના પરિણામરૂપે, જે સ્વયં નહીં પરિણમે,
એવા અહો રાજા વિષે 'નૃપે કર્યું આ યુદ્ધ છે'–

૩. * ઉપચારમાત્ર જ કથન છે એ, પણ નથી પરમાર્થ તે,
[આ યુદ્ધ-નૃપ દ્રષ્ટાંત કહી સિદ્ધાંત સમજાવે હવે.]

(૨) * ['આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું'–એ વ્યવહારમાત્ર કથન છે :]

૧. * જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મરૂપે સ્વયં જે પરિણમે,
પુદ્ગલદરવ કે જેહથી જ્ઞાનાવરણ બંધાય છે;

૨. * જ્ઞાનાવરણ આદિ પરિણામે સ્વયં નહિ પરિણમે,
પોતાથી તે આત્મા વિષે 'જીવે કર્યું છે કર્મ એ.'

૩. * –ઉપચારમાત્ર જ કથન છે, પણ નથી પરમાર્થ એ.
[તેથી ઠર્યું–'આત્મા કરે છે કર્મ'–એ વ્યવહાર છે.]

### ટીકા :–

(૧) * ['રાજાએ યુદ્ધ કર્યું'—એ વ્યવહારમાત્ર કથન છે :]

૧. * જેમ યુદ્ધપરિણામે પોતે પરિણમતા એવા
* યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં,

૨. * યુદ્ધ પરિણામે પોતે નહિ પરિણમતા
* એવા રાજા વિષે, 'રાજાએ યુદ્ધ કર્યું'—

૩. * એવો ઉપચાર છે, પરમાર્થ નથી;
* [આવું નૃપ અને યુદ્ધનું દ્રષ્ટાંત કહીને આચાર્યશ્રી હવે સિદ્ધાંત સમજાવે છે.]

(૨) * ['આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું'—એ વ્યવહારમાત્ર કથન છે :]

૧. * તેમ જ્ઞાનાવરણાદિ કર્મપરિણામે પોતે પરિણમતા એવા
* પુદ્ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતાં,

૨. * જ્ઞાનાવરણાદિ પરિણામે પોતે નહિ પરિણતા

* એવા આત્મા વિષે 'આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું'—

૩. * એવો ઉપચાર છે, પરમાર્થ નથી.

* [માટે આમ ઠર્યું કે 'આત્મા જ્ઞાનાવરણાદિ કર્મ કરે છે'–એ માત્ર વ્યવહાર છે.]

## ગાથા – ૧૦૭

ગાથા :– * ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો અને બાંધે, કરે
પુદ્ગલદરવને આતમા—વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.

### ટીકામૃત :–

(૧) * [આત્મા પુદ્ગલાત્મકકર્મને ખરેખર ગ્રહતો-પરિણમાવતો નથી :]

૧. * વ્યાપ્યવ્યાપકભાવના જ અભાવથી આત્મા ખરે,
વિકાર્ય, પ્રાપ્ય, નિર્વર્ત્ય એવા પુદ્ગલાત્મક કર્મને

૨. * ગ્રહતો નથી, પ્રણમાવતો—ઉપજાવતો પણ તે નથી;
કરતો નથી, નથી બાંધતો [મુનિવર કહે નિશ્ચય થકી.]

(૨) * ['આત્મા પુદ્ગલાત્મક કર્મને ગ્રહે—પરિણમાવે છે'—એ વ્યવહારનયનું કથન છે :]

૧. * ને વ્યાપ્યવ્યાપકભાવનો જ અભાવ હોવા પણ અરે!
વિકાર્ય, પ્રાપ્ય, નિર્વર્ત્ય એવા પુદ્ગલાત્મક કર્મને

૨. * આત્મા ગ્રહે ને પરિણમાવે તેમ ઉપજાવે, કરે,
બાંધે વળી—એવો અહો ઉપચારમાત્ર વિકલ્પ છે.

### ટીકા :–

(૧) ૧ * આ આત્મા ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે,
* પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય—એવા પુદ્ગલાત્મક (-પુદ્ગલ દ્રવ્ય સ્વરૂપ) કર્મને
૨ * ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી.
* કરતો નથી, બાંધતો નથી;

(૨) ૧ * અને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવા છતાં પણ,
* "પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવા પુદ્ગલાત્મક કર્મને
૨. * આત્મા ગ્રહે છે, પરિણમાવે છે, ઊપજાવે છે, કરે છે
* અને બાંધે છે" એવો જે વિકલ્પ તે ખરેખર ઉપચાર છે.

નોંધ :–

* પ્રાપ્ય = પ્રાપ્ત થવી, પહોંચવી

* વિકાર્ય =પૂર્વ અવસ્થા બદલવી

* નિર્વર્ત્ય =નવી ઊપજવી

* વ્યાપ્યવ્યાપકભાવ =કાર્યકારણભાવ

* કરે છે =પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને કરે છે.

## ગાથા - ૧૦૮

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે? તેનો ઉત્તર દ્રષ્ટાંતથી કહે છે :

**ગાથા :– * ગુણદોષ ઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,**
**ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.**

### ટીકામૃત :–

(૧) * ['પ્રજાના ગુણદોષનો ઉત્પાદક રાજા છે'—એ ઉપચાર છે :]

૧. * પ્રજા અને ગુણદોષ તેના એમ તે બંને વિષે,
છે વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ તેના કારણે;

૨. * સ્વભાવથી ગુણદોષની તે ઉત્પત્તિ જ્યારે થતી,
જોકે અહો ગુણદોષ તે ને નૃપ વચ્ચે છે નહીં;

૩. * 'સદ્‌ભાવ વ્યાપકવ્યાપ્યનો' તોયે અરે લોકો કહે,
'ગુણદોષઉત્પાદક અહો છે નૃપ'—એ ઉપચાર છે.

(૨) * [તેવી રીતે 'પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષનો ઉત્પાદક જીવ છે'—એ ઉપચાર છે :]

૧. * તેવી રીતે ગુણદોષ પુદ્‌ગલદ્રવ્યના ને દ્રવ્ય તે,
એ બેય વચ્ચે વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે;

૨. * સ્વભાવથી ગુણદોષની તે ઉત્પત્તિ જ્યારે થતી,
જોકે અહો ગુણદોષ તે ને જીવ વચ્ચે છે નહીં;

૩. * સદ્‌ભાવ વ્યાપકવ્યાપ્યનો તોયે અરે લોકો કહે,
'ગુણદોષઉત્પાદક અહો છે જીવ'—એ ઉપચાર છે.

### ટીકા :–

(૧) ૧ * જેમ પ્રજાના ગુણદોષોને અને પ્રજાને
* વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે
૨. * સ્વ-ભાવથી જ (પ્રજાના પોતાના જ ભાવથી) તે ગુણદોષોની ઉત્પત્તિ થતા—
* જોકે તે ગુણદોષોને અને રાજાને
૩. * વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ—
* 'તેમનો ઉત્પાદક રાજા છે'–એવો ઉપચાર કરવામાં આવે છે.

(૨) ૧ * તેવી રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોને અને પુદ્‌ગલદ્રવ્યને
* વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે
૨. * સ્વ-ભાવથી જ [પુદ્‌ગલદ્રવ્યના ભાવથી જ] તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં—
* જોકે તે ગુણદોષોને અને જીવને
૩. * વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ
* 'તેમનો ઉત્પાદક જીવ છે'—એવો ઉપચાર કરવામાં આવે છે.

## કળશ-૬૩

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ જો પુદ્‌ગલકર્મને જીવ કરતો નથી
∗ તો તેને કોણ કરે છે? એવી આશંકા કરીને,
૨. ∗ હવે તીવ્ર વેગવાળા મોહનો (કર્તાપણાના અજ્ઞાનનો)
∗ નાશ કરવા માટે, પુદ્‌ગલકર્મનો કર્તા કોણ
૩. ∗ છે તે કહીએ છીએ, તે (હે જ્ઞાનના ઇચ્છક
∗ પુરુષો!) તમે સાંભળો. [તેને ગ્રહણ કરજો અને તેને અપનાવજો.]

**કળશામૃત :–**

૧. * પુદ્‌ગલકરમને જીવ જો [કદીયે ખરે] કરતો નથી,
તો કરે છે કોણ તેને એવી આશંકા કરી;
૨. * કર્તૃત્વના અજ્ઞાનરૂપ અતિ વેગવંતા મોહનો,
વિનાશ કરવા કાજ કર્તા કોણ પુદ્‌ગલકર્મનો
૩. * છે, તે અમે કહીએ છીએ હે જ્ઞાનના ઇચ્છક અહો
પુરુષો, તમે સહુ સૂણજો, [ગ્રહજો અને અપનાવજો.]

## ગાથા – ૧૦૯ થી ૧૧૨

ઉત્થાનિકા :–પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છે :–

ગાથા :– * સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યાં,
–મિથ્યાત્વ ને અવિરણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.
* વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
–મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.
* પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.
* જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

ટીપ્પણી :–

* પ્રત્યય = કર્મબંધના કારણો અથવા આસ્રવો

* 'ગુણ' = ગુણસ્થાન = પુદ્‌ગલદ્રવ્યના પરિણામ = પુદ્‌ગલદ્રવ્ય.
= વિશેષ પ્રત્યયો = નવા પુદ્‌ગલકર્મના કર્તા

### ટીકામૃત :–

(૧) * [ચાર પ્રત્યયો અથવા તેર ગુણસ્થાનો પુદ્‌ગલકર્મના કર્તા છે :]

૧. * બસ એક પુદ્‌ગલદ્રવ્ય છે કર્તા ખરે જડકર્મનો,
મિથ્યાત્વ ને અવિરણ તેમ કષાયયોગો છે અહો;

૨. * તેના વિશેષો બંધના સામાન્યરૂપે હેતુઓ,
ને તેથી તેઓ ચાર કર્તા કર્મના છે [જાણજો.]

૩. * તેને જ ભેદરૂપે કરી મિથ્યાત્વથી કેવળી સુધી,
કર્તા થતાં ત્રાદશ* અહો ['ગુણસ્થાન' સંજ્ઞા જેહની;]

* ત્રાદશ = તેર

૪. * વિપાક પુદ્‌ગલકર્મના તેઓ પ્રકારો હોઈને,
અત્યંત ચેતનહીન છે આ તેર કર્તાઓ અરે;

૫. * બસ વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકરમને જો કરે
કંઈ પણ ભલે, પણ જીવમાં તેથી ન આવે કંઈ ખરે.

(૨) * [જીવ પુદ્‌ગલકર્મને વેદતો નથી માટે તે કર્મનો કર્તા નથી :]

૧. * અહીં [કોઈ જીવ જો] આ વિષે [કદી] તર્ક [કો'] આવો કરે–
'પુદ્‌ગલસ્વરૂપ મિથ્યાત્વ આદિક વેદતો જીવ તે અરે!

૨. * પોતે જ મિથ્યાત્વી થઈને કર્મ પુદ્‌ગલને કરે;
તો તે ખરે અવિવેક છે, [અજ્ઞાન છે] આ કારણે—

(3) * [ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી જીવ કર્મનો ભોક્તા નથી માટે કર્તા નથી તેથી ગુણસ્થાનો જ પુદ્‌ગલકર્મના કર્તા છે :]

૧. * કે ભાવ્યભાવકભાવનો જ અભાવ હોવાથી અહો
પુદ્‌ગલસ્વરૂપ મિથ્યાત્વનો ભોક્તા ન પણ આત્મા કહ્યો;

૨. * તો કેમ કર્તા થાય પુદ્‌ગલકર્મનો આત્મા અહા!
તેથી ફલિત થયું અહો કે પ્રત્યયો જે ચાર આ

3. * પુદ્‌ગલદરવમય, જેમના છે ભેદ તેર પ્રકારના,
વિશેષરૂપ એ પ્રત્યયો 'ગુણસ્થાન'ના નામે અહા!

૪. * તેઓ જ કેવળ કર્મને કરતા [સદા] હોવાથી છે,
પુદ્‌ગલદરવમયકર્મનો જીવ આ અકર્તા તો ખરે;

૫. * 'ગુણો'* જ છે કર્તા અહા પુદ્‌ગલદરવમય કર્મના,
ને તે 'ગુણો' પુદ્‌ગલદરવ છે તેથી એમ ઠર્યું અહા—

૬. * પુદ્‌ગલદરવ છે માત્ર કર્તા એક પુદ્‌ગલકર્મનો;
['છે કોણ કર્તા કર્મનો'—એ પ્રશ્નનો ઉત્તર કહ્યો.]

**ટીકા :– [Slightly Rearranged]**

(૧) * [ચાર પ્રત્યયો અથવા તેર ગુણસ્થાનો પુદ્‌ગલકર્મના કર્તા છે :]

૧. * ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;
* મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ—

૨. * તેના વિશેષો બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે;

3. * તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં (અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં) મિથ્યાદ્રષ્ટિથી માંડીને સયોગકેવળી સુધી
* તેર કર્તા છે [જેમને 'ગુણસ્થાન' નામની સંજ્ઞા છે.]

૪. * હવે, જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી
* અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ જ

૫. * કેવળ વ્યાપ્યવ્યાપકભાવે પુદ્‌ગલકર્મને
* જો કાંઈ પણ કરે તો ભલે કરે; તેમાં જીવને શું આવ્યું? (કાંઈ જ નહિ.)

(૨) * [જીવ પુદ્‌ગલકર્મને વેદતો નથી માટે તે કર્મનો કર્તા નથી :]

૧. * અહીં આ તર્ક છે કે
* "પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ

૨. * પોતે જ મિથ્યાદ્રષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.''

* (તેનું સમાધાન :–) આ તર્ક ખરેખર અવિવેક છે, [અજ્ઞાન છે,] કારણ

(૩) * [ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી જીવ કર્મનો ભોક્તા નથી, માટે કર્તા નથી; તેથી ગુણસ્થાનો જ પુદ્‌ગલકર્મના કર્તા છે.]

૧. * કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી

* આત્મા નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,

૨. * તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય?

* માટે ફલિત થયું કે—જેથી પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્ય પ્રત્યયોના

૩. * ભેદરૂપ તેર વિશેષ પ્રત્યયો કે જેઓ

* 'ગુણ' શબ્દથી કહેવામાં આવે છે (અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે.)

૪. * તેઓ જ કેવળ કર્મોને કરે છે,

* તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે,

૫. * 'ગુણો' જ તેમના કર્તા છે;

* અને તે 'ગુણો' તો પુદ્‌ગલદ્રવ્ય જ છે; તેથી એમ ઠર્યું કે

૬. * પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે.

* [આ રીતે આચાર્યશ્રીએ 'પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે?' તે પ્રશ્નનો ઉત્તર આપ્યો.]

## ગાથા – ૧૧૩, ૧૧૪, ૧૧૫

ઉત્થાનિકા :–વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ હવે કહે છે :–

ગાથા :– * ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.
* તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.
* જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

### ટીકામૃત :–

(૧) * ['જીવ અને પ્રત્યયો અનન્ય છે'—એમાં દોષ આવે છે :]

૧. * જ્યમ જીવની ઉપયોગમયતાને લીધે ઉપયોગ છે
જીવથી અનન્ય જ, તેમ જો અનન્ય પણ જડકર્મ છે;

૨. * એવું પ્રતિપાદન [અહો જો કોઈ જીવ કદી] કરે,
તો જડ અને ચિદ્‌રૂપની અનન્યમયતાને લીધે;

૩. * જીવને અહો ઉપયોગમયતા જેમ પણ આવી પડે
જડ ક્રોધમયતા, તો અરે જે જીવ તે જ અજીવ ઠરે;

૪. * તો લોપ એ રીત થાય સહુયે અન્ય દ્રવ્ય તણો અરે,
વળી આ પ્રમાણે પ્રત્યયો, નોકર્મ ને કર્મો ખરે;

૫ * જીવથી અનન્ય જ છે અહો એવી પ્રતિપત્તિ મહીં,
પણ આ જ આવે દોષ છે [ને તેથી તે સાચું નથી.]

(૨) * [ઉપયોગાત્મક જીવ અને જડસ્વભાવી પ્રત્યયો અન્ય અન્ય છે.]

૧. * આ દોષના ભયથી હવે જો એમ સ્વીકારો તમે,
કે જીવ આ ઉપયોગઆત્મક અન્ય છે તેમજ ખરે

૨. * આ જડસ્વભાવી ક્રોધ પણ છે અન્ય બસ એવી રીતે,
તો જેમ જીવ ઉપયોગમયથી ક્રોધ જડરૂપ અન્ય છે;

૩. * તેવી રીતે નોકર્મ, પ્રત્યય, કર્મ પણ સૌ અન્ય છે;
એ કારણે કે જડસ્વભાવપણું સહુનું સમાન છે.

૪. * આ રીત સિદ્ધ થયું અહો કે જીવ-પ્રત્યય બે વિષે,
નથી એકપણું [કોઈ રીતે ચેતન-અચેતન હોઈને.]

### ટીકા :–

(૧) * ['જીવ અને પ્રત્યયો અનન્ય છે'–એમાં દોષ આવે છે :]

૧. ∗ જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે.

∗ તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે.

૨. ∗ એવી જો પ્રતિપત્તિ∗ કરવામાં આવે,

∗ પ્રતિપત્તિ = પ્રતીતિ; પ્રતિપાદન

∗ તો ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે

૩. ∗ જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું આવી પડે.

∗ એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,

૪. ∗ એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.

∗ આ પ્રમાણે પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ

૫. ∗ જીવથી અનન્ય છે એવી પ્રતિપત્તિમાં

∗ પણ આ જ દોષ આવે છે. [તેથી તે સાચું નથી.]

(૨) ∗ [ઉપયોગાત્મક જીવ અને જડસ્વભાવી પ્રત્યયો અન્ય અન્ય છે :]

૧. ∗ હવે જો આ દોષના ભયથી એમ સ્વીકારવામાં આવે

∗ કે ઉપયોગાત્મક જીવ અન્ય જ છે અને

૨. ∗ જડસ્વભાવી ક્રોધ અન્ય જ છે,

∗ તો, જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવી ક્રોધ અન્ય છે

૩. ∗ તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે

∗ કારણ કે તેમના જડ સ્વભાવપણામાં તફાવત નથી (અર્થાત્ જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જડ છે).

૪. ∗ આ રીતે જીવને અને પ્રત્યયને

∗ [એક ચેતન અને બીજું અચેતન હોવાથી] એકપણું નથી.

## ગાથા – ૧૧૬ થી ૧૨૦

ઉત્થાનિકા :–હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે (અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને અપરિણામી માને છે તેને સમજાવે છે.) :–

ગાથા :– * જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે ! ૧૧૬,
* જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.
* જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,
ક્યમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.
* સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં—મિથ્યા બને. ૧૧૯.
* પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણ ઇત્યાદિ પરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

ટીકામૃત :–

(૧) * [પુદ્‌ગલદ્રવ્ય સ્વયં અપરિણામી હોય તો સંસારનો અભાવ થાય :]

૧. * જીવમાં ન બંધાયું થકું પુદ્‌ગલદરવ પોતે જ જો,
સ્વયમેવ પુદ્‌ગલકરમરૂપે પરિણમે નહીં તો અહો;

૨. * તે અ-પરિણામી જ ઠરે જો કર્મરૂપ ન પરિણમે,
ને જીવ કર્મરહિત થતાં, સંસાર પામે નાશને.

(૨) * ['જીવ પુદ્‌ગલકર્મને કર્મભાવે પરિણમાવે છે'–તેનું બે પક્ષ લઈને નિરાકરણ :]

૧. * જો કોઈ તર્ક કરે અહો કે "જીવ પુદ્‌ગલકર્મને,
રે કર્મભાવે પરિણમાવે છે [અહો તેથી ખરે;]

૨. * સંસારનો ન અભાવ થાતો"—સમજીએ લઈ પક્ષ બે,
[-આચાર્યશ્રી કરતા સમીક્ષા પક્ષ બે લઈ આ રીતે–]

૩. * શું જીવ પુદ્‌ગલદરવને કે જે સ્વયં નહીં પરિણમે,
છે પરિણમાવે કર્મભાવે કે સ્વયં જે પરિણમે?

**(A)** [પ્રથમ પક્ષ] ૧. * સૌથી પ્રથમ, જે પરિણમનહીન છે સ્વયં તેને ખરે,
ન પરિણમાવી શકાય છે [કો અન્ય] પર [વસ્તુ] વડે;

૨. * એ કારણે કે સ્વતઃ જે શક્તિ ન જેને હોય છે,
તેને ન અન્ય કરી શકે, છે તેથી પક્ષ અસત્ય એ.

(B) [બીજો પક્ષ] ૧. * ને પ્રણમતું પોતે જ તેને અન્ય કોઈ દ્રવ્યની,
પ્રણમાવવા માટે [કદી કોઈ] અપેક્ષા [પણ] નથી;
૨. * એ કારણે કે વસ્તુની [નિજ] શક્તિને પરની નથી
કોઈ અપેક્ષા, તેથી બીજો પક્ષ પણ સાચો નથી.

(3) * [પુદ્‌ગલદ્રવ્ય પરિણામી છે તે હવે ઘટ-કુંભારના દ્રષ્ટાંતપૂર્વક સિદ્ધ કરે છે :]
૧. * તેથી અહો પરિણમનરૂપ સ્વભાવ પુદ્‌ગલદરવનો
સ્વયમેવ હો, ને એમ હોતાં ઘટરૂપે માટી અહો;
૨. * જે પરિણમન કરતી અહો તે માટી છે પોતે ઘડો,
ત્યમ જડસ્વભાવી જ્ઞાનના આવરણરૂપ કર્મો અહો
૩. * તે-રૂપ પ્રણમેલું અહો પુદ્‌ગલદરવ પોતે જ છે,
જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મ [-અહો મહાસિદ્ધાંત છે.]
૪. * આ રીત પુદ્‌ગલદરવના પરિણમનરૂપ સ્વભાવની,
સિદ્ધિ થઈ [નિષેધપૂર્વક સાંખ્ય આદિક મત તણી.]

ટીકા :–

(૧) * [પુદ્‌ગલદ્રવ્ય સ્વયં અપરિણામી હોય તો સંસારનો અભાવ થાય]

૧. * જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું
* કર્મભાવે સ્વયમેવ ન પરિણમે,

૨. * તો તે અપરિણામી જ ઠરે.
* એમ થતાં, સંસારનો અભાવ થાય. (કારણ કે પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે ન પરિણમે તો જીવ કર્મરહિત ઠરે; તો પછી સંસાર કોનો?)

(૨) * ['જીવ પુદ્‌ગલકર્મને કર્મભાવે પરિણમાવે છે'—તેનું બે પક્ષ લઈને નિરાકરણ :]

૧. * અહીં જો એમ તર્ક કરવામાં આવે કે "જીવ પુદ્‌ગલકર્મને
* કર્મભાવે પરિણમાવે છે તેથી

૨. * સંસારનો અભાવ થતો નથી,"
* તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :–

૩. * શું જીવ સ્વયં અપરિણમતા પુદ્‌ગલદ્રવ્યને
* કર્મભાવે પરિણમાવે છે કે સ્વયં પરિણમતાને?

(A) [પ્રથમ પક્ષ :]

૧ * પ્રથમ, સ્વયં અપરિમતાને પર વડે
* પરિણમાવી શકાય નહિ;

૨ * કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ (પોતાથી જ) ન હોય

* તેને અન્ય કોઈ કરી શકે નહિ; [માટે પ્રથમ પક્ષ અસત્ય છે.]

(B) [બીજો પક્ષ]

૧. * અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય)

* પરિણમાવનારની અપેક્ષા ન હોય;

૨. * કારણ કે વસ્તુની શક્તિઓ પરની

* અપેક્ષા રાખતી નથી. (માટે બીજો પક્ષ પણ અસત્ય છે.)

(૩) * [પુદ્‌ગલદ્રવ્ય પરિણામી છે તે હવે ઘટ-કુંભારના દ્રષ્ટાંતપૂર્વક સિદ્ધ કરે છે :]

૧. * તેથી પુદ્‌ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો,

* એમ હોતાં (હોવાથી), જેમ ઘડારૂપે

૨. * પરિણમેલી માટી જ પોતે ઘડો છે.

* તેમ, જડસ્વભાવવાળા જ્ઞાનાવરણાદિક કર્મરૂપે

૩. * પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ પોતે

* જ્ઞાનાવરણાદિકર્મ છે. [-આ મહાસિદ્ધાંત છે.]

૪. * આ રીતે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું

* [સાંખ્ય આદિક કુમતના નિષેધપૂર્વક] સિદ્ધ થયું.

## કળશ – ૬૪

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ રીતે પુદ્‌ગલદ્રવ્યની સ્વભાવભૂત પરિણમનશક્તિ
* નિર્વિઘ્ન સિદ્ધ થઈ. એ સિદ્ધ થતાં,

૨. * પુદ્‌ગલદ્રવ્ય પોતાના જે ભાવને કરે છે
* તેનો તે પુદ્‌ગલદ્રવ્ય જ કર્તા છે.

**કળશામૃત :–**

૧. * પુદ્‌ગલદરવની સ્વભાવભૂત પરિણમનશક્તિ આ રીતે,
નિર્વિઘ્ન સિદ્ધ થઈ [અને એ રીત] સિદ્ધ થતાં ખરે;

૨. * પુદ્‌ગલદરવ [પોતે જ] પોતાના કરે જે ભાવને,
તે ભાવનો કર્તા [ખરેખર] તે જ પુદ્‌ગલદ્રવ્ય છે.

## ગાથા – ૧૨૧ થી ૧૨૫

ઉત્થાનિકા :–હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છે :–

ગાથા :– * કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,
તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.
* ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.
* જો ક્રોધ-પુદ્ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,
ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.
* અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,
તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં મિથ્યા બને. ૧૨૪.
* ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,
માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.

ટીકામૃત :–

(૧) * જો જીવ કર્મ મહીં ન બંધાયો થકો પોતે અહો,
સ્વયમેવ ક્રોધાદિપણે નહીં પરિણમે પોતે જ તો;
૨. * તે અ-પરિણામી જ ઠરે ને એમ જો થાયે ખરે,
સંસારનો જ અભાવ થઈ [જીવ-અજીવ પામે નાશને.]

(૨) * ['પુદ્ગલદ્રવ્ય જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે'—તેનું બે પક્ષ લઈને નિરાકરણ :]

૧. * જો કોઈ તર્ક કરે અહો કે "ક્રોધ આદિક કર્મ જે,
તે પરિણમાવે જીવને છે ક્રોધના ભાવોરૂપે;
૨. * સંસારનાશ ન તેથી છે"—તે સમજીએ લઈ પક્ષ બે.
[આચાર્યશ્રી કરતા સમીક્ષા પક્ષ બે લઈ આ રીતે :]
૩. * શું ક્રોધ આદિ કર્મ જીવને જે સ્વયં નહીં પરિણમે,
છે પરિણમાવે ક્રોધરૂપે કે સ્વયં જે પરિણમે?

**(A)** [પ્રથમ પક્ષ :]

૧. * સૌથી પ્રથમ, જે પરિણમનહીન છે સ્વયં તેને ખરે,
ન પરિણમાવી શકાય છે [કો' અન્ય પરવસ્તુ વડે;]
૨. * એ કારણે કે સ્વતઃ જે શક્તિ ન જેને હોય છે,
તેને ન અન્ય કરી શકે છે, [તેથી પક્ષ અસત્ય એ.]

**(B)** [બીજો પક્ષ :]

૧. * ને પ્રણમતું પોતે જ તેને અન્ય કો' પરદ્રવ્યની,

પ્રણમાવવા માટે [કદી કોઈ] અપેક્ષા [પણ] નથી;

૨ * એ કારણે કે વસ્તુની [નિજ] શક્તિને પરની નથી
કોઈ અપેક્ષા, તેથી બીજો પક્ષ પણ સાચો નથી.

(3) * [જીવદ્રવ્ય પરિણામી છે તે હવે મંત્રસાધકના દ્રષ્ટાંત વડે સિદ્ધ કરે છે :]

૧. * તેથી અહો પરિણમનરૂપ સ્વભાવ આ જીવદ્રવ્યનો
સ્વયમેવ હો, ને એમ હોતાં જેમ સાધક મંત્રનો

૨. * કો' ધ્યાનરૂપે ગરૂડના પોતે જ પરિણમતો થકો
પોતે ગરૂડ છે તેમ, જીવ અજ્ઞાનભાવ સહિત કો;

૩. * ઉપયોગ ક્રોધાદિરૂપે છે પરિણમ્યો એવો અહો,
તે જીવ છે ક્રોધાદિ પોતે [જેમ સાધક મંત્રનો.]

૪. * આ રીત પરિણામીપણું થયું સિદ્ધ આ જીવદ્રવ્યનું;
[સમજાવ્યું મુજને તે અહો ગુરુદેવને વંદન કરું.]

ટીકા :–

(૧) * [જીવદ્રવ્ય સ્વયં અપરિણામી હોય તો સંસારનો અભાવ થાય.]

૧. * જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો
* ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે

૨. * તો તે ખરેખર અપરિણમી જ ઠરે. એમ થતાં,
* સંસારનો અભાવ થાય [અને જીવ-અજીવનો નાશ થાય.]

(૨) * [‘પુદ્‌ગલદ્રવ્ય જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે’—તેનું બે પક્ષ લઈને નિરાકરણ ઃ]

૧. * અહીં જો એમ તર્ક કરવામાં આવે કે “પુદ્‌ગલદ્રવ્ય જે ક્રોધાદિક
* તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે

૨. * તેથી સંસારનો અભાવ થતો નથી” તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :–
* [આચાર્યશ્રી બે પક્ષ લઈને હવે આ રીતે સમીક્ષા કરે છે :–]

૩. * પુદ્‌ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને
* ક્રોધાદિભાવે પરિણમાવે છે કે સ્વયં પરિણમતાને?

(A) [પ્રથમ પક્ષ :]

૧. * પ્રથમ સ્વયં અપરિણમતાને પર વડે
* પરિણમાવી શકાય નહિ;

૨. * કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ (પોતાથી જ) ન હોય
* તેને અન્ય કોઈ કરી શકે નહિ. [તેથી પ્રથમ પક્ષ અસત્ય છે.]

(B) [બીજો પક્ષ :]

૧. * અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) [કોઈ]

* પરિણમાવનારની અપેક્ષા ન હોય;

૨. * કારણ કે વસ્તુની શક્તિ પરની

* અપેક્ષા રાખતી નથી. [તેથી બીજો પક્ષ પણ સાચો નથી.]

* (આ રીતે બંને પક્ષ અસત્ય છે.)

(૩) * [જીવદ્રવ્ય પરિણામી છે તે હવે મંત્રસાધકના દ્રષ્ટાંતપૂર્વક સિદ્ધ કરે છે :]

૧. * તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો.

* એમ હોતાં (હોવાથી), જેમ ગરૂડના ધ્યાનરૂપે

૨. * પરિણમેલો મંત્રસાધક

* પોતે ગરૂડ છે તેમ, અજ્ઞાનસ્વભાવવાળા

૩. * ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો

* જીવ જ પોતે ક્રોધાદિ છે.

૪. * આ રીતે જીવનું પરિણામપણું સિદ્ધ થયું.

* [તે મને જેઓશ્રીએ સમજાવ્યું એવા પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણકમળમાં હું વંદન કરું છું.]

## કળશ – ૬૫

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ રીતે જીવની સ્વભાવભૂત પરિમનશક્તિ
 * નિર્વિઘ્ન સિદ્ધ થઈ. એ સિદ્ધ થતાં,

૨. * જીવ પોતાના જે ભાવને કરે છે
 * તેનો તે કર્તા થાય છે.

**કળશામૃત :–**

(૧) * જીવદરવની જ સ્વભાવભૂત પરિણમનશક્તિ આ રીતે,
નિર્વિઘ્ન સિદ્ધ થઈ [અને એ રીત] સિદ્ધ થતાં ખરે;

(૨) * જીવદરવ [તો પોતે જ] પોતાના કરે જે ભાવને,
તે ભાવનો કર્તા [ખરેખર] તે અહો જીવદ્રવ્ય છે.

## ગાથા – ૧૨૬

ઉત્થાનિકા :–જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છે :–

ગાથા :– * જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.

**ટીકામૃત :–**

(૧) * [આત્મા પોતાના ભાવનો કર્તા છે :]

૧. * આ રીત આ આત્મા તણો પરિણમનરૂપ સ્વભાવ છે
સ્વયમેવ, તોપણ તે અહો નિજભાવ જે કંઈપણ કરે;

૨. * કર્મત્વને જે પ્રાપ્ત છે એવા જ તે ભાવો તણો,
કર્તા બને છે આતમા, તે ભાવ કાર્ય બને અહો.

(૨) * [જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય જ છે :]

૧. * છે જ્ઞાનમય ભાવો જ તે જ્ઞાની તણા એ કારણે
કે સ્વપરના વિવેકથી સમ્યક્ પ્રકારે તેહને;

૨. * સહુ અન્ય પરદ્રવ્યો તણા ભાવોથી ભિન્ન અહો જગી
અતિશયપણે છે, આત્મની ખ્યાતિ ઉદયને પામતી.

(૩) * [અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય જ છે :]

૧. * છે ભાવ સૌ અજ્ઞાનમય અજ્ઞાનીને એ કારણે,
કે સ્વપરનો વિવેક નથી સમ્યક્ પ્રકારે તેહને;

૨. * ને તેથી ખ્યાતિ આત્મની છે પામી અતિશય અસ્તને;
[અજ્ઞાની જ્ઞાનીને અહો કર્તા કહ્યાં છે આ રીતે.]

**ટીકા :–**

(૧) * [આત્મા પોતાના ભાવનો કર્તા છે :]

૧. * આ રીતે આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે
* તોપણ પોતાના જે ભાવને કરે છે

૨. * તે ભાવનો જ—કર્મપણાને પામેલાનો—
* કર્તા તે થાય છે (અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે).

(૨) * [જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય જ છે :]

૧. * તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે
* કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે

૨. * (સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની
* ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.

(૩) * [અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમયી જ છે :]

૧. * અને તે ભાવ અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે કારણ કે

* તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે

૨. * ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે.

* [આ રીતે જ્ઞાની જ્ઞાનમય ભાવોનો જ અને અજ્ઞાની અજ્ઞાનમયભાવોનો જ કર્તા છે.]

## ગાથા – ૧૨૭

ઉત્થાનિકા :–જ્ઞાનમયભાવથી શું થાય છે અને અજ્ઞાનમયભાવથી શું થાય છે તે હવે કહે છે :-

ગાથા :– * અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે *કર્મને;
પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને.

* કર્મ = ભાવકર્મ = રાગ-દ્વેષાદિ

### ટીકામૃત :–

(૧) * [અજ્ઞાનમયભાવને કારણે અજ્ઞાની ભાવકર્મનો કર્તા થાય છે :]

૧. * સમ્યક્પ્રકારે સ્વપરનો ન વિવેક હોવાને લીધે,
ભિન્નાતમાની ખ્યાતિ અતિશય અસ્ત થઈ હોવાથી તે

૨. * અજ્ઞાનીને, અજ્ઞાનમય ભાવો જ સહુયે હોય છે,
તેથી સ્વ-પર એકત્વનો અધ્યાસ હોવાને લીધે;

૩. * નિજ જ્ઞાનમાત્ર સ્વરૂપમાંથી ભ્રષ્ટ થઈને તે અહો,
પરરૂપ એવા રાગ-દ્વેષથી ઐક્યતા કરતો થકો;

૪. * પ્રવર્તતો એવો અહંકારી થઈ [અજ્ઞાની તે,]
'હું રાગી છું, હું દ્વેષી છું' ત્યમ માનીને નિજને ખરે;

૫. * તે રાગી-દ્વેષી થાય છે [અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ એ,]
તેથી અહો અજ્ઞાનમય [સહુ] ભાવ હોવાને લીધે;

૬. * અજ્ઞાની પોતાને અરે પરરૂપ રાગાદિરૂપે,
કરતો થકો કર્તા બને છે ભાવકર્મ તણો ખરે.

(૨) * [જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની ભાવકર્મનો કર્તા થતો નથી.]

૧. * સમ્યક્ પ્રકારે સ્વ-પરના વિવેકથી તો જ્ઞાનીને,
ભિન્નતમાની ખ્યાતિ અતિશય ઉદય પામી હોઈને;

૨. * [બસ] જ્ઞાનમય ભાવો જ [સહુએ] હોય છે તેને ખરે,
ને તેમ હોતાં, સ્વ-પરના નાનાત્વના વિજ્ઞાનને

૩. * કારણ, અહો નિજ જ્ઞાનમાત્ર સુસ્થિત એવા આત્મને,
પરરૂપ એવા રાગ-દ્વેષથી પૃથક્ભૂતપણા લીધે;

૪. * છોડી 'અહમ'ના ભાવને નિજરસથી માત્ર જ તે ખરે,
જાણે જ છે બસ માત્ર તે, કરતો નથી રાગાદિને;

૫. * તેથી અહો [સહુ] જ્ઞાનમય ભાવો [જ] હોવાને લીધે,
જ્ઞાની [કદી] પરરૂપ એવા રાગ-દ્વેષાદિરૂપે;

૬. * નિજને નહિ કરતો થકો, કર્તા નથી કર્મો તણો,
[કર્તા-અકર્તા આ રીતે અજ્ઞાની-જ્ઞાની છે અહો.]

**ટીકા :–**

(૧) * [અજ્ઞાનમય ભાવને કારણે અજ્ઞાની ભાવકર્મનો કર્તા થાય છે :]

૧. * અજ્ઞાનીને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે

* ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી,

૨. * અજ્ઞાનમય ભાવ જ હોય છે,

* અને તે હોતાં (હોવાથી) સ્વ-પરના એકત્વના અધ્યાસને લીધે

૩. * જ્ઞાનમાત્ર એવા પોતામાંથી (આત્મસ્વરૂપમાંથી) ભ્રષ્ટ થયેલો,

* પર એવા રાગ-દ્વેષ સાથે એક થઈને

૪. * જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે

* 'આ હું ખરેખર રાગી છું, દ્વેષી છું, (અર્થાત્ આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું)' એમ માનતો થકો

૫. * રાગી અને દ્વેષી થાય છે;

* તેથી અજ્ઞાનમય ભાવને લીધે

૬. * અજ્ઞાની પોતાને પર એવા રાગ-દ્વેષરૂપ

* કરતો થકો કર્મોને કરે છે.

(૨) * [જ્ઞાનમય ભાવને કારણે જ્ઞાની ભાવકર્મનો કર્તા થતો નથી :]

૧. * જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે સ્વ-પરના વિવેક વડે

* ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી

૨. * જ્ઞાનમય ભાવ જ હોય છે,

* અને તે હોતાં, સ્વ-પરના નાનાત્વના વિજ્ઞાનને લીધે

૩. * જ્ઞાનમાત્ર એવા પોતાના સુનિવિષ્ટ (સમ્યક્ પ્રકારે સ્થિત) થયેલો,

* પર એવી રાગ-દ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે

૪. * નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે

* એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે, રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી);

૫. * તેથી જ્ઞાનમય ભાવને લીધે

* જ્ઞાની પોતાને પર એવા રાગ-દ્વેષરૂપ

૬. * નહિ કરતો થકો કર્મોને કરતો નથી.

* [આ રીતે અજ્ઞાની પોતાના ભાવકર્મોનો કર્તા છે અને જ્ઞાની પોતાના ભાવકર્મોનો અકર્તા છે.]

## કળશ – ૬૬

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ અહીં પ્રશ્ન છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય
⁎ અને અન્ય (અર્થાત્ અજ્ઞાનમય) ન હોય?

૨. ⁎ વળી અજ્ઞાનીને કેમ સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય
⁎ અને અન્ય (અર્થાત્ જ્ઞાનમયી ન હોય)

**કળશામૃત :–**

૧. * ક્યમ હોય છે સહુ જ્ઞાનમય ભાવો જ જ્ઞાનીને [સદા,]
ને કેમ નથી હોતાં કદી અજ્ઞાનમય ભાવો અહા?

૨. * વળી પ્રશ્ન છે ક્યમ હોય છે અજ્ઞાનમયભાવો જ સૌ
અજ્ઞાનીને, પણ તેહથી નથી અન્ય હોતાં ભાવ કો' ?

## ગાથા – ૧૨૮-૧૨૯

ઉત્થાનિકા :– આ જ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે :–

**ગાથા :–** * **વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.**
* **અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.**

**ટીકામૃત :–**

(૧) * [અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય જ હોય છે :]

૧. * અજ્ઞાનમય કો' ભાવમાંથી ભાવ જે કંઈ ઊપજે,
સઘળોય તે ન ઉલ્લંઘતો અજ્ઞાનમયતાને ખરે;

૨. * અજ્ઞાનમય જ [સદા] અહો તે ભાવ હોવાને લીધે,
અજ્ઞાનમય ભાવો જ [સૌ] અજ્ઞાનીઓને હોય છે.

(૨) * [જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય જ હોય છે :]

૧. * વળી જ્ઞાનમય કો' ભાવમાંથી ભાવ જે કંઈ ઊપજે,
સઘળોય તે ન ઉલ્લંઘતો [કદી] જ્ઞાનમયતાને ખરે

૨. * ને જ્ઞાનમય જ [સદા] અહો તે ભાવ હોવાને લીધે,
બસ જ્ઞાનમય ભાવો જ [સર્વે] જ્ઞાનીઓને હોય છે.

**ટીકા :–**

(૧) * [અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય જ હોય છે :]

૧. * ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે
* તે સઘળોય અજ્ઞાનમયતાને નહિ ઉલ્લંઘતો થકો

૨. * અજ્ઞાનમય જ હોય છે, તેથી
* અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે.

(૨) * [જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય જ હોય છે :]

૧. * અને જ્ઞાનમય ભાવમાંથી જે કાંઈ પણ ભાવ થાય છે
* તે સઘળોય જ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો

૨. * જ્ઞાનમય જ હોય છે, તેથી
* જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.

## કળશ - ૬૭

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧ * જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનથી નીપજેલા (-રચાયેલા) હોય છે અને

* અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનથી નીપજેલા (-રચાયેલા) હોય છે.

**કળશામૃત :–**

૧. * જ્ઞાની તણા સહુ ભાવ તો [સદ્] જ્ઞાનથી નીપજે અને
અજ્ઞાનીના સહુ ભાવ તો અજ્ઞાનથી નીપજે ખરે.

## ગાથા – ૧૩૦, ૧૩૧

ઉત્થાનિકા :–હવે આ અર્થને દ્રષ્ટાંતથી દ્રઢ કરે છે :–

ગાથા :– * જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦
* ત્યમ ભાવ બહુવિધ ઊપજે, અજ્ઞાનમય અજ્ઞાનીને,
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.

### ટીકામૃત :–

(૧) [સુવર્ણમાંથી સુવર્ણમય અને લોહમાંથી લોહમય ભાવ જ થાય છે :]

૧. * પુદ્ગલ સ્વયં પરિણમનરૂપ સ્વભાવવાળું હોય છે,
પણ કાર્ય તો કારણ સમાન સદાય હોવાથી ખરે;

૨. * સુવર્ણમય કો ભાવમાંથી સુવર્ણને ન ઉલ્લંઘતા,
સુવર્ણમય કુંડલ અને એવા બીજા ભાવો થતાં;

૩. * પણ લોહમય કટકાદિ ભાવો તેહમાંથી નહિ થતાં;
ને લોહમય કો ભાવમાંથી લોહને ન ઉલ્લંઘતા;

૪ * લોખંડમય કટકાદિ ભાવો માત્ર તેમાંથી થતાં,
પણ સ્વર્ણમય નહિ કુંડલાદિ ભાવ તેમાંથી થતાં.

(૨) * [અજ્ઞાનીને અજ્ઞાનમય અને જ્ઞાનીને જ્ઞાનમય ભાવ જ થાય છે :]

૧. * તેવી રીતે જીવનો સ્વયં પરિણમનરૂપ સ્વભાવ છે,
ને કાર્ય તો કારણ સમાન સદાય હોવાથી ખરે;

૨. * અજ્ઞાનીને કે જે સ્વયં અજ્ઞાનમય કો ભાવ છે,
અજ્ઞાનમય કો ભાવમાંથી ન ઉલ્લંઘીને અજ્ઞાનને;

૩. * અનેકવિધ અજ્ઞાનમય સહુ ભાવ માત્ર જ થાય છે,
પણ જ્ઞાનમય ભાવો નહીં અજ્ઞાનીને [કદી] થાય છે;

૪. * ને જ્ઞાનીને કે જે સ્વયં [બસ] જ્ઞાનમાત્ર જ ભાવ છે,
નથી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનજાતિ ઉલ્લંઘીને;

૫. * છે જ્ઞાનમય એવા સહુએ ભાવમાત્ર થતાં અહા,
કિંતુ અહો અજ્ઞાનમય એવા નહિ ભાવો થતાં.

### ટીકા :–

(૧) * [સુવર્ણમાંથી સુવર્ણમય અને લોહમાંથી લોહમય ભાવ જ થાય છે :]

૧. * જેવી રીતે પુદ્ગલ સ્વયં પરિણામ સ્વભાવવાળું હોવા છતાં,
* કારણ જેવાં કાર્યો થતા હોવાથી,

૨. ∗ સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા
∗ સુવર્ણમય કુંડળ આદિ ભાવો જ થાય
૩. ∗ પરંતુ લોખંડમય કડા આદિ ભાવો ન થાય,
∗ અને લોખંડમય ભાવમાંથી, લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા એવા
૪. ∗ લોખંડમય કડાં આદિ ભાવો જ થાય
∗ પરંતુ સુવર્ણમય કુંડળ આદિ ભાવો ન થાય;
(૨) ∗ [અજ્ઞાનીને અજ્ઞાનમય અને જ્ઞાનીને જ્ઞાનમય ભાવ જ થાય છે :]
૧. ∗ તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં,
∗ કારણ જેવાં જ કાર્યો થતા હોવાથી
૨. ∗ અજ્ઞીનીને—કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે તેને—
∗ અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા
૩. ∗ અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય
∗ પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય,
૪. ∗ અને જ્ઞાનીને—કે જે પોતે જ્ઞાનમય ભાવ છે તેને—
∗ જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા
૫. ∗ સર્વ જ્ઞાનમય ભાવો જ થાય
∗ પરંતુ અજ્ઞાનમય ભાવો ન થાય.

## કળશ – ૬૮

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને
 * (આગામી) દ્રવ્યકર્મના નિમિત્ત જે (અજ્ઞાનાદિક) ભાવો

૨. * તેમના હેતુપણાને પામે છે
 * (અર્થાત્ દ્રવ્યકર્મોના નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે).

**કળશામૃત :–**

૧ * અજ્ઞાનમય ભાવો તણી નિજ ભૂમિકામાં વ્યાપીને,
 અજ્ઞાની આગામી અહો દ્રવકર્મના નિમિત્ત જે;

૨. * અજ્ઞાન આદિ ભાવના હેતુપણાને પામીને,
 [આગામી દ્રવકર્મો તણો નિમિત્ત અજ્ઞાની બને.]

## ગાથા – ૧૩૨ થી ૧૩૬

ઉત્થાનિકા :– આ જ અર્થ પાંચ ગાથાઓથી કહે છે :–

ગાથા :– * અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.
* જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.
* શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો,
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.
* આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણ ઇત્યાદિભાવે પરિણમે; ૧૩૫.
* કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,
આત્માય જીવ પરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.

ટીકામૃત :–

(૧) * [મિથ્યાત્વ, અવિરત, કષાય અને યોગ એ ચારેય ભાવ અજ્ઞાનના પ્રકારો છે :]

૧. * વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપ અજ્ઞાન જે
થતું સ્વાદરૂપે જ્ઞાનમાં, અજ્ઞાનનો તે ઉદય છે;

૨. * મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાય, યોગ તણા અહા,
ઉદયો કહ્યાં છે ચાર, હેતુ કર્મબંધ તણા નવા;

૩. * તેઓ બધાં અજ્ઞાનમય છે ચાર ભાવો આ ખરે,
[અજ્ઞાનથી તે ઉપજે, અજ્ઞાનના કારણ બને.]

(૨) * [તે તે પ્રકારના કર્મના ઉદયના નિમિત્તે જ્ઞાનમાં આ ચાર ભાવો સ્વાદરૂપ થાય છે :]

૧. * તત્ત્વાર્થના શ્રદ્ધાન વિપરીતરૂપ જ્ઞાન મહીં થતો
જે સ્વાદરૂપે, તે કહ્યો છે ઉદય રે મિથ્યાત્વનો;

૨. * અવિરમણરૂપે જ્ઞાનમાં જે સ્વાદરૂપ થતો અહો,
છે ઉદય અણસંયમ તણો, [આગમ મહીં તેને કહ્યો;]

૩. * જીવમાં મલિન ઉપયોગરૂપે સ્વાદમાં જે આવતો
છે ઉદય [ચાર] કષાયનો, [આગમ મહીં તેને કહ્યો;]

૪. * વ્યાપાર શુભ કે અશુભ પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપે થતો
જે સ્વાદરૂપે જ્ઞાનમાં, છે ઉદય યોગ તણો અહો.

(૩) * [સ્વપરની એકતાના અધ્યાસને કારણે જીવના વિકારીભાવ નવા કર્મબંધના નિમિત્ત બને છે :]

૧. * આ પૌદ્‌ગલિક મિથ્યાત્વ આદિના અહો ઉદયો બને
નિમિત્ત જે જડ*દ્રવ્યને, તે પરિણમે સ્વયમેવ છે. [*જડદ્રવ્ય=પુદ્‌ગલદ્રવ્ય]

૨. * આ અષ્ટવિધ જ્ઞાનાવરણ આદિ દરવકર્મોપણે,
તે વર્ગણા જ્યારે અહો નિબદ્ધ જીવમાં થાય છે;

૩. * નિજ સ્વરૂપના અજ્ઞાનથી સ્વયમેવ ત્યારે જીવ એ,
નિજ-પર તણા એકત્વનો અધ્યાસ હોવાને લીધે;

૪. * શ્રદ્ધાનવિપરીત તત્ત્વનું આદિ [વિકારી ભાવ જે,]
અજ્ઞાનમય પરિણામનો હેતુ બને જીવ [જ ખરે.]

ટીકા :-

(૧) * [મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારેય અજ્ઞાનના પ્રકારો છે :]

૧. * તત્ત્વના અજ્ઞાનરૂપે (અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે)
* જ્ઞાનમાં સ્વાદરૂપે થતો (-સ્વાદમાં આવતો) અજ્ઞાનનો ઉદય છે.

૨. * મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો—
* કે જેઓ (નવા) કર્મના હેતુઓ છે.

૩. * તેઓ તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે.
[તે બધા અજ્ઞાનને કારણે ઉપજે છે અને અજ્ઞાનનું નિમિત્તકારણ બને છે.]

(૨) * [તે તે પ્રકારના કર્મના ઉદયના નિમિત્તે જ્ઞાનમાં આ ચાર ભાવો સ્વાદરૂપ થાય છે :]

૧. * તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપે થતો
* મિથ્યાત્વનો ઉદય છે;

૨. * અવિરમણરૂપે (અત્યાગભાવરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપે થતો
* અસંયમનો ઉદય છે, [એમ જિનાગમમાં કહ્યું છે;]

૩. * કલુષ (મલિન) ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપે થતો
* કષાયનો ઉદય છે; [એમ જિનાગમમાં કહ્યું છે;]

૪. * શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે
* જ્ઞાનમાં સ્વાદરૂપે થતો યોગનો ઉદય છે.

(૩) * [સ્વ-પરની એકતાના અધ્યાસને કારણે જીવના વિકારી ભાવ નવા કર્મબંધના નિમિત્ત બને છે :]

૧. * આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં
* જે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ ભાવે

૨. ⁎ આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે,

⁎ તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય

૩. ⁎ ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી

⁎ સ્વપરના એકત્વના અધ્યાસને લીધે

૪. ⁎ તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના

⁎ અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.

## ગાથા – ૧૩૭, ૧૩૮

ઉત્થાનિકા : જીવથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ–

ગાથા :– * જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,
તો જીવ ને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે ! ૧૩૭.
* પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલ દ્રવ્યને,
જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.

### ટીકામૃત :–

(૧) * ["પુદ્‌ગલદ્રવ્ય અને રાગાદિરૂપ પરિણમેલ જીવ બંને સાથે મળીને કર્મપરિણામને કરે છે"–એવો વિતર્ક રજૂ કરે છે :]

૧. * પુદ્‌ગલદરવને [નિજ] કરમ પરિણામના નિમિત્ત જે,
રાગાદિરૂપે પરિણમેલા જીવની સાથે ખરે;

૨. * પરિણામ થાયે કર્મરૂપ જો [કો] વિતર્ક કરે અરે,
તો જેમ હળદર ને ફટકડી મિશ્ર થઈને પરિણમે;

(૨) * [માત્ર પુદ્‌ગલદ્રવ્ય જ કર્મપરિણામને કરે છે :]

૧. * બંને અહો તે લાલરંગે, તેમ પુદ્‌ગલ–જીવને;
[દ્રવ] કર્મરૂપ પરિણામ આવી પડે અરે તે બેયને;

૨. * પણ એક પુદ્‌ગલકરમને જ થતાં કરમ પરિણામ તો,
ને તેથી જીવનું રાગરૂપ અજ્ઞાનમય પરિણામ તો;

૩. * નિમિત્ત છે [દ્રવ]કર્મનું તેનાથી જે જુદું જ છે,
[બસ એક] પુદ્‌ગલકરમનું એવું જ છે પરિણામ તે.

### ટીકા :–

(૧) * ["પુદ્‌ગલદ્રવ્ય અને રાગાદિરૂપ પરિણમેલ જીવ બંને સાથે મળીને કર્મપરિણામને કરે છે"– એવો વિતર્ક રજૂ કરે છે :]

૧. * જો પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત
* એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ (અર્થાત્ બન્ને ભેગા મળીને જ),

૨. * કર્મરૂપ પરિણામ થાય છે—એમ વિતર્ક કરવામાં આવે તો,
* જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને

(૨) * [માત્ર પુદ્‌ગલદ્રવ્ય જ કર્મપરિણામને કરે છે :]

૧. * લાલરંગરૂપ પરિણામ થાય છે તેમ, પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બંનેને
* કર્મરૂપ પરિણામ આવી પડે.

૨. ⁎ પરંતુ પુદ્‌ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ તો થાય છે;

⁎ તેથી જીવનું રાગાદિ અજ્ઞાનપરિણામ

૩. ⁎ કે જે કર્મનું નિમિત્ત છે તેનાથી જુદું જ

⁎ પુદ્‌ગલકર્મનું પરિણામ છે.

## ગાથા – ૧૩૯, ૧૪૦

ઉત્થાનિકા :–પુદ્‌ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :–

ગાથા :– * જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,
તો કર્મ ને જીવ ઉભય, પણ રાગાદિપણું પામે અરે ! ૧૩૯.
* પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,
તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.

### ટીકામૃત :–

(૧) * [જીવદ્રવ્ય અને ઉદયમાં આવેલું પુદ્‌ગલદ્રવ્ય બન્ને સાથે મળીને રાગાદિ પરિણામને કરે છે– એવો વિતર્ક રજૂ કરે છે :]

૧. * જો જીવને રાગાદિ [નિજ] પરિણામનું નિમિત્ત જે,
તે ઉદયમાં આવેલ પુદ્‌ગલકર્મની સાથે ખરે;

૨. * રાગાદિ ભાવો થાય છે–જો કો વિતર્ક કરે અરે,
તો જેમ હળદર ને ફટકડી મિશ્ર થઈને પરિણમે.

(૨) * [માત્ર જીવદ્રવ્ય જ રાગાદિ અજ્ઞાનભાવે પરિણમે છે :]

૧. * બંને અહો તે લાલ રંગે, તેમ પુદ્‌ગલ-જીવને,
રાગાદિ પરિણામો અરે આવી પડે તે બેયને;

૨. * પણ એક માત્ર જ જીવને રાગાદિ ભાવો થાય છે,
ને તેથી પુદ્‌ગલકર્મના છે ઉદયનું પરિણામ જે,

૩. * નિમિત્ત રાગાદિ પરિણામો તણા આ જીવને,
તેનાથી બસ જુદું જ એવું જીવનું પરિણામ છે.

### ટીકા :–

(૧) * [જીવદ્રવ્ય અને ઉદયમાં આવેલું પુદ્‌ગલદ્રવ્ય બંને સાથે મળીને રાગાદિ પરિણમન કરે છે— એવો વિતર્ક રજૂ કરે છે :]

૧. * જો જીવનું, રાગાદિ અજ્ઞાન પરિણામના નિમિત્તભૂત એવું
* જે ઉદયમાં આવેલું પુદ્‌ગલકર્મ તેની સાથે જ (અર્થાત્ બન્ને મળીને જ),

૨. * રાગાદિ પરિણામ થાય છે—એમ વિતર્ક કરવામાં આવે તો,
* જેમ ભેળાં થયેલાં ફટકડી અને હળદર

(૨) * [માત્ર જીવદ્રવ્ય જ રાગાદિ અજ્ઞાનભાવે પરિણમે છે :]

૧. * બંનેને લાલરંગરૂપ પરિણામ થાય છે તેમ, જીવ અને પુદ્‌ગલકર્મ
* બંનેને રાગાદિ-અજ્ઞાન પરિણામ આવી પડે.

૨. * પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાન પરિણામ તો થાય છે;
* તેથી પુદ્ગલકર્મનો ઉદય કે જે

૩. * જીવના રાગાદિ-અજ્ઞાનપરિણામનું નિમિત્ત છે
* તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.

## ગાથા – ૧૪૧

ઉત્થાનિકા :–'આત્મામાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે'—તે હવે નયવિભાગથી કહે છે :–

ગાથા :– * છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ—કથિત નય વ્યવહારનું;
પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં—કથન છે નય શુદ્ધનું. ૧૪૧.

**ટીકામૃત :–**

(૧) * ['જીવમાં કર્મ બદ્ધ-સ્પૃષ્ટ છે'—એવો વ્યવહારનયનો પક્ષ* છે :]

૧. * જીવને અને પુદ્‌ગલકરમને બંધરૂપપર્યયપણે,
જોતાં ન દીસે ભિન્નતા તે કાળ તે બન્ને વિષે;

૨. * ને તેથી જીવમાં કર્મપુદ્‌ગલ બદ્ધ છે ને સ્પૃષ્ટ છે,
એવો [અસદ્‌ભૂત ભેદથી] વ્યવહારનયનો પક્ષ છે.

(૨) * [જીવમાં કર્મ અબદ્ધ-અસ્પૃષ્ટ છે'—એવો નિશ્ચયનયનો પક્ષ છે :]

૧. * જીવના અને પુદ્‌ગલકરમના 'નેક દ્રવ્યપણા** વડે,
જોતાં દીસે છે ભિન્નતા અત્યંત તે બન્ને વિષે;

૨. * ને તેથી કર્મો જીવમાં અબદ્ધ છે, અસ્પૃષ્ટ છે;
એવો અહો [વિકલ્પ*રૂપે] શુદ્ધનયનો પક્ષ છે.

* પક્ષ = વિકલ્પ = રાગની વૃત્તિ

** 'નેકદ્રવ્યપણા = અનેક દ્રવ્યપણા

**ટીકા :–**

(૧) ૧. * જીવના અને પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી
* જોતાં તેમને તે કાળે ભિન્નતાનો અભાવ હોવાથી

૨. * જીવમાં કર્મ બદ્ધ-સ્પૃષ્ટ છે
* એવો વ્યવહારનયનો પક્ષ છે.

(૨) ૧. * જીવના અને પુદ્‌ગલકર્મના અનેકદ્રવ્યપણાથી
* જોતાં તેમને અત્યંત ભિન્નતા હોવાથી

૨. * જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે
* એવો નિશ્ચયનયનો પક્ષ છે.

## ગાથા – ૧૪૨

ઉત્થાનિકા :–પણ તેથી શું? જે આત્મા તે બંને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે,–એમ હવે ગાથામાં કહે છે :–

ઉત્થાનિકા (હરિગીતમાં) * 'છે કર્મ જીવમાં બદ્ધ' કે 'અબદ્ધ છે તે જીવમાં',
'પણ તેથી શુ'–કરવા થકી વિકલ્પ એ પક્ષો તણા?
નિશ્ચય અને વ્યવહારના નયપક્ષના ચક્રો અહો!
ઓળંગી જે આત્મા જતો તે સમયસાર બને અહો!

ગાથા :– * છે કર્મ જીવમાં બદ્ધ વા અબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયસાર' છે. ૧૪૨.

### ટીકામૃત :–

(૧) * [બદ્ધ-અબદ્ધના નયપક્ષને ઓળંગનાર સર્વ વિકલ્પને અતિક્રમીને સાક્ષાત્ સમયસાર થાય છે:]

૧. * 'છે કર્મ જીવમાં બદ્ધ' એવો જેમ એક વિકલ્પ છે,
'જીવમાંહી કર્મ અબદ્ધ છે' વળી એમ એક વિકલ્પ છે;
૨. * ઉપરોક્ત બેય વિકલ્પ છે નયપક્ષ તેને જીવ જે,
છે અતિક્રમે તે જીવ સર્વ વિકલ્પને ઓળંગીને;
૩. * વિકલ્પહીન સ્વયં થઈ એ રીત આત્મા તે અહો,
વિજ્ઞાનઘનમયભાવરૂપે એક જેહ થયો થકો;
૪. * સાક્ષાત્ [નિજ અનુભવ કરંતો] સમયસાર થતો અહા!
એ વાતને વિશેષથી આચાર્યશ્રી સમજાવતા–

(૨) * [ઉપરોક્ત વાતને આચાર્યશ્રી વિશેષરૂપે સમજાવે છે :]

૧. * ત્યાં 'કર્મ જીવમાં બદ્ધ છે'–વિકલ્પ એવો જે કરે,
તે 'કર્મ જીવમાં બદ્ધ નથી'–એ પક્ષને છોડે ભલે;
૨. * પણ નથી ઓળંગતો વિકલ્પને જીવ તે ખરે,
ને 'કર્મ જીવમાં બદ્ધ નથી'–વિકલ્પ એવો જે કરે;
૩. * તે 'કર્મ જીવમાં બદ્ધ છે'–એ પક્ષને છોડે ભલે,
કિંતુ નથી ઓળંગતો વિકલ્પને જીવ એ ખરે;
૪. * વળી 'કર્મ જીવમાં બદ્ધ છે ને તેમ તેહ અબદ્ધ છે,'
એવો વિકલ્પ કરે અરે તે બેય પક્ષ ન અતિક્રમે;
૫. * એ રીત ઓળંગે નહિ વિકલ્પને જીવ તે ખરે,
ને તેથી જેહ અતિક્રમે સમસ્ત નયના પક્ષને;

૬. * તે જીવ અતિક્રમતો અહો વિકલ્પજાળ સમસ્તને,
છોડી સહુય વિકલ્પને પામે સમયના સારને.

ટીકા : * [બદ્ધ-અબદ્ધના નયપક્ષને ઓળંગનાર સર્વ વિકલ્પને અતિક્રમીને સાક્ષાત્ સમયસાર થાય છે :]

૧. * 'જીવમાં કર્મ બદ્ધ છે' એવો જે વિકલ્પ તથા
* 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો જે વિકલ્પ

૨. * તે બંને નયપક્ષ છે. જે તે
* નયપક્ષને અતિક્રમે છે (–ઓળંગી જાય છે, છોડે છે), તે સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો

૩. * પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘન સ્વભાવરૂપ થઈને

૪. * સાક્ષાત્ સમયસાર થાય છે.
* ત્યાં (વિશેષ સમજાવવામાં આવે છે કે)

(૨) * [ઉપરોક્ત વાતને આચાર્યશ્રી વિશેષરૂપે સમજાવે છે :]

૧. * જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે
* 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમ્યો હોવા છતાં

૨. * વિકલ્પને અતિક્રમતો નથી,
* અને જે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એમ વિકલ્પ કરે છે

૩. * તે 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં
* વિકલ્પને અતિક્રમતો નથી;

૪. * વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે.'
* એમ વિકલ્પ કરે છે તે, તે બંને પક્ષને નહિ અતિક્રમતો થકો,

૫. * વિકલ્પને અતિક્રમતો નથી.
* તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે

૬. * તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે;
* જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે—અનુભવે છે.

**ચિંતનકણિકા :**

* બેય નયનો પક્ષ છે તે નયનું નિશ્ચય સ્વરૂપ નથી. * વિકલ્પ છે એ બીજાપણું છે. * વિકલ્પની દશા એ મનના સંગવાળી-પર તરફની છે. * અહીં કર્તાકર્મ અધિકારમાં વિકલ્પનો કર્તા, વિકલ્પ તેનું કર્મ એ તો મિથ્યાત્વભાવ છે. * પર તરફ વળેલી જ્ઞાનની દશાને અંતરમાં વાળવી, વિકલ્પ વિના, એ સાધન [પ્રજ્ઞાછીણી] છે.

## કળશ – ૬૯

ઉત્થાનિકા :–હવે, 'જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે? એમ કહીને શ્રીમાન અમૃતચંદ્ર આચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાના ૨૩ કળશરૂપ કાવ્યો કહે છે :-

**શ્લોકાર્થ :–**

૧. * જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા
 * રહે છે તેઓ જ, જેમનું ચિત્ત

૨. * વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા,
 * સાક્ષાત્ અમૃતને પીએ છે.

**કળશામૃત :–**

૧. * નયપક્ષપાત તજી અને જે સ્વરૂપગુપ્ત થઈ સદા,
રહે છે [જીવો] તેઓ જ જેમનું ચિત્ત શાંત થઈ અહા;

૨. * [અબદ્ધ-બદ્ધ તણા] સહુય વિકલ્પરહિત થયા થકા,
સાક્ષાત્ અમૃતને પીએ છે [જ્ઞાની જીવો સર્વદા.]

# કળશ – ૭૦ થી ૮૯

ઉત્થાનિકા :–હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી (તત્ત્વનો જાણનાર) સ્વરૂપને પામે છે :–

## કળશ – ૭૦

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે
⁎ અને જીવ કર્મથી બંધાયેલો નથી એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી (વસ્તુસ્વરૂપના જાણનાર) પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'જીવ કર્મથી છે બદ્ધ'–એવો એક નયનો પક્ષ છે,
'જીવ કર્મથી નથી બદ્ધ'–એવો પણ બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્‌રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૭૧

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જીવ મૂઢ (મોહી) છે એવો એક નયનો પક્ષ છે
⁎ અને જીવ મૂઢ (મોહી) નથી એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'આ જીવ મોહી છે' ખરે—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ નથી મોહી' ખરે-એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્‌રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૭૨

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જીવ રાગી છે એવો એક નયનો પક્ષ છે અને
⁎ જીવ રાગી નથી એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'આ જીવ રાગી છે' ખરે—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ નથી રાગી' ખરે-એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્‌રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૭૩

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જીવ દ્વેષી છે એવો એક નયનો પક્ષ છે અને
⁎ જીવ દ્વેષી નથી એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'આ જીવ દ્વેષી છે' ખરે—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ નથી દ્વેષી' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૭૪

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જીવ કર્તા છે એવો એક નયનો પક્ષ છે અને
⁎ જીવ કર્તા નથી એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'આ જીવ કર્તા છે' ખરે—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ નથી કર્તા' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૭૫

**શ્લોકાર્થ :-**

૧. ⁎ જીવ ભોક્તા છે એવો એક નયનો પક્ષ છે અને
⁎ જીવ ભોક્તા નથી એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :-**

૧. * 'આ જીવ ભોક્તા છે' ખરે—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ નથી ભોક્તા' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૭૬

**શ્લોકાર્થ :-**

૧. ⁎ જીવ જીવ છે એવો એક નયનો પક્ષ છે અને
⁎ જીવ જીવ નથી એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :-**

૧. * 'આ જીવ છે જીવ જ' ખરે—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ તે નથી જીવ' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૭૭

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જીવ સૂક્ષ્મ છે એવો એક નયનો પક્ષ છે અને
⁎ જીવ સૂક્ષ્મ નથી એવો બીજા નયનો પક્ષ છે;

૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે

૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'આ જીવ સૂક્ષ્મ છે' ખરે—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ નથી સૂક્ષ્મ' ખરે—એવો બીજો નયપક્ષ છે;

૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,

૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્‌રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૭૮

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જીવ હેતુ (કારણ) છે એવો એક નયનો પક્ષ છે અને
⁎ જીવ હેતુ (કારણ) નથી એવો બીજા નયનો પક્ષ છે;

૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે

૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'આ જીવ હેતુ છે' ખરે—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ નથી હેતુ' ખરે—એવો બીજો નયપક્ષ છે;

૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,

૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્‌રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૭૯

**શ્લોકાર્થ :–**

૧. ∗ જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે અને
∗ જીવ કાર્ય નથી એવો બીજા નયનો પક્ષ છે;
૨. ∗ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
∗ જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે
૩. ∗ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
∗ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે કાર્ય આ જીવ'—એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ કાર્ય નથી'—ખરેખર એ બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્‌રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૮૦

**શ્લોકાર્થ :–**

૧. ∗ જીવ ભાવ છે (અર્થાત્ ભાવરૂપ છે) એવો એક નયનો પક્ષ છે અને
∗ જીવ ભાવ નથી (અર્થાત્ અભાવરૂપ છે) એવો બીજા નયનો પક્ષ છે;
૨. ∗ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
∗ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે
૩. ∗ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
∗ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે ભાવરૂપ આ જીવ'—એવો એક નયનો પક્ષ છે,
'નથી ભાવરૂપ આ જીવ'—એવો એક પણ નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્‌રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૮૧

**શ્લોકાર્થ :–**

૧. ⁎ 'જીવ એક છે' એવો એક નયનો પક્ષ છે અને

⁎ 'જીવ એક નથી (–અનેક છે)' એવો બીજા નયનો પક્ષ છે;

૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.

⁎ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે

૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે

⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે એક આ જીવ'–એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ એક નથી' ખરે–એવો બીજો નયપક્ષ છે;

૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,

૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૮૨

**શ્લોકાર્થ :–**

૧. ⁎ 'જીવ સાંત (-અંત સહિત) છે' એવો એક નયનો પક્ષ છે અને

⁎ 'જીવ સાંત નથી' એવો બીજા નયનો પક્ષ છે;

૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.

⁎ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે

૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે

⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે સાંત આ જીવ'–એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ સાંત નથી' ખરે–એવો બીજો નયપક્ષ છે;

૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,

૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૮૩

**શ્લોકાર્થ :–**

૧. ∗ 'જીવ નિત્ય છે' એવો એક નયનો પક્ષ છે અને
∗ 'જીવ નિત્ય નથી' એવો બીજા નયનો પક્ષ છે;
૨. ∗ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
∗ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે
૩. ∗ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
∗ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે નિત્ય આ જીવ'—એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ નિત્ય નથી' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૮૪

**શ્લોકાર્થ :–**

૧. ∗ 'જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે' એવો એક નયનો પક્ષ છે અને
∗ 'જીવ વાચ્ય (-વચનગોચર) નથી' એવો બીજા નયનો પક્ષ છે;
૨. ∗ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
∗ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે
૩. ∗ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
∗ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે વાચ્ય આ જીવ'—એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ વાચ્ય નથી' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૮૫

**શ્લોકાર્થ :–**

૧. ⁎ 'જીવ નાનારૂપ છે' એવો એક નયનો પક્ષ છે અને
⁎ 'જીવ નાનારૂપ નથી' એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'આ જીવ નાનારૂપ છે'—એ એક નયનો પક્ષ છે,
'આ જીવ નાનારૂપ નથી'—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૮૬

**શ્લોકાર્થ :–**

૧. ⁎ 'જીવ ચેત્ય (-ચેતવાયોગ્ય) છે' એવો એક નયનો પક્ષ છે અને
⁎ 'જીવ ચેત્ય નથી' એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે ચેત્ય આ જીવ'—એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ ચેત્ય નથી' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૮૭

**શ્લોકાર્થ :–**

૧. ⁎ 'જીવ દ્રશ્ય (-દેખાવાયોગ્ય) છે' એવો એક નયનો પક્ષ છે અને
⁎ 'જીવ દ્રશ્ય નથી' એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે દ્રશ્ય આ જીવ'—એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ દ્રશ્ય નથી' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૮૮

**શ્લોકાર્થ :–**

૧. ⁎ 'જીવ વેદ્ય (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે' એવો એક નયનો પક્ષ છે અને
⁎ 'જીવ વેદ્ય નથી' એવો બીજા નયનો પક્ષ છે;
૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે
૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે વેદ્ય આ જીવ'—એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ વેદ્ય નથી' ખરે—એવો બીજો નયપક્ષ છે;
૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,
૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

## કળશ – ૮૯

**શ્લોકાર્થ :–**

૧. ⁎ 'જીવ "ભાત" (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે' એવો એક નયનો પક્ષ છે અને
⁎ 'જીવ "ભાત" નથી' એવો બીજા નયનો પક્ષ છે;

૨. ⁎ આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.
⁎ જે તત્ત્વવેદી [પુરુષ] પક્ષપાત રહિત છે

૩. ⁎ તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે
⁎ (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**કળશામૃત :–**

૧. * 'છે ભાત આ જીવ'—એ ખરેખર એક નયનો પક્ષ છે,
'આ જીવ ભાત નથી' ખરે—એવો બીજો નયપક્ષ છે;

૨. * ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના પક્ષપાતો બેય છે.
જે તત્ત્વનો વેદી [પુરુષ] આ પક્ષપાતો રહિત છે,

૩. * તેને નિરંતર ચિત્સ્વરૂપી જીવ ચિદ્‌રૂપે ખરે;
જેવો જ છે તેવો અહો અનુભવ મહીં વેદાય છે.

---

## કળશ – ૯૦

ઉત્થાનિકા :–ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળ આપોઆપ ઊઠે છે
⁎ એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈ

૨. ⁎ અંદર અને બહાર સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક
⁎ પોતાના ભાવને (-સ્વરૂપને) (તત્ત્વવેદી) પામે છે.

**કળશામૃત :–**

૧. * આ રીત જેમાં બહુ વિકલ્પોની સ્વયં જાળો ઊઠે,
નયપક્ષની અતિ મોટી એવી ભૂમિને ઓળંગીને;

૨. * છે બાહ્ય-અંતર એક સામ્યસ્વભાવમય અનુભૂતિ જે,
એવા સ્વયંના ભાવની પ્રાપ્તિ કરે છે જ્ઞાની એ.

## કળશ – ૯૧

ઉત્થાનિકા :–હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ પુષ્કળ મોટા, ચંચળ વિકલ્પરૂપ
∗ તરંગો વડે ઊઠતી આ સમસ્ત ઇન્દ્રજાળને

૨. ∗ જેનું સ્ફુરણ∗ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે
∗ તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.

∗ સ્ફુરણ = ફરકવું તે, ધનુષ્ય ટંકાર કરવો તે

**કળશામૃત :–**

૧. * પુષ્કળ અને મોટા અહા ચંચલ વિકલ્પોરૂપ જે,
તરંગથી ઊઠતી અહો આ ઇન્દ્રજાળ સમસ્તને;

૨. * ટંકારમાત્ર જ જેહનો તત્કાળ દૂર કરે અરે,
ચિન્માત્ર એવા તેજનો હું પુંજ છું આત્મા ખરે.

## ગાથા – ૧૪૩

ઉત્થાનિકા :–'પક્ષાતિક્રાંતનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે?'–એ પ્રશ્નના ઉત્તરરૂપે ગાથા હવે કહે છે :–

ગાથા :– * નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,
નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.

ટીકામૃત :–

(૧) * [જેવી રીતે કેવળી નયપક્ષોને કેવળ જાણે જ છે, પરંતુ કોઈ પણ નયપક્ષને ગ્રહણ કરતા નથી :]

૧. * જ્યમ કેવળી પ્રભુ વિશ્વના આ સાક્ષીમાત્ર જ હોઈને,
વ્યવહારનિશ્ચયનય અહો શ્રુતજ્ઞાનના છે અંશ જે;

૨. * તે પક્ષદ્વયના સ્વરૂપને કેવળ અહો જાણે જ છે,
કિંતુ નિત્ય પ્રકાશમાન, સહજ, વિમળ જે જ્ઞાન છે

૩. * કેવળ, અહો તેના વડે વિજ્ઞાનઘન થઈને ખરે,
શ્રુતજ્ઞાનની આ ભૂમિને ઓળંગી હોવાને લીધે;

૪. * નયપક્ષ સૌના ગ્રહણથી દૂરે થયા હોવાથી તે,
કદી કોઈ નયના પક્ષને ગ્રહતા નથી [સર્વજ્ઞ એ]

(૨) * [તેવી રીતે શ્રુતજ્ઞાની પણ અનુભવના કાળે નયપક્ષોને કેવળ જાણે જ છે પરંતુ ગ્રહતા નથી]

૧. * તેવી રીતે શ્રુતજ્ઞાની આત્મા જે ઉઘાડ*થી ઊપજે
શ્રુતના વિકલ્પ ઘણાં અહો ઉત્પન્ન થાયે પણ ભલે;

૨. * પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નહીં હોવાથી તે,
વ્યવહારનિશ્ચયનય** અહો શ્રુતજ્ઞાનના છે અંશ જે;

૩. * તે પક્ષદ્વયના સ્વરૂપને કેવળ અહો જાણે જ છે,
કિંતુ અતિ તીક્ષણ અહો એ જ્ઞાનની દ્રષ્ટિ વડે;

૪. * નિર્મળ અને નિત-ઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધ છે,
એવા અનુભવકાળમાં થઈ જ્ઞાનઘન પોતે જ તે;

૫. * શ્રુતના વિકલ્પ સમસ્ત અંતર્બાહ્યને ઓળંગીને,
નયપક્ષગ્રહણથી દૂર થઈ નયપક્ષને ગ્રહતો ન તે.

* ઊઘાડથી = ક્ષયોપશમથી

** વ્યવહારનિશ્ચયનય = વ્યવહારનિશ્ચયનયપક્ષ

(3) * [તે ભાવશ્રુતજ્ઞાની અનુભવના કાળે અનુભૂતિમાત્ર સમયસાર છે :]

* વિકલ્પથી અતિ પાર થઈ શ્રુતજ્ઞાની અનુભવકાળમાં,
બનતો અહો પરમાતમા, જ્ઞાનાતમા તત્ક્ષણ અહા !
પરથી પૃથક્ જ્યોતિ* અહો નિજ આત્મની ખ્યાતિરૂપે,
અનુભૂતિમાત્ર જ છે સમયનો સાર તે જ્ઞાની ખરે.

**ટીકા : [૧] કેવળી વિષયક છ બોલ :-**

બોલ-૧ : જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે,

બોલ-૨ : શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે

બોલ-૩ : પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાનવડે

બોલ-૪ : સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈ,

બોલ-૫ : શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને, ઓળંગી ગયા હોવાને લીધે)

બોલ-૬ : સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતા નથી,

**(૨) શ્રુતજ્ઞાની વિષયક છ બોલ :-**

બોલ-૧ : તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,

બોલ-૨ : શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે

બોલ-૩ : પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદ્રષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધતા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે)

બોલ-૪ : તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,

બોલ-૫ : શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાને અતિક્રાંતપણા વડે

બોલ-૬ : સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી,

**(3) [ભાવશ્રુતજ્ઞાની અનુભવના કાળે અનુભૂતિમાત્ર સમયસાર છે : ]**

* તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ* આત્મખ્યાતિરૂપ અનુભૂતિમાત્ર સમયસાર છે.

* પ્રત્યગ્જ્યોતિ = પરથી પૃથક્–ભિન્ન સર્વજ્ઞજ્યોતિ.

## કળશ – ૯૨

ઉત્થાનિકા :–તે આત્મા આવો અનુભવ કરે છે એમ કળશમાં કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ચિત્સ્વભાવના પુંજ વડે જ પોતાના ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે (-કરાય છે).

૨. એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે એવા અપાર સમયસારને,

૩. હું સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વભાવોને છોડીને, અનુભવું છુ.

**કળશામૃત :–**

૧. * ચિત્સ્વરૂપ [ની દ્રષ્ટિ વડે] જ ભવાય છે નિજના અહા,
ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય [ભાવ, અભાવ, ભાવરૂપે યથા;]

૨. * પરમાર્થરૂપ એવું અહો જેનું સ્વરૂપ જ હોઈને,
જે એક છે એવા અપાર અહો સમયના સારને;

૩. * દ્રવકર્મના ઉદયે થતા ભાવો સહુને છોડતો,
દૂરે કરીને બંધને અનુભવ કરું છું આત્મનો.

## ગાથા – ૧૪૪

ઉત્થાનિકા :–પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે—એમ હવે કહે છે :–

ગાથા :– * સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,
નયપક્ષ સકલ સહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.

**ટીકામૃત :–**

(૧) * [પક્ષાતિક્રાંત સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે એવો નિયમ કહે છે :]

૧. * સમસ્ત નયપક્ષો વડે ખંડિત થતો નહીં જે ખરે,
તેથી અહો જેનો સમસ્ત વિકલ્પનો વ્યાપાર છે

૨. * અટકી ગયો, એવો અહો છે, તે સમયનો સાર રે,
આ એક આત્માને મળે છે નામ આવા બે ખરે–

૩. * કેવળ 'સુદર્શન' ને 'સુજ્ઞાન' જ [તેહ જ્ઞાની આત્મને;]
[આ રીત દર્શન-જ્ઞાન આ બે આતમાથી એક છે.]

(૨) * [હવે પક્ષાતિક્રાંત થવાની વિધિનું વર્ણન કરે છે :]

૧. * સૌથી પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબને નિશ્ચય કરે,
જ્ઞાનસ્વભાવી આત્મનો, પછી આત્મખ્યાતિ કાજ તે.

૨. * પરની પ્રસિદ્ધિ જેહથી થતી તેહ ઇન્દ્રિય-મન થકી,
પ્રવર્તતી બુદ્ધિ બધી જે તેમને સીમિત કરી;

૩. * મતિજ્ઞાનતત્ત્વ કરે અહો જે આત્મની સન્મુખ અને
અનેક નયપક્ષો તણા આલંબને જે થાય છે

૪. * એવા વિકલ્પ વિવિધથી; આકુળતા ઉપજાવતી,
શ્રુતજ્ઞાનની બહુ બુદ્ધિઓને પણ અહો સીમિત કરી;

૫. * શ્રુતતત્ત્વને પણ તે કરે નિજ આત્મની સન્મુખ અને
અત્યંત રહિત વિકલ્પ થાતાં પ્રગટતું તત્કાળ જે

૬. * નિજરસથી, આદિ-મધ્ય-અંત રહિત કેવળ એક ને,
આકુળતાથી રહિત, આખા જગત પર જાણે તરે;

૭. * અખંડ છે પ્રતિભાસમય, વિજ્ઞાનઘન, અણઅંત જે,
પરમાત્મરૂપ એવો અહો જે સમયસાર અનુભવે;

૮. * તે જ કાળે આતમા સમ્યક્પણે શ્રદ્ધાય છે,
જણાય પણ છે [તે જ કાળે] તેથી [એમ કથાય છે]

૯. * કે સમયસાર જ છે ખરે 'સમકિતદર્શન'* તેમ તે
'સમ્યક્સુજ્ઞાન'** જ છે ખરે [પક્ષાતિક્રાંત થતાં અરે!]

* 'સમકિતદર્શન' = સમ્યગ્દર્શન = સુદર્શન ** સમ્યક્ સુજ્ઞાન = સમ્યગ્જ્ઞાન = સુજ્ઞાન

**ટીકા :–**

(૧) ૧. * જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર

૨. અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ

૩. કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.)

(૨) ૧. પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,

૨. પરપદાર્થની પ્રસિદ્ધિના કારણો જે ઇન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને

૩. જેણે મતિજ્ઞાનતત્ત્વને (-મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા

૪. અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને

૫. શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસન્મુખ કરતો, અત્યંત વિકલ્પ રહિત થઈને, તત્કાળ

૬. નિજરસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય

૭. તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્માસ્વરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે

૮. તે વખતે જ આત્મા સમ્યક્ પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે તેથી

૯. સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

## કળશ – ૯૩

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. ∗ નયોના પક્ષો રહિત, અચળ નિર્વિકલ્પભાવને
   ∗ પામતો જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે
૨. ∗ તે આ સમયસાર (શુદ્ધાત્મા)—કે જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે
   ∗ સ્વયં આસ્વાદ્યમાન છે (-આસ્વાદ લેવાય છે, અનુભવાય છે) તે–વિજ્ઞાન જ જેનો એક રસ છે
૩. ∗ એવો ભગવાન છે, પવિત્ર પુરાણ પુરુષ છે;
   ∗ જ્ઞાન કહો કે દર્શન કહો તે આ (સમયસાર) જ છે;
૪. ∗ અથવા વધારે શું કહીએ? જે કાંઈ છે તે
   ∗ આ એક જ છે (-માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે.

કળશામૃત :–

૧. * નયપક્ષથી વિરહિત અવિચળ નિર્-વિકલ્પ સ્વભાવને,
   પામી અહો પરકાશતો આ આતમાનો સાર જે;
૨. * તેહ આ શુદ્ધાતમા નિભૃત જ્ઞાનીઓ વડે,
   આસ્વાદ્ય છે પોતાથી, જેનો એકરસ વિજ્ઞાન છે;
૩. * એવો અહો ભગવાન જે છે, પુણ્ય પુરુષ પુરાણ તે,
   તેને કહો [ધ્રુવ] જ્ઞાન કે દર્શન કહો, તે આ જ છે;
૪. * અથવા વધારે શું કહીએ? જે કંઈ પણ તેહ છે,
   આ એક માત્ર જ છે ખરે પણ નામ જુદા હો ભલે.

## કળશ-૯૪

ઉત્થાનિકા :–આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે એમ હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) [દ્રષ્ટાંત : પોતાના સમૂહથી ચ્યુત થયેલું પાણી ફરી પોતાના સમૂહમાં આવી મળે છે : ]

૧. * જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું દૂર ગહન વનમાં ભમતું હોય
* તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા

૨. * પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે;
* પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું

૩. * પ્રવાહરૂપ થઈને, પોતાના સમૂહમાં આવી મળે;

(૨) * [તેવી રીતે પોતાના સ્વભાવથી ચ્યુત થયેલો આત્મા ફરી સ્વભાવમાં આવી મળે છે :]

3 * તેવી રીતે આ આત્મા પોતાના વિજ્ઞાનઘન સ્વભાવથી ચ્યુત થયો થકો

૪. * પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો
* તેને દૂરથી જ વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા

૫. * પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ
* બળથી વાળવામાં આવ્યો;

૬. * કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને
* જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે

૭. * એવો તે આત્મા, આત્માને આત્મામાં જ ખેંચતો થકો (અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને),
* સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.

**કળશામૃત :–**

(૧) * [દ્રષ્ટાંત : પોતાના સમૂહથી ચ્યુત થયેલું પાણી ફરી પોતાના સમૂહમાં આવી મળે છે :]

૧. * નિજ સમૂહથી ચ્યુત થયું થકું જ્યમ પાણી ગહન વને ભમે,
દૂરથી જ તેને ઢાળવાળા માર્ગ દ્વારા બળ વડે;

૨. * તેના જ સમૂહ પ્રતિ અહો જો વાળવામાં આવતું,
તો પાણી તે નિજના સમૂહ પ્રતિ જ ખેંચાતું થકું;

૩. * પ્રવાહરૂપ થઈ અહો નિજ સમૂહમાં આવી મળે,
* ત્યમ આતમા આ જ્ઞાનઘન નિજભાવથી ચ્યુત થઈ અને

(૨) * [તેવી રીતે પોતાના સ્વભાવથી ચ્યુત થયેલો આત્મા ફરી સ્વભાવમાં આવી મળે છે :]

૧. * વિકલ્પજાળ પ્રચુરના વન ગહનમાં ભમતો હતો,
વિવેકરૂપી ઢાળવાળા માર્ગથી તેને અહો;

૨. * દૂરથી જ નિજ વિજ્ઞાનઘન એવા સ્વભાવ પ્રતિ અહા,
[આ રીત ભેદવિજ્ઞાન બળથી] વાળવામાં આવતાં;
૩. * વિજ્ઞાનઘન બસ માત્રના રસીલા પુરુષો જેહ છે,
તેના વડે વિજ્ઞાનરસમય આતમા વેદાય છે;
૪. * એવો અહો તે આતમા નિજ આત્મમાં નિજ આત્મને,
ખેંચી પ્રવાહરૂપે થઈ ઘનજ્ઞાનમહીં આવી મળે.

## કળશ – ૯૫

ઉત્થાનિકા :–હવે કર્તાકર્મ અધિકારનો ઉપસંહાર કરતાં, કેટલાક કળશરૂપ કાવ્યો કહે છે; તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને
* વિકલ્પ જ કેવળ કર્મ છે; (બીજાં કોઈ કર્તા-કર્મ નથી;)

૨. * જે જીવ વિકલ્પસહિત છે તેનું કર્તાકર્મપણું
કદી નાશ પામતું નથી [એવું જિનવરનું કથન છે.]

**કળશામૃત :–**

૧. * વિકલ્પનો કરનાર માત્ર જ છે ખરે કર્તા અને
વિકલ્પમાત્ર જ છે અહો [કર્તાતણું એ] કર્મ ને

૨. * જે જીવ સહિત વિકલ્પ છે કર્તા-કરમપણું તેહનું,
કદી પામતું નથી નાશને [-આ વચન છે જિનવરતણું.]

---

## કળશ – ૯૬

ઉત્થાનિકા :–જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે—એમ હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે કરે છે તે કેવળ કરે જ છે અને
* જે જાણે છે તે કેવળ જાણે જ છે;

૨. * જે કરે છે તે કદી જાણતો નથી અને
* જે જાણે છે તે કદી કરતો નથી.

**કળશામૃત :–**

૧. * કરનાર જે છે તે ખરે કરનાર કેવળ છે અને
જાણક અહો જે છે ખરે તે માત્ર જાણનહાર છે;
* કરનાર જે છે તે ખરે કદી જાણનાર નથી અને
જે જાણનારો છે અહો નહિ તે કદી કરનાર છે.

## કળશ – ૯૭

ઉત્થાનિકા :–એવી જ રીતે કરવારૂપ ક્રિયા અને જાણવારૂપ ક્રિયા બંને ભિન્ન છે એમ હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી અને
⁎ જાણવારૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી;

૨. ⁎ માટે જ્ઞપ્તિક્રિયા અને 'કરોતિ' ક્રિયા બંને ભિન્ન છે;
⁎ અને તેથી એમ ઠર્યું કે જે જ્ઞાતા છે તે કર્તા નથી.

**કળશામૃત :–**

૧. * કરવા તણી ક્રિયા મહીં જાણનક્રિયા નથી ભાસતી,
જાણનક્રિયાના અંતરે કર્તૃક્રિયા નથી ભાસતી;

૨. * 'જ્ઞપ્તિ'–'કરોતિ'ની ક્રિયાઓ તેથી બંને ભિન્ન છે,
માટે ઠર્યું–છે જેહ 'જ્ઞાતા' તે નથી 'કર્તા' ખરે.

## કળશ – ૯૮

ઉત્થાનિકા :–ફરીને એ જ વાતને દ્રઢ કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * કર્તા નક્કી કર્મમાં નથી અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી—
* એમ જો બંનેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે તો કર્તાકર્મની સ્થિતિ શી?

૨. * (અર્થાત્ જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે.)
* આ પ્રમાણે જ્ઞાતા સદાય જ્ઞાતામાં જ છે અને

૩. * કર્મ સદા કર્મમાં જ છે એવી વસ્તુસ્થિતિ પ્રગટ છે
* તોપણ અરે ! નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે?
(એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે.)

**કળશામૃત :–**

૧. * કર્તા નક્કી નથી કર્મમાં, નહિ કર્મ કર્તામાં નક્કી,
નિષેધ બંનેનો પરસ્પર આમ કરવાથી સ્થિતિ

૨. * છે જીવ કર્તા, કર્મ પુદ્‌ગલ—એ રીતે બનતી નથી;
તેથી સદા છે [આતમા] જ્ઞાતા અહા જ્ઞાતા મહીં;

૩. * ને કર્મ કર્મમહીં સદા છે પ્રગટ એ વસ્તુસ્થિતિ,
તોપણ અરે! નેપથ્યમાં કાં મોહ નાચી રહ્યો અતિ?

## કળશ – ૯૯

ઉત્થાનિકા :–અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો; તથાપિ વસ્તુસ્વરૂપ તો જેવું છે તેવું જ છે—એમ હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * અચળ, વ્યક્ત અને ચિત્શક્તિઓના (-જ્ઞાનના અવિભાગ પરિચ્છેદોના) સમૂહના ભારથી
   * અત્યંત ગંભીર આ જ્ઞાનજ્યોતિ

૨. * અંતરંગમાં ઉગ્રપણે એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે—
   * આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો

૩. * તે હવે કર્તા થતો નથી અને
   * અજ્ઞાનના નિમિત્તે પુદ્ગલ કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતું નથી;

૪. * વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે અને
   * પુદ્ગલ પુદ્ગલરૂપ જ રહે છે.

**કળશામૃત :–**

૧. * અવિચળ, પ્રગટ, ચિત્શક્તિઓના સમૂહના બહુ ભારથી,
અત્યંત ગંભીર જ્ઞાનજ્યોતિ ઉગ્રરૂપે પ્રગટતી-

૨. * એવી રીતે આ અંતરંગે કે અહો જે આતમા
અજ્ઞાનમાં બનતો હતો કર્તા, અહો તે આતમા

૩. * કર્તા થતો નથી તે હવે, ને [તેમ આ] પુદ્ગલ અહા!
અજ્ઞાનના નિમિત્તથી નથી થાતું કર્મરૂપે કદા;

૪. * વળી જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે તેમ પણ પુદ્ગલ અહા !
પુદ્ગલરૂપે જ સદા રહે છે [વસ્તુનું છે સ્વરૂપ આ.]

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં કર્તાકર્મનો પ્રરૂપક બીજો અંક સમાપ્ત થયો.

# પુણ્ય-પાપ અધિકાર

## ગાથા : **૧૪૫ થી ૧૬૩**

## કળશ : **૧૦૦ થી ૧૧૨**

## કળશ – **૧૦૦**

ઉત્થાનિકા :–પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.'

* જેમ નૃત્યના અખાડામાં એક જ પુરુષ પોતાને બેરૂપે બતાવી નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે તેવી રીતે જોકે કર્મ એક જ છે તોપણ પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરીને નાચે છે તેને, સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે. તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. * હવે (કર્તા-કર્મ અધિકાર પછી) શુભ અને અશુભના ભેદને લીધે બે-પણાને પામેલા
   * તે કર્મને એકરૂપ કરતો,

૨. * જેણે અત્યંત મોહરજને દૂર કરી છે એવો
   * આ (પ્રત્યક્ષ-અનુભવગોચર) જ્ઞાન-સુધાંશુ (સમ્યગ્દર્શનરૂપ ચંદ્રમા) સ્વયં ઉદય પામે છે.

કળશામૃત :–

**૧.** * શુભ ને અશુભના ભેદથી જે બે-પણું પામેલ છે,
તે કર્મને એક જ રૂપે કરતો હવે [સમ્યક્પણે;]

**૨.** * દૂરે કરી છે મોહરજ અત્યંત જેણે તે અહા,
પામે સ્વયં છે ઉદયને આ જ્ઞાનરૂપી ચંદ્રમા.

## કળશ – ૧૦૧

ઉત્થાનિકા :–હવે પુણ્ય-પાપના સ્વરૂપના દ્રષ્ટાંતરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :– [Slightly Rearranged]**

૧. ⁎ શૂદ્રાણીના એકીસાથે જન્મેલા બે પુત્રોમાંથી
⁎ એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો અને

૨. ⁎ 'હું બ્રાહ્મણ છું' એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે
⁎ મદિરાને દૂરથી જ છોડે છે અર્થાત્ સ્પર્શતો પણ નથી;

૩. ⁎ બીજો શૂદ્રના ઘરે જ રહ્યો અને
⁎ 'હું પોતે શૂદ્ર છું' એમ માનીને

૪. ⁎ મદિરાથી જ નિત્ય સ્નાન કરે છે અર્થાત્ તેને પવિત્ર ગણે છે.
⁎ આ બંને પુત્રો શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે.

૫-૬ ⁎ તેથી (પરમાર્થે) બંને સાક્ષાત્ શૂદ્ર છે, તોપણ જાતિભેદના ભ્રમ સહિત તેઓ પ્રવર્તે છે—આચરણ કરે છે. (આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું,)

**કળશામૃત :–**

૧. * શૂદ્રાણીના એકસાથ જન્મેલા અહો બે પુત્ર જે,
તેમાંથી ઊછર્યો એક કોઈ [ઉચ્ચ] બ્રાહ્મણના ઘરે;

૨. * 'બ્રાહ્મણ હું છું' તે ગર્વ એવો બ્રાહ્મણત્વ તણો કરે,
દૂરથી જ મદિરા છોડતો તે સ્પર્શ તેનો નવ કરે;

૩. * બીજો રહ્યો તે શૂદ્રના જ ઘરે, [ઊછર્યો તે રીતે,]
'હું શૂદ્ર છું જ સ્વયં' ખરે ત્યમ માનીને નિત્યે કરે

૪. * તે સ્નાન મદિરાથી, અરે તેને પવિત્ર જ માનીને!
આ પુત્ર બંને જન્મ પામ્યાં એક માતાના ઘરે

૫. * ઉદર થકી, એકી જ સાથે તેથી પરમાર્થે સદા,
સાશ્રાત્ બંને શૂદ્ર છે તોપણ પ્રવર્તે છે અહા!

૬. * તે બેય ભિન્ન રીતે અરે ભ્રમ સહિત જાતિભેદના,
(તેથી ન ભેદો માનવા બે પુણ્ય-પાપ તણા કદા.)

## ગાથા – ૧૪૫

ઉત્થાનિકા :–હવે શુભાશુભકર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે :–

ગાથા :– * **છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભ કર્મને!**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫**

ટીકામૃત : [(A) વ્યવહારપક્ષ :]

૧. હેતુ * નિમિત્ત કો [જડ] કર્મને છે શુભ જીવપરિણામ ને
કો કર્મને નિમિત્ત છે પરિણામ જેહ અશુભ છે;

૨. * આ રીત તેથી કર્મના કારણ મહીં [બે] ભેદ છે,
ને તેથી હેતુ કર્મના જુદા જુદા [કહેવાય] છે;

(૨) સ્વભાવ ૧. * પુદ્‌ગલ તણા પરિણામમય કો કર્મ છે શુભરૂપ ને
રે અશુભ પરિણામ સ્વભાવે કોઈ બીજા કર્મ છે;

૨. * આ રીત તેથી કર્મના સ્વભાવ પણ છે ભિન્ન ને
[હવે કહે છે કર્મના ફળપણ જુદા કઈ રીત છે :]

(૩) ફળ ૧. * શુભ ફળરૂપે કો કર્મનો ને અશુભરૂપે કોઈનો,
વિપાક હોવાથી અનુભવ પણ થતો જુદો જુદો;

(૪) આશ્રય ૧. * શુભ મોક્ષમારગ છે અહો, કો કર્મનો આશ્રય અને
છે અશુભ એવો બંધનો મારગ અહો કો કર્મને;

૨. * ને તેથી કર્મ તણા અહો આશ્રય મહીં પણ ભેદ છે,
આ રીત જોકે કર્મ તો પરમાર્થથી બસ એક છે;

૩. * તોપણ અહો [વ્યવહારી જીવનો એક] એવો પક્ષ છે,
કે કોઈ કર્મ અશુભ છે ને શુભ કોઈ કર્મ છે.

* કિંતુ તેનું કથન આ પ્રતિપક્ષથી છે સહિત ને,
પ્રતિપક્ષ એ વ્યવહારનો નિષેધ કરતો આ રીતે;

(B નિશ્ચયપક્ષ)

(૧) હેતુ ૧.* શુભ કે અશુભ પરિણામ જીવના જ્ઞાનરહિત જ હોઈને,
અજ્ઞાનમય બસ માત્ર હોવાથી અહો તે એક છે;

૨. * ને એક હોવાથી ન કારણ કર્મના મહીં ભેદ છે,
આ કારણે [શુભ કે અશુભ] કર્મો સહુયે એક છે;

(૨) સ્વભાવ ૧. * શુભ કે અશુભ ફળરૂપ છે [જ] વિપાક કર્મ તણો ખરે,
બસ માત્ર પુદ્‌ગલમય જ, તેથી બેય તેઓ એક છે;

૨. * ને તેથી કર્મ તણા સ્વભાવોમાં ન કોઈ ભેદ છે,
આ કારણે [શુભ કે અશુભ], કર્મો સહુયે એક છે.

(૩) ફળ **૧.** * શુભ કે અશુભ ફળરૂપ છે [જ] વિપાક કર્મ તણો ખરે
બસ માત્ર પુદ્‌ગલમય જ, તેથી બેય તેઓ એક છે;
**૨.** * ને તેથી કર્મ તણા અનુભવમાં ન કોઈ ભેદ છે,
આ કારણે [શુભ કે અશુભ] કર્મો સહુયે એક છે.
(૪) આશ્રય **૧.** * શુભ મોક્ષમારગ જીવમય ને અશુભ બંધનમાત્ર છે
બસ માત્ર પુદ્‌ગલમય જ, તેથી બેય તેઓ ભિન્ન છે;
**૨.** * તેઓ અનેક ભલે છતાંયે કર્મ તો બસ માત્ર છે
આશ્રિત બંધનમાર્ગને, પુદ્‌ગલમયી છે જે ખરે.
**૩.** * આ રીત કર્મ તણા ન આશ્રયમાં જરીયે ભેદ છે
આ કારણે [શુભ કે અશુભ] કર્મો સહુયે એક છે.

ટીકા :– [(A) વ્યવહારપક્ષ]

[૧. હેતુ :] ૧. * કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી

૨. કર્મના કારણમાં ભેદ-તફાવત છે (અર્થાત્ કારણ જુદાં જુદાં છે);

[૨. સ્વભાવ] ૧. કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય અને કોઈ કર્મ અશુભ પુદ્‌ગલ પરિણામમય હોવાથી

૨. કર્મના સ્વભાવમાં ભેદ છે; [હવે કર્મના ફળ જુદા જુદા કઈ રીતે છે તે કહે છે :]

[૩. ફળ :] ૧. કોઈ કર્મનો શુભ ફળરૂપે અને કોઈ કર્મનો અશુભ ફળરૂપે વિપાક થતો હોવાથી કર્મના અનુભવમાં (-સ્વાદમા) ભેદ છે;

[૪. આશ્રય :] ૧. કાંઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી અને કાંઈ કર્મ અશુભ (ખરાબ) એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી

૨. કર્મના આશ્રયમાં ભેદ છે. માટે–જોકે (પરમાર્થે) કર્મ એક જ છે.

૩. તોપણ-કેટલાકનો એવો પક્ષ છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે.

૧. પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે. તે પ્રતિપક્ષ (અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છે :–

[(B) નિશ્ચયપક્ષ ]

[૧. હેતુ :] ૧. શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે;

૨. તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે.

[૨. સ્વભાવ] ૧. શુભ કે અશુભ પુદ્‌ગલપરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;

૨. * તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે.

[૩. ફળ] ૧. * શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;

૨. તે એક હોવાથી કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ નથી; માટે કર્મ એક જ છે;

[૪. આશ્રય :] ૧ * શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ તો કેવળ પુદ્ગલમય હોવાથી તેઓ અનેક (-જુદાં જુદાં, બે) છે;

૨. * તેઓ અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી

૩. * કર્મના આશ્રયમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે.

## કળશ – ૧૦૨

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય—એ ચારનો (અર્થાત્ એ ચાર પ્રકારે) સદાય અભેદ હોવાથી કર્મમાં નિશ્ચયથી ભેદ નથી;

૨. * માટે સમસ્ત કર્મ પોતે નિશ્ચયથી બંધમાર્ગને આશ્રિત હોવાથી અને

૩. * બંધનું કારણ હોવાથી, કર્મ એક જ માનવામાં આવ્યું છે—એક જ માનવું યોગ્ય છે.

**કળશામૃત :–**

**૧.** * હેતુ, સ્વભાવ અને અનુભવ તેમ આશ્રય—ચારનો,
અભેદ હોવાથી સદા છે કર્મમાં નહીં ભેદ કો

**૨.** * નિશ્ચય થકી, તેથી અહો સઘળુંય કર્મ સ્વયં ખરે,
આશ્રિત બંધનમાર્ગને હોવાથી તેમજ કર્મ તે

**3.** * હોવાથી કારણ બંધનું, આ કર્મ છે એક જ ખરે,
ત્યમ માન્યતા છે ને અહો ત્યમ માનવું તે યોગ્ય છે.

## ગાથા – ૧૪૬

ઉત્થાનિકા :–હવે, (શુભ-અશુભ) બંને કર્મો અવિશેષપણે (કાંઈ તફાવત વિના) બંધના કારણ છે એમ સિદ્ધ કરે છે :–

ગાથા–* જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,
એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬

### ટીકામૃત :–

૧. * જ્યમ સ્વર્ણની ત્યમ લોહની જંજીર જકડે પુરુષને,
અવિશેષરૂપે કંઈ તફાવત વિણ એવા કારણે

૨. * કે બંધતત્ત્વ*ની દ્રષ્ટિએ નથી ભેદ કો પણ બે વિષે;
ત્યમ શુભઅશુભ કર્મો વિશેષ વિના કંઈ આ જીવને

૩. * બંધન કરે એ કારણે કે બંધતત્ત્વ*ની દ્રષ્ટિએ;
કોઈ તફાવત છે નહિ એ બેય બંધોને વિષે.

* બંધતત્ત્વ = બંધનપણું; બંધપણું

### ટીકા :–

૧. * જેમ સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના પુરુષને બાંધે છે કારણ કે

૨. * બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી,
* તેવી રીતે શુભ અને અશુભ કર્મ કાંઈપણ તફાવત વિના

૩. * પુરુષને (-જીવને) બાંધે છે કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી.

## ગાથા – ૧૪૭

ઉત્થાનિકા :–હવે બંને કર્મોનો નિષેધ કરે છે :–

ગાથા :– * તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,
છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા* તણો. ૧૪૭.

### ટીકામૃત :–

૧. * મનરમ્ય ને મનરમ્ય નહિ જે હોય એવી કુશીલ તે,
હાથણીરૂપે કૂટણીની સાથે રાગ ને સંસર્ગ** છે

* કર્મો = દ્રવ્યકર્મ, ભાવકર્મ તેમજ તેમના ફળ, આશ્રય આદિ ચાર પ્રકારો

** સંસર્ગ = મન, વચન, કાયાથી પરિચય કરવો

સ્વાધીનતાનો નાશ = સ્વભાવની શુદ્ધ પર્યાય ન થવી = સ્વભાવની શુદ્ધ પર્યાયનો (-પોતાનો) પોતાથી ઘાત થવો.

૨. * બંધન તણું કારણ, અહો એ હાથીને જેવી રીતે,
ત્યમ કુશીલ એવા અશુભ ને શુભ કર્મની સાથે ખરે;

૩. * સંસર્ગ તેમજ રાગ કરવો બંધ-કારણ હોઈને,
સહુ કર્મ સાથે રાગ ને સંસર્ગનો નિષેધ છે.

### ટીકા :–

૧. * જેમ કુશીલ (ખરાબ) એવી મનોરમ અને અમનોરમ હાથણીરૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ

૨. * (હાથીને) બંધના કારણ થાય છે, તેવી રીતે કુશીલ એવા શુભ અને અશુભ કર્મ સાથે

૩. * રાગ અને સંસર્ગ બંધના કારણ હોવાથી, શુભાશુભ કર્મો* સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે.

## ગાથા – **૧૪૮, ૧૪૯**

ઉત્થાનિકા :–હવે, બંને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દ્રષ્ટાંતથી સમર્થન કરે છે :–

ગાથા :– * **જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,**
**સંસર્ગ તેની સાથ તેમજ રાગ કરવો પરિતજે; ૧૪૮.**
* **એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,**
**નિજભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિતજે. ૧૪૯.**

### ટીકામૃત :–

(૧) * [કુશળ હાથી અને કૂટણીનું દ્રષ્ટાંત : ]

૧. * જ્યમ કુશળ કો વન-હસ્તી નિજને બાંધવાને આવતી,
સુંદર મુખાકૃતિ સહ મનોહર કે મનોહર જે નથી;

૨. * એ હાથણીરૂપ કૂટણીને જાણી બૂરી નિશ્ચયે,
તેનાથી વચનાદિ વડે સંસર્ગ-રાગ નહિ કરે.

(૨) [જીવ અને ઉદયાધીન કર્મપ્રકૃતિ વિષે સિદ્ધાંત :]

૧. * તેવી રીતે આ આતમા જ્ઞાની-અરાગી થઈ અને
નિજ બંધને કાજે સમીપ આવી રહેલા કર્મ જે;

૨. * મનરમ્ય કે મનરમ્ય નહિ એવા શુભાશુભ જે ખરે,
તેની બધી પ્રકૃતિને જાણી બૂરી છે નિશ્ચયે;

૩. * તે પ્રકૃતિ સહ રાગ કે સંસર્ગ [કદીયે] નવ કરે,
[આ રીત સિદ્ધ થયું અહો બન્નેય કર્મ નિષેધ્ય છે.]

### ટીકા :–

(૧) ૧. * જેમ કોઈ કુશળ વનહસ્તી પોતાના બંધને માટે સમીપ આવતી સુંદર મુખવાળી મનોરમ કે અમનોરમ.

૨. * હાથણીરૂપી કૂટણીને પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ કે સંસર્ગ કરતો નથી,

(૨) ૧. * તેવી રીતે આત્મા અરાગી જ્ઞાની થયો થકો પોતાના બંધને માટે સમીપ આવતી (ઉદયમાં આવતી)

૨. * મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભ)—બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને

૩. * તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.

[આ રીતે સિદ્ધ થયું કે શુભ અને અશુભ બંને પ્રકારના કર્મો નિષેધ્ય છે.]

## ગાથા – ૧૫૦

ઉત્થાનિકા :–હવે, બંને કર્મો બંધના કારણ છે અને નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ કરે છે :–

ગાથા :– * જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્ય પ્રાપ્ત મુકાય છે,
–એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. **૧૫૦**.

### ટીકામૃત :–

૧. * ‘જે જીવ રાગી છે અહો તે જરૂર બાંધે કર્મને,
વિરક્તિ પ્રાપ્ત જીવો જ જે તે [જરૂર] કર્મોથી છૂટે’;

૨. * આગમવચન આવું અહો શુભ-અશુભ બંને કર્મને,
સામાન્યરૂપે રાગનું નિમિત્તકારણ હોઈને;

૩. * અવિશેષરૂપે બંધના કારણ તરીકે વર્ણવે,
ને તેથી બંને કર્મનો [જિનવચનમાં] નિષેધ છે.

### ટીકા :–

૧. * ‘રક્ત અર્થાત્ રાગી અવશ્ય કર્મ બાંધે અને વિરક્ત અર્થાત્ વિરાગી જ કર્મથી છૂટે’

૨. * એવું જે આગમવચન છે તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બંને કર્મને

૩. * અવિશેષપણે બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે અને તેથી બંને કર્મને નિષેધે છે.

## કળશ – ૧૦૩

ઉત્થાનિકા :–આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. કારણ કે સર્વજ્ઞદેવો સમસ્ત (શુભ તેમજ અશુભ) કર્મને અવિશેષપણે બંધનું સાધન (કારણ) કહે છે તેથી

૨. (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ) સમસ્ત કર્મને નિષેધ્યું છે અને જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. (ज्ञानम् एव शिवहेतुः)

**કળશામૃત :–**

**૧. * સર્વજ્ઞદેવોએ સહુયે અશુભ ને શુભ કર્મને,**
**અવિશેષરૂપે બંધના કારણ કહ્યાં છે તેથી એ**

**૨ * થયું સિદ્ધ, કે સર્વજ્ઞદેવોએ ખરે સહુ કર્મને,**
**નિષેધીને 'शिवहेतु' કહ્યું છે માત્ર એક જ જ્ઞાનને.**

## કળશ – ૧૦૪

ઉત્થાનિકા :–જો સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું તે હવેના કળશમાં કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ—એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને એ રીતે

૨. * નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, મુનિઓ કાંઈ અશરણ નથી; (કારણ કે)

૩. * જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું—રમણ કરતું—પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે;

૪. * તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા પરમ અમૃતને પોતે અનુભવે છે—આસ્વાદે છે.

**કળશામૃત :–**

**૧. * શુભ આચરણરૂપ કર્મ ને અશુભાચરણરૂપ કર્મ જે,**
**એવા સહુયે કર્મને નિષેધીને એ રીત જે;**

**૨. * નિષ્કર્મ'વસ્થામાં* અહો પ્રવર્તતાં જે મુનિવરો,**
**નથી કાંઈ પણ અશરણ અહો, આ કારણે તે મુનિવરો;**

* નિષ્કર્મ'વસ્થામાં = નિષ્કર્મ અવસ્થામાં

**3. * કે નિવૃત્તિ જ્યારે પ્રવર્તે છે અહો ત્યારે ખરે,**
**નિજ જ્ઞાનમાં આચરણ કરતું જ્ઞાન મુનિને શરણ છે;**

**૪. * નિજ જ્ઞાનમાત્ર મહીં જ લીન થયા થકા તે મુનિવરો,**
**[આનંદ] અમૃતને સ્વયં આસ્વાદતા તેઓ અહો !**

## ગાથા – ૧૫૧

ઉત્થાનિકા :–હવે જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છે :–

ગાથા :– * **પરમાર્થ છે નક્કી, સમય છે, શુદ્ધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

### ટીકામૃત :–

(જ્ઞાન મોક્ષનું કારણ છે :) * રે [જ્ઞાનની પરિણતિ ખરે] છે મોક્ષનું કારણ [યથા,]
એ કારણે કે જ્ઞાન શુભ ને અશુભ સહુકર્મો તણા
બંધોનું કારણ છે નહિ, ને તેથી એ રીતે [સદા;]
તેને બને કારણપણું છે મોક્ષનું [-જિનકથન આ].... ૧.

(૧) પરમાર્થ : * સહુ કર્મ આદિ અન્ય જાતિઓથી જુદું જ્ઞાન જે,
ચૈતન્ય-જાતિમાત્ર આત્મા તેહ પરમ-પદાર્થ છે... ૨,

(૨) સમય : * પ્રવર્તતા જે એકી સાથે, એકી ભાવે જ્ઞાન ને
પરિણમન, એવા સ્વરૂપરૂપે હોઈને તે 'સમય' છે... ૩

(૩) શુદ્ધ : * સઘળાંય નયપક્ષોથી અમિલિત એવું એક જ માત્ર તે,
જ્ઞાનસ્વરૂપ હોવાથી તેને 'શુદ્ધ' નામ [કથાય] છે.... ૪.

(૪) કેવળી : * કેવળ અહો ચિન્માત્ર વસ્તુસ્વરૂપ હોવાથી ખરે,
તે 'કેવળી' છે [એમ અમૃત-કુંદ આચાર્યો કહે.]... ૫

(૫) મુનિ : * બસ મનનમાત્ર જ ભાવસ્વરૂપે હોઈને તેને યથા,
'મુનિ' [નામની સંજ્ઞા કહી આગમ મહીં જિનવર તણા.]... ૬

(૬) જ્ઞાની : * પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી અહો તેને યથા,
'જ્ઞાની' [તણી સંજ્ઞા કહી આગમ મહીં જિનવર તણા]... ૭

(૭) (i) સ્વભાવ * 'સ્વ'ના જ ભવનસ્વરૂપ [તેહ પદાર્થ] હોવાથી ખરે,
'સ્વભાવ' [સંજ્ઞાથી અહો આચાર્યશ્રી તેને કહે.]... ૮.

(ii) સદ્ભાવ * અથવા સ્વતઃ ચૈતન્યના તે ભવનમાત્ર જ હોઈને,
'સદ્ભાવ' પણ તે સત્-સ્વરૂપી [વસ્તુને મુનિવર કહે.]...૯.

ઉપસંહાર : * આ રીત ભેદો શબ્દના હો પણ નથી ભેદો અહા
(નામ જુદા, વસ્તુ એક) વસ્તુ તણા; છે નામ જુદાં, વસ્તુ તો એક જ સદા... ૧૦.

### ટીકા :–

[જ્ઞાન મોક્ષનું કારણ છે :] જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમકે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે.

[(૧) પરમાર્થ :] તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ (-પરમ પદાર્થ) છે—આત્મા છે.

[(૨) સમય :] તે (આત્મા) એકીસાથે (યુગપદ્) એકીભાવે (એકત્વપૂર્વક) પ્રવર્તતાં એવાં જે જ્ઞાન અને ગમન (પરિણમન) તે-સ્વરૂપ હોવાથી સમય છે.

[(૩) શુદ્ધ :] સકળ નયપક્ષોથી અમિલિત (અમિશ્રિત) એવા એક જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે.

[(૪) કેવળી :] કેવળ ચિન્માત્ર વસ્તુસ્વરૂપ હોવાથી કેવળી છે,

[(૫) મુનિ :] ફક્ત મનનમાત્ર (જ્ઞાનમાત્ર) ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે,

[(૬) જ્ઞાની : ] પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,

[(૭) (i) સ્વભાવ :] 'સ્વ'ના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે અથવા

[(ii) સદ્ભાવ : ] સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના ભવનમાત્ર સ્વરૂપ હોવાથી સદ્ભાવ છે. (કારણ કે જે સ્વતઃ હોય તે સત્-સ્વરૂપ જ હોય).

[ઉપસંહાર :] આ પ્રમાણે શબ્દભેદ હોવા છતાં વસ્તુભેદ નથી (-નામ જુદાં જુદાં છે છતાં વસ્તુ એક જ છે).

## ગાથા – ૧૫૨

ઉત્થાનિકા :–હવે આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે એમ બતાવે છે :–

ગાથા :– * **પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.**

### ટીકામૃત :–

**૧.** * આગમ મહીં પણ મોક્ષકારણ જ્ઞાનને જ કહ્યું [ખરે,]
સિદ્ધિ થતી એની અહો, આ કારણે [મુનિવર કહે :]

**૨.** * જે જીવ જ્ઞાનથી રહિત છે પરમાર્થભૂત [આત્મા તણા,]
અજ્ઞાનકૃત વ્રત ને તપાદિ, કર્મ તે અજ્ઞાનીના;

**૩.** * છે બંધના કારણ અહો તેથી સહુ તે કર્મને,
કહી 'બાળ' સંજ્ઞા [જિનવરે] સૌને નિષેધ્યાં હોઈને;

**૪,** * તેથી ઠર્યું-છે જ્ઞાનમાત્ર જ મોક્ષનું કારણ [સદા],
[જેવી રીતે છે વર્ણવ્યું આગમમહીં જિનવર તણા.]

### ટીકા :–

૧. આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે (એમ સિદ્ધ થાય છે) કારણ કે

૨. જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે તેના, અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલાં વ્રત, તપ આદિ કર્મો

૩. બંધના કારણ હોવાને લીધે તે કર્મોને 'બાળ' એવી સંજ્ઞા આપીને નિષેધ્યાં હોવાથી

૪. જ્ઞાન જ મોક્ષનું કારણ ઠરે છે. [જેવી રીતે જિનવરના આગમમાં વર્ણવ્યું છે.]

## ગાથા – ૧૫૩

ઉત્થાનિકા :–જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છે :–

ગાથા :– * વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. **૧૫૩.**

ટીકામૃત :–

૧. * છે જ્ઞાન [માત્ર] જ મોક્ષનું કારણ ખરે, એ કારણે–
તેના અભાવે જ્ઞાનરહિત સ્વયં થયેલ અબુધને;

૨. * હો અંતરંગે વ્રત, નિયમ, તપ, શીલ-શુભકર્મો તણો
સદ્ભાવ, તોય અભાવ છે તેને [સદાયે] મોક્ષનો.

૩. * અજ્ઞાન [માત્ર] જ બંધનો હેતુ કહ્યો, એ કારણે–
તેના અભાવે જ્ઞાનરૂપ સ્વયં થયેલા જ્ઞાનીને;

૪. * હો બાહ્ય વ્રત, ને નિયમ, તપ, શીલ આદિ શુભકર્મો તણો
સદ્ભાવ નહિ, તોપણ અહો સદ્ભાવ તેને મોક્ષનો.

ટીકા :–

૧. જ્ઞાન જ મોક્ષનો હેતુ છે; કારણ કે તેના (-જ્ઞાનના) અભાવમાં, પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને
૨. અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો સદ્ભાવ (હયાતી) હોવા છતાં મોક્ષનો અભાવ છે.
૩. અજ્ઞાન જ બંધનો હેતુ છે; કારણ કે તેના અભાવમાં, પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને
૪. બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોનો અસદ્ભાવ હોવા છતાં મોક્ષનો સદ્ભાવ છે.

## કળશ – ૧૦૫

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો-પરિણમતો ભાસે છે

૨. ∗ તે જ મોક્ષનો હેતુ છે કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે; તેના સિવાય જે અન્ય કાંઈ છે

૩. ∗ તે બંધનો હેતુ છે કારણ કે તે પોતે પણ બંધસ્વરૂપ છે. માટે જ્ઞાનસ્વરૂપ થવાનું (-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે અનુભૂતિ કરવાનું જ

૪. ∗ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.

∗ [આ રીતે પૂર્વોક્ત ગાથામાં કહ્યું હતું તેમ જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે.]

કળશામૃત :–

**૧. * આ જ્ઞાનસ્વરૂપી આતમા જે ધ્રુવ-અચળરૂપે અહો,**
**પરિણમન કરતો ભાસતો જ્ઞાનરૂપે તેને કહ્યો;**
**૨. * છે મોક્ષનો હેતુ જ તે એ કારણે કે તે અહો,**
**પોતે જ મોક્ષસ્વરૂપ છે, તેના સિવા સહુ અન્ય કો;**
**૩. * છે બંધરૂપ સ્વયં અને છે તેથી હેતુ બંધનો,**
**માટે જ 'જ્ઞાનસ્વરૂપ થઈ [નિજની જ] અનુભૂતિ કરો'–**
**૪. * વિધાન છે [જિનવરતણું] આગમ મહીં એવું અહો !**
**[–છે જ્ઞાન હેતુ મોક્ષનો, અજ્ઞાન હેતુ બંધનો.]**

## ગાથા – ૧૫૪

ઉત્થાનિકા :–હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે.

ગાથા :– * પરમાર્થ બાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,
અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. **૧૫૪.**

**ટીકામૃત :–**

(૧) * [મોક્ષના કારણભૂત સામાયિક ઐક્યાગ્રલક્ષણ અને સમયસાર સ્વરૂપ છે :]

૧. * સહુ કર્મના પક્ષો તણો જે નાશ કરીને ઊપજતો,
તે નિજસ્વરૂપની પ્રાપ્તિરૂપે આત્મલાભસ્વરૂપ અહો;

૨. * એ મોક્ષના ઇચ્છુક કો જીવો અરે હોવા છતાં
આ જગતમાં, છે મોક્ષકારણભૂત સામાયિક અહા–

૩. * જે જ્ઞાન દર્શનચરિતસમ્યક્ત્વંત એવા આત્મના,
નિજ સ્વરૂપના જ ભવનરૂપે પરિણમનમાત્ર જ છે અહા;

૪. * ઐક્યાગ્રલક્ષણ સહિત છે ને સમયસારસ્વરૂપ છે–
તેની પ્રતિજ્ઞા હો છતાં, જે કર્મચક્ર દુરંત છે;

(૨) * [આવી સામાયિકની પ્રતિજ્ઞા લીધી હોવા છતાં કેટલાક જીવો શુભ-અશુભ બન્ને ભાવોને ઉલ્લંઘી શકતા નથી :]

૫. * ઉલ્લંઘવાને તેહને અસમર્થ હોવાને લીધે,
પરમાર્થભૂત આ જ્ઞાનના જે ભવનમાત્ર જ છે ખરે;

૬. * ને સામ્યભાવસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા,
અત્યંત સ્થૂલ અશુભ પરિણામોરૂપે કર્મો ઘણાં

૭. * નિવૃત્ત થઈ, અત્યંત સ્થૂલ વિશુદ્ધ પરિણામો રૂપે;
કર્મો પ્રવર્તે છે અહો એવા [જગતના જીવ જે;]

૮. * લઘુ-ગુરૂપણારૂપ કર્મના અનુભવની પ્રાપ્તિથી અરે,
સંતુષ્ટ-ચિત્ત થયા થકા સ્થૂલ લક્ષ્યવંતા હોઈને

૯. * સંકલેશને છોડે ભલે, કિંતુ નહીં સહુ કર્મને
ઉખેડતા જે મૂળથી, તેઓ [સહુયે] આ રીતે

(૩) * [આવા પુણ્યના પક્ષવાળા જીવો શુભકર્મોમાં જ રોકાઈ જાય છે :]

૧૦. * પોતે જ પોતાના અહો અજ્ઞાનથી માની અરે,
કે અશુભ કર્મ જ માત્ર છે [આ] બંધનું કારણ ખરે;

**૧૧.** * વ્રત, નિયમ, તપ, શીલ આદિ શુભ કર્મો સહુયે હો ભલે,
બંધન તણા કારણ છતાં, કારણ ન માની તેમને;
**૧૨,** * છે મોક્ષના કારણ સહુ ત્યમ માની અંગીકૃત કરે–
આશ્રય કરે છે તેમનો [એ પુણ્યપક્ષી જીવ અરે!]

ટીકા :–

(૧) ∗ [મોક્ષના કારણભૂત સામાયિક ઐક્યાગ્રલક્ષણ અને સમયસારસ્વરૂપ છે :]

૧. ∗ સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ (-નિજ સ્વરૂપની પ્રાપ્તિ) તે આત્મલાભસ્વરૂપ

૨. ∗ મોક્ષને આ જગતમાં કેટલાક જીવો ઇચ્છતા હોવા છતાં મોક્ષના કારણભૂત સામાયિકની—

૩. ∗ કે જે સામાયિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,

૪. ∗ ઐક્યાગ્રલક્ષણવાળું છે અને સમયસારસ્વરૂપ છે—

(૨) ∗ [આવી સામયિકની પ્રતિજ્ઞા લીધી હોવા છતાં કેટલાક જીવો શુભ-અશુભ બંને ભાવોને ઉલ્લંઘી શકતા નથી :]

૪.૨ ∗ તેની પ્રતિજ્ઞા લઈને પણ, દુરંત કર્મચક્રને

૫. ∗ પાર ઉતરવાની નામર્દાઈને લીધે (અસમર્થતાને લીધે) પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર* જે સામાયિક

∗ ભવન = થવું તે, પરિણમન.

૬. ∗ તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા, જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો

૭. ∗ નિવૃત્ત થયા છે અને અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે એવા તેઓ,

૮. ∗ કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા, (પોતે) સ્થૂલ લક્ષ્યવાળા હોઈને

૯. ∗ (સંક્લેશ પરિણામોને છોડતા હોવા છતાં) સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી. આ રીતે તેઓ

(૩) ∗ [આવા પુણ્યના પક્ષવાળા જીવો શુભ કર્મોમાં જ રોકાઈ જાય છે :]

૧૦. ∗ પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને,

૧૧. ∗ વ્રત, નિયમ, તપ વગેરે શુભ કર્મો પણ બંધના કારણ હોવા છતાં તેમને બંધના કારણ નહિ જાણતા થકા,

૧૨. ∗ મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે—મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.

## ગાથા – ૧૫૫

ઉત્થાનિકા :–હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :–

ગાથા :– * જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.

ટીકામૃત :–

૧. * છે જ્ઞાન-દર્શન-ચરિત સમ્યક્ મોક્ષનું કારણ ખરે,
[એ જ્ઞાન-દર્શન-ચરિતની આચાર્યશ્રી વ્યાખ્યા કહે :]

૨. * તેમાં જીવાદિ પદાર્થનું શ્રદ્ધાસ્વભાવે ભવન જે
આ આતમાનું, તેહને સમકિતદર્શન [જિન કહે;]

૩. * [તેમ જ] જીવાદિ પદાર્થના જ્ઞાનસ્વભાવે ભવન જે
આ આતમાનું, તેહને સદ્‌જ્ઞાન સંજ્ઞા [જિન કહે;]

૪. * રાગાદિના વર્જનસ્વભાવે જ્ઞાનનું છે ભવન જે,
ચારિત્ર છે સમ્યક્ [અહો આગમ મહીં જિનવર કહે;]

૫. * એ રીત એમ ફલિત થયું કે જ્ઞાન-દર્શન-ચરિત જે
સમ્યક્ અહો છે, તે ત્રણે આ જ્ઞાનમાત્રનું ભવન છે;

૬. * માટે જ કારણ મોક્ષનું છે જ્ઞાન બસ પરમાર્થથી;
[તેથી અહો સહુ પુણ્યપંથી! મોક્ષ નથી શુભ કર્મથી.]

ટીકા :–

૧. * મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. [આ દર્શન, જ્ઞાન અને ચારિત્રની વ્યાખ્યા હવે આચાર્યશ્રી કહે છે :]

૨. * તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે છે;

૩. * જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું—પરિણમવું તે જ્ઞાન છે;

૪, * રાગાદિના ત્યાગ સ્વભાવે જ્ઞાનનું થવું—પરિણમવું તે ચારિત્ર છે;

૫. * તેથી એ રીત એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ એકલું જ્ઞાનનું ભવન (-પરિણમન) જ છે.

૬. * માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે. [તેથી હે પુણ્યના પક્ષવાળા જીવો! શુભકર્મથી મોક્ષ થતો નથી તેમ જાણો.]

## ગાથા – **૧૫૬**

ઉત્થાનિકા :-હવે પરમાર્થે મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છે :-

ગાથા :- * **વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,**
**પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.**

ટીકામૃત :-

**૧.** * **જે મોક્ષના પરમાર્થ કારણથી જુદો એવો અહો,**
**છે વ્રત, તપાદિ શુભકર્મસ્વરૂપ હેતુ મોક્ષનો;**
**૨.** * **કોઈ જનો ત્યમ માનતા, તેનો નિષેધ અહીં કર્યો,**
**એ કારણે કે જડ*સ્વભાવી હેતુ છે તે મોક્ષનો;**

* જડસ્વભાવી = પુદ્‌ગલસ્વભાવી

**3.** * **તેના સ્વભાવથી તેથી જ્ઞાન તણું ભવન ના થાય છે,-**
**પણ મોક્ષનો પરમાર્થ હેતુ જીવદ્રવ્યસ્વભાવી છે;**
**૪.** * **તેના સ્વભાવ વડે જ તેથી ભવન જ્ઞાનનું થાય છે,**
**[પરમાર્થ બાહ્ય જીવો તણા નહિ કર્મનો ક્ષય થાય છે.]**

ટીકા :-

૧. * પરમાર્થ મોક્ષહેતુથી જુદો, જે વ્રત, તપ, વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ

૨. * કેટલાક લોકો માને છે, તે આખોય નિષેધવામાં આવ્યો છે; કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્‌ગલ સ્વભાવી)

૩. * હોવાથી તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,-
માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી

૪. * તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે.
[આથી એમ ઠર્યું કે પરમાર્થથી બાહ્ય એવા જીવોનો કર્મક્ષય થતો નથી.]

## કળશ – ૧૦૬

ઉત્થાનિકા :–હવે આ જ અર્થના કળશરૂપ બે શ્લોકો કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી (-જીવસ્વભાવી) હોવાથી જ્ઞાનના સ્વભાવથી હંમેશા જ્ઞાનનું ભવન થાય છે, માટે જ્ઞાન જ મોક્ષનું કારણ છે.

**કળશામૃત :–**

૧. * છે જ્ઞાન જીવસ્વભાવ તેથી સ્વભાવથી તેના સદા,
ભવન જ્ઞાનનું થાય છે, છે મોક્ષકારણ તે યથા.

## કળશ – ૧૦૭

**શ્લોકાર્થ :-**

૧. * અન્ય દ્રવ્યસ્વભાવી (-પુદ્‌ગલસ્વભાવી) હોવાથી કર્મના સ્વભાવથી જ્ઞાનનું ભવન થતું નથી માટે કર્મ મોક્ષનું કારણ નથી.

**કળશામૃત :-**

**૧.** * છે કર્મ અન્યસ્વભાવી તેથી સ્વભાવથી તેના સદા;
ભવન જ્ઞાનનું થાય ના, નથી મોક્ષકારણ તે કદા.

## કળશ – ૧૦૮

ઉત્થાનિકા :–હવે આગળના કળશની સૂચનાનો શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું હોવાથી, તે પોતે જ બંધસ્વરૂપ હોવાથી અને તે

૨. ∗ મોક્ષના કારણના તિરોધાયિસ્વરૂપ હોવાથી તેને [જિનાગમમાં મોક્ષના કારણપણે] નિષેધવામાં આવે છે.

**કળશામૃત :–**

**૧.** * છે ઢાંકનારું મોક્ષના કારણ તણું હોવાથી તે,
પોતે જ બંધસ્વરૂપ હોવાથી અને તે કર્મ રે;

**૨.** * મોક્ષકારણનું તિરોધાયીસ્વરૂપ હોવાથી છે
નિષેધ્ય [જિન આગમ મહીં તે મોક્ષના કારણપણે.]

## ગાથા – ૧૫૭-૧૫૮-૧૫૯

ઉત્થાનિકા :–હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છે :–

ગાથા :– * મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. **૧૫૭.**
* મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. **૧૫૮.**
* મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. **૧૫૯.**

### ટીકામૃત :–

(૧) * [જેમ મેલ શ્વેત વસ્ત્રને તેમ પરભાવસ્વરૂપ મિથ્યાત્વ મોક્ષકારણરૂપ સમ્યક્ત્વને ઢાંકે છે :]

૧. * પરભાવ એવા મેલથી જ્યમ શ્વેત કપડું વ્યાપ્ત જે,
સ્વ-ભાવભૂત સફેદતા તેની તિરોભૂત થાય છે;
૨. * ત્યમ જ્ઞાનનું સમ્યક્ત્વ [જીવસ્વભાવી હોવાને લીધે,]
તે મોક્ષનું કારણ બને એવા સ્વભાવે છે [ખરે]–
3. * પરભાવસ્વરૂપે કર્મરૂપી મેલ જે મિથ્યાત્વ છે,
એ કર્મમળથી વ્યાપ્ત થઈને,–તે* તિરોભૂત થાય છે.

* તે =જ્ઞાનનું સમ્યક્ત્વ;

(૨) * [જેમ મેલ શ્વેતવસ્ત્રને તેમ પરભાવસ્વરૂપ અજ્ઞાન મોક્ષકારણરૂપ જ્ઞાનને ઢાંકે છે :]

૧. * પરભાવ એવા મેલથી જ્યમ શ્વેત કપડું વ્યાપ્ત જે,
સ્વભાવભૂત સફેદતા તેની તિરોભૂત થાય છે;
૨. * ત્યમ જ્ઞાનનું જે જ્ઞાન [જીવસ્વભાવી હોવાને લીધે,]
તે મોક્ષનું કારણ બને એવા સ્વભાવે છે [ખરે]–
3, * પરભાવસ્વરૂપે કર્મરૂપી મેલ જે અજ્ઞાન છે,
એ કર્મમળથી વ્યાપ્ત થઈને,–તે** તિરોભૂત થાય છે.

** તે = જ્ઞાનનું જ્ઞાન

(3) * [જેમ મેલ શ્વેતવસ્ત્રને તેમ પરભાવસ્વરૂપ કષાય મોક્ષકારણરૂપ ચારિત્રને ઢાંકે છે :]

૧. * પરભાવ એવા મેલથી જ્યમ શ્વેત કપડું વ્યાપ્ત જે;
સ્વભાવભૂત સફેદતા તેની તિરોભૂત થાય છે;
૨. * ત્યમ જ્ઞાનનું ચારિત્ર [જીવસ્વભાવી હોવાને લીધે]
તે મોક્ષનું કારણ બને એવા સ્વભાવે છે [ખરે;]–

**૩, * પરભાવસ્વરૂપે કર્મરૂપી મેલ જે મિથ્યાત્વ છે,**
**એ કર્મમળથી વ્યાપ્ત થઈને,–તે* તિરોભૂત થાય છે.**

* તે = જ્ઞાનનું ચારિત્ર

**(૪) * [ઉપસંહાર : આમ હોવાથી કર્મને નિષેધ્યું છે :]**

**૧. * સદ્‌જ્ઞાનદર્શનચરિત એવા મોક્ષકારણને ખરે,**
**કરતું તિરોધાયી અહો તેથી નિષેધ્યું કર્મને.**

**ટીકા :– [Slightly Rearranged : પહેલા દ્રષ્ટાંત પછી સિદ્ધાંત]**

(૧). ૧. * જેમ પરસ્વભાવરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત-સ્વભાવ તિરોભૂત થાય છે,

૨. * તેમ જ્ઞાનનું સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે [સમ્યક્ત્વ]

૩, * પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ તેના વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે.

(૨) ૧. * જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવ તિરોભૂત થાય છે,

૨. * તેમ જ્ઞાનનું જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે [જ્ઞાન]

૩. * પરભાવસ્વરૂપ અજ્ઞાન નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે.

(૩) ૧. * જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાભૂત શ્વેત સ્વભાવ તિરોભૂત થાય છે,

૨. તેમ જ્ઞાનનું ચારિત્ર કે જે (જીવસ્વભાવી હોવાને લીધે) મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે [ચારિત્ર]

૩. પરભાવસ્વરૂપ કષાય નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે.

(૪) * [ઉપસંહાર : આ કારણે કર્મને નિષેધ્યું છે :]

૧, * માટે મોક્ષના કારણનું (-સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું) તિરોધાન કરતું હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

## ગાથા – ૧૬૦

ઉત્થાનિકા :–હવે, કર્મ પોતે જ બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે :–

ગાથા :– * તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.

ટીકામૃત :–

૧, * [આ આતમા] પોતે જ જ્ઞાન [સ્વરૂપ] હોવાને લીધે,
સામાન્ય તેમ વિશેષથી જાણે સમસ્ત પદાર્થને

૨. * એવા સ્વભાવ સહિત છે, તોપણ અનાદિકાળથી,
થઈ કર્મમળથી વ્યાપ્ત નિજ પુરુષાર્થના અપરાધથી;

૩. * લેપાયું હોવાથી જ, તેની બંધરૂપ દશા મહીં–
જાણે અહો જે વિશ્વના સહુ જ્ઞેય સર્વપ્રકારથી

૪. * એવા અહો–નિજને જ નહિ જાણી ખરે તે, આ રીતે
પ્રવર્તતો પ્રત્યક્ષરૂપે જ્ઞાનહીન થઈ અરે!

૫. * તેથી થયું નક્કી સ્વયં છે કર્મ બંધસ્વરૂપ ને,
તેથી જ કર્મ નિષેધ્ય છે તે બંધસ્વરૂપી હોઈને.

ટીકા :–

૧. * જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્ય–વિશેષપણે

૨. * જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું—વ્યાપ્ત થયું–

૩. * હોવાથી જ, બંધ અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા

૪. * એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (-અજ્ઞાનદશામાં) વર્તે છે;

૫. * તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

## ગાથા – ૧૬૧, ૧૬૨, ૧૬૩

ઉત્થાનિકા :–હવે, કર્મ મોક્ષના કારણના તિરોધાયીભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે એમ બતાવે છે :–

ગાથા :– * સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.
* એમ જ્ઞાન પ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.
* ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.

ટીકામૃત :–

(૧) * [મિથ્યાત્વભાવ સમ્યક્ત્વના વિરુદ્ધભાવસ્વરૂપ છે :]

૧. * સમ્યક્ત્વ[ની પરિણતિ] અહો છે મોક્ષકારણરૂપ જે
સ્વ-ભાવ,[૧] ને મિથ્યાત્વ તેનું છે પ્રતિબંધક[૨] અને

૨. * મિથ્યાત્વ પોતે કર્મ[૩] છે, તેના ઉદયથી થાય છે
આ 'જ્ઞાન'[૪] મિથ્યાદ્રષ્ટિ—એ જિનદેવનો ઉપદેશ છે.

(૨) * [અજ્ઞાનભાવ સમ્યગ્જ્ઞાનના વિરુદ્ધભાવસ્વરૂપ છે :]

૧. * આ જ્ઞાન[૫] [ની પરિણતિ] અહો છે મોક્ષકારણરૂપ જે
સ્વ-ભાવ, ને અજ્ઞાન[૬] તેનું છે પ્રતિબંધક અને

૨. * અજ્ઞાન પોતે કર્મ છે, તેના ઉદયથી થાય છે
આ 'જ્ઞાન' અજ્ઞાની અહો,–જિનદેવનો ઉપદેશ છે,

(૩) * [કષાયભાવ ચારિત્રથી વિરુદ્ધભાવસ્વરૂપ છે :]

૧. * ચારિત્ર[૭] [ની પરિણતિ] અહો છે મોક્ષકારણરૂપ જે
સ્વ-ભાવ, ને 'કષાય'[૮] તેનું છે પ્રતિબંધક અને

૨. * 'કષાય' પોતે કર્મ છે, તેના ઉદયથી જાય છે
અચરિતમય આ આતમા,–જિનદેવનો ઉપદેશ છે.

(૪) * [સર્વ કર્મ મોક્ષકારણથી વિરુદ્ધભાવસ્વરૂપ હોવાથી નિષેધ્ય છે :]

૧. * આ રીત પોતે મોક્ષકારણનું વિરોધી હોઈને,
[શુભ-અશુભ] કર્મ તણો અહો જિનકથન માંહી નિષેધ છે.

૧. સ્વ-ભાવ = પર્યાયનો સ્વભાવ
૨. પ્રતિબંધક = રોકનારું, વિરોધી, વિપરીત
૩. કર્મ = ભાવકર્મ, વિકારી ભાવ
૪, 'જ્ઞાન' = આત્મા
૫. જ્ઞાનની પરિણતિ = સમ્યગ્જ્ઞાન, સ્વસંવેદન જ્ઞાન
૬. અજ્ઞાન = પરમાં રોકાયેલું જ્ઞાન
૭. ચારિત્ર = શુદ્ધાત્મામાં રમણતા, લીનતા
૮. કષાય = પુણ્ય-પાપના ભાવ

**ટીકા :-**

(૧) * [મિથ્યાત્વભાવ સમ્યક્ત્વના વિરુદ્ધભાવસ્વરૂપ છે :]

૧. * સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે, તેને રોકનારું મિથ્યાત્વ છે;

૨. * તે (મિથ્યાત્વ) તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને મિથ્યાદ્રષ્ટિપણું થાય છે.

(૨) * [અજ્ઞાનભાવ સમ્યગ્જ્ઞાનના વિરુદ્ધભાવસ્વરૂપ છે :]

૧. * જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારું અજ્ઞાન છે;

૨. * તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે.

(૩) * [કષાયભાવ ચારિત્રથી વિરુદ્ધભાવસ્વરૂપ છે :]

૧. * ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનાર કષાય છે;

૨. * તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અચારિત્રીપણું થાય છે.

(૪) * [સર્વ કર્મ મોક્ષકારણથી વિરુદ્ધભાવસ્વરૂપ હોવાથી નિષેધ્ય છે :]

૧. * માટે, (કર્મ) પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

## કળશ – ૧૦૯

ઉત્થાનિકા :–હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * મોક્ષાર્થીએ આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવા યોગ્ય છે. જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત? (કર્મમાત્ર ત્યાજ્ય છે ત્યાં પુણ્ય સારું અને પાપ ખરાબ—એવી વાતને ક્યાં અવકાશ છે? કર્મસામાન્યમાં બંને આવી ગયાં.)

૨. * સમસ્ત કર્મનો ત્યાગ થતાં, સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે—રૂપે થવાથી—પરિણમવાથી

૩. * મોક્ષના કારણભૂત થતું, નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ અર્થાત્ સંકળાયેલો છે

૪. એવું જ્ઞાન આપોઆ દોડ્યું આવે છે;

[તેને જ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પરિણતિ કહેવાય છે.]

**કળશામૃત :–**

**૧.** * મોક્ષાર્થીએ સઘળાંય કર્મો ત્યાગવાને યોગ્ય છે,
તેમાં અહો આ પાપ કે આ પુણ્યની શી વાત છે?

**૨.** * સઘળાંય કર્મ તણો અહો કરી ત્યાગ, નિજ સ્વભાવ જે,
સમ્યક્ત્વ આદિ રૂપે, અહો પરિણમન કરવાથી ખરે;

**૩.** * નિષ્કર્મ’વસ્થા* સાથ ઉદ્ધત રસ અહા પ્રતિબદ્ધ છે
જેમાં, અહો તે જ્ઞાન મોક્ષતણું બની કારણ અને

**૪.** * એ જ્ઞાન** આપોઆપ આવે દોડતું પર્યયપણે,
[સદ્જ્ઞાનદર્શનચરિતની તેને અહો પરિણતિ કહે.]

* નિષ્કર્મ’વસ્થા = નિષ્કર્મ અવસ્થા

** જ્ઞાન = નિર્મળ પરિણતિ = પર્યાયોના આયતસમુદાય

## કળશ – ૧૧૦

ઉત્થાનિકા :–હવે આશંકા ઊપજે છે કે—અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરેને જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે ? વળી કર્મ અને જ્ઞાન બંને (-કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ અને જ્ઞાનપરિણતિ બંને–) સાથે કેમ રહી શકે? તે આશંકાના સમાધાનનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જ્યાં સુધી જ્ઞાનની કર્મવિરતિ બરાબર પરિપૂર્ણતા પામતી નથી
 * ત્યાં સુધી કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;

૨. * તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી.
 * પરંતુ અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં અવશપણે (-જબરજસ્તીથી)

૩. * જે કર્મ પ્રગટ થાય છે અર્થાત્ ઉદય થાય છે તે તો બંધનું કારણ થાય છે,
 * અને મોક્ષનું કારણ તો, જે એક પરમજ્ઞાન છે તે એક જ થાય છે—

૪. * કે જે જ્ઞાન સ્વતઃ વિમુક્ત છે (અર્થાત્ ત્રણે કાળે પરદ્રવ્ય–ભાવોથી ભિન્ન છે).
 * [બસ એવું જ્ઞાનમાત્ર જ મોક્ષનું કારણ બને છે.]

**કળશામૃત :–**

**૧.** * નથી કર્મવિરતિ જ્ઞાનની પરિપૂર્ણતાને પામતી,
કહી એકતા *આગમ મહીં છે જ્ઞાન-કર્મની ત્યાં લગી;

**૨.** * નથી કાંઈ પણ ક્ષતિ બેયના ભેગા રહેવામાં કદી.
કિંતુ વિશેષે જાણવું કે અવશથી આત્મા મહીં;

**૩.** * જે ઉદય પામે કર્મ તે તો બંધનું કારણ બને,
ને મોક્ષનું કારણ અહો તો પરમ એક જ જ્ઞાન છે.

**૪.** * જે જ્ઞાન સ્વતઃ વિમુક્ત છે, પરદ્રવ્ય-ભાવથી ભિન્ન છે
ત્રણ કાળ, એવું જ્ઞાન તે બસ હેતુ મોક્ષ તણો બને.

* એકતા=એકઠાપણું

## કળશ – ૧૧૧

ઉત્થાનિકા :–હવે કર્મ અને જ્ઞાનનો નયવિભાવ બતાવે છે :–

**શ્લોકાર્થ :–**

(૧) * [કર્મનયના એકાંતપક્ષીઓ શુભકર્મમાં ધર્મ માને છે :–]

૧. * કર્મનયના આલંબનમાં તત્પર (અર્થાત્ કર્મનયના પક્ષપાતી*) પુરુષો ડૂબેલા છે

૨. * કારણ કે જ્ઞાનને** જાણતા નથી. [વ્યવહારી મિથ્યાદ્રષ્ટિ પુરુષો પરમાર્થને પામતા નથી.]

(૨) [જ્ઞાનનયના એકાંતપક્ષીઓ ક્ષયોપશમજ્ઞાનમાં ધર્મ માને છે :]

૧. * જ્ઞાનનયના ઇચ્છક*** (અર્થાત્ પક્ષપાતી) પુરુષો પણ ડૂબેલા છે કારણ કે તેઓ સ્વચ્છંદથી

૨. * અતિ મંદ ઉદ્યમી છે (સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી, પ્રમાદી છે અને વિષય-કષાયમાં વર્તે છે).

(૩) * [સમ્યગ્દ્રષ્ટિને રાગાદિથી ભિન્ન દશા સદાય વર્તે છે :]

૧. * તે જીવો વિશ્વના ઉપર તરે છે કે જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા—પરિણમતા થકા

૨. * કર્મ કરતા નથી અને ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી (-સ્વરૂપમાં ઉદ્યમી રહે છે)

**કળશામૃત :–**

**(૧) * [કર્મનયના એકાંતપક્ષીઓ શુભકર્મમાં ધર્મ માને છે : ]**

**૧.** * કર્મનય અવલંબવામાં પુરુષ જે તત્પર રહે,
તેઓ સહુ [ભવસાગરે] ડૂબે અહો આ કારણે

**૨.** * કે પક્ષપાતી* પુરુષ તે નથી જાણતા [નિજ] જ્ઞાનને,**
[વ્યવહારી મિથ્યાદ્રષ્ટિ તે પામે નહિ પરમાર્થને.]

**(૨) * [જ્ઞાનનયના એકાંતપક્ષીઓ ક્ષયોપશમજ્ઞાનમાં ધર્મ માને છે :]**

**૧.** * જ્ઞાનનયના પક્ષપાતી*** પુરુષ પણ ડૂબેલ છે
[ભવસાગરે], એ કારણે કે થઈ સ્વચ્છંદી પુરુષ તે;

**૨.** * અતિ મંદ ઉદ્યમી થઈ અહો પુરુષાર્થ તેઓ નવ કરે,
પરમાદી થઈને વિષય તેમ કષાયમાં વર્તે અરે !

**(૩) * [સમ્યગ્દ્રષ્ટિને રાગાદિથી ભિન્ન દશા સદાય વર્તે છે :]**

**૧.** * [કિંતુ] અહો એવા જીવો ઉપર તરે છે વિશ્વના,
જેઓ સ્વયં પરિણમન કરતા જ્ઞાનરૂપ થયા થકા;

**૨.** * નથી કર્મ કરતા ને નથી પરમાદને કદી વશ થતા,
[કિંતુ] રહે છે ઉદ્યમી નિજસ્વરૂપમાં તેઓ સદા.

પાદટિપ્પણ :–

* કર્મનયના પક્ષપાતી પુરુષ = શુભભાવને લાભનું કારણ માનનાર મિથ્યાદ્રષ્ટિ

** જ્ઞાન = ભગવાન આત્મા

*** જ્ઞાનનયના ઇચ્છક = અંતર્દ્રષ્ટિ વિનાના ક્ષયોપશમજ્ઞાનના ઇચ્છક સ્વચ્છંદી પુરુષો

## કળશ – ૧૧૨

ઉત્થાનિકા :–હવે પુણ્ય-પાપ અધિકારને પૂર્ણ કરતાં આચાર્યદેવ જ્ઞાનનો મહિમા કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ જેણે મોહરૂપી મદિરા પીધી હોવાથી

∗ જે ભ્રમના રસના ભારથી (અતિશયપણાથી)

૨. ∗ શુભાશુભ કર્મના ભેદરૂપી ઉન્માદને (ગાંડપણને) નચાવે છે

∗ એવા સમસ્ત કર્મને પોતાના બળ વડે મૂળથી ઉખેડી નાખીને

૩. ∗ જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ.

∗ કેવી છે તે જ્ઞાનજ્યોતિ? [તે આચાર્યશ્રી કહે છે :]

૪. ∗ જે અજ્ઞાનરૂપી અંધકારને કોળીયો કરી ગઈ છે અર્થાત્ જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે, જે લીલામાત્રથી (-સહજ પુરુષાર્થથી)

∗ ઉઘડતી-વિકસતી જાય છે અને જેણે પરમ કળા અર્થાત્ કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે

૫. ∗ એવી તે જ્ઞાનજ્યોતિ છે. (જ્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિ છદ્મસ્થ છે ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે, કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે.)

**કળશામૃત :–**

**૧.** * મોહરૂપ મદિરા અહો જેણે પીધી હોવાથી તે,
ભ્રમ-રસ તણા અતિશયપણાથી નચાવતો ઉન્માદને;

**૨.** * શુભ-અશુભ એવા ભેદ બે છે કર્મના-ત્યમ પરિણમે;
ઉખેડી નાખી મૂળથી એવા બધાયે કર્મને

**૩.** * નિજ બળ થકી, આ જ્ઞાનજ્યોતિ પ્રગટી અતિશય શક્તિથી.
કેવી અહો છે જ્ઞાનજ્યોતિ [તે કહે આચાર્યશ્રી :]

**૪.** * અજ્ઞાનઅઘને ગ્રાસીભૂત કરી, સહજ પુરુષાર્થથી
વિકસિત થતી, ક્રીડા કરંતી તેહ કેવળજ્ઞાનથી.

**૫.** * એ જ્ઞાનજ્યોતિ પરોક્ષ છે છદ્મસ્થ સમ્યગ્દ્રષ્ટિને,
સાક્ષાત્ છે તે જ્ઞાનજ્યોતિ સર્વદર્શી-જ્ઞાનીને.

ટીકા :–પુણ્ય-પાપરૂપે બે પાત્રરૂપ થયેલું કર્મ એક પાત્રરૂપ થઈને (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયું.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં પુણ્ય-પાપનો પ્રરૂપક ત્રીજો અંક સમાપ્ત થયો.

# આસ્રવ અધિકાર

## ગાથા : **૧૬૪ થી ૧૮૦**, કળશ : **૧૧૩ થી ૧૨૪**

## કળશ – **૧૧૩**

ઉત્થાનિકા :–પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે આસ્રવ પ્રવેશ કરે છે' :–

∗ જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર માણસ સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં આસ્રવ સ્વાંગ છે. તે સ્વાંગને યથાર્થ જાણનારું સમ્યગ્જ્ઞાન છે; તેના મહિમારૂપ મંગળ કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ હવે સમરાંગણમાં આવેલા, મહામદથી ભરેલા મદમાતા આસ્રવને [આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિરૂપ]

૨. ∗ આ દુર્જય જ્ઞાન-બાણાવલી જીતે છે–કે જે જ્ઞાનરૂપી બાણાવલીનો મહાન ઉદય ઉદાર છે (અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે) અને ગંભીર છે (અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શકતા નથી એવો છે).

**કળશામૃત :–**

**૧.** * આવેલ સમરાંગણ મહીં મદથી અહો જે પૂર્ણ છે,
મદમત્ત આસ્રવને અહો, આ જ્ઞાનપરિણતિરૂપ જે

**૨.** * દુર્જય અહો બાણાવળી, જેનો ઉદય ઉદાર છે,
અપાર છે, ગંભીર છે, તે જ્ઞાન આસ્રવને જીતે.

## ગાથા – ૧૬૪-૧૬૫

ઉત્થાનિકા :–હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :–

ગાથા :– * મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે,
એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; **૧૬૪.**
* વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મના કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. **૧૬૪.**

**ટીકામૃત :–**

(૧) * [સિદ્ધાંત નં. ૧ : ચિદ્વિકારો જડ નહિ પરંતુ જીવ છે.]

૧. * આ જીવમાં જે રાગ, દ્વેષ, વિમોહ એ આસ્રવ બધા,
નિજના જ પરિણામો તણા નિમિત્તથી થાતા સદા;

૨. * તેથી ન જડના હોઈને, ચૈતન્યના આભાસ છે,
[સિદ્ધાંત પહેલો-ચિદ્વિકારો જડ નથી પણ જીવ છે.]

(૨) * [સિદ્ધાંત નં. ૨ : રાગ, દ્વેષ, મોહ ખરેખર આસ્રવો છે.]

૧. * મિથ્યાત્વ ને અવિરણ તેમ કષાય ને વળી યોગ જે,
પુદ્ગલ તણા પરિણામ તે [છે પૂર્વ કર્મોદય ખરે;]

૨. * જ્ઞાનાવરણ ઇત્યાદિ પુદ્ગલ કર્મના આસ્રવણના,
નિમિત્ત હોવાથી ખરેખર તેહ છે આસ્રવ ખરા;

૩. * વળી તેહ મિથ્યાત્વાદિ પુદ્ગલકર્મના પરિણામને
કર્માસ્રવણની નિમિત્તતાનું રાગ-દ્વેષ નિમિત્ત છે;

૪. * અજ્ઞાનમય જે આત્મના પરિણામ છે તેઓ બધા
ને તેથી રાગ વિમોહ આદિ છે સહુ આસ્રવ ખરા.

૫. * તે રાગદ્વેષ વિમોહ આદિ હોય છે અજ્ઞાનીને,
નિષ્કર્ષ આવો નીકળે છે અર્થ માંહીથી ખરે.

**ટીકા :–**

(૧) * [સિદ્ધાંત નં. ૧ : ચિદ્વિકારો જડ નહિ પરંતુ જીવ છે :]

૧. * આ જીવમાં રાગ, દ્વેષ અને મોહ—એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે

૨. * માટે તેઓ જડ નહિ હોવાથી ચિદાભાસ છે (-જેમાં ચૈતન્યનો આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે.)

(૨) * [સિદ્ધાંત નં. ૨ : રાગ, દ્વેષ, મોહ ખરેખર આસ્રવો છે :]

૧. * મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ—એ પુદ્ગલપરિણામો [-પૂર્વકર્મના ઉદયો],

૨. * જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મના આસ્રવણનાં (-આવવાનાં) નિમિત્ત હોવાથી, ખરેખર આસ્રવો છે;

૩. * અને તેમને (-મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને) કર્મ આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગ-દ્વેષ-મોહ છે–

૪. * કે જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે. માટે (મિથ્યાત્વાદિ પુદ્‌ગલ-પરિણામોને) આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.

૫. * અને તે તો (રાગ-દ્વેષ-મોહ તો) અજ્ઞાનીને જ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે. (ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નથી તોપણ ગાથાના અર્થમાંથી જ એ આશય નીકળે છે.)

## ગાથા – ૧૬૬

ઉત્થાનિકા :–હવે જ્ઞાનીને આસ્રવોનો (-ભાવાસ્રવોનો) અભાવ છે એમ બતાવે છે :–

ગાથા :– * સુદ્રષ્ટિને આસ્રવ નિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;
નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬

ટીકામૃત :–

૧. * નિજ જ્ઞાનમય ભાવો વડે અવશ્યરૂપે જ્ઞાનીને,
અજ્ઞાનમય ભાવો તણો નિરોધ થાય જ છે ખરે;

૨. * એ કારણે કે જે પરસ્પર હોય વિરોધી અરે,
તે બેય ભાવો એક સાથે ના રહી શકતા ખરે;

૩. * અજ્ઞાનમય ભાવો જ તેથી રાગ-દ્વેષ-વિમોહ કે
જે સહુય આસ્રવસ્વરૂપ છે, તેનો નિરોધ જ હોઈને;

૪. * આ જ્ઞાનીને તે આસ્રવોનો હોય છે નિરોધ ને,
તેથી જ જ્ઞાની, આસ્રવો છે જેમનું નિમિત્ત તે

૫. * જ્ઞાનાવરણ આદિ સહુ જડકર્મને નથી બાંધતો;
કર્તાપણું છોડી નવા નહીં કર્મને તે બાંધતો

૬. * સત્તા મહીં સ્થિત કર્મનો જ્ઞાનસ્વભાવ વડે અહો,
જ્ઞાતા રહે છે માત્ર તે, [ભાવાસ્રવોનો જ્ઞાની તો].

ટીકા :–

૧. * ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમયભાવો અવશ્યમેવ નિરોધાય છે—રોકાય છે—અભાવરૂપ થાય છે

૨. * કારણ કે પરસ્પર વિરોધીભાવો સાથે રહી શકે નહિ;

૩. * તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે તેમનો નિરોધ હોવાથી,

૪. * જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે. માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે એવાં

૫. * (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,–સદાય અકર્તાપણું હોવાથી નવા કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને,

૬. * પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે.
(જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી; કર્તાપણું હોય તો કર્મ બાંધે, જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી.)

## ગાથા – ૧૬૭

ઉત્થાનિકા :–હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છે :–

ગાથા :– * **રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;**
**રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.**

ટીકામૃત :– *

(૧) * [રાગના સંસર્ગથી જીવ નવા [ભાવ] કર્મો કરે છે : ]

૧. * જ્યમ લોહચુંબક સાથ પરિચયથી થયેલો ભાવ જે,
ગતિને વિષે પ્રેરિત કરે છે લોહની કો' સોયને;

૨. * ત્યમ રાગ-દ્વેષ-વિમોહથી મિશ્રિત થયેલો ભાવ જે,
આત્મા મહીં ઉત્પન્ન એ અજ્ઞાનમય છે ભાવ તે;

૩. * પ્રેરિત કરે છે આત્મને કરવા વિકારી ભાવને,
[આ રીત પરિચય રાગનો કર્મો કરાવે જીવને.]

(૨) * [રાગાદિના અસંસર્ગથી જીવ ભાવકર્મોનો જ્ઞાયક રહે છે :]

૧. * જ્યમ લોહચુંબકની અપરિચિતતાથી થાતો ભાવ જે,
અગતિરૂપી જ સ્વભાવમાં સ્થાપિત કરે છે સોયને;

૨. * ત્યમ રાગ-દ્વેષ-વિમોહની સાથે અપરિચયતાથી જે,
આત્મા મહીં ઉત્પન્ન થાતો જ્ઞાનમય છે ભાવ તે;

૩. * જેનો સ્વભાવ નથી કદી કો' કર્મ કરવાનો ખરે,
એવા અહો આ આત્મને નિજભાવમાં સ્થાપિત કરે.

(૩) * [ઉપસંહાર : રાગમિશ્રિત ભાવ બંધક અને અમિશ્રિત ભાવ માત્ર જ્ઞાયક જ છે :]

૧. * તેથી જ મિશ્રિત રાગથી અજ્ઞાનમય છે ભાવ તે,
કર્તૃત્વમાં પ્રેરિત કરે છે તેથી છે બંધક અને

૨. * નથી રાગમિશ્રિત ભાવ તે પ્રગટાવતો જ સ્વભાવને,
બસ માત્ર જ્ઞાયક છે, જરાયે છે નહિ બંધક ખરે.

ટીકા :–

(૧) * [રાગના સંસર્ગથી જીવ નવા ભાવકર્મો કરે છે :]

૧. * ખરેખર, જેમ લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ કરવાને) પ્રેરે છે

૨. * તેમ રાગ-દ્વેષ-મોહ સાથે ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ જ

૩. * આત્માને [ભાવ] કર્મ કરવાને પ્રેરે છે,

(૨) * [રાગના અસંસર્ગથી જીવ ભાવકર્મોનો સદા જ્ઞાયક જ રહે છે :]

૧. * અને જેમ લોહચુંબક-પાષાણ સાથે અસંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે

૨. * તેમ રાગ-દ્વેષ-મોહ સાથે અભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ,

૩. * જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી (અર્થાત્ કર્મ કરવાનો જેનો સ્વભાવ નથી) એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે;

(૩) [ઉપસંહાર : રાગમિશ્રિત ભાવ બંધક અને અમિશ્રિત ભાવ માત્ર જ્ઞાયક જ છે :]

૧. * માટે રાગાદિ સાથે મિશ્રિત (-મળેલો) અજ્ઞાનમય ભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે અને

૨. * રાગાદિ સાથે અમિશ્રિતભાવ સ્વભાવનો પ્રકાશક (-પ્રગટ કરનાર) હોવાથી કેવળ જ્ઞાયક જ છે, જરા પણ બંધક નથી.

## ગાથા – ૧૬૮

ઉત્થાનિકા :–હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :–

**ગાથા :– * ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

**ટીકામૃત :–**

**૧. * જ્યમ પાકું ફળ ડીંટાથી છૂટું એકવાર પડ્યું થકું,**
**ડીંટાની સાથે કદીય ફરી સંબંધને નથી પામતું;**

**૨. * ત્યમ કર્મના ઉદયે થતો ઉત્પન્ન એવો ભાવ[૧] જે,**
**જીવભાવ[૨]થી છૂટો અહો જે એક વાર પડે ખરે;**

**૩. * જીવભાવને નથી પામતો[૩] ફરીને [વિકારી] ભાવ તે,**
**આ રીત જે મિશ્રિત નથી રાગાદિકાથી ભાવ તે;**

**૪. * છે જ્ઞાનમય એ ભાવ[૪]ની ઉત્પત્તિ [ત્યારે] થાય છે.**
**[નિજના અપ્રતિહતભાવને મુનિવર કહે છે આ રીતે.]**

૧. ભાવ = મિથ્યાત્વ આદિ ભાવ

૨. જીવભાવથી = જીવથી

૩. જીવભાવને નથી પામતો = જીવ સાથે સંબંધ પામતો નથી

૪. જ્ઞાનમય તે ભાવ = સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદનો ભાવ.

**ટીકા :–**

[ઉપોદ્‌ઘાત : રાગાદિ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ સાથે નહિ મળેલા એવા જ્ઞાનમય ભાવની ઉત્પત્તિ બતાવે છે. અનંત અનંત જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન તેને પ્રગટ કરનારો એવો જે સ્વભાવભાવ તેની ઉત્પત્તિની પ્રસિદ્ધિ કરે છે.]

૧. * જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડ્યું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી,

૨. * તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો થકો

૩. * ફરીને જીવભાવને પામતો નથી. આ રીતે રાગાદિ સાથે નહિ મળેલો

૪. * જ્ઞાનમય એવો ભાવ ઉત્પન્ન થાય છે.

[આ રીતે આચાર્યશ્રી પોતાનો અપ્રતિહતભાવ દર્શાવે છે.]

## કળશ – ૧૧૪

ઉત્થાનિકા :–હવે, 'જે જ્ઞાનમયભાવ[૧] છે તે જ ભાવાસ્રવ[૨]નો અભાવ છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જીવને જે રાગદ્વેષમોહ[૩] વગરનો, જ્ઞાનથી જ રચાયેલો ભાવ છે

* અને જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને (અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો[૪] છે,

૨. * તે (જ્ઞાનમય[૧]) ભાવ સર્વ ભાવાસ્રવ[૨]ના અભાવસ્વરૂપ છે.

**કળશામૃત :–**

**૧. * જે રાગદ્વેષવિમોહ[૩] વિણ બસ જ્ઞાનથી જ રચિત છે,**
**જેનાથી દ્રવકરમાસ્રવોનો થોક બહુ રોકાય છે;**

**૨. * તે જ્ઞાનમય[૧] જે ભાવ છે તે સર્વ ભાવાસ્રવ[૨] તણા,**
**અભાવરૂપસ્વરૂપ છે [આચાર્યશ્રી કહેતા અહા!]**

પાદટિપ્પણ :–

૧. જ્ઞાનમયભાવ = રાગની એકતાબુદ્ધિ વિનાનો ભાવ,
= અનંતા ગુણોની અંશે વ્યક્ત પ્રગટ થયેલી આત્મામય પર્યાય.

૨. ભાવાસ્રવ = મિથ્યાત્વરૂપી ભાવાસ્રવ.

૩. રાગ-દ્વેષ-મોહ = મિથ્યાત્વ અને અનંતાનુબંધી એટલે કે રાગની એકતાવાળો ભાવ.

૪. રોકનારો છે =આવતો નથી.

## ગાથા – ૧૬૯

ઉત્થાનિકા :–હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવ[1]નો અભાવ છે એમ બતાવે છે. :–

ગાથા :– * જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય[2] વર્તતા તે જ્ઞાનીને,
છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે[3] બદ્ધ છે. ૧૬૯.

**ટીકામૃત :–**

૧. * અજ્ઞાનને કારણ અહો જે કર્મ પૂર્વનિબદ્ધ છે,
મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાય ને યોગોરૂપે;

૨. * દ્રવઆસરવમય પ્રત્યયો તે અન્યદ્રવ્યસ્વરૂપ છે,
તેઓ અહો પુદ્‌ગલ તણા પરિણામવાળા હોઈને;

૩. * છે પૃથ્વીપિંડ સમાન પ્રત્યય[2] તે સહુયે જ્ઞાનીને,
તે તો બધાય સ્વભાવથી બસ કર્મશરીરે[3] બદ્ધ છે;

૪. * નથી બદ્ધ તે જીવ સાથ તેથી દ્રવ્ય આસ્રવના સદા,
અભાવની જ સ્વભાવથી છે સિદ્ધિ જ્ઞાનીને અહા!

**ટીકા :–**

૧. * જે પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ

૨. * દ્રવ્યાસ્રવ[1]ભૂત પ્રત્યયો છે, તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો[2] અચેતન પુદ્‌ગલપરિણામવાળા હોવાથી

૩. * જ્ઞાનીને માટીના ઢેફાં સમાન છે (–જેવા માટી વગેરે પુદ્‌ગલસ્કંધો છે તેવા જ તે પ્રત્યયો છે);

૪. * તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્માણ શરીર સાથે બંધાયેલા છે—સંબંધવાળા છે, જીવ સાથે નહિ;

* માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવો[1]નો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.

પાદટિપ્પણ :–

૧. દ્રવ્યાસ્રવ = સત્તામાં પડેલાં પૂર્વનિબદ્ધ આઠ પ્રકારના જડ કર્મો

૨. પ્રત્યયો = આસ્રવો

૩. કર્મશરીર = કાર્માણ શરીર

## કળશ – ૧૧૫

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * ભાવાસ્રવોના અભાવને પામેલો અને

* દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન એવો

૨. * આ જ્ઞાની–કે જે સદા એક જ્ઞાનમય ભાવવાળો છે તે—

* નિરાસ્રવ જ છે, માત્ર એક જ્ઞાયક જ છે.

**કળશામૃત :–**

**૧. * અભાવ ભાવાસ્રવ તણા જે સર્વને પામેલ છે,**
**ને દ્રવ્યઆસ્રવથી સદાય સ્વભાવથી તો ભિન્ન છે;**
**૨. * આ જ્ઞાની કે જે એક જ્ઞાનસ્વભાવવાળો છે સદા,**
**નિરાસ્રવી છે, માત્ર એક જ છે અહો જ્ઞાયક અહા !**

## ગાથા – ૧૭૦

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવી કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :–

ગાથા :– * ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી,
બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.

ટીકામૃત :–

૧. * નથી જ્ઞાનીને તો ભાવના આસ્રવપણાના ભાવની,
અભિપ્રાયમાં તો પ્રથમથી, છે તેથી જ્ઞાની નિરાસ્રવી;

૨. * પણ દ્રવ્ય પ્રત્યય સમયસમયે બાંધતા બહુ કર્મને,
ત્યાં જ્ઞાનગુણનું પરિણમન છે માત્ર કારણ [જાણજે.]

ટીકા :–

૧. * પ્રથમ, જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના
* અભિપ્રાયના અભાવને લીધે નિરાસ્રવ જ છે;

૨. * પરંતુ જે તેને દ્રવ્યપ્રત્યયો સમયસમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્‌ગલકર્મ બાંધે છે,
* ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.

## ગાથા – ૧૭૧

ઉત્થાનિકા :–હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :–

**ગાથા :–** * **જે જ્ઞાનગુણ*ની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરી ફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

**ટીકામૃત :–**

**૧.** * **આ જ્ઞાનગુણ*નો ભાવ જ્યાં ક્ષાયોપશમિક-જઘન્ય-છે,**
**અંતરમુરતમાં ત્યાં લગી પરિણામ વિપરીત થાય છે;**

**૨.** * **તેથી ફરી ફરી પરિણમે છે અન્ય અન્યરૂપે અને**
**તે પરિણમન ચારિત્રપૂરણની અવસ્થાને નીચે;**

**૩.** * **અવશ્યભાવી રાગનો સદ્‌ભાવ હોવાથી [ખરે,]**
**છે બંધનું કારણ ખરે, [આ રીત ભાવ જઘન્ય તે.]**

* જ્ઞાનગુણ = [આત્મા, જ્ઞાનગુણ, ચારિત્ર]

** ચારિત્રપૂરણ = યથાખ્યાત ચારિત્ર

*** અવશ્યભાવી = અવશ્યંભાવી

**ટીકા :–**

૧. * જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્યભાવ છે (-ક્ષાયોપશમિક ભાવ છે)
* ત્યાં સુધી તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો

૨. * હોવાથી ફરીફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે.
* તે (જ્ઞાનગુણનું જઘન્ય પરિણમન), યથાખ્યાતચારિત્ર—અવસ્થાની નીચે

૩. * અવશ્યંભાવી રાગનો સદ્‌ભાવ હોવાથી,
* બંધનું કારણ જ છે.

## ગાથા – ૧૭૨

ઉત્થાનિકા :–હવે વળી ફરી પૂછે છે કે—જો આમ છે (અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :–

ગાથા :– * ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,
તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.

### ટીકામૃત :–

(૧) * [ઇચ્છાપૂર્વક આસ્રવભાવોનો અભાવ હોવાથી જ્ઞાની નિરાસ્રવ છે :]

૧. * નથી રાગદ્વેષવિમોહ ઇચ્છા સહિત એવો જ્ઞાની જે,
આસ્રવ તણા જ અભાવથી નિરાસ્રવી છે તે ખરે.

(૨) * [જઘન્યભાવે આત્માને દેખનાર, જાણનાર, આચરનાર જ્ઞાનીને પુદ્‌ગલકર્મનો બંધ થાય છે :]

૧. * પરંતુ જ્યાં લગી જ્ઞાની તે ઉત્કૃષ્ટ ભાવથી* જ્ઞાનને**
નહિ દેખતો, નહીં જાણતો, આચરણ નવ કરતો થકો;

૨. * દેખે અને જાણે તથા આચરણ પણ તેનું કરે,
જઘન્યભાવે ત્યાં સુધી તેને અહો અનુમાન્ય*** જે;

૩. * એવા અબુદ્ધિસહિત કર્મકલંકના સદ્‌ભાવથી,
પુદ્‌ગલકરમનો બંધ થાય [જઘન્ય એવા ભાવથી;]

(૩) * [પૂર્ણપણે આત્માને દેખનાર, જાણનાર, આચરણ કરનાર સાક્ષાત્ જ્ઞાની સર્વથા નિરાસ્રવ જ છે :]

૧. * માટે અહો આ જ્ઞાનને દેખો અને જાણો વળી,
આચરણ પણ તેનું કરો [જ્ઞાની હવેથી] ત્યાં સુધી

૨. * કે જેવડો સંપૂર્ણ છે જે ભાવ નિજ આત્મા તણો,
તે તેવડો દેખો અને જાણો તથા વર્તન કરો;

૩. * ત્યારે અહો તે આતમા સાક્ષાત્ જ્ઞાની થયો થકો,
નિરાસ્રવી છે સર્વથા [સર્વજ્ઞ વીતરાગી અહો!]

### ટીકા :–

(૧) * [ઇચ્છાપૂર્વક આસ્રવભાવોનો અભાવ હોવાથી જ્ઞાની નિરાસ્રવ છે :]

૧. * જે ખરેખર જ્ઞાની છે તે, બુદ્ધિપૂર્વક (ઇચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી
* આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે.

પાદટિપ્પણ :

* ઉત્કૃષ્ટભાવથી = સર્વોત્કૃષ્ટભાવથી = કેવળજ્ઞાન પ્રગટે એવા ભાવથી

** જ્ઞાનને = આત્માને

*** અનુમાન્ય = જેનું અનુમાન થઈ શકે છે તેવો

(૨) * [જઘન્યભાવે આત્માને દેખનાર, જાણનાર, આચરનાર જ્ઞાનીને પુદ્‌ગલકર્મનો બંધ થાય છે :]
૧. * પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે—તે જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટભાવે
* દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો
૨. * જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે, જાણે છે અને આચરે છે
* ત્યાં સુધી તેને પણ, જઘન્યભાવની અન્યથા અનુપત્તિ વડે
(અર્થાત્ જઘન્યભાવ અન્ય રીતે નહિ બનતો હોવાને લીધે)
૩. * જેનું અનુમાન થઈ શકે છે એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્‌ભાવ હોવાથી,
* [આવા જઘન્યભાવને કારણે તેને] પુદ્‌ગલકર્મનો બંધ થાય છે.
(૩) * [પૂર્ણપણે આત્માને દેખનાર, જાણનાર, આચરણ કરનાર સાક્ષાત્ જ્ઞાની સર્વથા નિરાસ્રવ છે :–]
૧. * માટે ત્યાં સુધી જ્ઞાનને દેખવું, જાણવું
* અને આચરવું કે જ્યાં સુધીમાં
૨. * જ્ઞાનનો જેવડો પૂર્ણભાવ છે
* તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય.
૩. * ત્યારથી સાક્ષાત્ જ્ઞાની થયો થકો
* (આત્મા) સર્વથા નિરાસ્રવ જ હોય છે.

## કળશ – ૧૧૬

ઉત્થાનિકા : હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

**શ્લોકાર્થ :-**

૧, * આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે,
* પોતે પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને

૨. * નિરંતર છોડતો થકો અર્થાત્ નહિ કરતો થકો, વળી જે અબુદ્ધિપૂર્વક રાગ છે
* તેને પણ જીતવાને વારંવાર (જ્ઞાનાનુભવનરૂપ)

૩. * સ્વશક્તિને સ્પર્શતો થકો અને (એ રીતે) સમસ્ત પરવૃત્તિને—પરપરિણતિને–
* ઉખેડતો જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો થકો,

૪. * ખરેખર સદા નિરાસ્રવ છે.
* [આ રીતે 'જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે'?—એ પ્રશ્નનો ઉત્તર કહ્યો.]

**કળશામૃત :-**

**૧.** * આ આતમા [સમ્યક્ પ્રકારે] જ્યારે જ્ઞાની થાય છે,
ત્યારે સ્વયં નિજના અહો સહુ બુદ્ધિપૂર્વક રાગને

**૨.** * કદીયે નહિ કરતો થકો,અણબુદ્ધિસહ જે રાગ છે
તેને અહો પણ જીતવા, નિજ જ્ઞાનના અનુભવરૂપે

**૩.** * નિજ શક્તિને સ્પર્શે સદા, એ રીત સહુ પરવૃત્તિઓ
ઉખેડતો, નિજ જ્ઞાનના સંપૂર્ણ ભાવરૂપે થતો;

**૪.** * નિરાસ્રવી છે તે સદા [સાક્ષાત્] જ્ઞાની થયો થકો;
[જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે?—એ પ્રશ્નનો ઉત્તર કહ્યો.]

## કળશ – ૧૧૭

ઉત્થાનિકા :–હવે શિષ્યની આશંકાનો શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ,
   * વિદ્યમાન હોવા છતાં જ્ઞાની સદા નિરાસ્રવ છે એમ શા કારણે કહ્યું ?

૨. * –એવી જો તારી બુદ્ધિ છે (અર્થાત્ જો તને એવી આશંકા થાય છે)
   * તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે.

કળશામૃત :–

**૧.** * ‘સમસ્ત દ્રવ્યાસ્રવ તણી બહુ સંતતિ જો જ્ઞાનીને,
હો વિદ્યમાન છતાં સદા જ્ઞાની નિરાસ્રવ કેમ છે?’

**૨.** * જો એવી તારી બુદ્ધિ હો તો તેહ આશંકા તણો,
ઉત્તર હવે કહેવાય છે, [હે ભવ્ય ! તું સાંભળ અહો !]

## ગાથા – ૧૭૩ થી ૧૭૬

ઉત્થાનિકા :–હવે, પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છે :–

ગાથા :– * જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદ્રષ્ટિને,
ઉપયોગને પ્રાયોગ્ય* બંધન કર્મભાવ વડે કરે. **૧૭૩.**

* ઉપયોગને પ્રાયોગ્ય = ઉપયોગના પ્રયોગ અનુસાર

* અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,
જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. **૧૭૪.**

* સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;
ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. **૧૭૫.**

* આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યાં,
આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યાં. **૧૭૬.**

### ટીકામૃત :–

(૧) * [પુરુષના રાગના કારણે જ યુવાન સ્ત્રી પુરુષને વશ કરે છે :]

૧. * ઉપભોગ્ય નથી જ્યમ બાળ-સ્ત્રી તત્કાળની પરણેલ જે,
કિંતુ યૌવનપ્રાપ્ત તે પહેલાંની જે પરણેલ છે;

૨. * ઉપભોગ્ય તે બનતી અરે યૌવન અવસ્થામાં અને
જે રીત તે ઉપભોગ્ય થાયે તે અનુસારે ખરે;

૩. * એ પુરુષના રાગાદિભાવોને લીધે જ પુરુષને,
બંધન કરે છે—વશ કરે છે [એ જ સ્ત્રી પણ પુરુષને.]

(૨) * [જીવના વિકારીભાવને કારણે જ પૂર્વકર્મ જીવને બંધન કરે છે :]

૧. * તે રીત જે ઉપભોગ્ય નથી સત્તા અવસ્થામાં અહા,
કિંતુ જેહ વિપાક કાળે ભોગ્યયોગ્ય થઈ જતા;

૨. * એવા અહો પુદ્‌ગલકરમરૂપ દ્રવ્યપ્રત્યય હો ભલે,
જે રીત તે ઉપભોગ્ય થાયે તે અનુસારે ખરે;

૩. * કર્મો તણા જે ઉદયના છે કાર્યરૂપે ભાવ તે,
જીવભાવના સદ્‌ભાવને લીધે જ છે બંધન કરે.

(૩) * [રાગના અભાવે પૂર્વબદ્ધ કર્મો જ્ઞાનીને નવો બંધ કરી શકતા નથી :]

૧. * માટે અહો આ જ્ઞાનીને પૂર્વે થયેલ નિબદ્ધ જો,
હો પ્રત્યયો સત્તા મહીં તો હો ભલે તેઓ અહો;

૨. * તોપણ ખરે તે જ્ઞાની તોય નિરાસ્રવી છે કેમ કે,
નથી રાગદ્વેષવિમોહરૂપ આસ્રવ તણા જે ભાવ છે;

**૩. * તેના અભાવે જ્ઞાનીને દ્રવપ્રત્યયો બંધો તણા**
**કારણ નથી, નવયૌવના જ્યમ પુરુષને ઇચ્છા વિના.**
**૪. * જીવને નથી જો રાગદ્વેષ વિમોહરૂપ આસ્રવ અહા,**
**તો ઉદયપ્રાપ્ત દરવકરમ કરી ના શકે બંધન કદા.**

ટીકા :–

(૧) ૧. * જેમ પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ-સ્ત્રી અનુપભોગ્ય છે પરંતુ યૌવનને પામેલી તે પહેલાંની પરણેલી સ્ત્રી
૨. * યૌવન–અવસ્થામાં ઉપભોગ્ય થાય છે અને જે રીતે ઉપભોગ્ય થાય છે એ અનુસારે,
૩. * પુરુષના રાગભાવને લીધે જ, પુરુષને બંધન કરે છે—વશ કરે છે,
(૨) ૧. * તેવી રીતે જેઓ પ્રથમ તો સત્તા–અવસ્થામાં અનુપભોગ્ય છે
* પરંતુ વિપાક-અવસ્થામાં ઉપભોગભોગ્ય થાય છે
૨. * એવા પુદ્‌ગલકરમરૂપ દ્રવ્યપ્રત્યયો હોવા છતાં
* તેઓ જે રીતે ઉપભોગ્ય થાય છે તે અનુસારે (અર્થાત્ ઉપયોગના પ્રયોગ અનુસારે)
૩. * કર્મોદયના કાર્યરૂપ જીવભાવના
* સદ્‌ભાવને લીધે જ, બંધન કરે છે.
(૩) ૧. * માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ
* પ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો;
૨. * તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે, કારણ કે
* કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ
૩. * તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધના
* કારણ નથી. (જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે
૪. * તેમ જીવને આસ્રવભાવ હોય તો જ
* ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે.)

## કળશ – ૧૧૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જોકે પોતપોતાના સમયને અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા)
* એવા પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાન–અવસ્થામાં બંધાયેલા) દ્રવ્યરૂપ પ્રત્યયો

૨. * પોતાની સત્તા છોડતા નથી (અર્થાત્ સત્તામાં છે—હયાત છે), તોપણ
* સર્વ રાગ-દ્વેષ-મોહનો અભાવ હોવાથી જ્ઞાનીને કર્મબંધ કદાપિ અવતાર ધરતો નથી—થતો નથી.

**કળશામૃત :–**

**૧. * નિજ નિજ સમયમાં પામતા જે ઉદયને એવા અહો,**
**અજ્ઞાનકાળે જે થયેલા બદ્ધ તે દ્રવપ્રત્યયો;**
**૨. * અસ્તિત્વ નિજનું છોડતા નથી, તોય જ્ઞાનીને સદા,**
**રાગાદિના જ અભાવથી નથી કર્મબંધ થતો કદા.**

## કળશ – ૧૧૯

ઉત્થાનિકા:-હવે આ જ અર્થ દ્રઢ કરનારી બે ગાથાઓ આવે છે તેની સૂચનિકારૂપ શ્લોક કહે છે :-

**શ્લોકાર્થ :-**

૧. * કારણ કે જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે

* તેથી તેને બંધ નથી; કેમકે તે (રાગ-દ્વેષ-મોહ) જ બંધનું કારણ છે.

**કળશામૃત :-**

**૧. * 'નથી જ્ઞાનીને સંભવ કદા રાગાદિનો એ કારણે,**
**નથી બંધ તેને કેમ કે તે બંધકારણ રાગ છે.**

## ગાથા – ૧૭૭, ૧૭૮

ઉત્થાનિકા :–હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :–

ગાથા :– * નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદ્રષ્ટિને,
તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; **૧૭૭.**
* હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યાં,
તેનાય રાગાદિક કહ્યાં, રાગાદિ નહિ ત્યાં બંધ ના. **૧૭૮.**

### ટીકામૃત :–

**૧.** * નથી રાગદ્વેષવિમોહ સમ્યગ્દ્રષ્ટિને એ કારણે,
કે અન્યથા અનુપત્તિ છે સમકિતપણાની [કો' રીતે;]

**૨.** * ને રાગદ્વેષ તણા અભાવ મહીં જ સમ્યગ્દ્રષ્ટિને,
દ્રવપ્રત્યયો પુદ્‌ગલકરમના બંધ-હેતુ નવ બને;

**૩.** * એ કારણે કે દ્રવ્યપ્રત્યયને અહો દ્રવકર્મના,
હેતુપણાના હેતુઓ છે રાગદ્વેષાદિ અહા!

**૪.** * તેથી જ હેતુના અહા હેતુ તણા જ અભાવમાં,
પ્રસિદ્ધ હેતુમાનનો જ અભાવ હોવાથી સદા;

**૫.** * નથી બંધ સમ્યગ્દ્રષ્ટિને થાતો કહ્યો [જિનવાણીમાં;]
[આસરવભાવ અભાવમાં આ રીત નથી બંધન કદા.]

### ટીકા :–

૧. * સમ્યગ્દ્રષ્ટિને રાગદ્વેષમોહ નથી કારણ કે સમ્યગ્દ્રષ્ટિપણાની અન્યથા અનુપત્તિ છે (અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દ્રષ્ટિપણું બની શકતું નથી);

૨. * રાગદ્વેષમોહના અભાવમાં તેને (સમ્યગ્દ્રષ્ટિને) દ્રવ્યપ્રત્યયો પુદ્‌ગલકર્મનું (અર્થાત્ પુદ્‌ગલકર્મના બંધનનું) હેતુપણું ધારતા નથી

૩. * કારણ કે દ્રવ્યપ્રત્યયોને પુદ્‌ગલકર્મના હેતુપણાના હેતુઓ રાગાદિક છે;

૪. * માટે હેતુના હેતુના અભાવમાં હેતુમાનનો (અર્થાત્ કારણનું જે કારણ તેના અભાવમાં કાર્યનો) અભાવ પ્રસિદ્ધ હોવાથી

૫. જ્ઞાનીને બંધ નથી. [આમ 'આસ્રવભાવના અભાવમાં જ્ઞાનીને બંધ થતો નથી' એવા પૂર્વોક્ત કથનનું આ બે ગાથાઓ દ્વારા આચાર્યશ્રીએ સમર્થન કર્યું.]

## કળશ – ૧૨૦

ઉત્થાનિકા:–હવે જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય છે માટે શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * ઉદ્ધત જ્ઞાન (–કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન)

૨. * જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં

૨. * રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને જેઓ સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે તેઓ,

* નિરંતર રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,

૩. * બંધરહિત એવા સમયના સારને (અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને)

* દેખે છે—અનુભવે છે.

**કળશામૃત :–**

૧. * દબાય નહીં જે કોઈથી છે એવું તે ઉન્નત અહો !
છે જેનું લક્ષણ તેહ ઉદ્ધત જ્ઞાન એ નયશુદ્ધનો;

૨. * આશ્રય કરી એકાગ્રતાનો જે કરે અભ્યાસ તે,
રાગાદિથી વિરહિત ચિત્ત સદા થઈ વર્તે અને

૩. * નિજ શુદ્ધ આત્મસ્વરૂપ બંધ રહિત [મહિમાવંતને;]
દેખે અને અનુભવ કરે એવા સમયના સારને.

## કળશ – ૧૨૧

ઉત્થાનિકા :–હવે કહે છે કે જેઓ શુદ્ધનયથી ચ્યુત થાય છે તેઓ કર્મ બાંધે છે :-

**શ્લોકાર્થ :-**

૧. * જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને

* ફરીને રાગાદિના સંબંધને પામે છે

૨. * એવા જીવો, જેમણે જ્ઞાનને છોડ્યું છે

* એવા થયા થકા, પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો

૩. * વડે કર્મબંધને ધારણ કરે છે (-કર્મોને બાંધે છે)—

* કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે (અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).

**કળશામૃત :-**

**૧.** * નયશુદ્ધથી પરિચ્યુત થઈ જેઓ અહો આ જગતમાં,
રાગાદિના સંબંધને તેઓ ફરીને પામતા;

**૨.** * એવા જીવો કે જેમણે છોડી દીધું છે જ્ઞાનને,
એવા થઈને દ્રવ્યઆસ્રવ જેહ પૂર્વનિબદ્ધ છે;

**૩.** * તેના વડે ધારણ કરે છે વિવિધ પુદ્‌ગલકર્મને,
જે કર્મબંધ અનેક ભેદસમૂહરૂપે હોય છે.

## ગાથા – ૧૭૯, ૧૮૦

ઉત્થાનિકા :–હવે આ જ અર્થને દ્રષ્ટાંત દ્વારા દ્રઢ કરે છે :–

ગાથા :– * પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.
* ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે
બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.

### ટીકામૃત :–

૧. * નયશુદ્ધથી જ્ઞાની અહો જ્યારે પરિચ્યુત થાય છે,
રાગાદિ ભાવોનો અહો સદ્‌ભાવ તેને હોઈને;

૨. * દ્રવપ્રત્યયો પૂર્વે નિબદ્ધ થયેલને [તેથી ખરે,]
હેતુપણાના હેતુનો સદ્‌ભાવ થાતાં [આ રીતે;]

૩. * જે હેતુમાન તણું થવું અનિવાર્યરૂપે હોઈને,
જ્ઞાનાવરણ આદિરૂપે જડકર્મબંધન થાય છે.

૪. * અપ્રસિદ્ધ નથી દ્રષ્ટાંત આ પણ આ વિષે સહુ જીવને–
પુરુષે ગ્રહેલ અ’હાર*ને રસ, રુધિર, માંસાદિરૂપે

* અ’હારને = આહારને

૫. * પરિણમન ઉદરાગ્નિ વડે થતું જગતમાં દેખાય છે;
[નયશુદ્ધ-પરિચ્યુત જીવને આ રીત બંધન થાય છે.]

### ટીકા :–

૧. * જ્યારે જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય છે ત્યારે તેને રાગાદિનો સદ્‌ભાવ થવાથી,

૨. * પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો, પોતાને (-દ્રવ્યપ્રત્યયોને) કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્‌ભાવ થતાં

૩. * હેતુમાનભાવનું (કાર્યભાવનું) અનિવાર્યપણું હોવાથી, જ્ઞાનાવરણાદિભાવે પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,

૪. * અને આ અપ્રસિદ્ધ પણ નથી (અર્થાત્‌ આનું દ્રષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ-જાણીતું છે); કારણ કે ઉદરાગ્નિ, પુરુષે ગ્રહેલા આહારને રસ, રુધિર, માંસ આદિ ભાવે

૫. * પરિણમાવે છે એમ જોવામાં આવે છે. [શુદ્ધનયથી પરિચ્યુત જીવને આ રીતે પુદ્‌ગલકર્મનું બંધન થાય છે.]

## કળશ – ૧૨૨

ઉત્થાનિકા :–હવે આ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * અહીં આ જ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી;
   * કારણ કે તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી

૨. * અને તેના ત્યાગથી બંધ જ થાય છે.
   * [તેથી જિનવર કહે છે કે હે ભવ્યો ! તમે હવે શુદ્ધનયનું ગ્રહણ કરો.]

**કળશામૃત :–**

**૧. * છે આ જ તાત્પર્ય અહીં કે શુદ્ધનય તજવો નહીં,**
**એ કારણે કે કર્મબંધ થતો નથી અત્યાગથી;**

**૨. * ને અહો તજવાથી તેને કર્મબંધ જ થાય છે,**
**[જિનવર કહે છે તેથી ભવ્યો! શુદ્ધનય ગ્રહજો હવે.]**

## કળશ – ૧૨૩

ઉત્થાનિકા :–ફરી, 'શુદ્ધનય છોડવાયોગ્ય નથી' એવા અર્થને દ્રઢ કરનારું કાવ્ય કહે છે:–

**શ્લોકાર્થ :–**

૧. * ધીર (ચળાચળતા રહિત) અને ઉદાર (સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત)

* જેનો મહિમા છે એવા અનાદિનિધન

૨. * જ્ઞાનમાં સ્થિરતા બાંધતો (અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો) શુદ્ધનય

* –કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે તે—

૩. * પવિત્ર ધર્મી (સમ્યગ્દ્રષ્ટિ) પુરુષોએ કદી પણ છોડવાયોગ્ય નથી.

* શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો,

૪. * બહાર નીકળતા એવા પોતાના [મરીચિ-ચક્રને] જ્ઞાનકિરણોના સમૂહને (અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને)

* અલ્પકાળમાં સમેટીને, પૂર્ણ, એક, અચળ,

૫. * જ્ઞાનઘનના પુંજરૂપ, શાંત તેજને—તેજઃપુંજને

* [નિત્ય એ સમ્યગ્દ્રષ્ટિ પુરુષ] દેખે છે અર્થાત્ અનુભવે છે.

**કળશામૃત :–**

**૧. * ચળ અચળતા વિણ ધીર ને વિસ્તારયુક્ત ઉદાર છે,**
**મહિમા અહો જેનો [ઘણો] એવા અનાદિનિધન અરે;**
**૨. * નિજ જ્ઞાનમાં* સ્થિર પરિણતિને રાખતો નયશુદ્ધ એ,**
**જે કર્મને મૂળમાંથી નાશ પમાડનારો છે જ તે–**
**૩. * સદ્ દ્રષ્ટિ ધર્મી પવિત્ર જીવોએ નથી કદી ત્યાજ્ય એ,**
**નયશુદ્ધમાં સ્થિત છે અહો એવા સહુયે પુરુષ જે,**
**૪. * પરમાં જતું નિજનું મરીચિ-ચક્ર** સંકેલી અને**
**બસ અલ્પકાળ મહીં અહો, નિજ પૂર્ણ, એક, અચળ અને**
**૫. * વિજ્ઞાનઘનના પુંજરૂપ એ શાંત અતિશય તેજને,**
**દેખે અને અનુભવ કરે છે [નિત્ય સમ્યગ્દ્રષ્ટિ તે.]**

પાદટિપ્પણ :–

* જ્ઞાન = આત્મા

** મરીચિ-ચક્ર = જ્ઞાન-કિરણોનો સમૂહ = જ્ઞાનની વિશેષ વ્યક્તિઓ

## કળશ - ૧૨૪

ઉત્થાનિકા :–હવે, આસ્રવોનો સર્વથા નાશ કરવાથી જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે એવી
⁎ કોઈ પરમ વસ્તુને અંતરંગમાં દેખનારા પુરુષને,
૨. ⁎ રાગાદિક આસ્રવોનો શીઘ્ર સર્વ પ્રકારે
⁎ નાશ થવાથી, આ જ્ઞાન* પ્રગટ થયું—
૩. ⁎ કે જે જ્ઞાન** અત્યંત અત્યંત (-અનંત અનંત) વિસ્તાર પામતા નિજરસના ફેલાવથી
⁎ લોકના અંત સુધીના સર્વ ભાવોને તરબોળ કરી દે છે અર્થાત્ સર્વ પદાર્થોને જાણે છે,
૪. ⁎ જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે
⁎ અર્થાત્ પ્રગટ્યા પછી સદા એવું ને એવું જ રહે છે—
૫. ⁎ ચળતું નથી, અને જે જ્ઞાન અતુલ છે
⁎ અર્થાત્ જેના તુલ્ય બીજું કોઈ નથી.

⁎ જ્ઞાન = આત્મા ⁎⁎ જ્ઞાન = પ્રગટ થયેલી જ્ઞાનની પર્યાય

**કળશામૃત :–**

**૧.** * જેનો અહો ઉદ્યોત છે નિત્યે જ એવી વસ્તુ જે
કોઈ પરમને, અંતરંગે, દેખનારા પુરુષને;
**૨.** * રાગાદિ આસ્રવભાવનો શીઘ્રે સહુય પ્રકારથી,
થઈ નાશ પ્રગટ્યું જ્ઞાન આ નિજરસ તણા ફેલાવથી;
**૩.** * કે જ્ઞાન જે અત્યંત અતિ વિસ્તાર પામીને અરે,
લોકાંત સુધીના સર્વ ભાવોને અહો જાણે ખરે;
**૪.** * જે જ્ઞાન પ્રગટ્યું ત્યારથી તે સર્વ કાળ અચળ રહે,
પ્રગટ્યા પછી એવું જ ને એવું જ તે નિત્યે રહે;
**૫.** * ચળતું નથી તે જ્ઞાન કદીયે ને અહો જે અતુલ છે,
નથી તુલ્ય તેના જેવી કો આ જગતમાં વસ્તુ ખરે.

ટીકા :–આ રીતે આસ્રવ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.

## સંવર અધિકાર
## ગાથા : **૧૮૧ થી ૧૯૨**, કળશ **૧૨૫ થી ૧૩૨**
## પ્રવચન નંબર **૨૫૭-૨૬૮**

ઉત્થાનિકા :–પ્રથમ ટીકાકાર આચાર્ય મહારાજ કહે છે કે ‘હવે સંવર પ્રવેશ કરે છે.’ આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશે છે.

ત્યાં પ્રથમ તો ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી

⁎ સંવરને જીતવાથી જે એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે

૨. ⁎ એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી

⁎ જેણે સદાય વિજય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતી, પરરૂપથી જુદા (અર્થાત્ પરદ્રવ્ય અને

૩. ⁎ પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી),

⁎ પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી,

૪. ⁎ ચિન્મય, ઉજ્જ્વળ (–નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી–

⁎ અતિશયપણાવાળી જ્યોતિ પ્રગટ થાય છે, ફેલાય છે.

**કળશામૃત :–**

**૧.** * અનાદિના સંસારથી નિજનો વિરોધી જેહ તે,
સંવર ઉપર જીત મેળવીને ગર્વયુક્ત થયેલ જે;
**૨.** * તિરસ્કૃત કરી એ આસ્રવોને વિજયી જેહ થયેલ છે
સદાય, સંવરને અહો ઉપજાવતી, પરદ્રવ્ય ને
**૩.** * પરદ્રવ્યના સહુ ભાવથી પણ જે સદાયે ભિન્ન છે,
નિજના જ સમ્યક્ સ્વરૂપમાં પરકાશતી નિશ્ચળપણે;
**૪.** * ચિન્મય અને ઉજ્જ્વળ અહો નિજરસ તણા બહુ ભારથી,
અતિશયપણે પરકાશતી–ફેલાતી જ્યોતિ જ્ઞાનની.

## ગાથા – ૧૮૧, ૧૮૨, ૧૮૩

ઉત્થાનિકા :–ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :–

ગાથા :– * **ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.**
* **ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.**
* **આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.**

### ટીકામૃત : [ટીકાનો પહેલો પારિગ્રાફ]

(૧) * [જ્ઞાન જ્ઞાન (-જાણનક્રિયા)માં જ પ્રતિષ્ઠિત છે :]

૧. * નથી એક વસ્તુની બીજી કો વસ્તુ સંબંધી ખરે,
એ કારણે કે બેઉના પ્રદેશ ભિન્ન જ હોઈને;
૨. * સત્તા અહો તે બેયની પણ છે જુદી જુદી અને
એ રીત કોઈ વસ્તુની સાથે બીજી કો વસ્તુને
૩. * આધાર ને આધેયનો સંબંધ નથી કો પણ રીતે,
તેથી જ નિજના સ્વરૂપમાં દ્રઢતા થકી રહેવારૂપે;
૪. * આધાર ને આધેયનો સંબંધ છે સહુ વસ્તુને.
જાણનક્રિયારૂપ નિજ સ્વરૂપમાં છે પ્રતિષ્ઠિત જ્ઞાન જે,
૫. * તેનું અને જાણનક્રિયાનું ભિન્નપણું ના હોઈને;
છે જ્ઞાન જ્ઞાન મહીં જ તેથી [જાણવું નિશ્ચયનયે.]

(૨) * [ક્રોધ ક્રોધ (-ક્રોધાદિ ક્રિયા)માં જ પ્રતિષ્ઠિત છે :]

૧. * ક્રોધાદિ કે જે ક્રોધની ક્રિયા તણા નિજ સ્વરૂપમાં,
છે દ્રઢપણે સ્થિત ક્રોધ તે ને ક્રોધની ક્રિયા અહા;
૨. * અભિન્ન છે બંનેય તેથી ક્રોધ છે ક્રોધાદિમાં,
[આધેય છે ક્રોધાદિ ને આધાર ક્રોધક્રિયા અહા!]

(૩) * [જ્ઞાનને અને ક્રોધાદિને આધાર-આધેયપણું નથી :]

૧. * વળી જ્ઞાન નથી ક્રોધાદિમાં નથી કર્મ કે નોકર્મમાં,
ને કર્મ કે નોકર્મ કે ક્રોધાદિ પણ નથી જ્ઞાનમાં;
૨. * એ કારણે કે જ્ઞાનનું ને ક્રોધ કર્માદિ તણું,
અત્યંત ભિન્ન સ્વરૂપ ને છે બેયને વિપરીતપણું;

૩. * તેથી નથી સંબંધ કો આધાર ને આધેયનો,
પરમાર્થથી જીવનો તથા ક્રોધાદિ ને કર્માદિનો.
૪. * "જાણનક્રિયા વળી જ્ઞાનનું જ સ્વરૂપ છે જેવી રીતે,
ક્રોધાદિની ક્રિયા સ્વરૂપ છે જ્ઞાનનું તેવી રીતે;
૫. * ને ક્રોધની ક્રિયા વળી છે ક્રોધનું જ સ્વરૂપ ને
જાણનક્રિયા પણ છે સ્વરૂપ ક્રોધાદિનું તેવી જ રીતે;"
૬. * આ વાત કોઈ પણ રીતે સ્થાપી શકાય નહીં અહા!
એ કારણે ક્રોધનક્રિયા ને તેમ આ જાણનક્રિયા;
૭. * છે પ્રગટ ભિન્ન સ્વભાવરૂપે ને સ્વભાવે ભિન્ન છે,
તેથી જ તે બે વસ્તુઓ છે ભિન્ન ભિન્ન અહો ખરે;
૮. * આ રીત જ્ઞાન અને અહો ક્રોધાદિરૂપ અજ્ઞાનને,
આધાર ને આધેયનો સંબંધ નથી કો પણ રીતે.

[ટીકાનો બીજો પારિગ્રાફ :]

(૧) * [દ્રષ્ટાંત : આકાશને અન્ય કોઈ દ્રવ્ય સાથે આધાર-આધેય સંબંધ નથી :]

૧. * સમજાવીએ આ વાતને વિશેષરૂપે આ રીતે–
જ્યારે અહો નિજબુદ્ધિમાં આકાશ એક જ સ્થાપીને;
૨. * આકાશનો આધાર ને આધેયભાવ વિચારીએ,
તો અન્ય કોઈ દ્રવ્યમાં તેને ન સ્થાપી શકાય છે;
૩. * તેથી ન કો આધાર એવા ભિન્ન દ્રવ્ય તણી ખરે,
નથી પ્રભવતી નિજ બુદ્ધિમાં કોઈ અપેક્ષા પણ અને
૪. * તે નહિ પ્રભવતાં, 'છે પ્રતિષ્ઠિત એક આકાશ જ ખરે,
આકાશ એક જ માં અહો [એ વાત] સમજી જવાય છે;
૫. * ને એવું સમજી જનારને નથી ભાસતું એમ જ ખરે,
આધાર ને આધેયપણું પર સાથ છે કો દ્રવ્યને.

(૨) * [સિદ્ધાંત : ક્રોધ આધાર અને જ્ઞાન આધેય નથી; જ્ઞાન જ્ઞાનમાં અને ક્રોધ ક્રોધમાં જ છે :]

૧. * 'એવી રીતે સ્થાપી અહો નિજ બુદ્ધિમાં બસ જ્ઞાનને,
વિચારતાં આધાર ને આધેય જ્ઞાન વિષે અરે;
૨. * ત્યારે ખરે કો અન્ય દ્રવ્ય મહીં જ આતમ દ્રવ્યનો,
નિરોધ આરોપણ તણો હોવાથી બુદ્ધિમાં અહો;
૩. * તેથી ન કો આધાર એવા ભિન્ન દ્રવ્ય તણી ખરે,
નથી પ્રભવતી નિજ બુદ્ધિમાં કોઈ અપેક્ષા પણ અને

૪. * તે નહિ પ્રભવતાં, ‘છે પ્રતિષ્ઠિત જ્ઞાન એક જ જ્ઞાનમાં’
એ વાત સમજી જવાય છે [સહુ જીવને] નિજ બુદ્ધિમાં;

૫. * ને એવું સમજી જનારને નથી ભાસતું એમ જ ખરે,
આધાર ને આધેયપણું પર સાથ છે કો દ્રવ્યને.

૬. * છે જ્ઞાન તેથી જ્ઞાન [ની સમ્યક્ અહો પરિણતિ] મહીં;
ને ક્રોધ છે તેથી જ ક્રોધાદિ [તણી પરિણતિ] મહીં.

(૩) * [ઉપસંહાર : આ રીતે જ્ઞાન અને ક્રોધનું ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું :]

૧. * આ રીત જ્ઞાન તણું અને ક્રોધાદિ, દ્રવ્ય કરમ તથા
નોકર્મનું ભલી રીતથી થયું સિદ્ધ ભેદવિજ્ઞાન આ.

ટીકા :- [ટીકાનો પહેલો પારિગ્રાફ :]

(૧) ૧. * ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)

* કારણ કે બન્નેના પ્રદેશ ભિન્ન હોવાથી

૨. * તેમને એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે); અને

* એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને

૩. * આધારાધેયસંબંધ પણ નથી જ.

* તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દ્રઢપણે રહેવારૂપ) જ

૪. * આધારાધેય સંબંધ છે.

* માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે તે,

૫. * જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,

* જ્ઞાનમાં જ છે;

(૨) ૧. * ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં

* પ્રતિષ્ઠિત છે તે, ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી

૨. * અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિમાં જ છે.

* [આ રીતે જેમ જાણનક્રિયા આધાર અને જ્ઞાન આધેય છે તેમ ક્રોધાદિક્રિયા આધાર અને ક્રોધાદિક આધેય છે.]

(જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી. આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે. એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે).

(૩) ૧. * વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી

* અને જ્ઞાનમાં ક્રોધાદિક, કર્મ કે નોકર્મ નથી

૨. ∗ કારણ કે તેમને પરસ્પર

∗ અત્યંત સ્વરૂપ–વિપરીતતા હોવાથી (અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમજ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી)

૩. ∗ તેમને પરમાર્થભૂત આધારાધેય સંબંધ નથી.

૪. ∗ વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે

∗ તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ,

૫. ∗ અને ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે

∗ તેમ (ક્રોધાદિનું સ્વરૂપ) જાણનક્રિયા પણ છે

૬. ∗ એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી;

∗ કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા

૭. ∗ ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે અને એ રીતે સ્વભાવો ભિન્ન

∗ હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે.

૮. ∗ આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને)

∗ આધારાધેયપણું નથી.

* **[ટીકાનો બીજો પારિગ્રાફ :]**

(૧) ૧. ∗ વળી વિશેષ સમજાવવામાં આવે છે :–

∗ જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને

૨. ∗ (આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે

∗ આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ

૩. ∗ હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી

∗ (ફાવી શકતી નથી, ઠરી જાય છે, ઉદ્ભવતી નથી);

૪. ∗ અને તે નહિ પ્રભવતાં, 'એક આકાશ જ

∗ એક આકાશમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજી જવાય છે

૫. ∗ અને તેથી એવું સમજી જનારને

∗ પર-આધારાધેયપણું ભાસતું નથી.

(૨) ૧. ∗ એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને

∗ (જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે

૨. ∗ ત્યારે જ્ઞાનને બાકીના અન્ય દ્રવ્યોમાં

∗ આરોપવાનો નિરોધ જ હોવાથી બુદ્ધિમાં

૩, ∗ ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી; અને

૪. * તે નહિ પ્રભવતાં, 'એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે'
   * એમ બરાબર સમજી જવાય છે
૫. * અને તેથી એવું સમજી જનારને
   * પર-આધારાધેયપણું ભાસતું નથી,
૬. * માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,
   * ક્રોધાદિ જ ક્રોધાદિમાં જ છે.
(૩) ૧. * આ પ્રમાણે (જ્ઞાનનું અને ક્રોધાદિક તેમજ કર્મ-
   * નોકર્મનું) ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.

## કળશ – ૧૨૬

ઉત્થાનિકા :–હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * ચિદ્‌રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ—એ બંનેનો,

૨. * અંતરંગમાં દારૂણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે), ચોતરફથી વિભાગ કરીને, (-સમસ્ત પ્રકારે બંનેને જુદાં કરીને-), આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; માટે હવે

૩. * એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત અને બીજાથી એટલે રાગથી રહિત એવા હે સત્પુરુષો ! તમે મુદિત થાઓ.

**કળશામૃત :–**

**૧.** * ચિદ્‌રૂપતાને ધારતું આ જ્ઞાન ને જડરૂપતા
ને ધારતો આ રાગ—એ બન્નેયને જુદા અહા;

**૨.** * કરી સર્વ રીતે અંતરંગે ઉગ્ર અભ્યાસે મહા,
આ ભેદજ્ઞાન ઉદિત થયું છે મળરહિત તેથી અહા;

**૩.** * બસ શુદ્ધ એક વિજ્ઞાનઘનના પુંજમાં સ્થિત થઈ અહો,
ને રાગરહિત થઈ તમે હે સત્પુરુષ ! મુદિત હજો.

**ટીકા :–**

૧. * આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ (રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું અવિચળપણે

૨. * રહે છે, ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે

૩. * અને શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે.

**ટીકામૃત :–**

**૧.** * આ રીત ભેદવિજ્ઞાન આ જ્યારે ન [કિંચિત્] જ્ઞાનને,
અણુમાત્ર પણ વિપરીતતા જ પમાડતું રહે છે ખરે

**૨.** * અવિચલપણે, ત્યારે અહો શુદ્ધોપયોગપણા વડે
રહેતું થકું, બસ જ્ઞાનરૂપે જ્ઞાન જરીયે નવ કરે

**૩.** * રાગાદિ તેમ વિમોહ ભાવો, ને અહો તેથી ઠરે:
ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી શુદ્ધાતમાની થાય છે;

**૪.** * ને તેથી રાગવિમોહનો જ અભાવ લક્ષણ જેહનું
છે, તેહ સંવર થાય છે [-એ કથન છે જિનવાણીનું].

## ગાથા – ૧૮૪, ૧૮૫

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે?
તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :–

ગાથા :– * જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,
ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. **૧૮૪.**
* જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,
આત્મસ્વભાવ—અજાણ જે અજ્ઞાનતમ—આચ્છાદને. **૧૮૫.**

### ટીકામૃત :–

૧. * [ભેદવિજ્ઞાન હોવાને કારણે જ્ઞાનીને સદાય આત્માની ઉપલબ્ધિ હોય છે :]

૧. * ઉપરોક્ત ભેદવિજ્ઞાનનો સદ્ભાવ છે જે જીવને,
તેના વડે જ્ઞાની થઈ તે જીવ જાણે આ રીતે :

૨. * પ્રચંડ અગ્નિ વડે થયેલું તપ્ત સ્વર્ણ નહીં તજે
સ્વર્ણત્વને, ત્યમ કર્મ ઉદય પ્રચંડથી ઘેરાઈને;

૩. * વિઘ્નો અતિશય હો છતાં પણ જ્ઞાની કદીયે નવ તજે
જ્ઞાનત્વને, એ કારણે કે છોડવો નિજ ભાવને

૪. * અશક્ય છે, કારણ હજારો હોય જો હાજર ભલે,
છોડે અહો નિજ ભાવને તો ભાવમાત્ર જ વસ્તુ તે

૫. * ઉચ્છેદ પામે, પણ અહો ઉચ્છેદ તો થાતો નથી,
એ કારણે કે સત્ તણા વિનાશનો સંભવ નથી.

૬. * આ જાણતો જ્ઞાની ભલે કર્મો વડે આક્રાંત હો,
પણ તે ન રાગી, દ્વેષી કે વિમોહી પણ કદીયે થતો;

૭. * કિંતુ નિજ શુદ્ધાતમાને તેહ જ્ઞાની અનુભવે,
ને ભેદજ્ઞાન અભાવથી અજ્ઞાની જીવ થઈ અરે!

(૨) * [ભેદવિજ્ઞાનના અભાવને કારણે અજ્ઞાનીને આત્માની ઉપલબ્ધિ થતી નથી :]

૧. * અજ્ઞાન-અઘથી આવરિત હોવાથી છે અજ્ઞાની જે,
નહિ જાણતો ચૈતન્યના ચમકાર આત્મસ્વભાવને;

૨. * માની અહો કે આતમા બસ રાગમાત્ર જ છે ખરે,
તે રાગી-દ્વેષી-વિમોહી થાતો, પણ કદી શુદ્ધાત્મને

૩. * કિંચિત્ અનુભવતો નથી, તેથી થયું એ સિદ્ધ કે
બસ માત્ર ભેદવિજ્ઞાનથી શુદ્ધાતમાની પ્રાપ્તિ છે.

**ટીકા :-**

(૧) * [ભેદવિજ્ઞાનને કારણે જ્ઞાનીને સદા આત્માની ઉપલબ્ધિ હોય છે :]

૧. * જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે :-

૨. * જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું પણ સુવર્ણ સુવર્ણત્વને છોડતું નથી તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું પણ

૩. * (અર્થાત્ વિઘ્ન કરવામાં આવતાં છતાં પણ) જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી, કેમ કે

૪. * હજાર કારણો ભેગાં થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે; કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ

૫. * ઉચ્છેદ થાય, અને વસ્તુનો ઉચ્છેદ તો થતો નથી કારણ કે સતના નાશનો અસંભવ છે.

૬. * આવું જાણતો થકો જ્ઞાની કર્મથી આક્રાંત (ઘેરાયેલો, આક્રમણ પામેલો) હોવા છતા પણ રાગી થતો નથી, દ્વેષી થતો નથી, મોહી થતો નથી,

૭. * પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે. અને જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન નથી તે તેના અભાવથી અજ્ઞાની થયો થકો,

(૨) * [ભેદવિજ્ઞાનના અભાવને કારણે અજ્ઞાનીને આત્માની ઉપલબ્ધિ થતી નથી :]

૧. * અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો થકો,

૨. * રાગને જ આત્મા માનતો થકો, રાગી થાય છે, દ્વેષી થાય છે, મોહી થાય છે, પરંતુ શુદ્ધ આત્માને

૩. * બિલકુલ અનુભવતો નથી. માટે એમ સિદ્ધ થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે.

## ગાથા – ૧૮૬

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કઈ રીતે થાય છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.

**ટીકામૃત :–**

(૧) * [અછિન્ન ભેદજ્ઞાનથી જ્ઞાનમય પરિણતિ થાય છે :]

૧. * અવિછિન્ન ધારાવાહી જ્ઞાનથી જે અહો શુદ્ધાત્મનો
અનુભવ કરે છે, તેહ આત્મા–'જ્ઞાનમય જે ભાવ કો;

૨. * તેમાથી માત્ર જ થાય સહુયે જ્ઞાનમય ભાવો ખરે,'
–એ ન્યાયથી કર્મો નવાના આસ્રવણનો હેતુ છે;

૩. * જે રાગદ્વેષવિમોહસંતતિનો નિરોધ થવાથી, તે
પામે જ છે નિજ શુદ્ધ આતમને અહો જ્ઞાની ખરે.

(૨) * [રાગમાં એકત્વ કરવાથી મલિનતા અનુભવાય છે અને શુદ્ધાત્માની પ્રાપ્તિથી સંવર થાય છે.]

૧. * ને જે સદા અજ્ઞાનથી અણશુદ્ધ આત્મા અનુભવે,
'અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનમય ભાવો ખરે

૨. * ઉપજે સદા'—એ ન્યાયથી કર્માસ્રવોના હેતુ જે,
એ રાગદ્વેષવિમોહસંતતિનો નિરોધ ન હોઈને;

૩. * અણશુદ્ધ આત્માને જ તે અજ્ઞાની જીવ પામે અરે,
તેથી જ શુદ્ધાત્મા તણી પ્રાપ્તિથી સંવર થાય છે.

**શ્લોકાર્થ :–**

(૧) ૧. * જે સદાય અછિન્નધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'જ્ઞાનમય ભાવમાંથી

૨. જ્ઞાનમય ભાવ જ થાય છે'—એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે

૩. રાગદ્વેષમોહની સંતતિ (પરંપરા) તેનો નિરોધ થવાથી, શુદ્ધ આત્માને જ પામે છે;

(૨) ૧. * અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે, 'અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ

૨. * થાય છે'—એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ થવાથી,

૩. * અશુદ્ધ આત્માને જ પામે છે.

* માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.

## કળશ – ૧૨૭

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જો કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને)
   * ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને
૨. * નિશ્ચળપણે અનુભવ્યા કરે તો આ આત્મા,
   * જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે (અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે)
૩. * એવા આત્માને પરપરિણતિના નિરોધથી
   * શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.

**કળશામૃત :–**

**૧. * દારૂણ જો પુરુષાર્થ કરીને કોઈ પણ રીતે અહો,**
**અણત્રુટક ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માનો જ જો;**
**૨. * અનુભવ કરે નિશ્ચળપણે તો આતમા આ, જેહનો**
**આનંદ નિજ આત્મા તણો [અત્યંત] પ્રગટ થતો જતો;**
**૩. * એવા અહો નિજ આત્મને નિરોધથી પરપ્રણતિના,***
**શુદ્ધ જ અહો તે પ્રાપ્ત કરતો જ્ઞાની સ્થિર થઈ સદા.**

---

* પરપ્રણતિના = પરપરિણતિના.

## ગાથા – ૧૮૭ થી ૧૮૯

ઉત્થાનિકા :-હવે પૂછે છે કે સંવર ક્યા પ્રકારે થાય છે? તેનો ઉત્તર કહે છે :-

ગાથા :- * પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,
દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી, ૧૮૭.
* જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,-
-નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને, ૧૮૮.
* તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.

ટીકામૃત :-

૧. * જે જીવ રાગ, વિમોહ ને વળી દ્વેષ જેનું મૂળ છે,
એવા શુભાશુભ યોગમાં વર્તી રહેલા આત્મને;
૨. * દારૂણ* ભેદવિજ્ઞાનના આલંબને આત્મા વડે
અત્યંત રોકીને, અહો નિજ જ્ઞાનમય શુદ્ધાત્મને;
૩. * આત્મા મહીં સારી રીતે કરી સ્થિર, ઇચ્છા ત્યાગીને
સઘળાંય પરદ્રવ્યો તણી, સહુ સંગથી થઈ રહિત ને
૪. * નિષ્કંપ અતિશય વર્તતો નિરંતરે, નહિ સ્પર્શતો
કર્મો અને નોકર્મને જરીયે કદી [આત્મા અહો];
૫. * ધ્યાતો અહો [તે આતમા] નિજ આત્મને આત્મા વડે,
જ્ઞાતા અને દ્રષ્ટાપણું નિજને સહજ હોવાથી તે;
૬. * બસ ચેતતો એકત્વને રહી જ્ઞાનચેતનતારૂપે,
એકત્વના અનુભવ વડે તે જીવ ભિન્ન થઈ ખરે
૭. * પરદ્રવ્યથી અત્યંત, ધ્યાતો ચમત્કારી ચિદાત્મને,
તે પામતો દર્શન અને સુજ્ઞાનમય શુદ્ધાત્મને;
૮. * પ્રાપ્તિ થતાં શુદ્ધાત્મની અતિક્રાંત થઈ તે આતમા
પરદ્રવ્યમયતાથી બધી, પામે જ થોડા કાળમાં;
૯. * સહુ કર્મથી જે રહિત છે એવા અહો નિજ આત્મને,
આ રીત સંવરનો પ્રકાર કહ્યો [અહો શ્રીમુનિવરે.]

ટીકા :-

૧. * જે જીવ રાગ-દ્વેષ-મોહ જેનું મૂળ છે
* એવા શુભાશુભયોગમાં વર્તતા આત્માને

---

* દારૂણ = દ્રઢતર (અતિ દ્રઢ)

૨. * દ્રઢતર (અતિ દ્રઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ
* અત્યંત રોકીને, શુદ્ધદર્શનજ્ઞાનરૂપ
૩. * આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત (સ્થિર) કરીને,
* સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાના ત્યાગ વડે સર્વ સંગથી રહિત થઈને,
૪. * નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો,
* કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના
૫. * પોતાના આત્માને જ આત્મા વડે ધ્યાતો થકો,
* પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી
૬. * એકત્વને જ ચેતે છે (-જ્ઞાનચેતનારૂપ રહે છે),
* તે જીવ ખરેખર, એકત્વ-ચેતન વડે અર્થાત્ એકત્વના અનુભવ વડે
૭. * (પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો,
* શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો,
૮. * શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થતાં
* સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો, અલ્પ કાળમાં જ
૯. * સર્વ કર્મથી રહિત આત્માને પામે છે.
* આ સંવરનો પ્રકાર (રીત) છે.

## કળશ – ૧૨૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જેઓ ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે
   * તેમને નિયમથી (ચોક્કસ) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થાય છે;

૨. * શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થતાં, અચલિતપણે
   * સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા તેમને,

૩. * અક્ષય કર્મમોક્ષ થાય છે
   * (અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છૂટકારો થાય છે).

**કળશામૃત :–**

**૧.** * જે ભેદજ્ઞાનની શક્તિથી નિજ સ્વરૂપના મહિમા મહીં
રહે છે સદાયે લીન, તેને પ્રાપ્તિ થાય જ નિયમથી

**૨.** * નિજ શુદ્ધ તત્ત્વ તણી, અહો ને તે થતાં અચલિતપણે
સહુ દ્રવ્યથી દૂર વર્તતા એવા અહો તે જીવને;

**૩.** * અક્ષયપણે મુક્તિ મળે છે સર્વ કર્મોથી અરે!
કે કર્મબંધ થતો નથી ફરીને કદી તે જીવને.

## ગાથા – ૧૯૦, ૧૯૧, ૧૯૨

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે સંવર ક્યા ક્રમે થાય છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,
–મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમજ યોગને. **૧૯૦.**
* હેતુ અભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,
આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મતણો બને; **૧૯૧.**
* કર્મોતણા ય અભાવથી નોકર્મનું રોધન અને
નોકર્મના રોધન થકી સંસાર સંરોધન બને. **૧૯૨.**

**ટીકામૃત :–**

**(૧)** * [સિદ્ધાંત : અધ્યવસાનથી લઈને નોકર્મ સુધી સંસારના પરંપરા કારણો છે :]

**૧.** * જીવને પ્રથમ તો 'આતમા ને કર્મ બંને એક છે'–
એવો [અનાદિનો અહો] અધ્યાસ જેનું મૂળ છે;

**૨.** * મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરત, યોગરૂપે જે અહો,
અભિપ્રાય છે ખોટો અહો તે છે સહુયે કારણો;

**૩.** * રાગાદિમોહસ્વરૂપ આસ્રવભાવના, જેઓ બધાં
છે કારણો કર્મો તણા, ને કર્મ છે કારણ સદા

**૪.** * નોકર્મના, નોકર્મ સહુ કારણ અહો સંસારના;
[આ રીત અધ્યવસાનથી નોકર્મ લગી સંસાર આ.]

**(૨)** * [અજ્ઞાની જીવને અધ્યવસાન હોવાથી આ પરંપરા કારણોને લીધે સંસારની ઉત્પત્તિ થાય છે.]

**૧.** * માટે સદા આ આતમા, નિજના અને કર્મો તણા
એકત્વના અધ્યાસથી, માને અહા છે [સર્વદાઃ],

**૨.** * મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતિ યોગમય આ આતમા,
ને તેથી રાગવિમોહ આસ્રવભાવ તે ભાવે સદા;

**૩.** * ને તેથી કર્મો આસ્રવે, નોકર્મ તેથી થાય છે;
તેથી જ આ સંસારની ઉત્પત્તિ તેને થાય છે.

**(3)** * [ભેદજ્ઞાની જીવને અધ્યવસાનનો અભાવ હોવાથી સંસારનો અભાવ થાય છે :]

**૧.** * જ્યારે અહો તે આતમા નિજનું અને કર્મો તણું,
કરી ભેદજ્ઞાન અહો કરે છે અનુભવન શુદ્ધાત્મનું;

**૨.** * ચૈતન્યના ચમકારમાત્ર જ આત્મની પ્રાપ્તિ કરે,
મિથ્યાત્વ ને અજ્ઞાન ને અવિરતિ અને યોગોરૂપે

**૩.** * **અધ્યાસસ્થાનો*, કારણો છે જેહ આસ્રવભાવના,**
**અભાવ તેનો થાય છે ને તેથી રાગવિમોહના;**
**૪.** * **સહુ આસ્રવણના ભાવનો જ અભાવ ત્યારે થાય છે,**
**તેથી સહુયે કર્મનો જ અભાવ ત્યારે થાય છે;**
**૫.** * **અભાવ કર્મ તણો થતાં જ અભાવ સહુ નોકર્મનો,**
**નોકર્મના જ અભાવથી અભાવ છે સંસારનો.**
**૬.** * **'સંવર તણો છે ક્રમ શું?'—એવા પ્રશ્નનો આવી રીતે,**
**[ઉત્તર કહ્યો શ્રી મુનિવરે એ નિકટવર્તી શિષ્યને.]**

---

* અધ્યાસસ્થાન = અધ્યવસાન

## ટીકા :–

(૧) * [સિદ્ધાંત : અધ્યવસાનથી લઈને નોકર્મ સુધી સંસારના પરંપરા કારણો છે :]

૧. * પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના એકપણાનો
* અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે એવાં

૨. * મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ
* અધ્યવસાનો વિદ્યમાન છે,

૩. * તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવના કારણ છે;
* આસ્રવભાવ કર્મનું કારણ છે; કર્મ

૪. * નોકર્મનું કારણ છે;
* અને નોકર્મ સંસારનું કારણ છે.

(૨) * [અજ્ઞાની જીવને અધ્યવસાન હોવાથી આ પરંપરા કારણોને લીધે સંસારની ઉત્પત્તિ થાય છે :]

૧. * માટે—સદાય આ આત્મા,
* આત્મા ને કર્મના એકપણાના અધ્યાસથી

૨. * મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે (અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે);
* તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,

૩. * તેથી કર્મ આસ્રવે છે; તેથી નોકર્મ થાય છે;
* અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.

(૩) * [ભેદજ્ઞાની જીવને અધ્યવસાનનો અભાવ હોવાથી સંસારનો અભાવ થાય છે :]

૧. * પરંતુ જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના
* ભેદવિજ્ઞાન વડે

૨. * શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે—અનુભવે છે
* ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ

૩. * અધ્યવસાનો કે જે આસ્રવભાવના કારણો છે
* તેમનો અભાવ થાય છે; અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ

૪. * આસ્રવભાવનો અભાવ થાય છે;
* આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે;

૫. * કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે;
* અને નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે.

૬. * આ પ્રમાણે સંવરનો ક્રમ છે.
* [સંવરનો ક્રમ શું છે ?—એવા નિકટવર્તી શિષ્યના પ્રશ્નનો આ રીતે આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો.]

## કળશ – ૧૨૯

ઉત્થાનિકા : સંવર થવાના ક્રમમાં સંવરનું પહેલું જ કારણ ભેદવિજ્ઞાન કહ્યું છે તેની ભાવનાના ઉપદેશનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર
* ખરેખર શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે;

૨. * અને તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી જ થાય છે.
* માટે તે ભેદવિજ્ઞાન

૩. * અત્યંત ભાવવાયોગ્ય છે. [આથી તે સંવરના બધા કારણોના ક્રમમાં સૌથી પહેલું જ મૂળ કારણ છે.]

**કળશામૃત :–**

૧. * સાક્ષાત્ સર્વ પ્રકારથી સંવર અહો આ થાય છે,
શુદ્ધાત્મતત્ત્વ તણી ખરે ઉપલબ્ધિ જ્યારે થાય છે;
૨. * ને તેહ શુદ્ધાત્મા તણી ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનના
હેતુપણાથી જ થાય છે, ને તેથી ભેદવિજ્ઞાન આ
૩. * અત્યંત ભાવનયોગ્ય છે; [ને તેથી તે સંવરતણા
સહુ કારણોના ક્રમ મહીં પહેલું જ છે કારણ મહા.]

## કળશ – ૧૩૦

ઉત્થાનિકા :–હવે, ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું તે કાવ્ય દ્વારા કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ ભેદવિજ્ઞાન અછિન્નધારાથી
   * (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે)

૨. * ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પરભાવોથી છૂટી જ્ઞાન
   * જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપમાં જ) ઠરી જાય.

**કળશામૃત :–**

**૧.** * આવું અહો આ ભેદજ્ઞાન અછિન્નધારાથી સદા,
પ્રવાહરૂપે ભાવવું અખંડ ત્યાં સુધી અહા !

**૨.** * કે જ્યાં સુધી પરભાવથી છૂટી અહો બસ જ્ઞાન આ,
નિજના જ આત્મસ્વરૂપમાં સંપૂર્ણ ઠરી જાતું અહા !

## કળશ – ૧૩૧

ઉત્થાનિકા :– ફરીને ભેદવિજ્ઞાનનો મહિમા કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે કોઈ સિદ્ધ થયા છે
 * તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;

૨. * જે કોઈ બંધાયા છે
 * તે તેના જ (-ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.

**કળશામૃત :–**

**૧.** * જે કોઈ સિદ્ધ થયા અહો છે [આજ લગી આ જગતમાં],
તે [સહુ જીવો] સિદ્ધો થયા છે ભેદજ્ઞાન વડે અહા !

**૨.** * જે કોઈ બંધાયા અહો છે [આજ લગી આ જગતમાં],
તે [સર્વ] બંધાયા અહો છે ભેદજ્ઞાન અભાવમાં.

## કળશ – ૧૩૨

ઉત્થાનિકા :–હવે, સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી
∗ શુદ્ધતત્ત્વની ઉપલબ્ધિ થઈ,

૨. ∗ શુદ્ધતત્ત્વની ઉપલબ્ધિથી રાગના સમૂહનો વિલય થયો,
∗ રાગના સમૂહનો વિલય કરવાથી કર્મનો સંવર થયો

૩. ∗ અને કર્મનો સંવર થવાથી, જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું
∗ એવું આ જ્ઞાન ઉદય પામ્યું—

૪. ∗ કે જે જ્ઞાન પરમ સંતોષને (અર્થાત્ પરમ અતીન્દ્રિય આનંદને) ધારણ કરે છે,
∗ જેનો પ્રકાશ નિર્મળ છે (અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી),

૫. ∗ જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક
∗ જ્ઞાનની માફક કરમાયેલું—નિર્બળ નથી, સર્વ લોકાલોકને જાણનારું છે),

૬. ∗ જે એક છે, (અર્થાત્ ક્ષયોપશમથી ભેદ હતા તે હવે નથી)
∗ અને જેનો ઉદ્યોત શાશ્વત છે (અર્થાત્ જેનો પ્રકાશ અવિનશ્વર છે).

કળશામૃત :–

**૧.** * જે ભેદજ્ઞાન પ્રગટ કરે એવા અહો અભ્યાસથી,
નિજ શુદ્ધ આતમતત્ત્વની ઉપલબ્ધિ થઈ [મંગળમયી];

**૨.** * તત્ત્વોપલબ્ધિથી વિલય સહુ રાગસમૂહોનો થયો,
ને વિલય રાગ તણો થવાથી કર્મનો સંવર થયો;

**૩.** * કર્મો તણો સંવર થવાથી જ્ઞાનમાં નિશ્ચળ ખરે,
એવું અહો આ જ્ઞાન [કેવળરૂપ] પામ્યું ઉદયને;

**૪.** * –કે જ્ઞાન જે ધારણ કરે છે અતીન્દ્રિ' આનંદને,
જેમાં નથી રાગાદિની કોઈ મલિનતા પણ હવે;

**૫.** * અમ્લાન છે, અસમર્થતા તેમાં ન ક્ષય-ઉપશમ તણી,
પણ સર્વ લોકાલોકને તે જાણતું, નિર્બળ નથી;

**૬.** * જે એક છે, નથી ભેદ ક્ષય-ઉપશમ તણા તેમાં હવે,
ને જેહનો ઉદ્યોત અવિનશ્વર [મહિમાવંત] છે.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.



# શ્રી

# સમયસાર ટીકામૃત

## ભાગ-૨

**શ્રી સમયસાર પરમાગમ પરની**
**શ્રી આત્મખ્યાતિ ટીકા તથા કળશોના**
**હરિગીતોમાં રૂપાંતરનું સંકલન**

પ્રસ્તુતિકરણ

**Mumukshus of North America**
**(MONA)**

# નિર્જરા અધિકાર

## (ગાથા ૧૯૩ થી ૨૩૬) / (કળશ ૧૩૩ થી ૧૬૩) / (પ્રવચન નં. ૨૬૮ થી ૩૧૨)

### કળશ ૧૩૩

ઉત્થાનિકા :–હવે, સર્વ સ્વાંગોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણીને આચાર્યદેવ મંગળ અર્થે પ્રથમ તેને જ–નિર્મળ જ્ઞાનજ્યોતિને જ–પ્રગટ કરે છે :–

**શ્લોકાર્થ : [Slightly Rearramged]**

૧. * રાગાદિ આસ્રવોને રોકવાથી પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને (-પોતાના કાર્યને બરાબર સંભાળીને)

૨. * અત્યંતપણે પરમ [ઉત્કૃષ્ટ] સંવર ઊભો છે; અને જે પૂર્વે (સંવર થયા પહેલાં) બંધાયેલું કર્મ છે તેને બાળવાને હવે

૩. * નિર્જરા (-નિર્જરારૂપી અગ્નિ) ફેલાય છે કે જેથી જ્ઞાનજ્યોતિ નિરાવરણ થઈ થકી

૪. * રાગાદિ ભાવો વડે મૂર્છિત થતી નથી–

* સદા અમૂર્છિત રહે છે.

**કળશામૃત :–**

૧. * રાગાદિ આસ્રવ રોકીને નિજ કાર્ય-ધુરા ધારીને,
દૂરથી જ રોકીને અહા આગામી સહુયે કર્મને;

૨. * અતિશયપણે આ પરમ સંવર છે ઊભો [ઉત્કૃષ્ટ] ને
દ્રવકર્મ પૂર્વનિબદ્ધને સળગાવવા માટે હવે;

૩. * આ નિર્જરારૂપ અગ્નિ ફેલાતી અહો એ કારણે,
કે જેથી જ્ઞાનની જ્યોતિ નિર્-આવરણ થઈ પૂરણપણે;

૪. * રાગાદિ ભાવ વડે નથી મૂર્છિત થતી કદીયે હવે,
કિંતુ પ્રકાશરૂપે રહે છે તે સદા મંગળરૂપે.

## ગાથા – ૧૯૩

ઉત્થાનિકા :–હવે દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહે છે :–

ગાથા : * ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇન્દ્રિયો વડે,
જે જે કરે સુદ્રષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.

ટીકામૃત :–

૧. * વિરાગીનો જે ભોગ તે બસ નિર્જરા કાજે જ છે;
(સહુ ભોગ તેના તેથી કારણ નિર્જરાનું થાય છે).

૨. * રાગાદિભાવોના સદા સદ્ભાવથી મિથ્યાત્વીને,
ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ બંધ-નિમિત્ત છે;

૩. * સદ્દ્રષ્ટિને રાગાદિભાવોનો અભાવ જ હોય છે,
તેથી અહો ઉપભોગ તે જ નિમિત્ત તેને થાય છે

૪. * બસ નિર્જરાનું [નિશ્ચયે, નહીં બંધનું તેને ખરે;]
[આ કથનથી દ્રવનિર્જરાનું સ્વરૂપ કહ્યું શ્રીમુનિવરે.]

ટીકા :– **[Slightly Rearranged]**

૧. * વિરાગીનો ભોગ નિર્જરા માટે જ છે
(અર્થાત્ નિર્જરાનું કારણ થાય છે).

૨. * રાગાદિભાવોના સદ્ભાવથી મિથ્યાદ્રષ્ટિને
* અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે;

૩. * રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દ્રષ્ટિને તે જ ઉપભોગ

૪. * નિર્જરાનું નિમિત્ત જ થાય છે.
* આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું.

## ગાથા-૧૯૪

ઉત્થાનિકા :–હવે ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છે :–

ગાથા :– * વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુ:ખ થાય છે,
તે ઉદિત સુખદુ:ખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.

ટીકામૃત :–

(૧) * [પરદ્રવ્ય ભોગવતાં સુખ વા દુ:ખ થાય જ છે–એ સામાન્ય નિયમ છે :]

૧. * પરદ્રવ્ય ભોગવતાં અહો તેના નિમિત્તે થાય છે,
સુખ-દુ:ખરૂપ જ ભાવ જીવને ઉદિત એવો નિયમ છે;

૨. * એ કારણે કે બે પ્રકારે માત્ર વેદન હોય છે,
શાતારૂપે અથવા અશાતારૂપ તે વેદન ખરે.

(૨) * [મિથ્યાદ્રષ્ટિને રાગના સદ્‌ભાવને કારણે પરદ્રવ્યને ભોગવતાં બંધ જ થાય છે :]

૧. * સુખરૂપ વા દુ:ખરૂપ જ્યારે ભાવ તે વેદાય છે,
રાગાદિભાવોના અહો સદ્‌ભાવથી મિથ્યાત્વીને;

૨. * તે ભાવ નિર્જરતો ભલે, પણ બંધનું કારણ અરે
થઈ, નિર્જર્યો ન થકો ખરે, બંધન જ તેને થાય છે.

(૩) * [સમ્યગ્દ્રષ્ટિને રાગના અભાવને કારણે, પરદ્રવ્યને ભોગવતાં નિર્જરા જ થાય છે :]

૧. * કિંતુ રાગાદિ ન હોવાથી અહો સદ્દ્રષ્ટિને,
નહીં બંધનું કારણ થઈ તે ભાવ નિર્જરતો ખરે;

૨. * [આ રીત] કેવળ નિર્જર્યો હોવાથી તે, સદ્દ્રષ્ટિને
બસ નિર્જરા જ કહી અહો છે [કેવળી જિનશાસને].

ટીકા :–

(૧) * [પરદ્રવ્ય ભોગવતાં સુખ વા દુ:ખ થાય જ છે—એ સામાન્ય નિયમ છે :]

૧. * પરદ્રવ્ય ભોગવવામાં આવતાં, તેના નિમિત્તે
* સુખરૂપ અથવા દુ:ખરૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે અર્થાત્ ઉત્પન્ન થાય છે,

૨. * કારણ કે વેદન શાતા અને અશાતા—એ બે પ્રકારોને અતિક્રમતું નથી
* (અર્થાત્ વેદન બે પ્રકારનું જ છે—શાતારૂપ અને અશાતારૂપ).

(૨) * [મિથ્યાદ્રષ્ટિને રાગના સદ્‌ભાવને કારણે પરદ્રવ્યને ભોગવતાં બંધ જ થાય છે :]

૧. * જ્યારે તે (સુખરૂપ અથવા દુ:ખરૂપ) ભાવ વેદાય છે ત્યારે
* રાગાદિભાવોના સદ્‌ભાવથી મિથ્યાદ્રષ્ટિને,

૨. * બંધનું નિમિત્ત થઈને (તે ભાવ) નિર્જરતાં છતાં
* (ખરેખર) નહિ નિર્જર્યો થકો, બંધ જ થાય છે;

(3) * [સમ્યગ્દ્રષ્ટિને રાગના અભાવને કારણે પરદ્રવ્યને ભોગવતાં નિર્જરા જ થાય છે :]

૧. * પરંતુ સમ્યગ્દ્રષ્ટિને, રાગાદિભાવોના અભાવથી

* બંધનું નિમિત્ત થયા વિના કેવળ નિર્જરતો જ હોવાથી

૨. * (ખરેખર) નિર્જર્યો થકો,

* નિર્જરા જ થાય છે.

## કળશ-૧૩૪

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાઓની સૂચનારૂપ શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ ખરેખર તે (આશ્ચર્યકારક) સામર્થ્ય જ્ઞાનનું જ છે
 ⁎ અથવા વિરાગનું જ છે કે
૨. ⁎ કોઈ (સમ્યગ્દ્રષ્ટિ જીવ) કર્મને ભોગવતો છતો
 ⁎ કર્મોથી બંધાતો નથી ! (અજ્ઞાનીને તે આશ્ચર્ય
૩. ⁎ ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે.)
 ⁎ [એ જ્ઞાનના સામર્થ્યને આચાર્યશ્રી આગળની ગાથાઓમાં કહેશે].

**કળશામૃત :–**

૧. * આશ્ચર્યકારક છે અહો સામર્થ્ય જ્ઞાન તણું ખરે,
 અથવા વિરાગ તણું જ એવું છે અહો સામર્થ્ય કે
૨. * સદ્દ્રષ્ટિ ભોગવતો છતાં કો કર્મને પણ તે અરે,
 નહીં કર્મથી બંધાય છે આશ્ચર્ય તે અજ્ઞાનીને
૩. * ઉપજાવતું, ને જ્ઞાની તો જાણે યથાર્થપણે ખરે,
 [એ જ્ઞાનના સામર્થ્યને આચાર્યશ્રી કહેશે હવે.]

## ગાથા – ૧૯૫

ઉત્થાનિકા :–હવે જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે :–

ગાથા :– * જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,
ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.

**ટીકામૃત :–**

(૧) * [દ્રષ્ટાંત : જેમ અમોઘ વિદ્યાના સામર્થ્યને કારણે વિષવૈદ્ય વિષ વડે મરતો નથી.]

૧. * જે વિષ કોઈ અન્ય જનના મૃત્યુનું કારણ બને,
વિષવૈદ્ય તેને ભોગવે પણ પામતો નહીં મરણને;

૨. * છે રામબાણ સમાન એવી અમોઘ વિદ્યાના બળે,
વિષ-શક્તિ રોકાઈ ગઈ હોવાથી જ્યમ તે નવ મરે;

(૨) * [સિદ્ધાંત : તેમ અમોઘ જ્ઞાનના સામર્થ્યને કારણે જ્ઞાની કર્મોદય વડે બંધાતો નથી.]

૧. * રાગાદિ ભાવ તણા અહો સદ્‌ભાવથી અજ્ઞાનીને,
જે બંધનું કારણ બને તે કર્મપુદ્‌ગલ-ઉદયને;

૨. * જ્ઞાની ભલે વેદે પરંતુ અમોઘ જ્ઞાન તણા બળે,
રાગાદિભાવ-અભાવ હોવાથી [અહો તે જ્ઞાનીને;]

૩. * કર્મોદયની શક્તિ [સહુ] રોકાઈ ગઈ હોવાથી તે,
[આગામી] પુદ્‌ગલકર્મથી જ્ઞાની નહીં બંધાય છે.

**ટીકા :**

(૧) ૧.* જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવતો છતો પણ,
૨.* અમોઘ (રામબાણ) વિદ્યાના સામર્થ્ય વડે વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી મરતો નથી,

(૨) ૧.* તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્‌ભાવથી બંધનું કારણ જે પુદ્‌ગલકર્મનો ઉદય
૨.* તેને જ્ઞાની ભોગવતો છતો પણ, અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા રાગાદિભાવોનો અભાવ હોતાં (-હોઈને)
૩.* કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ હોવાથી બંધાતો નથી.

## ગાથા-૧૯૬

ઉત્થાનિકા :-હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે :-

**ગાથા :- * જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,**
**દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.**

### ટીકામૃત :-

(૧) * [દ્રષ્ટાંત : તીવ્ર અરતિભાવથી મદિરા પીનાર પુરુષ મત્ત બનતો નથી :]

૧. * મદિરા પ્રતિ જેને પ્રવર્તે છે અરતિ અતિ તીવ્ર તે
પુરુષ કો, ત્યમ વર્તતો, મદિરા પીતાં પણ નહિ અરે !

૨. * કદી મત્ત બનતો તે અહો, અતિ અરતિભાવ તણા બળે;
. ત્યમ જ્ઞાનીને પણ રાગભાવોનો અભાવ જ હોઈને,

(૨) * [સિદ્ધાંત : તીવ્ર વૈરાગ્યભાવથી ભોગોને ભોગવનાર જ્ઞાની કર્મથી બંધાતો નથી :]

૩. * સહુ દ્રવ્યના ઉપભોગ પ્રતિ વૈરાગ્યભાવ પ્રવર્તતો,
ત્યમ વર્તતો, તે વિષયભોગો ભોગવે છે પણ અહો !

૪. * વૈરાગી અતિશય ભાવનું સામર્થ્ય હોવાને લીધે,
તે જ્ઞાની પુદ્‌ગલકર્મથી કદીયે નહિ બંધાય છે.

### ટીકા :-

૧. * જેમ કોઈ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે
* એમ વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ,

૨. * તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે મત્ત થતો નથી,
* તેમ જ્ઞાની પણ, રાગાદિભાવોના અભાવથી

૩. * સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે
* એવો વર્તતો થકો, વિષયોને ભોગવતાં છતાં પણ,

૪. * તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે
* (કર્મોથી) બંધાતો નથી.

## કળશ-૧૩૫

ઉત્થાનિકા :–હવે આ અર્થનું અને આગળની ગાથાના અર્થની સૂચનાનું કાવ્ય કહે છે :

**શ્લોકાર્થ :–**

૧. ∗ કારણ કે આ (જ્ઞાની) પુરુષ વિષયોને સેવતો છતો
∗ પણ જ્ઞાનવૈભવના અને

૨. ∗ વિરાગતાના બળથી વિષયસેવનના
∗ નિજફળને (-રંજિત પરિણામને) ભોગવતો નથી—પામતો નથી,

૩. ∗ તેથી આ (પુરુષ) સેવક છતાં અસેવક છે
∗ (અર્થાત્ વિષયોને સેવતાં છતાં નથી સેવતો).

**કળશામૃત :–**

૧. * એ કારણે કે જ્ઞાની આ વિષયો તણું સેવન કરે,
તોપણ અહો તે ના કદી નિજ જ્ઞાનના વૈભવ અને

૨ * વૈરાગ્યના બળથી અહો, તે વિષયસેવનના અરે,
ફળસ્વરૂપ જે રંજિત નિજ પરિણામ નહિ પામે ખરે;

૩. * તેથી અહો આ પુરુષ સેવક છે છતાં સેવક નથી,
તે ભોગવે વિષયો ભલે પણ વિષય ભોગવતો નથી.

## ગાથા – ૧૯૭

ઉત્થાનિકા :–હવે આ જ વાતને પ્રગટ દ્રષ્ટાંતથી બતાવે છે :–

ગાથા :– * સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,
પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.

### ટીકામૃત :–

(૧) * [દ્રષ્ટાંત : જેને પ્રકરણ*નું સ્વામીપણું છે તે જ ખરેખર પ્રાકરણિક** છે :]

૧. * પ્રકરણ તણી ક્રિયા મહીં જ્યમ પુરુષ કોઈ પ્રવર્તતો
હોવા છતાં, પ્રકરણ તણું સ્વામીપણું નવ હોય તો;

૨. * તે પુરુષ પ્રાકરણિક નથી ને કોઈ જો પુરુષ બીજો,
પ્રકરણ તણી ક્રિયા મહીં ન પ્રવર્તતો તે હોય જો;

૩. * પણ સ્વામીપણું પ્રકરણ તણું તેને ખરેખર હોય તો,
તે પુરુષ પ્રાકરણિક અહો, અણસેવતો સેવક કહ્યો.

(૨) * [સિદ્ધાંત : વિષયસેવનના ફળનું જેને સ્વામીપણું છે તે જ ખરેખર સેવક છે :]

૧. * તેવી રીતે સદ્દ્રષ્ટિ સંચિતપૂર્વ કર્મોદય વડે,
જે પ્રાપ્ત છે એવા વિષયને સેવતો હોતો ભલે;

૨. * રાગાદિભાવોના અભાવે વિષયસેવન ફળ તણું,
સ્વામીપણું નવ હોઈને નથી સેવતો [-જિને કહ્યું;]

૩. * ને કોઈ મિથ્યાદ્રષ્ટિ જો નહિ સેવતો વિષયો ભલે,
રાગાદિભાવોનો અહો સદ્ભાવ હોવાને લીધે;

૪. * તેને વિષયસેવન તણા ફળનું ધણીપણું હોઈને,
મિથ્યાત્વી તે [નહિ સેવતો પણ છે અહો] સેવક ખરે.

---

* પ્રકરણ=કાર્ય ** પ્રાકરણિક = કાર્ય કરનાર

### ટીકા :–

(૧) [દ્રષ્ટાંત : જેને પ્રકરણનું સ્વામીપણું છે તે જ ખરેખર પ્રાકરણિક છે :]

૧. * જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો
 * હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી

૨. * પ્રાકરણિક નથી અને બીજો પુરુષ
 * પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો હોવા

૩. * છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી
 * પ્રાકરણિક છે,

(૨) * [સિદ્ધાંત : વિષયસેવનના ફળનું જેને સ્વામીપણું છે તે જ ખરેખર સેવક છે :]

૧. * તેવી રીતે સમ્યગ્દ્રષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી

* પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં

૨. * રાગાદિભાવોના અભાવને લીધે વિષયસેવનના ફળનું

* સ્વામીપણું નહિ હોવાથી અસેવક જ છે (અર્થાત્ સેવનારો નથી)

૩. * અને મિથ્યાદ્રષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં

* રાગાદિભાવોના સદ્ભાવને લીધે

૪. * વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી

* સેવક જ છે.

## કળશ – ૧૩૬

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાઓની સૂચનાનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ સમ્યગ્દ્રષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે;
∗ કારણ કે તે (સમ્યગ્દ્રષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને
૨. ∗ પરનો ત્યાગ કરવાની
∗ વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે,
૩. ∗ 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે'
∗ એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે (-ટકે છે)
૪. ∗ અને પરથી—રાગના યોગથી—સર્વ પ્રકારે વિરમે છે.
(આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.)

**કળશામૃત :–**

૧. * જ્ઞાન ને વૈરાગ્યની શક્તિ નિયમથી હોય છે
સદ્દ્રષ્ટિને, એ કારણે કે નિજ સ્વરૂપ-ગ્રહણ અને
૨. * પરિત્યાગ સહુ પર [દ્રવ્ય ને પરભાવ]નો કરવાની જે
વિધિ વડે, નિજના યથાર્થ સ્વરૂપનો અભ્યાસ કે
૩. * 'આ સ્વરૂપ છે નિજ આત્મનું ને આ અહો પર [ભાવ] છે,'
પરમાર્થથી જાણી અહો એ ભેદને નિજમાં રહે;
૪. * ને સર્વ રીતે રાગયોગોથી સહુ વિરમે ખરે,
[આ રીત જ્ઞાન-વિરાગની શક્તિ વિના નહિ હોય છે.]

## ગાથા-૧૯૮

ઉત્થાનિકા :–હવે પ્રથમ, સમ્યગ્દ્રષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે—એમ ગાથામાં કહે છે :–

ગાથા :– * કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,
તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.

ટીકામૃત :–

૧. * ઉપજેલ કર્મોદય તણા જ વિપાકથી જેઓ બધાં,
ભાવો અનેક પ્રકારના, મારા સ્વભાવો ના અહા;

૨. * પ્રત્યક્ષ આ ટંકોત્કીર્ણ હું એક જ્ઞાયકભાવ છું;
[સામાન્યરૂપે આ રીતે કરું ભેદજ્ઞાન સ્વ-પર તણું.]

ટીકા :–

૧. * જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા
* અનેક પ્રકારના ભાવો છે તે મારા સ્વભાવો નથી;

૨. * હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.
* [સમ્યગ્દ્રષ્ટિ જીવ સામાન્યપણે સ્વનું અને પરનું ભેદજ્ઞાન આ પ્રમાણે કરે છે.]

## ગાથા-૧૯૯

ઉત્થાનિકા :–હવે સમ્યગ્દ્રષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે—એમ કહે છે :–

ગાથા :– * પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.

ટીકામૃત :–

૧. * જે 'રાગ' નામક કર્મપુદ્‌ગલ છે ખરેખર તેહના,
વિપાક ઉદય તણા થકી ઉપજેલ રાગરૂપે અહા;

૨. * જે ભાવ, તે મારો સ્વભાવ નથી ખરે હું છું સદા,
પ્રત્યક્ષ અનુભવગમ્ય ટંકોત્કીર્ણ જ્ઞાયક એક આ.

૩. * આ રીત સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની જીવ જાણે છે સદા,
નિજને અને પરને વિશેષણપણે ખરે [-તાત્પર્ય આ.]

૪. * (વળી આ જ રીતે દ્વેષ તેમજ મોહ તેમજ ક્રોધ ને
વળી માન, માયા, લોભ તેમજ કર્મ ને નોકર્મ ને

૫. * મન, વચન, કાયા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસ ને સ્પર્શ એ,
ભાવો તણું વ્યાખ્યાન કરીને અન્ય સૂત્ર વિચારજે.)

ટીકા :–

૧. * ખરેખર રાગ નામનું પુદ્‌ગલકર્મ છે તેના
* ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ

૨. * ભાવ છે, મારો સ્વભાવ નથી; હું તો
* આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.

૩. * (આ રીતે સમ્યગ્દ્રષ્ટિ વિશેષપણે
* સ્વને અને પરને જાણે છે).

૪. * વળી આ જ પ્રમાણે 'રાગ' પદ બદલીને તેની જગ્યાએ દ્વેષ, મોહ, ક્રોધ,
* માન, માયા, લોભ, કર્મ, નોકર્મ,

૫. * મન, વચન, કાયા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન
* –એ શબ્દો મૂકી સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં (-કહેવા) અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

## ગાથા – ૨૦૦

ઉત્થાનિકા :–આ રીતે સમ્યગ્દ્રષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો થકો નિયમથી જ્ઞાન-વૈરાગ્ય સંપન્ન હોય છે—એમ હવેની ગાથામાં કહે છે :–

**ગાથા :– * સુદ્રષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦**

**ટીકામૃત :–**

૧. * સામાન્ય તેમ વિશેષરૂપે જ્ઞાની જીવ આવી રીતે;
પરભાવરૂપ સહુ ભાવથી વિવેકજ્ઞાન કરી અને
૨. * ટંકોત્કીર્ણ જ એક જ્ઞાયકભાવ જેનો ભાવ છે,
એવા અહો નિજ તત્ત્વને સારી રીતે જાણી* અને
૩. * આ રીત જાણી તત્ત્વને, કરી ગ્રહણ નિજના ભાવને,
પરભાવનો કરી ત્યાગ, જેથી નીપજતા વસ્તુત્વને
૪. * નિજના અહો વિસ્તારતો, કરતો પ્રસિદ્ધ [સુદ્રષ્ટિ તે],
ઉપજેલ કર્મઉદય તણા વિપાકથી સહુ ભાવ જે;
૫. * છોડે જ છે જ્ઞાની અહો, તેથી નિયમથી હોય છે
તે જ્ઞાન ને વૈરાગ્યથી સંપન્ન—સિદ્ધ થયું ખરે.

---

* જાણે છે = અનુભવે છે.

**ટીકા :–**

૧. * આ રીતે સમ્યગ્દ્રષ્ટિ સામાન્યપણે અને વિશેષપણે
* પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી વિવેક (ભેદજ્ઞાન, ભિન્નતા) કરીને,
૨. * ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે
* એવું જે આત્માનું તત્ત્વ તેને (સારી રીતે) જાણે* છે, અને
૩. * એ રીતે તત્ત્વને જાણતો, સ્વભાવના ગ્રહણ
* અને પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય પોતાના વસ્તુત્વને
૪. * વિસ્તારતો (–પ્રસિદ્ધ કરતો),
* કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવોને
૫. * છોડે છે. તેથી તે (સમ્યગ્દ્રષ્ટિ) નિયમથી
* જ્ઞાન વૈરાગ્યસંપન્ન હોય છે (એમ સિદ્ધ થયું).

## કળશ – ૧૩૭

ઉત્થાનિકા :–''જે જીવ પરદ્રવ્યમાં આસક્ત—રાગી છે અને સમ્યગ્દ્રષ્ટિપણાનું અભિમાન કરે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે જ નહિ, વૃથા અભિમાન કરે છે'' એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * 'આ હું પોતે સમ્યગ્દ્રષ્ટિ છું, મને કદી બંધ થતો નથી,
   * (કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દ્રષ્ટિને બંધ કહ્યો નથી)'

૨. * એમ માનીને જેમનું મુખ ગર્વથી ઊંચું તથા
   * પુલકિત (રોમાંચિત) થયું છે એવા રાગી જીવો (-પરદ્રવ્ય પ્રત્યે રાગ-દ્વેષ-મોહ ભાવવાળા જીવો) ભલે

૩. * મહાવ્રતાદિનું આચરણ કરો તથા સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો
   * તોપણ હજુ તેઓ પાપી (મિથ્યાદ્રષ્ટિ) જ છે,

૪. * કારણ કે આત્મા અને અનાત્માના જ્ઞાનથી
   * રહિત હોવાથી તેઓ સમ્યક્ત્વથી રહિત છે.

**કળશામૃત :–**

૧. * 'આ હું સ્વયં છું જ્ઞાની મુજને બંધ કદી થાતો નથી,
છે કથન—બંધ નથી કદી સદ્દ્રષ્ટિને—આગમ મહીં;'

૨. * ત્યમ માનીને જેનું અહો મુખ ગર્વથી ઊંચું અને
પુલકિત થયું છે તેહ રાગી-દ્વેષી-મોહી જીવો ભલે;

૩. * મોટા વ્રતાદિ ને અહા ઉત્કૃષ્ટ સમિતિ આચરે,
તોપણ હજુ તેઓ સહુ છે પાપી મિથ્યાત્વી ખરે;

૪. * એ કારણે કે આતમા—અણઆતમાના જ્ઞાનથી
છે રહિત, તેથી તે જીવો છે રહિત પણ સમકિતથી.

## ગાથા – ૨૦૧, ૨૦૨

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દ્રષ્ટિ ન હોય? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
તે સર્વ આગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.
* નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદ્રષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.

### ટીકામૃત :–

૧. * અજ્ઞાનમય રાગાદિભાવોનો અહો સદ્‌ભાવ છે
બસ લેશમાત્ર જ પણ અહો જે જીવને, તે હો ભલે
૨. * શ્રુતકેવળી સમ, પણ છતાં જે જ્ઞાનમય ભાવો તણા,
અભાવને લીધે નથી જે જાણતો નિજ આતમા;
૩. * ને આતમાને જીવ જે નથી જાણતો તે જીવ ખરે,
નથી જાણતો અણઆતમાને* પણ અરે એ કારણે;
૪. * કે સ્વરૂપથી અસ્તિ તથા પરરૂપથી નાસ્તિ અહા,
—એ બે વડે પણ એક વસ્તુનો થતો નિશ્ચય સદા;
૫. * (આ રીત જેને રાગનો નિશ્ચય થયેલો હોય છે,
તેને અણાત્મા—આત્મનો નિશ્ચય ખરેખર હોય છે.)
૬. * તેથી અહો જે જાણતો નથી આતમા—અણઆતમા,
જીવ-અજીવને નથી જાણતો તે જીવ નિશ્ચયથી સદા;
૭. * ને જીવ જે નથી જાણતો જીવ-અજીવને તે હોય ના,
સુદ્રષ્ટિ કદી નક્કી અહા, [-જિનવરતણું છે વચન આ.]
૮. * આ રીત સિદ્ધ થયું અહો કે રાગી જીવ નહીં કદા,
સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે, અજ્ઞાનને કારણ સદા.

---

* અણઆતમાને = અનાત્માને = રાગને

### ટીકા :–

૧. * જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના
* લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે તે ભલે
૨. * શ્રુતકેવળી જેવો હો તોપણ જ્ઞાનમય ભાવના
* અભાવને લીધે આત્માને નથી જાણતો;
૩. * અને જે આત્માને નથી જાણતો તે
* અનાત્માને પણ નથી જાણતો કારણ

૪. * કે સ્વરૂપે સત્તા [અસ્તિ] અને પરરૂપે અસત્તા [નાસ્તિ]–
   * એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે;
૫. * (જેને અનાત્માનો—રાગનો–નિશ્ચય થયો હોય
   * તેને અનાત્મા અને આત્મા—બંનેનો નિશ્ચય હોવો જોઈએ.)
૬. * એ રીતે જે આત્મા અને અનાત્માને નથી જાણતો
   * તે જીવ અને અજીવને નથી જાણતો;
૭. * અને જે જીવ-અજીવને નથી જાણતો
   * તે સમ્યગ્દ્રષ્ટિ જ નથી.
૮. * માટે રાગી (જીવ)
   * જ્ઞાનના અભાવને લીધે સમ્યગ્દ્રષ્ટિ હોતો નથી.

## કળશ – ૧૩૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જે કાવ્ય દ્વારા આચાર્યદેવ અનાદિથી રાગાદિકને પોતાનું પદ જાણી સૂતેલાં રાગી પ્રાણીઓને ઉપદેશ કરે છે : –

**શ્લોકાર્થ :–**

૧. * (શ્રીગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :)
 * હે અંધ પ્રાણીઓ ! અનાદિ સંસારથી માંડીને
૨. * પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત
 * વર્તતા થકા જે પદમાં સૂતા છે—ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન
૩. * અપદ છે—અપદ છે, (તમારું સ્થાન નથી,) એમ તમે સમજો.
 (બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.)
 * આ તરફ આવો—આ તરફ આવો, (અહીં નિવાસ કરો,)
૪. * તમારું પદ આ છે—આ છે
 * જ્યાં શુદ્ધ શુદ્ધ ચૈતન્યધાતુ નિજ રસની
૫. * અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે
 * અર્થાત્ સ્થિર છે—અવિનાશી છે.
 (અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બંનેની શુદ્ધતા સૂચવે છે.
૬. * સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે.)

**કળશામૃત :–**

૧. * સંસારી ભવ્ય જીવો સહુને શ્રીગુરુ સંબોધતા—
હે અંધ પ્રાણીઓ ! અનાદિથી જ આ સંસારમાં,
૨. * પ્રત્યેક પર્યાયે જીવો આ રાગી મત્ત થઈ અહા!
વર્તી સદા, પદમાં સૂતા છે [તે જીવો] જે સ્થાનમાં;
૩. * તે અપદ છે, તે અપદ છે, એવું તમે સમજો અહા !
આવો અહીં, આવો અહીં, અહીંયા નિવાસ કરો સદા;
૪. * આ છે, અહા આ છે તમારું પદ [ખરેખર છે અહા!]
ચેતન્યધાતુ શુદ્ધ શુદ્ધ અહો જહાં નિજરસ તણા,
૫. * અતિશયપણાને કારણે સ્થાયીપણાને પ્રાપ્ત છે;
(આ રીત વસ્તુ સ્થિર છે, દ્રવ-ભાવથી પણ શુદ્ધ છે.)
૬. * સહુ અન્ય દ્રવ્યોથી જુદો હોવાથી દ્રવ્યે શુદ્ધ છે,
ને પરનિમિત્તિકભાવવિરહિત હોઈ ભાવથી શુદ્ધ છે.

## ગાથા – ૨૦૩

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે (હે ગુરુદેવ!) તે પદ ક્યું છે? (તે તમે બતાવો.) તે પ્રશ્નનો ઉત્તર કહે છે.

ગાથા :– * જીવમાં અપદ્દભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,
સ્થિર, નિયત એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.

### ટીકામૃત :–

(૧) * [અતત્સ્વભાવે અનુભવાતા પરભાવો સ્થાતાનું સ્થાન નથી :]

૧. * બહુ દ્રવ્ય-ભાવની મધ્યમાં ભગવાન આત્મામાં ખરે,
અતત્સ્વભાવે અનુભવાતા ભાવ પરભાવોરૂપે;

૨. * અનેક ને અનિયત અવસ્થાવાન તેઓ ક્ષણિક છે,
વ્યભિચારી ભાવો તે બધાં અસ્થાયી હોવાને લીધે;

૩. * રહેનારનું રહેઠાણ થઈ શકવા નહિ તે યોગ્ય છે,
તેથી અપદ્દભૂત છે સહુ [–જિનવરતણું એ કથન છે;]

(૨) * [તત્સ્વભાવે અનુભવાતો જ્ઞાનભાવ સ્થાતાનું સ્થાન છે :]

૧. * ને તત્સ્વભાવે અનુભવાતો નિયત 'વસ્થાવ઼ાન* છે,
જે એક છે ને નિત્ય છે, વ્યભિચારહીન તે ભાવ જે;

૨. * ચૈતન્યમાત્ર જ જ્ઞાનમય એ ભાવ એવો હોઈને,
તે એકમાત્ર જ સ્થાયી હોવાને લીધે પોતે ખરે;

૩. * રહેનારનું રહેઠાણ થઈ શકવા અહો તે યોગ્ય છે,
તેથી અહો પદભૂત છે એ કારણે છોડી અરે!

૪. * અસ્થાયી ભાવોને બધા, જે સ્થાયી ભાવે છે ખરે,
આસ્વાદમાં જે આવતું પરમાર્થરસરૂપ જ્ઞાન એ;

૫. * બસ એક માત્ર જ તે ખરે આસ્વાદવાને યોગ્ય છે.
['સાચું ક્યું છે મારું પદ ?'–સમજાવ્યું તે શ્રીગુરુવરે.]

---

* 'વસ્થાવાન = અવસ્થાવાન = અવસ્થાવાળો.

### ટીકા :–

(૧) * [અતત્સ્વભાવે અનુભવાતા પરભાવો સ્થાતાનું સ્થાન નથી.]

૧. * ખરેખર આ ભગવાન આત્મામાં બહુ દ્રવ્ય-ભાવો મધ્યે (-દ્રવ્યભાવરૂપ ઘણા ભાવો મધ્યે),
* જે અતત્સ્વભાવે અનુભવાતા (આત્માના સ્વભાવરૂપે નહિ પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા),

૨. * અનિયત અવસ્થાવાળા, અનેક, ક્ષણિક
* વ્યભિચારી ભાવો છે, તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે

૩. * સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય
   * હોવાથી અપદ્‌ભૂત છે [–એમ જિનવર કહે છે];

(૨) * [તત્સ્વભાવે અનુભવાતો જ્ઞાનભાવ સ્થાતાનું સ્થાન છે :]

૧. * અને જે તત્સ્વભાવે (અર્થાત્ આત્માના સ્વભાવરૂપે) અનુભવાતો, નિયત અવસ્થાવાળો,
   * એક, નિત્ય, અવ્યભિચારી ભાવ

૨. * (ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ) છે,
   * તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે

૩. * સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેવાનું રહેઠાણ થઈ શકવા યોગ્ય હોવાથી
   * પદભૂત છે તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી,

૪. * જે સ્થાયીભાવરૂપ છે
   * એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન

૫. * એક જ આસ્વાદવા યોગ્ય છે.
   * [‘તે પદ ક્યું છે?’—એવા શિષ્યના પ્રશ્નનો શ્રી ગુરુદેવે આ રીતે ઉત્તર કહ્યો.]

## કળશ – ૧૩૯

ઉત્થાનિકા :–હવે આ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે

* કે જે વિપત્તિઓનું અપદ છે (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી)

૨. * અને જેની આગળ અન્ય (સર્વ) પદો અપદ જ ભાસે છે.

* [એવું આ જ્ઞાનપદ જ મારું યથાર્થ પદ છે.]

**કળશામૃત :–**

૧. * તે એકમાત્ર જ પદ અહો આસ્વાદવાને યોગ્ય છે,
કે જેહમાં કોઈ વિપત્તિ સ્થાન નહિ પામી શકે;

૨. * ને જેની પાસે અન્ય પદ સૌ અપદરૂપ ભાસે જ છે;
[એવું અહો પદ જ્ઞાનભાવ તણું જ છે મારું ખરે.]

## કળશ – ૧૪૦

ઉત્થાનિકા :–વળી કહે છે કે આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો,
   * (એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી

૨. * માટે) દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ
   * (અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ).

૩. * આત્માના અનુભવના—સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી
   * નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધ પરિણતિને) જાણતો—આસ્વાદતો

૪. * (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવમાંથી
   * બહાર નહિ આવતો)

૫. * આ આત્મા જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો,
   * સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો,

૬. * સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે–
   * એકરૂપે પ્રાપ્ત કરે છે.

**કળશામૃત :–**

૧. * એક જ્ઞાયકથી ભરેલા સ્વાદને આસ્વાદતો,
(બસ જ્ઞાનમાં એકાગ્ર થાતાં સ્વાદ નહિ આવે બીજો

૨. * તેથી) સમર્થ ન ચાખવાને દ્વંદ્વમય કો સ્વાદને,
(વર્ણાદિ, રાગાદિ તથા નહિ જ્ઞાનના પણ ભેદને;)

૩. * આત્માનુભવના સ્વાદના જ પ્રભાવને આધીન થતો
હોવાથી, નિજ વસ્તુ તણી વૃત્તિ અહો આસ્વાદતો;

૪. * બેજોડ એવા આતમાના સ્વાદનો અનુભવ તજી,
નથી બહાર તે જીવ આવતો [નિજ આતમામાંથી કદી;]

૫. * કરી ગૌણ જ્ઞાન તણા અહા વિધવિધ ઉદયવિશેષને,
આ આતમા આસ્વાદતો સામાન્યમાત્ર જ જ્ઞાનને;

૬. * [આ રીત] એકપણા મહીં તે લાવી જ્ઞાન સમસ્તને,
પ્રાપ્તિ કરે છે એકમાત્ર જ જ્ઞાનની [જ્ઞાની ખરે.]

## ગાથા – ૨૦૪

ઉત્થાનિકા :–હવે, 'કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે' એવા અર્થની ગાથા કહે છે :–

ગાથા :– * મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,
આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.

ટીકામૃત :–

(૧) * [આત્મા તે જ જ્ઞાન છે, જ્ઞાનના ભેદો સામાન્ય જ્ઞાનને જ અભિનંદે છે :]

૧. * પરમાર્થ છે આત્મા ખરેખર, આતમા તે જ્ઞાન છે,
વળી આતમા એક જ પદારથ છે અને તેથી ખરે;

૨. * આ જ્ઞાન પણ પદ એક માત્ર જ છે [અહો જિનવર કહે,]
[આ રીત આત્મા જ્ઞાનપદ ને જ્ઞાનપદ આત્મા જ છે.]

૩. * જે જ્ઞાન નામક એક છે આ પદ અહો તે છે ખરે,
પરમાર્થમાત્ર સ્વરૂપ આ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.

૪. * મતિજ્ઞાન આદિ જ્ઞાનના ભેદો અહીં જે વર્ણવ્યાં,
નથી ભેદતાં તેઓ સહુ આ એક પદને પણ અહા!

૫. * તેઓ બધાં અભિનંદતા આ એક પદને પણ સદા,
કઈ રીત તે દ્રષ્ટાંતથી આચાર્યશ્રી સમજાવતા.

(૨) * [સૂર્ય તથા મેઘપટલ અને આત્મા તથા ક્ષયોપશમ જ્ઞાનનું દ્રષ્ટાંત કહે છે :]

૧. * જેવી રીતે આ જગતમાં આવરિત મેઘપટલ વડે
સૂરજ, પ્રગટતો પટલના વિઘટન અનુસારે અને

૨. * તેના પ્રકાશનની હીનાધિકતારૂપે ભેદો બધાં,
સામાન્યરૂપ તેના પ્રકાશસ્વભાવને નહિ ભેદતાં;

૩. * તેવી રીતે આવરિત કર્મપટલ ઉદયથી આતમા
પામે પ્રગટતા કર્મના વિઘટન અનુસારે અહા !

૪. * હીન અધિકતારૂપ ભેદ વિધવિધ જ્ઞાનના તેના થતાં,
નથી ભેદતા સામાન્ય જ્ઞાનસ્વભાવને તેઓ અહા!

૫. * કિંતુ તે ભેદો અહો અભિનંદતા સામાન્યને,
[છે એકરૂપ અભેદ જે જ્ઞાયકસ્વભાવી આત્મને.]

(3) * [એક જ્ઞાનનું જ આલંબન કરવાથી કઈ રીતે મોક્ષ થાય છે તે સમજાવે છે :]

૧. * તેથી અહો જેમાં સહુ ભેદો થયા છે દૂર એ,
ત્રિકાળ જ્ઞાનસ્વભાવને અવલંબીને બસ એકને;

૨. * તેના જ અવલંબન થકી, નિજ પદની પ્રાપ્તિ થાય છે,
ને નાશ ભ્રાંતિતણો અને નિજ આત્મલાભ જ થાય છે;
૩. * પરિહાર અણઆત્મા* તણો તેનાથી સિદ્ધ જ થાય છે
ને તેથી કર્મતણું અહો બહુ જોર પણ રોકાય છે;
૪. * નથી રાગદ્વેષવિમોહની ઉત્પત્તિ થાતી તેહથી,
ને રાગદ્વેષવિમોહવિણ ફરી કર્મ આસ્રવતું નથી;
૫. * આસ્રવ વિના તેથી અહો ફરી કર્મ નહીં બંધાય છે,
ને કર્મ પૂર્વનિબદ્ધની બસ નિર્જરા થઈ જાય છે;
૬. * સહુ કર્મના જ અભાવથી સાક્ષાત્ મુક્તિ થાય છે.
(નિજ જ્ઞાનના આશ્રય તણો આવો મહિમા છે ખરે!)

---

* અણઆત્મા = અનાત્મા = રાગદ્વેષાદિ વિકારી ભાવો

## ટીકા :–

(૧) * [આત્મા તે જ જ્ઞાન છે, જ્ઞાનના ભેદો સામાન્ય જ્ઞાનને જ અભિનંદે છે :]

૧. * આત્મા ખરેખર પરમાર્થ (પરમ પદાર્થ) છે અને તે (આત્મા) જ્ઞાન છે;
* વળી આત્મા એક જ પદાર્થ છે; તેથી

૨. * જ્ઞાન પણ એક જ પદ છે.
*; [આ રીતે આત્મા જ્ઞાનપદ અને જ્ઞાનપદ આત્મા જ છે.]

૩. * જે આ જ્ઞાન નામનું એક પદ છે
* તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.

૪. * અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો
* આ એક પદને ભેદતા નથી પરંતુ

૫. * તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે (-ટેકો આપે છે).
* તે દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છે :–

(૨) * [સૂર્ય તથા મેઘપટલ અને આત્મા તથા ક્ષયોપશમજ્ઞાનનું દ્રષ્ટાંત કહે છે :]

૧. * જેવી રીતે આ જગતમાં વાદળાંના પટલથી ઢંકાયેલો સૂર્ય
* કે જે વાદળાંના વિઘટન* અનુસારે પ્રગટપણું પામે છે,

૨. * તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશનની (પ્રકાશવાની હીનાધિકતારૂપ ભેદો
* તેના (સામાન્ય) પ્રકાશસ્વભાવને ભેદતા નથી,

૩. * તેવી રીતે કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા
* કે જે કર્મના વિઘટન* (ક્ષયોપશમ) અનુસારે પ્રગટપણું પામે છે,

૪. * તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો
   * તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી
૫. * પરંતુ ઊલટા તેને અભિનંદે છે.
   * [કે જે એકરૂપ અભેદ જ્ઞાનસ્વભાવી આત્મા છે.]
(૩) * [એક જ્ઞાનનું જ આલંબન કરવાથી કઈ રીતે મોક્ષ થાય છે તે સમજાવે છે :]
૧. * માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા
   * આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.
૨. * તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,
   * ભ્રાંતિનો નાશ થાય છે, આત્માનો લાભ થાય છે,
૩. * અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,
   * (એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી,
૪. * રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી,
   * (રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી,
૫. * (આસ્રવ વિના) ફરી કર્મ બંધાતું નથી,
   * પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે,
૬. * સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે.
   * (આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે.)

---

* વિઘટન = છૂટું પડવું તે; વિખરાઈ જવું તે; નાશ

## કળશ – ૧૪૧

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ
 * તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય એવી
૨. * જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદન વ્યક્તિઓ
 * (–જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતા જ્ઞાનના ભેદો)
૩. * આપોઆપ ઊછળે છે, તે આ ભગવાન અદ્‌ભૂત
 * નિધિવાળો ચૈતન્યરત્નાકર
૪. * જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે
 * જેનો રસ અભિન્ન છે એવો, એક હોવા છતાં
૫. * અનેક થતો, જ્ઞાનપર્યાયોરૂપી
 * તરંગો વડે દોલાયમાન થાય છે—ઊછળે છે.

**કળશામૃત :–**

૧. * પીધેલ સર્વ પદાર્થના સમૂહોરૂપી રસ જે અહો !
 તેની અતિશયતાથી જાણે મત્ત થઈ એવી અહો!
૨. * નિર્મળથી પણ નિર્મળ સમી જેની સહુયે વ્યક્તિઓ,
 અનુભવ મહીં જે આવતા તે જ્ઞાનના ભેદો અહો !
૩. * ઊછળે સ્વયં છે, તેહ આ ભગવાન છે અદ્‌ભુત અહો !
 નિધિવંત છે ચૈતન્યરત્નોથી ભર્યો સાગર અહો !
૪. * એ જ્ઞાનપર્યાયોરૂપી જેના તરંગોથી અહો !
 અભિન્ન છે રસ જેહનો, એવો ભલે તે એક હો;
૫. * તોપણ અનેક થતો થકો તે જ્ઞાનપર્યાયોરૂપે,
 તંરગથી ડોલાયમાન થતો અહો ઊછળી રહે.

## કળશ – ૧૪૨

ઉત્થાનિકા :–હવે વળી વિશેષ કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને
∗ મોક્ષથી પરાङ્મુખ એવાં કર્મો વડે

૨. ∗ સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના) ક્લેશ પામે
∗ તો પામો અને બીજા કોઈ જીવો

૩. ∗ મોક્ષની સન્મુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપના
∗ ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા (–તૂટી મરતા થકા)

૪. ∗ ક્લેશ પામે તો પામો;
∗ (પરંતુ) જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે,

૫. ∗ નિરામય (રાગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે અને
∗ સ્વયં સંવેદ્યમાન છે (અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે)

૬. ∗ એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના*
∗ કોઈપણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.

---

* જ્ઞાનગુણ વિના = જ્ઞાનગુણના આશ્રય વિના = જ્ઞાનસ્વભાવની એકાગ્રતા વિના

**કળશામૃત :–**

૧. * કોઈ જીવો તો જે અતિ દુષ્કર અને છે જે અરે,
નથી મોક્ષની સન્મુખ જરાયે તેહ કર્મોથી ખરે;

૨. * સ્વયમેવ જિનઆજ્ઞા વિના પામે અરે બહુ ક્લેશ જો;
પામો અહો તો ને બીજા પણ અન્ય એવા જીવ કો;

૩. * જિનવર કથિત છે જે કથંચિત્ તે મહાવ્રત, તપ તણા
બહુ ભારથી બહુ કાળ સુધી ભગ્નરૂપ થયા થકા;

૪. * પામે ભલે જો ક્લેશ તો પામો અહો તેવા જીવો,
કિંતુ છે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ જે વળી છે અહો;

૫. * રાગાદિ ક્લેશ સમસ્ત વિરહિત એવું પદ છે તે અને
સંવેદ્યમાન સ્વયં ખરે તે નિજ થકી વેદાય છે;

૬. * એવું અહો આ જ્ઞાન તો એ જ્ઞાનની પરિણતિ વિના,
કો પણ રીતે તેઓ ખરે નથી પ્રાપ્ત કરી શકતા કદા.

## ગાથા – ૨૦૫

ઉત્થાનિકા :–હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છે :–

ગાથા :– * બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;
રે ! ગ્રહણ કર તું નિયત આ જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.

ટીકામૃત :–

૧. * રે કર્મકાંડ[૧] મહીં ન જ્ઞાન તણું પ્રકાશવું[૨] હોઈને,
સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ[૩] થતી જ નથી અરે;
૨. * ને જ્ઞાનમાં જ પ્રકાશવું આ જ્ઞાનનું હોવાથી એ,
બસ એક કેવળ જ્ઞાનથી[૪] પ્રાપ્તિ જ જ્ઞાનની થાય છે.
૩. * તેથી ઘણાયે જીવ થઈને જ્ઞાનશૂન્ય કરે ભલે;
પુષ્કળ પ્રકારે કર્મ પણ નહીં જ્ઞાનપદ પામે અને
૪. * નહીં પામતાં આ પદ, ન તેઓ કર્મમુક્ત બને અરે,
તેથી જ કર્મથી મોક્ષના ઇચ્છુક પુરુષોએ ખરે;
૫. * બસ એક કેવળ જ્ઞાનમાત્ર તણા અહો આશ્રય વડે,
છે નિયત એવું એક આ પદ પ્રાપ્ત કરવાયોગ્ય છે.

---

૧. કર્મ = રાગાદિ

૨. જ્ઞાનનું પ્રકાશવું = શુદ્ધ પરિણતિ, સ્વરૂપમાં એકાગ્રતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર

૩. જ્ઞાનની પ્રાપ્તિ = સ્વસંવેદન-અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ

૪. જ્ઞાનથી = ત્રિકાળી આત્મામાં એકાગ્રતા કરવાથી

ટીકા :–

૧. * કર્મમાં[૧] (કર્મકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું[૨] નહિ હોવાથી
* સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ[૩] થતી નથી;
૨. * જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી
* કેવળ (એક) જ્ઞાનથી[૪] જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.
૩. * માટે જ્ઞાનશૂન્ય ઘણાય જીવો,
* પુષ્કળ (ઘણા પ્રકારનાં) કર્મ કરવાથી પણ આ જ્ઞાનપદને પામતા નથી અને
૪. * આ પદને નહિ પામતા થકા તેઓ કર્મથી મુક્ત થતા નથી;
* માટે કર્મથી મુક્ત થવા ઇચ્છનારે
૫. * કેવળ (એક) જ્ઞાનના આલંબનથી,
* નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવાયોગ્ય છે.

## કળશ – ૧૪૩

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ (જ્ઞાનસ્વરૂપ) પદ કર્મથી[૨] ખરેખર દુરાસદ્[૧] છે અને
 * સહજ જ્ઞાનની કળા[૩] વડે ખરેખર સુલભ છે;

૨. * માટે નિજજ્ઞાનની કળાના બળથી
 * આ પદને અભ્યાસવાને[૪] જગત સતત પ્રયત્ન કરો.

**કળશામૃત :–**

**૧. * દુષ્પ્રાપ્ય[૧] છે આ જ્ઞાનમય પદ કર્મથી[૨] જ ખરે અને**
**બસ સહજ જ્ઞાનકળા[૩] વડે તે પદ ખરેખર સુલભ છે;**

**૨. * તેથી તમે નિજ જ્ઞાનના અભ્યાસના[૪] બળથી અહો,**
**આ પદની પ્રાપ્તિ કાજ સૌ જીવો પ્રયત્ન સતત કરો.**

---

નોંધ :– ૧. દુરાસદ્ = દુષ્પ્રાપ્ય; દુર્લભ; અપ્રાપ્ય; ન જીતી શકાય એવું,

૨. કર્મ = શુભ રાગ

૩. કળા = અભ્યાસ, અનુભવ

૪. અભ્યાસવાને = અનુભવવાને, પ્રાપ્ત કરવાને.

## ગાથા - ૨૦૬

ઉત્થાનિકા :–હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છે :–

**ગાથા :– * આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે. ૨૦૬.**

**ટીકામૃત :–**

૧. * હે ભવ્ય! બસ છે એટલો પરમાર્થરૂપ આ આતમા,
કે જેટલું છે જ્ઞાન આ [આત્માપ્રમાણ જ જે સદા;]

૨. * કરી એમ નિશ્ચય જ્ઞાનમાત્ર જ માં સદા રતિ પામ ને
બસ એટલું કલ્યાણ સત્ છે, જેટલું આ જ્ઞાન છે;

૩. * કરી એમ નિશ્ચય જ્ઞાનમાત્રથી તું સદા સંતુષ્ટ થા,
અનુભવન કરવાયોગ્ય છે બસ સત્ય એટલું કે અહા;

૪. * આ જ્ઞાન છે બસ જેટલું [આત્માપ્રમાણ જ જે સદા,]
કરી એમ નિશ્ચય જ્ઞાનમાત્રથી પામ તું તૃપ્તિ સદા.

૫. * આત્મા મહીં રત તું સદા, સંતુષ્ટ આત્માથી અને
આત્માથી બન તુ તૃપ્ત, તુજને અવચનીય સુખ ઉપજશે;

૬. * ને સુખ તે તત્ક્ષણ જ તું સ્વયમેવ ત્યારે દેખશે,
તેથી બીજાઓને નહીં કદી એ વિષે અતિ પૂછજે.

**ટીકા :–**

૧. * (હે ભવ્ય!) એટલો જ સત્ય (–પરમાર્થસ્વરૂપ) આત્મા છે
* જેટલું આ જ્ઞાન છે—

૨. * એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ (-પ્રીતિ, રુચિ) પામ;
* એટલું જ સત્ય કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે—

૩. * એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ;
* એટલું જ સત્ય અનુભવનીય (અનુભવ કરવાયોગ્ય) છે

૪. * જેટલું આ જ્ઞાન છે—
* એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ.

૫. * એમ સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને
* આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર એવું સુખ થશે;

૬. * અને તે સુખ તે ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે,
* બીજાઓને ન પૂછ.* (તે સુખ પોતાને જ અનુભવગોચર છે, બીજાઓને શા માટે પૂછવું પડે?)

---

* (પાઠાંતર : અતિપ્રશ્નો ન કર.)

## કળશ-૧૪૪

હવે જ્ઞાનાનુભવના મહિમાનું અને આગળની ગાથાની સૂચનાનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * કારણ કે આ (જ્ઞાની) પોતે જ
   * અચિંત્યશક્તિવાળો દેવ છે અને

૨. * ચિન્માત્ર ચિંતામણિ છે (અર્થાત્ ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે),
   * માટે જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે એવા સ્વરૂપે

૩. * હોવાથી જ્ઞાની અન્યના પરિગ્રહથી* શું કરે?
   * (કાંઈ જ કરવાનું નથી.)

**કળશામૃત :–**

૧. * **એ કારણે કે જ્ઞાની આ પોતે જ [મહિમાવંત ને],**
**અચિંત્યશક્તિવાન એવો દેવ છે [સાચો] અને**

૨. * **ચૈતન્યરૂપ ચિંતામણિનું રત્ન છે આ આતમા,**
**માટે પ્રયોજન જેહના છે સિદ્ધ એવો તે અહા;**

૩. * **હોવાથી, જ્ઞાની અન્યના પરિગ્રહ* થકી [કદી] શું કરે?**
**પરના પરિગ્રહથી નથી તેને કંઈ કરવું ખરે !**

---

નોંધ :– * પરપરિગ્રહ = શુભ-અશુભભાવ; ગુણ-ગુણીના ભેદના વિકલ્પો; જડની ક્રિયા પ્રત્યે—સ્મરણપણું; અભેદમાં ભેદ ઉપજાવવો. * જ્ઞાનીએ તો સમસ્ત પ્રકારે પોતાના આત્માને પકડ્યો છે, તેથી પોતાનો આત્મા જ જ્ઞાનીનો પરિગ્રહ છે.

## ગાથા – ૨૦૭

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી? તેનો ઉત્તર કહે છે :–

**ગાથા :–** * **'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે !**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે ? ૨૦૭.**

**ટીકામૃત :–**

૧. * જે જેહનો નિજભાવ છે તે તેહનું જ 'સ્વ' છે ખરે,
ને તેહ પોતાના સ્વ-ભાવ તણો અહો સ્વામી જ છે–

૨. * જે આવી સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વની દ્રષ્ટિને અવલંબીને,
જ્ઞાની નિજાત્માને જ પોતાનો પરિગ્રહ જાણીને

૩. * નિયમથી, તેથી 'આ નથી મારું "સ્વ" [પણ કદીયે અરે,]
ને હું નથી સ્વામી ખરે એનો' [જરીયે નિશ્ચયે;]

૪. * ત્યમ જાણતો [તે જ્ઞાની કદી] પરદ્રવ્ય પરિગ્રહતો નથી,
(પરદ્રવ્યમય [શુભ રાગનો] પરિગ્રહ કદી કરતો નથી).

**ટીકા :–**

૧. * જે જેનો સ્વભાવ છે તે તેનું 'સ્વ' છે
* અને તે તેનો (સ્વ-ભાવનો) સ્વામી છે–

૨. * એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદ્રષ્ટિના આલંબનથી
* જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,

૩. * તેથી 'આ મારું "સ્વ" નથી,
* હું આનો સ્વામી નથી'

૪. * એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી
* (અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી).

## ગાથા – ૨૦૮

ઉત્થાનિકા :–'માટે હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું' એમ હવે (મોક્ષાભિલાષી) જીવ કહે છે :–

ગાથા :– * **પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.**

**ટીકામૃત :–**

૧. * જો હું અજીવ પરદ્રવ્યને* પરિગ્રહું [અહો કદીયે ખરે,]
તો જરૂરથી તે અજીવ મારું થાય "નિજ" નિશ્ચિતપણે;

૨. * વળી હું જરૂરથી એ અજીવનો સ્વામી પણ થાઉં અરે!
ને અજીવનો જે સ્વામી હો તે પણ અજીવ જ હોઈને;

૩. * એ રીત લાચારીથી મુજને અજીવપણું આવી પડે!
પણ એક જ્ઞાયકભાવ માત્ર જ છે અહો મારું "સ્વ" ને;

૪. * તેનો જ સ્વામી છું હું તેથી અજીવપણું મુજને ન હો,
હું તો રહીશ જ્ઞાતા જ ને પરિગ્રહીશ નહિ પરને અહો !

* અજીવ પરદ્રવ્યને = પુણ્ય પરિણામને

**ટીકા :–**

૧. * જો અજીવ પરદ્રવ્યને* હું પરિગ્રહું
* તો અવશ્યમેવ તે અજીવ મારું "સ્વ" થાય,

૨. * હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં;
* અને અજીવનો જે સ્વામી [હોય] તે ખરેખર અજીવ જ હોય.

૩. * એ રીતે અવશે (લાચારીથી) પણ મને અજીવપણું આવી પડે.
* મારું તો એક જ્ઞાયકભાવ જ જે "સ્વ" છે,

૪. * તેનો જ હું સ્વામી છું; માટે મને અજીવપણું ન હો,
* હું તો જ્ઞાતા જ રહીશ, પરદ્રવ્યને નહિ પરિગ્રહું.

## ગાથા – ૨૦૯

ઉત્થાનિકા :–'વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે' એમ હવે કહે છે :–

ગાથા :– * છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.

ટીકામૃત :–

૧. * છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, તોપણ હું નહીં પરદ્રવ્યને–

૨. * પરિગ્રહું, એ કારણે કે ''મારું તે 'સ્વ' નથી ખરે,
નથી સ્વામી હું પરદ્રવ્યનો [કિંચિત્ અહો કો' પણ રીતે;]

૩. * પરદ્રવ્ય માત્ર જ છે 'સ્વ' એ પરદ્રવ્યનું [નિશ્ચયનયે,]
ને સ્વામી પણ પરદ્રવ્યનો પરદ્રવ્ય તે પોતે જ છે;

૪. * હું જ છું મારું 'સ્વ ને હું મારો સ્વામી છું'' ખરે–
હું એમ જાણું છું અહો [ત્યમ જ્ઞાની સૌ નિશ્ચય કરે.]

ટીકા :–

૧. * પરદ્રવ્ય છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ,
* અથવા નષ્ટ થઈ જાઓ, અથવા ગમે તે રીતે જાઓ, તોપણ હું પરદ્રવ્યને નહિ

૨. * પરિગ્રહું; કારણ કે ''પરદ્રવ્ય મારું 'સ્વ' નથી,–
* હું પરદ્રવ્યનો સ્વામી નથી,

૩. * પરદ્રવ્ય જ પરદ્રવ્યનું 'સ્વ' છે,–
પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે,

૪. * હું જ મારું 'સ્વ' છું–હું જ મારો સ્વામી છું''–
એમ હું જાણું છું [આ પ્રકારે સૌ જ્ઞાની નિશ્ચય કરે છે.]

## કળશ - ૧૪૫

ઉત્થાનિકા :–હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ રીતે સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ છોડીને હવે

* સ્વ-પરના અવિવેકના કારણરૂપ અજ્ઞાનને

૨. * છોડવાનું જેને મન છે એવો આ ફરીને

* તેને જ (-પરિગ્રહને જ-) વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે.

**કળશામૃત :–**

૧. * સહુ પરિગ્રહોને [જ્ઞાની એ] સામાન્યરૂપે છોડીને,
નિજ-પર તણા અવિવેકના જે હેતુરૂપ અજ્ઞાનને;

૨. * છે છોડવાનું મન અહો તે આ રીતે ફરીને હવે,
એ પરિગ્રહોને છોડવા વર્તન વિશેષરૂપે કરે.

## ગાથા – ૨૧૦

ઉત્થાનિકા :–જ્ઞાનીને ધર્મનો (પુણ્યનો) પરિગ્રહ નથી એમ પ્રથમ કહે છે :–

ગાથા :– * અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,
તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.

ટીકામૃત :–

૧. * ઇચ્છા જ છે પરિગ્રહ અને તે પરિગ્રહો નથી તેમને,
જેને નથી ઇચ્છા અહો અજ્ઞાનમય જે ભાવ છે;

૨. * ને જ્ઞાનહીન કો ભાવ નથી હોતો કદીયે જ્ઞાનીને,
બસ જ્ઞાનીને તો જ્ઞાનમય ભાવો સદાયે હોય છે;

૩. * તેથી અહો અજ્ઞાનમય જે ભાવ ઇચ્છા છે ખરે,
તેના અભાવે જ્ઞાની ના કદી ધર્મની ઇચ્છા કરે;

૪. * તેથી અહો એ જ્ઞાનીને નથી ધર્મનો પરિગ્રહ ખરે,
બસ જ્ઞાનમય એવો અહો જે એક જ્ઞાયકભાવ છે;

૫. * તેના અહો સદ્‌ભાવથી આ જ્ઞાની તો બસ માત્ર છે–
જ્ઞાયક જ કેવળ ધર્મનો, [તે ધર્મનો અનિચ્છક ખરે.]

ટીકા :–

૧. * ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી–
* જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે

૨. * અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,
* જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;

૩. * તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા
* તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને ઇચ્છતો નથી;

૪. * માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.
* જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના

૫. * સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની)
* ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.

## ગાથા – ૨૧૧

ઉત્થાનિકા :–હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી. એમ કહે છે :–

ગાથા :– * અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,
તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.

ટીકામૃત :– [પારિગ્રાફ પહેલો :–]

૧. * ઇચ્છા જ છે પરિગ્રહ અને તે પરિગ્રહો નથી તેમને,
જેને નથી ઇચ્છા, અહો અજ્ઞાનમય જે ભાવ છે;

૨. * ને જ્ઞાનહીન કો ભાવ નથી હોતો કદીયે જ્ઞાનીને,
બસ જ્ઞાનીને તો જ્ઞાનમય ભાવો સદાયે હોય છે;

૩. * તેથી અહો અજ્ઞાનમય જે ભાવ ઇચ્છા છે ખરે,
તેના અભાવે જ્ઞાની ના ઇચ્છા અધર્મ તણી કરે;

૪. * તેથી અહો એ જ્ઞાનીને ન અધર્મનો પરિગ્રહ ખરે.
બસ જ્ઞાનમય એવો અહો જે એક જ્ઞાયકભાવ છે;

૫. * તેના અહો સદ્‌ભાવથી આ જ્ઞાની તો બસ માત્ર છે–
જ્ઞાયક જ માત્ર અધર્મનો, [અનિચ્છક અધર્મ તણો ખરે.]

[પારીગ્રાફ બીજો :–]

૧. * વળી એ રીતે જ અધર્મની જ્યમ રાગ તેમજ દ્વેષ ને,
વળી માન માયા ક્રોધ તેમજ લોભ તેમજ કર્મ ને;

૨. * નોકર્મ, મન, વચ, કાય તેમજ શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ ને,
રસના તથા સ્પર્શન મળીને સોળ એ શબ્દો વડે;

૩. * એવાં જ સૂત્રો સોળને વ્યાખ્યાનરૂપ કરવા અને
ઉપદેશથી આ અન્ય પણ વિચારવાં [મોક્ષાર્થીએ.]

ટીકા :– [પહેલો પારિગ્રાફ]

૧. * ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી–
* જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમયભાવ છે

૨. * અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,
* જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;

૩. * તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા
* તેના અભાવને લીધે જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી;

૪. * માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી.
* જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના

૫. ⁕ સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની)
⁕ અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.

[બીજો પારિગ્રાફ]

૧. ⁕ એ જ પ્રમાણે ગાથામાં 'અધર્મ' શબ્દ પલટીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ,

૨. ⁕ નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ,
⁕ રસન અને સ્પર્શન—એ સોળ શબ્દો મૂકી,

૩. ⁕ સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને
⁕ આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

## ગાથા – ૨૧૨

ઉત્થાનિકા :–હવે, જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી એમ કહે છે :–

ગાથા – * અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,
તેથી પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.

ટીકામૃત :–

૧. * ઇચ્છા જ છે પરિગ્રહ અને તે પરિગ્રહો નથી તેમને,
જેને નથી ઇચ્છા, અહો અજ્ઞાનમય જે ભાવ છે;

૨. * ને જ્ઞાનહીન કો ભાવ નથી હોતો કદીયે જ્ઞાનીને,
બસ જ્ઞાનીને તો જ્ઞાનમય ભાવો સદાયે હોય છે;

૩. * તેથી અહો અજ્ઞાનમય જે ભાવ ઇચ્છા છે ખરે,
તેના અભાવે અશનની ઇચ્છા નહીં જ્ઞાની કરે;

૪. * તેથી અહો એ જ્ઞાનીને ના અશનનો પરિગ્રહ ખરે.
બસ જ્ઞાનમય એવો અહો જે એક જ્ઞાયકભાવ છે;

૫. * તેના અહો સદ્ભાવથી આ જ્ઞાની તો બસ માત્ર છે,
જ્ઞાયક જ માત્ર અશન તણો, [અનિચ્છક અશનનો તે ખરે.]

ટીકા :–

૧. * ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી—
* જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે

૨. * અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,
* જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;

૩. * તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા
* તેના અભાવને લીધે જ્ઞાની અશનને ઇચ્છતો નથી;

૪. * માટે જ્ઞાનીને અશનનો પરિગ્રહ નથી.
* જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના

૫. * સદ્ભાવને લીધે આ (જ્ઞાની)
* અશનનો કેવળ જ્ઞાયક જ છે.

## ગાથા – ૨૧૩

ઉત્થાનિકા :–હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો) પણ પરિગ્રહ નથી એમ કહે છે :–

ગાથા :– * **અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.**

**ટીકામૃત :–**

૧. * ઇચ્છા જ છે પરિગ્રહ અને તે પરિગ્રહો નથી તેમને,
જેને નથી ઇચ્છા અહો અજ્ઞાનમય જે ભાવ છે;

૨. * ને જ્ઞાનહીન કો ભાવ નથી હોતો કદીયે જ્ઞાનીને,
બસ જ્ઞાનીને તો જ્ઞાનમય ભાવો સદાયે હોય છે;

૩. * તેથી અહો અજ્ઞાનમય જે ભાવ ઇચ્છા છે ખરે,
તેના અભાવે પાનની ઇચ્છા નહીં જ્ઞાની કરે;

૪. * તેથી અહો એ જ્ઞાનીને ના પાનનો પરિગ્રહ ખરે.
બસ જ્ઞાનમય એવો અહો જે એક જ્ઞાયકભાવ છે;

૫. * તેના અહો સદ્ભાવથી આ જ્ઞાની તો બસ માત્ર છે–
જ્ઞાયક જ પાન તણો [અનિચ્છક પાનનો જ્ઞાની ખરે.]

**ટીકા :–**

૧. * ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી–
* જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે

૨. * અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,
* જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;

૩. * તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા
* તેના અભાવને લીધે જ્ઞાની પાનને ઇચ્છતો નથી;

૪. * માટે જ્ઞાનીને પાનનો પરિગ્રહ નથી.
* જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના

૫. * સદ્ભાવને લીધે આ (જ્ઞાની)
* પાનનો કેવળ જ્ઞાયક જ છે.

## ગાથા – ૨૧૪

ઉત્થાનિકા :–એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી એમ હવે કહે છે :–

**ગાથા : * એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.**

**ટીકામૃત :– [પહેલો પારિગ્રાફ :]**

૧. * ઇત્યાદિ બીજા પણ ઘણા વિધવિધ પરદ્રવ્યો તણા,
નિજભાવ જે છે તે બધાને ઇચ્છતો નથી જ્ઞાની આ;

૨. * તેથી સહુ પરભાવનો પરિગ્રહ ન હોવાથી ખરે,
અત્યંત નિષ્પરિગ્રહપણું થયું સિદ્ધ આ રીત જ્ઞાનીને.

(૨) [બીજો પારિગ્રાફ :]

૧. * સહુ અન્ય ભાવોના પરિગ્રહથી રહિતતા હોઈને,
જેણે બધા અજ્ઞાનને નાખ્યું વમી છે તેહ જે;

૨. * સર્વત્ર નિરાલંબ થઈને, આ રીતે જ્ઞાની હવે;
નિજ નિયત શાશ્વત એક જ્ઞાયકભાવમાં નિત્યે રહે;

૩. * વિજ્ઞાનઘન સાક્ષાત્ આત્માનો સદા અનુભવ કરે,
[ને તેમ અન્ય પ્રકારના ભાવોની ઇચ્છા નવ કરે.]

**ટીકા :– (૧) [પહેલો પારિગ્રાફ :–]**

૧. * ઇત્યાદિક બીજા પણ ઘણા પ્રકારના જે પરદ્રવ્યના
* સ્વભાવો છે તે બધાયને જ્ઞાની ઇચ્છતો નથી

૨. * તેથી જ્ઞાનીને સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી.
* એ રીતે જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.

**(૨) [બીજો પારિગ્રાફ :]**

૧. * હવે આ પ્રમાણે આ, સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે
* જેણે સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે એવો,

૨. * સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને,
* નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો,

૩. * સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.
* [એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી.]

## કળશ – ૧૪૬

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાની સૂચનારૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે
 * જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો,

૨. * પરંતુ રાગના વિયોગને લીધે (-અભાવને લીધે)
 * ખરેખર તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.

**કળશામૃત :–**

૧. * પૂર્વે નિબદ્ધ થયેલ નિજ કર્મો તણા જ વિપાકથી,
જો જ્ઞાનીને ઉપભોગ હો તો હો ભલે [તે ઉદયથી;]

૨. * કિંતુ રાગ તણો વિયોગ જ જ્ઞાનીને હોવાથી તે
ઉપભોગ, નહીં પામે પરિગ્રહભાવને જરીયે ખરે.

## ગાથા – ૨૧૫

ઉત્થાનિકા :–હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છે :–

ગાથા :– * ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.

ટીકામૃત :–

(૧) * [જ્ઞાનીને ત્રણેય કાળનો કર્મોદય-ઉપભોગ પરિગ્રહભાવને ધારતો નથી :]

૧. * ઉપભોગ કર્મોદય તણો આ ત્રણ પ્રકારથી હોય છે–
ભૂતકાળ, સાંપ્રતકાળ* ને જે કાળ હોય ભવિષ્ય ને

૨. * તેમાં પ્રથમ ઉપભોગ છે જે અતીત એવા કાળનો,
વીતી ગયો હોવાથી તે પરિગ્રહપણું નથી પામતો.

૩. * ઉપભોગ ભાવિકાળનો જો વાંછવામાં આવતો
પરિગ્રહપણું ધારે જ તો, ને જેહ છે સાંપ્રત અહો;

૪. * ઉપભોગ તે જો રાગબુદ્ધિથી પ્રવર્તે તો અહો,
પરિગ્રહપણું ધારે ખરે [એ રાગી એવો જીવ તો.]

(૨) * [જ્ઞાનીને ક્યા કારણે વર્તમાન ઉપભોગ પરિગ્રહપણાને ધારતો નથી :]

૧. * ઉપભોગ કર્મોદય તણો જે વર્તમાન મહીં થતો,
તેમાં કદાપિ રાગબુદ્ધિએ ન જ્ઞાની વર્તતો;

૨. * એ કારણે કે જ્ઞાનહીનમય ભાવ રાગાદિ તણો,
સદ્‌ભાવ નથી જ્ઞાની મહીં, ને તેથી તે જ્ઞાની અહો;

૩. * વિયોગબુદ્ધિથી જ માત્ર પ્રવર્તતો, નથી તે ખરો
પરિગ્રહ અહો, માટે જ તે ઉપભોગ કર્મોદય તણો;

૪. * જે વર્તમાન મહીં થતો આ જ્ઞાનીને નથી તે ખરો
પરિગ્રહ અહો, [આ રીત સાંપ્રતનો પરિગ્રહ વર્ણવ્યો.]

(૩) * [જ્ઞાનીને ક્યા કારણે ભાવિ ઉપભોગ પરિગ્રહપણાને ધારતો નથી :]

૧. * આ જ્ઞાનીને વાંછિત નથી ઉપભોગ ભાવિનો ખરે,
એ કારણે કે જ્ઞાનીને અજ્ઞાનમય જે ભાવ છે–

૨. * વાંછા અહો, તેનો નથી સદ્‌ભાવ જ્ઞાનીને અહો,
તેથી અનાગત કાળનો ઉપભોગ કર્મોદય તણો;

૩. * પરિગ્રહ નથી તે જ્ઞાનીને પરિગ્રહરૂપે તેથી ખરે;
[આ રીત ભાવિકાળનો પરિગ્રહ નથી કદી જ્ઞાનીને.]

* સાંપ્રતકાળ= વર્તમાનકાળ = પ્રત્યુત્પન્ન

**ટીકા :–**

(૧) ૧. * કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય—

* અતીત (ગયા કાળનો), પ્રત્યુત્પન્ન (વર્તમાનકાળનો) અને અનાગત (ભવિષ્યકાળનો).

૨. * તેમાં પ્રથમ, જે અતીત ઉપભોગ

* તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ) પરિગ્રહભાવને ધારતો નથી.

૩. * અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય

* તો જ પરિગ્રહભાવને (પરિગ્રહપણાને) ધારે; અને જે પ્રત્યુત્પન્ન ઉપભોગ

૪. * તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને ધારે.

(૨) ૧. * પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ

* જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી

૨. * કારણ કે અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ

* તેનો અભાવ છે; અને કેવળ

3 * વિયોગબુદ્ધિએ જ (હેયબુદ્ધિએ જ) પ્રવર્તતો તે ખરેખર

* પરિગ્રહ નથી. માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ

૪. * જ્ઞાનીને પરિગ્રહ નથી (-પરિગ્રહરૂપ નથી).

* [આ રીતે વર્તમાનકાળના પરિગ્રહ વિષે વર્ણન કર્યું.]

(3) ૧ * જે અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી (અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી)

* કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ

૨. * જે વાંછા તેનો અભાવ છે.

* માટે અનાગત કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (-પરિગ્રહરૂપ નથી).

## ગાથા – ૨૧૬

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :- * રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,
—એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.

*** ટીકામૃત :–**

૧. * રે ! વેદ્ય વેદક ભાવ વચ્ચે ભેદ કાળ તણો ખરે,
વેદક અહો છે હોય જ્યારે વેદ્યભાવ ન હોય છે;
૨. * ને હોય વાંછિત ભાવ જ્યારે વાંછનારો હોય ના,
વળી હોય વેદકભાવ ત્યારે વેદ્ય વિણસે છે સદા;
૩. * પછી વેદશે કોને અરે તે ભાવ વેદકનો અહા?
ને વેદ્ય જ્યારે આવતો, વિણસી જતો વેદક સદા;
૪. * વેદક વિના પછી વેદ્યને કો ભાવ વેદી શકે અરે?
આવી વ્યવસ્થાહીન સ્થિતિને જાણીને જ્ઞાની રહે
૫. * બસ જાણનાર સ્વયં, અને વાંછા કદી પણ નવ કરે,
અહીં પ્રશ્ન ઉઠે છે અહો કે આતમા તો નિત્ય છે;
૬. * ને તેથી વેદક-વેદ્ય બંને ભાવ વેદી શકાય છે;
તોપણ કદાપિ જ્ઞાની એ વાંછા કદી ક્યમ નવ કરે?
૭. * [એ પ્રશ્નનો ઉત્તર અહો આચાર્ય આપે આ રીતે–]
રે ! વેદ્ય-વેદક ભાવ બંને છે વિભાવી ભાવ ને
૮. * સ્વભાવભાવ ન હોઈને તે બેય ભાવ વિનાશી છે,
ને તેથી વાંછિત ભાવ આવે ત્યાં લગી વેદક અરે;
૯ * પામે અહો છે નાશ, ને આવે બીજો વેદક અરે,
ત્યાં વેદ્યભાવ વિનાશને પામી ખરેખર જાય છે.
૧૦. * આ રીત વાંછિત ભોગ તો થાતો નથી તેથી ખરે,
ફળહીન વાંછાને અહો આ જ્ઞાની કદી પણ ક્યમ કરે?
૧૧. * વેદાતું નથી કંઈ પણ અરે જે મન વડે વાંછિત છે;
તો કોઈ પણ વાંછા અહો કરવી જ તે અજ્ઞાન છે.

---

* નોંધ :–આ ગાથાનો ભાવ સરળતાથી સમજી શકાય એ આશયથી ઉપરોક્ત હરિગીતો ''ભાવાર્થ''ના આધારે તૈયાર કરવામાં આવ્યા છે.

**ભાવાર્થ :–**

૧. * વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે.
 * જ્યારે વેદકભાવ હોય છે ત્યારે વેદ્યભાવ હોતો નથી

૨. * અને જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદકભાવ હોતો નથી.
 * જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે;

૩. * પછી વેદકભાવ કોને વેદે?
 * અને જ્યારે વેદ્યભાવ આવે છે ત્યારે વેદકભાવ વિણસી ગયો હોય છે;

૪. * પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે?
 * આવી અવ્યવસ્થા જાણીને જ્ઞાની

૫. * પોતે જાણનાર જ રહે છે, વાંછા કરતો નથી.
 * અહીં પ્રશ્ન થાય છે કે—આત્મા તો નિત્ય છે

૬. * તેથી તે બંને ભાવોને વેદી શકે છે;
 * તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે?

૭. * તેનું સમાધાન :–
 * વેદ્ય-વેદકભાવો વિભાવભાવો છે,

૮. * સ્વભાવભાવ નથી, તેથી તેઓ વિનાશિક છે;
 * માટે વાંછા કરનારો [જેની વાંછા કરવામાં આવે છે તે] એવો વેદ્યભાવ
 જ્યાં [સુધી] આવે ત્યાં સુધીમાં વેદકભાવ (ભોગવનારો ભાવ)

૯. * નાશ પામી જાય છે, અને બીજો વેદકભાવ આવે
 * ત્યાં સુધીમાં વેદ્યભાવ નાશ પામી જાય છે;

૧૦. * એ રીતે વાંછિત ભોગ તો થતો નથી. તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે?

૧૧. * જ્યાં મનોવાંછિત વેદાતું નથી
 * ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે.

## કળશ - ૧૪૭

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું
 * ચળપણું (અસ્થિરપણું) હોવાથી ખરેખર વાંછિત વેદાતું નથી;

૨. * માટે જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી;
 * સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને (વૈરાગ્યભાવને) પામે છે.

**કળશામૃત :–**

૧. * રે વેદ્ય-વેદકભાવરૂપ વિભાવભાવોનું અરે,
અસ્થિરપણું હોવાથી વાંછિત કાંઈ ના વેદાય છે;

૨. * માટે અહો જ્ઞાની કદી ના કાંઈ પણ વાંછા કરે,
ને સર્વતઃ અતિશય વિરક્તિ ભાવને પામે ખરે.

## ગાથા – ૨૧૭

ઉત્થાનિકા :–એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ કહે છે :–

ગાથા :– * સંસારદેહ સંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,
તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.

**ટીકામૃત :–**

૧. * આ લોકમાં વિધવિધ અધ્યવસાનના ઉદયો અરે,
તેમાંથી કોઈ છે અહો સંસારસંબંધી અને

૨. * તેમાંથી બીજા કેટલા આ શરીરના સંબંધી છે.
[આ રીત અધ્યવસાન બંને વર્ણવ્યા જિનશાસને.]

૩. * સંસારસંબંધી બધાં છે બંધના નિમિત્ત ને
જે શરીરના સંબંધી તે ઉપભોગના નિમિત્ત છે.

૪. * બંધન તણા નિમિત્ત તો છે રાગદ્વેષવિમોહ ને
ઉપભોગના નિમિત્ત સૌ સુખદુઃખ આદિક ભાવ છે.

૫. * આ સર્વ અધ્યવસાનમાં નથી રાગ જ્ઞાનીને ખરે,
એ કારણે કે તે બધાં નાના દરવના ભાવ છે;

૬. * ને તેથી ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ જેનો ભાવ છે,
તે જ્ઞાનીને આ સૌ વિભાવોનો અહો નિષેધ છે.

**ટીકા :–**

૧. * આ લોકમાં જે અધ્યવસાનના ઉદયો છે
* તેઓ કેટલાક તો સંસારસંબંધી છે ને

૨. * કેટલાક શરીરસંબંધી છે.
* [આ રીતે બે પ્રકારના અધ્યવસાનો જિનશાસનમાં વર્ણવ્યા છે.]

૩. * તેમાં, જેટલા સંસારસંબંધી છે તેટલા બંધનનાં નિમિત્ત છે અને
* જેટલા શરીરસંબંધી છે તેટલા ઉપભોગનાં નિમિત્ત છે.

૪. * જેટલા બંધનનાં નિમિત્ત છે તેટલા તો રાગદ્વેષમોહાદિક છે અને
* જેટલા ઉપભોગનાં નિમિત્ત છે તેટલા સુખદુઃખાદિક છે.

૫. * આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;
* કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યોના સ્વભાવ

૬. * હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે
* એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.

## કળશ – ૧૪૮

ઉત્થાનિકા :–હવે આ અર્થના કળશરૂપે તથા આગળની કથનની સૂચનારૂપે શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય
* એવા વસ્ત્રમાં રંગનો સંયોગ, વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો,

૨. * બહાર જ લોટે છે—અંદર પ્રવેશ કરતો નથી,
* તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી

૩. * તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.
* [આ રીતે રાગ રહિત હોવાથી જ્ઞાની ભાવકર્મથી લેપાતો નથી.]

**કળશામૃત :–**

૧. * લોધર ફટકડીથી નહિ જો વસ્ત્ર રંજિત હોય તો,
તે વસ્ત્રમાં સંયોગ રંગ તણો ન અંગીકૃત થતો;

૨. * ન પ્રવેશતો તે વસ્ત્રમાં પણ લોટતો જ બહારમાં,
ત્યમ રાગરસથી રહિત એવો જ્ઞાની હોવાથી સદા;

૩. * પરિગ્રહપણાને ધારતું નથી કર્મ જ્ઞાનીને કદા;
[આ રીત રાગરહિત જ્ઞાની કર્મથી રંગાય ના.]

## કળશ – ૧૪૯

ઉત્થાનિકા :– ફરી કહે છે કે :–

**શ્લોકાર્થ :–**

૧. * કારણ કે જ્ઞાની નિજરસથી જ
 * સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો છે

૨. * તેથી તે કર્મ મધ્યે પડ્યો હોવા છતાં પણ
 * સર્વ કર્મોથી લેપાતો નથી.

**કળશામૃત :–**

૧. * **એ કારણે કે જ્ઞાની તો નિજરસ થકી જ અહો ખરે,**
**છે રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો સૌ રીતે;**

૨. * **ને તેથી તે હો કર્મની મધ્યે ભલે તોપણ અરે,**
**નહિ કર્મથી લેપાય છે તે જ્ઞાની [-જિનઆગમ કહે.]**

## ગાથા – ૨૧૮, ૨૧૯

ઉત્થાનિકા :–'હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કરે છે :–

ગાથા :– * છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનકકર્દમમધ્યમાં. ૨૧૮.
* પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમ મધ્યમાં. ૨૧૯.

ટીકામૃત :–

(૧) * [સ્વર્ણ-કાદવના દ્રષ્ટાંતથી જ્ઞાનીનું ભાવકર્મથી અલિપ્તપણું સમજાવે છે :]

૧. * જ્યમ સ્વર્ણ કર્દમ મધ્યમાં કાદવથી નવ લેપાય છે,
કાદવ મહીં હોવા છતાં નહીં કાટ લાગે સ્વર્ણને;

૨. * એ કારણે કે સ્વર્ણનો જ અલિપ્ત કર્દમથી અરે,
રહેવારૂપે જ સ્વભાવ છે, એ રીત જ્ઞાની પણ ખરે;

૩. * રહેતો ભલે હો કર્મ મધ્યે પણ નહીં લેપાય છે,
એ કારણે કે સર્વ પરદ્રવ્યો પ્રતિ જે થાય છે;

૪. * તે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવમયતા હોઈને,
કર્મોથી લિપ્ત નહિ થવાનો જ્ઞાનીનો જ સ્વભાવ છે.

(૨) * [લોહ-કાદવના દ્રષ્ટાંતથી અજ્ઞાનીનું ભાવકર્મથી લિપ્તપણું સમજાવે છે :]

૧. * જ્યમ લોહ કર્દમ મધ્યમાં કાદવ થકી લેપાય છે,
કાદવ મહીં રહેતા થકા છે કાટ લાગે લોહને;

૨. * એ કારણે કે લિપ્ત કાદવથી થવાનો લોહમાં
નિજભાવ છે, તેવી રીતે અજ્ઞાની કર્મ મહીં અહા;

૩. * રહેતો થતો લેપાય છે કર્મો વડે એ કારણે,
કે સર્વ પરદ્રવ્યો પ્રતિ જે રાગ થાયે તેહને;

૪. * તેના ગ્રહણ કરવારૂપે તેનો સ્વભાવ જ હોઈને,
કર્મોથી લેપાવારૂપે અજ્ઞાનીનો જ સ્વભાવ છે.

ટીકા :– [સ્વર્ણ-કાદવના દ્રષ્ટાંતથી જ્ઞાનીનું ભાવકર્મથી અલિપ્તપણું સમજાવે છે :]

૧. * જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય તોપણ કાદવથી લેપાતું નથી
* (અર્થાત્ તેને કાટ લાગતો નથી)

૨. * કારણ કે તે કાદવથી અલિપ્ત
* રહેવાના સ્ભાવવાળું છે, તેવી રીતે, ખરેખર જ્ઞાની

૩. * કર્મ મધ્યે રહ્યો હોય તોપણ કર્મથી લેપાતો નથી

* કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો

૪. * જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી

* જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.

(૨) * [લોહ-કાદવના દ્રષ્ટાંતથી અજ્ઞાનીનું ભાવકર્મથી લિપ્તપણું સમજાવે છે :]

૧. * જેમ લોખંડ કાદવ મધ્યે પડ્યું થકું કાદવથી લેપાય છે

* (અર્થાત્ તેને કાટ લાગે છે)

૨. * કારણ કે તે કાદવથી લેપાવાના

* સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે

૩. * રહ્યો થકો કર્મથી લેપાય છે કારણ કે

* સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ

૪. * તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી

* અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે.

## કળશ – ૧૫૦

ઉત્થાનિકા :–હવે આ અર્થનું અને આગળના કથનની સૂચનાનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે

* તેનો તેવો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ (અર્થાત્ પોતાને આધીન જ હોય છે).

૨. * એવો વસ્તુનો જે સ્વભાવ તે, કોઈપણ રીતે

* પરવસ્તુઓ વડે બીજા જેવો કરી શકાતો નથી.

૩. * માટે જે નિરંતર જ્ઞાનપણે પરિણમે છે

* તે કદી પણ અજ્ઞાન થતું નથી;

૪-૫* તેથી હે જ્ઞાની ! તું (કર્મોદયજનિત) ઉપભોગને ભોગવ,*

* આ જગતમાં પરના અપરાધથી ઊપજતો બંધ તને નથી (અર્થાત્ પરના અપરાધથી તને બંધ થતો નથી.)

**કળશામૃત :–**

૧. * આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ જ હોય છે,
તેવો સ્વભાવ જ તેહનો આધીન નિજને હોય છે.

૨. * એવો સ્વભાવ જ વસ્તુનો તે કોઈપણ રીતે કદી,
કોઈ બીજા જેવો કરી ન શકાય છે પરદ્રવ્યથી.

૩. * તેથી અહો જે જ્ઞાનરૂપે પરિણમે નિરંતરે,
અજ્ઞાનરૂપે તે કદી પણ થાય નહીં [જિનવર કહે;]

૪. * હે જ્ઞાની ! ભોગવ તેથી તું કર્મોજનિત ઉપભોગને
એ કારણે કે પરતણા અપરાધથી જે ઊપજે

૫. * આ જગતમાં તે બંધ, તુજને થાય નહિ કદીયે અરે,
[સંયોગથી નથી બંધ, નિજ અપરાધથી બંધન ખરે.]

---

* "ભોગવ" = પરદ્રવ્યથી તને નુકશાન નથી = સંયોગમાં હો પણ તને બંધન નથી. ઉપભોગ ભોગવવાથી = સંયોગમાં આવવાથી.

## ગાથા – ૨૨૦ થી ૨૨૩

ઉત્થાનિકા :–હવે આ જ અર્થને દ્રષ્ટાંતથી દ્રઢ કરે છે :–

ગાથા :– * જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦

* ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.

* જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને,
પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.

* ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને,
અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.

### ટીકામૃત :–

(૧) * [જ્ઞાનીને પરના અપરાધથી (નિમિત્તના સંયોગમાત્રથી જ) બંધ થતો નથી : ]

૧. * ભક્ષણ કરે જ્યમ શંખ પરદ્રવ્યો તણું તોપણ ખરે,
નહિ શ્વેતપણું તેનું કદી કાળું કરી જ શકાય છે

૨. * કો પર વડે, એ કારણે કે કોઈપણ પરદ્રવ્ય તે
નહિ દ્રવ્યને પરભાવરૂપ કરવા તણું કારણ બને;

૩. * તેવી રીતે પરદ્રવ્યને જ્ઞાની ભલે પણ ભોગવે,*
નહિ જ્ઞાન તેનું પર વડે અજ્ઞાન કરી જ શકાય છે;

૪. * એ કારણે કે દ્રવ્યને પરભાવરૂપ કરવાપણે,
પરદ્રવ્ય કોઈ પણ નહીં કારણ બની શકતું ખરે.

૫. * તેથી અહો કદી જ્ઞાનીને અપરાધ પરના** કારણે
નથી બંધ થાતો [તેથી હે જ્ઞાની તું ભોગવ ભોગને.]

(૨) * [જ્ઞાનીને પોતાના અપરાધથી જ બંધ થાય છે :]

૧. * જ્યારે વળી તે શંખ ભોગવતો, ન ભોગવતો થકો
પરદ્રવ્યને, છોડી અને નિજ શ્વેતભાવ સ્વયં અહો;

૨. * જો કૃષ્ણભાવે પરિણમે તો શ્વેતભાવ જ તેહનો,
નિજથી કરેલો કૃષ્ણ એવો ભાવ ત્યારે થઈ જતો;

૩. * તેવી રીતે તે જ્ઞાની ભોગવતો, ન ભોગવતો થકો
પરદ્રવ્યને, છોડી અહો નિજ જ્ઞાનને સ્વયમેવ જો

---

* પરદ્રવ્યને ભોગવે = પરદ્રવ્યના સંયોગમાં દેખાય

** પરના અપરાધના કારણે = નિમિત્તના કારણે

૪ * અજ્ઞાનરૂપે પરિણમે, ત્યારે સ્વયંથી કૃત અહો,
અજ્ઞાન થાયે જ્ઞાન તેનું તેથી જ્ઞાનીને અહો;
૫. * જો બંધ થાયે તો અહો તે થાય છે નિજના ખરે
અપરાધના કારણ વડે, [નહીં અન્ય દ્રવ્યોથી અરે.]

ટીકા :–

(૧) * [જ્ઞાનીને પરના અપરાધથી (નિમિત્તના સંયોગમાત્રથી જ) બંધ થતો નથી : ]

૧. * જેમ શંખ પરદ્રવ્યને ભોગવે—ખાય તોપણ
* તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી

૨. * કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ
* દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી,

૩. * તેવી રીતે જ્ઞાની પરદ્રવ્યને ભોગવે
* તોપણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી

૪. * કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું
* નિમિત્ત બની શકતું નથી.

૫. * માટે જ્ઞાનીને પરના અપરાધના નિમિત્તે
* બંધ થાતો નથી.

(૨) * [જ્ઞાનીને પોતાના અપરાધથી જ બંધ થાય છે :]

૧. * વળી જ્યારે તે જ શંખ, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો,
* શ્વેતભાવને છોડીને સ્વયમેવ

૨. * કૃષ્ણભાવે પરિણમે ત્યારે તેનો શ્વેતભાવ
* સ્વયંકૃત કૃષ્ણભાવ થાય (અર્થાત્ પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવરૂપ થાય),

૩. * તેવી રીતે જ્યારે તે જ જ્ઞાની, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો,
* જ્ઞાનને છોડીને સ્વયમેવ

૪. * અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે
* તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય. માટે જ્ઞાનીને

૫. * જો (બંધ) થાય તો પોતાના જ અપરાધના નિમિત્તે (અર્થાત્ પોતે જ અજ્ઞાનપણે પરિણમે ત્યારે)
* બંધ થાય છે.

## કળશ – ૧૫૧

ઉત્થાનિકા :–હવે આનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * હે જ્ઞાની, તારે કદી કાંઈ પણ કર્મ* કરવું યોગ્ય નથી
 * તોપણ જો તું એમ કહે છે કે 'પરદ્રવ્ય મારું તો કદી નથી
૨. * અને હું તેને ભોગવું છું,' તો તને કહેવામાં આવે છે (અર્થાત્ અમે કહીએ છીએ) કે
 * હે ભાઈ, તું ખોટી (-ખરાબ) રીતે જ ભોગવનાર છે;
૩. * જે તારું નથી તેને તું ભોગવે છે એ મહા ખેદ છે !
 * જો તું કહે કે 'પરદ્રવ્યના ઉપભોગથી બંધ થતો નથી.
૪. * એમ સિદ્ધાંતમાં કહ્યું છે માટે ભોગવું છું,'
 * તો શું તને ભોગવવાની ઇચ્છા છે?
૫. * જ્ઞાનરૂપ થઈને વસ (-શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર), નહિ તો (અર્થાત્ જો ભોગવવાની ઇચ્છા કરીશ –અજ્ઞાનરૂપે પરિણમીશ તો)
 * તું ચોક્કસ પોતાના અપરાધથી બંધને પામીશ.

**કળશામૃત :–**

૧. * હે જ્ઞાની, તારે કર્મ* કરવું કાંઈ પણ નથી યોગ્ય ને
 તોપણ કદી 'પરદ્રવ્ય તો મારું નથી'–જો તું કહે;
૨. * 'ને ભોગવું છું તેહને હું'–તો તને કહીયે અમે,
 હે ભાઈ, ભોગવનાર તું નક્કી જ છો ખોટી રીતે;
૩. * નથી તારું તેને ભોગવે છે–એ અતિશય ખેદ છે!
 જો તું કહે 'પરદ્રવ્યના ઉપભોગથી નહિ બંધ છે,
૪. * સિદ્ધાંતમાં કહ્યું એમ છે તેથી હું ભોગવું તેહને;'
 તો શું ભોગવવાની છે તેને અરે ઇચ્છા તને?
૫. * તું શુદ્ધ નિજ સ્વરૂપમાં નિવાસ કર નહિ તો ખરે,
 અપરાધ નિજનાથી અહો તું જરૂર પામીશ બંધને.

---

* કર્મ = પરનું અથવા રાગનું કાર્ય.

## કળશ – ૧૫૨

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે.:–

શ્લોકાર્થ :–

૧. * કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી (કે તું મારા ફળને ભોગવ),
 * ફળની ઇચ્છાવાળો જ

૨. * કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે;
 * માટે જ્ઞાનરૂપે રહેતો અને જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે

૩. * એવો મુનિ, કર્મના ફળના પરિત્યાગરૂપ જ જેનો એક સ્વભાવ છે એવો હોવાથી,
 * કર્મ કરતો છતો પણ કર્મથી બંધાતો નથી.

**કળશામૃત :–**

૧. * કર્મ જ કદી નથી જોડતું બળજોરીથી કરનારને
નિજ ફળ થકી, [કિંતુ] અહો જે કર્મફળ ઇચ્છે અરે !

૨. * તે કર્મફળને પામતો, કરતો થકો તે કર્મને;
તેથી જ જ્ઞાનરૂપે રહી જે રાગ-રચના નવ કરે,

૩. * ને કર્મફળપરિત્યાગરૂપ સ્વભાવ હોવાથી અહા !
એ મુનિ, ભલે કર્મો કરે પણ કર્મથી બંધાય ના.

## ગાથા ૨૨૪ થી ૨૨૭

ઉત્થાનિકા :–હવે આ અર્થને દ્રષ્ટાંતથી દ્રઢ કરે છે :–

ગાથા :– * જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.
* ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.
* વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.
* સુદ્રષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજ સેવન નથી,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭.

### ટીકામૃત :–

૧. * જ્યમ પુરુષ કોઈ વૃત્તિને* અર્થે [જ] સેવે ભૂપને,
તો વિવિધ ફળ તે ભૂપ આપે છે અહો તે પુરુષને;

૨. * ત્યમ ફળ તણા અર્થે [જ] જો કો જીવ સેવે કર્મને,
તો કર્મ તે વિધવિધ ફળ આપે અહો તે જીવને.

૩. * વળી તે જ પુરુષ ન સેવતો જ્યમ વૃત્તિ અર્થે ભૂપને,
તો ભૂપ તે નથી આપતો વિધવિધ ફળ એ પુરુષને;

૪. * સદ્દ્રષ્ટિ ત્યમ ફળના પ્રયોજનથી ન સેવે કર્મને,
તેથી ન આપે કર્મ તે વિધવિધ ફળ સદ્દ્રષ્ટિને.

---

* વૃત્તિ = આજીવિકા

### ટીકા :–

૧. * જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાને સેવે છે
* તો તે રાજા તેને ફળ આપે છે,

૨. * તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે
* તો તે કર્મ તેને ફળ આપે છે.

૩. * વળી જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો
* તો તે રાજા તેને ફળ નથી આપતો,

૪. * તેમ સમ્યગ્દ્રષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો તો (અર્થાત્ તેથી)
* તે કર્મ તેને ફળ નથી આપતું. એમ તાત્પર્ય (અર્થાત્ કહેવાનો આશય) છે.

## કળશ – ૧૫૩

ઉત્થાનિકા :–હવે, 'જેને ફળની વાંછા નથી તે કર્મ શા માટે કરે?' એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જેણે કર્મનું ફળ છોડ્યું છે તે કર્મ કરે
* એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી.

૨. * પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે—તેને (જ્ઞાનીને)
* પણ કોઈ કારણે કાંઈક એવું કર્મ અવશપણે (–તેના વશ વિના) આવી પડે છે.

૩. * તે આવી પડતાં પણ,
* જે અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની

૪. * કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે ?
* [આમ 'જેને ફળની વાંછા નથી તે જ્ઞાની કર્મ શા માટે કરે ?' એ આશંકાનો આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો.]

**કળશામૃત :–**

૧. * છે કર્મનું ફળ છોડ્યું એવો પુરુષ કર્મ કરે કદી,
એવી પ્રતીતિ તો અહો અજ્ઞાની કરી શકતા નથી.

૨. * વિશેષ કિંતુ એટલું ત્યાં છે અહો તે જ્ઞાનીને,
પણ અવશતાથી કોઈ કારણથી અહો આવી પડે

૩. * કો કર્મ એવું, પણ છતાંય અકંપ છે એવા અહા !
જે પરમજ્ઞાન સ્વભાવમાં સ્થિત છે ખરે તે જ્ઞાની આ;

૪. * કર્મો કરે છે કે નહીં—તે કોણ જાણે છે અહા ?
[વાંછા વિના કર્મો કરે છે જ્ઞાની આ રીતે સદા.]

## કળશ – ૧૫૪

ઉત્થાનિકા :–હવે, આ જ અર્થના સમર્થનરૂપે અને આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ જેના ભયથી ચલાયમાન થતા—ખળભળી જતા–
 ⁎ ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે

૨. ⁎ એવો વજ્રપાત થવા છતાં, આ સમ્યગ્દ્રષ્ટિ જીવો,
 ⁎ સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે, સમસ્ત શંકા છોડીને,

૩. ⁎ પોતે પોતાને (અર્થાત્ આત્માને) જેનું જ્ઞાનરૂપી શરીર અવધ્ય (અર્થાત્ કોઈથી હણી શકાય નહિ એવું) છે એવો જાણતા થકા,
 ⁎ જ્ઞાનથી ચ્યુત થતા નથી.

૪. ⁎ આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દ્રષ્ટિઓ જ સમર્થ છે.
 ⁎ [અહો ! સમ્યગ્દ્રષ્ટિઓ આવા નિર્ભયસ્વભાવી હોય છે.]

**કળશામૃત :–**

૧. * ભયથી ચલિત થતા અને ખળભળી જતા જેનાથી તે,
ત્રણ લોક પોતાનો અહો છે માર્ગ છોડી દે અરે;

૨, * એ વજ્રપાત થવા છતાં સદ્દ્રષ્ટિ જીવો આ ખરે,
નિર્ભય સ્વભાવથી હોઈને સઘળીય શંકા છોડીને;

૩. * અણવધ્ય જ્ઞાનશરીરરૂપ નિજ આતમાને જાણીને,
ચ્યુત જ્ઞાનથી નહિ થાય છે એવા અહો સદ્દ્રષ્ટિ તે.

૪. * આવું પરમ સાહસ કરી શકવા અહો જ સમર્થ છે;
[સદ્દ્રષ્ટિઓ આવા અહો નિર્ભયસ્વભાવી હોઈને.]

## ગાથા – ૨૨૮

ઉત્થાનિકા :– હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :–

ગાથા :– * સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને
છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.

ટીકામૃત :–

૧. * સહુ કર્મફળ પ્રતિ કોઈ પણ અભિલાષ કદી ના હોઈને
સદ્દ્રષ્ટિઓ, કર્મો પ્રતિ અત્યંત નિરપેક્ષા વડે

૨. * વર્તે અહો છે, તેથી તેઓ અતિ અતિ નિઃશંક ને
દારૂણ નિશ્ચયવાન હોવાથી અહો અત્યંત છે

૩. * નિર્ભય, અહો સંભાવના એવી ખરેખર યોગ્ય છે;
[ને કર્મ-ફળ નિરપેક્ષ જ્ઞાની આ રીતે ભયરહિત છે.]

ટીકા :–

૧. * કારણ કે સમ્યગ્દ્રષ્ટિઓ સદાય સર્વ કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી
* કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે

૨. * વર્તે છે, તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક
* દારુણ (દ્રઢ) નિશ્ચયવાળા હોવાથી અત્યંત

૩. * નિર્ભય છે એમ સંભાવના કરવામાં આવે છે (અર્થાત્ એમ યોગ્યપણે ગણવામાં આવે છે).
* [કર્મ અને કર્મફળ પ્રત્યે નિરપેક્ષ જ્ઞાની આ રીતે નિર્ભય હોય છે.]

## કળશ – ૧૫૫

ઉત્થાનિકા :–હવે સાત ભયના કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એ બે ભયનું એક કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :– [Slightly Rearranged]**

૧. * ભિન્ન આત્માનો (અર્થાત્ પરથી ભિન્નપણે પરિણમતા એવા આત્માનો)
   * આ ચિત્સ્વરૂપ લોક જ શાશ્વત, એક અને

૨. * સકલવ્યક્ત (-સર્વ કાળે પ્રગટ એવો) લોક છે; કારણ
   * કે માત્ર [એવા] ચિત્સ્વરૂપ લોકને આ જ્ઞાની આત્મા સ્વયમેવ

૩. * એકલો અવલોકે છે—અનુભવે છે.
   * આ ચિત્સ્વરૂપ લોક જ તારો છે,

૪. * તેનાથી બીજો કોઈ લોક—આ લોક કે પરલોક–
   * તારો નથી એમ જ્ઞાની વિચારે છે, જાણે છે,

૫. * તેથી જ્ઞાનીને આ લોકનો તથા પરલોકનો
   * ભય ક્યાંથી હોય ? તે તો નિરંતર નિઃશંક વર્તતો થકો

૬. * સહજ જ્ઞાનને (પોતાના જ્ઞાનસ્વભાવને) સદા અનુભવે છે.
   * [આ રીતે તે જ્ઞાનીને આ લોક કે પરલોકનો ભય કદી હોતો નથી.]

**કળશામૃત :–**

૧. * જે ભિન્ન પરથી પરિણમે એવા અહો આત્મા તણો,
આ ચિત્સ્વરૂપી લોક શાશ્વત , એક માત્ર જ ને અહો;

૨ * છે સર્વ કાળે પ્રગટ એવો લોક છે એ કારણે
કે માત્ર [એવા] ચિત્સ્વરૂપી લોકને, સ્વયમેવ એ

૩. * બસ જ્ઞાની અવલોકે અને અનુભવ કરે તેનો ખરે.
આ ચિત્સ્વરૂપી લોક માત્ર જ છે અહો તારો અને

૪. * એનાથી બીજો કોઈ પણ આ લોક કે પરલોક તે,
તારો નથી ત્યમ જ્ઞાની જાણે છે—વિચારે છે અને

૫. * તેથી જ્ઞાનીને અહો આ લોક ને પરલોકનો,
ભય ક્યાંથી હોય જ? તે સ્વયં નિઃશંક થઈને વર્તતો;

૬. * નિજ સહજ જ્ઞાનસ્વભાવનો અનુભવ કરે નિરંતરે,
[આ રીત બન્ને લોકનો કદી ભય નથી એ જ્ઞાનીને.]

## કળશ – ૧૫૬

ઉત્થાનિકા :–હવે વેદનાભયનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય*-વેદકના બળથી (અર્થાત્ વેદ્ય અને વેદક અભેદ જ હોય છે
* એવી વસ્તુસ્થિતિના બળથી) એક 'અચળ જ્ઞાન** જ સ્વયં નિરાકુળ પુરુષો વડે (-જ્ઞાનીઓ વડે)

૨. * સદા વેદાય છે,
* તે આ એક જ વેદના (જ્ઞાનવેદન)*** જ્ઞાનીઓને છે.

૩. * (આત્મા વેદનાર છે અને જ્ઞાન વેદાવાયોગ્ય છે.)
* જ્ઞાનીને બીજી કોઈ આવેલી (-પુદ્‌ગલથી થયેલી )વેદના+ હોતી જ નથી,

૪. * તેથી તેને વેદનાનો ભય ક્યાંથી હોય?
* તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

**કળશામૃત :–**

૧. * રે વેદ્ય ને વેદક સદાય અભેદરૂપ જ હોય છે;
તેથી અચળ બસ એક જ્ઞાન** સ્વયં અહો જ્ઞાની વડે

૨. * વેદાય છે નિત્યે, અહો તે જ્ઞાનની આ વેદના,***
બસ એક માત્ર જ હોય છે સહુ જ્ઞાનીઓને તે સદા;

૩. * છે વેદનારો આતમા ને જ્ઞાન વેદનયોગ્ય છે,
પુદ્‌ગલજનિત કો વેદના+ નહિ જ્ઞાનીને કદી હોય છે;

૪. * તેથી કોઈ વેદનાભય હોય ક્યાંથી જ્ઞાનીને?
તે તો સ્વયં નિઃશંક થઈ નિત આતમાને અનુભવે.

---

* વેદ્ય = નિર્મળ પર્યાય.

** જ્ઞાન = આત્મા.

*** જ્ઞાનની આ વેદના = અતીન્દ્રિય આનંદનો અનુભવ.

+ પુદ્‌ગલજનિત વેદના = રોગ, દરિદ્રતા આદિ વિષય સુખદુઃખનો અનુભવ.

## કળશ – ૧૫૭

ઉત્થાનિકા :–હવે અરક્ષાભયનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે સત્ છે તે નાશ પામતું નથી
 * એવી વસ્તુસ્થિતિ નિયતપણે પ્રગટ છે.

૨. * આ જ્ઞાન પણ સ્વયમેવ સત્ (અર્થાત્ સત્ સ્વરૂપ વસ્તુ) છે.
 * માટે નાશ પામતું નથી), તેથી વળી પર વડે

૩. * તેનું રક્ષણ શું ? આ રીતે (જ્ઞાન પોતાથી રક્ષિત હોવાથી)
 * તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી.

૪. * માટે (આવું જાણતા) જ્ઞાનીને અરક્ષાનો ભય ક્યાંથી હોય?
 * તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

**કળશામૃત :–**

૧. * જે હોય સત્ તે નાશને પામે કદીયે નહીં ખરે,
વસ્તુસ્થિતિ એવી સદા છે પ્રગટરૂપ નિયતપણે.

૨. * આ જ્ઞાન પણ સ્વયમેવ સત્તાસ્વરૂપ વસ્તુ હોઈને,
પામે નહીં તે નાશને વળી તેથી તેને પર વડે

૩. * રક્ષણ અહો શું ? આ રીતે છે જ્ઞાન નિજરક્ષિત અને
તેથી અરક્ષણ જ્ઞાનનું જરીયે કરી ન શકાય છે;

૪. * માટે અરક્ષાભય અહો ક્યમ હોય એવા જ્ઞાનીને?
તે તો સ્વયં નિઃશંક થઈ નિત આતમાને અનુભવે.

## કળશ – ૧૫૮

ઉત્થાનિકા :–હવે અગુપ્તિભયનું કાવ્ય કહે છે :

**શ્લોકાર્થ :–**

૧. * ખરેખર વસ્તુનું સ્વ-રૂપ જ (અર્થાત્ નિજ રૂપ જ) વસ્તુની પરમ 'ગુપ્તિ' છે
* કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી;

૨. * અને અકૃત જ્ઞાન (-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વાભાવિક જ્ઞાન-) પુરુષનું અર્થાત્ આત્માનું
* સ્વરૂપ છે; (તેથી જ્ઞાન આત્માની પરમ ગુપ્તિ છે.)

૩. * માટે આત્માનું જરા પણ અગુપ્તપણું નહિ હોવાથી
* જ્ઞાનીને અગુપ્તિનો ભય ક્યાંથી હોય ?

૪. * તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.
* [અગુપ્તિભયનું સ્વરૂપ આ રીતે આચાર્યશ્રીએ સમજાવ્યું છે.]

**કળશામૃત :–**

૧. * વસ્તુસ્વરૂપ જ પરમ 'ગુપ્તિ' વસ્તુની છે કેમકે
નિજરૂપમાં કો અન્યથી ન પ્રવેશ કરી જ શકાય છે;

૨. * ને કોઈથી ન કરાયું છે જે જ્ઞાન સ્વાભાવિક તે,
છે આતમાનું સ્વરૂપ તેથી જ્ઞાન પરમ જ ગુપ્તિ છે;

૩. * આ રીત આત્માનું જરાય અગુપ્તિપણું નવ હોઈને,
ક્યમ હોય ભય અણગુપ્તિનો કદીયે અહો તે જ્ઞાનીને ?

૪. * તે તો સ્વયં નિઃશંક થઈ નિત આતમાને અનુભવે,
[અણગુપ્તિભયનું સ્વરૂપ આમ કહ્યું અહો શ્રી મુનિવરે.]

## કળશ – ૧૫૯

ઉત્થાનિકા :– હવે મરણભયનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે.
   * આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે.

૨. * તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત હોવાથી
   * તેનો કદાપિ નાશ થતો નથી;

૩. * માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી.
   * તેથી (આવું જાણતા) જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય ?

૪. * તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.
   * [આ રીતે મરણભયનું સ્વરૂપ આચાર્યશ્રીએ સમજાવ્યું.]

**કળશામૃત :–**

૧. * પ્રાણો તણા જ વિનાશને લોકો કહે છે મરણ ને
આ આતમાના પ્રાણ તો છે જ્ઞાન નિશ્ચયથી અરે;

૨. * ને જ્ઞાન પોતાથી ખરે શાશ્વત સ્વભાવી હોઈને,
તેનો કદાપિ નાશ નહીં થાતો અહો એ કારણે;

૩. * આત્મા તણું કદી મરણ નથી થાતું જરીયે નિશ્ચયે,
તો એવું જાણે જ્ઞાની તેને "મરણભય" ક્યમ હો ખરે?

૪. * તે તો સ્વયં નિઃશંક થઈ નિત આતમાને અનુભવે,
[આ રીત સમજાવ્યું 'મરણભય'નું સ્વરૂપ શ્રી મુનિવરે.]

## કળશ – ૧૬૦

ઉત્થાનિકા :–હવે આકસ્મિક ભયનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ સ્વતઃસિદ્ધ જ્ઞાન એક છે, અનાદિ છે,
   * અનંત છે, અચળ છે. તે જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય તે જ છે,

૨. * તેમાં બીજાનો ઉદય નથી.
   * માટે આ જ્ઞાનમાં આકસ્મિક (અણધાર્યું, એકાએક) કાંઈ પણ થતું નથી.

૩. * આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય ક્યાંથી હોય?
   * તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

**કળશામૃત :–**

૧. * છે જ્ઞાન આ પોતાથી સિદ્ધ જ એક તેમ અનાદિ ને
   અનંત છે ને અચળ છે, તે જેહ છે તે તે જ છે;

૨. * તેમાં નથી કો ઉદય અન્ય તણો અહો તેથી ખરે,
   આ જ્ઞાનમાં અણધાર્યું એકાએક ના કંઈ થાય છે.

૩. * ક્યમ હોય ભય અણધાર્યનો* તે જાણનારા જ્ઞાનીને ?
   તે તો સ્વયં નિઃશંક થઈ નિત આતમાને અનુભવે.

---

અણધાર્ય = આકસ્મિક

## કળશ – ૧૬૧

ઉત્થાનિકા :–હવે આગળની (સમ્યગ્દ્રષ્ટિના નિઃશંકિત આદિ ચિહ્નો વિષેની) ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને
 * ભોગવનાર સમ્યગ્દ્રષ્ટિને જે નિઃશંકિત આદિ ચિહ્નો છે
૨. * તે સમસ્ત કર્મોને હણે છે;
 * માટે, કર્મનો ઉદય વર્તતાં છતાં,
૩. * સમ્યગ્દ્રષ્ટિને ફરીને કર્મનો બંધ જરા પણ થતો નથી,
 * પરંતુ જે કર્મ પૂર્વે બંધાયું હતું
૪. * તેના ઉદયને ભોગવતાં તેને નિયમથી
 * તે કર્મની નિર્જરા જ થાય છે.

**કળશામૃત :–**

૧. * શાશ્વત અહો નિજ રસથી પૂરણ જ્ઞાનના સર્વસ્વને,
જે ભોગવે જ્ઞાની અહો તેને નિઃશંકિત આદિ છે
૨. * ચિહ્નો, અહો જેઓ હણે છે [દ્રવ્ય] કર્મ સમસ્તને,
તેથી ભલે વર્તે ઉદય કર્મો તણો તોપણ અરે;
૩. * સદ્દ્રષ્ટિને કર્મો તણું બંધન ફરીને નવ થતું,
કિંતુ અહો ભૂતકાળમાં જે કર્મ બંધાયું હતું;
૪. * તેના ઉદયને ભોગવે પણ નિયમથી તેને ખરે,
બસ નિર્જરા થઈ જાય છે એ કર્મની તે જ્ઞાનીને.

## ગાથા – ૨૨૯ (પહેલું નિઃશંકિત અંગ)

ઉત્થાનિકા :–હવે આ કથનને ગાથાઓ દ્વારા કહે છે, તેમાં પ્રથમ નિઃશંકિત અંગની (અથવા નિઃશંકિત ગુણની-ચિહ્નની) ગાથા કહે છે :–

ગાથા :– * જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૨૯.

ટીકામૃત :–

૧. * બસ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયતાને લીધે,
જીવ બદ્ધ છે કર્મો વડે નિશ્ચયથી એ શંકા વિષે;

૨. * મિથ્યાત્વ આદિ ભાવનો જ અભાવ* હોવાથી અહો,
નિઃશંક છે સદ્દ્રષ્ટિ તેથી બંધ શંકાકૃત તણો

૩. * તેને નથી, કિંતુ અહા બસ છે જ તેને નિર્જરા,
[વ્યાખ્યા કરી શ્રી મુનિવરે નિઃશંક અંગ તણી અહા !]

---

* અભાવ હોવાથી = દ્રષ્ટિમાં, દ્રષ્ટિના વિષયમાં તથા દ્રષ્ટિની પરિણતિમાં અભાવ હોવાથી

ટીકા :– [Slightly Rearranged]

૧. * ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે
* કર્મબંધ સંબંધી શંકા કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા)

૨. * મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ* હોવાથી,
સમ્યગ્દ્રષ્ટિ નિઃશંક છે, તેથી તેને શંકાકૃત બંધ નથી.

૩. * પરંતુ નિર્જરા જ છે.
* [આ રીતે આચાર્યશ્રીએ નિઃશંકિત અંગની વ્યાખ્યા કરી.]

## ગાથા – ૨૩૦ (બીજું નિઃકાંક્ષિત અંગ)

ઉત્થાનિકા:–હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છે :–

ગાથા :– * જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષા રહિત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૦.

ટીકામૃત :–

૧. * બસ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયતાને લીધે,
સહુ કર્મફળ પ્રત્યે અને સહુ વસ્તુધર્મો પણ વિષે;

૨. * કાંક્ષા તણો જ અભાવ હોવાથી અહો સદ્દ્રષ્ટિ છે
નિઃકાંક્ષ, તેથી તેહને કાંક્ષાજનિત નહિ બંધ છે;

૩. * કિંતુ અહો છે નિર્જરા બસ તેહ સમ્યગ્દ્રષ્ટિને,
[આ રીત નિર્વાંછક અહો છે અંગ બીજું જ્ઞાનીને.]

ટીકા :– [Slightly Rearranged]

૧. * ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે
   * બધાંય કર્મફળો પ્રત્યે તથા બધા વસ્તુધર્મો પ્રત્યે

૨. * કાંક્ષાનો (તેને) અભાવ હોવાથી, સમ્યગ્દ્રષ્ટિ
   * નિઃકાંક્ષ (નિર્વાંછક) છે તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી

૩. * પરંતુ નિર્જરા જ છે.
   * [આ રીતે સમ્યગ્દ્રષ્ટિને નિઃકાંક્ષા નામનું બીજું અંગ હોય છે.]

## ગાથા – ૨૩૧ (ત્રીજું નિર્વિચિકિત્સા અંગ)

ઉત્થાનિકા :–હવે નિર્વિચિકિત્સા ગુણની વ્યાખ્યા કરે છે :–

ગાથા :– * **સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદ્રષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.**

ટીકામૃત :–

૧. * બસ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયતાને લીધે,
સહુ વસ્તુના ધર્મો પ્રતિ નહિ ગ્લાનિભાવ જ હોઈને;

૨. * સદ્‌દ્રષ્ટિ વિચિકિત્સારહિત છે રે સદા એ કારણે,
જે બંધ વિચિકિત્સા થકા છે તે ન તેને થાય છે;

૩. * કિંતુ અહો છે નિર્જરા બસ તેહ સમ્યગ્દ્રષ્ટિને;
[આ રીત ગ્લાનિરહિતતાનું અંગ ત્રીજું છે ખરે.]

ટીકા :– **[Slightly Rearranged]**

૧. * ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે
* બધાય વસ્તુધર્મો પ્રત્યે જુગુપ્સાનો (તેને) અભાવ હોવાથી,

૨. * સમ્યગ્દ્રષ્ટિ નિર્વિચિકિત્સ (-જુગુપ્સા રહિત) છે, તેથી તેને
* વિચિકિત્સાકૃત બંધ નથી

૩. * પરંતુ નિર્જરા જ છે.
* [ત્રીજા ગ્લાનિરહિતતા અંગનું ખરેખર આવું સ્વરૂપ છે.]

## ગાથા – ૨૩૨ (ચોથું અમૂઢદ્રષ્ટિ અંગ)

ઉત્થાનિકા :–હવે અમૂઢદ્રષ્ટિ અંગની ગાથા કહે છે :–

ગાથા :– * સંમૂઢ નહિ જે સર્વ ભાવે,–સત્યદ્રષ્ટિ ધારતો,
તે મૂઢદ્રષ્ટિરહિત સમકિતદ્રષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.

ટીકામૃત :–

૧. * બસ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયતાને લીધે,
સહુ ભાવમાં મૂઢતા તણો જ અભાવ તેને હોઈને;

૨. * છે અમૂઢદ્રષ્ટિ સમકિતી તે, મૂઢદ્રષ્ટિકૃત જે
છે બંધ તે તેને નથી પણ નિર્જરા છે તેહને.

ટીકા :– **[Slightly Rearranged]**

૧. * ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે
* બધાય ભાવોમાં મોહનો* (તેને) અભાવ હોવાથી,

૨. * સમ્યગ્દ્રષ્ટિ અમૂઢદ્રષ્ટિ છે, તેથી તેને મૂઢદ્રષ્ટિકૃત
* બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

---

* મોહ = મૂઢતા; મૂંઝવણ; વિપરીત દ્રષ્ટિ.

## ગાથા – ૨૩૩ (પાંચમું ઉપગૂહન અંગ)

ઉત્થાનિકા :–હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છે :–

ગાથા :– * જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો;
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૩.

ટીકામૃત :–

૧. * બસ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયતાને લીધે,
સહુ આત્મશક્તિઓ તણી વૃદ્ધિ કરંતો હોઈને;

૨ * છે ઉપબૃંહક જ તે અહો નિજશક્તિ વૃદ્ધિકાર છે,
તેથી ન તેને જીવની કમજોરીથી જે થાય છે

૩. * તે બંધ નથી, કિંતુ અહો છે નિર્જરા બસ તેહને;
[ઉપગૂહન ગુણની આ રીતે વ્યાખ્યા કહી શ્રી મુનિવરે.]

ટીકા :– **[Slightly Rearranged]**

૧ * ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે
* સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,

૨. * સમ્યગ્દ્રષ્ટિ ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે,
* તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી (અર્થાત્ મંદતાથી) થતો

૩. * બંધ નથી પરંતુ નિર્જરા જ છે.
* [આ રીતે આચાર્યશ્રીએ ઉપગૂહનગુણની વ્યાખ્યા કરી.]

## ગાથા – ૨૩૪ (છઠ્ઠું સ્થિતિકરણ અંગ)

ઉત્થાનિકા :–હવે સ્થિતિકરણ ગુણની ગાથા કહે છે :–

ગાથા :– * ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૪.

ટીકામૃત :–

૧. * બસ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયતાને લીધે,
નિજ આતમા સન્માર્ગથી કદી ચ્યુત જો થઈ જાય ને
૨. * સદ્‌જ્ઞાનદર્શનચરણના નિર્વાણપથથી ચલિત તે,
તો તેહને સ્થિત પુનઃ કરતો તેથી તે સ્થિતિકારી છે;
૩. * તેથી ન તેને બંધ જે ચ્યુત-માર્ગ બનવાથી થતો,
કિંતુ સદા છે નિર્જરા [સદ્‌દ્રષ્ટિ એવા તેહને.]

ટીકા :– **[Slightly Rearranged]**

૧. * ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે
* જો પોતાનો આત્મા માર્ગથી
૨. * (અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી) ચ્યુત થાય
* તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી, સમ્યગ્દ્રષ્ટિ સ્થિતિકારી છે,
૩. * તેથી તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી.
* પરંતુ નિર્જરા જ છે.

## ગાથા – ૨૩૫ (સાતમું વાત્સલ્ય અંગ)

ઉત્થાનિકા :–હવે વાત્સલ્યગુણની ગાથા કહે છે :–

ગાથા :– * જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો !
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૫.

ટીકામૃત :–

૧. * બસ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયતાને લીધે,
સદ્‌જ્ઞાનદર્શનચરણને અણભેદ નિજબુદ્ધિ વડે;

૨. * સમ્યક્-પણે અવલોકતો-અનુભવ કરંતો હોઈને,
છે માર્ગવત્સલ-માર્ગ પ્રતિ પ્રીતિવંત–સમ્યગ્દ્રષ્ટિ તે,

૩. * ને તેથી તેને માર્ગની ઉપલબ્ધિ નહીં હોતાં અહા,
જે બંધ થાતો, તે નથી કિંતુ અહો છે નિર્જરા.

ટીકા :– [Slightly Rearranged]

૧. *; ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે
* સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ

૨. * સમ્યક્પણે દેખતો (-અનુભવતો) હોવાથી, સમ્યગ્દ્રષ્ટિ
* માર્ગવત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે,

૩. * તેથી તેને માર્ગની અનુપલબ્ધિથી થતો
* બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

## ગાથા – ૨૩૬ (આઠમું પ્રભાવના અંગ)

ઉત્થાનિકા :–હવે પ્રભાવના ગુણની ગાથા કહે છે :–

ગાથા :– * ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૬.

ટીકામૃત :– [Slightly Rearranged]

૧. * બસ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવમયતાને લીધે,
પ્રગટાવી-વિકસાવી અહો નિજ જ્ઞાનની સહુ શક્તિને;

૨. * તેના વડે ઉપજાવતો સદ્દ્રષ્ટિ જેહ પ્રભાવને,
તેથી અહો સદ્દ્રષ્ટિ તેહ, પ્રભાવના કરનાર છે;

૩. * આ કારણે અપ્રકર્ષ જ્ઞાન-પ્રભાવનાથી જે થતો
તે બંધ, તેને છે નહિ પણ નિર્જરા જ છે અહો.

ટીકા :– [Slightly Rearranged]

૧. * ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે
* જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા—વિકસાવવા—ફેલાવવા

૨. * વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી, સમ્યગ્દ્રષ્ટિ
* પ્રભાવના કરનાર છે,

૩. * તેથી તેને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી (અર્થાત્ જ્ઞાનની પ્રભાવના નહિ વધારવાથી) થતો
* બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

## કળશ – ૧૬૨

ઉત્થાનિકા :–હવે, નિર્જરાનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દ્રષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ પ્રમાણે નવીન બંધને રોકતો અને (પોતે)
   * પોતાના આઠ અંગો સહિત હોવાના કારણે
૨. * નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોને
   * નાશ કરી નાખતો સમ્યગ્દ્રષ્ટિ જીવ
૩. * પોતે અતિ રસથી (અર્થાત્ નિજરસમાં મસ્ત થયો થકો)
   * આદિ-મધ્ય-અંત રહિત (સર્વવ્યાપક, એકપ્રવાહરૂપ ધારાવાહી) જ્ઞાનરૂપ થઈને
૪. * આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં
   * અવગાહન કરીને (અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને) નૃત્ય કરે છે.

**કળશામૃત :–**

૧. * આ રીત નૂતન બંધને રોકી અને પોતે અહા,
   નિજના જ અષ્ટાંગો સહિત હોવાથી [સમ્યગ્દ્રષ્ટિ આ;]
૨. * તેને પ્રગટતી નિર્જરાથી કર્મ પૂર્વનિબદ્ધનો,
   કરતો થકો તે નાશ સહુનો જીવ સદ્દ્રષ્ટિ અહો;
૩. * નિજના જ અતિશય રસ મહીં તે જીવ મસ્ત થયો થકો,
   થઈ જ્ઞાનરૂપે સર્વવ્યાપક આદિ-અંત રહિત થતો;
૪. * આકાશના* વિસ્તારરૂપી** રંગભૂમિમાં અહો,
   તે વ્યાપીને*** નિજ જ્ઞાનથી સંપૂર્ણ નભમાં નાચતો.****

---

* આકાશના = નિર્મળ આત્મસ્વભાવના

** વિસ્તાર = છદ્મસ્થ [સમ્યગ્દ્રષ્ટિનું] શ્રુતજ્ઞાન પણ લોકાલોકને જાણવાની તાકાતવાળું છે.

*** વ્યાપીને = જાણીને

**** નાચતો = પરિણમન કરતો

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં નિર્જરાનો પ્રરૂપક છઠ્ઠો અંક સમાપ્ત થયો.

# બંધ અધિકાર

## ગાથા : ૨૩૭ થી ૨૮૭

## કળશ : ૧૬૩ થી ૧૭૯

## પ્રવચન નંબર ૩૧૩ થી ૩૫૬

### કળશ – ૧૬૩

ઉત્થાનિકા :–પ્રથમ ટીકાકાર કહે છે ‘હવે બંધ પ્રવેશ કરે છે.’

* જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.
* ત્યાં પ્રથમ જ, સર્વ ભાવોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧ * જે (બંધ) રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે
 * સમસ્ત જગતને પ્રમત્ત (-મત્તવાલું, ગાફેલ) કરીને, રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી) ભરેલા

૨. * મોટા નૃત્ય વડે ખેલી (નાચી) રહ્યો છે
 * એવા બંધને ઉડાડી દેતું-દૂર કરતું, જ્ઞાન ઉદય પામે છે.

૩. * કેવું છે જ્ઞાન ?
 * આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,

૪. * પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને
 * પ્રગટ નચાવી રહ્યું છે,

૫. * ધીર છે, ઉદાર (અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, અનાકુળ (અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું) છે,
 * નિરપધિ (અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે.

**કળશામૃત :–**

૧. * જે બંધ રાગ તણા ઉદયરૂપ મહા મદ્ય થકી અરે !
સૌ જગતને ગાફેલ કરીને રાગરસથી ભરેલ જે;
૨. * ખેલી રહ્યો–નાચી રહ્યો છે, નૃત્ય મોટાથી અરે !
એ બંધને દૂરે કરંતુ જ્ઞાન પામે ઉદયને.
૩. * તે જ્ઞાન કેવું છે ? અહો તે જ્ઞાન નિત ભોજન કરે–
આનંદરૂપ અમૃતતણું, [તે બંધને દૂરે કરે;]
૪. * નિજની અહો જાણનક્રિયારૂપ સહજ એવી દશા ખરે,
તેને નચાવી રહ્યું પ્રગટ [એવું અહો તે જ્ઞાન છે;]
૫. * તે ધીર છે, ઉદાર છે, નથી હેતુ આકુળતા તણું,
છે નિરુપધિ, તેને વળી છે ગ્રહણ-ત્યાગ ન પરતણું.

## ગાથા – ૨૩૭ થી ૨૪૧

ઉત્થાનિકા :–હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે :–

ગાથા :– * જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી. ૨૩૭.
* વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.
* બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે? ૨૩૯.
* એમ જાણવું નિશ્ચય થકી–ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.
* ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદ્રષ્ટિ જે,
ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧

### ટીકામૃત :–

(૧) [પ્રથમ પુરુષને થતા રજબધના કારણો વિષયક ચાર દ્રષ્ટાંતો સમુચ્ચયરૂપે કહે છે :–]

૧ * જ્યમ જગતમાં કો પુરુષ તેલ તણું અહો મર્દન કરી,
નિજભાવથી જ ભરેલ રજથી એવી ભૂમિમાં રહી;
૨ * શસ્ત્રો તણા વ્યાયામરૂપી કાર્યને કરતો થકો,
વિધવિધ કરણોથી કરંતો ઘાત ચિત્ત-અચિત્તનો;
૩ * તે ભૂમિની રજથી ખરે બંધાય છે–લેપાય છે,
વિચારજો ત્યાં બંધનું કારણ ક્યું છે પુરુષને?

[હવે ઉપરોક્ત ચાર દ્રષ્ટાંતો વિશેષરૂપે સમજાવે છે :–]

[દ્રષ્ટાંત નં. ૧ : બહુ રજથી ભરેલી ભૂમિ :–]

૧. * સૌથી પ્રથમ નિજભાવથી જે ભૂમિ રજથી ભરેલ છે,
તે બંધનું કારણ નથી તે પુરુષને આ કારણે–
૨. * કે હોય જો એ રીત તો જે પુરુષ તેલરહિત છે,
તે હોય જો આ ભૂમિમાં તો બંધ થાયે તેહને.

[દ્રષ્ટાંત નં. ૨ : શસ્ત્રોના વ્યાયામરૂપી ક્રિયા :–]

૧. * શસ્ત્રો તણા વ્યાપારરૂપી કર્મ પણ કારણ નથી–
રજબંધનું, એ કારણે કે એમ જો હોયે કદી;
૨. * તો તેલમર્દન રહિત જનને શસ્ત્રના વ્યાયામથી,
રજબંધનો જ પ્રસંગ આવે [જે કદી સાચું નથી.]

[દ્રષ્ટાંત નં. ૩ : અનેક પ્રકારના કરણો :–]

૧. * વિધવિધ કરણો પણ અહો કદી બંધનું કારણ નથી,
એ કારણે કે એમ જો કદી હોય તો જેણે નથી–

૨. * મર્દન કર્યું એ તેલ આદિથી, અહો તે પુરુષને–
રજબંધનો જ પ્રસંગ આવે, વિવિધ કરણોથી અરે!

[દ્રષ્ટાંત નં. ૪ : સચિત્ત તથા અચિત્તનો ઘાત :–]

૧. * સહચિત્ત ને વણચિત્ત વસ્તુઓ તણો જે ઘાત તે,
રજબંધનું કારણ નથી એ કારણે કે જો ખરે;

૨. * ત્યમ હોય તો જો પુરુષ કોઈ તેલમર્દનરહિત હો–
રજબંધ થાયે તેહને કરશે અહો તે ઘાત જો;

[છેલ્લે ઉપરોક્ત દ્રષ્ટાંતોનું તાત્પર્ય કહે છે :–]

૧. * માટે જ ન્યાય તણા બળે આ રીત આમ ફલિત થયું—
તે પુરુષને છે સ્નેહમર્દનકરણ કારણ બંધનું.

(૨) [હવે આત્માને થતા કર્મબંધનના કારણો વિષયક ચાર દ્રષ્ટાંતો સમુચ્ચયરૂપે કહે છે :–]

૧. * તેવી રીતે મિથ્યામતિ કો વર્તતો રાગાદિમાં,
નિજભાવથી બહુ કર્મપુદ્ગલથી ભરેલા લોકમાં;

૨. * મન-વચન-કાયનું કર્મ કરતો વિવિધ કરણોથી અરે,
સહચિત્ત તેમ અચિત્ત વસ્તુનો કરંતો ઘાત તે;

૩. * કર્મોરૂપી બહુ રજ અહો બંધાય છે તે પુરુષને,
વિચારજો કે બંધનું કારણ ક્યું તેમાંથી છે?

[હવે ઉપરોક્ત ચાર દ્રષ્ટાંતોને વિશેષરૂપે સમજાવે છે :–]

[દ્રષ્ટાંત નં. ૧ : બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક :–]

૧. * સોથી પ્રથમ નિજભાવથી જડકર્મથી જ ભરેલ જે,
તે લોક કારણ છે નહીં, કદી બંધનું એ કારણે—

૨. * કે હોય જો એ રીત તો સિદ્ધો રહે જે લોકમાં,
પ્રસંગ આવે બંધનો પણ તેમને [જે સત્ય ના.]

[દ્રષ્ટાંત નં. ૨ : મન-વચન-કાયાની ક્રિયા :–]

૧. * મન-વચન-કાયનું કર્મ પણ નથી બંધનું કારણ અહો,
એ કારણે કે એમ જો સાચું કદીએ હોય તો;

૨. * ઉત્કૃષ્ટ સંયમી જીવને પણ મન-વચનના કર્મથી,
પ્રસંગ આવે બંધનો [જે અહો સાચું નથી.]

[દ્રષ્ટાંત નં. ૩ : વિવિધ કરણો (-ઇન્દ્રિયો) :–]

૧. * વિધવિધ કરણો પણ નથી બંધો તણા કારણ અહો,
એ કારણે કે એમ જો સાચું [કદીયે] હોય તો;

૨. * સર્વજ્ઞ કેવળજ્ઞાનીને જ પ્રસંગ આવે બંધનો,
[આ રીત કરણો-ઇન્દ્રિયો પણ બંધકારણ ના અહો.]

[દ્રષ્ટાંત નં. ૪ : સચિત્ત-અચિત્તનો ઘાત :–]

૧. * સહચિત્ત ને વણચિત્ત વસ્તુઓ તણો પણ ઘાત હો,
તે બંધનું કારણ નથી એ કારણે કે હોય જો–

૨. * એ રીત તો, યત્ના થકી જ પ્રવર્તતા જે સાધુઓ,
પ્રસંગ પામે બંધનો જો થાય વસ્તુઘાત તો.

[હવે છેલ્લે ઉપરોક્ત દ્રષ્ટાંતોનું તાત્પર્ય કહે છે :–]

૧. * માટે જ ન્યાય તણા બળે આ રીત એમ ફલિત થયું–
ઉપયોગમાં રાગાદિનું કરવું જ કારણ બંધનું.

ટીકા :–

(૧) [પ્રથમ, પુરુષને થતા રજબંધના કારણો વિષયક ચાર દ્રષ્ટાંતો સમુચ્ચયરૂપે કહે છે :–]

૧. * જેવી રીતે–આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના) મર્દનયુક્ત થયેલો,
* સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો,

૨. * શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ (અર્થાત્ શસ્ત્રોના અભ્યાસરૂપી ક્રિયા) કરતો,
* અનેક પ્રકારનાં કરણો વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,

૩. * (તે ભૂમિની) રજથી બંધાય છે—લેપાય છે.
* (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ ક્યું છે?

* [હવે ઉપરોક્ત ચાર દ્રષ્ટાંતો વિશેષરૂપે સમજાવે છે :–]

* [દ્રષ્ટાંત નં. ૧ : બહુ રજથી ભરેલી ભૂમિ :–]

૧. * પ્રથમ, સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે
* એવી ભૂમિ રજબંધનું કારણ નથી; કારણ

૨. * કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું
* એવા પુરુષો કે જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે

* [દ્રષ્ટાંત નં. ૨ : શસ્ત્રોના વ્યાયામરૂપી ક્રિયા :–]
૧. * શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ પણ
* રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો
૨. * જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું
* તેમને પણ શસ્ત્રવ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે.
* [દ્રષ્ટાંત નં. ૩ : અનેક પ્રકારના કરણો :–]
૧. * અનેક પ્રકારના કરણો પણ રજબંધનું કારણ નથી;
* કારણ કે જો એમ હોય તો જેમણે
૨. * તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ
* અનેક પ્રકારના કરણોથી રજબંધનો પ્રસંગ આવે.
[દ્રષ્ટાંત નં. ૪ : સચિત્ત તથા અચિત્તનો ઘાત :–]
૧. * સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત
* પણ રજબંધનું કારણ નથી;
૨. * કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું
* તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે.
* [છેલ્લે, ઉપરોક્ત દ્રષ્ટાંતોનું તાત્પર્ય :—]
૧. * માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું (-સિદ્ધ થયું) કે,
* જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ (અર્થાત્ તે પુરુષમાં તેલ આદિના મર્દનનું કરવું), તે બંધનું કારણ છે.
(૨) * [હવે આત્માને થતા કર્મબંધનના કારણો વિષયક ચાર દ્રષ્ટાંતો સમુચ્ચયરૂપે કહે છે :—]
૧. * તેવી રીતે—મિથ્યાદ્રષ્ટિ પોતામાં રાગાદિક (-રાગાદિકભાવો-) કરતો,
* સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવા લોકમાં
૨. * કાય-વચન-મનનું કર્મ (અર્થાત કાય-વચન-મનની ક્રિયા) કરતો, અનેક પ્રકારના કરણો વડે
* સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,
૩. * કર્મરૂપી રજથી બંધાય છે.
* (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ ક્યું છે?
[હવે ઉપરોક્ત ચાર દ્રષ્ટાંતોને વિશેષરૂપે સમજાવે છે :–]
[દ્રષ્ટાંત નં. ૧ : બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક :–]
૧. * પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે
* એવો લોક બંધનું કારણ નથી; કારણ કે

૨. ⁎ જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે

⁎ તેમને પણ બંધનો પ્રસંગ આવે.

[દ્રષ્ટાંત નં. ૨ : મન-વચન-કાયાની ક્રિયા :—]

૧. ⁎ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયાસ્વરૂપ યોગ) પણ બંધનું કારણ નથી;

⁎ કારણ કે જો એમ હોય તો

૨. ⁎ યથાખ્યાત સંયમીઓને પણ (કાય-વચન-મનની ક્રિયા હોવાથી) બંધનો પ્રસંગ આવે.

[દ્રષ્ટાંત નં. ૩ : અનેક પ્રકારના કરણો (-ઇન્દ્રિયો) :–]

૧. ⁎ અનેક પ્રકારના કરણો પણ બંધનું કારણ નથી;

⁎ કારણ કે જો એમ હોય તો

૨. ⁎ કેવળજ્ઞાનીઓને પણ (તે કરણોથી) બંધનો પ્રસંગ આવે.

⁎ [આ રીતે કરણો-ઇન્દ્રિયો પણ બંધનું કારણ નથી.]

[દ્રષ્ટાંત નં. ૪ : સચિત્ત-અચિત્તનો ઘાત :–]

૧. ⁎ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ

⁎ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો

૨. ⁎ જેઓ સમિતિમાં તત્પર છે તેમને (અર્થાત્ જેઓ યત્નપૂર્વક પ્રવર્તે છે એવા સાધુઓને)

⁎ પણ (સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે.

[હવે છેલ્લે ઉપરોક્ત દ્રષ્ટાંતોનું તાત્પર્ય કહે છે :–]

૧. ⁎ માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે,

⁎ જે ઉપયોગમાં રાગાદિકરણ (અર્થાત્ ઉપયોગમાં જે રાગાદિકનું કરવું), તે બંધનું કારણ છે.

## કળશ – ૧૬૪

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ કર્મબંધ કરનારું કારણ,
⁎ નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક,
૨. ⁎ નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ),
⁎ નથી અનેક પ્રકારનાં કારણો કે
૩. ⁎ નથી ચેતન-અચેતનનો ઘાત.
⁎ 'ઉપયોગભૂ'* અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે
૪. ⁎ તે જ એક (–માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ–)
⁎ ખરેખર પુરુષોને બંધનું કારણ છે.

**કળશામૃત :–**

૧. * કરનાર બંધન કર્મનું કારણ નથી [એકે] અહા,
બહુ કર્મબંધનયોગ્ય પુદ્‌ગલથી ભરેલો લોક આ;
૨. * મન-વચન-કાય તણી ક્રિયારૂપ ચલન એવો યોગ ને
કરણો અનેક પ્રકારના [પણ બંધકારણ ના ખરે;]
૩. * ને ઘાત ચેતન ને અચેતનનો વળી કારણ નથી,
'ઉપયોગભૂ'*ની રાગ સહ જે ઐક્યની પ્રાપ્તિ થતી;
૪. * તે માત્ર એક જ એકતા ઉપયોગની રાગાદિથી,
છે બંધનું કારણ ખરેખર પુરુષને [નિશ્ચય થકી.]

---

⁎ ઉપયોગભૂ = પર્યાયભૂમિ.

## ગાથા – ૨૪૨ થી ૨૪૬

ઉત્થાનિકા :–સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી—એમ હવે કહે છે :–

ગાથા :– * જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.
* વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે; ૨૪૩.
* બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.
* એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.
* યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

ટીકામૃત :–

(૧) [પ્રથમ, વ્યાયામાદિ કરતા તેલરહિત પુરુષનું દ્રષ્ટાંત કહે છે :–]

૧. * જેવી રીતે તે પુરુષ દૂર કરી સમસ્ત ચીકાશને,
તે જ ભૂમિમાં સ્વભાવે રજથી જેહ ભરેલ છે;
૨. * વ્યાપારરૂપ ક્રિયા કરંતો તે જ શસ્ત્રોથી અહો,
ને તે જ વિધવિધ કરણથી, તે ઘાત કરતો વસ્તુનો–
૩. * સહચિત્ત ને વણચિત્ત એવી, પણ અહો નહિ પુરુષ તે,
કદી રજ થકી બંધાય છે–લેપાય છે એ કારણે;
૪. * કે તેલમર્દન જે ખરે રજબંધ કારણ છે અરે,
તેનો અભાવ જ છે અહો [સ્નેહાદિરહિત પુરુષને.]

(૨) [હવે, કાયાદિની ક્રિયા કરતા રાગરહિત સમ્યગ્દૃષ્ટિ વિષયક સિદ્ધાંત સમજાવે છે :–]

૧. * તેવી રીતે સદ્દૃષ્ટિ નિજમાં રાગ ના કરતો થકો,
બહુ કર્મલાયક પુદ્ગલોથી ભરેલ લોક મહીં અહો;
૨. * ને તે જ મન-વચ-કાયની ક્રિયા અહો કરતો થકો,
ને તે જ વિધવિધ કરણથી, તે ઘાત કરતો વસ્તુનો–
૩. * સહચિત્ત ને વણચિત્ત એવી, [પણ અહો નહિ પુરુષ તે;]
કદી કર્મરૂપી રજ થકી બંધાય છે એ કારણે–

૪. * કે બંધનું કારણ અહો જે રાગમાં જોડાણ છે,
તેનો અભાવ જ છે અહો સદ્દ્રષ્ટિ એવા પુરુષને.

ટીકા :–

(૧) [પ્રથમ વ્યાયામાદિ કરતા તેલરહિત પુરુષનું દ્રષ્ટાંત કહે છે :–]

૧. * જેવી રીતે તે જ પુરુષ, સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને—તેલ આદિને) દૂર કરવામાં આવતાં,
* તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં (અર્થાત્ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી તે જ ભૂમિમાં)

૨. * તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો,
* તે જ અનેક પ્રકારનાં કરણો વડે

૩. * તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,
* રજથી બંધાતો-લેપાતો નથી, કારણ

૪. * કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન
* તેનો અભાવ છે;

(૨) [હવે કાયાદિની ક્રિયા કરતા રાગરહિત સમ્યગ્દૃષ્ટિ વિષયક સિદ્ધાંત સમજાવે છે :–]

૧. * તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,
* તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોકમાં

૨. * તે જ કાય-વચન-મનનું કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયા) કરતો,
* તે જ અનેક પ્રકારનાં કરણો વડે

૩. * તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,
* કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે

૪. * તેને બંધનું કારણ જે રાગનો યોગ (-રાગમાં જોડાણ)
* તેનો અભાવ છે.

## કળશ – ૧૬૫

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્‌ગલોથી) ભરેલો
∗ લોક છે તે ભલે હો, તે મન-વચન-કાયાના
૨. ∗ ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો,
∗ તે (પૂર્વોક્ત) કરણો પણ તેને ભલે હો
૩. ∗ અને તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો,
∗ પરંતુ અહો! આ સમ્યગ્દૃષ્ટિ આત્મા, રાગાદિને
૪. ∗ ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો, કેવળ (એક) જ્ઞાનરૂપે થતો—પરિણમતો થકો,
∗ કોઈ પણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો.
૫. ∗ (અહો! દેખો! આ સમ્યગ્દર્શનનો અદ્‌ભૂત મહિમા છે.)
∗ [એ રીતે રાગાદિ નહિ કરતો સમ્યગ્દૃષ્ટિ બંધાતો નથી.]

**કળશામૃત :–**

૧. * તેથી જ તે બહુ કર્મલાયક પુદ્‌ગલોથી ભર્યો અહો,
તે લોક છે તો હો ભલે ને મન-વચન-કાયા તણો;
૨. * જે યોગ ચલનસ્વરૂપ છે તે પણ ભલે જો હોય તો,
પૂર્વોક્ત કરણો પણ ભલે જો હોય તેને તો અહો;
૩. * ચેતન-અચેતન ઘાત પણ જો હો ભલે તેને અહો,
કિંતુ નહિ સુદૃષ્ટિ આ રાગાદિને કદી લાવતો–
૪. * ઉપયોગભૂમિમાં અહો, બસ એક જ્ઞાનરૂપે થતો–
તે કોઈ પણ કારણ થકી નથી બંધ નક્કી પામતો;
૫. * દેખો! અહો! અદ્‌ભૂત આ મહિમા [કહ્યો] સદ્ દૃષ્ટિનો;
[આ રીત રાગાદિ ન કરતો તે ન બંધાતો અહો!]

## કળશ – ૧૬૬

ઉત્થાનિકા :–હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. * તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને
 * રાગાદિથી જ બંધ કહ્યો છે તોપણ)
૨. * જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું,
 * કારણ કે નિરર્ગલ પ્રવર્તન ખરેખર
૩. * બંધનું જ ઠેકાણું છે.
 * જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે
૪. * તે બંધનું કારણ કહ્યું નથી, કેમ
 * કે [જ્ઞાની કર્મને] જાણે પણ છે અને (કર્મને)
૫. * [જ્ઞાની] કરે પણ છે–એ બન્ને ક્રિયાઓ શું
 * વિરોધરૂપ નથી? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)

**કળશામૃત :–**

૧. * લોકાદિને જોકે કહ્યાં નથી બંધના કારણ અને
 રાગાદિમાત્રથી બંધ છે એવું કહ્યું તોપણ અરે;
૨. * સ્વચ્છંદી થઈ નિરર્ગલપણે વર્તન કદી નહિ યોગ્ય છે–
 સહુ જ્ઞાનીઓને, કેમ કે નિરર્ગલ પ્રવર્તન છે ખરે;
૩. * ઠેકાણું માત્ર જ બંધનું [તે બંધનું સ્થાનક અરે!]
 પણ જ્ઞાનીઓને કાર્ય સહુ વાંછા રહિત જ હોય છે;
૪. * તે બંધનું કારણ કહ્યું નથી [જિનવરે] એ કારણે–
 કે કર્મને જાણે અહો છે જ્ઞાની, તેમજ કર્મને–
૫. * જ્ઞાની કરે છે પણ અહો તે બે ક્રિયાઓ શું ખરે–
 વિરોધરૂપ નથી? ખરે વિરોધી છે નિશ્ચયપણે.

## કળશ-૧૬૭

ઉત્થાનિકા :–'જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી; કરવું તે તો કર્મનો રાગ છે, રાગ છે તે અજ્ઞાન છે અને અજ્ઞાન છે તે બંધનું કારણ છે.' આવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે જાણે છે તે કરતો નથી અને
 * જે કરે છે તે જાણતો નથી.

૨. * જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે
 * અને રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે;

૩. * તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદ્રષ્ટિને હોય છે
 * અને તે બંધનું કારણ છે.

**કળશામૃત :–**

૧. * જાણે અહો છે જેહ તે કરતો નથી [તેને કદી,]
ને જે કરે છે તેહ [તેને] જાણતો [કદીયે] નથી;

૨. * કરવું અહો છે જેહ તે તો રાગ કર્મ તણો ખરે,
અજ્ઞાનમય અધ્યાસસ્થાન* મુનિ કહે છે રાગને;

૩. * તે નિયમથી બસ હોય છે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને,
ને બંધનું કારણ કહ્યું તે રાગને છે [મુનિવરે.]

---

* અધ્યાસસ્થાન = અધ્યવસાય = વ્યવસાય = મિથ્યા અભિપ્રાય.

## ગાથા – ૨૪૭

ઉત્થાનિકા :–હવે મિથ્યાદ્રષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે રહે છે :–

ગાથા :– * જે માનતો–હું મારું ને પર જીવ મારે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.

ટીકામૃત :–

૧. * હણું છું અહો હું પર જીવોને તેમ પર જીવો હણે–
છે મુજને, એવો અહો અધ્યાસભાવ* જ ધ્રુવપણે;

૨. * અજ્ઞાન છે નિશ્ચિતપણે, છે ભાવ એવો જેહને–
તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે અજ્ઞાનમયતાને લીધે.

૩. * ને ભાવ તેહ નથી અહો જેને ખરે તે જીવ છે–
નિશ્ચિતપણે સદ્દ્રષ્ટિ, બસ અજ્ઞાનમયતાને લીધે.

ટીકા :–

૧. * 'પરજીવોને હું હણું છું અને પરજીવો
* મને હણે છે'–એવો અધ્યવસાય ધ્રુવપણે

૨. * (-નિશ્ચિતપણે, નિયમથી) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે
* તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે;

૩. * અને જેને તે અધ્યવસાય નથી
* તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

---

* અધ્યાસભાવ = અધ્યવસાય = મિથ્યા અભિપ્રાય

## ગાથા – ૨૪૮, ૨૪૯

ઉત્થાનિકા :– હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :–

ગાથા :– * છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તું આયુ તો હરતો નથી, તેં મરણ ક્યમ તેનું કર્યું ? ૨૪૮.
* છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,
તે આયુ તુજ હરતા નથી તો મરણ ક્યમ તારું કર્યું ? ૨૪૯.

ટીકામૃત :–

૧. * સૌથી પ્રથમ તો જીવને છે મરણ બસ ક્ષયથી ખરે–
નિજ આયુકર્મ તણા અહો, એ કારણે કે [મુનિ કહે;]
૨. * નિજ આયુકર્મ તણો ન ક્ષય હો તો અહો જ અશક્ય છે–
મૃત્યુ થવું, વળી કોઈ પણ બીજાથી બીજાનું અરે;
૩. * નિજ આયુકર્મ હણી શકાતું છે નહીં એ કારણે–
કે આયુ નિજનું ક્ષય થતું ઉપભોગ નિજનાથી ખરે;
૪. * તેથી અહો કો પણ રીતે બીજો અરે બીજા તણું,
કદી મરણ કરી શકતો નથી તેથી અહો 'હું મારું છું–
૫. * પર જીવને, પર જીવ મારે છે અહો મુજને' ખરે,
એવો અહો વ્યવસાય* તે નિશ્ચિતપણે અજ્ઞાન છે.

---

* વ્યવસાય = અધ્યવસાય

ટીકા :–

૧. * પ્રથમ તો, જીવોને મરણ ખરેખર
* સ્વ-આયુકર્મના (પોતાના આયુકર્મના) ક્ષયથી જ થાય છે,
૨. * કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં (અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો)
* મરણ કરાવું (-થવું) અશક્ય છે; વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું
૩. * હરી શકાતું નથી, કારણ
* કે તે (પોતાનું આયુકર્મ) પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે;
૪. * માટે કોઈ પણ રીતે બીજો બીજાનું
* મરણ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને મારું છું
૫. * અને પર જીવો મને મારે છે'
* એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે) અજ્ઞાન છે.

## ગાથા – ૨૫૦

ઉત્થાનિકા :–ફરી પૂછે છે કે "(મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના 'અધ્યવસાયનો' પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?" તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * જે માનતો–હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦

**ટીકામૃત :–**

૧. * હું જિવાડું છું પર જીવને, પર જીવ જિવાડે મુજને,
નિશ્ચિતપણે વ્યવસાય* એવો જીવનો અજ્ઞાન છે.

૨. * વ્યવસાય-અધ્યવસાય આવો છે અહો જે જીવને,
અજ્ઞાનમયતાને લીધે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

૩. * જે જીવને નહિ કોઈ અધ્યવસાય આવો હોય છે,
બસ જ્ઞાનમયતાને લીધે તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે.

**ટીકા :–**

૧. * 'પરજીવોને હું જીવાડું છું અને પરજીવો મને જિવાડે છે'
* એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે.

૨. * તે અધ્યવસાય જેને છે
* તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે;

૩. * અને જેને તે અધ્યવસાય નથી
* તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

## ગાથા – ૨૫૧, ૨૫૨

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે આ (જીવનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તું આયુ તો દેતો નથી, તેં જીવન ક્યમ તેનું કર્યું? ૨૫૧,
* છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,
તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું ? ૨૫૨.

**ટીકામૃત :–**

૧. * સૌથી પ્રથમ તો જીવન જીવને છે જ પોતાના ખરે–
આયુષ્ય કર્મ તણા ઉદયથી, [માત્ર એક જ] કારણે–
૨. * કે નિજના આયુ કરમના ઉદયના જ અભાવમાં,
જીવિત* કરાવું અશક્ય છે [ઉપદેશમાં જિનવર તણા;]
૩. * આયુ કરમ વળી નિજનું બીજાથી બીજાને અહા,
કદી દઈ શકાતું નથી ખરે એ કારણે કે તે સદા;
૪. * નિજના જ પરિણામો વડે ઉપલબ્ધરૂપ અહો થતું,
માટે ખરે કો' પણ રીતે બીજો અહો બીજા તણું;
૫. * જીવિત કરી શકતો નથી, [એ કથન શ્રી જિનવર કહે;]
તેથી જ 'પરને હું જિવાડું છું અને પર મુજને–
૬. * જીવિત કરે છે'–ભાવ એવો જીવનો નિયતપણે–
અજ્ઞાન છે, [આ રીતથી વ્યવસાય** સૌ અજ્ઞાન છે.]

---

* જીવિત =જીવન = જીવતર

** વ્યવસાય =અધ્યવસાય

**ટીકા :–**

૧. * પ્રથમ તો, જીવોને જીવિત ખરેખર
* પોતાના આયુકર્મના ઉદયથી જ છે, કારણ કે
૨. * પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં
* જીવિત કરાવું (-થવું) અશક્ય છે;
૩. * વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને
* દઈ શકાતું નથી, કારણ કે તે
૪. * (પોતાનું આયુકર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે (-મેળવાય છે);
* માટે કોઈપણ રીતે બીજો બીજાનું

૫. * જીવિત કરી શકે નહિ.

* તેથી ‘હું પરને જિવાડું છું અને પર મને

૬. * જિવાડે છે’ એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિયતપણે)

* અજ્ઞાન છે [આ રીતે અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે—તે પ્રશ્નનો ઉત્તર કહ્યો.]

## ગાથા – ૨૫૩

ઉત્થાનિકા :–દુઃખ-સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છે :–

ગાથા :– * જે માનતો–મુજથી દુઃખીસુખી હું કરું પર જીવને,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.

**ટીકામૃત :–**

૧. * દુઃખી ને સુખી પર જીવને કરું છું અહો હું તેમ તે,
પર જીવ મુજને દુઃખી અને સુખી પણ કરે છે "ભાવ"* એ

૨. * નિશ્ચિતપણે અજ્ઞાન છે, તે "ભાવ" જેને હોય છે
તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અજ્ઞાનમયતાને લીધે;

૩. * ને જીવ જેને "ભાવ" નથી એ, જ્ઞાનમયતાને લીધે
સદ્દષ્ટિ જ્ઞાની છે અહો, ["વ્યવસાય"થી જે રહિત છે.]

---

* "ભાવ" = અધ્યવસાય = "વ્યવસાય"

**ટીકા :–**

૧. * 'પર જીવોને હું દુઃખી તથા સુખી કરું છું
* અને પર જીવો મને દુઃખી તથા સુખી કરે છે' એવો અધ્યવસાય

૨. * ધ્રુવપણે અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે
* તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદ્રષ્ટિ છે;

૩. * અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે.

## ગાથા ૨૫૪ થી ૨૫૬

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,
તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યાં ? ૨૫૪.
* જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુઃખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને ? ૨૫૫.
* જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,
તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને ? ૨૫૬

**ટીકામૃત :–**

૧. * સૌથી પ્રથમ તો જીવને સુખ-દુઃખ ખરેખર થાય છે,
નિજ કર્મના જ ઉદય થકી [બસ માત્ર એક જ] કારણે–
૨. * કે નિજ કરમના ઉદયના જ અભાવમાં સુખ-દુઃખ થવાં–
અશક્ય છે, વળી કર્મ નિજનું કોઈ બીજાને કદા;
૩. * આપી શકાતું નથી ખરે એ કારણે કે તે અહા,
નિજના જ પરિણામો વડે ઉપલબ્ધરૂપ થતું સદા;
૪. * માટે ખરે કો પણ રીત બીજો અહો કો અન્યને,
સુખ-દુઃખ કદીય કરી શકે નહિ–એમ હોવાથી અરે;
૫. * 'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને તેઓ મને
સુખી-દુઃખી કરે છે' "ભાવ"* એવો નિશ્ચયે અજ્ઞાન છે.

---

"ભાવ" = અધ્યવસાય, વ્યવસાય

**ટીકા :–**

૧. * પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ ખરેખર
* પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે
૨. * પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવાં
* અશક્ય છે; વળી પોતાનું કર્મ બીજાથી બીજાને
૩. * દઈ શકાતું નથી, કારણ કે તે (પોતાનું કર્મ)
* પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે;
૪. * માટે કોઈ પણ રીતે બીજો બીજાને
* સુખ-દુઃખ કરી શકે નહિ. તેથી [અર્થાત્ એમ હોવાથી]
૫. * 'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને
* સુખી-દુઃખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.

## કળશ—૧૬૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ આ જગતમાં જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ—
 ⁎ બધુંય સદૈવ નિયમથી (-ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે;

૨. ⁎ 'બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે'
 ⁎ આમ જે માનવું તે તો અજ્ઞાન છે.

**કળશામૃત :–**

૧. * આ જગતમાં સહુ જીવને જીવન-મરણ, સુખ-દુઃખ એ–
સઘળુંય થાયે નિયમથી, નિજ કર્મના ઉદયે ખરે;

૨. * બીજો પુરુષ કો અન્યના જીવન-મરણ, સુખ-દુઃખ કરે,
એ માન્યતા અજ્ઞાન છે [જિનવરવચનથી વિરુદ્ધ છે.]

## કળશ—૧૬૯

ઉત્થાનિકા :–ફરી આ જ અર્થને દ્રઢ કરતું અને આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને
⁎ પામીને જે પુરુષો પરથી પરનાં મરણ, જીવન,
૨. ⁎ દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે,
⁎ તે પુરુષો—કે જેઓ એ રીતે અહંકાર-રસથી
૩. ⁎ કર્મો કરવાના ઇચ્છક છે (અર્થાત્ 'હું આ કર્મોને કરું છું' એવા અહંકારરૂપી રસથી
⁎ જેઓ કર્મ કરવાની—મારવા-જીવાડવાની,
૪. ⁎ સુખી-દુઃખી કરવાની—વાંછા કરનારા છે)
⁎ તેઓ–નિયમથી મિથ્યાદ્રષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.

**કળશામૃત :–**

૧. * પૂર્વે કહેલી માન્યતારૂપ આ અહો અજ્ઞાનને,
જે પુરુષ પામીને અહો પરના મરણ ને જીવનને;
૨. * સુખ-દુઃખને દેખે અને પરથી થતાં માને ખરે,
તે પુરુષ કે જેઓ અહો, એ રીત ગર્વ થકી અરે;
૩. * 'કરું છું અહો આ કર્મને' એ ગર્વરૂપ રસથી અરે,
જે કર્મ કરવાની–હું મારું–જિવાડું ને હું દઉં ખરે
૪. * સુખ-દુઃખ પરને, એવી વાંછા જે અહો કરતા અરે,
તેઓ ખરે મિથ્યામતિ છે, આત્મઘાતી નિશ્ચયે.

## ગાથા—૨૫૭, ૨૫૮

ઉત્થાનિકા :–હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :–

ગાથા :– * મરતો અને જે દુઃખી થતો—સૌ કર્મના ઉદયે બને,
તેથી 'હણ્યો મેં, દુઃખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૭.
* વળી નવ મરે, નવ દુઃખી બને, તે કર્મના ઉદયે ખરે,
'મેં નવ હણ્યો, નવ દુઃખી કર્યો'—તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૮.

**ટીકામૃત :–**

૧. * જેઓ મરે છે વા જીવે છે ને સુખી-દુઃખી થાય છે,
તે તો સદાયે થાય છે નિજ કર્મના ઉદયે ખરે;
૨. * એ કારણે કે નિજ કરમના ઉદયના જ અભાવમાં,
તેનું થવું એ રીતથી જીવન-મરણ, સુખ-દુઃખ અહા
૩. * અશક્ય છે, તેથી અહો 'માર્યો-જિવાડ્યો ને કર્યો,
સુખી કે દુઃખી આ જીવને', છે માન્યતા એવી અહો;
૪. * જે જીવને તે તો અરે મિથ્યાત્વી છે [પાપી અને
પાખંડી છે નિશ્ચયનયે; જિનમત મહીં નથી જીવ તે.]

**ટીકા :–**

૧. * જે મરે છે અથવા જીવે છે, દુઃખી થાય છે અથવા સુખી થાય છે,
* તે ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે,
૨. * કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં
* તેનું તે પ્રમાણે થવું (અર્થાત્ મરવું, જીવવું, દુઃખી થવું કે સુખી થવું)
૩. * અશક્ય છે. માટે 'મેં આને માર્યો આને જિવાડ્યો,
* આને દુઃખી કર્યો, આને સુખી કર્યો' એવું દેખનાર અર્થાત્ માનનાર
૪. * મિથ્યાદ્રષ્ટિ છે [નિશ્ચયથી પાપી અને
* પાખંડી છે, જિનવરના મતમાં નથી.]

## કળશ-૧૭૦

ઉત્થાનિકા :–હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ મિથ્યાદ્રષ્ટિને જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે

⁎ તે અધ્યવસાય જ, વિપર્યયસ્વરૂપ (–વિપરીત, મિથ્યા) હોવાથી,

૨. ⁎ તે મિથ્યાદ્રષ્ટિને બંધનું કારણ છે.

⁎ [આચાર્યશ્રીએ આ રીત આગામી કથનની સૂચના કરી.]

**કળશામૃત :–**

૧. * **મિથ્યામતિને જે અરે "વ્યવસાય"* આ દેખાય છે,**
**અજ્ઞાનસ્વરૂપે જે અહો તે "ભાવ"* વિપરીત હોઈને;**

૨. * **છે બંધનું કારણ અહો મિથ્યામતિ છે તેહને,**
**[સૂચના કરી આ રીત આગામી કથનની મુનિવરે.]**

---

⁎ વ્યવસાય = ભાવ = અધ્યવસાય

## ગાથા–૨૫૯

ઉત્થાનિકા :–હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :–

ગાથા :– * આ બુદ્ધિ જે તુજ–'દુખિત તેમ સુખી કરું છું જીવને',
તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.

ટીકામૃત :–

૧. * 'પર જીવને હણું છું અને હણતો નથી હું તેમને,
હું દુઃખી કરું છું, સુખી કરું છું' એહ જે વ્યવસાય* છે

૨. * અજ્ઞાનમય મિથ્યામતિને, તે જ અધ્યવસાય છે
પોતે જ રાગાદિરૂપે, તેથી અહો તે પુરુષને;

૩. * શુભ કે અશુભરૂપ બંધનું કારણ સદાય બને અરે !
[અજ્ઞાનમય 'વ્યવસાય' આ રીત બંધનું કારણ ખરે.]

ટીકા :–

૧. * 'પર જીવોને હું હણું છું, નથી હણતો,
* દુઃખી કરું છું, સુખી કરું છું' એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય

૨. * મિથ્યાદ્રષ્ટિને છે, તે જ (અર્થાત્ તે અધ્યવસાય જ)
* પોતે રાગાદિરૂપ હોવાથી તેને (-મિથ્યાદ્રષ્ટિને)

૩. * શુભાશુભ બંધનું કારણ છે.
* [આ રીતે આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું ખરું કારણ છે.]

## ગાથા – ૨૬૦, ૨૬૧

ઉત્થાનિકા :–હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે—ઠરાવે છે (અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે) :–

ગાથા :–

* કરતો તું અધ્યવસાન–'દુખિત–સુખી કરું છું જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.

* કરતો તું અધ્યવસાન–'મારું-જિવાડું છું પર જીવને,
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.

ટીકામૃત :–

૧. * મિથ્યામતિને જન્મતો અજ્ઞાનથી 'વ્યવસાય' આ
જે રાગમય છે, તે જ કારણ બંધનું કરજે અહા
૨. * નક્કી બરાબર એમ તું, ને પુણ્ય-પાપપણે સદા,
હોવાથી બેપણું બંધનું તે બંધના કારણ તણા;
૩. * નહિ ભેદને કદી શોધવો કે પુણ્યબંધ તણું તથા
છે પાપબંધ તણું અહો બે કારણો જુદા જુદા;
૪. * એ કારણે કે એક અધ્યવસાનમાત્ર જ આ અરે
કે દુઃખી કરું, હું મારું છું, હું સુખી કરું પર જીવને
૫. * હું જિવાડું છું' પણ તેમને—આ બે પ્રકારે એ રીતે,
શુભ-અશુભ એવા ગર્વરસથી ભરેલપણું હોવા વડે;
૬. * અવિરોધ છે કારણ મહીં આ પુણ્ય તેમજ પાપના;
બસ એક અધ્યવસાય માત્ર જ બંધનું કારણ અહા.

ટીકા :–

૧. * મિથ્યાદ્રષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો
* રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે
૨. * એમ બરાબર નક્કી કરવું. અને પુણ્ય-પાપપણે (પુણ્ય-પાપરૂપે)
* બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો
૩. * ભેદ ન શોધવો (અર્થાત્ એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને
* પાપબંધનું કારણ કોઈ બીજું છે);
૪. * કારણ કે એક જ આ અધ્યવસાન
* 'દુઃખી કરું છું, મારું છું' એમ અને 'સુખી કરું છું,
૫. * જિવાડું છું' એમ બે પ્રકારે
* શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે
૬. * પુણ્ય અને પાપ—બંનેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે
* (અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ—બંનેનો બંધ થવામાં કોઈ વિરોધ નથી.)

## ગાથા—૨૬૨

ઉત્થાનિકા :–'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું'—એમ હવે કહે છે :–

ગાથા :– * મારો–ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,
– આ જીવ કેરા બંધનો સંક્ષેપ છે નિશ્ચયનય થકી. ૨૬૨.

ટીકામૃત :–

૧. * નિજ કર્મના જ ઉદય તણી વિધવિધતાના વશ વડે,
પર જીવના પ્રાણો તણો વ્યપરોપ કદી થાઓ અને

૨. * થાઓ કદી ના [પણ] અહો 'હું હણી શકું' પર જીવને,
એવો અહો જે ગર્વરસથી ભરેલ અધ્યવસાય છે

૩. * હિંસા મહીં જે, તે જ કારણ બંધનું છે નિશ્ચયે,
એ કારણે કે નિશ્ચયે છે પર તણો જે ભાવ તે

૪. * પ્રાણો તણો ઉચ્છેદ, તે પરથી કરી ન શકાય છે;
[આ રીત અધ્યવસાય હિંસાનો જ હિંસા છે ખરે.]

ટીકા :–

૧. * પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે
* પ્રાણોનો વ્યપરોપ (-ઉચ્છેદ, વિયોગ) કદાચિત થાઓ,

૨. * કદાચિત ન થાઓ,–'હું હણું છું'
* એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય (અર્થાત્ હિંસાનો અધ્યવસાય)

૩. * તે જ નિશ્ચયથી તેને (હિંસાનો અધ્યવસાય કરનારા જીવને) બંધનું કારણ છે,
* કેમકે નિશ્ચયથી પરનો ભાવ એવો જે

૪. * પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે (અર્થાત્ તે પરથી કરી શકાતો નથી).
* [આ રીતે હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું.]

## ગાથા – ૨૬૩, ૨૬૪

ઉત્થાનિકા :–હવે, (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે :–

ગાથા :– * એમ અલીકમાંહીં, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે
જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩
* એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે,
જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.

### ટીકામૃત :-

૧. * પૂર્વોક્ત રીત અજ્ઞાનથી વ્યવસાય કરવામાં અહા,
જે આવતો હિંસા મહીં તેવી રીતે જ અસત્યમાં;
૨. * અણદત્તમાં, અણબ્રહ્મમાં, પરિગ્રહ મહીં પણ જે સદા,
'વ્યવસાય' કરવામાં બધો જે આવતો તે પણ અહા;
૩. * કારણ કહ્યું છે પાપના બંધન તણું એક જ અહીં,
ને આવતો કરવા મહીં વ્યવસાય અણહિંસા મહીં;
૪. * ત્યમ સત્ય તેમજ દત્ત, બ્રહ્મે* અપરિગ્રહ પણ મહીં,
'વ્યવસાય' સઘળો પુણ્યબંધનનું કહ્યું કારણ અહીં.

### ટીકા :-

૧. * એ રીતે (-પૂર્વોક્ત રીતે) અજ્ઞાનથી આ
* જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તેમ અસત્ય,
૨. * અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહમાં પણ જે
* (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય
૩. * પાપના બંધનું એકમાત્ર (એકનું એક) કારણ છે; અને
* જે અહિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે
૪. * તેમ જે સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં
* પણ (અધ્યવસાય) કરવામાં આવે, તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.

## ગાથા—૨૬૫

ઉત્થાનિકા :–વળી 'બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે'—એવી શંકા ન કરવી. ('અધ્યવસાય તે બંધનું એક કારણ હશે' અને બાહ્યવસ્તુ તે બંધનું બીજું કારણ હશે' એવી પણ શંકા કરવી યોગ્ય નથી; અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.) આ અર્થની ગાથા હવે કહે છે :–

ગાથા :– * જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,
પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.

**ટીકામૃત :–**

(૧) [અધ્યવસાય જ બંધનું કારણ છે, બાહ્યવસ્તુ નિમિત્તમાત્ર જ છે :]

૧. * 'અધ્યાસસ્થાન'* જ બંધનું કારણ ખરેખર છે સદા,
નહીં બાહ્યવસ્તુ બંધનું કારણ ખરેખર છે કદા;

૨. * એ કારણે કે બંધનું કારણ જ અધ્યવસાન જે,
કારણપણા તેના થકી ચરિતાર્થ બાહ્ય જ વસ્તુ છે;

૩. * અથવા કહો 'વ્યવસાય*'ના નિમિત્તમાત્ર થવાપણે,
છે બાહ્યવસ્તુનું પૂરું બસ કાર્યક્ષેત્ર અહો ખરે.

૪. * નહીં બાહ્યવસ્તુ બંધનું કારણ કદાપિ થાય છે,
અહીં [નિકટવર્તી] શિષ્યને શંકા અહો આ થાય છે—

(૨) [બાહ્યવસ્તુ જો બંધનું કારણ નથી તો તેનો નિષેધ શા માટે કરવામાં આવે છે?]

૧. * 'જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો તેમનો
પરિચય કરો નહિ, ત્યાગજો'—પ્રતિષેધ એવો તેમનો—

૨. * શા કારણે? [તેનો મને ઉત્તર કહી ઉપકૃત કરો;]
[કરુણાભીના આચાર્યશ્રી ઉત્તર કહે છે તેહનો.]

(3) [અધ્યવસાન બાહ્યવસ્તુના આશ્રયે જ થાય છે :]

૧. * વ્યવસાય*ના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુઓ તણો,
પ્રતિષેધ છે એ કારણે કે બાહ્યવસ્તુને અહો;

૨. * આશ્રિત અધ્યવસાન છે, નહિ થાય તે તેના વિના,
ને થાય જો વ્યવસાય કદી કો' વસ્તુના આશ્રય વિના;

૩. * તો વીરજનની-પુત્રના સદ્‌ભાવમાં એવો અહો,
વ્યવસાય કે તેને હણું છું હું અહો એ રીતનો;

---

* વ્યવસાય = અધ્યવસાય = અધ્યાસસ્થાન

૪. * વ્યવસાય થાશે કે હણું છું હું અહો વંધ્યા તણા,
કો પુત્રને જેનો ખરે જ અભાવ હોવા પણ છતાં !
૫. * કિંતુ ન અધ્યવસાન એવો કોઈને પણ ઊપજતો,
માટે જ એવો નિયમ છે કે બાહ્યવસ્તુના અહો !
૬. * આશ્રય વિના વ્યવસાય એવો કો નહીં થાતો કદા,
ને તેથી અધ્યવસાનને છે જેહનો આશ્રય સદા;
૭. * તે બાહ્યવસ્તુનો અતિ પ્રતિષેધ છે તેથી અહો,
કે કાર્યનો પ્રતિષેધ કારણના નિષેધ વડે થતો;
૮. * (આ રીત અધ્યવસાનનું [નિમિત્ત] કારણ વસ્તુ છે,
વસ્તુ તણા પ્રતિષેધથી વ્યવસાય છે નિષેધ્ય તે.)

(૪) [બાહ્યવસ્તુ અધ્યવસાનનું નિમિત્ત કારણ છે, તોપણ તે બંધનું કારણ નથી :]

૧. * કિંતુ જોકે બાહ્વવસ્તુ બંધના કારણ તણું,
[નિમિત્ત] કારણ છે ખરે તોપણ નથી કારણ ખરૂં;
૨. * એ કારણે કે યત્નથી પરિણમન કરતા મુનિ તણા,
પગથી હણાઈ જતા અહો કો ઝડપથી આવી જતા
૩. * પ્રેરિત કાળથી, ઊડતા જીવડાની માફક વસ્તુ* જે
કારણ અહો છે બંધકારણનું ખરે તેને અરે;
૪. * બંધકારણ માનતાં વ્યભિચાર આવે છે ખરે,
આ રીત નિશ્ચયથી અહો કો બાહ્યવસ્તુની અરે;
૫. * સિદ્ધિ ન છે નિર્બાધરૂપે બંધના કારણ તણી,
માટે સહુએ બાહ્યવસ્તુ જીવમાં જેઓ નથી;
૬. * તે બંધના કારણ નથી, પણ બંધકારણ છે ખરે—
વ્યવસાય માત્ર જ જીવને, તદ્‌ભાવરૂપે જેહ છે.

---

* વસ્તુ = બાહ્યવસ્તુઓ

## ટીકા :–

(૧) [અધ્યવસાન જ બંધનું કારણ છે, બાહ્યવસ્તુ નિમિત્તમાત્ર જ છે :]

૧. * અધ્યવસાન જ બંધનું કારણ છે;
* બાહ્યવસ્તુ બંધનું કારણ નથી,
૨. * કેમકે બંધનું કારણ જે અધ્યવસાન

* તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે

૩. * (અર્થાત્ બંધનું કારણ જે અધ્યવસાન તેનું [નિમિત્ત] કારણ થવામાં જ

* બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પુરું થાય છે,

૪. * તે કાંઈ બંધનું કારણ થતી નથી).

* અહીં પ્રશ્ન થાય છે કે—

(૨) [બાહ્યવસ્તુ જો બંધનું કારણ નથી તો તેનો નિષેધ શા માટે કરવામાં આવે છે?]

૧. * જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો ('બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો' એમ) બાહ્યવસ્તુનો પ્રતિષેધ (નિષેધ)

૨. * શા માટે કરવામાં આવે છે ?

* તેનું સમાધાન :–

(૩) [અધ્યવસાન બાહ્યવસ્તુના આશ્રયે જ થાય છે :]

૧. * અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો

* પ્રતિષેધ કરવામાં આવે છે. અધ્યવસાનને બાહ્યવસ્તુ

૨. * આશ્રયભૂત છે; બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી અર્થાત્ ઊપજતું નથી.

* જો બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્યવસાન ઉપજતું હોય

૩. * તો, જેમ આશ્રયભૂત એવા વીરજનનીના પુત્રના સદ્‌ભાવમાં (કોઈને) એવો

* અધ્યવસાય ઊપજે કે 'હું વીરજનનીના પુત્રને હણું છું.'

૪. * તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્‌ભાવમાં પણ (કોઈને) એવો અધ્યવસાય ઊપજે (-ઊપજવો જોઈએ) કે

* 'હું વંધ્યાપુત્રને (વાંઝણીના પુત્રને) હણું છું.'

૫. * પરંતુ એવો અધ્યવસાય તો (કોઈને) ઊપજતો નથી. (જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં મારવાનો અધ્યવસાય ક્યાંથી ઊપજે?)

* માટે એવો નિયમ છે કે (બાહ્યવસ્તુરૂપ)

૬. * આશ્રય વિના અધ્યવસાન હોતું નથી.

* અને તેથી જ અધ્યવસાનને આશ્રયભૂત

૭. * એવી જે બાહ્યવસ્તુ તેનો અત્યંત પ્રતિષેધ છે, કેમ કે કારણના

* પ્રતિષેધથી જ કાર્યનો પ્રતિષેધ થાય છે.

૮. * (બાહ્યવસ્તુ અધ્યવસાનનું કારણ છે

* તેથી તેના પ્રતિષેધથી અધ્યવસાનનો પ્રતિષેધ થાય છે).

(૪) [બાહ્યવસ્તુ અધ્યવસાનનું નિમિત્ત કારણ છે, તોપણ તે બંધનું કારણ નથી.]

૧. * પરંતુ, જોકે બાહ્યવસ્તુ બંધના કારણનું (અર્થાત્ અધ્યવસાનનું)
 * [નિમિત્ત] કારણ છે તોપણ તે (બાહ્યવસ્તુ) બંધનું કારણ નથી;
૨. * કેમકે ઈર્યાસમિતિમાં પરિણમેલા મુનીન્દ્રના
 * પગ વડે હણાઈ જતા એવા કોઈ ઝડપથી આવી પડતા
૩. * કાળપ્રેરિત ઊડતા જીવડાની માફક, જે બાહ્યવસ્તુ–કે જે
 * બંધના કારણનું [નિમિત્ત] કારણ છે તે—બંધનું કારણ નહિ થતી હોવાથી,
૪. * બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં અનૈકાંતિક હેત્વાભાસપણું છે—વ્યભિચાર આવે છે.
 * (આમ નિશ્ચયથી બાહ્યવસ્તુને
૫. * બંધનું કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી.)
 * માટે બાહ્યવસ્તુ કે જે જીવને અતદ્ભાવરૂપ છે
૬. * તે બંધનું કારણ નથી;
 * અધ્યવસાન કે જે જીવને તદ્ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.

## ગાથા—૨૬૬

ઉત્થાનિકા :–આ રીતે બંધના કારણપણે (-કારણ તરીકે) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે—એમ હવે દર્શાવે છે –

ગાથા :– * કરું છું દુઃખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે !
આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.

ટીકામૃત :–

૧. * હું પર જીવોને દુઃખી કરું છું, સુખી કરું છું આદિ ને
બંધાવું છું, મુકાવું છું ઇત્યાદિ અધ્યવસાન જે
૨. * છે, તે સહુ પરભાવનો વ્યાપાર પરમાં નહિ ખરે
હોવાથી, પોતાની ન અર્થક્રિયા કરંતુ હોઈને;
૩. * 'આકાશના ફૂલને ચૂંટું છું હું' અહો અભિપ્રાય જે,
તેના સમાન જ છે અહો મિથ્યારૂપે તે પણ ખરે;
૪. * અનર્થ પોતાના જ માટે માત્ર છે [અભિપ્રાય] તે,
[એ કારણે કે દ્રવ્ય કો] પરને ન કાંઈ કરી શકે.

ટીકા :–

૧. * હું પર જીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઇત્યાદિ તથા
* બંધાવું છું, મુકાવું છું ઇત્યાદિ જે આ અધ્યવસાન
૨. * છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ
* હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી,
૩. * 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની
* માફક મિથ્યારૂપ છે,
૪. * કેવળ પોતાના અનર્થને માટે જ છે (અર્થાત્ માત્ર પોતાને જ નુકશાનનું કારણ થાય છે,
* પરને તો કાંઈ કરી શકતું નથી).

## ગાથા—૨૬૭

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી? તેનો ઉત્તર કહે છે :—

ગાથા :– * સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં
ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા?

ટીકામૃત :–

૧. * બંધાવું છું, મુકાવું છું હું એવું અધ્યવસાન જે,
છે બાંધવા ને છોડવા જીવને અહો તેવી અરે;

૨. * છે અર્થક્રિયા તેહની, કિંતુ અહો જીવ તો ખરે,
'વ્યવસાય'નો સદ્‌ભાવ આવો હો છતાં પણ નહિ અરે!

૩. * બંધાય છે, મુકાય છે નિજના જ જે પરિણામ છે,
સહરાગ કે વીતરાગનો જ અભાવ હોવાથી ખરે;

૪. * ને એવું અધ્યવસાન હોવા નહિ છતાં પણ હોય જો
સહરાગ કે વીતરાગ પરિણામો તણો સદ્‌ભાવ તો

૫. * બંધાય છે, મુકાય છે [પરિણામ પોતાના વડે.]
કિંચિત કરી શકતું નહિ હોવાથી અધ્યવસાન તે,

૬. * પોતાની અર્થક્રિયા અહો કરતું નહિ હોવાથી છે
મિથ્યા જ તે, એવો અહો આશય કહ્યો [છે મુનિવરે.]

ટીકા :–

૧. * 'હું બંધાવું છું, મુકાવું છું' એવું જે અધ્યવસાન છે
* તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા, મુકવા (-મુક્ત કરવા, છોડવા) તે છે.

૨. * પરંતુ જીવ તો,
* આ અધ્યવસાનનો સદ્‌ભાવ હોવા છતાં પણ,

૩. * પોતાના સરાગ-વીતરાગ પરિણામના અભાવથી
* નથી બાંધતો, નથી મુકાતો;

૪. * અને પોતાના સરાગ-વીતરાગ પરિણામના સદ્‌ભાવથી,
* તે અધ્યવસાનનો અભાવ હોવા છતાં પણ,

૫. * બંધાય છે, મુકાય છે.
* માટે પરમાં અકિંચિત્કર હોવાથી (અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી) આ અધ્યવસાન

૬. * પોતાની અર્થક્રિયા કરનારું નથી;
* અને તેથી મિથ્યા જ છે—આવો ભાવ (આશય) છે.

## કળશ –૧૭૧

ઉત્થાનિકા :–હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી મોહિત થયો થકો
 * આત્મા પોતાને સર્વરૂપ કરે છે,

૨. * –એવું કાંઈ પણ નથી કે જે-રૂપ પોતાને
 * ન કરતો હોય.

**કળશામૃત :–**

૧. * **ફળહીન અધ્યવસાય આવાથી અહો મોહિત થતો,**
**નિજને કરે છે આતમા આ સર્વરૂપે રે અહો;**

૨. * **એવું નથી કંઈપણ અહો જે-રૂપ પોતાને ખરે,**
**કરતો ન હો આ આતમા [મિથ્યાત્વી-રાગી થઈ અરે!]**

## ગાથા—૨૬૮, ૨૬૯

ઉત્થાનિકા :–હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :–

ગાથા :– * તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.
* વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,
તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.

ટીકામૃત :–

(૧) [અજ્ઞાની જીવ હિંસાદિના અધ્યવસાનથી હું પરને મારી શકું છું આદિ માને છે :]

૧. * જે રાગ-રોષ તણા ઉદયમાં એવી હણવાદિ ક્રિયા
સાથે અહો તન્મયપણે છે આતમા એ માન્યતા–

૨. * રૂપ, જેહ અધ્યવસાનથી હિંસક અહો નિજને કરે,
દયાદિ અધ્યવસાનથી નિજને અહિંસક પણ કરે;

૩. * ને અન્ય અધ્યવસાનથી નિજને જ અન્યરૂપે કરે,
જેવી રીતે આ આતમા પૂર્વે કહેલ વિધિ વડે;

(૨) [અજ્ઞાની જીવ નરકાદિ ગતિ મળતાં પોતાને નારકી આદિ માને છે :]

૧. * તેવી જ રીતે ઉદયમાં જે આવતા નારક તણા,
વ્યવસાયથી નિજને અહો નારક કરંતા જે અહા;

૨. * ને ઉદયમાં જે આવતા વ્યવસાય તિર્યંચો તણા,
તેના થકી તિર્યંચરૂપે જે કરે નિજને અહા;

૩. * વળી ઉદયમાં જે આવતા વ્યવસાય મનુજ તણા અહા,
તેના થકી નિજને કરે છે જેહ મનુજપણે તદા;

૪. * ને ઉદયમાં જે આવતા વ્યવસાય દેવ તણા અહા,
તેના થકી નિજને કરે છે દેવરૂપે જે સદા;

(3) [અજ્ઞાની જીવ પુણ્ય આદિના ઉદયમાં પોતાને પુણ્યાત્મા આદિ માને છે :]

૧. * વળી ઉદયમાં જે આવતા સુખ આદિ પુણ્ય તણા અહા,
વ્યવસાયથી નિજને કરે છે, પુણ્યરૂપે જે કદા;

૨. * ને ઉદયમાં જે આવતા દુઃખ આદિ પાપ તણા અહા,
વ્યવસાયથી નિજને કરે છે, પાપરૂપે જે તદા;

(૪) [અજ્ઞાની ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈને પોતાને ધર્માદિરૂપ માને છે :]

૧. * તેવી રીતે વ્યવસાય જે વળી જાણવામાં આવતા,
ધર્માસ્તિકાયાદિ તણા તેનાથી ધર્મરૂપે અહા;

૨. * ને જાણવામાં આવતા વ્યવસાય અધર્માસ્તિના;
અધર્મરૂપ કરે અહો તેનાથી જે નિજને અહા;
૩. * ને જાણવામાં આવતા વ્યવસાય અન્ય જીવો તણા,
તેનાથી અન્યજીવોરૂપે નિજને કરે છે જે તદા;
૪. * વળી જાણવામાં આવતા વ્યવસાય પુદ્‌ગલદ્રવ્યના,
તેનાથી જેહ કરે અહો નિજને જ પુદ્‌ગલરૂપ આ;
૫. * જે જાણવામાં આવતા વ્યવસાય લોકાકાશના,
તેનાથી લોકાકાશરૂપે જે કરે નિજને અહા;
૬. * ને જાણવામાં આવતા જ અલોકના વ્યવસાયથી,
નિજને અલોકાકાશરૂપે છે કરે મિથ્યામતિ.

(૫) [ઉપસંહાર :]

૧. * આ રીત અધ્યવસાનથી આત્મા કરે નિજને અરે !
અનેક 'વસ્થાઓરૂપે [પોતાપણાને માનીને.]

ટીકા :–[Slightly Rearranged]

(૧) [અજ્ઞાની જીવ હિંસાદિના અધ્વયસાનથી હું પરને મારી શકું છું આદિ માને છે :]

૧. * જેવી રીતે આ આત્મા
* 'ક્રિયા'* જેનો ગર્ભ છે એવા
૨. * હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે,
* (અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે.)
૩. * અને અન્ય અધ્યવસાનોથી
* પૂર્વોક્ત પ્રકારે પોતાને અન્ય કરે છે,

(૨) [અજ્ઞાની જીવ નરક આદિ ગતિ મળતાં પોતાને નારકી આદિરૂપ માને છે :]

૧. * તેવી જ રીતે ઊદયમાં આવતા નારકના
* અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે,
૨. * ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી
* પોતાને તિર્યંચ કરે છે,
૩. * ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી
* પોતાને મનુષ્ય કરે છે,
૪. * ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી
* પોતાને દેવ કરે છે,

(૩) [અજ્ઞાની જીવ પુણ્ય આદિના ઉદયમાં પોતાને પુણ્યાત્મા આદિ માને છે :]

૧. * ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના
   * અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે અને

૨. * ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના
   * અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે;

(૪) [અજ્ઞાની જીવ ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈને પોતાને ધર્માદિરૂપ માને છે :]

૧. * વળી તેવી જ રીતે જાણવામાં આવતો
   * જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાયના) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે,

૨. * જાણવામાં આવતા અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના) અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે,

૩. * જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી
   * પોતાને અન્યજીવરૂપ કરે છે,

૪. * જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી
   * પોતાને પુદ્ગલરૂપ કરે છે,

૫. * જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી
   * પોતાને લોકાકાશરૂપ કરે છે

૬. * અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી
   * પોતાને અલોકાકાશરૂપ કરે છે.

(૪) [ઉપસંહાર :] (આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)

૧. * (આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને
   * સર્વરૂપ [-અનેક અવસ્થાઓરૂપ] કરે છે [-માને છે.]

---

* ક્રિયા : હિંસા આદિના અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.

## કળશ—૧૭૨

ઉત્થાનિકા :–હવે, આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં
⁎ આત્મા જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે
૨. ⁎ એવો આ અધ્યવસાય—કે જેનું
⁎ મોહ જ એક મૂળ છે તે—જેમને નથી તે જ
૩. ⁎ મુનિઓ છે. [તેઓના ચરણમાં શત શતવાર વંદન હો!]
⁎ [આ રીતે આચાર્યશ્રીએ આગળના કથનની સૂચના આપી.]

**કળશામૃત :–**

૧. * આ વિશ્વના સહુ દ્રવ્યથી અતિ ભિન્ન હોવા પણ છતાં,
જેના પ્રભાવ વડે કરે છે વિશ્વરૂપ નિજને અહા!
૨. * આ આતમા, એવો અહો ‘વ્યવસાય’ આ જેનું અરે!
છે મોહ એક જ મૂળ તે, જેને નથી તેઓ ખરે;
૩. * છે મુનિવરો [તેના ચરણમાં વંદના શત વાર હો!]
* [આ રીત આગામી કથનની સૂચના આપી અહો!]

## ગાથા – ૨૭૦

ઉત્થાનિકા :—આ અધ્યવસાય જેને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી—એમ હવે ગાથામાં કહે છે :—

ગાથા :– * એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,
તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.

ટીકામૃત :– [ભૂમિકા]

૧. * આ જે ત્રણેય પ્રકારના વિધવિધ અધ્યવસાન છે,
તે સહુ સ્વયં અજ્ઞાન આદિરૂપ હોવાથી ખરે;
૨. * અજ્ઞાન, અણદર્શન અને અણચરિતરૂપ જ હોઈને,
શુભ-અશુભ કર્મોના અહા બંધન તણા નિમિત્ત છે.

(૧) ['હું પરને હણું છું'—એ પ્રકારના અધ્યવસાન અજ્ઞાન છે :]

૧. * તેને હવે વિશેષરૂપે આમ સમજાવાય છે,
કે 'પર જીવોને હું હણું છું' આદિ અધ્યવસાન જે;
૨. * તે જેહને છે તેહ અધ્યવસાનવાળા જીવને,
બસ જ્ઞાનમયતાને લીધે સત્ ને અહેતુક જેહ છે,
૩. * જ્ઞપ્તિ તણી ક્રિયા અહા છે જેની એવા આત્મના,
ને રાગ-રોષ તણા ઉદયમય એવી હનન ક્રિયા તણા;
૪. * વિશેષને નહિ જાણવાથી ભિન્ન આત્માનું ખરે,
અજ્ઞાન હોવાથી જ તે 'વ્યવસાય' છે અજ્ઞાન ને
૫. * રે ભિન્ન આત્માનું અદર્શન હોઈને 'વ્યવસાય' તે,
મિથ્યાત્વ છે ને તેહ અન-આચરણ પણ વળી હોઈને
૬. * ભિન્નાતમાનું, તેથી તે 'વ્યવસાય' અણચારિત્ર છે.
['પરને હણું છું' આદિ અધ્યવસાન આમ અજ્ઞાન છે.]

(૨) ['હું નારક છું'—એ પ્રકારના અધ્યવસાન અજ્ઞાન છે :]

૧. * 'નારક હું છું' ઇત્યાદિ વળી જે વિવિધ અધ્યવસાન છે,
તે જેહને છે તેહ અધ્યવસાનવાળા જીવને
૨. * પણ, જ્ઞાનમયતાને લીધે સતરૂપ, અણહેતુ અહા,
બસ એક જ્ઞાયકમાત્ર જેનો ભાવ છે તે આત્મના;
૩. * ને કર્મઉદયોથી જનિત [નર] નારકાદિ ભાવના,
વિશેષને નહિ જાણવાથી ભિન્ન આત્માનું અહા;

૪. * અજ્ઞાન હોવાથી જ તે ‘વ્યવસાય’ છે અજ્ઞાન ને
રે ભિન્ન આત્માનું અદર્શન હોઈને ‘વ્યવસાય’ તે;
૫. * મિથ્યાત્વ છે ને તેહ અન-આચરણ પણ વળી હોઈને
ભિન્નાતમાનું, તેથી તે ‘વ્યવસાય’ અણચારિત્ર છે.

(૩) [‘હું પરદ્રવ્યને જાણું છું’—એ પ્રકારના અધ્યવસાન અજ્ઞાન છે :]

૧. * ‘આ ધર્મદ્રવ્ય જણાય છે’ ઇત્યાદિ અધ્યવસાન જે,
તે જેહને છે તેહ અધ્યવસાનવાળા જીવને
૨. * પણ, જ્ઞાનમયતાને લીધે સત્-રૂપ અણહેતુ અહા.
બસ એક જ્ઞાન જ માત્ર જેનું રૂપ છે તે આત્માના;
૩. * ને જ્ઞેયમય એવા અહો ધર્માદિના રૂપો તણા,
વિશેષને નહિ જાણવાથી ભિન્ન આત્માનું અહા;
૪. * અજ્ઞાન હોવાથી જ તે ‘વ્યવસાય’ છે અજ્ઞાન ને
ભિન્ન આત્માનું અદર્શન હોઈને ‘વ્યવસાય’ તે;
૫. * મિથ્યાત્વ છે ને તેહ અન-આચરણ પણ વળી હોઈને
ભિન્નાતમાનું, તેથી તે વ્યવસાય અણચારિત્ર છે;
૬. * માટે સહુ ‘વ્યવસાય’ આ બસ બંધના જ નિમિત્ત છે,
[‘પરદ્રવ્યને જાણું હું છું’ ‘વ્યવસાય’ આમ અજ્ઞાન છે.]

(૪) [ઉપરોક્ત અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો કર્મોથી લેપાતા નથી :]

૧. * મુનિકુંજરો જેને ન અધ્યવસાન આવા હોય છે,
તે વિરલા કોઈ જ ને સત્-રૂપ અણહેતુક જે;
૨. * જ્ઞપ્તિ જ જેની એકમાત્ર ક્રિયા જ છે, સત્-રૂપ ને
અણહેતુ જ્ઞાયક એક જેનો ભાવમાત્ર જ છે ખરે;
૩. * સત્-રૂપ ને અણહેતુ જ્ઞાન એક જ જેનું રૂપ છે,
એવા અહો ભિન્નાતમાને જાણીને સુરીતે ખરે;
૪. * સમ્યક્ પ્રકારે શ્રદ્ધતા ને અંતરંગ પ્રકાશતી,
એ જ્ઞાનની જ્યોતિ અહા અજ્ઞાનરૂપ નહિ થતી;
૫. * મિથ્યાત્વરૂપ નહિ થતી, અણચરિતરૂપ નહિ થતી
હોવાથી, શુભ કે અશુભ કર્મોથી ન લેપાતા કદી.

**ટીકા :– [ભૂમિકા :]**

૧. * આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે
* તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ
૨. * (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી
* શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.

(૧) ['હું પરને હણું છું'—એ પ્રકારના અધ્યવસાન અજ્ઞાન છે :]

૧. * તે વિશેષ સમજાવવામાં આવે છે—
* 'હું (પર જીવોને) હણું છું' ઇત્યાદિ જે આ અધ્યવસાન છે
૨. * તે અધ્યવસાનવાળા જીવને,
* જ્ઞાનમયપણાને લીધે [1]સત્-રૂપ [2]અહેતુક
૩. * [3]જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો
* અને રાગ-દ્વેષના ઉદયમય એવી [4]હનન આદિ ક્રિયાઓનો
૪. * [5]વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું
* અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,
૫. * ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી (તે અધ્યવસાન)
* મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી
૬. * (તે અધ્યવસાન) અચારિત્ર છે.
* [આ રીતે 'હું પરને હણી શકું છું'—આદિ અધ્યવસાન અજ્ઞાન છે તેમ સિદ્ધ થયું.]

(૨) ['હું નારક છું'—એ પ્રકારના અધ્યવસાન અજ્ઞાન છે :]

૧. * વળી 'હું નારક છું' ઇત્યાદિ જે અધ્યવસાન છે
* તે અધ્યવસાનવાળા જીવને
૨. * પણ, જ્ઞાનમયપણાને લીધે સત્-રૂપ અહેતુક
* જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો
૩. * અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો
* વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું
૪. * અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,
* ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન)
૫. * મિથ્યાદર્શન છે અને
* ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.

(૩) ['હું પરદ્રવ્યને જાણું છું'—એ પ્રકારના અધ્યવસાન અજ્ઞાન છે :]

૧. * વળી 'આ ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે
   * તે અધ્યવસાનવાળા જીવને

૨. * પણ, [6]જ્ઞાનમયપણાને લીધે સત્-રૂપ અહેતુક
   * જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો

૩. * અને જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો
   * વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું

૪. * અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,
   * ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન)

૫. * મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી,
   * (તે અધ્યવસાન) અચારિત્ર છે.

૬. * માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.
   * [આ રીતે 'હું પરદ્રવ્યનો જાણું છું'—આદિ અધ્યવસાન અજ્ઞાન છે તેમ સિદ્ધ થયું.]

(૪) [ઉપરોક્ત અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો કર્મોથી લેપાતા નથી]

૧. * માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી
   * તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો), સત્-રૂપ અહેતુક

૨. * જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સત્-રૂપ
   * અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે

૩. * અને સત્-રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે
   * એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા,

૪. * સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા અને અનુચરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને
   * અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ,

૫. * મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી
   * હોવાથી) શુભ કે અશુભકર્મથી ખરેખર લેપાતા નથી.

## પાદટીપ્પણ

1. સત્-રૂપ = સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સત્-રૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે.)
2. અહેતુક = જેનું કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ
3. જ્ઞપ્તિ = જાણવું તે; જાણનક્રિયા. (જ્ઞપ્તિક્રિયા સત્-રૂપ છે, અને સત્-રૂપ હોવાથી અહેતુક છે.)
4. હનન = હણવું તે; હણવારૂપ ક્રિયા (હણવું વગેરે ક્રિયાઓ રાગ-દ્વેષના ઉદયમય છે.)
5. વિશેષ = તફાવત; ભિન્ન લક્ષણ.
6. આત્મા જ્ઞાનમય છે તેથી સત્-રૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે.

## ગાથા – ૨૭૧

ઉત્થાનિકા :–"અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો, તે અધ્યવસાન શું છે? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું." 'આમ પૂછવામાં આવતાં, હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે :–

ગાથા :– * **બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ—શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.**

**ટીકામૃત :–**

૧. * રે સ્વ-પરનો અવિવેક [જ્યારે હોય છે આ જીવને,]
ને ભેદજ્ઞાન સ્વ-પર તણું, તેને તદા નવ હોય છે;
૨. * 'અધ્યવસિતિ'* બસ માત્ર જીવની તેહ અધ્યવસાન છે
ત્યારે, અને તેને જ બોધનમાત્રમયતાને લીધે
૩. * 'બુદ્ધિ' કહે છે, ને વળી વ્યવસાન**માત્રપણા લીધે
'વ્યવસાય' [પણ] કહેવાય છે, ને મનન*** માત્રપણા લીધે.
૪. * કહેવાય છે 'મતિ' ને અહા વિજ્ઞપ્તિમાત્રપણા લીધે
'વિજ્ઞાન' છે તેને વળી ચૈતન્યમાત્રપણા લીધે
૫. * છે 'ચિત્ત' સંજ્ઞા તેહને, ચેતન તણા જ ભવનપણે
હોવાથી તેને 'ભાવ' એવું નામ પણ કહેવાય છે;
૬. * ચેતન તણા પરિણામમાત્રપણાથી તેને પણ અહા
કહેવાય છે 'પરિણામ', છે એકાર્થ આ શબ્દો બધા.

---

* અધ્યવસિતિ = (એકમાં બીજાની માન્યતાપૂર્વક) પરિણતિ;
= (મિથ્યા) નિશ્ચિતિ; (ખોટો) નિશ્ચય હોવો તે

** વ્યવસાન = કામમાં લાગ્યા રહેવું તે; ઉદ્યમી હોવું તે;

*** મનન = માનવું તે; જાણવું તે.

**ટીકા :–**

૧. * સ્વ-પરનો અવિવેક હોય
* (અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય)
૨. * ત્યારે જીવની અધ્યવસિતિ*માત્ર તે અધ્યવસાન છે;
* અને તે જ (અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું છે તે જ) બોધનમાત્રપણાથી
૩. * બુદ્ધિ છે, વ્યવસાન** માત્રપણાથી
* વ્યવસાય છે, મનન***માત્રપણાથી

૪. * મતિ છે, વિજ્ઞપ્તિમાત્રપણાથી

   * વિજ્ઞાન છે, ચેતનમાત્રપણાથી

૫. * ચિત્ત છે, ચેતનના ભવનમાત્રપણાથી

   * ભાવ છે,

૬. * ચેતનના પરિણમનમાત્રપણાથી

   * પરિણામ છે. (આ રીતે આ બધાય શબ્દો એકાર્થ છે.)

## કળશ—૧૭૩

ઉત્થાનિકા :–'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે'—એવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧ * આચાર્યદેવ કહે છે કે :–સર્વ વસ્તુઓમાં
* જે અધ્યવસાન થાય છે તે બધાય (અધ્યવસાન)

૨, * જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે.
* તેથી અમે એમ માનીએ છીએ કે 'પર જેનો આશ્રય છે

૩, * એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.'
* તો પછી, આ સત્પુરુષો એક સમ્યક્

૪, * નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને
* શુદ્ધજ્ઞાનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?

**કળશામૃત :–**

૧. * આચાર્યશ્રી કહેતા અહા કે સર્વ વસ્તુઓ મહીં,
જે થાય છે વ્યવસાય* [આવા] તે અહો સહુને અહીં;

૨. * ભગવંત જિનોએ કહ્યાં પૂર્વોક્ત રીતે ત્યાજ્ય છે,
તેથી અમે તો માનીએ કે છે પરાશ્રય જેહને;

૩. * વ્યવહાર છોડાવ્યો જ તે, એવો સહુએ તેમણે.
આ સત્પુરુષો તો પછી બસ એક સમ્યક્ જેહ છે

૪. * નિશ્ચય અહો, તેને અકંપપણે જ અંગીકૃત કરી,
બસ જ્ઞાનઘન નિજ સ્વરૂપમાં ક્યમ સ્થિરતા કરતા નથી?

---

* વ્યવસાય. = અધ્યવસાન

## ગાથા – ૨૭૨

ઉત્થાનિકા :–હવે આ અર્થને ગાથામાં કહે છે :–

ગાથા :– * વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.

ટીકામૃત :–

૧. * નિજ આત્મને આશ્રિત નિશ્ચયનય [સદાયે હોય] છે,
વ્યવહારનય પર[દ્રવ્ય]ને આશ્રિત [નક્કી હોય] છે.

૨. * ત્યાં, પૂર્વ ઉક્ત રીતે અહા પરને સદા આશ્રિત જે,
સમસ્ત અધ્યવસાન કારણ બંધમાત્રનું હોઈને,

૩. * મુમુક્ષુને તેનો નિષેધ અહો કરંતો જેહ તે,
નિશ્ચયવડે જ નિષેધ તો વ્યવહારનયનો છે ખરે;

૪. * એ કારણે કે પર તણો આશ્રય સમાન જ હોઈને,
'વ્યવસાય'* ને વ્યવહારનયમાં નહિ તફાવત કાંઈ છે.

૫. * ને એ રીતે વ્યવહારનય આ છે નિષેધ્ય જ કેમ કે
સ્વાશ્રિત નિશ્ચયનય તણો આશ્રય અહો કરનાર જે;

૬. * બસ તે જ કર્મથી મુક્તિને પામે અહો છે ને ખરે,
પર [દ્રવ્ય] આશ્રિત જેહ છે વ્યવહારનય તેનો અરે;

૭. * આશ્રય કરે છે તો અહો અભવ્ય એવો જીવ જે,
પણ મુક્તિને નથી પામતો એકાંતથી કદી એ ખરે.

---

* વ્યવસાય = અધ્યવસાન

ટીકા :–[Slightly Rearranged]

૧. * આત્માશ્રિત (અર્થાત સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે,
* પરાશ્રિત (અર્થાત પરને આશ્રિત) વ્યવહારનય છે.

૨. * ત્યાં, પૂર્વોક્ત રીતે પરાશ્રિત
* સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના અને પરના એકપણાની માન્યતારૂપ પરિણમન) બંધનું કારણ હોવાને લીધે

૩. * મુમુક્ષુને તેનો (-અધ્યવસાનનો) નિષેધ કરતા એવા
* નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,

૪. * કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે.
* (–જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી).

૫. * અને આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે; કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ

૬. * (કર્મથી) મુક્ત થાય છે અને

* પરાશ્રિત વ્યવહારનયનો

૭. * આશ્રય તો અભવ્ય પણ કરે છે

* [કે જે] એકાંતે [કદી] મુક્ત થતો નથી.

## ગાથા – ૨૭૩

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને
કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. ૨૭૩.

ટીકામૃત :–

૧. * તપ-શીલથી પરિપૂર્ણ ને ત્રણ ગુપ્તિ પંચ સમિતિ જે,
તેના પ્રતિ બહુ સાવધાનીથી ભરેલું જેહ તે;

૨. * અહિંસાદિ પંચ મહાવ્રતોરૂપ ચરિત છે વ્યવહાર જે,
અભવ્ય પણ પામે ભલે તેને, છતાંયે જીવ તે;

૩. * ચારિત્રથી છે રહિત, મિથ્યાત્વી જ અજ્ઞાની ખરે,
એ કારણે કે તે અરે નિશ્ચયચરિતના હેતુ જે;

૪. * તે જ્ઞાન ને શ્રદ્ધાન [સમ્યક્]થી ખરેખર શૂન્ય છે,
[અભવ્ય આ રીતે અરે, વ્યવહારનો આશ્રય કરે !]

ટીકા :–

૧. * શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ
* પ્રત્યે સાવધાનીભરેલું,

૨. * અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર
* અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય)

૩. * નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત), અજ્ઞાની અને મિથ્યાદ્રષ્ટિ જ છે
* કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ

૪, * જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે,
* [અભવ્ય જીવ પણ વ્યવહારનયનો આશ્રય આ રીતે કરે છે.]

## કળશટીકા – ૨૬૮

## સુપ્રભાત (બેસતા વર્ષની બોણી)

ઉત્થાનિકા :–આમ જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે, તે જ અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે—એવા અર્થનું કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧. * (પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે)
 * તેને જ, ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ

૨. * તે—રૂપ જેનું ખીલવું છે (અર્થાત ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું છે),
 * શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે

૩. * જે સુપ્રભાત સમાન છે, આનંદમાં સુસ્થિત એવું જેનું
 * સદા અસ્ખલિત એક રૂપ છે

૪. * અને અચળ જેની જ્યોત્ છે
 * એવો આ આત્મા [કૈવલ્યજ્ઞાનરૂપે] ઉદય પામે છે.

**કળશામૃત :–**

૧. * પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિનો આશ્રય કરે
તેને જ, આ ચૈતન્યપુંજ તણો અહો અત્યંત જે,

૨. * વિકાસ થાવો તે જ જેનું ખીલવું છે તે ખરે,
નિર્મળ પ્રકાશ તણી અતિશયતાથી જેહ અહો અરે;

૩. * છે સુપ્રભાત સમાન તે, આનંદમાં સુસ્થિત છે,
એવું અહો અસ્ખલિત એક જ રૂપ છે જેનું ખરે;

૪. * ને અચળ જેની જ્યોતિ છે એવો અહો આ આત્મા,
પામે અહો છે ઉદયને [કૈવલ્યજ્ઞાનરૂપે મહા.]

## ગાથા – ૨૭૪

ઉત્થાનિકા :–હવે શિષ્ય પૂછે છે કે—તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો? તેનો ઉત્તર કહે છે :–

ગાથા :– * મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,
પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.

ટીકામૃત :–

૧. * નિજ જ્ઞાનમય શુદ્ધાતમાના જ્ઞાનશૂન્ય સ્વયં અરે
હોવાથી, [તેહ] અભવ્ય જીવ [સૌથી] પ્રથમ તો મોક્ષને
૨. * નથી શ્રદ્ધતો, તેથી જ તે નથી શ્રદ્ધતો પણ જ્ઞાનને.
ને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, અંગઆચારાદિ જે,
૩. * અગિયાર અંગો છે અહો શ્રુતરૂપ શાસ્ત્રો તેમને
ભણતો, છતાં જે ગુણ ભણવાનો અહો છે તે ખરે;
૪. * તેનો અભાવ જ હોઈને તે જીવ જ્ઞાની નથી ખરે.
જે ભિન્ન વસ્તુભૂત આત્મા જ્ઞાનમયનું જ્ઞાન છે,
૫. * તે શાસ્ત્ર ભણવાનો અહો ગુણ છે અને તે તો અરે,
નહિ શ્રદ્ધતા નિજ ભિન્નવસ્તુભૂત આત્માને ખરે;
૬. * અભવ્ય એવા જીવને [કદી] શાસ્ત્રના ભણતર વડે
ન કરી શકાતું હોઈને, તે ગુણનો જ અભાવ છે;
૭. * ને તેથી જ્ઞાન અને અહા શ્રદ્ધાનના જ અભાવથી,
તે જીવ અજ્ઞાની ઠર્યો [તું જાણજે] એમ જ નક્કી.

ટીકા :–[Slightly Rearranged]

૧. * (પોતે) શુદ્ધ જ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય
* હોવાને લીધે, પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ
૨. * નથી શ્રદ્ધતો, તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો.
* અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ
૩. * અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને)
* ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ
૪. * તેના અભાવને લીધે જ્ઞાની નથી.
* જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન
૫. * તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે; અને તે તો (અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો),
* ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા

૬. * એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે

* કરી શકાતું નથી (અર્થાત્ શાસ્ત્ર–ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી); માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે;

૭. * અને તેથી જ્ઞાન-શ્રદ્ધાનના અભાવને લીધે

* તે અજ્ઞાની ઠર્યો—નક્કી થયો.

## ગાથા – ૨૭૫

ઉત્થાનિકા :–ફરી શિષ્ય પૂછે છે કે—અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં 'તેને શ્રદ્ધાન નથી' એમ કેમ કહ્યું? તેનો ઉત્તર હવે કહે છે :–

ગાથા :– * તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.

ટીકામૃત :–

૧. * નિત્ય એવી કર્મફળમય ચેતનારૂપ વસ્તુને,
અભવ્ય શ્રદ્ધે છે [ભલે] કિંતુ અહો નહિ જીવ તે;

૨. * નિત્ય એવી જ્ઞાનચેતનતામયી જે માત્ર છે,
એ વસ્તુને નથી શ્રદ્ધતો એ કારણે કે તે [અરે !]

૩. * અયોગ્ય છે સ્વ-પર તણા [બે] ભેદના વિજ્ઞાનને
અભવ્ય જીવ સદાય, તેથી કર્મમુક્તિ-નિમિત્ત જે

૪. * છે જ્ઞાનમાત્ર, ભૂતાર્થ ને સત્યાર્થ એવા ધર્મને
નથી શ્રદ્ધતો, [કિંતુ] અહો છે ભોગનું જ નિમિત્ત જે;

૫. * શુભકર્મમાત્ર [સ્વરૂપ] છે અભૂતાર્થ એવા ધર્મને,
શ્રદ્ધે જ છે તેથી અહો અભૂતાર્થ ધર્મ તણા ખરે;

૬. * શ્રદ્ધાન તેમ પ્રતીત વળી રુચિ ને અહો સ્પર્શન વડે,
ગ્રૈવેક ઊંચાના અહો બસ ભોગને પામે ભલે;

૭. * કિંતુ કદાપિ કર્મથી નથી છૂટતો [જ અભવ્ય] તે,
ભૂતાર્થ ધર્મ તણું નહિ શ્રદ્ધાન હોવાને લીધે;

૮. * આ રીત નથી શ્રદ્ધાન સાચું પણ અરે તે જીવને,
ને તેથી છે વ્યવહારનો જ નિષેધ નિશ્ચયથી ખરે.

ટીકા :– [Slightly Rearranged]

૧. * નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને
* અભવ્ય જીવ શ્રદ્ધે છે પરંતુ

૨. * નિત્યજ્ઞાનચેતનામાત્ર
* વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે (અભવ્ય)

૩. * સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.
* માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ,

૪. * જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને
* નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ,

૫. ⁕ શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને
⁕ જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં
૬. ⁕ શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી
⁕ ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે
૭. ⁕ પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.
⁕ તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે
૮, ⁕ (સાચું) શ્રદ્ધાન પણ નથી.
⁕ આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.

## ગાથા – ૨૭૬, ૨૭૭

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે "નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય–તે બંને નયો કેવા છે?"—એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે :–

ગાથા :– * 'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે,–એ કથન નય વ્યવહારનું. ૨૭૬.
* મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.

### ટીકામૃત :–

[પહેલો પારિગ્રાફ]

(૧) [પ્રથમ વ્યવહારનું સ્વરૂપ સમજાવે છે :]

૧. * આચારઅંગ ઇત્યાદિ શ્રુતના શબ્દ છે તે જ્ઞાન છે,
એ કારણે કે તેહ શબ્દો જ્ઞાનનો આશ્રય અને
૨. * જીવ [અજીવ] આદિ નવે પદાર્થો છે અહો દર્શન અરે,
એ કારણે કે તે સહુ દર્શન તણો આશ્રય અને
૩. * ષટ્જીવ[નો જ] નિકાય છે ચારિત્ર પણ એ કારણે
કે તેહ છે આશ્રય ચરિતનો—આ રીતે વ્યવહાર છે.

(૨) [પછી નિશ્ચયનું સ્વરૂપ સમજાવે છે :]

૧. * શુદ્ધાતમા તે જ્ઞાન છે એ કારણે કે તેહ છે
રે જ્ઞાનનો આશ્રય, અને શુદ્ધાતમા દર્શન [જ] છે
૨. * એ કારણે કે તેહ છે દર્શન તણો આશ્રય અને
શુદ્ધાતમા [જ] ચરિત છે એ કારણે કે તેહ છે
૩. * આશ્રય અહો ચારિત્રનો—એ રીત છે નિશ્ચય ખરે;
[વ્યવહાર ને નિશ્ચય તણું આવું અહો જ સ્વરૂપ છે.]

(૩) [હવે નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધક કઈ રીતે છે તે કહે છે :]

૧. * તેમાં અહો વ્યવહારનય પ્રતિષેધ્ય છે એ કારણે;
કે અંગઆચારાદિને જ્ઞાનાદિનો આશ્રય ખરે;
૨. * એકાંતરૂપ ન હોઈને વ્યભિચારથી તે યુક્ત છે,
એ કારણે કે શબ્દશ્રુત આદિ ભલે પણ હોય છે;
૩. * તોપણ કદી આ જ્ઞાન આદિ હોય વા નવ હોય છે,
[તેથી ખરે આ રીતથી વ્યવહારનય પ્રતિષેધ્ય છે.]

૪. * નિશ્ચય નિષેધક છે અહો વ્યવહારનયનો કેમ કે
જ્ઞાનાદિનું આશ્રયપણું ઐકાંતી* છે શુદ્ધાત્મને.

૫. * જ્યાં હોય છે શુદ્ધાતમા ત્યાં હોય છે દૃગ જ્ઞાન ને
ચારિત્ર પણ, તેથી અહો એ માન્યતા નિર્દોષ છે.

૬. * આચાર્યશ્રી સમજાવશે હેતુ સહિત આ વાતને,
[કે શબ્દશ્રુતાદિ નહિ, શુદ્ધાત્મ છે આશ્રય ખરે.]

* ઐકાંતી = ઐકાંતિક, એકાંતે

[બીજો પારિગ્રાફ]

(૧) [આચાર્યશ્રી અભવ્યના દ્રષ્ટાંત વડે શબ્દશ્રુતાદિના આશ્રયપણામાં બાધા બતાવે છે :–]

૧. * આચારઅંગાદિ નથી એકાંતથી આશ્રય ખરા
[નિજ]જ્ઞાનના, એ કારણે કે તેમના સદ્‌ભાવમાં;

૨. * અભવ્યને શુદ્ધાત્મનો જ અભાવ હોવાને લીધે,
છે જ્ઞાનનો જ અભાવ [તેથી તે ન આશ્રય છે ખરે;]

૩. * જીવ આદિ સહુય પદાર્થ નથી દર્શન તણો આશ્રય ખરે,
એ કારણે કે તેમના સદ્‌ભાવમાંય અભવ્યને;

૪. * શુદ્ધાત્મનો જ અભાવ હોવાથી અહો દર્શન તણો,
અભાવ છે [તે જીવને તેથી ન તે આશ્રય ખરો;]

૫. * ષટ્‌જીવનિકાય નથી અહો ચારિત્રનો આશ્રય ખરે,
એ કારણે કે તેમના સદ્‌ભાવમાંય અભવ્યને;

૬. * શુદ્ધાત્મનો જ અભાવ હોવાથી અહો ચારિત્રનો
અભાવ છે, [તેથી ન તે આશ્રય ખરો ચારિત્રનો.]

(૨) [હવે આચાર્યશ્રી શુદ્ધાત્માના આશ્રયપણાને નિર્વિઘ્ને સિદ્ધ કરે છે :]

૧. * શુદ્ધાતમા આશ્રય ખરે છે જ્ઞાનનો એ કારણે
કે અંગ આચારાદિરૂપ શ્રુતશબ્દના સદ્‌ભાવ કે

૨. * અભાવમાં, તેના જ હોવાથી ખરે સદ્‌ભાવ છે,
રે જ્ઞાનનો [ને એ રીતે] શુદ્ધાતમા પણ છે ખરે;

૩. * દર્શન તણો આશ્રય અહો, એ કારણે કે તેહના,
સદ્‌ભાવ [માત્રથી] છે ખરે સદ્‌ભાવ દર્શનનો અહા;

૪. * ત્યારે ભલે સદ્‌ભાવ હો કે હો ભલેય અભાવ જો,
જીવ આદિ સહુય પદાર્થનો [બસ આતમા આશ્રય અહો;]

૫. * શુદ્ધાતમા [પણ] છે ખરે ચારિત્રનો આશ્રય અહા,
એ કારણે કે જીવ-સમૂહ તણા અહા સદ્‌ભાવમાં;
૬. * અથવા અભાવ મહીં અહા બસ માત્ર શુદ્ધાત્મા તણો
સદ્‌ભાવ હોવાથી જ છે સદ્‌ભાવ રે ચારિત્રનો.

ટીકા :–

[પહેલો પારિગ્રાફ]

(૧) [પ્રથમ વ્યવહારનું સ્વરૂપ સમજાવે છે :]

૧. * આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે
* કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,

૨, * જીવ આદિ નવ પદાર્થો દર્શન છે
* કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,

૩. * અને છ જીવ-નિકાય ચારિત્ર છે કારણ
* કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે વ્યવહાર છે.

(૨) [પછી નિશ્ચયનું સ્વરૂપ સમજાવે છે :]

૧. * શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા)
* જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધ આત્મા દર્શન છે

૨. * કારણ કે તે [શુદ્ધ આત્મા] દર્શનનો આશ્રય છે, અને
* શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે;

૩. * –એ પ્રમાણે નિશ્ચય છે.
* [વ્યવહાર અને નિશ્ચયનું આવું સ્વરૂપ છે.]

(૩) [હવે નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધક કઈ રીતે છે તે કહે છે :]

૧. * તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું

૨. * અનૈકાંતિક છે–વ્યભિચારયુક્ત છે; (શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે
* કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં,

૩. * જ્ઞાન આદિ નથી પણ હોતાં,
* માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;)

૪. * અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે
* શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.

૫. * (શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમકે જ્યાં શુદ્ધ આત્મા હોય

* ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.)

૬. * આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે.

* [કે જ્ઞાન-દર્શનાદિને શબ્દશ્રુતાદિ નહિ પરંતુ શુદ્ધ આત્મા જ એકાંતે આશ્રય છે.]

[બીજો પારિગ્રાફ]

(૧) [આચાર્યશ્રી અભવ્યના દ્રષ્ટાંત વડે શબ્દશ્રુતાદિના આશ્રયપણામાં બાધા બતાવે છે :]

૧. * આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે

* તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્‌ભાવમાં પણ

૨. * અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે

* જ્ઞાનનો અભાવ છે;

૩. * જીવ આદિ નવ પદાર્થો [પણ] દર્શનનો આશ્રય નથી;

* કારણ કે તેમના સદ્‌ભાવમાં પણ અભવ્યોને

૪. * શુદ્ધાત્માના અભાવને લીધે દર્શનનો

* અભાવ છે, [તેથી તે નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી.]

૫. * છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,

* કારણ કે તેમના સદ્‌ભાવમાં પણ અભવ્યોને

૬. * શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો

* અભાવ છે.

(૨) [હવે આચાર્યશ્રી શુદ્ધાત્માના આશ્રયપણાને નિર્વિઘ્ને સિદ્ધ કરે છે :]

૧. * શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ

* કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવમાં કે

૨. * અભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ

* જ્ઞાનનો સદ્‌ભાવ છે; શુદ્ધ આત્મા જ

૩. * દર્શનનો આશ્રય છે,

* કારણ કે તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ દર્શનનો સદ્‌ભાવ છે;

૪. * જીવ આદિ નવ પદાર્થોનો ત્યારે ભલે

* સદ્‌ભાવ હો કે અસદ્‌ભાવ હો;

૫. * શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,

* કારણ કે છ જીવ-નિકાયના સદ્‌ભાવમાં

૬. * કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના)

* સદ્‌ભાવથી જ ચારિત્રનો સદ્‌ભાવ છે.

## કળશ – ૧૭૪

ઉત્થાનિકા :–હવે, આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ "રાગાદિકને બંધના કારણ કહ્યાં અને
⁎ વળી તેમને શુદ્ધ ચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન

૨. ⁎ કહ્યાં; ત્યારે તે રાગાદિકનું
⁎ નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ?"

૩. ⁎ એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્ય ભગવાન
⁎ ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે.

**કળશામૃત :–**

૧. * રાગાદિને [તો] બંધના કારણ કહ્યાં [આપે] અને
વળી તેમને [નિજ] શુદ્ધચેતનજ્યોતિથી જુદા ખરે

૨. * [આપે] કહ્યાં, ત્યારે અહો તે રાગ આદિક ભાવનું,
નિમિત્ત છે [આ] આતમા અથવા અહો કોઈ બીજું ?

૩. * પ્રેરિત થઈ આ પ્રશ્નથી કો' શિષ્યના આચાર્યશ્રી,
[કરુણા કરી ઉપદેશતા] ફરીને અહો આ રીતથી.

## ગાથા – ૨૭૮, ૨૭૯

ઉત્થાનિકા :–ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્યભગવાન ગાથા કહે છે :–

ગાથા :– * જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.
* ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,
પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.

ટીકામૃત :–

(૧) [પ્રથમ, આચાર્યશ્રી સ્ફટિકમણિમાં થતા રાગાદિને દ્રષ્ટાંતરૂપે કહે છે :]

૧. * જેવી રીતે કેવળ સ્ફટિકમણિ જ પોતે હોય છે
પરિણમનરૂપ સ્વભાવવાળો, તે છતાં પણ તે ખરે;

૨. * નિજની જ શુદ્ધ સ્વભાવમયતાને લીધે ન કદી બને
નિમિત્ત, રાગાદિ તણા પરિણમનનું નિજને ખરે.

૩. * ને તેથી પોતાની ન મેળે રાગરૂપે પરિણમે,
કિંતુ અરે રાગાદિને પામે અહો પોતાથી જે;

૪. * ને તેથી રાગાદિ તણું નિમિત્ત થાય સ્ફટિકને
એવા જ તે પરદ્રવ્યથી, જે સ્વરૂપથી ચ્યુત થાય છે;

૫. * તે [સ્ફટિક] પ્રણમાવાય* છે રાગાદિરૂપે [આ રીતે,]
[આ સ્ફટિકનું દ્રષ્ટાંત કહી સિદ્ધાંત સમજાવે હવે.]

(૨) [હવે, આત્મામાં થતા રાગાદિરૂપ પરિણામ વિષયક સિદ્ધાંતને સમજાવે છે :]

૧. * તેવી રીતે કેવળ ખરેખર એકલો આ આતમા,
પરિણમનરૂપ સ્વભાવવાળો [સ્વરૂપથી] હોવા છતાં;

૨. * નિજની જ શુદ્ધસ્વભાવમયતાને લીધે ન કદી બને
નિમિત્ત, રાગાદિ તણા પરિણામનું નિજને ખરે;

૩. * ને તેથી પોતાની ન મેળે રાગરૂપે પરિણમે,
કિંતુ અરે રાગાદિને પામે અહો પોતાથી જે;

૪. * ને તેથી રાગાદિતણું નિમિત્ત થાયે આત્મને
એવા જ તે પરદ્રવ્યથી, જે સ્વરૂપથી ચ્યુત થાય છે;

૫. * તે [આત્મ] પ્રણમાવાય* છે રાગાદિરૂપે [આ રીતે,]
આવો અહો વસ્તુ તણો જ સ્વભાવ છે [મુનિવર કહે.]

---

* પ્રણમાવાય = પરિણમાવાય.

**ટીકા :–**

(૧) [પ્રથમ, આચાર્યશ્રી સ્ફટિકમણિમાં થતા રાગાદિને દ્રષ્ટાંતરૂપે કહે છે :]

૧. * જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ,

   * પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં,

૨. * પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે

   * રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને લાલાશ-આદિરૂપ પરિણમનનું નિમિત્ત નહીં હોવાથી

૩. * પોતાની મેળે રાગાદિરૂપ પરિણમતો નથી,

   * પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું

૪. * હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે

   * એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થયો થકો જ.

૫. * રાગાદિરૂપે પરિણમાવાય છે;

   * [આ રીતે સ્ફટિકનું દ્રષ્ટાંત કહીને આચાર્યશ્રી હવે સિદ્ધાંત સમજાવે છે.]

(૨) [હવે, આત્મામાં થતા રાગાદિરૂપ પરિણામ વિષયક સિદ્ધાંતને સમજાવે છે :]

૧. * તેવી રીતે ખરેખર કેવળ (–એકલો) આત્મા,

   * પોતે પરિણમન–સ્વભાવવાળઓ હોવા છતાં,

૨. * પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે

   * રાગાદિનું નિમિત્તપણું નહિ હોવાથી (અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી)

૩. * પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી,

   * પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું

૪. * હોવાથી આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે

   * એવા પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી ચ્યુત થયો થકો જ,

૫. * રાગાદિરૂપે પરિણમાવાય છે.—

   * આવો વસ્તુનો સ્વભાવ છે.

## કળશ – ૧૭૫ (परसंग एव)

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી,
* તેના અગ્નિરૂપ પરિણમનમાં

૨. * સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) આત્મા
* પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી,

૩. * તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે.
* –આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.)

**કળશામૃત :–**

૧. * જ્યમ સૂર્યકાંતમણિ નહીં પોતાથી માત્ર જ પરિણમે
અગ્નિરૂપે, કિંતુ અહો તેમાં [સદાયે] હોય છે

૨. * નિમિત્ત સૂરજ બિંબનું, આ આતમા તેવી રીતે,
નિજને નિમિત્ત થતો નથી રાગાદિનું કદીયે ખરે;

૩. * પરદ્રવ્યનો સંગ જ અહો તેમાં નિમિત્ત જ હોય છે,
-આવો અહો વણકૃત વસ્તુસ્વભાવ વર્તે છે ખરે.

## કળશ—૧૭૬

ઉત્થાનિકા :–'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧ * એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે તેથી તે
* રાગાદિકને પોતાના કરતો નથી, તેથી તે (રાગાદિકનો) કર્તા નથી.

**કળશામૃત :–**

૧. * નિજ વસ્તુનો જ સ્વભાવ આવો જ્ઞાની જાણે, તેથી તે
રાગાદિને નિજના કરે નહિ, તેથી કર્તા નવ બને.

## ગાથા—૨૮૦

ઉત્થાનિકા :—હવે, એ જ પ્રમાણે ગાથામાં કહે છે :—

ગાથા :— * કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે,
જ્ઞાની સ્વયં કરતો નથી, તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.

ટીકામૃત :–

૧. * યથોક્ત વસ્તુસ્વભાવને જે જાણતો જ્ઞાની સદા,
નથી ચ્યુત થતો નિજના જ શુદ્ધસ્વભાવથી તેથી અહા;

૨. * કદી રાગ-દ્વેષ-વિમોહ આદિ ભાવરૂપ ન પરિણમે
પોતાની મેળે, ને અહો નવ પરિણમે પણ પર વડે;

૩. * [ને] તેથી ટંકોત્કીર્ણ જ્ઞાયકરૂપ એવો એક જે
જ્ઞાની, અકર્તા છે જ રાગાદિ તણો—એ નિયમ છે.

ટીકા :–

૧. * યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની
* (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી

૨. * રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે
* પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી,

૩. * માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ
* જ્ઞાની રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે—એવો નિયમ છે.

## કળશ–૧૭૭

ઉત્થાનિકા :–'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે' આવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી
 * તેથી તે રાગાદિકને (-રાગાદિભાવોને) પોતાના કરે છે,

૨. * તેથી (તેમનો) કર્તા થાય છે. [આ રીતે]
 * [આચાર્યશ્રીએ હવે પછીની ગાથા વિષે સૂચના આપી.]

કળશામૃત :–

૧. * નિજ વસ્તુનો એવો સ્વભાવ ન જાણતો એ કારણે,
 અજ્ઞાની રાગાદિકને નિજના કરે છે તેથી તે;

૨. * રાગાદિ ભાવોનો અહો કર્તા બને છે [આ રીતે]
 [આચાર્યશ્રીએ સૂચના આપી નવી ગાથા વિષે.]

## ગાથા – ૨૮૧

ઉત્થાનિકા :–હવે આ અર્થની ગાથા કહે છે :–

ગાથા :– * પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

ટીકામૃત :–

૧. * અનાદિથી જ યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો,
અજ્ઞાની ચ્યુત છે શુદ્ધ નિજસ્વભાવથી તેથી અહો;

૨. * કર્મો તણા જે ઉદયથી ઉત્પન્ન થાતાં ભાવ જે,
રાગાદિ, દ્વેષાદિ તથા મોહાદિ ભાવોરૂપ તે;

૩. * અજ્ઞાની પરિણમતો થકો રાગાદિ ભાવોનો થતો
કર્તા અહો, તે કર્મથી બંધાય છે જ—નિયમ કહ્યો.

ટીકા :–

૧. * યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની
* (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે તેથી

૨. * કર્મના ઉદયથી ઉત્પન્ન થતા
* રાગ-દ્વેષ-મોહાદિ ભાવોરૂપે

૩. * પરિણમતો અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો
* કર્તા થતો થકો (કર્મોથી) બંધાય જ છે—એવો નિયમ છે.

## ગાથા – ૨૮૨

ઉત્થાનિકા :–“તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું.)” એમ હવે કહે છે :–

ગાથા :– * એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.

ટીકામૃત :–

૧. * અજ્ઞાનીને પુદ્‌ગલકરમ જેનું નિમિત્ત અહો ખરે
છે, જેહ એવા રાગદ્વેષવિમોહના પરિણામ જે;

૨. * તેઓ ફરીને રાગદ્વેષાદિ તણા પરિણામનું,
નિમિત્ત પુદ્‌ગલકર્મ તેના બંધનું કારણ થતું.

ટીકા :–

૧. * ખરેખર અજ્ઞાનીને, પુદ્‌ગલકર્મ જેમનું નિમિત્ત છે
* એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે,

૨. * તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું
* નિમિત્ત જે પુદ્‌ગલકર્મ તેના બંધનું કારણ છે.

## ગાથા – ૨૮૩, ૨૮૪, ૨૮૫

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે ? તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કરે છે :–

ગાથા :– * અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,
–આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.
* અણપ્રતિક્રમણ બે–દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,
–આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.
* અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,
આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.

### ટીકામૃત :–

(૧) [આત્મા પોતાથી રાગાદિનો અકારક જ છે :]

૧. * આત્મા અકારક છે અહો પોતાથી રાગાદિકનો,
એ કારણે કે હોય જો નહિ એમ તો, અર્થાત્ જો
૨. * રાગાદિ ભાવોનો સ્વયં કારક અહો તે હોય તો,
અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણનો દ્વિવિધે અહો;
૩. * ઉપદેશ [કદી] ન બની શકે [તેથી અકારક છે અહો,]
[આ રીત આત્મા છે અકારક રાગનો જ સ્વયં કહ્યો.]

(૨) [આત્મા પોતાથી જ અકારક કઈ રીતે છે તે કહે છે :]

૧. * અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણનો છે જે કહ્યો,
ઉપદેશ દ્વિવિધ પ્રકારનો તે દ્રવ્ય તેમજ ભાવનો;
૨. * નિમિત્ત–નૈમિત્તિકરૂપે તે દ્રવ્ય તેમજ ભાવને
જાહેર રે કરતો થકો આત્મા અકારક વર્ણવે.
૩. * તેથી અહો નક્કી થયું પરદ્રવ્ય છે નિમિત્ત ને
રાગાદિ નૈમિત્તિક છે [આત્મા અકર્તા છે ખરે.]

(3) [પરદ્રવ્ય જ આત્માને રાગાદિકનું કારણ [–નિમિત્ત] છે :]

૧. * ને એમ જો નહિ માનીએ તો "દ્રવ્ય અણપ્રતિક્રમણ ને
દ્રવ્યઅણપચખાણ છે નિમિત્ત કારકના" અરે;
૨. * એવો અહો ઉપદેશ [જિનનો] અર્થહીન જ થાય છે,
ને અર્થહીન થતાં અહો તે, માત્ર એક જ આત્મને
૩. * રાગાદિભાવોનું નિમિત્તપણું* ખરે આવી પડે,
ને તેમ થતાં નિત્યકર્તાનો પ્રસંગ જ આવશે;

૪. * તેથી અહો ઠરશે અભાવ જ મોક્ષનો, એ કારણે
નિમિત્ત હો રાગાદિનું પરદ્રવ્ય માત્ર જ આત્મને.

૫. * ને એમ હોતાં, રાગ આદિકનો અકારક છે [સદા]
આ આતમા, એવું અહો થયું સિદ્ધ [આ રીતે અહા.]

(૪) [જ્યારે આત્મા નિમિત્તભૂત પરદ્રવ્યને પ્રતિક્રમે છે, પચખે છે ત્યારે નૈમિત્તિક રાગાદિને પચખે છે, પ્રતિક્રમે છે અને સાક્ષાત્ અકર્તા જ થાય છે :]

૧. * (આ રીત જોકે રાગનો આત્મા અકારક છે ખરે,)
તોપણ નહિ તે જ્યાં સુધી નિમિત્તભૂત પરદ્રવ્યને

૨. * ન પ્રતિક્રમે, વળી તેમ પણ પચખે નહિ રે ત્યાં લગી,
રાગાદિ ભાવોને નહિ તે પ્રતિક્રમે, પચખે નહીં.

૩. * ને જ્યાં સુધી રાગાદિ ભાવોને ન પચખે, પ્રતિક્રમે
તે, ત્યાં સુધી કર્તા જ છે [રાગાદિભાવોનો ખરે.]

૪. * [કિંતુ] જ્યારે [જીવ કો'] નિમિત્તભૂત પરદ્રવ્યને,
છે પ્રતિક્રમે, પચખે અહો ત્યારે નિમિત્તિક ભાવને**

૫. * તે પ્રતિક્રમે, પચખે જ છે [કહ્યું એમ જિનવરકથનમાં,]
ને [નિમિત્તિક]** ભાવ જ્યારે પ્રતિક્રમે, પચખે અહા;

૬. * ત્યારે અકર્તા છે અહો સાક્ષાત્ જીવ જ તે સદા,
[આત્મા અકારક રાગનો છે આ રીતે જિનવચનમાં.]

---

* નિમિત્તપણું = કારણપણું

** નિમિત્તિક ભાવને = નૈમિત્તિકભૂત ભાવને

ટીકા :– **[Slightly Rearranged]**

(૧) [આત્મા પોતાથી રાગનો અકારક જ છે :]

૧. * આત્મા પોતાથી રાગાદિનો અકારક જ છે;
* કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો

૨. * આત્મા પોતાથી જ રાગાદિકભાવોનો કારક હોય તો)
* અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ

૩. * બની શકે નહિ.
* [આ રીતે આત્મા પોતાથી રાગાદિભાવોનો અકારક જ છે.]

(૨) [આત્મા પોતાથી જ અકારક કઈ રીતે છે તે કહે છે :]

૧. * અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર
* દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે,

૨. * દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને
* જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.
૩. * માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે અને
* આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.

(૩) [પરદ્રવ્ય જ આત્માને રાગાદિકનું કારણ [–નિમિત્ત] છે :]

૧. * જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને
* દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો
૨. * ઉપદેશ નિરર્થક જ થાય,
* અને તે નિરર્થક થતાં એક જ આત્માને
૩. * રાગાદિભાવોનું નિમિત્તપણું* આવી પડતાં
* નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી
૪. * મોક્ષનો અભાવ ઠરે. માટે
* પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.
૫. * અને એમ હોતાં, આત્મા રાગાદિકનો અકારક જ છે
* એમ સિદ્ધ થયું.

(૪) [જ્યારે આત્મા નિમિત્તભૂત પરદ્રવ્યને પ્રતિક્રમે છે, પચખે છે ત્યારે નૈમિત્તિક રાગાદિને પચખે છે અને સાક્ષાત્ અકર્તા જ થાય છે :]

૧. * (આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે)
* તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને (-પરદ્રવ્યને)
૨. * પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી (અર્થાત્ જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી) ત્યાં સુધી
* નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિકભાવને) પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી,
૩. * અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી
* ત્યાં સુધી કર્તા જ છે;
૪. * જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને
* પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને
૫. * પ્રતિક્રમે છે તથા પચખે છે,
* અને જ્યારે [ભાવને] પ્રતિક્રમે છે તથા પચખે છે
૬. * ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.
* [આ રીતે આત્મા રાગાદિક ભાવોનો અકર્તા જ છે એવો જિનઉપદેશ છે.]

---
* નિમિત્તપણું = કારણપણું

વિશેષ નોંધ :–

* દ્રવ્ય-અપ્રતિક્રમણ = નિમિત્તનું અપ્રતિક્રમણ = પરદ્રવ્યના લક્ષનું અપ્રતિક્રમણ
* ભાવ-અપ્રતિક્રમણ = વિકારનું અપ્રતિક્રમણ = પરદ્રવ્યના લક્ષે થતાં વિકારનું અપ્રતિક્રમણ

(જુઓ સમયસાર સિદ્ધિ ભાગ-૮, પાનું ૪૮૭)

## ગાથા – ૨૮૬, ૨૮૭

ઉત્થાનિકા :–હવે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છે :–

ગાથા :– * આધાકરમ ઇત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,
તે કેમ 'જ્ઞાની' કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે ? ૨૮૬.
* ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,
તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને? ૨૮૭.

ટીકામૃત :–

(૧) [જે પરદ્રવ્યને પચખતો નથી તે તેના નૈમિત્તિક ભાવને પચખતો નથી :]

૧. * જ્યમ અધઃકર્મથી ને વળી ઉદ્દેશથી નીપજેલ જે,
નિમિત્તભૂત આહારાદિ પુદ્‌ગલદ્રવ્યને પચખે ન તે;

૨. * આત્મા (-મુનિ) એ નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને,
નથી પચખતો [કે ત્યાગતો] તે રીત સહુ પરદ્રવ્યને;

૩. * નથી પચખતો (નથી ત્યાગતો) તે આતમા સહુ ભાવને,
[આ વાતને દ્રષ્ટાંતથી વિશેષ સમજાવે હવે.]

(૨) [હવે અધઃકર્મ અને ઉદ્દેશિકના દ્રષ્ટાંતથી દ્રવ્ય-ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દ્રઢ કરે છે :]

૧. * વળી "અધઃકર્માદિ અહો પુદ્‌ગલ તણા જે દોષ છે,
નથી આતમા કરતો ખરે તે દોષ સહુ એ કારણે;

૨. * કે તે બધા પરદ્રવ્યના પરિણામ હોવાથી ખરે,
આત્મા તણા કાર્યત્વ*નો જ અભાવ છે તે દોષને;

૩. * માટે અહો આધા-કરમ, ઉદ્દેશી** એવું જેહ છે,
પુદ્‌ગલદરવ તે કાંઈ મારું છે નહિ [આગમ કહે;]

૪. * એ કારણે કે તે અચેતન નિત્ય હોવાથી [અરે,]
મુજ આત્મના કાર્યત્વનો જ અભાવ છે તેને [ખરે,]

૫. * ત્યમ તત્ત્વજ્ઞાનસહિત મુનિ નિમિત્તભૂત જડ[1]દ્રવ્યને,
જ્યમ પચખતાં, પચખે નિમિત્તિક[2] બંધસાધક ભાવને;

૬. * તે રીત સહુ પરદ્રવ્યને જે પચખતો આત્મા અહા,
તે પચખતો તેના નિમિત્તે ભાવ જે સહુયે થતા;

૭. * આ રીત છે નિમિત્ત-નૈમિત્તિકપણું દ્રવ-ભાવને;
['આત્મા અકારક છે સ્વયં'—એ સિદ્ધ થયું તેથી ખરે.]

---

* કાર્યત્વ = કાર્યપણું ** ઉદ્દેશી = ઉદ્દેશિક

1. જડ દ્રવ્ય = પુદ્‌ગલ દ્રવ્ય 2. નિમિત્તિક = નૈમિત્તિક

**ટીકા :–**

(૧) [જે પરદ્રવ્યને પચખતો નથી તે તેના નૈમિત્તિક ભાવને પચખતો નથી :]

૧. * જેમ અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું
 * એવું જે નિમિત્તભૂત (આહારાદિ) પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો

૨. * આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને
 * પચખતો (ત્યાગતો) નથી, તેમ સમસ્ત પરદ્રવ્યને

૩. * નહિ પચખતો (-નહિ ત્યાગતો) આત્મા [તેથી ખરેખર]
 * તેના નિમિત્તે થતા ભાવને

૪. * પચખતો (-ત્યાગતો) નથી.
 * [આ વાતને આચાર્યશ્રી હવે દ્રષ્ટાંત વડે વિશેષ સમજાવે છે.]

(૨) [હવે અધઃકર્મ અને ઉદ્દેશિકના દ્રષ્ટાંતથી દ્રવ્ય-ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દ્રઢ કરે છે :]

૧. * વળી, ''અધઃકર્મ આદિ જે પુદ્‌ગલદ્રવ્યના દોષો
 * તેમને આત્મા ખરેખર કરતો નથી કારણ

૨. * કે તેઓ પરદ્રવ્યના પરિણામ હોવાથી
 * તેમને આત્માના કાર્યપણાનો અભાવ છે,

૩. * માટે અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે
 * પુદ્‌ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી

૪. * કારણ કે તે નિત્ય અચેતન હોવાથી
 * તેને મારા કાર્યપણાનો અભાવ છે,''—

૫. * એમ તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્‌ગલદ્રવ્યને
 * પચખતો આત્મા (-મુનિ) જેમ નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખે છે,

૬. * તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો (ત્યાગતો) આત્મા
 * તેના નિમિત્તે થતા ભાવને પચખે છે.

૭ * આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકપણું છે.
 * ['આત્મા સ્વયં (પોતાથી) અકારક જ છે'—જિનાગમના આ કથનની સિદ્ધિ ખરેખર આ રીતે થઈ.]

## કળશ – ૧૭૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જેમાં પરદ્રવ્યને ત્યાગવાનો ઉપદેશ કરે છે.

**શ્લોકાર્થ :–**

૧. ⁎ આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું
⁎ નિમિત્ત-નૈમિત્તિકપણું) વિચારીને,
૨. ⁎ પરદ્રવ્ય જેનું મૂળ છે એવી આ બહુ ભાવોની
⁎ સંતતિને એકીસાથે ઉખેડી નાખવાને ઇચ્છતો,
૩. ⁎ પુરુષ, તે સમસ્ત પરદ્રવ્યને બળથી (-ઉદ્યમથી, પરાક્રમથી) છિન્ન કરીને (-ત્યાગીને),
⁎ અતિશયપણે વહેતું (-ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન
૪. ⁎ તેનાથી યુક્ત એવા પોતાના આત્માને પામે છે, કે જેથી
⁎ જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે
૫. ⁎ એવો આ ભગવાન આત્મા પોતામાં જ (-આત્મામાં જ)
⁎ સ્ફુરાયમાન થાય છે.

**કળશામૃત :–**

૧. * આ રીત પરદ્રવ્યો અને નિજ ભાવ વચ્ચેનું અહા,
નિમિત્ત-નૈમિત્તિકપણું વિચારીને જે પુરુષ, આ
૨. * પરદ્રવ્ય જેનું મૂળ છે બહુ ભાવની એવી અહા,
એ સંતતિને એકી સાથે મૂળથી ઉખેડવા;
૩. * બહુ બળથી સહુ પરદ્રવ્યને કરી છિન્ન જે અતિશયપણે,
વહેતું અહો જે પૂર્ણ એકરૂપે જ સંવેદન ખરે;
૪. * તેનાથી યુક્ત નિજાતમાને પામતો તેથી સદા,
જેણે ઉખેડ્યું મૂળથી છે કર્મબંધનને અહા;
૫. * એવો અહો ભગવાન આત્મા આતમા પોતા જ માં,
સ્ફુરાયમાન થતો અહો [પરદ્રવ્ય તેથી ત્યાગવાં].

## કળશ – ૧૭૯

ઉત્થાનિકા :– હવે બંધ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે જ્ઞાનના મહિમાના અર્થનું કળશ-કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ બંધના કારણરૂપ જે રાગાદિક (રાગાદિકભાવો)
∗ તેમના ઉદયને નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી) વિદારતી થકી,
૨. ∗ તે રાગાદિકના કાર્યરૂપ
∗ (જ્ઞાનાવરણાદિ) અનેક પ્રકારના બંધને
૩. ∗ હમણાં તત્કાળ જ દૂર કરીને, આ જ્ઞાનજ્યોતિ—
∗ કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે તે—સારી રીતે સજ્જ થઈ,–
૪. ∗ એવી રીતે સજ્જ થઈ કે તેના ફેલાવને
∗ બીજું કોઈ આવરી શકે નહિ.

**કળશામૃત :–**

૧. * બંધના કારણરૂપે રાગાદિ જે ભાવો (કહ્યાં,)
તેનો ઉદય નિર્દયપણે વિદારતી થકી જે અહા;
૨. * તે રાગ આદિક ભાવના છે કાર્યરૂપે જે બધાં,
જ્ઞાનાવરણ ઇત્યાદિ ’નેક પ્રકારના બંધન અહા;
૩. * તત્કાળ હમણાં દૂર કરી આ જ્ઞાનજ્યોતિ જાગી જે,
અજ્ઞાન અઘનો નાશ કરી સુસજ્જ થઈ છે એવી તે;
૪. * એવી રીતે થઈ સજ્જ છે કે તેહના ફેલાવને,
નહીં કોઈપણ બીજું અહો કદી આવરી જ શકે અરે !

---

∗ આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં બંધનો પ્રરૂપક સાતમો અંક સમાપ્ત થયો.

# શ્રી મોક્ષ અધિકાર

## ગાથા ૨૮૮ થી ૩૦૭

## કળશ : ૧૮૦ થી ૧૯૨

## પ્રવચન નંબર : ૩૫૭ થી ૩૭૮

## કળશ : ૧૮૦

ઉત્થાનિકા :– પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે મોક્ષ પ્રવેશ કરે છે.'

જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે છે તેમ અહીં મોક્ષતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે. ત્યાં જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે, તેથી અધિકારના આદિમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કહે છે :–

**શ્લોકાર્થ :-**

૧. * હવે (બંધ પદાર્થ પછી), પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ[1] અને પુરુષને[2]
   * દ્વિધા (જુદા જુદા-બે) કરીને, પુરુષને—કે જે પુરુષ માત્ર અનુભૂતિ વડે જ નિશ્ચિત છે

૨. * તેને–સાક્ષાત્ મોક્ષ પમાડતું થકુ,
   * પૂર્ણ જ્ઞાન જયવંત વર્તે છે. કેવું છે તે જ્ઞાન?

૩. * પ્રગટ થતા સહજ પરમ આનંદ વડે સરસ અર્થાત્ રસયુક્ત છે, ઉત્કૃષ્ટ છે,
   * અને કરવાયોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે (–જેને કંઈ કરવાનું બાકી રહ્યું નથી) એવું છે.

**કળશામૃત :—**

૧. * પ્રજ્ઞાક્રકચથી વિદારવાથી બંધ[1] તેમજ પુરુષને[2]
જુદા જુદા કરીને, હવે જે આત્મઅનુભૂતિમાત્ર છે

૨. * તે પુરુષને, સાક્ષાત્ મોક્ષ પમાડતું જે જ્ઞાન છે
સંપૂર્ણ તે, જયવંત વર્તે છે અહો તે કેવું છે?

૩. * એ સહજ જ્ઞાન પ્રગટ થતા આનંદથી રસયુક્ત છે,
ઉત્કૃષ્ટ છે [સૌથી] અહો ને જ્ઞાન તે કૃતકૃત્ય છે.

---

1 બંધ = રાગ

2 પુરુષ = આત્મા

## ગાથા – ૨૮૮ થી ૨૯૦

ઉત્થાનિકા : હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી—એમ કહે છે :—

ગાથા :- * જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,
તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો, ૨૮૮.
* પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,
ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.
* ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને
જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.

ટીકામૃત :-

૧. * હવે કહે છે મોક્ષની પ્રાપ્તિ કઈ રીત થાય છે-
આત્મા અને રાગાદિનું દ્વિધાકરણ તે મોક્ષ છે.
૨. * ‘છે મોક્ષકારણ જ્ઞાનમાત્ર જ સ્વરૂપનું બંધન તણા’
-કોઈ કહે છે એમ, તે છે અસત્ [જિનવરવચનમાં;]
૩. * કર્મો થકી જે બદ્ધ છે તેને અહો રાગાદિના,
રે સ્વરૂપનું બસ જ્ઞાનમાત્ર ન મોક્ષનું કારણ કદા;
૪. * એ કારણે કે બેડી આદિથી અહો જે બદ્ધ છે,
બંધન તણા જ સ્વરૂપનું બસ જ્ઞાનમાત્ર ન તેહને;
૫. * કારણ થતું નથી છૂટવાનું બંધથી તેને કદી,
આ કથનથી જેઓ સહુ છે કર્મબંધ-પ્રપંચની;
૬. * રચના વિષેના જ્ઞાનમાત્ર જ થી અહો સંતુષ્ટ તે,
[અજ્ઞાની એવા જીવ જે] ઉત્થાપીઆ છે તેમને.

ટીકા :-

૧. * હવે મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે
* આત્મા અને બંધનું દ્વિધાકરણ (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા) તે મોક્ષ છે.

૨. * ‘બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ છે (અર્થાત્ બંધના સ્વરૂપને જાણવામાત્રથી જ મોક્ષ થાય છે)’
* એમ કેટલાક કહે છે, તે અસત્ છે [–એમ જિનવર કહે છે;]

૩. * કર્મથી બંધાયેલાને બંધના
* સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી,

૪. * કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને
* બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર
૫. * બંધથી છૂટવાનું કારણ નથી.
* આથી (-આ કથનથી), જેઓ કર્મબંધના પ્રપંચની (-વિસ્તારની)
૬. * રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે
* તેમને ઉત્થાપવામાં આવે છે.

## ગાથા – ૨૯૧

ઉત્થાનિકા :–બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ કહે છે :–

ગાથા * બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધચિંતાથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.

ટીકામૃત :–

૧. * રાગાદિ સંબંધી અહો વિચારની જે શૃંખલા,
તે મોક્ષનું કારણ અહો છે એમ કોઈ પણ બીજા;
૨. * લોકો કહે છે તે અસત્ છે [તેનું છે કારણ અહા,]
કે કર્મથી જે બદ્ધ છે તેને વિચારની શૃંખલા
૩. * નથી મોક્ષનું કારણ કદી, જ્યમ બેડી આદિથી અહા,
જે બદ્ધ છે તેને અહો આ બંધ વિષયક શૃંખલા
૪. * વિચારની, નથી છૂટવાનું બંધથી કારણ કદા,
ત્યમ કર્મથી જે બદ્ધ છે તેને વિચારની શૃંખલા;
૫. * તે કર્મબંધથી છૂટવાનું પણ નથી કારણ કદા.
આ કથનથી જે કર્મબંધવિષે વિચારની શૃંખલા
૬. * –રૂપ ધર્મધ્યાન વિશુદ્ધ એવા ભાવથી જેની અહા
છે બુદ્ધિ જેની અંધ, તેને ગુરુ અહો સમજાવતા.

ટીકા :–

૧. * 'બંધ સંબંધી વિચારશૃંખલા
* મોક્ષનું કારણ છે' એમ બીજા કેટલાક
૨. * કહે છે, તે પણ અસત્ છે;
* કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા
૩. * મોક્ષનું કારણ નથી, કેમકે જેમ બેડી આદિથી
* બંધાયેલાને તે બંધ સંબંધી વિચારશૃંખલા (-વિચારની પરંપરા)
૪. * બંધથી છૂટવાનું કારણ નથી
* તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધ સંબંધી વિચારશૃંખલા
૫. * કર્મબંધથી છૂટવાનું કારણ નથી.
* આથી (–આ કથનથી), કર્મબંધ સંબંધી વિચારશૃંખલાત્મક
૬. * વિશુદ્ધ (-શુભ) ધર્મધ્યાન વડે જેમની
* બુદ્ધિ અંધ છે તેમને સમજાવવામાં આવે છે.

## ગાથા – ૨૯૨

ઉત્થાનિકા :–''(જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી) તો મોક્ષનું કારણ ક્યું છે?'' એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છે :—

ગાથા * બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,
ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.

**ટીકામૃત :–**

૧. * છે કર્મથી જે બદ્ધ તેને બંધનું છેદન ખરે,
છે મોક્ષનું કારણ અહા જ્યમ બેડીથી જે બદ્ધ છે;

૨. * તેને અહો છે બંધછેદન મુક્તિનું કારણ સદા,
ત્યમ કર્મથી છે બદ્ધ તેને બંધછેદન છે અહા;

૩. * સહુ કર્મબંધથી છૂટવાનું એક કારણમાત્ર આ.
આ કથનથી પૂર્વે કહેલાં જીવ બેય પ્રકારના;

૪. * તેઓ સહુને આતમા ને બંધના [ભિન્નત્વના],
વ્યાપાર દ્વિધાકરણનાં, મહીં જોડવા પ્રત્યે અહા;

૫. * ઉદ્યમ વિષે પ્રેરીત કરે છે [ચંદ્રઅમૃત મુનિ મહા.]
[નથી જ્ઞાનમાત્ર જ કે વિચારોથી નથી મુક્તિ કદા.]

**ટીકા :–**

૧. * કર્મથી બંધાયેલાને બંધનો છેદ
* મોક્ષનું કારણ છે, કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને

૨. * બંધનો છેદ છૂટવાનું કારણ છે
* તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ

૩. * કર્મબંધથી છૂટવાનું કારણ છે.
* આથી (-આ કથનથી), પૂર્વે કહેલા બંનેને (-જેઓ બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે અને જેઓ બંધના વિચાર કર્યા કરે છે તેમને–)

૪. * આત્મા અને બંધના દ્વિધાકરણમાં
* વ્યાપાર કરાવવામાં આવે છે (અર્થાત્ 'આત્મા અને બંધને જુદા જુદા કરવા પ્રત્યે

૫. * લગાડવામાં—જોડવામાં—ઉદ્યમ કરાવવામાં આવે છે) [–એમ મુનિવર અમૃતચંદ્રાચાર્ય પ્રેરિત કરે છે.]
* [બંધ સંબંધી જ્ઞાનમાત્રથી કે વિચારમાત્રથી મુક્તિ થતી નથી પરંતુ બંધછેદનથી જ મુક્તિ થાય છે.]

## ગાથા – ૨૯૩

ઉત્થાનિકા :–'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :–

ગાથા * બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,
જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩.

**ટીકામૃત :–**

૧. * ચૈતન્યનો ચમકારમાત્ર જ નિર્વિકારી જેહ છે,
એ આત્મના જ સ્વભાવને ને આત્મને જેઓ અરે;

૨. * વિકાર કરનારા સહુ બંધો તણા જ સ્વભાવને
સહુ જાણીને, જે વિરમતો બંધોથી, તે જ મુકાય છે

૩. * સહુ કર્મથી; આ કથનથી આત્મા અને બંધો તણું,
દ્વિધાકરણ બસ મોક્ષનું કારણ નિયમથી જાણવું.

**ટીકા :–**

૧. * જે, નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર
* આત્મસ્વભાવને (આત્માના સ્વભાવને) અને તેને (અર્થાત્ આત્માને)

૨. * વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને
* જાણીને, બંધોથી વિરમે છે, તે જ સર્વ કર્મોથી મુકાય છે.

૩. * આથી (-આ કથનથી), આત્મા અને બંધનું
* દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા તે જ મોક્ષનું કારણ છે એમ નક્કી કરવામાં આવે છે.

## ગાથા – ૨૯૪

ઉત્થાનિકા :–'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ ક્યા સાધન વડે જુદા કરી શકાય છે)?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :–

ગાથા * જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતાં બંને જુદા પડી જાય છે.. ૨૯૪.

ટીકામૃત :–

(૧) * [પારિગ્રાફ ૧ : પ્રજ્ઞારૂપી સાધન વડે જ આત્મા અને બંધ જુદા કરાય છે :–]

૧. * આત્મા અને રાગાદિના દ્વિધાકરણના કાર્યમાં,
જે આતમા કર્તા, કરણ તેના વિષેની વિચારણા

૨. * કરતાં, અહો નિશ્ચયનયે પોતાથી ભિન્ન કરણ તણો,
અભાવ હોવાથી જ ભગવતીરૂપ પ્રજ્ઞા છે અહો

૩. * છેદનસ્વભાવી કરણ, [તેથી કરણ-કર્તા એકમાં;]
પ્રજ્ઞા વડે છેદન કરંતા રાગ તેમજ આતમા,

૪. * નાનાપણાને પામતા તેઓ જરૂર તેથી અહા,
પ્રજ્ઞા વડે જ દ્વિધાકરણ છે આતમા ને રાગમાં.

(૨) [પારિગ્રાફ ૨ : હવે પ્રશ્ન થાય છે કે એક જેવા જણાતા આત્મા અને રાગને પ્રજ્ઞા વડે કઈ રીતે છેદી શકાય છે?]

૧. * અહીં પ્રશ્ન એવો થાય છે કે આતમા ને રાગ જે,
ચેત્યચેતકભાવથી[1] અતિ નિકટવર્તી હોઈને;

૨. * બન્નેય તે બસ એક જેવા થઈ રહ્યા [દેખાય] છે,
ને ભેદજ્ઞાન-અભાવથી બસ એક ચેતકમાત્ર છે–

૩. * વ્યવહાર એમ કરાય છે [કે રાગ છે આત્મા અરે,]
પ્રજ્ઞા વડે તેઓ ખરે તો કેમ છેદી શકાય છે?

(૩) * [પારિગ્રાફ ૩ :] તેનું સમાધાન આચાર્યદેવ કરે છે :–

૧. * આત્મા અને રાગાદિના નિજ નિયત લક્ષણની અહા,
બહુ સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણી પટકાવતાં

૨. * સાવધ થઈને, તેમને છેદી [જરૂર] શકાય છે,
ત્યમ જાણીએ છીએ અમે [પ્રત્યક્ષ અનુભવથી ખરે.]

---

1 ચેત્યચેતકભાવ = આત્મા ચેતક [જાણનાર] છે અને બંધ ચેત્ય [જણાવાલાયક] છે; અજ્ઞાનદશામાં તેઓ એકરૂપ અનુભવાય છે.

(૪) * [પારિગ્રાફ ૪ : આચાર્યશ્રી પ્રથમ આત્માનું સ્વલક્ષણ કહે છે :–]

૧. * આત્માનું નિજલક્ષણ અહો ચૈતન્ય છે એ કારણે,
કે તે સહુયે શેષ દ્રવ્યોથી અસાધારણ ખરે
૨. * છે, તેથી કોઈ અન્ય દ્રવ્યોમાં નથી ચૈતન્ય તે.
પ્રવર્તતું થકું તેહ[1] જે જે પર્યયોમાં વ્યાપીને;
૩. * નિવર્તતું થકું તેહ જે જે પર્યયો ગ્રહીને અરે,
તે તે સહુ સહવર્તી કે ક્રમવર્તી પર્યય આત્મ છે;
૪. * લક્ષિત કરવું એમ તેને–જાણીને લક્ષણ વડે,
અર્થાત્ વ્યાપે જેહ ગુણપર્યય મહીં ચૈતન્ય તે;
૫. * તે તે સહુયે ગુણપર્યય આતમા છે જાણજે,
એ કારણે કે આતમા તે એક લક્ષણથી જ છે
૬. * લક્ષિત, તેથી જણાય છે બસ માત્ર ચેતન લક્ષણે.
વળી તે સહુ સહવર્તી કે ક્રમવર્તી 'નંતાનંત જે;
૭. * રે પર્યયો સાથે અવિનાભાવ ચેતનદ્રવ્યને
હોવાથી, ચિન્મયમાત્ર તે આત્મા જ છે [તું જાણજે;]
૮. * આવો અહો કરવો જ નિશ્ચય [મોક્ષના સહુ અર્થીએ.]
આત્માનું નિજલક્ષણ અહો ચૈતન્ય [વર્ણવ્યું આ રીતે.]

(૫) * [પારિગ્રાફ ૫ A] (હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છે :–)

૧. * છે બંધનું લક્ષણ અહો તો આતમાથી ભિન્ન જે,
એવા અસાધારણ અહો રાગાદિ [ને દ્વેષાદિ] તે;
૨. * એ રાગ આદિક ભાવ સૌ નિજ આતમા સાથે અહા,
સામાન્યપણું ધારણ કરંતા નહિ કદી પ્રતિભાસતા;
૩. * એ કારણે કે તે સદા ચૈતન્યના ચમકારથી,
પ્રતિભાસતા જુદાપણે [હોવાથી બેય ચીજો જુદી.]
૪. * વળી જેટલું, ચૈતન્ય આત્માના સહુ પર્યય મહીં,
રે વ્યાપતું પ્રતિભાસતું, રાગાદિ પ્રતિભાસે નહીં;
૫. * એ કારણે કે રાગ આદિક ભાવ નહિ હોવા છતાં,
હોવાપણું ચૈતન્યનું [સિદ્ધો મહીં] હોતું અહા!

---
1 તેહ = તે ચૈતન્ય

* [પારિગ્રાફ ૫ B : હવે દીપકના દ્રષ્ટાંત વડે જ્ઞાનનું સ્વપરપ્રકાશકપણું સમજાવતાં રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન આચાર્યશ્રી કરાવે છે :–]

૧. * વળી રાગ આદિ ઊપજે ચૈતન્યની સાથે જ જે,
તે ચેત્યચેતકભાવની અતિ નિકટતા હોવાથી છે;
૨. * કિંતુ ન સાથે ઊપજતા તે એકદ્રવ્યપણા લીધે,
જ્યમ દીપથી પરકાશવામાં આવતા ઘટ આદિ જે;
૩. * દીપના પ્રકાશકભાવને જાહેર કરતા તે ખરે,
પણ નહીં જાહેર કરતા ઘટપણાને તે અરે.
૪. * ત્યમ આતમાથી ચેતવામાં આવતા રાગાદિ જે;
જ્ઞેયોરૂપે જે ભાવ જ્ઞાનમહીં જણાતા તે અરે;
૫. * આત્મા તણું ચેતકપણું જાહેર કરતા તે ખરે,
[પણ] તે નહીં જાહેર કરતા રાગ આદિકને અરે.

(૬) * [પારિગ્રાફ ૬ : અનાદિનો વ્યામોહ પ્રજ્ઞાછીણી વડે છેદી શકાય છે :–]

૧. * [વસ્તુસ્થિતિ] આવી અહો હોવા છતાં [અજ્ઞાનીને,]
આત્મા તથા રાગાદિની અતિ નિકટતાને કારણે;
૨. * નહિ ભેદજ્ઞાન તણો અહો, સદ્ભાવ હોવાને લીધે,
નહિ જ્ઞાન–રાગ મહીં કંઈ પણ ભેદ દેખાવાથી તે;
૩. * અજ્ઞાનીને જ અનાદિનો વ્યામોહ [વર્તે] છે ખરે,
વ્યામોહ તે પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદી શકાય છે.

## ટીકા :–

(૧) * [પારિગ્રાફ-૧ : પ્રજ્ઞારૂપ સાધન વડે જ આત્મા અને બંધ જુદા કરાય છે :–]

* આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં
* કર્તા જે આત્મા તેના કરણ* સંબંધી મીમાંસા**

૨. * કરવામાં આવતાં, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો
* અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપી બુદ્ધિ જ)

૩. * છેદનાત્મક (-છેદનના સ્વભાવવાળું) કરણ છે.
* તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં

૪. * તેઓ નાનાપણાને અવશ્ય પામે છે; માટે
* પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે

(અર્થાત્ પ્રજ્ઞારૂપી કરણ વડે જ આત્મા ને બંધ જુદા કરાય છે).

(૨) * [પારિગ્રાફ-૨ : હવે પ્રશ્ન થાય છે કે એક જેવા જણાતા આત્મા અને રાગને પ્રજ્ઞા વડે કઈ રીતે છેદી શકાય છે?]

૧. * (અહીં પ્રશ્ન થાય છે કે–) આત્મા અને બંધ કે જેઓ

* ચેત્યચેતકભાવ*** વડે અત્યંત નિકટતાને લીધે

૨. * એક (-એક જેવા-) થઈ રહ્યા છે,

* અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય

૩. * એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે (અર્થાત્ જેમને એક આત્મા તરીકે જ ગણવામાં આવે છે)

* તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?

(૩) [પારિગ્રાફ-૩ :] (તેનું સમાધાન આચાર્યદેવ કરે છે :—)

૧. * આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની

* સૂક્ષ્મ અંતઃસંધિમાં (અંતરંગની સંધિમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી (-નાખવાથી, મારવાથી)

૨. * તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે

* એમ અમે જાણીએ છીએ.

(૪) * [પારિગ્રાફ-૪ : આચાર્યશ્રી પ્રથમ આત્માનું સ્વલક્ષણ કહે છે :–]

૧. * આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, કારણ કે

* તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે

૨. * (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી).

* તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું જે જે પર્યાયને [અર્થાત્ સહવર્તી પર્યાયને અથવા ગુણને] વ્યાપીને પ્રવર્તે છે

૩. * અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે [અર્થાત્ નવી પર્યાયને ગ્રહણ કરીને જૂની પર્યાયથી નિવર્તે છે]

* તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે

૪. * એમ લક્ષિત કરવું—લક્ષણથી ઓળખવું

(અર્થાત્ જે જે ગુણપર્યાયોમાં ચૈતન્યલક્ષણ વ્યાપે છે

૫. * તે તે સમસ્ત ગુણપર્યાયો આત્મા છે એમ જાણવું)

* કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે

૬. * (અર્થાત્ ચૈતન્યલક્ષણથી જ ઓળખાય છે).

* વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત

૭. * પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવિપણું
* હોવાથી ચિન્માત્ર જ આત્મા છે
૮. * એમ નિશ્ચય કરવો.
* આટલું આત્માના સ્વલક્ષણ વિષે.
(૫) * [પારિગ્રાફ-૫A] (હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છે :–)
૧. * બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી [ભિન્ન]
* અસાધારણ એવા રાગાદિક છે.
૨. * એ રાગાદિક આત્મદ્રવ્ય સાથે
* સાધારણપણું ધરતા (-ધારણ કરતા-) પ્રતિભાસતા નથી,
૩. * કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી
* ભિન્નપણે પ્રતિભાસે છે.
૪. * વળી જેટલું, ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં
* વ્યાપતું પ્રતિભાસે છે, તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી,
૫. * કારણ કે રાગાદિક વિના પણ
* ચૈતન્યનો આત્મલાભ સંભવે છે (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે).
* [પારિગ્રાફ-૫B : હવે દીપકના દ્રષ્ટાંત વડે જ્ઞાનનું સ્વપરપ્રકાશકપણું સમજાવતાં રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન આચાર્યશ્રી કરાવે છે. :–]
૧. * વળી જે, રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે
* તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે,
૨. * એકદ્રવ્યપણાને લીધે નહિ;
* જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો)
૩. * દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે—
* ઘટાદિપણાને નહિ,
૪. * તેમ (આત્મા વડે) ચેતવવામાં આવતા રાગાદિક
* (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો)
૫. * આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે –
* રાગાદિકપણાને નહિ.
(૬) * [પારિગ્રાફ-૬ : અનાદિનો વ્યામોહ પ્રજ્ઞાછીણી વડે છેદી શકાય છે :–]
૧. * આમ હોવા છતાં
* તે બન્નેની (–આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે

૨. * ભેદસંભાવનાનો અભાવ હોવાથી
  * અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી
૩. * (અજ્ઞાનીને) અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે;
  * તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.

---

* કરણ = સાધન; કરણ નામનું કારક.

** મીમાંસા = ઊંડી વિચારણા; તપાસ; સમાલોચના.

*** આત્મા એક ચેતક છે અને બંધ ચેત્ય છે; અજ્ઞાનદશામાં તેઓ એકરૂપ અનુભવાય છે.

## કળશ – ૧૮૧

ઉત્થાનિકા : હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે
* કોઈપણ પ્રકારે (–યત્નપૂર્વક) સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) પટકવામાં આવતી થકી,

૨. * આત્મા અને કર્મ બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (-અંદરની સાંધના જોડાણમાં)
* શીઘ્ર પડે છે. કેવી રીતે પડે છે?

૩. * આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે
* દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં (ચૈતન્યના પ્રવાહમાં)

૪. * મગ્ન કરતી અને બંધને
* અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી—એ રીતે

૫. * આત્મા અને બંધને
* સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.

**કળશામૃત :–**

૧. * પ્રજ્ઞારૂપી આ તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષોથી અહા,
અતિ યત્નપૂર્વક સાવધાનીથી અહો પટકાવતાં;

૨. * આત્મા અને કર્મોની સૂક્ષ્મ સંધિના જોડાણમાં,
અતિ શીઘ્ર પડતી કઈ રીતે [આચાર્યશ્રી કહેતા અહા.]

૩. * છે તેજ જેનું અંતરંગે સ્થિર ને નિર્મળ અહા,
દેદીપ્યમાન અતિ અહો છે તેહ ચેતનપૂરમાં;

૪. * નિજ આતમાને મગ્ન કરતી ને અહો રાગાદિને,
અજ્ઞાનભાવ મહીં નિયત કરતી અહો તે આ રીતે–

૫. * આત્મા અને રાગાદિને કરતી થકી જુદા જુદા
સર્વે તરફથી, [ભગવતી] પ્રજ્ઞાછીણી પડતી અહા !

## ગાથા – ૨૯૫

ઉત્થાનિકા :–'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું? 'એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :—

ગાથા :* જીવ-બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.

### ટીકામૃત :-

૧. * આત્મા અને રાગાદિને [સૌથી] પ્રથમ તો તેમનાં,
નિજ નિજ નિયત લક્ષણ તણા વિજ્ઞાનથી સૌ રીત અહા;

૨. * જુદા જુદા કરવા પછી, રાગાદિ છે લક્ષણ સદા
રે જેહનું, એવા અહો બંધો બધા તો છોડવા;[1]

૩. * ને અહો ઉપયોગ છે લક્ષણ સદા જેનું ખરે,
એવા અહો શુદ્ધાત્મને કરવો ગ્રહણ[2] [મોક્ષાર્થીએ.]

૪. * આત્મા અને રાગાદિના દ્વિધાકરણનું આ ખરે,
બસ છે પ્રયોજન માત્ર કે રાગાદિ સહુને ત્યાગીને;[3]

૫. * શુદ્ધાત્માને ગ્રહણ કરવો [યત્નથી મોક્ષાર્થીએ;]
[દ્વિધા કરીને આમ કરવું રે અહો મુનિવર કહે.]

---

1. છોડવા = દ્રષ્ટિમાંથી છોડવા.
2. ગ્રહણ કરવો = અનુભવ કરવો.
3. ત્યાગવો = તેનું લક્ષ છોડવું; તેના ઉપરથી ઉપયોગ હટાવવો.

### ટીકા :-

૧. * આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં
* નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ

૨. * છેદવા અર્થાત્ ભિન્ન કરવા; પછી, રાગાદિક જેનું લક્ષણ છે
* એવા સમસ્ત બંધને તો છોડવો

૩. * અને ઉપયોગ જેનું લક્ષણ છે
* એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.

૪. * આ જ ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું
* પ્રયોજન છે કે બંધના ત્યાગથી (અર્થાત્ બંધનો ત્યાગ કરી)

૫. * શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.
* ['દ્વિધા કરીને શું કરવું?'—શિષ્યના આ પ્રશ્નનો ઉત્તર આચાર્યશ્રીએ આ રીતે આપ્યો.]

## ગાથા – ૨૯૬

ઉત્થાનિકા :–'આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યાં પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?'— એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા હવે કહે છે :—

ગાથા * એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;
પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.

ટીકામૃત :–

૧. * રે શુદ્ધ એવો આતમા કરવો ગ્રહણ કોના વડે ?
પ્રજ્ઞા[1] વડે કરવો ગ્રહણ આ શુદ્ધ એવા આત્મને;

૨. * એ કારણે કે શુદ્ધ આત્માને, સ્વયં નિજને અહા
ગ્રહતાં, કરણ બસ એક છે પ્રજ્ઞા જ માત્ર અહો સદા—

૩. * જ્યમ ભિન્ન કરતાં કરણ એક હતું અહો પ્રજ્ઞા યથા,
ત્યમ [ગ્રહણ કરતાં કરણ છે પ્રજ્ઞા અહો એક જ સદા.]

૪. * તેથી અહો જુદો કર્યો જ્યમ [આત્મને] પ્રજ્ઞા વડે,
ત્યમ ગ્રહણ કરવો તેહને પ્રજ્ઞા [તણા જ કરણ] વડે.

---

1. પ્રજ્ઞા = જ્ઞાનનો અનુભવ; જ્ઞાનની પર્યાય, દશા; આત્મિક જ્ઞાન; (માનસિક જ્ઞાન નહીં).

ટીકા :–

૧. * શુદ્ધ એવો આત્મા શા વડે ગ્રહણ કરવો?
* પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;

૨. * કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને
* ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે—

૩. * જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ
* એક કરણ હતું તેમ.

૪. * માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો
* તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.

## ગાથા – ૨૯૭

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે—આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છે :–

ગાથા * પ્રજ્ઞાથી ગ્રહવો–નિશ્ચયે જે ચેતનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.

ટીકામૃત :–

(૧) * [પ્રથમ અન્ય લક્ષણવાળા વ્યવહારભાવોથી ભિન્ન આત્મામાં દૃઢતા કરાવે છે :–]

૧. * નિજ નિયત લક્ષણને અહો અવલંબનારી[1] જેહ તે,
પ્રજ્ઞા વડે જુદો કરાયેલો અહો ચેતક ખરે;

૨. * આ છું હું ને સહુ અન્ય લક્ષણથી થતાં લક્ષિત જે,
ચૈતન્યલક્ષણથી અલગ લક્ષણ વડે જ જણાય તે;

૩. * આ બાકીના વ્યવહારરૂપ ભાવો બધા ચેતનમયી–
વ્યાપકતણા નહિ વ્યાપ્ય થાતા હોઈને છે મુજ થકી;

1. અવલંબનારી = જાણનારી

(૨) * [હવે વાચ્યના છ કારક લગાવે છે :–]

૧. * અત્યંત ભિન્ન, હું તેથી છું, મારા વડે—માટે જ ને
મુજમાંહીથી, મુજમાં જ, મુજને માત્ર ગ્રહણ કરું અને

૨. * રે ચેતના બસ એક માત્ર ક્રિયા જ આત્માની અહા
હોવાથી, 'ગ્રહણ કરું છું હું' અર્થાત્ 'હું ચેતું જ છું;'

૩. * છું ચેતતો જ હું ચેતું ને હું ચેતતાથી ચેતું છું,
હું ચેતતા માટે જ, ચેતયિતા મહીંથી ચેતું છું;

૪. * હું ચેતતામાં માત્ર ચેતું, ચેતતાને ચેતું હું,
[આ રીત રાગાદિ ક્રિયાથી ભિન્ન મુજને અનુભવું.]

(૩) * [ત્યારબાદ છ કારકરૂપ ભેદોનો પણ નિષેધ કરીને શુદ્ધ ચિન્માત્ર આત્માને ગ્રહણ કરાવે છે :–]

૧. * અથવા નથી હું ચેતતો ને ચેતતા જ થકો નહીં,
નથી ચેતતાથી ચેતતો ને ચેતતા માટે નહીં;

૨. * નથી ચેતતામાંથી અને નથી ચેતતામાં ચેતતો,
નથી ચેતતાને ચેતતો પણ ભાવ એક હું છું અહો;

૩. *: સુવિશુદ્ધ ચેતનમાત્ર એવો ચેતનારો છું અહો,
[પ્રજ્ઞા વડે કઈ રીત ગ્રહવો?—પ્રશ્નનો ઉત્તર કહ્યો.]

## ટીકા :–

(૧) [પ્રથમ અન્ય લક્ષણવાળા વ્યવહારભાવોથી ભિન્ન આત્મામાં દૃઢતા કરાવે છે :–]

૧. * નિયત સ્વલક્ષણને અવલંબનારી

* પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે

૨. * આ હું છું; અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય

* (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજાં લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે

૩. * આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી

* વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી

(૨) [હવે પર્યાયના છ કારક લગાવે છે :–]

૧. * અત્યંત ભિન્ન છે. માટે હું જ, મારા વડે જ, મારા માટે જ,

* મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું.

૨. * આત્માની, ચેતના જ એક ક્રિયા

* હોવાથી, 'હું ગ્રહણ કરું છું' એટલે 'હું ચેતું જ છું;'

૩. * ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું, ચેતતા વડે જ ચેતું છું,

* ચેતતા માટે જ ચેતું છું, ચેતતામાંથી જ ચેતું છું,

૪. * ચેતનામાં જ ચેતું છું, ચેતતાને જ ચેતું છું,

* [આ રીતે રાગાદિ ક્રિયાથી અત્યંત ભિન્ન એવી જ્ઞાનક્રિયા વડે હું મને અનુભવું છું.]

(૩) * [ત્યારબાદ છ કારકરૂપ ભેદોનો પણ નિષેધ કરીને શુદ્ધ ચિન્માત્ર આત્માને ગ્રહણ કરાવે છે :–]

૧. * અથવા નથી ચેતતો, નથી ચેતતો થકો ચેતતો,

* નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો,

૨. * નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો,

* નથી ચેતતાને ચેતતો; પરંતુ

૩. * સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.

* [આ રીતે 'આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહવો?'—એ પ્રશ્નનો ઉત્તર કહ્યો.]

## કળશ – ૧૮૨

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧. * જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના
 * બળથી ભેદીને, જેનો

૨. * ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ
 * મહિમા છે (અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.

૩. * જો કારકોના, અથવા ધર્મોના, અથવા ગુણોના
 * ભેદો પડે, તો ભલે પડો; પરંતુ વિભુ એવા શુદ્ધ

૪. * (-સમસ્ત વિભાવોથી રહિત-) ચૈતન્યભાવમાં
 * તો કોઈ ભેદ નથી. (આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)

**કળશામૃત :–**

૧. * જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને નિજ નિજના,
 લક્ષણ તણા સામર્થ્યથી જુદા કરી, જેનો અહા !

૨. * છે જ્ઞાનની મુદ્રા વડે અંકિત ભાગ વિના સદા
 મહિમા, ખરે એવો છું હું બસ શુદ્ધ ચેતનમાત્ર આ.

૩. * જો કારકોના કે અહો ધર્મો તણા વા ગુણ તણા
 ભેદો પડે, તોપણ ભલે કિંતુ વિભુ[1] એવો [મહા;]

૪. * સર્વે વિભાવથી રહિત એવા શુદ્ધ ચેતનભાવમાં,
 તો કાંઈ ભેદ નથી [અહો આ રીત ગ્રહજો આતમા.]

---

1. વિભુ = દૃઢ; અચળ; નિત્ય; સમર્થ; સર્વ ગુણ પર્યાયોમાં વ્યાપક

## ગાથા – ૨૯૮, ૨૯૯

ઉત્થાનિકા :–(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના દર્શનજ્ઞાન સામાન્યમય હોવાથી અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો—એમ કહે છે :–)

ગાથા * પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું, ૨૯૮.
* પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે જાણનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૯.

ટીકામૃત :-

(૧) [પ્રથમ દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ છે એમ કહીને દર્શક આત્માને ગ્રહણ કરાવે છે :—]

૧. * ઉલ્લંઘતી નથી ચેતના દ્રગજ્ઞાનરૂપ ભેદો અહા,
ચેતકપણાની જેમ, તેથી જ્ઞાન ને દર્શન સદા;

૨. * આત્માનું નિજ લક્ષણ જ છે [અતિવ્યાપ્તિ, અણવ્યાપ્તિ વિના;]
તેથી ગ્રહણ કરું છું અહો આ દેખનારો આતમા.

(૨) [હવે દર્શકપણાની નિર્મળ પર્યાયના છ કારકો અસ્તિથી બતાવે છે :–]

૧.(સાધારણ) * 'કરું છું ગ્રહણ' હું એટલે 'દેખું જ છું [મુજને અહા,]
(કર્તા) હું દેખતો જ થકો અહો હું દેખું છું [મુજને સદા;]

૨. (કરણ) * હું દેખતા જ વડે અહો હું દેખું છું [મુજને તથા]
(સંપ્રદાન) હું દેખતા માટે જ દેખું છું [અહો મુજને સદા;]

૩. (અપાદાન) * હું દેખતામાંથી જ દેખું છું [અહો મુજને તથા]
(અધિકરણ) હું દેખતા માંહી જ દેખું છું [અહો મુજને સદા;]

૪. (કર્મ-કાર્ય) * હું દેખતાને માત્ર દેખું છું સદા અથવા અહા-
[ષટ્કારકોના ભેદ કહીને તેમને જ નિષેધતા.]

(૩) [હવે ઉપરોક્ત ભેદરૂપ કારકોને નકારીને અભેદ દર્શનમાત્ર ભાવને ગ્રહણ કરાવે છે :–]

૧. * નથી દેખતો, વળી દેખતો નથી દેખતાં હું પણ થકો,
નથી દેખતો હું દેખતા જ વડે અને નથી દેખતો,

૨. * હું દેખતા માટે અને હું દેખતામાંથી અહો
નથી દેખતો, હું દેખતામાંહી વળી નથી દેખતો;

૩. * નથી દેખતાને દેખતો હું [કારકોથી પાર છું,]
વિશુદ્ધ સર્વ રીતે અહો હું માત્ર દર્શનભાવ છું.

(૪) [વળી હવે જ્ઞાતાપણાના છ કારકભેદોનો વ્યવહાર બતાવે છે :–]

૧. * એવી જ રીતે હું વળી આ જાણનારા આત્મને,
'ગ્રહું છું' અહો હું એટલે કે 'જાણું છુ' જ અહો ખરે;

૨. * હું જાણતો જ થકો અહો હું જાણું છું [મુજને અહા;]
હું જાણતા જ વડે અહો હું જાણું છું [મુજને તથા]

૩. * હું જાણતા માટે જ જાણું છું [અહો મુજને સદા;]
હું જાણતામાંથી જ જાણું છું [અહો મુજને યથા;]

૪. * હું જાણતા માંહી જ જાણું છું [અહો મુજને સદા;]
હું જાણતાને માત્ર જાણું છું [સદા અથવા અહા-]

(૫) [હવે ઉપરોક્ત કારકોને નકારીને અભેદ જ્ઞાનમાત્રભાવને ગ્રહણ કરાવે છે :–]

૧. * નથી જાણતો, વળી જાણતો નથી જાણતો હું પણ થકો,
નથી જાણતો હું જાણતા જ વડે અને નથી જાણતો.

૨. * હું જાણતા માટે, અને હું જાણતામાંથી અહો
નથી જાણતો, હું જાણતામાંહી વળી નથી જાણતો,

૩. * નથી જાણતાને જાણતો હું [કારકોથી પાર છું;]
કિંતુ અહો સુવિશુદ્ધ એવી જ્ઞપ્તિમાત્ર જ ભાવ છું.

(૬) [ઉપસંહાર :–]

૧. * આ રીત દેખનહાર તેમજ જાણનારા આત્મને,
કર્તા, કરમ ને કરણ તેમજ સંપ્રદાન અહો અને

૨. * અપાદાન ને અધિકરણરૂપ ભેદપૂર્વક આત્મને,
કરીને ગ્રહણ, પછી કારકોના ભેદને જ નિષેધીને;

૩. * નિજને અનુભવવો અહો બસ માત્ર દેખનહાર ને
વળી માત્ર જાણનહાર એમ અભેદરૂપે તેહને.

**ટીકા :–**

(૧) * [પ્રથમ દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ છે એમ કહીને દર્શક આત્માને ગ્રહણ કરાવે છે. :–]

૧. * ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ
* હોવાથી, ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું

૨. * આત્માનું સ્વલક્ષણ જ છે.
* માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું.

(૨) * [હવે દર્શકપણાની નિર્મળ પર્યાયના છ કારકો અસ્તિથી બતાવે છે :–]

૧ * 'ગ્રહણ કરું છું' એટલે 'દેખું જ છું;'

* દેખતો જ (અર્થાત્ દેખતો થકો જ) દેખું છું,

૨. * દેખતા વડે જ દેખું છું,

* દેખતા માટે જ દેખું છું,

૩. * દેખતામાંથી જ દેખું છું,

* દેખતામાં જ દેખું છું,

૪. * દેખતાને જ દેખું છું.

* [આ રીતે ષટ્કારકોના ભેદો કહીને આચાર્યશ્રી હવે તેમનો જ નિષેધ કરે છે :—]

(૩) * [હવે ઉપરોક્ત ભેદરૂપ કારકોને નકારીને અભેદ દર્શનમાત્રભાવને ગ્રહણ કરાવે છે :—]

૧. * અથવા—નથી દેખતો; નથી દેખતો થકો દેખતો,

* નથી દેખાતા વડે દેખતો, નથી

૨. * દેખતા માટે દેખતો, નથી દેખતામાંથી

* દેખતો, નથી દેખતામાં દેખતો,

૩. * નથી દેખતાને દેખતો;

* પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.

(૪) * [વળી હવે જ્ઞાતાપણાના છ કારકભેદોનો વ્યવહાર બતાવે છે :—]

૧. * વળી એવી જ રીતે—હું જાણનારા આત્માને

* ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'જાણું જ છું;'

૨. * જાણતો જ (અર્થાત્ જાણતો થકો જ) જાણું છું

* જાણતા વડે જ જાણું છું,

૩. * જાણતા માટે જ જાણું છું,

* જાણતામાંથી જ જાણું છું,

૪. * જાણતામાં જ જાણું છું,

* જાણતાને જ જાણું છું.

(૫) * [હવે ઉપરોક્ત ભેદરૂપ કારકોને નકારીને અભેદ જ્ઞાનમાત્રભાવને ગ્રહણ કરાવે છે :–]

૧. * અથવા—નથી જાણતો; નથી જાણતો થકો જાણતો,

* નથી જાણતા વડે જાણતો,

૨. * નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો,

* નથી જાણતામાં જાણતો,

૩. * નથી જાણતાને જાણતો;

* પરંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું.

(૬) * [ઉપસંહાર :]

૧. * (આમ દેખનારા આત્માને તેમજ જાણનારા આત્માને

* કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન,

૨. * અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક

* ગ્રહણ કરીને, પછી કારકભેદોનો નિષેધ કરી

૩. * આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે

* તેમજ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)

## કળશ – ૧૮૩

ઉત્થાનિકા :—હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે
* તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે

૨. * તો સામાન્યવિશેષરૂપના અભાવથી
* (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે;

૩. * આમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં,
* (૧) ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય, અને

૪. * (૨) વ્યાપક વિના (-ચેતના વિના-) વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે
* (-આમ બે દોષ આવે છે). માટે ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપી જ હો.

**કળશામૃત :–**

૧. * છે [તો] ખરેખર ચેતના અદ્વૈત રે આ જગતમાં,
તોપણ [અરે] જો છોડતી તે જ્ઞાનદર્શનરૂપ અહા;

૨. * સામાન્ય ને વિશેષ નિજના રૂપના જ અભાવને
લીધે, અહો તે ચેતના છોડે સ્વના અસ્તિત્વને;

૩. * ને એમ થાતાં જડપણું આવે અહો ચૈતન્યને,
થઈ જાય તો આત્મા અહો જડરૂપ તેથી ને ખરે;

૪. * વ્યાપક વિના જે વ્યાપ્ય આત્મા, નાશને પામે અહો,
તેથી ખરેખર ચેતના બસ જ્ઞાનદર્શનરૂપ હો.

## કળશ – ૧૮૪

ઉત્થાનિકા :–હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. * ચૈતન્યનો (આત્માનો) તો એક ચિન્મય જ ભાવ છે,
   * જે બીજા ભાવો છે તે ખરેખર પરના ભાવો છે;

૨. * માટે (એક) ચિન્મયભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,
   * બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે.

**કળશામૃત :-**

૧. * ચૈતન્યનો તો એકમાત્ર જ ભાવ ચિન્મય છે અને
બીજા બધા ભાવો સહુ તો ભાવ પરના છે ખરે;

૨. * ને તેથી ચિન્મય ભાવ એક જ ગ્રહણ કરવાયોગ્ય છે,
સહુ અન્ય ભાવો સર્વ રીતે છોડવાને યોગ્ય છે.

## ગાથા – ૩૦૦

ઉત્થાનિકા :–હવે આ ઉપદેશની ગાથા કહે છે :–

ગાથા * **સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,**
**તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે ? ૩૦૦**

ટીકામૃત :–

૧. * જે પુરુષ પરના ને નિજાત્માના નિયત એવા સદા,
નિજલક્ષણોના ભેદમાં પડનારી પ્રજ્ઞાથી અહા;

૨. * જ્ઞાની થયો છે તે ખરેખર એક ચિન્મય ભાવને,
નિજનો જ જાણે છે અને બાકી સહુયે ભાવને;

૩. * છે પારકા તેઓ અહો ત્યમ જાણતો તે પુરુષ રે,
પરભાવ 'મારાં છે સહુ આ' એમ કેમ કહે અરે !

૪. * એ કારણે કે પર અને નિજને અહો નિશ્ચય થકી,
સ્વ-સ્વામિ સંબંધનો સંભવ નથી કદીયે જરી.

૫. * તેથી અહો ચિદ્‌ભાવ એક જ સર્વથા છે ગ્રાહ્ય ને
સહુ શેષ ભાવો છોડવાને યોગ્ય છે–સિદ્ધાંત છે.

ટીકા :–

૧. * જે (પુરુષ) પરના અને આત્માના નિયત
* સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે

૨. * જ્ઞાની થાય, તે ખરેખર એક ચિન્માત્ર ભાવને
* પોતાનો જાણે છે અને બાકીના સર્વ ભાવોને

૩. * પારકા જાણે છે. આવું જાણતો થકો (તે પુરુષ)
* પરભાવોને 'આ મારા છે' એમ કહે? (ન જ કહે;)

૪. * કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી
* સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.

૫. * માટે, સર્વથા ચિદ્‌ભાવ જ (એક) ગ્રહણ કરવાયોગ્ય છે,
* બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે–એવો સિદ્ધાંત છે.

## કળશ – ૧૮૫

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧. * જેમના ચિત્તનું ચરિત્ર (-અભિપ્રાય) ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે
   * એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતને સેવન કરો

૨. * કે—હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય
   * છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના

૩. * ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ
   * કે તે બધાય મને પરદ્રવ્ય છે.

**કળશામૃત :–**

૧. * ચરિત્ર જેના ચિત્તનું ઉદાત્ત-ઉજ્જ્વળ—છે અહો,
એવા સહુ મોક્ષાર્થી આ સિદ્ધાંતનું સેવન કરો;

૨. * કે-હું અહો તો શુદ્ધ ચેતનમય પરમ જ્યોતિ સદા
છું એક, ને આ ભિન્ન લક્ષણવંત વિવિધ પ્રકારના;

૩. * ભાવો પ્રગટ જે થાય છે તે હું નથી એ કારણે
કે તે બધા પરદ્રવ્ય છે મુજને [ન સ્પર્શે છે ખરે.]

## કળશ – ૧૮૬

ઉત્થાનિકા :–હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તે અપરાધી છે
   * તેથી બંધમાં પડે છે, અને જે

૨. * સ્વદ્રવ્યમાં જ સંવૃત્ત છે (અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે—મગ્ન છે—સંતુષ્ટ છે, પરદ્રવ્યને
   * ગ્રહતો નથી) એવો યતિ નિરપરાધી છે તેથી બંધાતો નથી.

**કળશામૃત :—**

૧. * પરદ્રવ્યને જે ગ્રહણ કરતો તે અહો અપરાધી છે,
   તે બંધમાં તેથી પડે છે ને અહો કો' પુરુષ જે;

૨. * નિજ દ્રવ્યમાં જ સંવૃત્ત છે—સંતુષ્ટ છે, પરદ્રવ્યને
   ગ્રહતો નથી, એવો યતિ અપરાધી નથી, અણબદ્ધ છે.

## ગાથા ૩૦૧ થી ૩૦૩

ઉત્થાનિકા :–હવે આ કથનને દ્રષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :–

ગાથા * અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,
કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.
* અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,
'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.
* ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,
ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિશંક છે. ૩૦૩.

**ટીકામૃત :–**

(૧) * [દ્રષ્ટાંત : આ જગતમાં અપરાધીને બંધનની શંકા થાય છે, નિરપરાધી નિશંક હોય છે :–]

૧. * છે ગ્રહણ પરદ્રવ્યો તણું લક્ષણ સદા એવો અહા,
અપરાધ જેહ પુરુષ કરે છે જેમ રે આ જગતમાં;
૨. * તેને જ શંકા થાય છે બંધન તણી પણ જે ખરે,
અપરાધ કંઈ કરતો નથી, નથી બંધ-શંકા તેહને.

(૨) * [સિદ્ધાંત : અશુદ્ધ ભાવે વર્તતા આત્માને બંધ-શંકા થાય છે, શુદ્ધભાવે વર્તતાને બંધ-શંકા થતી નથી :–]

૧. * ત્યમ આતમા પણ જે શુભાશુભ ભાવ માંહી વર્તતો,
છે ગ્રહણ પરદ્રવ્યો તણું લક્ષણ સદા એવો અહો;
૨. * અપરાધ કરતાં તેહને શંકા થતી બંધન તણી,
ને શુદ્ધ ભાવે વર્તતો, અપરાધ જે કરતો નથી;
૩. * તેને ન શંકા બંધની કદી થાય છે—એ નિયમ છે,
[અપરાધીને છે બંધ-શંકા, નિરપરાધી નિઃશંક છે.]
૪. * માટે જ સહુયે પારકા ભાવો બધાને છોડીને,
શુદ્ધાતમાને ગ્રહણ કરવો નિરપરાધી થવા ખરે.

**ટીકા : [Slightly Rearranged :]**

(૧) [દ્રષ્ટાંત : આ જગતમાં અપરાધીને બંધની શંકા થાય છે, નિરપરાધી નિઃશંક હોય છે :–]

૧. * પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે
* એવો અપરાધ જેમ આ જગતમાં જે પુરુષ કરે છે
૨. * તેને જ બંધની શંકા થાય છે અને
* જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી,

(૨) ∗ [સિદ્ધાંત : અશુદ્ધભાવે વર્તતા આત્માને બંધ-શંકા થાય છે, શુદ્ધભાવે વર્તતાને બંધ-શંકા થતી નથી :–]

૧. ∗ તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો,

∗ પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો

૨. ∗ અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે

∗ અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી

૩. ∗ તેને બંધની શંકા થતી નથી—એવો નિયમ છે.

∗ [તેથી અપરાધીને બંધની શંકા થાય છે, નિરપરાધીને બંધ-શંકા થતી નથી એમ સિદ્ધ થયું.]

૪. ∗ માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને)

∗ શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.

## ગાથા – ૩૦૪, ૩૦૫

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે આ 'અપરાધ' એટલે શું? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છે :–

ગાથા :* સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત–એક છે,
એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.
* વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,
વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. ૩૦૫.

ટીકામૃત :–

૧. * પરદ્રવ્યના પરિહારથી શુદ્ધાતમાની સિદ્ધિ કે
સાધન [અહા કે લક્ષ-આશ્રય-સેવના] તે રાધ* છે.

૨. * આ 'રાધ'થી જે રહિત છે તે આતમા 'અપરાધ' છે,
અથવા બીજો તેનો અહો પણ અર્થ આ રીત થાય છે–

૩. * જે ભાવ 'રાધ' રહિત છે તે ભાવ છે અપરાધ ને
અપરાધથી જે સહિત વર્તે સાપરાધી તેહ છે.

૪. * પરદ્રવ્યગ્રહણ તણા અહો સદ્‌ભાવથી તે આતમા,
શુદ્ધાતમાની સિદ્ધિના જ અભાવને લીધે અહા;

૫. * બંધન તણી શંકા થતી હોવાથી [એવો જીવ તે,]
અણશુદ્ધ પોતે હોઈને નક્કી અનારાધક જ છે.

૬. * ને જેહ આત્મા છે નિરપરાધી [અહો તે જીવની,]
સમગ્ર પરદ્રવ્યો તણા પરિહારથી શુદ્ધાત્મની,

૭. * સિદ્ધિ તણા સદ્‌ભાવને લીધે અહો [તે જીવને,]
[ધ્રુવ દ્રવ્યના આશ્રય થકી] શંકા ન થાતી હોઈને;

૮. * ઉપયોગ માત્ર જ એક લક્ષણ જેહનું છે તે ખરે,
શુદ્ધાતમા જ હું છું અહો નિશ્ચય કરંતો એમ તે;

૯. * શુદ્ધાત્માની સિદ્ધિ છે લક્ષણ અહો જેનું ખરે,
આરાધનાથી વર્તતો તે હોઈને 'રાધક[1]' જ છે.

ટીકા :–

૧. * પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા
* સાધન તે રાધ.*

૨. * જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે.
* અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છે : )

1. રાધ = આરાધના; પ્રસન્નતા; કૃપા; સિદ્ધિ; પૂર્ણતા; સિદ્ધ કરવું તે; પૂર્ણ કરવું તે.

૩. ⁎ જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે;
⁎ તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે.
૪. ⁎ તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્‌ભાવ વડે
⁎ શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે
૫. ⁎ બંધની શંકા થતી હોઈને
⁎ સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે.
૬. ⁎ અને જે આત્મા નિરપરાધ છે તે,
⁎ સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની
૭. ⁎ સિદ્ધિના સદ્‌ભાવને લીધે બંધની
⁎ શંકા નહિ થતી હોવાથી
૮. ⁎ ‘ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો
⁎ એક શુદ્ધ આત્મા જ હું છું’ એમ નિશ્ચય કરતો થકો
૯. ⁎ શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે
⁎ એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી આરાધક જ છે.

## કળશ – ૧૮૭

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * સાપરાધ આત્મા નિરંતર અનંત પુદ્ગલ પરમાણુરૂપ કર્મોથી
* બંધાય છે; નિરપરાધ આત્મા

૨. * બંધનને કદાપિ સ્પર્શતો નથી જ.
* જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી

૩. * પોતાને અશુદ્ધ સેવતો થકો સાપરાધ છે;
* નિરપરાધ આત્મા તો ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનારો હોય છે.

**કળશામૃત :–**

૧. * રે સાપરાધી આતમા અનંત જડ કર્મો વડે
બંધાય છે નિરંતરે, [પણ] નિરપરાધી તો ખરે;

૨. * નથી સ્પર્શતો જ કદીય તે જડ કર્મને પુદ્ગલમયી.
જે સાપરાધી આતમા છે તે અહો તો નિયમથી;

૩. * નિજને અશુદ્ધ જ સેવતો છે સાપરાધી તે ખરે,
[પણ] નિરપરાધ ભલી રીતે શુદ્ધાત્મ-સેવક હોય છે.

## કળશ – ૧૮૭ પછીની ટીકા

ઉપોદ્‌ઘાત :–(હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :—)

‘એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે; કેમકે સાપરાધને, જે અપ્રતિક્રમણાદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે, માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે. વ્યવહારાચારસૂત્રમાં (-વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં) પણ કહ્યું છે કે–’

### શ્લોક-૧

**શ્લોકાર્થ :–**

૧. * અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા,
 * અનિવૃત્તિ, અનિંદા, અગર્હા, અને અશુદ્ધિ—એ

૨. * (આઠ પ્રકારનો) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. [વ્યવહાર શાસ્ત્રોનું આ કથન છે.]
 * [સાપરાધીને અપરાધ દૂર કરનારા નહિ હોવાથી તેઓ ત્યાજ્ય છે.]

**કળશામૃત :–**

* અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, પરિહારઅણ[1], અણધારણા,
અનિવૃત્તિ, અણનિંદા, અગર્હા ને અશુદ્ધિ—આઠ આ;

* વિષકુંભ અષ્ટ પ્રકારના [-આચારસૂત્રનું કથન છે,]
[અપરાધ દૂર કરે નહિ, તેથી જ તેઓ ત્યાજ્ય છે.]

### શ્લોક-૨

**શ્લોકાર્થ :–**

૧. * પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા,
 * નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ–

૨. * એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે.
 * [તેઓ અપરાધને દૂર કરે છે તેથી આચારસૂત્રમાં એમ કહ્યું છે.]

1. પરિહારઅણ = અપરિહાર

**કળશામૃત :–**

* પ્રતિક્રમણ ને પ્રતિસરણ, ને પરિહાર તેમજ ધારણા,
નિવૃત્તિ, નિંદા તેમ ગર્હા ને વળી શુદ્ધિ અહા !

* આ રીત અષ્ટ પ્રકારના [અનુષ્ઠાન] અમૃતકુંભ છે,
[અપરાધને દૂરે કરે—આચારસૂત્રનું કથન છે.]

## ગાથા – ૩૦૬, ૩૦૭

ઉત્થાનિકા :–ઉપરોક્ત તર્કનું સમાધાન આચાર્ય ભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :—

ગાથા * પ્રતિક્રમણ ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા—એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.
* અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,
અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ—અમૃતકુંભ છે. ૩૦૭.

**ટીકામૃત :-**

(૧) [અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ સર્વથા અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે :]

૧. * ને પ્રથમ તો અજ્ઞાનીજનને જેહ સાધારણ અહા
છે અપ્રતિક્રમણાદિ, અહો નિજ શુદ્ધ આત્માની સદા;
૨. * સિદ્ધિ તણા જ અભાવરૂપ સ્વભાવવાળા હોઈને,
અપરાધરૂપ સ્વયમેવ હોવાથી જ છે વિષકુંભ તે;
૩. * શું છે પ્રયોજન તેમનો વિચાર કરવાથી ખરે,
તેઓ પ્રથમથી ત્યાગવાને યોગ્ય છે તેથી અરે.

(૨) [સાધકના દ્રવ્યપ્રતિક્રમણાદિ વ્યવહારથી અમૃતકુંભ કહેવાય છે પરંતુ નિશ્ચયથી તેઓ વિષકુંભ જ છે :]

૧. * ને દ્રવ્યરૂપ પ્રતિક્રમણ આદિ બધા જે ભાવ છે,
તેઓ અહો અપરાધરૂપી વિષના સહુ દોષને;
૨. * મટાડવા ધીમે ધીમે સમર્થ હોવાને લીધે,
અમૃતના છે કુંભ [-એ વ્યવહારના શાસ્ત્રો કહે;]
૩. * તોપણ અહો પ્રતિક્રમણ-અણપ્રતિક્રમણ આદિથી અહા,
વિરુદ્ધ લક્ષણ છે સદા એવી ત્રીજી ભૂમિ મહા
૪. * અણપ્રતિક્રમણરૂપ, તેહને નહિ દેખનારા પુરુષને,
તે દ્રવ્યપ્રતિક્રમણાદિ નિજ અપરાધના જ વિનાશને;
૫. * કરવા સમર્થ ન હોઈને વિપક્ષ કાર્ય કરે અરે,
આ રીત કારક બંધના હોવાથી તે વિષકુંભ છે.

(૩) [સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે :]

૧. * જે અપ્રતિક્રમણાદિરૂપી ભૂમિ ત્રીજી છે તે ખરે,
નિજ શુદ્ધ આત્માની સ્વયં સિદ્ધિરૂપે હોવાથી તે;

૨. * અપરાધરૂપી સર્વ દોષોને સહુય પ્રકારથી,
વિનષ્ટ કરનારી અહો હોવાથી છે જ સ્વયં થકી;
૩. * સાક્ષાત્ અમૃતકુંભ છે પોતાથી ને તેથી અરે,
ત્રીજી ભૂમિકાવંતના વ્યવહાર દ્રવપ્રતિક્રમણને;
૪. * કહેવાય 'અમૃતકુંભ' છે [તે જ્ઞાનીના વ્યવહારને,]
આ ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધી થાય છે.
૫. * તેના અભાવ મહીં અહો દ્રવપ્રતિક્રમણ પણ છે અરે
અપરાધ, તેથી નિરપરાધપણું જ તેનાથી ઠરે;
૬. * ને તેની પ્રાપ્તિને જ અર્થે આ પ્રતિક્રમણાદિ છે,
[છે નિરપરાધીપણું અહો બસ ત્રીજી ભૂમિથી ખરે.]

(૪) [નિશ્ચયનયનું શાસ્ત્ર સમસ્ત શુભાશુભ કર્મને છોડાવવાનું અતિ દુષ્કર કાર્ય કરે છે :]

૧. * [પણ] આમ હોવાથી ન માનો શાસ્ત્ર નિશ્ચયનય તણું,
છોડાવતું દ્રવપ્રતિક્રમણને, તો કરે છે તેહ શું?
૨. * છોડાવતું-અટકાવતું નથી તેહ દ્રવપ્રતિક્રમણને,
સંતુષ્ટ તે કરતું નથી દ્રવપ્રતિક્રમણથી [જીવને;]
૩. * તેના સિવાય બીજું અહો પણ [થાય છે નિશ્ચયનયે,]
પ્રતિક્રમણ-અપ્રતિક્રમણ આદિથી અગોચર જેહ છે;
૪. * અણપ્રતિક્રમણરૂપ શુદ્ધ આત્માની અહો સિદ્ધિ ખરે,
લક્ષણ અહો છે જેહનું એવું અતિ દુષ્કર અરે;
૫. * એવું કંઈક કરાવતું [તે શાસ્ત્ર નિશ્ચયનય તણું,]
આ શાસ્ત્રમાં જ હવે પછી કરશે નિરુપણ તેહનું;
૬. * કે જે અહો પૂર્વે કરેલાં શુભ-અશુભ કર્મો ઘણાં,
વિસ્તારવાળા 'નેક રીતે તેમનાથી જે અહા;
૭. * નિજ આત્મને છોડાવતો તે આતમા પ્રતિક્રમણ છે,
[નિશ્ચય તણી પ્રાપ્તિ થયે જ અહો સફળ વ્યવહાર છે.]

ટીકા :–

(૧) [અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ સર્વથા અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે :]

૧. * પ્રથમ તો અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં)
* અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની

૨. * સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે

* સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;

૩. * તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?

* (તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)

(૨) [સાધકના દ્રવ્યપ્રતિક્રમણાદિ વ્યવહારથી અમૃતકુંભ કહેવાય છે પરંતુ નિશ્ચયથી તેઓ વિષકુંભ જ છે :]

૧. * અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે

* તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને

૨. * ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી

* અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)

૩. * તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી

* વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને

૪. * નહિ દેખનાર પુરુષને

* તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કરવારૂપ)

૫. * પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષનું કાર્ય

* (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે.

(૩) [સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે :]

૧. * જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે,

* સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે

૨. * સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા

* નષ્ટ કરનારી હોવાથી,

૩. * સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે અને એ રીતે (તે ત્રીજી ભૂમિ)

* વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ [—“ત્રીજી ભૂમિકાવાળા અર્થાત્ સમ્યગ્દૃષ્ટિના વ્યવહારને પણ”]

૪. * અમૃતકુંભપણું સાધે છે [–“અમૃતકુંભ કહેવાય છે”].

* તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.

૫. * તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્યપ્રતિક્રમણાદિ પણ

* અપરાધ જ છે. માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે.

૬. * તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.

* [આ રીતે ત્રીજી ભૂમિથી ખરેખર નિરપરાધપણું છે.]

(૪) [નિશ્ચયનયનું શાસ્ત્ર સમસ્ત શુભાશુભ કર્મને છોડાવવાનું અતિ દુષ્કર કાર્ય કરે છે :]

૧. * આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને
* છોડાવે છે. ત્યારે શું કરે છે?

૨. * દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (-અટકાવી દેતું નથી,
* સંતોષ મનાવી દેતું નથી;)

૩. * તે સિવાય બીજું પણ,
* પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર

૪. * અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ
* જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર

૫. * કાંઈક કરાવે છે.
* આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે—

૬. * (અનેક પ્રકારના વિસ્તારવાળાં
* જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે

૭. * પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.) વગેરે.
* [“વ્યવહારનું સફળપણું ત્યારે કહેવાય કે ત્યાંથી છૂટીને નિશ્ચયમાં આવે તો.”]

## કળશ – ૧૮૮

ઉત્થાનિકા :–હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧. ⁎ આ કથનથી, સુખે બેઠેલા (અર્થાત્ એશઆરામ કરતા)
⁎ પ્રમાદી જીવોને હત કહ્યાં છે.
૨. ⁎ (અર્થાત્ મોક્ષના તદ્દન અનધિકારી કહ્યાં છે),
⁎ ચાપલ્યનો (–વિચાર વિનાના કાર્યનો) પ્રલય કર્યો છે (અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી),
૩. ⁎ આલંબનને ઉખેડી નાખ્યું છે
⁎ (અર્થાત્ સમ્યગ્દૃષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે),
૪. ⁎ જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય
⁎ ત્યાં સુધી (શુદ્ધ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે
૫. ⁎ (-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં
⁎ ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ
૬. ⁎ લગાડવાનું કહ્યું છે કારણ
⁎ કે તે જ મોક્ષનું કારણ છે.)

**કળશામૃત :–**

૧. * આ કથનથી સુખ [માનીને] આરામ કરતાં જે અરે,
એવા પ્રમાદી જીવને રે 'હત' કહ્યાં છે [મુનિવરે;]
૨. * અર્થાત્ મોક્ષ તણા અનધિકારી કહ્યાં છે તેમને,
નથી મોક્ષકારણમાં ગણ્યા વિચારહીન સહુ કાર્યને;
૩. * સદ્દૃષ્ટિના પણ પ્રતિક્રમણ છે, બંધકારણ નિશ્ચયે,
ગણી હેય આલંબન સહુ, પરના ઉખેડ્યાં છે ખરે;
૪. * વિજ્ઞાનઘન સંપૂર્ણ આત્મની પ્રાપ્તિ થાયે જ્યાં સુધી,
શુદ્ધાત્મરૂપી થાંભલે છે ચિત્ત બાંધ્યું ત્યાં સુધી;
૫. * અનેક પ્રવૃત્તિ મહીં વ્યવહારના અવલંબને,
ભમતું હતું જે ચિત્ત તેને શુદ્ધ ચેતનમાં ખરે;
૬. * લગાડવાનું કહ્યું અહો છે [મુનિવરે] એ કારણે,
કે માત્ર તે કારણ અહો છે મોક્ષનું [તું જાણજે.]

## કળશ—૧૮૯

ઉત્થાનિકા :–અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં અને અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિને છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :-**

૧. * (અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે,
   * ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? (અર્થાત્ ન જ હોય.)

૨. * તો પછી માણસો નીચે-નીચે પડતા થકા પ્રમાદી
   * કાં થાય છે? [કિંતુ] નિષ્પ્રમાદી થયા થકા

૩. * ઊંચે ઊંચે કાં ચડતા નથી?
   * [તેથી હવે હે ભાઈ! તું પ્રમાદ તજીને ત્રીજી ભૂમિને પામ.]

**કળશામૃત :-**

૧. * રે ભાઈ! જ્યાં પ્રતિક્રમણને જ કહ્યું અહો તે વિષ છે,
   ત્યાં અપ્રતિક્રમણ ન હોય [કદી] અમૃત અહો [કો' પણ રીતે;]

૨. * તો માણસો નીચે નીચે પડતા થકા પરમાદી રે
   કાં થાય છે? [કિંતુ] અહા થઈ નિષ્પ્રમાદી [જીવ તે;]

૩. * ઊંચે ઊંચે ચડતા નથી? [તે ખેદ ને આશ્ચર્ય છે!]
   [તેથી પ્રમાદ તજી હવે ત્રીજી ભૂમિ તું પામજે.]

## કળશ – ૧૯૦

ઉત્થાનિકા :–હવે આ અર્થને દ્રઢ કરતું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * કષાયના ભાર વડે ભારે હોવાથી
   * આળસપણું તે પ્રમાદ છે; તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ

૨. * શુદ્ધભાવ કેમ હોઈ શકે?
   * માટે નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો

૩. * મુનિ પરમ શુદ્ધતાને પામે છે અથવા શીઘ્ર—અલ્પ કાળમાં
   * (કર્મબંધથી) છૂટે છે [અર્થાત્ કેવળજ્ઞાન લઈને મુક્ત થાય છે.]

**કળશામૃત :–**

૧. * કષાયના [બહુ] ભારથી ભારે અહો તે હોઈને,
આળસપણું જ પ્રમાદ છે ને તેથી આળસભાવ જે;

૨. * પ્રમાદથી છે યુક્ત તે નહિ શુદ્ધભાવ થતો અહો,
માટે અહો નિજરસથી પૂર્ણ સ્વભાવમાં નિશ્ચળ થતો

૩. * મુનિ, પરમ શુદ્ધિ પામતો વા અલ્પકાળે તે અહો,
સહુ કર્મબંધથી છૂટીને [કેવળ લહી મુક્ત જ થતો.]

## કળશ – ૧૯૧

ઉત્થાનિકા :–હવે, મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય તે સર્વને છોડીને
* પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે,

૨. * તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત થયો થકો,
* બંધના નાશને પામીને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) થયો થકો,

૩. * સ્વજ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઊછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા

૪. * છે એવો શુદ્ધ થતો થકો, કર્મોથી છૂટે છે—
* મુક્ત થાય છે. [આ રીતે મુક્ત થવાનો અનુક્રમ કહ્યો.]

**કળશામૃત :–**

૧. * અશુદ્ધતા કરનાર જે પરદ્રવ્ય તે સહુ છોડીને,
જે પુરુષ નિજના દ્રવ્યમાં નિજથી ખરે લીન થાય છે;

૨. * અપરાધ સર્વથી નિયમથી તે પુરુષ રહિત થયો થકો,
બંધો તણા વિનાશને તે પામી નિત્ય ઉદિત થતો;

૩. * નિજ સ્વરૂપના પરકાશથી નિર્મળપણે ઊછળી અહો,
ચૈતન્ય-અમૃતના પ્રવાહથી પૂર્ણ મહિમા જેહનો;

૪. * [તે પુરુષ] શુદ્ધ થયો થકો સહુ કર્મ [બંધ]થી છૂટતો,
આ રીત તે શુદ્ધાતમા [અનુક્રમથી] મુક્તિ પામતો.

## કળશ – ૧૯૨

ઉત્થાનિકા :–હવે મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિમાનું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને
   * અનુભવતું, નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની
૨. * ખીલી નીકળી છે એવું, એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી
   * જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને
૩. * એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી
   * જે અત્યંત ગંભીર અને ધીર છે
૪. *: એવું આ પૂર્ણ જ્ઞાન જળહળી ઊઠ્યું (સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું);
   * પોતાના અચળ મહિમામાં લીન થયું.

**કળશામૃત :–**

૧. * જે અતુલ અક્ષય મોક્ષને રે કર્મબંધન છેદથી
અનુભવતું, નિત્ય ઉદ્યોતવંત સહજ અવસ્થા જેહની;
૨. * ખીલી ગઈ છે એવું જે, નહિ કર્મમેલ જ હોઈને,
અત્યંત શુદ્ધ થયું અહો છે, એવું એકાંતે અને
૩. * છે એક જ્ઞાનાકાર એ નિજરસની મહિમાથી સદા,
અત્યંત ગંભીર છે અને અત્યંત છે ધીર તે અહા;
૪. * એવું અહો આ શુદ્ધ પૂરણ આત્મદ્રવ્ય પ્રગટ થયું,
નિજના અચળ મહિમા મહીં [તે જ્ઞાન] લીન થઈ ગયું.

---

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.

# શ્રી સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

ગાથા ૩૦૮ થી ૪૧૫

કળશ : ૧૯૩ થી ૨૪૬

પ્રવચન નંબર : ૩૭૮ થી ૪૬૪

## કળશ : ૧૯૩

ઉત્થાનિકા :– પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.'

મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ-અજીવ, કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧. * સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે
* નાશ પમાડીને પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા
૨. * દરેક પર્યાયમાં) બંધ-મોક્ષની રચનાથી
* દૂર વર્તતો, શુદ્ધ-શુદ્ધ
૩. * (અર્થાત્ જે રાગાદિ મળ તેમજ આવરણ—બન્નેથી રહિત છે એવો),
* જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (–જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના)
૪. * ફેલાવથી ભરપૂર છે એવો, અને જેનો મહિમા
* ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો આ જ્ઞાનપુંજ
૫. * [સર્વવિશુદ્ધજ્ઞાનમાત્ર જ જેનું એકરૂપ છે એવો આ] આત્મા પ્રગટ થાય છે.
* [કે જે જીવ-અજીવ આદિ સર્વ સ્વાંગોથી રહિત એકાકાર છે.]

**કળશામૃત :**

૧. * કર્તા અને ભોક્તાદિ સહુ ભાવો તણો સમ્યક્ રીતે
કરી નાશ, કર્મ તણા પ્રલય-ઉપશમ* નિમિત્ત થકી અરે;
૨. * રચના થતી જે બંધ તેમ જ મોક્ષનીય પદે-પદે,
તેનાથી દૂરે વર્તતો જે શુદ્ધ-શુદ્ધ જ છે ખરે;
૩. * રાગાદિ મળ-કર્માવરણથી રહિત છે એવો અહા,
જેનું પવિત્ર અચળ અહા છે તેજ નિજના રસ તણા;
૪. * ફેલાવથી ભરપૂર એવો, ને મહિમા જેહનો
ટંકોત્કીર્ણ પ્રગટ સદા છે પુંજ જ્ઞાન તણો અહો;
૫. * આ આતમા [સુવિશુદ્ધજ્ઞાન જ માત્રરૂપ] પ્રગટ થતો,
[જીવ-અજીવ આદિ સ્વાંગ વિરહિત એક આકારે અહો!]

---

* પ્રલય-ઉપશમ = ક્ષય-ઉપશમ = ક્ષયોપશમ

## કળશ - ૧૯૪

ઉત્થાનિકા :–હવે સર્વવિશુદ્ધ જ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, 'આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. ⁎ કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી,
⁎ જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.

૨. ⁎ અજ્ઞાનથી જ તે કર્તા છે,
⁎ અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.

**કળશામૃત :—**

૧. * કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્મા તણો ન સ્વભાવ છે,
ભોક્તાપણું જ્યમ [ચિત્સ્વરૂપ આત્મા તણો] ન સ્વભાવ છે.

૨. * અજ્ઞાનમાત્રથી છે ખરે કર્તા અહો આ આતમા,
અજ્ઞાનનો જ અભાવ થાતાં છે અકર્તા આતમા.

## ગાથા – ૩૦૮ થી ૩૧૧

ઉત્થાનિકા :–હવે આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતપૂર્વક કહે છે :–

ગાથા * જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.
* જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.
* ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.
* રે! કર્મ આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

ટીકામૃત :–

(૧) [જીવ તથા અજીવ પોતપોતાના પરિણામના જ કર્તા છે, એકબીજાના નહિ :]

૧. * રે! પ્રથમ તો ક્રમબદ્ધ એવા નિજ તણા પરિણામથી,
જીવ ઊપજતો જ થકો અહો જીવ છે, અજીવ [કદી] નથી;
૨. * ને અજીવ પણ ક્રમબદ્ધ એવા નિજ તણા પરિણામથી,
રે! ઊપજતું જ થકું અજીવ છે, જીવ નથી–એ રીતથી;

(૨) [દ્રષ્ટાંત : જેમ સુવર્ણને કંકણાદિ પરિણામ સાથે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે, અન્ય સાથે નહિ :]

૧. * એ કારણે કે જેમ (કંકણ આદિ પરિણામો થકી,
રે ઊપજતા) સુવર્ણને કંકણ તણા પરિણામથી
૨. * તાદાત્મ્ય છે, ત્યમ સર્વ દ્રવ્યોને જ નિજ પરિણામથી
તાદાત્મ્ય છે, [પણ છે નહિ તાદાત્મ્ય કો પણ અન્યથી.]

(૩) [સિદ્ધાંત : કોઈ દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે, ઉત્પાદ્ય*-ઉત્પાદક** સંબંધ નથી તેથી કાર્ય-કારણભાવ નથી : ]

૧. * આ રીત નિજ પરિણામથી જીવ ઊપજતો હોવા છતાં,
તેને અજીવ સહ કાર્યકારણભાવ સિદ્ધ નથી કદા;
૨. * એ કારણે કે સર્વ દ્રવ્યોને બીજા સહુ દ્રવ્યથી,
ઉત્પાદ્ય-ઉત્પાદક તણો જ અભાવ છે [રે નિયમથી;]

---

* ઉત્પાદ્ય = ઉત્પન્ન થવાને લાયક, ઉત્પન્ન થવાની યોગ્યતા; ઉત્પન્ન થયેલું કાર્ય; કાર્ય.

** ઉત્પાદક = ઉત્પન્ન કરનાર, કારણ.

(૪) [તાત્પર્ય : કર્તા-કર્મપણું સ્વદ્રવ્યમાં જ હોવાથી જીવ અન્યદ્રવ્યનો અકર્તા છે :]

૧. * તે કાર્ય-કારણભાવ સિદ્ધ થતાં નહિ રે અજીવને,
નથી કર્મપણું જીવનું અહો કદી સિદ્ધ થાતું એ રીતે;

૨. * ને અજીવને આ કર્મપણું જીવનું ન સિદ્ધ થતાં કદી,
સહુ અન્ય દ્રવ્યોની અપેક્ષા રહિત કર્તા-કર્મની;

૩. * સિદ્ધિ સ્વદ્રવ્ય મહીં જ હોવાથી અહો જીવદ્રવ્યને,
કર્તાપણું નથી અજીવનું તેથી અકર્તા જીવ ઠરે.

ટીકા :–

(૧) [જીવ તથા અજીવ પોતપોતાના પરિણામના જ કર્તા છે, એકબીજાના નહિ :]

૧. * પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી
* ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી;

૨. * એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી
* ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી;

(૨) * [દ્રષ્ટાંત : જેમ સુવર્ણને કંકણાદિ પરિણામ સાથે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે, અન્ય સાથે નહીં :]

૧. * કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી
* ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે

૨. * તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે
* તાદાત્મ્ય છે [પરંતુ અન્ય કોઈ પણ સાથે તાદાત્મ્ય નથી.]

(૩) [સિદ્ધાંત : કોઈ દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક સંબંધ નથી તેથી કાર્ય-કારણભાવ નથી:]

૧. * આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં
* તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,

૨. * કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે
* ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;

(૪) [તાત્પર્ય : કર્તાકર્મપણું સ્વદ્રવ્યમાં જ હોવાથી જીવ અન્યદ્રવ્યનો અકર્તા છે :]

૧. * તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને
* જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;

૨. * અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં,
* કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે,

૩. * સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી, જીવને
* અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી, માટે જીવ અકર્તા ઠરે છે.

## કળશ – ૧૯૫

ઉત્થાનિકા :–'આ રીતે જીવ અકર્તા છે તોપણ તેને બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે નિજરસથી વિશુદ્ધ છે, અને

* સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ય થઈ જાય છે

૨. * એવો જેનો સ્વભાવ છે,

* એવો આ જીવ પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવોનો) અકર્તા ઠર્યો,

૩. * તોપણ તેને આ જગતમાં કર્મપ્રકૃતિઓ સાથે

* જે આ (પ્રગટ) બંધ થાય છે તે ખરેખર

૪. * અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે.

* [આ રીતે આચાર્યશ્રી ખેદ અને આશ્ચર્ય વ્યક્ત કરે છે કે જીવ અકર્તા હોવા છતાં પણ તેને કર્મનો બંધ થાય છે!]

**કળશામૃત :–**

૧. * નિજરસથી જેહ વિશુદ્ધ છે ને જેની ચેતનજ્યોતિઓ,
સ્ફુરાયમાન થતી થકી વિસ્તરતી લોક મહીં અહો

૨. * સમસ્ત, રે એવો સ્વભાવ જ છે ખરે જેનો અહો
આ જીવ, પૂર્વકથિત રીત ઠર્યો અકર્તા પર તણો;

૩. * તોપણ અરે તેને જગતમાં કર્મપ્રકૃતિઓ થકી,
જે પ્રગટ બંધન થાય છે આ તે ખરેખર [છે નક્કી;]

૪. * સ્ફુરાયમાન અહો ગહન મહિમા જ કો અજ્ઞાનનો,
[છે ખેદ ને આશ્ચર્ય–જીવને બંધ થાતો કર્મનો !]

## ગાથા – ૩૧૨, ૩૧૩

ઉત્થાનિકા :– (હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છે :)

ગાથા : * પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!
ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨
* અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને
–આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩

ટીકામૃત :–

૧. [અજ્ઞાનને કારણે અકર્તા આત્મા બંધને પામે છે!]

૧. * અનાદિના સંસારથી નિજના અને પર[૧]ના [સદા,]
જુદા જુદા એવા નિયત નિજલક્ષણો વિષયક અહા;

૨. * નહિ ભેદજ્ઞાન જ હોઈને આ આતમા પરના અને
નિજના અહા એકત્વ[૪]નો અધ્યાસ કરવાને લીધે;

૩. * કર્તા થઈને પ્રકૃતિનિમિત્ત[૨] ઊપજે-વિણસે[૩],
ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે-વિણસે;

૪. * આત્મા તણા પરિણામને અનુસાર પ્રકૃતિ પરિણમે,
[ને છે અકર્તા તોય આ જીવ બંધને પામે અરે !]

(૨) [નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાને કારણે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મનો વ્યવહાર છે :]

૧. * આ રીત જોકે આતમા ને પ્રકૃતિને છે સદા,
અભાવ કર્તા-કરમનો, તોપણ પરસ્પર છે અહા;

૨. * નિમિત્ત-નૈમિત્તિક તણો સદ્‌ભાવ તેથી બેયને,
દેખાય છે બંધન અરે છે તેથી આ સંસાર ને

૩. * તેથી જ આત્મા-કર્મને વ્યવહાર કર્તા-કરમનો,
[આ રીત પ્રગટ કર્યો ગહન મહિમા અહો અજ્ઞાનનો !]

---

૧ પર = પ્રકૃતિ = રાગાદિ

૨ નિમિત્તે = લક્ષે = આશ્રયે

૩ ઊપજે-વિણસે = વિકારરૂપે પરિણમે

૪ એકત્વ = રાગ અને જ્ઞાનને એક માનવા

**ટીકા :–**

(૧) [અજ્ઞાનને કારણે અકર્તા આત્મા બંધને પામે છે !]

૧. * આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં
   * જુદાં-જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું

૨. * જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે પરના અને
   * પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી

૩. * કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે;
   * પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે

૪. * (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે)
   * [અને સ્વભાવથી અકર્તા છે તોપણ અજ્ઞાનને કારણે આત્મા બંધને પામે છે.]

(૨) [નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાને કારણે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મનો વ્યવહાર છે :]

૧. * એ રીતે—જોકે તે આત્મા અને પ્રકૃતિને
   * કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ–પરસ્પર

૨. * નિમિત્ત-નૈમિત્તિકભાવથી બન્નેને
   * બંધ જોવામાં આવે છે, તેથી સંસાર છે અને

૩. * તેથી જ તેમને (આત્માને અને પ્રકૃતિને) કર્તાકર્મનો વ્યવહાર છે.
   * [આ રીતે આચાર્યશ્રીએ અજ્ઞાનનો ગહન મહિમા વર્ણવ્યો.]

## ગાથા – ૩૧૪, ૩૧૫

ઉત્થાનિકા :–('જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદ્રષ્ટિ, અસંયત છે' એમ કહે છે :–)

ગાથા : * ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,
અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.
* આ આતમા જ્યારે કરમનું ફળ અનંતુ પરિતજે,
જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.

**ટીકામૃત :–**

(૧) [પ્રકૃતિના સ્વભાવને પોતાનો માનનાર વિભાવનો કર્તા થઈને કર્મથી બંધાય છે :]

૧. * આ આતમા નિજના અને પરના અહા જુદા જુદા,
નિશ્ચિત નિજલક્ષણ તણું નહિ જ્ઞાન હોવાથી અહા;

૨. * પ્રકૃતિ તણા નિજભાવને તે છોડતો નથી જ્યાં સુધી,
કે ભાવ જે છે બંધનું નિમિત્ત નિજને, ત્યાં સુધી

૩. * તે સ્વપરના એકત્વના અધ્યાસથી જ્ઞાયક નથી,
ને સ્વપરના એકત્વની શ્રદ્ધાથી છે મિથ્યાત્વી;

૪. * ને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત તેહ છે,
[અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત આ રીતે જીવ તેહ છે.]

૫. * ને સ્વ-પરના એકત્વનો અધ્યાસ કરવાથી જ તે,
કર્તા ખરેખર ત્યાં લગી છે [પ્રકૃતિલીન જીવ એ.]

(૨) [પ્રકૃતિના સ્વભાવથી ભેદજ્ઞાન કરનાર વિભાવનો અકર્તા થઈને કર્મમુક્ત થાય છે :]

૧. * ને જીવ તે જ્યારે અહો, નિજના તથા પરના સદા,
જુદા જુદા નિજલક્ષણોના ભેદજ્ઞાન લીધે અહા;

૨. * જે બંધકારણ છે સ્વને તેવા પ્રકૃતિસ્વભાવને,
છોડે અહો છે [લક્ષમાંથી] જીવ તે ત્યારે ખરે;

૩. * નિજના તથા પરના વિભાગીજ્ઞાનથી જ્ઞાયક અને
વિભાગદર્શનથી સ્વપરના તેહ છે દર્શક ખરે;

૪. * છે સ્વપરની જ વિભાગપરિણતિથી ખરે સંયત અહા,
ત્યારે જ તે જીવ સ્વપરના એકત્વનો અધ્યાસ ના

૫. * કરવાથી, કર્તા છે નહિ વિભાવભાવ તણો કદા,
[આ રીત ભેદવિજ્ઞાનથી જીવ કર્મમુક્ત થતો અહા!]

ટીકા :–

(૧) [પ્રકૃતિના સ્વભાવને પોતાનો માનનાર વિભાવનો કર્તા થઈને કર્મથી બંધાય છે :]

૧. * જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં)
   * નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે,

૨, * પ્રકૃતિના સ્વભાવને–કે જે
   * પોતાને બંધનું નિમિત્ત છે તેને—છોડતો નથી, ત્યાં સુધી

૩. * સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,
   * સ્વપરના એકત્વદર્શનથી (એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદ્રષ્ટિ છે અને

૪. * સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે;
   * [આ રીતે તે જીવ અજ્ઞાની, મિથ્યાત્વી અને અસંયત છે.]

૫. * અને પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી
   * [તે પ્રકૃતિ લીન જીવ] ત્યાં સુધી જ કર્તા છે.

(૨) [પ્રકૃતિના સ્વભાવથી ભેદજ્ઞાન કરનાર વિભાવનો અકર્તા થઈને કર્મમુક્ત થાય છે :]

૧. * અને જ્યારે આ જ આત્મા, (પોતાના અને પરનાં
   * જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે,

૨. * પ્રકૃતિના સ્વભાવને—કે જે પોતાને બંધનું કારણ છે તેને—
   * છોડે છે, ત્યારે

૩. * સ્વપરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે,
   * સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે

૪. * અને સ્વપરની વિભાગપરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે; અને
   * ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ

૫. * કરવાથી અકર્તા છે.
   * [આ રીતે ભેદવિજ્ઞાનથી વિભાવનો અકર્તા થઈને જીવ કર્મમુક્ત થાય છે.]

## કળશ-૧૯૬

ઉત્થાનિકા :–'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * કર્તાપણાની જેમ ભોક્તાપણું પણ આ
 * ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી.

૨. * અજ્ઞાનથી જ તે ભોક્તા છે,
 * અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.

**કળશામૃત :–**

૧. * કર્તાપણાની જેમ રે ભોક્તાપણું તેમજ સદા,
ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ કહ્યો નથી કિંતુ અહા;

૨. * અજ્ઞાનમાત્રથી તેહ છે ભોક્તા અરે [રાગાદિનો,]
અજ્ઞાનનો જ અભાવ થાતાં તે અભોક્તા છે અહો.

## ગાથા – ૩૧૬

ઉત્થાનિકા :–હવે આ અર્થને ગાથામાં કહે છે :–

ગાથા :* અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,
ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.

ટીકામૃત :–

(૧) [પ્રકૃતિ સ્વભાવમાં સ્થિત અજ્ઞાની કર્મફળને વેદે છે :]

૧. * નહિ જ્ઞાન શુદ્ધાત્મા તણું હોવાથી અજ્ઞાની અહા,
નિજ-પર તણા એકત્વજ્ઞાનથી, તેમ નિજ ને પર તણા

૨. * એકત્વદર્શનથી, વળી નિજ-પર તણા એકત્વની
હોવાથી પરિણતિ, છે ખરે સ્થિત કર્મના ભાવો મહીં;

૩. * 'પ્રકૃતિસ્વભાવો હું જ છું આ'–તેમ અનુભવતો થકો,
તે કર્મફળને વેદતો–અનુભવન પણ કરતો અહો;

(૨) [પ્રકૃતિસ્વભાવથી ભેદજ્ઞાન હોવાથી જ્ઞાની કર્મફળને વેદતો નથી :]

૧. * ને જ્ઞાનીને શુદ્ધાતમાનું જ્ઞાન હોવાથી સદા,
નિજ-પર તણા વિભાગજ્ઞાન અને અહો નિજ-પર તણા

૨. * વિભાગદર્શનથી તથા વિભાગપરિણતિથી અહો
પ્રકૃતિસ્વભાવ છૂટી ગયેલો હોઈને, શુદ્ધાત્મનો

૩. * નિજભાવમાત્ર 'હું એક છું આ'–એમ અનુભવતો ખરે
તે ઉદિત એવા કર્મફળને, જ્ઞેયમાત્રપણા લીધે

૪. * જાણે જ છે, પણ હુંપણે તેને જ અનુભવવું અહા
અશક્ય હોવાથી ન તેને વેદતો કદીયે જરા.

ટીકા :–

(૧) [પ્રકૃતિ સ્વભાવમાં સ્થિત અજ્ઞાની કર્મફળને વેદે છે :]

૧. * અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે
* સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના

૨. * એકત્વદર્શનથી, અને સ્વપરની
* એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી

૩. * પ્રકૃતિના સ્વભાવને પણ 'હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો)
* કર્મફળને વેદે છે—ભોગવે છે;

(૨) [પ્રકૃતિસ્વભાવથી ભેદજ્ઞાન હોવાથી જ્ઞાની કર્મફળને વેદતો નથી :]

૧. * અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્‌ભાવને લીધે
   * સ્વપરના વિભાગજ્ઞાનથી, સ્વપરના

૨. * વિભાગદર્શનથી અને સ્વપરની વિભાગપરિણતિથી
   * પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો (-ખસી ગયેલો, છૂટી ગયેલો) હોવાથી શુદ્ધ આત્માના

૩. * સ્વભાવને એકને જ 'હું'પણે અનુભવતો થકો
   * ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને લીધે, જાણે જ છે,

૪. * પરંતુ તેનું 'હું'પણે અનુભવાવું
   * અશક્ય હોવાથી, (તેને) વેદતો નથી.

## કળશ-૧૯૭

ઉત્થાનિકા :–'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે' :—

**શ્લોકાર્થ :–**

૧. * અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં લીન-રક્ત હોવાથી
* (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી–)

૨. * સદા વેદક છે, અને જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી
* વિરામ પામેલો—વિરક્ત હોવાથી

૩. * (–તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી–)
* [જ્ઞાની પ્રકૃતિસ્વભાવનો મારાપણે] કદાપિ વેદક નથી.

૪. * આવો નિયમ બરાબર વિચારીને—નક્કી કરીને
* નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો

૫. * અને શુદ્ધ—એક—આત્મામય તેજમાં નિશ્ચળ થઈને
* જ્ઞાનીપણાને સેવો.

**કળશામૃત :–**

૧. * લીન-રક્ત પ્રકૃતિસ્વભાવમાં હોવાથી અજ્ઞાની અરે,
તેને અહો નિજનો સ્વભાવ જ જાણતો હોવાથી તે;

૨. * વેદક સદા છે ને પ્રકૃતિસ્વભાવથી તો જ્ઞાની છે,
વિરામ પામેલો અહો–વિરક્ત હોવાથી–ખરે;

૩. * તેને અહો પરનો સ્વભાવ જ જાણતો તે હોઈને,
વેદક કદાપિ છે નહિ [મારાપણે જ્ઞાની ખરે.]

૪. * આવો નિયમ યથાર્થ રીત વિચારીને નક્કી કરો,
હે નિપુણ પુરુષો ! સૌ તમે અજ્ઞાનતા છોડી અહો;

૫. * ને શુદ્ધ–એક જ–આતમામય તેજમાં નિશ્ચળ થજો,
જ્ઞાનીપણાને સેવજો, [ભોક્તાપણાને છોડજો.]

## ગાથા-૩૧૭

ઉત્થાનિકા :–હવે ‘અજ્ઞાની વેદક જ છે’ એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ ‘અજ્ઞાની ભોક્તા જ છે’ એવો નિયમ છે—એમ કહે છે.)

ગાથા :* સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,
સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.

ટીકામૃત :–

૧. * જ્યમ જગતમાં આ સર્પ પોતાના અહો વિષભાવને,
પોતાની મેળે છોડતો નથી ને વળી વિષભાવને;
૨. * છોડાવવા કાજે સમર્થ અહો [ખરેખર] જેહ છે,
સાકરસહિત ક્ષીરપાનથી પણ છોડતો નથી તે અરે;
૩. * અભવ્ય ત્યમ પ્રકૃતિસ્વભાવ ન છોડતો નિજથી તથા
છોડાવવા માટે સમર્થ જ તે અહો દ્રવ્યશ્રુતના
૪. * [શ્રુત]જ્ઞાનથી પણ છોડતો નથી તે સદા એ કારણે,
કે ભાવશ્રુતરૂપ શુદ્ધ નિજ આત્મા તણું નથી જ્ઞાન તે;
૫. * અજ્ઞાનીપણું છે તેથી તેને, આથી આવો નિયમ છે–
અજ્ઞાની પ્રકૃતિભાવમાં લીન હોઈને ભોક્તા જ છે.

ટીકા :–

૧. * જેમ આ જગતમાં સર્પ વિષભાવને
* પોતાની મેળે છોડતો નથી અને વિષભાવ
૨. * છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા
* સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી,
૩. * તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને
* પ્રકૃતિસ્વભાવને છોડાવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના
૪. * [શ્રુત]જ્ઞાનથી પણ છોડતો નથી; કારણ કે તેને સદાય,
* ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે,
૫. * અજ્ઞાનીપણું છે. આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે
* અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે (-કર્મનો ભોક્તા જ છે).

## ગાથા-૩૧૮

ઉત્થાનિકા :–હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે—એવો નિયમ કરવામાં આવે છે :–

ગાથા :* નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,
–કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.

ટીકામૃત :–

૧. * જેમાંથી સહુ ભેદો* અહો દૂરે થયા છે એવું જે,
રે ભાવશ્રુતરૂપ જ્ઞાન જેનું છે સ્વરૂપ એવા ખરે;

૨. * શુદ્ધાતમાના જ્ઞાનનો સદ્‌ભાવ તેને હોઈને,
તે જ્ઞાનીને પરથી અતિ વિરક્તિ હોવાને લીધે;

૩. * સ્વયમેવ છોડે છે અહો તે જ્ઞાની પ્રકૃતિભાવને,**
તેથી ઉદયગત મધુર-કડવા કર્મફળ જે તેમને;

૪. * જ્ઞાતાપણાને કારણે તે માત્ર જાણે છે ખરે,
કિંતુ એવું જ્ઞાન જ્યારે હોય છે ત્યારે અરે;

૫. * પરદ્રવ્યને મારાપણે અનુભવન કરવાની અહા,
નહિ યોગ્યતા હોવાથી તે કર્મો તણા ફળને કદા

૬. * નથી વેદતો, તેથી જ તે વિરક્ત પ્રકૃતિસ્વભાવથી
હોવાથી વેદક છે નહિ [તે કર્મફળ વિધવિધથી.]

ટીકા :–

૧. * જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું
* ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા

૨. * શુદ્ધાત્મજ્ઞાનના (–શુદ્ધ આત્માના જ્ઞાનના–) સદ્‌ભાવને લીધે,
* પરથી અત્યંત વિરક્ત હોવાથી

૩. * પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયના સ્વભાવને) સ્વયમેવ છોડે છે
* તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને

૪. * જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે,
* પરંતુ જ્ઞાન હોતાં (–જ્ઞાન હોય ત્યારે–)

૫. * પરદ્રવ્યને ‘હું’પણે અનુભવવાની
* અયોગ્યતા હોવાથી (તે કર્મફળને)

૬. * વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત
* હોવાથી અવેદક જ છે.

---

* ભેદો = દ્રવ્ય-પર્યાયના, ગુણ-ગુણી આદિના ભેદો જેમાં નથી એવા અભેદ આત્માનું જ્ઞાન.

** પ્રકૃતિભાવને = પ્રકૃતિસ્વભાવને = કામ-ક્રોધ, દયા, દાન, ભક્તિના પરિણામને.

## કળશ-૧૯૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧. * જ્ઞાની કર્મ*ને કરતો નથી
   * તેમ જ વેદતો નથી,

૨. * કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે.
   * એમ કેવળ જાણતો થકો

૩. * કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના-)અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.

**કળશામૃત :–**

૧. * જ્ઞાની અહો કદી [રાગ આદિ] કર્મને કરતો નથી,
વળી તેમ જ્ઞાની [રાગ આદિ] કર્મ ભોગવતો નથી;

૨. * [કિંતુ] તે તો માત્ર જાણે છે જ કર્મસ્વભાવને,
ને એમ કેવળ તે અહો બસ જાણતો જ થકો ખરે;

૩. * કર્તૃત્વ ને ભોક્તૃત્વનો જ અભાવ હોવાને લીધે,
નિજ શુદ્ધ આત્મસ્વભાવમાં સ્થિત તે ખરેખર મુક્ત છે.

---

કર્મને = ભાવકર્મને = દયા, દાનાદિ રાગને

## ગાથા – ૩૧૯

ઉત્થાનિકા :–હવે આ જ અર્થને ફરી દ્રઢ કરે છે :–

ગાથા * કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,
બસ જાણતો એ બંધ તેમજ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.

**ટીકામૃત :–**

૧. * રે જ્ઞાની કર્મની ચેતનાથી રહિત હોવાથી સદા,
પોતે અકર્તા હોઈને ને કર્મફળની ચેતના;

૨. * તેનાથી રહિત જ હોઈને પોતે અવેદક છે સદા,
ને તેથી જ્ઞાની કર્મ અથવા કાર્ય ના કરતો કદા;

૩. * તેમ જ અહો તે વેદતો નથી [કર્મફળને પણ જરા,]
કિંતુ જ્ઞાનની ચેતનામય જ્ઞાની હોવાથી અહા;

૪. * બસ માત્ર જ્ઞાતા હોઈને શુભ કે અશુભ બંધો તથા
સહુ કર્મફળને માત્ર જાણે છે જ તે જ્ઞાની સદા.

**ટીકામૃત :–**

૧. * કર્મચેતના રહિત હોવાને લીધે
* પોતે અકર્તા હોવાથી, અને કર્મફળચેતના

૨. * રહિત હોવાને લીધે પોતે અવેદક (-અભોક્તા)
* હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી

૩. * તેમ જ વેદતો (-ભોગવતો) નથી;
* પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે

૪. * કેવળ જ્ઞાતા જ હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને તથા
* કર્મફળને કેવળ જાણે છે.

## ગાથા-૩૨૦

ઉત્થાનિકા :–હવે પૂછે છે કે—(જ્ઞાની કરતો—ભોગવતો નથી, જાણે જ છે) એ કઈ રીતે? તેનો ઉત્તર દ્રષ્ટાંતપૂર્વક કહે છે :—

ગાથા : * જ્યમ નેત્ર, તેમજ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમજ મોક્ષને. ૩૨૦.

**ટીકામૃત :–**

(૧) [દ્રષ્ટાંત : નેત્ર દ્રશ્ય પદાર્થને માત્ર દેખે જ છે, પરંતુ તેને કરતું કે વેદતું નથી :]

૧. * જેવી રીતે આ જગતમાં સહુ દ્રશ્ય વસ્તુથી સદા,
અત્યંત ભિન્નપણા લીધે કદી નેત્ર તેઓને અહા;

૨. * કરવા—અનુભવવા અહો અસમર્થ હોવાથી સદા,
તે દ્રશ્ય વસ્તુને કદી કરતું ન ભોગવતું અહા;

૩. * જો એમ [ક્યારે] હોય ના તો દેખવાથી જ અગ્નિને,
રે સંધુક્ષણની જેમ પોતાને* જ અગ્નિ તણું અરે;

૪. * કરવાપણું—સળગાવવાપણું ને અહો લોખંડના
ગોળા સમાન જ તેમને અગ્નિ તણો અનુભવ અહા;

૫. * રે દુર્નિવાર જ થાય [પણ તેવું થવું છે શક્ય ના,]
(અર્થાત્ જો કદી નેત્ર દ્રશ્ય પદાર્થને કરતું અહા,

૬. * વા વેદતું પણ હોય જો તો તે જ નેત્ર વડે સદા,
અગ્નિ સળગવી જોઈએ ને અગ્નિની જે ઉષ્ણતા;

૭. * અનુભવન પણ તેનું અહો થવું જોઈએ જરૂર જ ખરે,
કિંતુ ન એવું થતું કદી તેથી જ દ્રશ્ય પદાર્થને;

૮. * કરતું નથી, નથી વેદતું કદી નેત્ર દ્રશ્ય પદાર્થને,)
દર્શનસ્વભાવી હોઈને બસ નેત્ર દેખે છે ખરે;

(૨) [સિદ્ધાંત : જ્ઞાન પણ કર્મોના ઉદયાદિને માત્ર જાણે જ છે, પરંતુ તેમને કરતું કે વેદતું નથી :]

૧. * તેવી રીતે [આ] જ્ઞાન** પણ [તે] નેત્રની માફક ખરે,
[બસ માત્ર] દેખનહાર હોવાથી જ કર્મોથી અરે;

૨. * અત્યંત ભિન્નપણા લીધે નિશ્ચયથી તે સહુ કર્મને,
કરવા-અનુભવવા અહો અસમર્થ હોવાને લીધે;

૩. * કરતું નથી, નથી વેદતું પણ જ્ઞાનમાત્રસ્વભાવી તે
હોવાથી, એ કર્મો તણા સહુ બંધ તેમજ મોક્ષને;

---

* પોતાને = નેત્રને

** જ્ઞાન = આત્મા

૪. * વળી તેમના સહુ ઉદયને ને નિર્જરાને પણ અરે,
જાણે જ છે કેવળ અહો [જ્ઞાતા અને દ્રષ્ટાપણે.]
[ઉપસંહાર ] * ['કરતો નથી, નથી વેદતો એ જ્ઞાની કઈ રીતે' અરે?
ઉત્તર કહ્યો એ પ્રશ્નનો દ્રષ્ટાંતપૂર્વક આ રીતે.]

ટીકા :–

(૧) [દ્રષ્ટાંત : નેત્ર દ્રશ્ય પદાર્થને માત્ર દેખે જ છે, પરંતુ તેને કરતું કે વેદતું નથી : ]

૧. * જેવી રીતે આ જગતમાં નેત્ર દ્રશ્ય પદાર્થથી
* અત્યંત ભિન્નપણાને લીધે તેને

૨. * કરવા-વેદવાને અસમર્થ હોવાથી,
* દ્રશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી—

૩. * જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી,
* સંધુક્ષણ*ની માફક, પોતાને (નેત્રને) અગ્નિનું

૪. * કરવાપણું (સળગાવવાપણું), અને લોખંડના
* ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ

૫. * દુર્નિવાર થાય [પરંતુ એવું થવું શક્ય નથી.]
* (અર્થાત્ જો નેત્ર દ્રશ્ય પદાર્થને કરતું—

૬. * વેદતું હોય તો તો નેત્ર વડે
* અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો

૭. * અનુભવ અવશ્ય થવો જોઈએ;
* પરંતુ એમ તો થતું નથી,

૮. * માટે નેત્ર દ્રશ્ય પદાર્થને કરતું—વેદતું નથી)—
* પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે;

(૨) [સિદ્ધાંત : જ્ઞાન પણ કર્મોના ઉદયાદિને માત્ર જાણે જ છે, પરંતુ તેમને કરતું કે વેદતું નથી :]

૧. * તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક)
* દેખનાર હોવાથી, કર્મથી

૨. * અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને
* કરવા—વેદવાને અસમર્થ હોવાથી,

૩. * કર્મને કરતું નથી અને વેદતું નથી, પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું)
* હોવાથી કર્મના બંધને તથા મોક્ષને,

૪. * કર્મના ઉદયને તથા નિર્જરાને

* કેવળ જાણે જ છે.

[ઉપસંહાર :] ['(જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે) એ કઈ રીતે?'

* તેનો ઉત્તર દ્રષ્ટાંતપૂર્વક આચાર્યશ્રીએ આ રીતે કહ્યો.]

---

* સંધુક્ષણ = સંધુકણ; અગ્નિ સળગાવનાર પદાર્થ; અગ્નિ ચેતાવનારી વસ્તુ.

## કળશ-૧૯૯

ઉત્થાનિકા :–હવે, જેઓ-જૈનના સાધુઓ પણ—સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જેઓ અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત થયા થકા
   * આત્માને કર્તા માને છે,

૨. * તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ
   * સામાન્ય (લૌકિક) જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી.

**કળશામૃત :–**

૧. * ઢંકાઈ જઈ અજ્ઞાનઅંધથી જેહ [લોકોત્તર] જનો;
છે આતમા કર્તા જ એવું માનતા જેઓ અહો;

૨. * તેઓ સહુ હો મોક્ષના ઇચ્છક ભલે તોપણ અહો,
સામાન્ય જનની જેમ ના કદી મોક્ષ તેઓનો થતો.

## ગાથા – ૩૨૧ થી ૩૨૩

ઉત્થાનિકા :–હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છે :–

ગાથા : * જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે,'
ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને;' ૩૨૧.
* તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,
વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.
* એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,
–જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.

ટીકામૃત :–

૧. * જે દેખતા ને માનતા–'કર્તા જ છે આ આતમા,'
તે હોય લોકોત્તર ભલે તોપણ અહો ન ઉલ્લંઘતા
૨. * લૌકિકતાને, કેમકે લૌકિક જનમતમાં સદા,
દેવાદિ-નરકાદિ તણા કાર્યો કરે પરમાતમા
૩. * જે વિષ્ણુ આદિ છે, અને આ લોકબાહ્ય મુનિ તણા,
મતમાં કરે છે આતમા નિજનો બધા કાર્યો તદા;
૪. * આ રીત અપસિદ્ધાંતની જ સમાનતા છે બેયમાં,
ને આતમા છે નિત્યકર્તા એવી તેની માન્યતા;
૫. * તેના લીધે લૌકિકજનની જેમ લોકોત્તર બધા,
[મોક્ષેચ્છુ હોવા પણ છતાં] નથી મોક્ષ કદીયે પામતા.

ટીકા :–

૧. * જેઓ આત્માને કર્તા જ દેખે છે—માને છે,
* તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી;
૨. * કારણ કે, લૌકિક જનોના મતમાં
* પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે,
૩. * અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના)
* મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે—
૪. * એમ અપસિદ્ધાંતની (બન્નેને) સમાનતા છે.
* માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને
૫. * લીધે, લૌકિક જનોની માફક, લોકોત્તર
* પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.

## કળશ-૨૦૦

ઉત્થાનિકા :–હવે 'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી માટે કર્તાકર્મસંબંધ પણ નથી'— એમ શ્લોકમાં કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કંઈ પણ) સંબંધ નથી;
 * એમ કર્તાપણાના સંબંધનો અભાવ હોતાં,

૨. * આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?
 * [આથી જ આચાર્યશ્રીએ આત્મદ્રવ્ય તથા અન્ય દ્રવ્યો વચ્ચે 'नास्ति सर्वोपि संबंध' ફરમાવ્યું છે.]

**કળશામૃત :–**

૧. * નથી કાંઈ પણ સંબંધ આતમતત્ત્વને—પરદ્રવ્યને,
 કર્તૃત્વના સંબંધનો જ અભાવ આ રીત હોઈને;

૨. * કર્તાપણું પરદ્રવ્યનું ક્યમ હોય આતમદ્રવ્યને?
 ["**सर्वोपि संबंधो**" તણી "**नास्ति**" કહી તેથી ખરે.]

## ગાથા – ૩૨૪ થી ૩૨૭

ઉત્થાનિકા :–હવે, 'જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને "પરદ્રવ્ય મારું છે" એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદ્રષ્ટિ છે' ઇત્યાદિ અર્થની ગાથાઓ દ્રષ્ટાંત સહિત કહે છે :—

ગાથા :* વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,
'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.
* જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે,'
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; ૩૨૫.
* એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,
નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.
* તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઊભયની,
કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદ્રષ્ટિરહિતની. ૩૨૭.

ટીકામૃત :–

(૧) [અજ્ઞાની પરદ્રવ્યને પોતાનું માને છે, જ્ઞાની પરદ્રવ્યને પોતાનું માનતા નથી :]

૧. * પરદ્રવ્યમાં જ વિમૂઢ હોવાથી અરે અજ્ઞાનીઓ,
પરદ્રવ્યને 'આ મારું છે' એવું જ માને છે અહો;
૨. * [પણ] જ્ઞાનીઓ પ્રતિબુદ્ધ હોવાથી ખરે નિશ્ચય તણા,
પરદ્રવ્યના કણમાત્રને 'આ મારું છે'—નથી માનતા.

(૨) [પરદ્રવ્યને પોતાનું માનતાં જ્ઞાની પણ મિથ્યાદ્રષ્ટિ જ થાય છે :]

૧. * આ જગતમાં વ્યવહારમૂઢ કો પુરુષ જે રહેતો અરે
હો પારકાના ગામમાં,–'છે ગામ આ મારું' ખરે
૨. * ત્યમ માનતો, તેથી જ તે જીવ જેમ મિથ્યાદ્રષ્ટિ છે,
જો જ્ઞાની પણ કોઈ પ્રકારે તેમ વિમૂઢ થઈ અરે;
૩. * પરદ્રવ્યને 'આ મારું છે'—જો એમ દેખે તો ખરે,
નિઃશંકતાથી જ્ઞાની પણ તે સમય તે પરદ્રવ્યને;
૪. * પોતારૂપે કરતો થકો તે થાય મિથ્યાદ્રષ્ટિ છે,
[આ રીત મિથ્યાદ્રષ્ટિ છે જે પર મહીં મમતા કરે.]

(૩) [તાત્પર્ય : પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય સહુએ છોડવાયોગ્ય છે :]

૧. * તેથી જ જ્ઞાયક તત્ત્વનો 'સઘળુંય જે પરદ્રવ્ય છે
મારું નથી તે', તેમ જાણીને અહો જાણે જ છે

૨. * નિશ્ચિતપણે, કે 'લોક આ ને શ્રમણ બન્નેને અરે,
પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય આ જે છે ખરે;
૩. * તે તેમની સમકિતરહિતતાને લીધે નક્કી જ છે,
[પરદ્રવ્યનું કર્તૃત્વ સહુએ છોડવું તે યોગ્ય છે.]

ટીકા :–

(૧) [અજ્ઞાની પરદ્રવ્યને પોતાનું માને છે, જ્ઞાની પરદ્રવ્યને પોતાનું માનતા નથી :]

૧. * અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી
* પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે—માને છે;

૨. * જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી
* પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી.

(૨) [પરદ્રવ્યને પોતાનું માનતાં જ્ઞાની પણ મિથ્યાદ્રષ્ટિ જ થાય છે :]

૧. * તેથી, જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો
* પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે'

૨. * એમ દેખતો-માનતો થકો મિથ્યાદ્રષ્ટિ (ખોટી દ્રષ્ટિવાળો) છે,
* તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને

૩. * પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે તો
* તે વખતે તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને

૪. * પોતારૂપ કરતો થકો, મિથ્યાદ્રષ્ટિ જ થાય છે.
* [આ રીતે જો પરમાં મમત્વ કરે તો જ્ઞાની પણ મિથ્યાદ્રષ્ટિ જ થાય છે.]

(૩) [તાત્પર્ય : પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય સહુએ છોડવાયોગ્ય છે :]

૧. * માટે તત્ત્વને જાણનારો પુરુષ 'સઘળુંય પરદ્રવ્ય
* મારું નથી' એમ જાણીને,

૨. * 'લોક અને શ્રમણ–બન્નેને
* જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે

૩. * તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે' એમ સુનિશ્ચિતપણે જાણે છે.
* [આથી પરદ્રવ્યનું કર્તૃત્વ સહુ જીવોએ છોડવાયોગ્ય છે.]

## કળશ-૨૦૧

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે
 * સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,

૨. * તેથી જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે
 * ત્યાં કર્તાકર્મ ઘટના હોતી નથી—

૩. * એમ મુનિજનો અને લૌકિકજનો તત્ત્વને (વસ્તુના યથાર્થ સ્વરૂપને)
 * અકર્તા દેખો (-કોઈ કોઈનું કર્તા નથી,

૪. * પરદ્રવ્ય પરનું અકર્તા જ છે—એમ શ્રદ્ધામાં લાવો).

**કળશામૃત :–**

૧. * આ લોકમાં કો એક વસ્તુનો બીજી કો વસ્તુથી,
 સંબંધ સર્વ પ્રકારનો નિષેધ્ય છે [આગમ મહીં;]

૨. * છે તેથી વસ્તુભેદ જ્યાં (અર્થાત્ વસ્તુ ભિન્ન છે,)
 ઘટના નથી ત્યાં કર્તૃ-કર્મ તણી [અહો જિનવર કહે;]

૩. * ત્યમ મુનિજનો–લૌકિકજનો દેખો અકર્તા તત્ત્વને,
 'નથી કોઈ કર્તા કોઈનું'–છે સ્વરૂપ વસ્તુનું ખરે;

૪. * 'પરદ્રવ્ય પરનું છે અકર્તા'–લાવજો શ્રદ્ધાનમાં,
 [સ્પર્શે પરસ્પર નવ કદી, સ્વાધીન છે સૌ જગતમાં.]

## કળશ – ૨૦૨

ઉત્થાનિકા :–'જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે; એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે.'—આ અર્થનું આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * (આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે : )
 * અરેરે! જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને

૨. * જાણતા નથી તેઓ બિચારા, જેમનું (પુરુષાર્થરૂપ–પરાક્રમરૂપ)
 * તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, કર્મને કરે છે;

૩. * તેથી ભાવકર્મનો કર્તા
 * ચેતન જ પોતે થાય છે, અન્ય કોઈ નહિ.

**કળશામૃત :–**

૧. * કહે છે અહો આચાર્યશ્રી બહુ ખેદપૂર્વક એમ કે
અરેરે! જીવો જે વસ્તુના નિજભાવના* આ નિયમને

૨. * નથી જાણતા તેઓ બિચારા, જેનું અજ્ઞાને અરે,
ડૂબી ગયું છે તેજ એવા થઈ કરે છે કર્મને;

૩. * ને તેથી કર્તા થાય છે નિજ ભાવકર્મ તણો સદા,
ચેતન સ્વયં, નહીં અન્ય કોઈ [જીવ કે પુદ્ગલ અહા.]

---

* નિજભાવ = સ્વભાવ

## ગાથા – ૩૨૮ થી ૩૩૧

ઉત્થાનિકા :–હવે '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે?'—એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છે :–

ગાથા : * જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,
તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે ! ૩૨૮.
* અથવા કરે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વને,
તો તો ઠરે મિથ્યાત્વી પુદ્‌ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.
* જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,
તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.
* જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,
પુદ્‌ગલદરવ મિથ્યાત્વ વર્ણકૃત!—એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.

ટીકામૃત :–

(૧) [જીવ જ પોતાના ભાવકર્મનો કર્તા છે, પ્રકૃતિ નહિ :]

૧. * મિથ્યાત્વ આદિક ભાવનો* કર્તા ખરેખર જીવ છે,
એ કારણે કે જો અચેતન પ્રકૃતિ તેને** કરે;
૨. * તો અચેતનતા તણો જ પ્રસંગ આવે તેહને**
[તેથી જ કર્તા ભાવકર્મ તણો અહો આ જીવ છે.]

(૨) [જીવ પુદ્‌ગલના મિથ્યાત્વાદિનો કર્તા નથી :]

૧. * નિજના જ મિથ્યાત્વાદિ ભાવોનો અહો કર્તા સદા,
આત્મા જ છે એ કારણે કે જીવ જો પુદ્‌ગલ તણા;
૨. * મિથ્યાત્વ આદિ ભાવકર્મ કરે ખરે તો તેહને**
પ્રસંગ ચેતનતા તણો આવે ખરે [નથી શક્ય જે.]

(3) [જીવ અને પ્રકૃતિ બન્ને ભાવકર્મના કર્તા છે—એમ નથી :]

૧. * વળી જીવ ને પ્રકૃતિ બન્ને ભાવકર્મ તણા અહો,
કર્તા નથી, એ કારણે કે તેમ જો કદી હોય તો;
૨. * જીવની સમાન જ પ્રકૃતિને, ભાવકર્મ તણું અહા,
ફળ વેદવાનું થાય [પણ એવું કદી છે શક્ય ના!]

(૪) [જીવ અને પ્રકૃતિ બન્ને ભાવકર્મના અકર્તા છે—એમ પણ નથી :]

૧. * વળી 'જીવ-પ્રકૃતિ છે અકર્તા બેય મિથ્યાત્વાદિના,'
–નથી એમ પણ એ કારણે—જો બેય કર્તા હોય ના;

---

* ભાવનો = ભાવકર્મનો ** તેહને = તેને = તેમને = ભાવકર્મને

૨. * તો હોય મિથ્યાત્વાદિ ભાવ સ્વભાવથી જડ* દ્રવ્યને
[કિંતુ પ્રસંગ ન શક્ય એ વસ્તુસ્વરૂપ વિરુદ્ધ જે.]

(૫) [તાત્પર્ય : જીવ પોતાના ભાવકર્મનો કર્તા છે અને ભાવકર્મ તેનું કાર્ય છે :]

૧. * તેથી થયું એ સિદ્ધ કે—છે જીવ આ કર્તા સદા,
ને કર્મ નિજનું કાર્ય છે અર્થાત્ જીવ જ છે અહા;

૨. * નિજના જ મિથ્યાત્વાદિ ભાવ તણો અહો કર્તા સદા,
નિજ ભાવકર્મ અહો ખરે છે કાર્ય પોતાનું અહા.

ટીકા :–

(૧) [જીવ જ પોતાના ભાવકર્મનો કર્તા છે, પ્રકૃતિ નહિ :]

૧. * જીવ જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે;
* કારણ કે જો તે (ભાવકર્મ) અચેતન પ્રકૃતિનું કાર્ય હોય

૨. * તો તેને (–ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે.
* [તેથી ભાવકર્મનો કર્તા જીવ છે, જડ પ્રકૃતિ નહિ.]

(૨) [જીવ પુદ્ગલના મિથ્યાત્વાદિનો કર્તા નથી :]

૧. * જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે;
* કારણ કે જો જીવ પુદ્ગલદ્રવ્યના

૨. * મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો
* પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે.

(૩) [જીવ અને પ્રકૃતિ બન્ને ભાવકર્મના કર્તા છે—એમ નથી :]

૧. * વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે
* એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો

૨. * જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું)
* ફળ ભોગવવાનો પ્રસંગ આવે [જે કદી શક્ય નથી.]

(૪) [જીવ અને પ્રકૃતિ બન્ને ભાવકર્મના અકર્તા છે—એમ પણ નથી.]

૧. * વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે
* એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો

૨. * સ્વભાવથી જ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે.
* [પરંતુ એવો પ્રસંગ શક્ય નથી કે જે વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ છે.]

---

જડ દ્રવ્યને = પુદ્ગલકર્મને

(૫) [તાત્પર્ય : જીવ પોતાના ભાવકર્મનો કર્તા છે અને ભાવકર્મ તેનું કાર્ય છે :]

૧. * માટે એમ સિદ્ધ થયું કે—જીવ કર્તા છે

* અને પોતાનું કર્મ કાર્ય છે (અર્થાત્ જીવ

૨. * પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને

* પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).

.

## કળશ-૨૦૩

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :–**

(૧) [ભાવકર્મ અકૃત નથી :]

૧. * કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે તે કાર્ય છે, માટે તે
* અકૃત ન હોય અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ.

(૨) [ભાવકર્મ જીવ અને પ્રકૃતિ બન્નેનું કાર્ય નથી :]

૧. * વળી તે (ભાવકર્મ) જીવ અને પ્રકૃતિ બંનેની કૃતિ હોય એમ નથી,
* કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય

૨. * તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું
* ફળ ભોગવવાનો પ્રસંગ આવે.

(૩) [ભાવકર્મ એકલી અચેતન પ્રકૃતિનું પણ કાર્ય નથી :]

૧. * વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી,
* કારણ કે તે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે (અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે).

(૪) [તાત્પર્ય : ભાવકર્મનો કર્તા જીવ જ છે અને ભાવકર્મ જીવનું કાર્ય છે :]

૧. * માટે તે ભાવકર્મનો કર્તા જીવ જ છે અને
* ચેતનને અનુસરનારું

૨. * અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (-ચેતનના પરિણામરૂપ-) એવું
* તે ભાવકર્મ જીવનું જ કર્મ છે,

૩. * કારણ કે પુદ્ગલ તો જ્ઞાતા નથી
* (તેથી તે ભાવકર્મ પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ).

**કળશામૃત :–**

(૧) [ભાવકર્મ અકૃત નથી :]

૧. * નિજ ભાવકર્મ અહો ખરે છે કાર્ય તેથી તે સદા,
નવ હોય અણકૃત–કોઈના કરવા વિના તે થાય ના;

(૨) [ભાવકર્મ જીવ અને પ્રકૃતિ બન્નેનું કાર્ય નથી :]

૧. * વળી તેહ[*] જીવ ને પ્રકૃતિ બન્ને તણી કૃતિ હોય ના,
એ કારણે કે કાર્ય જો તે હોય બન્નેનું કદા;

૨. * તો જ્ઞાનવિરહિત પ્રકૃતિને પણ અહો નિજ કાર્યનું,
ફળ વેદવાનું થાય [કિંતુ શક્ય નથી એવું થવું.]

(૩) [ભાવકર્મ એકલી અચેતન પ્રકૃતિનું પણ કાર્ય નથી :]

૧. * વળી તેહ* એક જ પ્રકૃતિ તણી છે નહિ કૃતિ પણ અહા,
એ કારણ કે પ્રકૃતિને છે અચેતનતા મહા.

(૪) [તાત્પર્ય : ભાવકર્મનો કર્તા જીવ જ છે અને ભાવકર્મ જીવનું કાર્ય છે :]

૧. * તેથી જ કર્તા જીવ છે તે ભાવકર્મ તણો અને
ચેતન અનુસારી તથા ચેતનતણું પરિણામ જે;

૨. * ચેતનપણે અન્વયરૂપે રહેતું અહો એવું અરે,
નિજ ભાવકર્મ જ કર્મ છે આ જીવ [દ્રવ્ય] તણું ખરે;

૩. * એ કારણે કે [પ્રકૃતિ] પુદ્ગલ તણી જ્ઞાતા ન છે,
નિજ ભાવકર્મ ન કાર્ય તેથી પ્રકૃતિનું બની શકે.

---

* તેહ = ભાવકર્મ

## કળશ-૨૦૪

ઉત્થાનિકા :– હવેની ગાથાઓમાં જેઓ ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્‌વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧. * કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ)
 * કર્મને જ કર્તા વિચારીને
૨. * આત્માના કર્તાપણાને ઉડાડીને,
 * 'આ આત્મા કથંચિત્ કર્તા છે'
૩. * એમ કહેનારી અચલિત શ્રુતિને
 * કોપિત કરે છે (–નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે);
૪. * તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે
 * આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ
૫. * અર્થે (નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે—
 * કે જે વસ્તુસ્થિતિએ
૬. * સ્યાદ્‌વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે (અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્‌વાદરૂપે નિયમથી)
 * નિર્બાધપણે સિદ્ધ થાય છે.)

**કળશામૃત :–**

૧. * કો આત્મના ઘાતક અરે એકાંતવાદી સર્વથા,
બસ [દ્રવ્] કરમને [ભાવકર્મ તણો] જ કર્તા માનતા;
૨. * આત્મા તણું કર્તાપણું જ ઉડાડી દઈને [સર્વથા],
'આ આતમા પણ છે કથંચિત્ [ભાવકર્મ તણો] અહા
૩. * કર્તા, ખરેખર એમ કહેનારી અચલ [જિન] શ્રુતિને,
કોપિત કરી જિનવાણીની વિરાધના કરતા અરે;
૪. * બુદ્ધિ બિડાઈ ગઈ અહો છે તીવ્ર મોહ થકી અરે,
તે આત્મઘાતીઓ તણા નિજ જ્ઞાનની સંશુદ્ધિને
૫. * અર્થે, હવે કહેવાય છે વસ્તુસ્થિતિ શું છે ખરે,
કે વસ્તુસ્થિતિ જે અહો સ્યાદ્‌વાદરૂપ નિયમ વડે;
૬. * નિર્બાધરૂપે [પૂર્ણતઃ] પામે અહો છે સિદ્ધિને;
[દ્રવકરમ કર્તા સર્વથા નથી ભાવકર્મતણું ખરે.]

## ગાથા – ૩૩૨ થી ૩૪૪

ઉત્થાનિકા :– ‘આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે’—એવા અર્થની ગાથાઓ હવે કહે છે :–

ગાથા : * “કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨
* કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુઃખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.
* કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે.૩૩૪
* કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,–સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.
* વળી ‘પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઇચ્છે પુરુષને’
—એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.
* એ રીત ‘કર્મ જ કર્મને ઇચ્છે’—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.
* વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
—એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.
* એ રીત ‘કર્મ જ કર્મને હણતું’—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં.” ૩૩૯.
* એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.
* અથવા તું માને ‘આતમા મારો કરે નિજ આત્મને’,
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.
* જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.
* વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.
* માને તું—‘જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે,’
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

ટીકામૃત :–

[નોંધ :– સંક્ષિપ્તિકરણના હેતુથી અહીં મૂળ ટીકાની જગ્યાએ પં. જયચંદજી છાબડાએ લખેલા ભાવવાહી ભાવાર્થનું હરિગીતોમાં રૂપાંતર કરવામાં આવ્યું છે :–]

(૧) [સૌ પ્રથમ, કેટલાક જૈન મુનિઓ સાંખ્યમતનો એકાંત અભિપ્રાય કઈ રીતે ગ્રહણ કરે છે તે કહે છે :–]

૧. * કો' જૈન મુનિઓ પણ અરે સ્યાદ્‌વાદ-વાણીને ખરે,
નહિ સમજીને એકાંતનો અભિપ્રાય સર્વ રીતે કરે;
૨. * ને કથન પલટીને-વિવક્ષા ફેરવી-તેઓ કહે,
કે 'આતમા તો છે અકર્તા ભાવકર્મ તણો જ ને
૩. * રે કર્મપ્રકૃતિઉદય માત્ર કરે જ છે રાગાદિને;*
અજ્ઞાન-જ્ઞાન વળી અહા સૂવું-જાગવું, સુખ-દુઃખ ને
૪. * મિથ્યાત્વ, અણસંયમ, ચતુર્ગતિભ્રમણ એ સૌને ખરે,
ને શુભ-અશુભ જે કાંઈ ભાવો છે સહુયે તેમને;
૫. * કર્મ જ કરે છે ને અકર્તા જીવ છે [અમ મત વિષે]',
[આ રીત જૈન મુનિ અરે અભિપ્રાય સાંખ્ય તણો ગ્રહે!]

(૨) [આવા મુનિઓ પર જિનવાણીનો કોપ કઈ રીતે થાય છે તે હવે કહે છે :–]

૧. * વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ અર્થ આ રીતે કરે—
'સ્ત્રી-પુરુષવેદ-ઉદય થકી જ વિકારી ભાવો થાય છે;
૨. * ઉપઘાત ને પરઘાત પ્રકૃતિના ઉદયથી જ થાય છે—
નિજનો અને પરનો પરસ્પર ઘાત [જિનવાણી કહે;]
૩. * આ રીત સાંખ્યમતી અરે જ્યમ માનતા પ્રકૃતિ કરે,
સઘળુંય કાર્ય અહો અને આત્મા અકર્તા છે ખરે;
૪. * ત્યમ જૈન મુનિઓનું અરે નિજ બુદ્ધિના આ દોષથી,
એવું જ ઐકાંતિ થયું પણ માનવું તે રીતથી;
૫. * જિનવાણી તો સ્યાદ્‌વાદરૂપ હોવાથી તે મિથ્યામતી
મુનિઓ પ્રતિ કોપિત થતી, તેથી જ જિનવાણી નક્કી.

(૩) [જિનવાણીના કોપથી બચવા માટે તે મુનિઓના તર્કનું અયથાર્થપણું હવે દર્શાવે છે :–]

૧. * કોપિત થશે જિનવાણી એવા ભયથી [ડરી] તેઓ કહે,
પલટી વિવક્ષા, એમ કે 'કર્તા અહો [દ્રવ] કરમ છે
૨. * નિજ ભાવકર્મ તણો, અને કર્તા અહો છે આત્મનો
નિજ આતમા જ, સ્વને ખરે એ રીત આત્માનો અહો;
૩. * કહીએ છીએ કર્તા કથંચિત્ તેથી વાણીનો થતો
નથી કોપ', તો આ તેમનું મિથ્યા જ છે કહેવું અહો.

---

* રાગાદિને = ભાવકર્મને

(૪) [સાંખ્ય માન્યતાવાળા મુનિઓનું ઉપરોક્ત કથન કઈ રીતે મિથ્યા છે તે હવે સમજાવે છે :–]

૧. * છે નિત્ય આત્મા દ્રવ્યથી, પ્રદેશવંત અસંખ્ય ને
પરિમાણ લોકપ્રમાણ છે, તેથી કંઈ પણ તેહને

૨. * કરવાનું છે ન નવીન, ને જે ભાવકર્મરૂપે અહો
છે પર્યયો, કર્તા અહો તો તેમનો તે મુનિઓ

૩. * કહે છે અહો [દ્રવ] કરમને; તેથી જ આત્મા તો રહ્યો
[બસ માત્ર] અણકર્તા! પછી તો કોપ [જિન]વાણી તણો

૪. * કઈ રીત મટતો? તેથી કર્તૃત્વ-અકર્તૃત્વ તણી,
આ આતમા વિષયક વિવક્ષાને ખરેખર માનવી

૫. * બસ તે જ છે સ્યાદ્‌વાદનું સત્યાર્થ રીતે માનવું;
[આચાર્યશ્રી કહેશે હવે સાચું સ્વરૂપ સ્યાદ્‌વાદનું.]

(૫) આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્‌વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે :–

૧. * સામાન્યરૂપે આતમા તો જ્ઞાનભાવે સ્થિત છે,
કિંતુ મિથ્યાત્વાદિ ભાવો જાણતી વખતે અરે;

૨. * અનાદિકાલિન જ્ઞેય ને જ્ઞાયક તણા [બહુ] ભેદના
વિજ્ઞાનનો જ અભાવ હોવાથી, અહો છે જ્ઞેયના

૩. * મિથ્યાત્વ આદિક ભાવ તેને જાણતો આત્મા રૂપે,
ને તેથી એ વિશેષરૂપે જ્ઞાનના પરિણમનને;

૪. * અજ્ઞાનરૂપ કરતો અરે હોવાથી છે કર્તા જ તે;
ને ભેદજ્ઞાન થવાથી જ્યારે જાણતો નિજ આત્મને

૫. * આત્મા તરીકે તેહ, ત્યારે પણ વિશેષરૂપે ખરે,
નિજ જ્ઞાનપરિણામે પ્રણમતો તે અહો જ્ઞાન જ રૂપે;

૬. * જ્ઞાતાપણે રહેવાથી કેવળ છે અકર્તા તે ખરે;
[આ રીત જ્ઞાતા પણ થતો પર્યાય મહીં સાક્ષાત્ એ.]

ભાવાર્થ :–[Slightly Modified]

(૧) [સૌ પ્રથમ, કેટલાક જૈન મુનિઓ સાંખ્યમતનો એકાંત અભિપ્રાય કઈ રીતે ગ્રહણ કરે છે તે કહે છે :–]

૧. * કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્‌વાદ-વાણીને

. * બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે

૨. * અને વિવક્ષા પલટીને એમ કહે છે કે—

* ‘આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે,

૩. * કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે;
 * અજ્ઞાન, જ્ઞાન, સૂવું, જાગવું, સુખ, દુઃખ,
૪. * મિથ્યાત્વ, અસંયમ, ચાર ગતિઓમાં ભ્રમણ—એ બધાંને,
 * તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે તે બધાયને
૫. * કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે.'
 * [આ રીતે કેટલાક જૈન મુનિઓ સાંખ્યમતનો અભિપ્રાય ગ્રહે છે.]

(૨) [આવા મુનિઓ પર જિનવાણીનો કોપ કઈ રીતે થાય છે તે હવે કહે છે :–]

૧. * વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે
 * કે–'વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે અને
૨. * ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી
 * પરસ્પર ઘાત પ્રવર્તે છે.'
૩. * આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંયે પ્રકૃતિનું જ
 * કાર્ય માને છે અને પુરુષને અકર્તા માને છે
૪. * તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ
 * એવું જ એકાંતિક માનવું થયું.
૫. * માટે જિનવાણી તો સ્યાદ્‌વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે
 * મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે.

(૩) [જિનવાણીના કોપથી બચવા માટે તે મુનિઓના તર્કનું અયથાર્થપણું હવે દર્શાવે છે :–]

૧. * જિનવાણીના કોપના ભયથી જો તેઓ
 * વિવક્ષા પલટીને એમ કહે કે—
૨. * 'ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા
 * આત્મા છે; એ રીતે અમે આત્માને
૩. * કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો
 * કોપ થતો નથી;' તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે.

(૪) [સાંખ્ય માન્યતાવાળા મુનિઓનું ઉપરોક્ત કથન કઈ રીતે મિથ્યા છે તે હવે સમજાવે છે :–]

૧. * આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત પ્રદેશવાળો છે,
 * લોકપરિમાણ છે, તેથી તેમાં તો કાંઈ
૨. * નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ
 * પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ
૩. * કર્મને જ કહે છે; માટે આત્મા તો
 * અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ

૪. * કઈ રીતે મટ્યો? માટે આત્માના કર્તાપણાની અને અકર્તાપણા [વિષે]ની
* વિવક્ષા યથાર્થ માનવી
૫. * તે જ સ્યાદ્‌વાદનું સાચું માનવું છે.
* [આચાર્યશ્રી હવે સ્યાદ્‌વાદનું સાચું સ્વરૂપ કહે છે.]

(૫) આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્‌વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે :–

૧. * આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે;
* પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે,
૨. * અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદ—
* વિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ
૩. * મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,
* તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ [જ્ઞાનના પરિણામને
૪. * અજ્ઞાનરૂપ] કરતો હોવાથી કર્તા છે; અને
* જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે
૫. * ત્યારે વિશેષ અપેક્ષાએ પણ
* જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો
૬. * કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે
* [અર્થાત્ જ્ઞાનસ્વભાવી આત્મા પર્યાયમાં પણ સાક્ષાત્ જ્ઞાતારૂપે પરિણમે છે.]

## કળશ-૨૦૫

ઉત્થાનિકા :–ફરી આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ અર્હતના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો
* પણ આત્માને, સાંખ્યમતીઓની જેમ, (સર્વથા)

૨. * અકર્તા ન માનો; ભેદજ્ઞાન થયા પહેલાં તેને
* નિરંતર કર્તા માનો,

૩. * અને ભેદજ્ઞાન થયા પછી ઉદ્ધત જ્ઞાનધામમાં
* નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને

૪. * કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ
* દેખો; [આ રીતે આ આત્માને અપેક્ષાવશ કર્તા-અકર્તા એમ બેરૂપે માનો.]

**કળશામૃત :–**

૧. * અર્હત તણા મતના અહો અનુયાયીઓ-જૈનો-બધાં,
પણ આતમાને સાંખ્યમતીઓની સમાન ન સર્વથા

૨. * માનો અકર્તા, કિંતુ માનો તેહને કર્તા સદા,
નથી ભેદજ્ઞાન થયું અહો છે ત્યાં લગી તેને અહા;

૩. * ને ભેદજ્ઞાન થયા પછી ઉદાત્ત જ્ઞાનપ્રકાશમાં,
નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને અહા;

૪. * કર્તાપણાથી રહિત એક અચળ પરમ જ્ઞાતા સદા
દેખો, [અહો કર્તા-અકર્તા બેરૂપે આ આતમા.]

## કળશ-૨૦૬

ઉત્થાનિકા :–હવેની ગાથાઓમાં, 'કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે'—એવું માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતિઓને તેમની સર્વથા એકાંત માન્યતામાં દુષણ બતાવશે અને સ્યાદ્‌વાદ અનુસાર જે રીતે વસ્તુસ્વરૂપ અર્થાત્ કર્તા-ભોક્તાપણું છે તે રીતે કહેશે. તે ગાથાઓની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ જગતમાં કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો) આ આત્મતત્ત્વને
 * ક્ષણિક કલ્પીને પોતાના મનમાં કર્તા અને
૨. * ભોક્તાનો ભેદ કરે છે
 * (–અન્ય કર્તા છે અને અન્ય ભોક્તા છે એવું માને છે);
૩. * તેના મોહને (અજ્ઞાનને) આ ચૈતન્યચમત્કાર જ
 * પોતે નિત્યતારૂપ અમૃતના ઓઘ (-સમૂહો) વડે
૪. * અભિસિંચન કરતો થકો, દૂર કરે છે, [ભ્રમના ભેદનો નાશ કરે છે.]
 * [આચાર્યશ્રી કર્તા અને ભોક્તાનું સાચું સ્વરૂપ હવેની ગાથાઓં કહેશે.]

**કળશામૃત :–**

૧. * આ જગતમાં કો ક્ષણિકવાદી બૌદ્ધમતી આ આત્મને,
બસ ક્ષણિક કલ્પીને અહો નિજ ચિત્તમાં કર્તા અને
૨. * ભોક્તા તણો કરી ભેદ માને છે [અરે અજ્ઞાની] તે–
કો' અન્ય છે કર્તા અને કો અન્ય છે ભોક્તા ખરે!
૩. * તે [જીવ]ના મિથ્યાત્વને ચૈતન્યનો ચમકાર એ,
પોતે જ નિત્યપણારૂપી અમૃત તણા સમૂહો વડે;
૪. * અભિસિંચતાં દૂરે કરે છે—નાશ કરી ભ્રમ-ભેદને;
[કર્તા અને ભોક્તા તણું સાચું સ્વરૂપ કહેશે હવે.]

## કળશ – ૨૦૭

ઉત્થાનિકા :–ફરી, ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે
⁎ 'વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા)
૨. ⁎ નાશ પામે છે' એવી કલ્પના દ્વારા
⁎ 'અન્ય કરે છે અને અન્ય ભોગવે છે'
૩. ⁎ એવો એકાંત ન પ્રકાશો, [પરંતુ એમ માનો કે]
⁎ [જ્યાં સુધી અજ્ઞાનદશા છે ત્યાં સુધી જીવ જ કર્તા અને ભોક્તા છે.]

**કળશામૃત :–**

૧. * વૃત્ત્યંશના અર્થાત્ પર્યાયો તણા બહુ ભેદને,
લીધે જ 'વૃત્તિમાન એવું દ્રવ્ય પામે છે ખરે;
૨. * રે સર્વથા જ વિનાશને'—બસ કલ્પના એવી વડે,
'કો' અન્ય [દ્રવ્ય] કરે અને છે, ભોગવે કો' અન્ય તે';
૩. * એકાંત એવો નહિ પ્રકાશો [પણ અહો માનો હવે,]
[-જીવ જ્યાં લગી અજ્ઞાની છે, કર્તા અને ભોક્તા જ છે.]

## ગાથા ૩૪૫ થી ૩૪૮

ઉત્થાનિકા :–હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છે :–

* પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
તેથી કરે છે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૫.

* પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
જીવ તેથી વેદે તે જ કે બીજો—નહીં એકાંત છે. ૩૪૬.

* જીવ જે કરે તે ભોગવે નહિ—જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.

* જીવ અન્ય કરતો, અન્ય વેદે—જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.

**ટીકામૃત :–**

(૧) [સૌ પ્રથમ, આત્માનો નિત્યાનિત્ય સ્વભાવ સમજાવીને કર્તા-ભોક્તા વિષયક જિનકથિત અનેકાંત વર્ણવે છે :–]

૧. * પ્રત્યેક સમયે જે થતા અગુરુલઘુગુણના અહા
પરિણામથી, જીવ ક્ષણિક હોવાથી અને ચૈતન્યના;

૨. * અચલિત અન્વયરૂપ એવા ગુણ વડે નિત્ય જ સદા
હોવાથી, કો પર્યય થકી વિનાશ તે પામે તથા

૩. * કો પર્યયોથી તે નહીં વિનાશને પામે ખરે,
એ રીત દ્વિવિધ સ્વભાવવાળો જીવનો જ સ્વભાવ છે;

૪. * તેથી 'કરે છે જેહ તેહ જ ભોગવે છે [પણ] સદા,
અથવા 'બીજો કોઈ જ તેને ભોગવે છે' કે અહા;

૫. * 'જે ભોગવે છે તે જ [જીવ] કરે [જરૂર] છે' તેમ વા
'બીજો જ [કોઈ જીવ] કરે છે'—છે નહિ એકાંત આ.

(૨) [હવે, ક્ષણિક પર્યાયને જ વસ્તુ માનીને કર્તા-ભોક્તાના ભેદની માન્યતાને મિથ્યાત્વ કહીને નિત્યાત્માને અંતરંગમાં પ્રગટાવવાની પ્રેરણા કરે છે :–]

૧. * 'નેકાંત આ રીતે [સ્વભાવ મહીં જ] હોવા પણ છતાં,
પર્યાય જે ક્ષણ વર્તતી તેને જ પરમાર્થે અહા;

૨. * સત્-પણું જ હોવાથી ખરે તે વસ્તુ છે ત્યમ માનતાં,
અધ્યાસ વસ્તુપણા તણો કરી વસ્તુના કો અંશમાં;

૩. * ઋજુસૂત્રના એકાંતમાં રહી શુદ્ધનયના લોભથી,
જે એમ દેખે-'જે કરે છે તે જ ભોગવતો નથી;'

૪. * 'બીજો કરે છે [જીવ]ને [વળી] ભોગવે બીજો જ છે,'
દેખો અને જાણો અહો તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે;
૫. * એ કારણે કે પર્યયોનું ક્ષણિકપણું હોવા છતાં,
પર્યાયી જે ચૈતન્યનો ચમકાર એવો આત્મા;
૬. * તે તો અહો ટંકોત્કીર્ણ જ નિત્ય પ્રતિભાસે મહા
[મુજ] અંતરંગે, [તેમ પ્રતિભાસો અહો સહુ જીવમાં!]

ટીકા :–

(૧) [સૌ પ્રથમ, આત્માનો નિત્યાનિત્ય સ્વભાવ સમજાવીને કર્તા-ભોક્તા વિષયક જિનકથિત અનેકાંત વર્ણવે છે :–]

૧. * જીવ, પ્રતિસમયે સંભવતા (-દરેક સમયે થતા) અગુરુલઘુગુણના
* પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી અને
૨. * અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય
* હોવાથી, કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે
૩. * અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો—
* એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે;
૪. * તેથી 'જે કરે છે તે જ ભોગવે છે'
* અથવા 'બીજો જ ભોગવે છે,'
૫. * 'જે ભોગવે છે તે જ કરે છે'
* અથવા 'બીજો જ કરે છે'—એવો એકાંત નથી.

(૨) [હવે, ક્ષણિક પર્યાયને જ વસ્તુ માનીને કર્તા-ભોક્તાના ભેદની માન્યતાને મિથ્યાત્વ કહીને નિત્યાત્માને અંતરંગમાં પ્રગટાવવાની પ્રેરણા કરે છે :]

૧. * આમ અનેકાંત હોવા છતાં,
* જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ
૨. * સત્-પણું હોવાથી, તે જ વસ્તુ છે'
* એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને
૩. * શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને
* જે એમ દેખે—માને છે કે 'જે કરે છે તે જ નથી ભોગવતો,
૪. * બીજો કરે છે અને બીજો ભોગવે છે,'
* તે જીવ મિથ્યાદ્રષ્ટિ જ દેખવો-માનવો;
૫. * કારણ કે, વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં,
* વૃત્તિમાન (પર્યાયી) જે ચૈતન્યચમત્કાર (આત્મા)
૬. * તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ [અમારા]
* અંતરંગમાં પ્રતિભાસે છે [તેમ આ જગતના સૌ જીવોમાં પ્રતિભાસો!]

## કળશ – ૨૦૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા
∗ બીજા કોઈ અંધોએ—બાલિશ જનોએ (બૌદ્ધોએ)—

૨. ∗ કાળની ઉપાધિના કારણે
∗ પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને

૩. ∗ અતિવ્યાપ્તિને પામીને, શુદ્ધ ઋજુસૂત્રનયમાં
∗ રત થયા થકા ચૈતન્યને ક્ષણિક કલ્પીને,

૪. ∗ આ આત્માને છોડી દીધો; જેમ હારમાંનો
∗ દોરો નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ

૫. ∗ હારને છોડી દે છે [અને માત્ર મોતી જ મેળવે છે] તેમ.
∗ [આ રીતે આચાર્યશ્રીના આશયને સમજીને મારી પર્યાયદ્રષ્ટિ શીઘ્ર છૂટો અને મને દ્રવ્યદ્રષ્ટિ થાઓ.]

**કળશામૃત :–**

૧. * સંપૂર્ણ રીતે શુદ્ધ આત્માના અહો ઇચ્છુક જે,
કોઈ બીજા બાલિશ એવા અંધ બૌદ્ધોએ અરે;

૨. * [ત્રણ] કાળની જ ઉપાધિનું કારણ [ગ્રહી] તેના વડે,
પણ આતમામાં અતિ અશુદ્ધિ માનીને તેથી ખરે;

૩. * અતિવ્યાપ્તિ પામીને અહો ઋજુસૂત્રશુદ્ધનયે* અરે,
રત થઈ અહો ચૈતન્યને બસ ક્ષણિકમાત્ર જ કલ્પીને;

૪. * આ આતમાને છોડી દીધો, જેમ હાર મહીં ખરે,
નહીં દેખતાં દોરો, પરંતુ માત્ર જોતાં મોતી જે;

૫. * જ્યમ હાર છોડી દઈ [અરે તે માત્ર મોતી મેળવે,]
[તેથી જ પર્યયબુદ્ધિ છોડી હું કરું દ્રવદ્રષ્ટિને.]

---

∗ ઋજુસૂત્રશુદ્ધનયે = શુદ્ધ ઋજુસૂત્રનયની અપેક્ષાએ

## કળશ – ૨૦૯

ઉત્થાનિકા :–હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છે :–

શ્લોકાર્થ :–

૧. * કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો
* અથવા અભેદ હો, અથવા કર્તા અને
૨. * ભોક્તા બન્ને ન હો; વસ્તુને જ અનુભવો.
* જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી
૩. * મણિઓની માળા ભેદી શકાતી નથી, તેમ
* આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ
૪. * ચિંતામણિની માળા પણ કદી કોઈથી ભેદી
* શકાતી નથી; એવી આ આત્મારૂપી
૫. * માળા એક જ, અમને સમસ્તપણે પ્રકાશમાન હો
* (અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).

કળશામૃત :–

૧. * કર્તા અને ભોક્તા તણો હો ભેદ યુક્તિવશે ભલે,
અથવા અભેદ જ હો ભલે વા હો ભલે કર્તા અને
૨. * ભોક્તા ન બેય, [તમે] અહો બસ અનુભવો [નિજ] વસ્તુને.
દોરા મહીં જ્યમ ચતુર પુરુષોએ પરોવેલી અહા;
૩. * માળા મણિઓની ન ભેદી શકાય છે તે રીત આ,
[નિજ] આતમા માંહી પરોવેલી અહો ચૈતન્યના,
૪. * ચિંતામણિની સમાન માળા પણ ન ભેદી શકાય છે
કદી કોઈથી, એવી અહો આ આતમારૂપી ખરે;
૫. * માળા જ એક સમસ્ત રીતે હો પ્રકાશિત [અંતરે;]
[નિત્યત્વ આદિ વિકલ્પ છોડી અનુભવન કરજો હવે.]

## કળશ – ૨૧૦

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ કેવળ વ્યાવહારિક દ્રષ્ટિથી જ કર્તા અને કર્મ
⁎ [એ બેય] ભિન્ન ગણવામાં આવે છે, [પરંતુ] નિશ્ચયથી
૨. ⁎ જો વસ્તુને વિચારવામાં આવે, તો કર્તા અને કર્મ
⁎ [એ બેય જિનવરકથિત આગમમાં] સદા એક ગણવામાં આવે છે.

**કળશામૃત :–**

૧. * વ્યાવહારિક દ્રષ્ટિમાત્રથી કર્મ ને કર્તા ખરે,
[એ બેય] ભિન્ન ગણાય છે, [પણ અહો] નિશ્ચય વડે;
૨. * વિચારીયે જો વસ્તુને તો કર્મ ને કર્તા સદા,
[એ બેય] એક ગણાય છે [જિનકથિત આગમમાં અહા.]

## ગાથા – ૩૪૯ થી ૩૫૫

ઉત્થાનિકા :–હવે આ કથનને દ્રષ્ટાંત દ્વારા ગાથામાં કહે છે :–

ગાથા * જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.
* જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. ૩૫૦.
* જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.
* શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.
* —એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;
સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.
* શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,
ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.
* ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે,
ને દુઃખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુઃખી બને. ૩૫૫

### ટીકામૃત :–

(૧) [દ્રષ્ટાંત નં. ૧ – અતન્મયતાને કારણે શિલ્પીને કુંડળાદિ સાથે કર્તા–કર્માદિ સંબંધ માત્ર વ્યવહારથી જ કહેવાય છે :]

૧. * જેવી રીતે શિલ્પી કરે છે કુંડળાદિ કર્મને,
પરદ્રવ્યના પરિણામરૂપે છે અહો જે કર્મ તે;
૨. * [એરણ-] હથોડી આદિ જે પરદ્રવ્યના પરિણામ છે,
એવા અહો કરણો વડે શિલ્પી કરે છે કર્મને;
૩. * [એરણ-] હથોડી આદિ જે પરદ્રવ્યના પરિણામ છે,
શિલ્પી ગ્રહે છે તેહ કરણોને કરંતો કર્મને;
૪. * ને કુંડળાદિ કર્મનું ફળ ગામ આદિ જેહ છે
પરદ્રવ્યના પરિણામરૂપે, ભોગવે છે તેહને;
૫. * કિંતુ અનેકદરવપણું હોવાથી તે કરણાદિથી,
રે અન્યરૂપે હોઈને તન્મય થતો નથી તેહથી;
૬. * આ કારણે નિમિત્ત-નૈમિત્તિકભાવ થકી અહા,
કર્તા-કરમ ને ભોકર્તૃ-ભોગ્ય તણો જ છે વ્યવહાર ત્યાં.

(૨) [દ્રષ્ટાંત નં. ૧ : અતન્મયતાને કારણે આત્માને પુણ્ય-પાપાદિ જડકર્માદિ સાથે કર્તા-કર્માદિ સંબંધ વ્યવહારથી જ કહેવાય છે :]

૧. * તેવી જ રીતે આતમા પણ પુણ્ય-પાપાદિક જે,
પુદ્‌ગલદરવપરિણામરૂપ જડકર્મ તેહ કરે અને
૨. * મન-વચન-કાયા જે ખરે પુદ્‌ગલદરવપરિણામ છે,
એવા અહો કરણો વડે આત્મા કરે છે કર્મને;
૩. * મન-વચન-કાયા જે ખરે પુદ્‌ગલદરવપરિણામ છે,
એવા અહો કરણો તણું આત્મા કરે છે ગ્રહણ ને
૪. * પુણ્ય-પાપાદિ કરમનું છે સુખાદિક ફળ* ખરે,
પુદ્‌ગલદરવપરિણામરૂપ જે, ભોગવે છે તેમને,
૫. * કિંતુ અનેક દરવપણું હોવાથી તે કરણાદિથી,
રે અન્યરૂપે હોઈને તન્મય થતો નથી તેહથી;
૬. * આ કારણે નિમિત્ત-નૈમિત્તિકભાવ થકી અહા,
કર્તા-કરમ ને ભોકર્તૃ-ભોગ્ય તણો જ છે વ્યવહાર ત્યાં.

(૩) [દ્રષ્ટાંત નં. ૨ : કુંડળાદિ કરવાના સ્વપરિણામ સાથે તન્મયતા હોવાથી શિલ્પીને પોતાના પરિણામ સાથે કર્તા-કર્માદિ સંબંધ નિશ્ચયથી છે :]

૧. * વળી જેવી રીતે–તે જ શિલ્પી વર્તતો ઇચ્છક અહા,
રે કુંડળાદિ કાર્ય કરવાના સ્વપરિણામો તથા
૨. * હસ્તાદિના વ્યાપારની ચેષ્ટારૂપે પરિણામના**
એવા સ્વપરિણામોરૂપે જે કર્મને કરતો તથા
૩. * ચેષ્ટારૂપી તે કાર્યનું નિજ પરિણમનરૂપ જે અહા
ફળ દુઃખરૂપ, તેને અહો તે ભોગવે છે પણ યથા;
૪. * બસ એકદ્રવ્યપણા લીધે તે કર્મ ને ફળથી સદા,
અનન્ય હોવાથી જ તન્મય છે અહો તેઓ બધાં;
૫. * તેથી અહો પરિણામ ને પરિણામીભાવ થકી તહાં,
કર્તા-કરમ ને ભોકર્તૃ-ભોગ્ય તણો જ છે નિશ્ચય સદા.

---

* સુખદુઃખાદિ ફળ = અનુકૂળ-પ્રતિકૂળ બાહ્ય સંયોગો

* ચેષ્ટારૂપ પરિણામ = રાગ-દ્વેષની ચેષ્ટારૂપ પરિણામ

(૪) [દ્રષ્ટાંત નં. ૨ : આત્માને પોતાના રાગાદિ પરિણામ સાથે તન્મયતાને કારણે કર્તા-કર્માદિ સંબંધ નિશ્ચયથી છે :]

૧. * તેવી રીતે આ આતમા પણ વર્તતો ઇચ્છક અરે,
રાગાદિ પરિણામો તથા પ્રદેશના કંપનરૂપે;

૨. * એવી જ ચેષ્ટારૂપ નિજ પરિણમનરૂપ છે જે ખરે,
તેને કરે છે ને અહો દુઃખસ્વરૂપ છે એવું અરે;

૩. * ચેષ્ટારૂપી તે કર્મનું નિજ પરિણમનરૂપ છે સદા,
ફળ [સુખદુઃખરૂપ] તેહને છે ભોગવે આત્મા તથા

૪. * બસ એકદ્રવ્યપણા લીધે [તે કર્મ ને ફળથી અહા,]
અનન્ય હોવાથી જ તન્મય છે [અહો તેઓ બધાં;]

૫. * તેથી અહો પરિણામ ને પરિણામીભાવ થકી તહાં,
કર્તા-કરમ ને ભોકર્તૃ-ભોગ્ય તણો જ છે નિશ્ચય અહા.

ટીકા :–

(૧) [દ્રષ્ટાંત નં. ૧ : અતન્મયતાને કારણે શિલ્પીને કુંડળાદિ સાથે કર્તા–કર્માદિ સંબંધ માત્ર વ્યવહારથી જ કહેવાય છે :]

૧. * જેવી રીતે–શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર કુંડળ આદિ જે
* પરદ્રવ્યપરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,

૨. * હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક
* કરણો તેમના વડે કરે છે,

૩. * હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક
* કરણો તેમને ગ્રહણ કરે છે

૪. * અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ
* પરદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,

૫. * પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ, કરણ આદિથી)
* અન્ય હોવાથી તન્મય (કર્મકરણાદિમય) થતો નથી;

૬. * માટે નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ
* ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે;

(૨) [દ્રષ્ટાંત નં. ૧ : અતન્મયતાને કારણે આત્માને પુણ્ય-પાપાદિ જડકર્મો સાથે કર્તા-કર્માદિ સંબંધ માત્ર વ્યવહારથી જ કહેવાય છે :]

૧. * તેવી રીતે—આત્મા પણ પુણ્ય-પાપ આદિ જે
* પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક (-પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,

૨. * કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક
* કરણો તેમના વડે કરે છે,
૩. * કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલપરિણામાત્મક
* કરણો તેમને ગ્રહણ કરે છે અને
૪. * પુણ્ય-પાપ આદિ કર્મનું જે સુખ-દુઃખ આદિ
* પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,
૫. * પરંતુ અનેક દ્રવ્યપણાને લીધે તેમનાથી
* અન્ય હોવાથી તન્મય (તે-મય) થતો નથી;
૬. * માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ
* ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.

(૩) [દ્રષ્ટાંત નં. ૨ : કુંડળાદિ કરવાના સ્વપરિણામ સાથે તન્મયતા હોવાથી શિલ્પીને પોતાના પરિણામ સાથે કર્તા-કર્મ સંબંધ નિશ્ચયથી છે :]

૧. * વળી જેવી રીતે—તે જ શિલ્પી, કરવાનો ઇચ્છક વર્તતો થકો,
* ચેષ્ટારૂપ (અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને
૨. * હસ્ત આદિના વ્યાપારરૂપ)
* એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા
૩. * દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક
* ફળ તેને ભોગવે છે, અને
૪. * એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી)
* અનન્ય હોવાથી તન્મય (કર્મમય ને કર્મફળમય) છે;
૫. * માટે પરિણામપરિણામીભાવથી ત્યાં જ
* કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે;

(૪) [દ્રષ્ટાંત નં. ૨ : આત્માને પોતાના રાગાદિ પરિણામ સાથે તન્મયતાને કારણે કર્તા-કર્માદિ સંબંધ નિશ્ચયથી છે :]

૧. * તેવી રીતે-આત્મા પણ, કરવાનો ઇચ્છક વર્તતો થકો,
* ચેષ્ટારૂપ (-રાગાદિપરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ)
૨. * એવું જે આત્મપરિણામાત્મક કર્મ
* તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે
૩. * ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક [સુખ-દુઃખરૂપ]
* ફળ તેને ભોગવે છે, અને

૪. * એકદ્રવ્યપણાને લીધે
 * તેમનાથી અનન્ય હોવાથી તન્મય (તે-મય) છે;
૫. * માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ
 * કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.

## કળશ – ૨૧૧

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. ∗ ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે,
∗ અને પરિણામ પોતાના આશ્રયભૂત
૨. ∗ પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ
∗ (કારણ કે પરિણામો પોતપોતાના
૩. ∗ દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો
∗ અન્ય આશ્રય નથી હોતો) [વસ્તુસ્વભાવનો આ નિયમ છે;]
૪. ∗ વળી કર્મ કર્તા વિના હોતું નથી,
∗ તેમજ વસ્તુની એકરૂપે સ્થિતિ (અર્થાત્ ફૂટસ્થ સ્થિતિ) હોતી નથી
૫. ∗ (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી
∗ સર્વથા નિત્યપણું બાધાસહિત છે);
૬. ∗ માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની
∗ કર્તા છે (–એ નિશ્ચય-સિદ્ધાંત છે).

કળશામૃત :–.

૧. * પરિણામ જે છે તે ખરેખર કર્મ છે નિશ્ચય વડે,
ને હોય છે પરિણામ પોતાના જ આશ્રયભૂત રે;
૨. * પરિણામી [દ્રવ્ય]તણું જ, નહીં કો અન્ય [દ્રવ્ય]તણું સદા,
એ કારણે કે સૌ પરિણામો અહો નિજ નિજના;
૩. * દ્રવ્યાશ્રયે છે [કિંતુ] નથી કો અન્યના પરિણામનો
અન્ય આશ્રય, [–છે અહા આ નિયમ વસ્તુસ્વભાવનો;]
૪. * કર્તા વિના વળી કર્મ [કદી] હોતું નથી તેમ જ ખરે,
નથી વસ્તુની સ્થિતિ રહેતી [સર્વદા] એક જ રૂપે;
૫. * (એ કારણે કે દ્રવ્યપર્યય સ્વરૂપ વસ્તુ હોઈને,
રે 'નિત્યપણું છે સર્વથા' [એ કથન] બાધાસહિત છે;
૬. * માટે જ વસ્તુ સ્વયં સ્વયંના પરિણમનરૂપ કર્મની
કર્તા જ છે, –સિદ્ધાંત એ [જિનકથિત] નિશ્ચય [નય] થકી.

## કળશ-૨૧૨

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી
* વસ્તુ અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે

૨. * તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર
* પ્રવેશતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ

૩. * પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે.
* (આચાર્યદેવ કહે છે કે–) આમ હોવા છતાં, મોહિત જીવ, પોતાના સ્વભાવથી ચલિત થઈને

૪. * આકુળ થતો થકો, શા માટે ક્લેશ પામે છે?
* [આમ આચાર્યશ્રી આશ્ચર્ય અને ખેદપૂર્વક કહે છે.]

**કળશામૃત :–**

૧. * જેને સ્વયં શક્તિ અનંતી પ્રગટ છે એવી સદા,
કો' વસ્તુ બીજી વસ્તુની લોટે બહાર ભલે અહા;

૨. * તોપણ અહો તે વસ્તુ બીજી વસ્તુની અંદર કદા
ન પ્રવેશતી, એ કારણે કે સર્વ વસ્તુ [જગતમાં;]

૩. * નિજ નિજ સ્વભાવ મહીં જ નિશ્ચિત છે [ખરે] એ માન્યતા
હોવા છતાં, પણ જીવ આ મોહી થઈને ચલિત કાં?

૪. * રે આકુલિત થયો થકો ક્યમ ક્લેશ પામે છે અહા!
[આચાર્યશ્રીને આ રીતે છે ખેદ ને અચરજ મહા!]

## કળશ - ૨૧૩

ઉત્થાનિકા :–ફરી આગળની ગાથાઓની સૂચનારૂપે બીજું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. * આ લોકમાં એક વસ્તુ અન્ય વસ્તુની નથી,
   * તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે—
૨. * એ નિશ્ચય છે. આમ હોવાથી
   * કોઈ અન્ય વસ્તુ અન્ય વસ્તુની બહાર
૩. * લોટતાં છતાં તેને શું કરી શકે?
   * [આ રીતે આચાર્યશ્રીએ આગામી ગાથાઓની સૂચના કરી.]

કળશામૃત :–

૧. * આ લોકમાં કો એક વસ્તુ અન્ય વસ્તુની નથી;
તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ [માત્ર] જ છે ખરી;
૨. * નિશ્ચય તણું આ કથન છે ને આમ હોવાથી અરે,
કો અન્ય વસ્તુ અન્ય વસ્તુની બહાર અહો ભલે;
૩. * લોટે છતાં પણ તેહને વસ્તુ અહો શું કરી શકે?
[આગામી ગાથાઓ તણી કરી સૂચના શ્રી મુનિવરે.]

## કળશ - ૨૧૪

ઉત્થાનિકા :–હવે, એ જ અર્થને દ્રઢ કરતું ત્રીજું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. * એક વસ્તુ સ્વયં પરિણમતી અન્ય વસ્તુને
   * કાંઈ પણ કરી શકે છે—એમ જે માનવામાં આવે છે,

૨. * તે વ્યવહારદ્રષ્ટિથી જ માનવામાં આવે છે. નિશ્ચયથી આ લોકમાં
   * અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી

૩. * (અર્થાત્ એક વસ્તુને અન્ય વસ્તુ સાથે
   * કાંઈ પણ સંબંધ નથી) [-આ વસ્તુસ્થિતિનો નિશ્ચય-સિદ્ધાંત છે.]

કળશામૃત :—

૧. * પોતે પ્રણમતી અન્ય વસ્તુને કદીયે વસ્તુ કો'
કંઈ પણ કરી શકતી ખરે, છે માન્યતા એવી અહો;

૨. * વ્યવહારદ્રષ્ટિથી જ [કિંતુ] નિશ્ચયે આ લોકમાં,
કો અન્ય વસ્તુને નથી કંઈ પણ બીજી વસ્તુ અહા;

૩. * તેથી જ કોઈ વસ્તુની સાથે ન કોઈ વસ્તુને,
સંબંધ કાંઈ પણ ખરે [-સિદ્ધાંત છે આ નિશ્ચયે.]

## ગાથા – ૩૫૬ થી ૩૬૫

ઉત્થાનિકા :—(‘ખડી તો ખડી જ છે’—એ નિશ્ચય છે; ‘ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે’ એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. તેવી રીતે ‘જ્ઞાયક તો જ્ઞાયક જ છે‘—એ નિશ્ચય છે; ‘જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે’ એમ કહેવું એ પણ વ્યવહારકથન છે.) આવા નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દ્રષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છે :—

ગાથા * જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.
* જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.
* જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.
* જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.
* એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.
* જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.
* જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.
* જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.
* જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
સુદ્રષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.
* એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,
ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.

ટીકામૃત :

[ઉત્થાનિકા હરિગીત છંદમાં :]

૧. * ‘છે સેટિકા બસ સેટિકા માત્ર જ’—અહો નિશ્ચય થકી,
ને ‘નિજ સ્વભાવથી પ્રણમતી ખડી, ભીંત-ભાવે પ્રણમતી
૨. * ભીંતને, અહો ધોળી કરે છે’ [-કથન એ વ્યવહાર છે,]
તેવી રીતે ‘જ્ઞાયક અહો જ્ઞાયક જ છે’—નિશ્ચયનયે;

૩. * ‘જ્ઞાયકસ્વભાવે પ્રણમતો તે, પરપણે જે પ્રણમતાં
એવા અહો પરદ્રવ્યને, જાણે ખરેખર છે’ અહા;
૪. * એ કથન પણ વ્યવહારનું છે, એ રીતે નયદ્વય વડે,
આગામી ગાથાઓ મહીં દ્રષ્ટાંતથી કહેશે હવે.

(૧A) [સૌ પ્રથમ ‘જ્ઞાયક’ના સંદર્ભમાં ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત કહે છે :–]

૧. * આ જગતમાં ‘ખડી’–દ્રવ્ય છે તે શ્વેતગુણથી ભરેલ છે,
વ્યવહારથી ભીંત-આદિ પરદ્રવ્યો ખડીના શ્વૈત્ય છે;
૨. * (અર્થાત્ એ ભીંત-આદિ શ્વેત કરાવવાને યોગ્ય છે.)
આ ‘શ્વેત કરનારી ખડી, છે શ્વેત કરવાયોગ્ય જે;
૩. * ભીંત આદિ પરદ્રવ્યોની છે કે છે નથી?’ એવો હવે
–એ બેયનો વિચારીએ સંબંધ તત્ત્વની દ્રષ્ટિએ:
૪. * રે તે ખડી ભીંત-આદિ પરદ્રવ્યો તણી જો હોય તો,
શું થાય [ભીંત-ખડી મહીં] વિચારીએ પહેલાં અહો;
૫. * ‘જે હોય જેનું તે [ખરેખર] હોય તે જ’ [જિનો કહે,]
‘જ્યમ આતમાનું જ્ઞાન હોવાથી જ આત્મા જ્ઞાન છે;’
૬. * –આવો યથાર્થ સંબંધ [બે વચ્ચે] જીવંત જ હોઈને,
ભીંત–આદિની ખડી હોય તો ખડી ભીંત આદિ જ હોય ને;
૭. * ભીંત-આદિથી નવ હોય રે, કોઈ બીજું પણ દ્રવ્ય તે,
ને એમ હોતાં, દ્રવ્ય ખડીનું પામશે ઉચ્છેદને.
૮. * કિંતુ નહીં ઉચ્છેદ કોઈ દ્રવ્યનો થાતો કદા,
એ કારણે કે એક દ્રવ્ય તણું જ અન્યરૂપે સદા;
૯. * સંક્રમણ તો નિષેધ્ય છે પૂર્વોક્ત જિનવર-વચનથી,
તેથી થયું એ સિદ્ધ કે ખડી ભીંત-આદિની નથી.
૧૦. * આ વાતને વિચારીએ [વિશેષરૂપે આ રીતે:]
જો ભીંત-આદિની ખડી નથી તો ખડી તે કોની છે?
૧૧. * ‘ છે ખડી અહો ખડીની જ’–તો આ ખડીથી જુદી કઈ બીજી
કો અન્ય ખડી છે કે અહો છે જેહની રે આ ખડી?
૧૨. * આ ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી કિંતુ અહા,
તે બેય છે–‘સ્વ’ ‘સ્વામી’રૂપે અંશ [એક જ વસ્તુના;]

૧૩. * તે સ્વ અને સ્વામીરૂપે બે અંશના વ્યવહારથી
શું સાધ્ય છે? કંઈ સાધ્ય નથી પછી તો અહો ખડી કોઈની
૧૪. * નથી, પણ અહો બસ છે ખડી જ ખડી ખરેખર નિશ્ચયે,
આ રીત [ખડી ને ભીંતનું] દ્રષ્ટાંત કહ્યું [શ્રી મુનિવરે.]

(૧B) [હવે દ્રાષ્ટાંત કહે છે કે 'જ્ઞાયક તો જ્ઞાયક જ છે' :]

૧. * છે જેમ આ દ્રષ્ટાંત તેમ જ આ રીતે દ્રાષ્ટાંત છે :
[કરુણા કરી આચાર્યશ્રી સમજાવશે તેને હવે.]
૨. * આ જગતમાં ચેતન દરવ જે જ્ઞાનગુણથી ભરેલ છે,
વ્યવહારથી સૌ પુદ્ગલાદિ દ્રવ્ય તેના જ્ઞેય છે.
૩. * આ જાણનારો ચેતયિતા, જે જણાવાયોગ્ય છે,
તે પુદ્ગલાદિ દ્રવ્યનો છે કે નથી તેનો ખરે?
૪. * એ બેયનો વિચારીએ સંબંધ તત્ત્વની દ્રષ્ટિએ,
રે ચેતયિતા પુદ્ગલાદિ દ્રવ્યનો જો હોય રે;
૫. * તો થાય શું [એ બેયમાં] વિચારીએ પહેલાં અહીં,
'જે હોય જેનું તે [ખરેખર] હોય તે જ' [બીજું નહીં;]
૬. * જ્યમ આતમાનું જ્ઞાન હોવાથી જ આત્મા જ્ઞાન છે,
આવો યથાર્થ સંબંધ [બે વચ્ચે] જીવંત જ હોઈને,
૭. * જો ચેતયિતા પુદ્ગલાદિનો [ખરેખર] હોય તો,
તે ચેતયિતા હોય પુદ્ગલ આદિ સ્વરૂપ [સ્વયં] અહો;
૮. * ને પુદ્ગલાદિ દ્રવ્યથી નવ હોય બીજું દ્રવ્ય તે
ને એમ હોતાં, ચેતયિતા પામશે ઉચ્છેદને;
૯. * કિંતુ નહીં ઉચ્છેદ કોઈ દ્રવ્યનો થાતો કદા,
એ કારણે કે એક દ્રવ્ય તણું જ અન્યરૂપે સદા;
૧૦. * સંક્રમણ તો નિષેધ્ય છે પૂર્વોક્ત [જિનવર-વચનથી,]
તેથી થયું એ સિદ્ધ–'જ્ઞાયક' પુદ્ગલાદિનો નથી.
૧૧. * આ વાતને વિચારીએ [વિશેષરૂપે આ રીતે :]
જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો તે ખરે;
૧૨. * કોનો અહો છે? તે અરે જ્ઞાયક તણો જ્ઞાયક જ છે.
આ ચેતયિતાથી જુદો એવો બીજો કોઈ અરે;

૧૩. * છે ચેતયિતા જેહનો છે ચેતયિતા આ ખરે,
આ ચેતયિતાથી જુદો કો અન્ય ચેતયિતા ન છે;
૧૪. * કિંતુ બન્ને છે અહો સ્વ-સ્વામીરૂપ અંશો ખરે,
બે અંશના વ્યવહારથી તે સ્વ અને સ્વામીરૂપે
૧૫. * શું સાધ્ય છે? કંઈ સાધ્ય નથી પછી જાણનારો તો ખરે
નથી કોઈનો, જ્ઞાયક ખરે જ્ઞાયક જ છે બસ નિશ્ચયે;
૧૬. * (આ રીત એમ બતાવ્યું અહીં કે 'આતમા પરદ્રવ્યને,
જાણે અહો છે' તે ખરે વ્યવહારનયનું કથન છે;
૧૭. * ને 'આતમા જાણે સ્વયંને છે' અહો એ કથનમાં,
પણ છે સ્વ ને સ્વામીરૂપે અંશો અહો વ્યવહારના;'
૧૮. * તેથી ખરે 'જ્ઞાયક જ છે જ્ઞાયક' અહો નિશ્ચયનયે,
[આ રીત જ્ઞાયક-જ્ઞેયનો સંબંધ વર્ણ્યો* મુનિવરે]

(૨A) [હવે 'દર્શક'ના સંદર્ભમાં ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત ફરી કહે છે :]

૨A૧. * દ્રષ્ટાંત ને દ્રાષ્ટાંત કહ્યું જેવી રીતે 'જ્ઞાયક' વિષે,
વળી તે રીતે કહેવાય છે 'દર્શક' વિષે [બન્ને નયે.]
૧. * આ જગતમાં 'ખડી'—દ્રવ્ય છે તે શ્વેતગુણથી ભરેલ છે,
વ્યવહારથી ભીંત-આદિ પરદ્રવ્યો ખડીના શ્વૈત્ય છે;
૨. * (અર્થાત્ તે ભીંત-આદિ શ્વેત કરાવવાને યોગ્ય છે.)
આ શ્વેત કરનારી ખડી છે શ્વેત કરવાયોગ્ય જે;
૩. * ભીંત આદિ પરદ્રવ્યોની છે કે છે નથી?'—એવો હવે
-એ બેયનો વિચારીએ સંબંધ તત્ત્વની દ્રષ્ટિએ;
૪. * રે તે ખડી ભીંત-આદિ પરદ્રવ્યો તણી જો હોય તો,
શું થાય [ભીંત-ખડી મહીં] વિચારીએ પહેલાં અહો :
૫. * 'જે હોય જેનું તે [ખરેખર] હોય તે જ' [જિનો કહે,]
'જ્યમ આતમાનું જ્ઞાન હોવાથી જ આત્મા જ્ઞાન છે;'
૬. * -આવો યથાર્થ સંબંધ [બે વચ્ચે] જીવંત જ હોઈને,
ભીંત—આદિની ખડી હોય તો ખડી ભીંત-આદિ જ હોય ને;
૭. * ભીંત-આદિથી નવ હોય રે કોઈ બીજું પણ દ્રવ્ય તે,
ને એમ હોતાં, દ્રવ્ય ખડીનું પામશે ઉચ્છેદને.

* વર્ણ્યો = વર્ણવ્યો, વર્ણન કર્યું, વિસ્તારથી સમજાવ્યું.

૮. * કિંતુ નહીં ઉચ્છેદ કોઈ દ્રવ્યનો થાતો કદા,
એ કારણે કે એક દ્રવ્ય તણું જ અન્યરૂપે સદા;
૯. * સંક્રમણ તો નિષેધ્ય છે પૂર્વોક્ત જિનવર-વચનથી;
તેથી થયું એ સિદ્ધ કે ખડી ભીંત-આદિની નથી.
૧૦. * આ વાતને વિચારીએ [વિશેષરૂપે આ રીતે :]
જો ભીંત-આદિની ખડી નથી તો ખડી તે કોની છે?
૧૧. * 'છે ખડી અહો ખડીની જ'તો આ ખડીથી જુદી કઈ બીજી,
કો અન્ય ખડી છે કે અહો છે જેહની રે આ ખડી?
૧૨. * આ ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી કિંતુ અહા,
તે બેય છે–'સ્વ' 'સ્વામી'રૂપે અંશ [એક જ વસ્તુના;]
૧૩. * તે સ્વ અને સ્વામીરૂપે બે અંશના વ્યવહારથી
શું સાધ્ય છે? કંઈ સાધ્ય નથી પછી તો અહો ખડી કોઈની
૧૪. * નથી, પણ અહો બસ છે ખડી જ ખડી [ખરેખર] નિશ્ચયે;
આ રીત [ખડી ને ભીંતનું] દ્રષ્ટાંત કહ્યું [શ્રી મુનિવરે.]

(૨B) [હવે દ્રાષ્ટાંત કહે છે કે દર્શક તો દર્શક જ છે :]

૧. * કહ્યું જેમ આ દ્રષ્ટાંત તેમ જ આ રીતે દ્રાષ્ટાંત છે :
[કરૂણા કરી આચાર્યશ્રી સમજાવશે તેને હવે.]
૨. * આ જગતમાં ચેતન દરવ દર્શનસ્વભાવથી પૂર્ણ છે,
વ્યવહારથી સૌ પુદ્ગલાદિ આતમાના દ્રશ્ય છે;
૩. * આ આતમા 'દર્શક' અહો, જે 'દ્રશ્ય' છે–'શ્રદ્ધેય' છે,
તે પુદ્ગલાદિ દ્રવ્યનો છે કે નથી તેનો ખરે?
૪. * એ બેયનો વિચારીએ સંબંધ તત્ત્વની દ્રષ્ટિએ :
રે ચેતયિતા પુદ્ગલાદિ દ્રવ્યનો જો હોય રે;
૫. * શું થાય [દર્શક-દ્રશ્યમાં] વિચારીએ પહેલાં અહીં,
'જે હોય જેનું તે [ખરેખર] હોય તે જ' [બીજું નહીં;]
૬. * જ્યમ આતમાનું જ્ઞાન હોવાથી જ આત્મા જ્ઞાન છે,
આવો યથાર્થ સંબંધ [બે વચ્ચે] જીવંત જ હોઈને;
૭. * જો ચેતયિતા પુદ્ગલાદિનો [ખરેખર] હોય તો,
તે ચેતયિતા હોય પુદ્ગલ આદિ સ્વરૂપ [સ્વયં] અહો;
૮. * ને પુદ્ગલાદિ દ્રવ્યથી નવ હોય બીજું દ્રવ્ય તે
ને એમ હોતાં, ચેતયિતા પામશે ઉચ્છેદને;

૯. * કિંતુ નહીં ઉચ્છેદ કોઈ દ્રવ્યનો થાતો કદા,
એ કારણે કે એક દ્રવ્ય તણું જ અન્યરૂપે સદા;
૧૦. * સંક્રમણ તો નિષેધ્ય છે પૂર્વોક્ત [જિનવર-વચનથી,]
તેથી થયું એ સિદ્ધ–'દર્શક' પુદ્‌ગલાદિનો નથી.
૧૧. * આ વાતને વિચારીએ [વિશેષરૂપે આ રીતે,]
જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો તે ખરે;
૧૨. * કોનો અહો છે? તે અરે દર્શક તણો દર્શક જ છે,
આ ચેતયિતાથી જુદો એવો બીજો કોઈ અરે;
૧૩. * છે ચેતયિતા જેહનો છે ચેતયિતા આ ખરે,
આ ચેતયિતાથી જુદો કો અન્ય ચેતયિતા ન છે;
૧૪. * કિંતુ બન્ને છે અહો સ્વ-સ્વામીરૂપ અંશો ખરે,
બે અંશના વ્યવહારથી તે સ્વ અને સ્વામીરૂપે
૧૫. * શું સાધ્ય છે? કંઈ સાધ્ય નથી પછી દેખનારો તો ખરે
નથી કોઈનો, દર્શક ખરે દર્શક જ છે બસ નિશ્ચયે;
૧૬. * (આ રીત એમ બતાવ્યું અહીં કે 'આતમા પરદ્રવ્યને,
દેખે જ વા શ્રદ્ધા કરે'—વ્યવહારનયનું કથન છે;
૧૭. * ને દેખતો વા શ્રદ્ધતો આત્મા સ્વને—એ કથનમાં
પણ છે 'સ્વ' ને 'સ્વામી' તણા અંશો અહો વ્યવહારના;
૧૮. * તેથી ખરે દર્શક અહો દર્શક જ છે નિશ્ચયનયે;
[આ રીત દર્શક-દ્રશ્યનો સંબંધ વર્ણ્યો મુનિવરે.]

(3A) [હવે 'અપોહક (-ત્યાજક)'ના સંદર્ભમાં ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત કહે છે :–]

3A ૧. * દ્રષ્ટાંત ને દ્રાષ્ટાંત કહ્યું જેવી રીતે 'દર્શક' વિષે,
વળી તે રીતે કહેવાય છે 'ત્યાજક' વિષે [બન્ને નયે.]
૨. * આ જગતમાં 'ખડી'—દ્રવ્ય છે તે શ્વેતગુણથી ભરેલ છે,
વ્યવહારથી ભીંત-આદિ પરદ્રવ્યો ખડીના શ્વૈત્ય છે;
૩. * (અર્થાત્ તે ભીંત-આદિ શ્વેત કરાવવાને યોગ્ય છે.)
આ શ્વેત કરનારી ખડી છે શ્વેત કરવાયોગ્ય જે;
૪. * ભીંત આદિ પરદ્રવ્યોની છે કે છે નથી?'—એવો હવે
–એ બેયનો વિચારીએ સંબંધ તત્ત્વની દ્રષ્ટિએ;
૫. * રે તે ખડી ભીંત-આદિ પરદ્રવ્યો તણી જો હોય તો,
શું થાય [ભીંત-ખડી મહીં] વિચારીએ પહેલાં અહો :

૬. * 'જે હોય જેનું તે [ખરેખર] હોય તે જ' [જિનો કહે,]
'જ્યમ આતમાનું જ્ઞાન હોવાથી જ આત્મા જ્ઞાન છે;'
૭. * –આવો યથાર્થ સંબંધ [બે વચ્ચે] જીવંત જ હોઈને,
ભીંત-આદિની ખડી હોય તો ખડી ભીંત–આદિ જ હોય ને;
૮. * ભીંત-આદિથી નવ હોય રે કોઈ બીજું પણ દ્રવ્ય તે,
ને એમ હોતાં, દ્રવ્ય ખડીનું પામશે ઉચ્છેદને.
૯. * કિંતુ નહીં ઉચ્છેદ કોઈ દ્રવ્યનો થાતો કદા,
એ કારણે કે એક દ્રવ્ય તણું જ અન્યરૂપે સદા;
૧૦. * સંક્રમણ તો નિષેધ્ય છે પૂર્વોક્ત જિનવર-વચનથી;
તેથી થયું એ સિદ્ધ કે ખડી ભીંત-આદિની નથી.
૧૧. * આ વાતને વિચારીએ [વિશેષરૂપે આ રીતે :]
જો ભીંત-આદિની ખડી નથી તો ખડી તે કોની છે?
૧૨. * 'છે ખડી અહો ખડીની જ'–તો આ ખડીથી જુદી કઈ બીજી,
કો અન્ય ખડી છે કે અહો છે જેહની રે આ ખડી?
૧૩. * આ ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી કિંતુ અહા,
તે બેય છે–'સ્વ' 'સ્વામી'રૂપે અંશ [એક જ વસ્તુના;]
૧૪. * તે સ્વ અને સ્વામીરૂપે બે અંશના વ્યવહારથી
શું સાધ્ય છે? કંઈ સાધ્ય નથી પછી તો અહો ખડી કોઈની
૧૫. * નથી, પણ અહો બસ છે ખડી જ ખડી [ખરેખર] નિશ્ચયે;
આ રીત [ખડી ને ભીંતનું] દ્રષ્ટાંત કહ્યું [શ્રી મુનિવરે.]

(3B) [હવે દ્રાષ્ટાંત કહે છે કે અપોહક (-ત્યાજક) તો અપોહક (-ત્યાજક) જ છે :]

3B * કહ્યું જેમ આ દ્રષ્ટાંત તેમ જ આ રીતે દ્રાષ્ટાંત છે :
[કરૂણા કરી આચાર્યશ્રી સમજાવશે તેને હવે.]
૧. * આ જગતમાં જે ચેતયિતા જ્ઞાનદર્શન પૂર્ણ છે,
પરના [ગ્રહણ ને] ત્યાગના જ અભાવરૂપ સ્વભાવ જે;
૨. * એવું અહો આ દ્રવ્ય છે, વ્યવહારથી તેને ખરે,
સહુ પુદ્‌ગલાદિ દ્રવ્ય પર તે ત્યાગ કરવાયોગ્ય છે.
૩. * આ ત્યાગનારો ચેતયિતા, ત્યાગવાને યોગ્ય જે,
તે પુદ્‌ગલાદિ દ્રવ્યનો છે કે નથી તેનો ખરે?
૪. * –એ બેયનો વિચારીએ સંબંધ તત્ત્વની દ્રિટિએ :
રે ચેતયિતા પુદ્‌ગલાદિ દ્રવ્યનો જો હોય રે;

૫. * તો થાય શું [એ બેયમાં] વિચારીએ પહેલાં અહીં,
'જે હોય જેનું તે [ખરેખર] હોય તે જ' [બીજું નહીં;]
૬. * જ્યમ આતમાનું જ્ઞાન હોવાથી જ આત્મા જ્ઞાન છે,
આવો યથાર્થ સંબંધ [બે વચ્ચે] જીવંત જ હોઈને;
૭. * જો ચેતયિતા પુદ્‌ગલાદિનો [ખરેખર] હોય તો,
તે ચેતયિતા હોય પુદ્‌ગલ આદિ સ્વરૂપ [સ્વયં] અહો;
૮. * ને પુદ્‌ગલાદિ દ્રવ્યથી નવ હોય બીજું દ્રવ્ય તે
ને એમ હોતાં ચેતયિતા પામશે ઉચ્છેદને;
૯. * કિંતુ નહીં ઉચ્છેદ કોઈ દ્રવ્યનો થાતો કદા,
એ કારણે કે એક દ્રવ્ય તણું જ અન્યરૂપે સદા;
૧૦. * સંક્રમણ તો નિષેધ્ય છે પૂર્વોક્ત [જિનવર-વચનથી,]
તેથી થયું એ સિદ્ધ—ત્યાજક પુદ્‌ગલાદિનો નથી.
૧૧. * આ વાતને વિચારીએ [વિશેષરૂપે આ રીતે,]
જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો તે ખરે;
૧૨. * કોનો અહો છે? તે અરે 'ત્યાજક' તણો 'ત્યાજક' જ છે,
આ ચેતયિતાથી જુદો એવો બીજો કોઈ અરે;
૧૩. * છે ચેતયિતા જેહનો છે ચેતયિતા આ ખરે,
આ ચેતયિતાથી જુદો કો અન્ય ચેતયિતા ન છે;
૧૪. * કિંતુ બન્ને છે અહો સ્વ-સ્વામીરૂપ અંશો ખરે,
બે અંશના વ્યવહારથી તે સ્વ અને સ્વામીરૂપે
૧૫. * શું સાધ્ય છે? કંઈ સાધ્ય નથી પછી ત્યાગનારો તો ખરે
નથી કોઈનો, ત્યાજક ખરે ત્યાજક જ છે બસ નિશ્ચયે;
૧૬. * (આ રીત એમ બતાવ્યું અહીં કે 'આતમા પરદ્રવ્યને,
ત્યાગે—અપોહે છે—અરે વ્યવહારનયનું કથન છે;
૧૭. * આત્મા ગ્રહે છે જ્ઞાનદર્શનમય સ્વયંને—કથનમાં
પણ છે 'સ્વ' ને 'સ્વામી' તણા અંશો અહો વ્યવહારના;
૧૮. * તેથી ખરે 'ત્યાજક' અહો 'ત્યાજક' જ છે નિશ્ચયનયે;
[આ રીત ત્યાજક-ત્યાજ્યનો સંબંધ વર્ણ્યો મુનિવરે.]

હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છે :–

* [જ્ઞાયક અને દર્શક, અપોહકનું સ્વરૂપ નિશ્ચયનયે
સમજાવીને, આચાર્યશ્રી] વ્યવહાર-કથન કરે હવે.

(૪A) [સૌ પ્રથમ જ્ઞાનગુણના વ્યવહારનું દ્રષ્ટાંત કહે છે :]

૧. * જેવી રીતે એ શ્વેતગુણથી ભરેલ ભાવમયી સદા,
રે તે જ ખડી, પોતે નહીં ભીંત-આદિ દ્રવ્યરૂપે અહા;

૨. * પરિણમન કરતી થકી અને નહીં ભીત આદિ દ્રવ્યને
નિજભાવરૂપ પ્રણમાવતી થકી, ભીંત આદિ દ્રવ્ય છે

૩. * નિમિત્ત જેને, એહ પોતાના જ શ્વેતસ્વભાવના
પરિણામથી ઉત્પાદ પામતી, છે નિમિત્ત ખડી અહા;

૪. * એવા અહો ભીંત-આદિના, નિજભાવના પરિણામથી
જે ઊપજતા ભીંત-આદિ દ્રવ્યોને, અહો નિજભાવથી;

૫. * રે ખડી કરે છે શ્વેત—એમ કરાય છે વ્યવહાર આ;
[ખડી-ભીંતના દ્રષ્ટાંતથી વ્યવહાર સમજાવ્યો અહા.]

(૪B) [હવે જ્ઞાનગુણના વ્યવહારનો સિદ્ધાંત સમજાવે છે :]

૧. * તેવી રીતે નિજ જ્ઞાનગુણથી ભરેલ ભાવમયી સદા
રે ચેતયિતા પણ, ન પોતે પુદ્ગલાદિ દ્રવ્યના;

૨. * નિજભાવરૂપે પરિણમન કરતો થકો વળી તે અહા,
સૌ પુદ્ગલાદિ દ્રવ્યને નિજભાવરૂપ નહીં કદા

૩. * પ્રણમાવતો, રે પુદ્ગલાદિ દ્રવ્ય છે જેને અહા,
નિમિત્ત એવા જ્ઞાનગુણથી ભરેલ નિજભાવો તણા;

૪. * પરિણામથી જે ઊપજતો એ ચેતયિતા છે અહા,
નિમિત્ત જેને તેહ પોતાના અહો નિજભાવના;

૫. * પરિણામથી જે ઊપજતા પરદ્રવ્ય પુદ્ગલ આદિને
જાણે જ છે નિજભાવથી—વ્યવહાર એમ કરાય છે.

(૫A) [હવે દર્શનગુણના વ્યવહારનું દ્રષ્ટાંત કહે છે :]

૧. * જેવી રીતે એ શ્વેતગુણથી ભરેલ ભાવમયી સદા,
રે તે જ ખડી, પોતે નહીં ભીંત-આદિ દ્રવ્યરૂપે અહા;

૨. * પરિણમન કરતી થકી અને નહીં ભીત આદિ દ્રવ્યને
નિજભાવરૂપ પ્રણમાવતી થકી, ભીંત આદિ દ્રવ્ય છે

3. * નિમિત્ત જેને, એહ પોતાના જ શ્વેતસ્વભાવના
પરિણામથી ઉત્પાદ પામતી, છે નિમિત્ત ખડી અહા
૪. * એવા અહો ભીંત-આદિના, નિજભાવના પરિણામથી
રે ઊપજતા ભીંત-આદિ દ્રવ્યોને, અહો નિજભાવથી;
૫. * રે ખડી કરે છે શ્વેત—એમ કરાય છે વ્યવહાર આ;
[ખડી-ભીંતના દ્રષ્ટાંતથી વ્યવહાર સમજાવ્યો અહા.]

(૫B) [હવે દર્શનગુણના વ્યવહારનો સિદ્ધાંત સમજાવે છે :]

૧. * તેવી રીતે દર્શનસ્વભાવી ગુણથી પૂરણ અહા
રે ચેતયિતા પણ, ન પોતે પુદ્ગલાદિ દ્રવ્યના;
૨. * નિજભાવરૂપે પરિણમન કરતો થકો વળી તે અહા,
સૌ પુદ્ગલાદિ દ્રવ્યને નિજભાવરૂપ નહીં કદા
3. * પ્રણમાવતો, રે પુદ્ગલાદિ દ્રવ્ય છે જેને અહા,
નિમિત્ત એ દર્શનસ્વભાવી ગુણના નિજભાવના;
૪. * પરિણામથી જે ઊપજતો એ ચેતયિતા છે અહા,
નિમિત્ત જેને તેહ પોતાના અહો નિજભાવના;
૫. * પરિણામથી જે ઊપજતા પરદ્રવ્ય પુદ્ગલ આદિને
દેખે અને શ્રદ્ધે અહો છે—એ રીતે વ્યવહાર છે.

(૬A) વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :–

[પ્રથમ ચારિત્રગુણના વ્યવહારનું દ્રષ્ટાંત કહે છે :]

૧. * જેવી રીતે એ શ્વેતગુણથી ભરેલ ભાવમયી સદા,
રે તે જ ખડી, પોતે નહીં ભીંત-આદિ દ્રવ્યરૂપે અહા;
૨. * પરિણમન કરતી થકી અને નહીં ભીત આદિ દ્રવ્યને
નિજભાવરૂપ પ્રણમાવતી થકી, ભીંત આદિ દ્રવ્ય છે
3. * નિમિત્ત જેને, એહ પોતાના જ શ્વેતસ્વભાવના
પરિણામથી ઉત્પાદ પામતી, છે નિમિત્ત ખડી અહા
૪. * એવા અહો ભીંત-આદિના, નિજભાવના પરિણામથી
રે ઊપજતા ભીંત-આદિ દ્રવ્યોને, અહો નિજભાવથી;
૫. * રે ખડી કરે છે શ્વેત—એમ કરાય છે વ્યવહાર આ;
[ખડી-ભીંતના દ્રષ્ટાંતથી વ્યવહાર સમજાવ્યો અહા.]

(૬B) [હવે ચારિત્રગુણના વ્યવહારનો સિદ્ધાંત કહે છે :]

૧. * જેનો અહો રે જ્ઞાનદર્શનગુણથી તેવી રીતે,
પૂરણ અપોહન સ્વરૂપ છે નિજભાવ એ આત્મા ખરે;
૨. * પોતે ન પુદ્‌ગલ આદિ દ્રવ્યસ્વભાવરૂપે પરિણમે,
ને પુદ્‌ગલાદિ દ્રવ્યને પણ નિજના ભાવોરૂપે
૩. * ન પરિણમાવે, [ને વળી] છે પુદ્‌ગલાદિ જેહના,
નિમિત્ત એવા નિજના જ્ઞાનાદિ ગુણોથી અહા;
૪. * પૂરણ ભરેલા પર તણા બસ ત્યાગસ્વરૂપ સ્વભાવના,
પરિણામથી જે ઊપજતો, એ ચેતયિતા છે અહા
૫. * નિમિત્ત જેને, તે બધા નિજ પુદ્‌ગલાદિ સ્વભાવના,
પરિણામથી જે ઉપજતા એ પુદ્‌ગલાદિને અહા;
૬. * નિજના સ્વભાવથી છે અપોહે—તે અરે વ્યવહાર છે;
[આ રીત ચારિત ગુણનો નિયમ કહ્યો શ્રી મુનિવરે.]

[ઉપસંહાર :]

૧ * આ રીત આત્માના અહા દ્રગ-જ્ઞાન ને ચારિત્રના,
પ્રકાર છે પર્યય તણા નિશ્ચય અને વ્યવહારના;
૨. * ને એ રીતે બીજા બધા પણ સર્વ પર્યાયો તણા,
નિશ્ચય અને વ્યવહારના ભેદો સહુયે સમજવા.

ટીકા :

(૧A) [સૌ પ્રથમ 'જ્ઞાયક'ના સંદર્ભમાં ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત કહે છે :]

૧. * આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.
* ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે
૨. * (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે).
* હવે, શ્વેત કરનારી ખડી, શ્વેત કરવાયોગ્ય જે
૩. * ભીંત-આદિ પરદ્રવ્ય [છે] તેની છે કે નથી?'—એમ
* તે બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં વિચારવામાં આવે છે :—
૪. * જો [તે] ખડી ભીંત—આદિ પરદ્રવ્યની હોય તો
* શું થાય તે પ્રથમ વિચારીએ :
૫. * 'જેનું જે હોય તે તે જ હોય,
* જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (—જુદું દ્રવ્ય નથી);'

૬. * –આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી,
* ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ,

૭. * ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);
* એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય.

૮. * પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,
* કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે

૯. * સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.
* માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી.

૧૦. * (આગળ વિચારીએ :)
* જો ખડી ભીંત-આદિની નથી, તો ખડી કોની છે?

૧૧. * ખડીની જ ખડી છે.
* (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે?

૧૨. * (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ
* તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.

૧૩. * અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી
* શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની

૧૪. * નથી, ખડી ખડી જ છે—એ નિશ્ચય છે.
* [આચાર્યશ્રીએ આ પ્રમાણે ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત કહ્યું.]

(૧B) [દ્રાષ્ટાંત : હવે દ્રાષ્ટાંત કહે છે કે જ્ઞાયક તો જ્ઞાયક જ છે :]

૧. * જેમ આ દ્રષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દ્રાષ્ટાંત છે :–
* [આચાર્યશ્રી કરુણા કરીને એ સિદ્ધાંતને હવે આ રીતે સમજાવે છે :]

૨. * આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.
* પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.

૩. * હવે, 'જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય)
* જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'

૪. * –એમ એ બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :–
* જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો

૫. * શું થાય તે પ્રથમ વિચારીએ :
* ‘જેનું જે હોય તે તે જ હોય,
૬. * જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;’
* –આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી,
૭. * ચેતયિતા જો પુદ્‌ગલાદિનો [ખરેખર] હોય તો
* ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ,
૮. * પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);
* એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.
૯. * પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,
* કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે
૧૦. * સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.
* માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી.
૧૧. * (આગળ વિચારીએ :)
* જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા
૧૨. * કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે.
* (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો
૧૩. * ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?
* (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,
૧૪. * પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.
* અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી
૧૫. * શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી જ્ઞાયક
* કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે—એ નિશ્ચય છે.
૧૬. * (આ રીતે અહીં એમ બતાવ્યું કે : ‘આત્મા પરદ્રવ્યને
* જાણે છે’—એ વ્યવહારકથન છે;
૧૭. * ‘આત્મા પોતાને જાણે છે’—એમ કહેવામાં
* પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે;
૧૮. * ‘જ્ઞાયક જ્ઞાયક જ છે’—એ નિશ્ચય છે.)
* [આચાર્યશ્રીએ આ રીતે જ્ઞાયક-જ્ઞેયના સંબંધનું વર્ણન કર્યું.]

(૨A) [હવે 'દર્શક'ના સંદર્ભમાં ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત કહે છે :]

૨A૧ * વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દ્રષ્ટાંત-દ્રાષ્ટાંતથી કહ્યું

* એવી રીતે 'દર્શક' વિષે કહેવામાં આવે છે :–

૧. * આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.

* ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે

૨. * (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે).

* હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે

૩. * ભીંત-આદિ પરદ્રવ્ય [છે] તેની છે કે નથી?'–એમ

* એ બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં વિચારવામાં આવે છે :–

૪. * જો [તે] ખડી ભીંત—આદિ પરદ્રવ્યની હોય તો

* શું થાય તે પ્રથમ વિચારીએ :

૫. * 'જેનું જે હોય તે તે જ હોય,

* જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (–જુદું દ્રવ્ય નથી);'

૬. * આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી,

* ખડી જો ભીંત-આદિની હોય તો તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ,

૭. * ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);

* એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય.

૮. * પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,

* કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે

૯. * સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.

* માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી.

૧૦. * (આગળ વિચારીએ :)

* જો ખડી ભીંત-આદિની નથી, તો ખડી કોની છે?

૧૧. * ખડીની જ ખડી છે.

* (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે?

૧૨. * (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ

* તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.

૧૩. * અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી

* શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની

૧૪. * નથી, ખડી ખડી જ છે—એ નિશ્ચય છે.

* [આચાર્યશ્રીએ આ પ્રમાણે ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત કહ્યું.]

(૨B) [દ્રાષ્ટાંત : હવે દ્રાષ્ટાંત કહે છે કે 'દર્શક તો દર્શક જ છે' :]

૧. * જેમ આ દ્રષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દ્રાષ્ટાંત છે :–

* [આચાર્યશ્રી કરુણા કરીને એ સિદ્ધાંતને હવે આ રીતે સમજાવે છે :]

૨. * આ જગતમાં ચેતયિતા છે તે દર્શનગુણથી ભરેલો સ્વભાવવાળું દ્રવ્ય છે.

* પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દ્રશ્ય છે.

૩. * હવે, 'દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દ્રશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય)

* જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'

૪. * –એમ એ બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :–

* જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો

૫. * શું થાય તે પ્રથમ વિચારીએ :

* 'જેનું જે હોય તે તે જ હોય,

૬. * જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'

* –આવો તાત્ત્વિક સંબંધ જીવંત [અર્થાત્ છતો હોવાથી,]

૭. * ચેતયિતા જો પુદ્‌ગલાદિનો [ખરેખર] હોય તો

* ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ).

૮. * પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);

* એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.

૯. * પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,

* કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે

૧૦. * સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.

* માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા [દર્શક] પુદ્‌ગલાદિનો નથી.

૧૧. * (આગળ વિચારીએ :)

* જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા

૧૨. * કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. [દર્શકનો જ દર્શક છે.]

* (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો

૧૩. * ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?

* (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,

૧૪. * પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે,

* અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી

૧૫. * શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી દર્શક

* કોઈનો નથી, દર્શક દર્શક જ છે—એ નિશ્ચય છે.

૧૬. * (આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને

* દેખે છે અથવા શ્રદ્ધે છે'—એ વ્યવહારકથન છે;

૧૭. * 'આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધે છે'—એમ કહેવામાં

* પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;

૧૮. * 'દર્શક [ખરેખર] દર્શક જ છે'—એ નિશ્ચય છે.)

* [આચાર્યશ્રીએ આ રીતે દર્શક-દ્રશ્યના સંબંધનું વર્ણન કર્યું.]

(3A) [હવે 'અપોહક' (ત્યાજક, ત્યાગ કરનાર)ના સંદર્ભમાં ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત કહે છે :]

3A * વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દ્રષ્ટાંત-દ્રાષ્ટાંતથી કહ્યું)

* એવી જ રીતે 'અપોહક' (ત્યાજક અથવા ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે :–

૧. * આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.

* ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે

૨. * (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે).

* હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે

૩. * ભીંત-આદિ પરદ્રવ્ય છે તેની છે કે નથી?'–એમ

* એ બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં વિચારવામાં આવે છે :–

૪. * જો [તે] ખડી ભીંત—આદિ પરદ્રવ્યની હોય તો

* શું થાય તે પ્રથમ વિચારીએ :

૫. * 'જેનું જે હોય તે તે જ હોય,

* જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (–જુદું દ્રવ્ય નથી);'

૬. * આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,

* ખડી જો ભીંત-આદિની હોય તો તે ભીંત-આદિ જ હોય. (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ,

૭. * ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);

* એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય.

૮. * પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,

* કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે

૯. * સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.
* માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી.
૧૦. * (આગળ વિચારીએ :)
* જો ખડી ભીંત-આદિની નથી, તો ખડી કોની છે?
૧૧. * ખડીની જ ખડી છે.
* (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે?
૧૨. * (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ
* તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.
૧૩. * અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી
* શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની
૧૪. * નથી, ખડી [ખરેખર] ખડી જ છે—એ નિશ્ચય છે.
* [આચાર્યશ્રીએ આ પ્રમાણે ખડી અને ભીંત-આદિનું દ્રષ્ટાંત કહ્યું.]
(3B) [દ્રાષ્ટાંત : હવે દ્રાષ્ટાંત કહે છે, અપોહક (ત્યાજક) તો અપોહક જ છે :]
3B * જેમ આ દ્રષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દ્રાષ્ટાંત છે :–
* [આચાર્યશ્રી કરુણા કરીને એ સિદ્ધાંતને હવે આ રીતે સમજાવે છે :]
૧. * આ જગતમાં જે ચેતયિતા છે તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો,
* પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) [-અભાવસ્વરૂપ] સ્વભાવ છે
૨. * એવું દ્રવ્ય છે.
* પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે.
૩. * હવે, ‘અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે
* પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?’
૪. * –એમ એ બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :–
* જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો
૫. * શું થાય તે પ્રથમ વિચારીએ :
* ‘જેનું જે હોય તે તે જ હોય,
૬. * જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;’
* –આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,
૭. * ચેતયિતા જો પુદ્‌ગલાદિનો [ખરેખર] હોય તો
* ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ,

૮. * પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);
* એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.
૯. * પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી.
* કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે
૧૦. * સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.
* માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા [ત્યાજક] પુદ્‌ગલાદિનો નથી.
૧૧. * (આગળ વિચારીએ :)
* જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા
૧૨. * કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. [-ત્યાજકનો જ ત્યાજક છે.]
* (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો
૧૩. * ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?
* (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,
૧૪. * પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.
* અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી
૧૫. * શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી અપોહક (અર્થાત્ ત્યાગ કરનાર)
* કોઈનો નથી, અપોહક [ખરેખર] અપોહક જ છે—એ નિશ્ચય છે.
૧૬. * (આ રીતે અહીં એમ બતાવ્યું કે : ‘આત્મા પરદ્રવ્યને
* અપોહે છે અર્થાત્ ત્યાગે છે’—એ વ્યવહારકથન છે;
૧૭. * ‘આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે’—એમ કહેવામાં
* પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;
૧૮. * ‘અપોહક અપોહક જ છે’—એ નિશ્ચય છે.)
* [આચાર્યશ્રીએ આ રીતે અપોહક(-ત્યાજક)-અપોહ્ય (-ત્યાજ્ય)ના સંબંધનું વર્ણન કર્યું.]

* [જ્ઞાયક, દર્શક અને અપોહક ચેતયિતાનું નિશ્ચય-સ્વરૂપ સમજાવ્યા બાદ]
હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છે :–

(૪A) [સૌ પ્રથમ જ્ઞાનગુણના વ્યવહારનું દ્રષ્ટાંત કહે છે :]
૧. * જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી,
* પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ
૨. * પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને
* પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય

૩. * જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના
* પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે
૪. * એવા પોતાના (-ભીંત-આદિના) સ્વભાવના પરિણામ વડે
* ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી
૫. * શ્વેત કરે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે;
* [આ રીતે ખડી-ભીંત આદિનો વ્યવહાર દ્રષ્ટાંતરૂપે સમજાવ્યો.]

(૪B) [હવે જ્ઞાનગુણના વ્યવહારનો સિદ્ધાંત સમજાવે છે :]

૧. * તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો
* ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના
૨. * સ્વભાવે નહિ પરિણમતો થકો અને
* પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ
૩. * પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને
* નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના
૪. * પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા
* જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના
૫. * પરિણામ વડે ઊપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને,
* પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી જાણે છે—એમ વ્યવહાર કરવામાં આવે છે.

(૫A) [હવે દર્શનગુણના વ્યવહારનું દ્રષ્ટાંત કહે છે :]

૧. * જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી,
* પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ
૨. * પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને
* પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય
૩. * જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના
* પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે
૪. * એવા પોતાના (–ભીંત-આદિના–) સ્વભાવના પરિણામ વડે
* ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી
૫. * શ્વેત કરે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે;
* [આ રીતે ખડી-ભીંત આદિનો વ્યવહાર દ્રષ્ટાંતરૂપે સમજાવ્યો.]

(૫B) [હવે દર્શનગુણના વ્યવહારનો સિદ્ધાંત સમજાવે છે :]

૧. * તેવી રીતે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો
* ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના

૨. * સ્વભાવે નહિ પરિણમતો થકો અને
* પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ

૩. * પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને
* નિમિત્ત છે એવા પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના

૪. * પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા
* જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના

૫. * પરિણામ વડે ઊપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને,
* પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધે છે—એમ વ્યવહાર કરવામાં આવે છે.

(૬A) વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :–

[પ્રથમ ચારિત્રગુણના વ્યવહારનું દ્રષ્ટાંત કહે છે :]

૧. * જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી,
* પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ

૨. * પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને
* પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય

૩. * જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના
* પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે

૪. * એવા પોતાના (–ભીંત-આદિના–) સ્વભાવના પરિણામ વડે
* ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી

૫. * શ્વેત કરે છે–એમ વ્યવહાર કરવામાં આવે છે;
* [આ રીતે ખડી-ભીંત આદિનો વ્યવહાર દ્રષ્ટાંતરૂપે સમજાવ્યો.]

(૬B) [હવે ચારિત્રગુણના વ્યવહારનો સિદ્ધાંત સમજાવે છે :]

૧. * તેવી રીતે જેનો જ્ઞાનદર્શનગુણથી
* ભરેલો, પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે એવો ચેતયિતા પણ,

૨. * પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો
* અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે

૩. ∗ નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને
∗ નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનદર્શનગુણથી
૪. ∗ ભરેલા પર-અપોહનાત્મક (-પરના ત્યાગસ્વરૂપ) સ્વભાવના
. ∗ પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા
૫ ∗ જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના
. ∗ પરિણામ વડે ઊપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને,
૬. ∗ પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે એમ વ્યવહાર કરવામાં આવે છે;
∗ [આ રીતે આચાર્યશ્રીએ ચારિત્રગુણના વ્યવહારનો સિદ્ધાંત સમજાવ્યો.]

[ઉપસંહાર :]

૧. ∗ આ રીતે આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર
∗ પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે.
૨. ∗ એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો
∗ નિશ્ચય-વ્યવહાર પ્રકાર સમજવો.

## કળશ - ૨૧૫

ઉત્થાનિકા : હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને
 * સ્થાપી—લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે,

૨. * તે પુરુષને એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય
 * રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી.

૩. * જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના
 * શુદ્ધ સ્વભાવનો ઉદય છે. આમ છે તો પછી લોકો

૪. * જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી
 * આકુળ બુદ્ધિવાળા થયા થકા તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) શા માટે ચ્યુત થાય છે?

**કળશામૃત :–**

૧. * રે શુદ્ધ દ્રવ્ય તણા નિરૂપણમાં અહો [નિજ] બુદ્ધિને,
 * છે સ્થાપી જેણે ને અહો જે અનુભવે છે તત્ત્વને;

૨. * તે પુરુષને કદી એક દ્રવ્ય મહીં બીજું કો પણ અહા,
 * નથી દ્રવ્ય રહેતું ભાસતું કિંચિત્ [કો' રીતે જરા;]

૩. * રે જ્ઞેયને જાણે [ખરે] છે જ્ઞાન તે તો જ્ઞાનના
 * આ, ઉદય શુદ્ધ સ્વભાવનો છે તો પછી લોકો [બધાં;]

૪. * છે જ્ઞાન સ્પર્શે અન્ય દ્રવ્યોને અરે એ માન્યતા
 * કરી, આકુલિતમતિ થઈ, કાં સ્વરૂપ-ચ્યુત થતા અહા!

---

* નિરૂપણ = કથનમાં આવેલો ભાવ; સ્વભાવ; કથનનું વાચ્ય.

## કળશ - ૨૧૬

ઉત્થાનિકા : ફરી આ જ અર્થને દ્રઢ કરે છે :–

શ્લોકાર્થ :–

૧. ⁎ શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે
⁎ (અર્થાત્ જ્ઞાનાદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,

૨. ⁎ બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું
⁎ થઈ શકે? (ન જ થઈ શકે.)

૩. ⁎ અથવા શું તે (જ્ઞાનાદિ સ્વભાવ) કોઈ અન્યદ્રવ્યનો
⁎ થઈ શકે? (ન જ થઈ શકે.

૪. ⁎ પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે
⁎ સંબંધ નથી.) [સર્વ સંબંધની નાસ્તિ જ છે.]

૫. ⁎ ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે
⁎ તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;

૬. ⁎ તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે
⁎ તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

કળશામૃત :–

૧. * નિજરસરૂપે જ પરિણમન આત્માદિનું થતું હોઈને;
* (અર્થાત્ આત્મા [માત્ર] જ્ઞાનરૂપે પ્રણમતો હોઈને;)

૨. * શું શેષ કોઈ દ્રવ્ય બીજું જ્ઞાન આદિ સ્વભાવનું
* [કદી] થઈ શકે? ના થઈ શકે [કદી પણ ખરે તે જ્ઞાનનું.]

૩. * અથવા શું તે જ્ઞાનાદિ ભાવો અન્ય કોઈ દ્રવ્યના
* [કદી] થઈ શકે? ના થઈ શકે [કદી પણ ખરે તે કોઈના.]

૪. * પરમાર્થથી કો દ્રવ્યને [કદી] અન્ય કોઈ દ્રવ્યથી
* સંબંધ નથી, [છે નાસ્તિ સર્વોપિ અહો સંબંધની.]

૫. * રે ચાંદનીનું રૂપ પૃથ્વીને અહો ઉજ્જ્વળ કરે,
* તોપણ નથી પૃથ્વી થતી ચાંદની તણી જ [કદી] ખરે;

૬. * તેવી રીતે [આ] જ્ઞાન જાણે છે [સદાયે] જ્ઞેયને,
* તોપણ [કદીયે] જ્ઞેય તે, ના જ્ઞાનનું થાતું ખરે.

## કળશ-૨૧૭

ઉત્થાનિકા :–હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :–

૧. ⁎ ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે (–ઉત્પન્ન થાય છે)
⁎ કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય

૨. ⁎ અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે.
⁎ માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને,

૩. ⁎ જ્ઞાનરૂપ થાઓ—કે જેથી ભાવ-અભાવને (રાગ-દ્વેષને)
⁎ અટકાવી દેતો પૂર્ણસ્વભાવ (પ્રગટ) થાય.

કળશામૃત :–

૧. * રે રાગ-રોષનું દ્વંદ્વ પામે છે ઉદયને ત્યાં સુધી,
કે જ્ઞાન આ થાતું નથી [બસ] જ્ઞાનરૂપે જ્યાં સુધી;

૨. * ને જ્ઞેય પણ નથી પામતું [બસ] જ્ઞેય [માત્ર]પણું અહા.
તેથી અહો અજ્ઞાનભાવ દૂરે કરીને જ્ઞાન આ;

૩. * રે જ્ઞાનરૂપે થાવ કે જેથી [જ] ભાવ-અભાવને,
અટકાવી દેતો ભાવનિજ* પ્રગટે અહો પૂરણપણે.

---

* ભાવનિજ= નિજભાવ = સ્વભાવ.

## ગાથા – ૩૬૬ થી ૩૭૧

ઉત્થાનિકા :–'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દ્રષ્ટિને વિષયો પ્રતિ રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.—આ અર્થની ગાથાઓ હવે કહે છે :–

## ગાથા – ૩૬૬ થી ૩૭૧

ગાથા * ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.
* ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭.
* ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.
* છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્ગલદ્રવ્યનો. ૩૬૯.
* જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદ્રષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.
* વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,
તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.

ઉત્થાનિકા (હરિગીતમાં) :–

૧. * રે 'જ્ઞાન ને જ્ઞેયો સહુ છે ભિન્ન સર્વ રીતે અહા,
[ને તેથી] દર્શનજ્ઞાનચરિતાદિ ગુણો સહુ આત્મના;
૨. * પરદ્રવ્યમાં નથી'–જાણતો હોવાથી જ્ઞાનીને સદા,
વિષયો પ્રતિ રાગાદિ ભાવ થતા નથી [કદીયે] અહા;
૩. * વળી રાગ આદિ ભાવ પણ નથી અજીવ વિષયોમાં ખરે,
અજ્ઞાનતામાં વર્તતા તે જીવના પરિણામ છે.
૪. * આ અર્થના સૂત્રો અહો આચાર્યશ્રી કહેશે હવે;
[રે શરીર ને રાગાદિ જ્ઞેયો આતમાથી ભિન્ન છે.]

ટીકામૃત :–

(૧) [દીપકનો ઘાત થતાં પ્રકાશનો અને પ્રકાશનો ઘાત થતાં દીપકનો ઘાત થાય છે :]

૧. * 'જે[૧] હોય જેમાં[૨] તેહનો[૩] જો નાશ થાયે તો ખરે,
હણાય છે નક્કી જ તે'[૪] [-સિદ્ધાંત છે આગમ કહે;]

૨. * અર્થાત્ ‘ઘાત થતો અહો આધારનો જો તો ખરે,
આધેય નક્કી હણાય છે’ [-દ્રષ્ટાંત એનો મુનિ કહે :]
૩. * જ્યમ ઘાત દીપકનો થતાં તેમાં રહેલ પ્રકાશ જે
તે [પણ] હણાય [જ] છે તથા’ જેમાં[૫] અહો જે[૬] હોય તે[૮]
૪. * રે ઘાત થાતાં તેહનો[૭] તે[૮] પણ હણાય જ છે અહા,
અર્થાત્ ઘાત થતાં અહો આધેયનો ત્યારે સદા;
૫. * આધારનો પણ ઘાત થાતો નક્કી, જેમ પ્રકાશનો
રે ઘાત થાતાં [જરૂર] દીપક પણ હણાય જ છે અહો.

---

૧. જે = પ્રકાશ / ૨. જેમાં = દીપકમાં / ૩. તેહનો = દીપકનો / ૪. તે = પ્રકાશ / ૫. જેમાં = પ્રકાશમાં / ૬. જે = દીપક / ૭. તેહનો = પ્રકાશનો / ૮. તે = દીપક

(૨) [ઘટનો ઘાત થતાં ઘટ-પ્રદીપનો અને ઘટ-પ્રદીપનો ઘાત થતાં ઘટનો ઘાત થતો નથી :]

૧. * વળી જેહ[૧] જેમાં[૨] હોય ના તે[૩] ઘાત થાતાં તેહનો[૪]
ન હણાય છે, જ્યમ ઘાત થાતાં ઘટ તણો [કિંતુ અહો;]
૨. * નહિ ઘટ-પ્રદીપ હણાય છે [-દ્રષ્ટાંત છે તેનો અહો;]
ને જેહમાં[૫] જે[૬] હોય ના તે[૭] ઘાત થાતાં તેહનો[૮]
૩. * ન હણાય છે, જ્યમ ઘાત થાતાં ઘટ-પ્રદીપ તણો અહો;
ન હણાય છે ઘટ—ન્યાય એ [માર્મિક] આચાર્યે કહ્યો.

---

૧. જેહ = ઘટ-પ્રદીપ / ૨. જેમાં = ઘટમાં / ૩. તે = ઘટ-પ્રદીપ / ૪. તેહનો = ઘટનો / ૫. જેહમાં = ઘટ-પ્રદીપમાં / ૬. જે = ઘટ / ૭. તે = ઘટ / ૮. તેહનો = ઘટ-પ્રદીપનો

(3) [શરીરનો ઘાત થતાં આત્માના ગુણોનો અને આત્માના ગુણોનો ઘાત થતાં શરીરનો ઘાત થતો નથી :]

૧. * દ્રગ-જ્ઞાન ને ચારિત્ર આદિ ધર્મ છે આત્મા તણા,
પુદ્ગલદરવનો ઘાત થાય છતાં નહિ તેઓ અહા;
૨. * ન હણાય છે ને જ્ઞાન-દર્શન-ચરિત ઘાત થવા છતાં,
પુદ્ગલદરવ ન હણાય છે—એ સ્પષ્ટ છે [સૌને અહા;]
૩. * તેથી અહો એ રીત ‘દર્શન-જ્ઞાન-ચરિત નથી ખરે,
પુદ્ગલદરવમાં’—ફલિત એમ જ થાય છે એ કારણે;
૪. * કે એમ જો ના હોય તો દ્રગ-જ્ઞાન ને ચારિત્રનો
રે ઘાત થાતાં, ઘાત પુદ્ગલદ્રવ્યનો પણ ને અહો
૫. * પુદ્ગલદરવનો ઘાત થાતાં જ્ઞાન-દર્શન-ચરિતનો,
અનિવાર્ય રીતે ઘાત થાય જ [નિયમથી તેથી અહો.]

(૪) [હવે કહે છે કે જીવના કોઈ ગુણો પરદ્રવ્યમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે માનીએ છીએ :]

૧. * છે આમ તેથી જેટલા કંઈ છે ગુણો આ જીવના,
તે સહુ નથી પરદ્રવ્યમાં–સમ્યક્ રીતે એવું અહા;
૨. * બસ દેખીએ છીએ અમે ને માનીએ છીએ અહા,
એ કારણે કે, એમ જો ના હોય તો અહીં પણ સદા;
૩. * જીવના ગુણોનો ઘાત થાતાં ઘાત પુદ્દગલદ્રવ્યનો,
ને ઘાત પુદ્દગલદ્રવ્યનો થાતાં સહુ જીવગુણનો;
૪. * પણ ઘાત થાય અવશ્ય તેથી એમ સિદ્ધ થયુ અરે,
કે જીવના કોઈ ગુણો પુદ્દગલદરવમાં ના ખરે.

(૫) [શિષ્યની આશંકાનું સમાધાન કરતાં આચાર્યશ્રી ઉપદેશે છે કે જીવનું અજ્ઞાન જ રાગદ્વેષની ખાણ છે :]

૧. (પ્રશ્ન) * "જો આમ છે તો રાગ સમ્યગ્દ્રષ્ટિને વિષયો મહીં
ક્યમ થાય છે? [-એ પ્રશ્નનો ઉત્તર કહો કૃપા કરી."]
૨. (ઉત્તર) * "થાતો નથી [કદી] રાગ સમ્યગ્દ્રષ્ટિને કો' કારણે";
[ઉત્તર કહ્યો આચાર્યશ્રીએ નિકટવર્તી શિષ્યને.]
૩. (પ્રશ્ન :) * "તો પછી [આ] રાગની કઈ ખાણ છે? [તે પણ કહો."]
(ઉત્તર :) "રે રાગ-દ્વેષ-વિમોહરૂપ જીવના ખરે પરિણામ છે,
૪. * અજ્ઞાનમય એવા અહો [બસ તે જ રાગની ખાણ છે;"]
[અર્થાત્ રાગની ઉત્પત્તિ અજ્ઞાનમાત્રથી થાય છે.]

(૬) [આચાર્યશ્રી હવે કહે છે કે તે રાગ-દ્વેષાદિ કાંઈ છે જ નહિ :]

૧. * તેથી અહો તે રાગ-દ્વેષ-વિમોહ વિષયોમાં નથી,
એ કારણે કે [તેહ] વિષયો તો અહો પરદ્રવ્ય છે;
૨. * વળી તેહ રાગાદિક બધાં સદ્-દ્રષ્ટિમાં પણ છે નહીં,
એ કારણે કે જ્ઞાનીને અજ્ઞાનનો જ અભાવ છે;
૩. * આ રીત રાગ-વિમોહ આ વિષયો મહીં નથી તેથી તે,
સદ્-દ્રષ્ટિને પણ છે નહીં, તેથી જ નથી તેઓ ખરે.

**ઉત્થાનિકા :–**

૧. * 'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે,
* આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો
૨. * પરદ્રવ્યમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દ્રષ્ટિને
* વિષયો પ્રત્યે રાગ થતો નથી;

૩. * વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી;
* તેઓ [-રાગદ્વેષાદિ] માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.
૪. * —આવા અર્થની ગાથાઓ હવે કહે છે :—
* [શરીર અને રાગાદિ જ્ઞેયો જ્ઞાનથી તદ્દન ભિન્ન છે—એ આ ગાથાઓનું તાત્પર્ય છે.]
(૧) * [દીપકનો ઘાત થતાં પ્રકાશનો અને પ્રકાશનો ઘાત થતાં દીપકનો ઘાત થાય છે :]
૧. * ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં
* હણાય જ છે [—એમ જિનાગમનો સિદ્ધાંત છે.]
૨. * (અર્થાત્ આધારનો ઘાત થતાં
* આધેયનો ઘાત થાય જ છે),
૩. * જેમ દીવાનો ઘાત થતાં (દીવામાં રહેલો) પ્રકાશ
* હણાય છે; તથા જેમાં જે હોય તે
૪. * તેનો ઘાત થતાં હણાય જ છે
* (અર્થાત્ આધેયનો ઘાત થતાં
૫. * આધારનો ઘાત થાય જ છે), જેમ પ્રકાશનો
* ઘાત થતાં દીવો હણાય છે.
(૨) * [ઘટનો ઘાત થતાં ઘટ-પ્રદીપનો અને ઘટ-પ્રદીપનો ઘાત થતાં ઘટનો ઘાત થતો નથી :]
૧. * વળી જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં
* હણાતું નથી, જેમ ઘટનો ઘાત થતાં
૨. * ઘટ-પ્રદીપ હણાતો નથી, [-એમ મુનિવરે દ્રષ્ટાંત કહ્યો;]
* તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં
૩. * હણાતું નથી, જેમ ઘટ-પ્રદીપનો ઘાત થતાં
* ઘટ હણાતો નથી. (એ પ્રમાણે ન્યાય કહ્યો.)
(૩) [શરીરનો ઘાત થતાં આત્માના ગુણોનો અને આત્માના ગુણોનો ઘાત થતાં શરીરનો ઘાત થતો નથી :]
૧. * હવે, આત્માના ધર્મો-દર્શન, જ્ઞાન અને ચારિત્ર—
* પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થવા છતાં
૨. * હણાતા નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં
* પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી (એ તો સ્પષ્ટ છે);
૩. * માટે એ રીતે 'દર્શન-જ્ઞાન-ચારિત્ર
* પુદ્‌ગલદ્રવ્યમાં નથી' એમ ફલિત (સિદ્ધ) થાય છે; કારણ કે,

૪. * જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો
* ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત, અને
૫. * પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત
* અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ.)
(૪) [આચાર્યશ્રી કહે છે કે જીવના કોઈ ગુણો પરદ્રવ્યમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ–માનીએ છીએ :]
૧. * આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે
* તે બધાય પરદ્રવ્યોમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે
૨. * દેખીએ છીએ (-માનીએ છીએ);
* કારણ કે જો એમ ન હોય તો, અહીં પણ
૩. * જીવના ગુણોનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત
* અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં જીવના ગુણોનો
૪. * ઘાત અનિવાર્ય થાય. (આ રીતે સિદ્ધ થયું કે
* જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી.)
(૫) * [શિષ્યની આશંકાનું સમાધાન કરતાં આચાર્યશ્રી ઉપદેશે છે કે જીવનું અજ્ઞાન જ રાગદ્વેષની ખાણ છે :]
૧. * (પ્રશ્ન : ) જો આમ છે તો સમ્યગ્દ્રષ્ટિને વિષયોમાં રાગ
* ક્યા કારણે થાય છે?
૨. * (ઉત્તર : ) કોઈ પણ કારણે થતો નથી.
* [આચાર્યશ્રીએ આ રીતે નિકટવર્તી શિષ્યને ઉત્તર આપ્યો.]
૩. * (પ્રશ્ન : ) તો પછી રાગની કઈ ખાણ છે?
* (ઉત્તર : ) રાગ-દ્વેષ-મોહ, જીવના જ
૪. * અજ્ઞાનમય પરિણામ છે [તે જ રાગની ખાણ છે.]
* (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે);
(૬) * [આચાર્યશ્રી હવે કહે છે કે તે રાગ-દ્વેષ-મોહ કાંઈ છે જ નહિ :]
૧. * માટે તે રાગ-દ્વેષ-મોહ, વિષયોમાં નથી
* કારણ કે વિષયો પરદ્રવ્ય છે,
૨. * અને સમ્યગ્દ્રષ્ટિમાં (પણ) નથી
* કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે;
૩. * આ રીતે રાગ-દ્વેષ-મોહ, વિષયોમાં નહિ હોવાથી અને
* સમ્યગ્દ્રષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.

## કળશ-૨૧૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી
∗ રાગદ્વેષરૂપે [સ્વયં] પરિણમે છે, [દ્રવ્યકર્મ તેને પરિણમાવતું નથી;]
૨. ∗ વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી)
∗ દ્રષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદ્રષ્ટિથી જોતાં), તે રાગદ્વેષ કાંઈ જ નથી.
૩. ∗ (-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી).
∗ માટે આચાર્યદેવ પ્રેરણા કરે છે
૪. ∗ કે સમ્યગ્દ્રષ્ટિ પુરુષ તત્ત્વદ્રષ્ટિ વડે
∗ તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો,
૫. ∗ કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે
∗ એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.

**કળશામૃત :—**

૧. * આ જગતમાં જ્ઞાન જ પરિણમે છે અહો અજ્ઞાનથી,
રાગાદિ-દ્વેષાદિરૂપે જ સ્વયં, [નહિ દ્રવકર્મથી;]
૨. * [કિંતુ અહો] વસ્તુત્વમાં ઐક્યાગ્રથી સ્થાપેલ જે,
દ્રવદ્રષ્ટિથી જોતાં કંઈ તે રાગદ્વેષ નથી ખરે;
૩. * અર્થાત્ તે રાગાદિ નથી કો અન્ય દ્રવ્યરૂપે ખરે,
માટે કરે છે પ્રેરણા આચાર્યશ્રી આવી રીતે—
૪. * કે તત્ત્વદ્રષ્ટિ વડે સહુ સદ્-દ્રષ્ટિ હે પુરુષો તમે,
તે રાગ-દ્વેષ-વિમોહને બસ ક્ષય કરો જ પ્રગટપણે;
૫. * કે જેથી પૂરણ ને અચળ જેનો અહો પરકાશ* છે,
એવી સહજ (દેદીપ્યમાન) જ જ્ઞાનજ્યોતિ પ્રગટ થશે.

---

પરકાશ = પ્રકાશ

## કળશ—૨૧૯

ઉત્થાનિકા :—'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ* ઉપજાવી શકતું નથી' એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. * તત્ત્વદ્રષ્ટિથી જોતાં, રાગદ્વેષને
* ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી,

૨. * કારણ કે સર્વ દ્રવ્યોની** ઉત્પત્તિ
* પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.

કળશામૃત :—

૧. * રે તત્ત્વદ્રષ્ટિથી દેખતાં, રાગાદિને-દ્વેષાદિને,
ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય ના દેખાય છે;

૨. * એ કારણે કે ઉત્પત્તિ નિજ અંતરે સહુ દ્રવ્યની,
અત્યંત પ્રગટપણે પ્રકાશે છે અહો નિજભાવથી.

---

* ગુણ = પર્યાય

** દ્રવ્યોની = પર્યાયોની

## ગાથા-૩૭૨

ઉત્થાનિકા : હવે આ અર્થને ગાથામાં કહે છે :—

ગાથા * કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો* કરે,
તેથી બધાંયે દ્રવ્ય** નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨

ટીકામૃત :—

(૧) [સૌ પ્રથમ, જીવને પરદ્રવ્ય રાગાદિક ઊપજાવતા નથી—એ સિદ્ધાંત કહે છે :]

૧. * વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે ખરે,
એવી [અરે] શંકા નહિ કરવી [કદી] એ કારણે

૨. * કે અન્ય દ્રવ્ય વડે ખરે કો' અન્ય દ્રવ્ય તણા અહા,
ગુણ*નો નહિ ઉત્પાદ કરી શકવાની છે [કદી] યોગ્યતા;

૩. * ઉત્પાદ સર્વે દ્રવ્યનો** છે માત્ર નિજ સ્વભાવથી,
આ વાતને સમજાવશે આચાર્યશ્રી દ્રષ્ટાંતથી.

(૨A) * [હવે, માટી કુંભારના આકારે પરિણમતી નથી—એમ દ્રષ્ટાંત કહે છે :]

૧. * રે ઊપજતી થકી કુંભભાવે માટી જે તે શું અરે,
કુંભારના નિજભાવથી*** ઊપજે અહો છે કે ખરે;

૨. * તે માટીના નિજના સ્વભાવથી છે ખરેખર ઉપજે?
[આવા અહો તાર્કિક પ્રશ્ન કરી મુનિવર સૂચવે :]

૩. * જો ઊપજતી હો માટી તે કુંભારના જ સ્વભાવથી,
તો આ ઘડાને હું કરું છું જેહ એવા ગર્વથી;

૪. * છે પૂર્ણ એવો પુરુષ જેના હસ્ત આદિના અહા,
વ્યાપાર કરતા શરીર સમ તેના અહા આકારના;

૫. * જેવો જ થાવો જોઈએ આકાર પણ ઘટનો અહા,
કિંતુ થતું નથી એમ તો એથી જ કે કો દ્રવ્યના;

૬. * પરિણામનો ઉત્પાદ કોઈ અન્ય દ્રવ્ય તણા અહા,
નિજભાવરૂપે દેખવામાં આવતો જ નથી કદા.

(૨B) * [આમ હોવાથી માટી જ પોતાના સ્વભાવરૂપે કુંભભાવે પરિણમે છે :]

૧. * જો આમ છે તો માટી [કદી] કુંભારના જ સ્વભાવથી
નથી ઊપજતી, પણ ઊપજે છે માટી નિજ સ્વભાવથી;

---

* ગુણનો = પર્યાયનો

** દ્રવ્ય = પર્યાય

*** નિજભાવથી = સ્વભાવથી

૨. * એ કારણે કે દ્રવ્યના નિજભાવથી [તે] દ્રવ્યના
પરિણામનો, ઉત્પાદ જોવામાં જ આવે છે [સદા;]
૩. * ને આમ હોવાથી અહો માટી સદા નિજભાવને
ઉલ્લંઘતી નહિ હોઈને, કુંભાર ઘટનો નહિ ખરે;
૪. * ઊપજાવનારો છે કદીયે [કિંતુ] માટી તો અહા,
કુંભારના નિજભાવને નહિ સ્પર્શતી થકી તે સદા;
૫. * નિજના સ્વભાવે કુંભભાવે ઊપજે છે માટી આ;
[કિંતુ નથી તે ઊપજતી કુંભારના ભાવે કદા.]

(3A) * [તેવી જ રીતે સર્વ દ્રવ્યો નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના આકારરૂપે પરિણમતા નથી :]

૧. * એવી રીતે સહુ દ્રવ્ય નિજપરિણામભાવરૂપે અહા,
રે ઊપજતા જ થકા, બીજા નિમિત્તભૂત દ્રવ્યો તણા
૨. * નિજભાવથી છે નીપજે, કે નીપજે નિજભાવથી?
[તાર્કિક આવા પ્રશ્ન કરીને સૂચવે આચાર્યશ્રી :]
૩. * જો તે નીપજતા હોય અન્ય નિમિત્તભૂત દ્રવ્યો તણા
નિજભાવથી, તો તેમના આકારરૂપે રે સદા;
૪. * પરિણામ તેઓના થવા પણ જોઈએ, કિંતુ અહા,
નથી એમ તો થાતું [કદી] એ કારણે કે અન્યના;
૫. * સ્વભાવરૂપે કોઈ બીજા દ્રવ્યના પરિણામનો,
ઉત્પાદ જોવામાં નથી કદી આવતો તેથી અહો.

(3B) [આમ હોવાથી સર્વ દ્રવ્યો પોતાના જ સ્વભાવરૂપે પરિણમે છે :]

૧. * જો આમ છે તો સર્વ દ્રવ્યો, જે નિમિત્તો તેમને
છે, એ સહુ દ્રવ્યો તણા જ સ્વભાવથી નવ નીપજે;
૨. * કિંતુ અહો તે નીપજે નિજભાવમાત્રથી છે અહા,
એ કારણે કે દ્રવ્યના નિજભાવથી [તે] દ્રવ્યના
૩. * પરિણામનો, ઉત્પાદ જોવામાં જ આવે છે [ખરે,]
ને આમ હોવાથી સહુયે દ્રવ્ય નહીં નિજ ભાવને,
૪. * ઉલ્લંઘતા [કદી હોઈને], બીજા નિમિત્તો નહિ કદા,
ઉત્પાદકો તે અન્યદ્રવ્યોના પરિણામો તણા;

૫. * [આ રીત] સર્વે દ્રવ્ય તેઓના નિમિત્તો છે અહા,
તે અન્ય દ્રવ્યસ્વભાવને નહિ સ્પર્શતાય થકા સદા;
૬. * નિજના સ્વભાવ જ માત્રથી નિજના પરિણામોરૂપે,
ઉપજે ખરે છે [કિંતુ નવ પરભાવરૂપે ઊપજે.]

(૪) [ઉપસંહાર : જીવના રાગાદિકનું ઉત્પાદક અન્યદ્રવ્ય નથી :]

૧. * તેથી અહો આચાર્યશ્રી કહે છે [નિકટતમ શિષ્યને;]
ઊપજાવનારું જીવના રાગાદિને [ભવ્યો!] અમે;
૨. * પરદ્રવ્યને નથી દેખતા કે માનતા નથી પણ અમે,
કે જેમના પર કોપ કરીએ [જે નથી કર્તા ખરે!]

ટીકા :–

(૧) [સૌ પ્રથમ, જીવને પરદ્રવ્ય રાગાદિક ઊપજાવતા નથી—એ સિદ્ધાંત કહે છે :]

૧. * વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે
* એમ શંકા ન કરવી; કારણ કે
૨. * અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના
* ગુણનો ઉત્પાદ કરાવવાની અયોગ્યતા છે;
૩. * કેમકે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.
* આ વાત દ્રષ્ટાંતથી સમજાવવામાં આવે છે :–

(૨A) * [હવે, માટી કુંભારના આકારે પરિણમતી નથી—એમ દ્રષ્ટાંત કહે છે :]

૧. * માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી
* શું કુંભારના સ્વભાવથી ઊપજ છે કે
૨. * માટીના સ્વભાવથી ઊપજે છે?
* [આવા બે તાર્કિક પ્રશ્નો કરીને આચાર્યશ્રી સૂચવે છે કે :]
૩. * જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય
* તો જેમાં ઘડો કરવાના અહંકારથી
૪. * ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો)
* વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે
૫. * ઘડો થવો જોઈએ.
* પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.

(૨B) [આમ હોવાથી માટી જ પોતાના સ્વભાવરૂપે કુંભભાવે પરિણામે છે :]
૧. ∗ જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી
∗ ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે
૨. ∗ કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના
∗ પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.
૩. ∗ આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને
∗ નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો
૪. ∗ ઉત્પાદક છે જ નહિ; માટી જ
∗ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,
૫. ∗ પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે;
∗ [પરંતુ તે કુંભારના ભાવે કદી ઊપજતી નથી.]
(૩A) ∗ [તેવી જ રીતે સર્વ દ્રવ્યો નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના આકારરૂપે પરિણમતા નથી :]
૧. ∗ એવી રીતે—બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે (અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે)
∗ ઊપજતાં થકાં નિમિત્તભૂત અન્યદ્રવ્યોના
૨. ∗ સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે?
∗ [આવા બે તાર્કિક પ્રશ્નો કરીને આચાર્યશ્રી સૂચવે છે કે :]
૩. ∗ જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના
∗ સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે
૪. ∗ તેમના પરિણામ થવા જોઈએ. પરંતુ
∗ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના
૫. ∗ સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો
∗ ઉત્પાદ જોવામાં આવતો નથી.
(૩B) ∗ [આમ હોવાથી સર્વ દ્રવ્યો પોતાના જ સ્વભાવરૂપે પરિણમે છે :]
૧. ∗ જો આમ છે તો સર્વ દ્રવ્યો નિમિત્તભૂત
∗ અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી,
૨. ∗ પરંતુ પોતાના સ્વભાવથી જ ઊપજે છે
∗ કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના
૩. ∗ પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.
∗ આમ હોવાથી, સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહિ
૪. ∗ ઉલ્લંઘતાં હોવાને લીધે, નિમિત્તભૂત અન્ય દ્રવ્યો
∗ પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિ;

૫. * સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત

* અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં,

૬. * પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે

* ઊપજે છે [પરંતુ અન્યદ્રવ્યના સ્વભાવરૂપે ઊપજતા નથી.]

(૪) [ઉપસંહાર : જીવના રાગાદિકનું ઉત્પાદક અન્યદ્રવ્ય નથી :]

૧. * માટે (આચાર્યદેવ [નિકટવર્તી શિષ્યને] કહે છે કે

* જીવના રાગાદિકનું ઉત્પાદક અમે

૨. * પરદ્રવ્યને દેખતા (-માનતા કે સમજતા) નથી

* કે જેના પર કોપ કરીએ.

## કળશ-૨૨૦

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ આ આત્મામાં જે રાગદ્વેષરૂપ દોષોની
⁎ ઉત્પત્તિ થાય છે ત્યાં પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી.

૨. ⁎ ત્યાં તો સ્વયં અપરાધી એવું
⁎ આ અજ્ઞાન જ ફેલાય છે;—આ પ્રમાણે વિદિત થાઓ અને

૩. ⁎ અજ્ઞાન અસ્ત થઈ જાઓ; હું તો જ્ઞાન છું;
⁎ [આમ કહીને શ્રી અમૃતચંદ્રદેવે પૂર્વોક્ત ગાથાના કથન પર અમૃત-કળશ ચઢાવ્યો.]

**કળશામૃત :–**

૧. * આ આતમામાં રાગદ્વેષ [વિમોહ]રૂપ દોષો તણી,
જે થાય છે ઉત્પત્તિ ત્યાં તે દોષ કાંઈ પણ નથી

૨. * પરદ્રવ્યનો, ત્યાં તો સ્વયં અપરાધી એવું જે અરે,
અજ્ઞાન આ ફેલાય છે—આ રીત થાઓ વિદિત ને

૩. * અજ્ઞાન થાઓ અસ્ત, હું તો જ્ઞાન [માત્ર] જ છું સદા;
[પૂર્વોક્ત જિનવરકથન પર અમૃતકળશ મૂક્યો અહા!]

## કળશ-૨૨૧

ઉત્થાનિકા :–હવે આ જ અર્થને દ્રઢ કરવાને અને આગળના કથનની સૂચના કરવાને કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જેઓ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું
* જ નિમિત્તપણું (કારણપણું) માને છે, (પોતાનું
૨. * કાંઈ કારણપણું માનતા નથી,) તેઓ–જેમની
* બુદ્ધિ શુદ્ધજ્ઞાનરહિત અંધ છે એવા
૩. * (અર્થાત્ જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ
* આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા)–
૪. * મોહનદીને [પાર] ઉતરી શકતા નથી.
* [‘પોતાના રાગાદિકનું કારણપણું પરદ્રવ્યમાં નથી—એ વાતને આચાર્યશ્રી હવે પછીની ગાથાઓમાં વિસ્તારથી સમજાવશે તેની અહીં સૂચના કરી.]

**કળશામૃત :—**

૧. * જેઓ અહો રાગાદિની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું
જ નિમિત્તપણું—કરવાપણું—બસ માનીને, ન સ્વયં તણું
૨. * કારણપણું કદી માનતા, તે અંધજન છે જેમની,
બુદ્ધિ થઈ છે શુદ્ધજ્ઞાનરહિત એવા આત્મની;
૩. * અર્થાત્ જે નયશુદ્ધનો છે વિષયભૂત શુદ્ધાત્મા,
તેના સ્વરૂપના જ્ઞાનથી છે રહિત તે અંધો બધા;
૪. * [એવા જનો] નથી મોહનદીને પાર કરી શકતા કદી;
[સમજાવશે આચાર્યશ્રી આ વાતને વિસ્તારથી.]

## ગાથા – ૩૭૩ થી ૩૮૨

ઉત્થાનિકા :–સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્‌ગલો આત્માને કાંઈ કહેતાં નથી કે 'તું અમને જાણ', અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી. બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન (-સંબંધ વિનાનો, તટસ્થ) છે, તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને રાગી-દ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.—આવા અર્થની ગાથાઓ હવે કહે છે :–

ગાથા :* રે! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ-તોષ જીવો કરે. ૩૭૩.

* પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે? ૩૭૪.

* શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.

* શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬

* શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.

* શુભ કે અશુભ રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.

* શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.

* શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.

* શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.

* –આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨

ટીકામૃત :–

[ઉત્થાનિકા હરિગીતમાં :]

૧. * જે સ્પર્શ, રસ, રૂપ, ગંધ ને શબ્દાદિરૂપે પ્રણમતાં,
તે પુદ્‌ગલો કહેતાં નથી કંઈ જીવને કે 'તું અહા

૨. * રે જાણ અમને', તેમ જીવ નિજ સ્થાનથી પણ છૂટીને,
નથી જાણવા જાતો અહો તે પુદ્‌ગલોને પણ ખરે;

૩. * તે બેય પૂર્ણ સ્વતંત્રરૂપે પોતપોતાના અહા,
નિજભાવથી જ પરિણમે છે [જીવ-પરદ્રવ્યો સદા.]
૪. * આ રીત આત્મા પર પ્રતિ સંબંધહીન, ઉદાસી ને
તટસ્થ છે, તોપણ અરે અજ્ઞાની જીવ સ્પર્શાદિને
૫. * સારાં-નઠારાં માનીને, રાગી અને દ્વેષી બને
છે, તેહ વિપરીત જ્ઞાન તેનું—એ વિષે કહેશે હવે.]

**પ્રથમ દ્રષ્ટાંત કહે છે કે—**

(૧A) [દીવો પોતાનું સ્થાન છોડીને ઘટાદિને પ્રકાશવા જતો નથી :]

૧. * આ જગતમાં ઘટ ને પટાદિ બાહ્યવસ્તુઓ સદા–
જ્યમ દેવદત્ત ગ્રહી બીજા કો' યજ્ઞદત્ત પુરુષના
૨. * રે હસ્તને, કો' કાર્યમાં જોડે અહો તેવી રીતે,
નિજના* પ્રકાશનમાં દીવાને જોડતા નથી એ રીતે;
૩. * કે 'તું પ્રકાશ મને' અને દીવો અહો પણ નહીં કદા,
ચુંબકથી ખેંચાયેલ લોહની સોયની જ્યમ પણ અહા;
૪. * નિજ સ્થાનથી ચ્યુત થઈ અને તે સર્વ બાહ્યપદાર્થને,
પ્રકાશવા જાતો નથી—તેવો અહો દ્રષ્ટાંત છે.

(૧B) [ઘટપટાદિ બાહ્યપદાર્થો દીવાને વિક્રિયા ઉત્પન્ન કરતા નથી :]

૧. * કિંતુ વસ્તુસ્વભાવ ઉપજાવી ન પરથી શકાય છે,
વળી તે જ વસ્તુસ્વભાવથી પરને ન ઉપજાવાય છે;
૨. * તેથી દીવો જ્યમ બાહ્યવસ્તુઓ સમીપ ન હો ભલે,
નિજના જ સ્વરૂપ થકી દીવો પ્રકાશતો [સહુ વસ્તુને;]
૩. * તેવી જ રીતે તેહ જ્યારે વસ્તુ-સમીપે હોય જો,
તોપણ પ્રકાશે છે દીવો નિજના જ સ્વરૂપ થકી અહો.
૪. * રે એમ પોતાના જ સ્વરૂપ થકી પ્રકાશે જે ખરે
એવા દીવાને, નિજ સ્વભાવથી પરિણતિ વિધવિધને;
૫. * જે પામતો એવો મનોહર કે મનોહર ના અહો,
એ ઘટપટાદિ પદાર્થ બાહ્ય ન વિક્રિયા ઉપજાવતો.

* નિજના=ઘટપટાદિ બાહ્યપદાર્થોને પ્રકાશવાના

## એવી રીતે આ દ્રાષ્ટાંત છે :

(૨A) [આત્મા પોતાનું સ્થાન છોડીને શબ્દાદિને જાણવા જતો નથી :]

૧. * રે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ તથા અહા ગુણ, દ્રવ્ય જે,
છે બાહ્યવસ્તુઓ અહો નહિ તેમને કદીયે ખરે;

૨. * જ્યમ દેવદત્ત ગ્રહી બીજા કો યજ્ઞદત્ત પુરુષના
રે હસ્તને, કો' કાર્યમાં જોડે અહો તેવી રીતે;

૩. * નથી આતમાને જોડતા નિજજ્ઞાનમાં* કે 'તું અહા
સાંભળ મને, તું જો મને, તું સૂંઘ પણ મુજને તથા

૪. * તું ચાખ મુજને, સ્પર્શ મુજને, જાણ તું મુજને' અને
ચુંબકથી ખેંચાયેલ લોહની સોયની પણ જ્યમ ખરે;

૫. * રે આતમા નિજ સ્થાનથી થઈ ચ્યુત તેઓને અહા,
નથી જાણવા જાતો કદા [કિંતુ રહે છે નિજમાં.]

(૨B) [શબ્દાદિ બાહ્યપદાર્થો આત્માને વિક્રિયા ઉત્પન્ન કરતા નથી :]

૧. * કિંતુ વસ્તુસ્વભાવ ઉપજાવી ન પરથી શકાય છે,
વળી તે જ વસ્તુસ્વભાવથી પરને ન ઉપજાવાય છે;

૨. * તેથી આત્મા જેમ બાહ્યપદાર્થ સમીપ ન હો ભલે,
નિજના સ્વરૂપ થકી અહો જાણે જ છે સહુ વસ્તુને;

૩. * તેવી રીતે પણ તેહ જ્યારે વસ્તુ-સમીપે હોય છે,
નિજના સ્વરૂપ થકી ખરે જાણે જ છે તે વસ્તુને.

૪. * રે એમ પોતાના સ્વરૂપ થકી જ જે જાણે ખરે
તે આત્મને, નિજ સ્વરૂપથી વિચિત્ર પરિણતિને અરે;

૫. * જે પામતા એવા મનોહર કે મનોહર ના ભલે,
શબ્દાદિ બાહ્યપદાર્થ ના કો વિક્રિયા પેદા કરે.

(૩) [ઉપસંહાર : આત્મામાં ઉત્પન્ન થતા રાગદ્વેષ તે અજ્ઞાન છે :]

૧. * આ રીત પર પ્રત્યે સદાય ઉદાસી દીપક જ્યમ અહા,
રે આતમા પણ છે ઉદાસી સર્વ પર પ્રત્યે સદા;

૨. * સંબંધહીન તટસ્થ છે, છે એવી વસ્તુની સ્થિતિ,
તોપણ થતો જે રાગરોષ અજ્ઞાન છે [નિશ્ચય થકી.]

---

* નિજજ્ઞાનમાં = શબ્દાદિ બાહ્યપદાર્થોના જ્ઞાનમાં

**ટીકા :— પ્રથમ દ્રષ્ટાંત કહે છે કે-**

(૧A) [દીવો પોતાનું સ્થાન છોડીને ઘટાદિને પ્રકાશવા જતો નથી :]

૧. * આ જગતમાં બાહ્યપદાર્થ—ઘટપટાદિ—,
* જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને

૨. * હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ,
* દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી

૩. * કે 'તું મને પ્રકાશ', અને દીવો પણ
* લોહચુંબક—પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ

૪. * પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેને (બાહ્યપદાર્થને)
* પ્રકાશવા જતો નથી; [–આ દ્રષ્ટાંત છે.]

(૧B) [ઘટપટાદિ બાહ્યપદાર્થ દીવાને વિક્રિયા ઉત્પન્ન કરતા નથી :]

૧. * પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી
* તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ

૨. * હોવાથી, દીવો જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં
* (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે)

૩. * તેમ બાહ્યપદાર્થની સમીપતામાં પણ
* પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે.

૪. * (એમ) પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા
* એવા તેને (દીવાને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને

૫. * પામતો એવો મનોહર કે અમનોહર
* ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.

**એવી રીતે હવે દ્રાષ્ટાંત છે :**

(૨A) [આત્મા પોતાનું સ્થાન છોડીને શબ્દાદિને જાણવા જતો નથી :]

૧. * બાહ્યપદાર્થો—શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ
* તથા ગુણ ને દ્રવ્ય–,

૨. * જેમ દેવદત્ત યજ્ઞદત્તને
* હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ,

૩. * આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી કે 'તું
* મને સાંભળ, તું મને જો, તું મને સૂંઘ,

૪. * તું મને ચાખ, તું મને સ્પર્શ, તું મને જાણ',
* અને આ આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ
૫. * પોતાના સ્થાનથી ચ્યુત થઈને
* તેમને (બાહ્યપદાર્થોને) જાણવા જતો નથી;

(૨B) [શબ્દાદિ બાહ્યપદાર્થો આત્માને વિક્રિયા ઉત્પન્ન કરતા નથી :]

૧. * પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી
* તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી,
૨. * આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં
* (પોતાના સ્વરૂપથી જ જાણે છે)
૩. * તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ
* પોતાના સ્વરૂપથી જ જાણે છે.
૪. * (એમ) પોતાના સ્વરૂપથી જ જાણતા
* એવા તેને (આત્માને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને
૫. * પામતા એવા મનોહર કે અમનોહર
* શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.

(૩) [ઉપસંહાર : આત્મામાં ઉત્પન્ન થતા રાગદ્વેષ તે અજ્ઞાન છે :]

૧. * આ રીતે આત્મા દીવાની જેમ
* પર પ્રત્યે સદાય ઉદાસીન છે
૨. * (અર્થાત્ સંબંધ વગરનો, તટસ્થ છે)—એવી વસ્તુસ્થિતિ છે,
* તોપણ જે રાગદ્વેષ થાય છે તે અજ્ઞાન છે.

## કળશ–૨૨૨

ઉત્થાનિકા :–ફરી આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :—

૧. * પૂર્ણ, એક, અચ્યુત અને શુદ્ધ (-વિકાર રહિત) એવું જ્ઞાન
 * જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા

૨. * જ્ઞેય પદાર્થોથી જરા પણ વિક્રિયા પામતો નથી,
 * જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી (-પ્રકાશાવાયોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી તેમ.

૩. * તો પછી એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે
 * એવા આ અજ્ઞાની જીવો પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને

૪. * રાગદ્વેષમય કેમ થાય છે? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.)
 * [તેથી સિદ્ધ થયું કે આ રાગદ્વેષ તે અજ્ઞાન છે.]

કળશામૃત :—

૧. * રે પૂર્ણ, એક, અચ્યુત ને વિકારવિરહિત જ્ઞાન એ,
મહિમા અહો છે જેહનો તે આતમા જ્ઞાયક ખરે;

૨. * નથી પામતો જરી વિક્રિયા પણ તેહ જ્ઞેય પદાર્થથી,
જ્યમ વિક્રિયા નથી પામતો દીપક પ્રકાશ્ય પદાર્થથી.

૩. * તો એવી વસ્તુની સ્થિતિના છે જ્ઞાનથી વિરહિત જે,
અજ્ઞાની આ નિજની સહજ ઉદાસીને ક્યમ છોડીને;

૪. * રે રાગરોષમયી થતાં?—એ શોચ છે આચાર્યને.
[તેથી થયું એ સિદ્ધ કે આ રાગ તે અજ્ઞાન છે.]

## કળશ-૨૨૩

ઉત્થાનિકા :–હવે આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. ∗ જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે,
∗ જેઓ સદા (પોતાના ચૈતન્યચમત્કારમાત્ર)

૨. ∗ સ્વભાવને સ્પર્શનારા છે, જેઓ ભૂત કાળનાં તેમજ ભવિષ્ય કાળનાં
∗ સમસ્ત કર્મથી રહિત છે અને જેઓ વર્તમાન કાળના

૩. ∗ કર્મોદયથી ભિન્ન છે, તેઓ (–એવા જ્ઞાનીઓ–)
∗ અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે.

૪. ∗ કે જે જ્ઞાન-ચેતના
∗ ચમકતી ચૈતન્યજ્યોતિમય છે

૫. ∗ અને જેણે નિજ રસથી (પોતાના જ્ઞાનરૂપ રસથી)
∗ સમસ્ત લોકને સીંચ્યો છે.

કળશામૃત :–

૧. * રે રાગરોષ વિભાવથી છે જેનું તેજ રહિત ને
જેઓ સદા નિજના જ ચેતનમાત્રના ચમકારને

૨. * છે સ્પર્શનારા, ને અહા ભૂતકાળ તેમ ભવિષ્યના,
સમસ્ત કર્મથી રહિત છે ને વર્તમાને પણ અહા;

૩. * છે ભિન્ન કર્મોદયથી જે એવા અહો જ્ઞાનીજનો,
અતિ પ્રબળ ચેતનના વિભવના બળથી અનુભવતા અહો

૪. * તે જ્ઞાનની સંચેતનાને [તેહ કેવી છે અહા?]
ચૈતન્યજ્યોતિમય ચમકતી જ્ઞાનની છે ચેતના;

૫. * નિજ જ્ઞાનરૂપી રસથી સિંચ્યો છે અહો તે જ્યોતિએ,
સમસ્ત લોક [અલોકને-સહુ જીવ-અજીવ પદાર્થને.]

## ગાથા—૩૮૩ થી ૩૮૬

ઉત્થાનિકા :–અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે તે આત્મા પ્રતિક્રમણ છે, અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે (અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે) તે આત્મા પ્રત્યાખ્યાન છે અને ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે તે આત્મા આલોચના છે; સદાય આવાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે.—આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :—

ગાથા :* શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,
તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.
* શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,
તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે; ૩૮૪.
* શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,
તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.
* પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,
નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.

ટીકામૃત :-

(0) [ઉત્થાનિકા હરિગીતમાં :]

૧. * છોડે મમત્વ અતીત એવા કર્મ પ્રત્યે જે અહો,
તે આતમા પ્રતિક્રમણ છે ને જે અનાગત કર્મ છે;
૨. * તેને ન કરવાની પ્રતિજ્ઞા જે કરે છે તેહને,
અર્થાત્ જે ભાવો થકી ભાવિ કરમ બંધાય છે;
૩. * તેવા સહુ ભાવો તણું છોડે મમત્વ અહો ખરે,
તે આત્મા પચખાણ છે ને વર્તમાને ઉદિત જે;
૪. * કર્મો તણું છોડે મમત્વ અહો ખરે તે આતમા
આલોચના છે, જે સદા આ પ્રતિક્રમણ અને અહા;
૫. * પચખાણ ને આલોચનાપૂર્વક સદા વર્તન કરે,
તે આતમા ચારિત્ર છે—આ ચરિતનું જ વિધાન છે.

આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :–

(૧) [આત્મા પ્રતિક્રમણ કોને કહે છે?]

૧. * જે આતમા પુદ્‌ગલકરમના ઉદયથી જેઓ થતા,
તે ભાવથી પાછો વળે છે, આતમા તે ભાવના

૨. * છે હેતુભૂત, એવા અહો ભૂતકાળના સહુ કર્મને,
પ્રતિક્રમણ કરતો જે અહો પોતે જ છે પ્રતિક્રમણ તે.

(૨) [આત્મા પ્રત્યાખ્યાન કોને કહે છે?]

૧. * ને તે જ આત્મા તે જ ભાવોના ખરે છે કાર્ય જે,
એ ભાવિ કર્મોને પચખતો આત્મપ્રત્યાખ્યાન છે.

(૩) [આત્મા આલોચના કોને કહે છે?]

૧. * ને તે જ આત્મા વર્તમાને ઉદિત કર્મવિપાકને,
પોતાથી જુદો અનુભવે અતિ તે જ આલોચન ખરે.

(૪) [આત્મા ચારિત્ર કોને કહે છે?]

૧. * આ રીત તે આત્મા સદા પ્રતિક્રમણ રે કરતો થકો,
પચખાણ પણ કરતો થકો, આલોચના કરતો થકો;
૨. * રે પૂર્વ[સંચિત] કર્મના છે કાર્યરૂપે જે અહો,
ઉત્તર કરમના હેતુભૂત ભાવોથી એ નિવૃત્ત થતો;
૩. * જે વર્તમાને ઉદિત કર્મવિપાકને નિજ આત્મથી,
અતિ ભેદપૂર્વક અનુભવન કરતો જ નિજ આત્મા મહીં;
૪. * નિજજ્ઞાનભાવ મહીં જ ચરતો ને વિચરતો હોઈને,
ચારિત્ર છે અર્થાત્ તે પોતે જ ચરિતસ્વરૂપ છે.

(૫) [ચારિત્રવંત આત્મા પોતે જ જ્ઞાનચેતના છે :]

૧. * જે વર્તતો ચારિત્રસ્વરૂપે ચેતતો નિજને સદા,
બસ જ્ઞાનમાત્રરૂપે જ અનુભવતો થકો તે આતમા;
૨. * પોતે જ જ્ઞાનની ચેતના છે, ભાવ એવો છે અહા!
[આ રીત પ્રારંભ્યો અહો ચારિત્રનો અધિકાર આ.]

ટીકા :–

(૦) [ઉત્થાનિકા :]

૧. * અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે
* તે આત્મા પ્રતિક્રમણ છે, અનાગત કર્મ
૨. * ન કરવાની પ્રતિજ્ઞા કરે
* (અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ
૩. * બંધાય તે ભાવોનું મમત્વ છોડે)
* તે આત્મા પ્રત્યાખ્યાન છે અને ઉદયમાં આવેલા વર્તમાન

* કર્મવિપાકને = શુભ-અશુભભાવને

૪. * કર્મનું મમત્વ છોડે તે આતમા

* આલોચના છે; સદાય આવાં પ્રતિક્રમણ,

૫. * પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો

* આત્મા ચારિત્ર છે. [–આવું ચારિત્રનું વિધાન છે.]

આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :—

**(૧) [આત્મા પ્રતિક્રમણ કોને કહે છે?]**

૧. * જે આત્મા પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા

* ભાવોથી પોતાને નિવર્તાવે* છે, તે આત્મા તે ભાવોના

૨. * કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને)

* પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;

**(૨) [આત્મા પ્રત્યાખ્યાન કોને કહે છે?]**

૧. * તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત

* ઉત્તરકર્મને (ભવિષ્યકાળના કર્મને) પચખતો થકો, પ્રત્યાખ્યાન છે;

**(૩) [આત્મા આલોચના કોને કહે છે?]**

૧. * તે જ આત્મા, વર્તમાન કર્મવિપાકને

* પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો; આલોચના છે.

**(૪) [આત્મા ચારિત્ર કોને કહે છે?]**

૧. * એ રીતે તે આત્મા સદા પ્રતિક્રમતો (અર્થાત્ પ્રતિક્રમણ કરતો) થકો,

* સદા પચખતો (અર્થાત્ પ્રત્યાખ્યાન કરતો) થકો અને સદા આલોચતો (અર્થાત્ આલોચના કરતો) થકો,

૨. * પૂર્વકર્મના કાર્યરૂપ અને

* ઉત્તરકર્મના કારણરૂપ ભાવોથી અત્યંત નિવૃત્ત થયો થકો,

૩. * વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી)

* અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો, પોતામાં જ—

૪. * જ્ઞાનસ્વભાવમાં જ—નિરંતર ચરતો (વિચરતો, આચરણ કરતો)

* હોવાથી ચારિત્ર છે (અર્થાત્ પોતે જ ચારિત્રસ્વરૂપ છે).

**(૫) [ચારિત્રવંત આત્મા પોતે જ જ્ઞાનચેતના છે :]**

૧. * અને ચારિત્રસ્વરૂપ વર્તતો થકો પોતાને—

* જ્ઞાનમાત્રને—ચેતતો (અનુભવતો) હોવાથી (તે આત્મા)

૨. * પોતે જ જ્ઞાનચેતના છે, એવો ભાવ (આશય) છે.

* [આ રીતે આચાર્યશ્રીએ આ સમયસાર પરમાગમમાં સમ્યક્ ચારિત્રનો અધિકાર પ્રારંભ કર્યો.]

---

* નિવર્તાવે છે=પાછો વાળે છે.

## કળશ–૨૨૪

ઉત્થાનિકા :—હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે, જેમાં જ્ઞાનચેતનાનું ફળ અને અજ્ઞાનચેતનાનું (અર્થાત્ કર્મચેતનાનું અને કર્મફળચેતનાનું) ફળ પ્રગટ કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ નિરંતર જ્ઞાનની સંચેતનાથી જ જ્ઞાન
 ⁎ અત્યંત શુદ્ધ પ્રકાશે છે;

૨. ⁎ અને અજ્ઞાનની સંચેતનાથી બંધ દોડતો થકો
 ⁎ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે—જ્ઞાનની શુદ્ધતા થવા દેતો નથી.

**કળશામૃત :–**

૧. * **રે અનવરત [નિજ] જ્ઞાનની સંચેતનાથી જ જ્ઞાન આ,**
**અત્યંત શુદ્ધ પ્રકાશતું** [-જાણે અહો જ્ઞાની સદા;]**

૨. * **અજ્ઞાનની સંચેતનાથી બંધ આવે દોડતો***
**ને શુદ્ધતા એ જ્ઞાનની રોકે–ન થાવા દે અહો.**

---

⁎ બંધ આવે દોડતો = બંધ થાય જ છે.

⁎⁎ જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે = કેવળજ્ઞાન થાય છે.

## ગાથા – ૩૮૭ થી ૩૮૯

ઉત્થાનિકા :–હવે આ કથનને ગાથા દ્વારા કહે છે :–

ગાથા * જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને–દુખબીજને; ૩૮૭.
* જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને –દુઃખબીજને; ૩૮૮.
* જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુઃખી થાય છે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને–દુખબીજને. ૩૮૯.

ટીકામૃત :-

(૧) [સૌ પ્રથમ અજ્ઞાનચેતનાનું સ્વરૂપ અને તેના બે પ્રકારોની વ્યાખ્યા કહે છે :]

૧. * રે જ્ઞાનના સિવાય બીજા અન્ય ભાવોમાં 'હું આ
છું'–એમ અનુભવવું અહો–અજ્ઞાનની છે ચેતના.
૨. * તે બે પ્રકારે છે અહો-[છે એક] કર્મની ચેતના,
બીજી કરમફળની અહો છે [આતમાની] ચેતના.
૩. * જે અનુભવે છે જ્ઞાનથી જુદા જ એવા ભાવમાં
'આને કરું છું હું' અહા–છે કર્મની તે ચેતના.
૪. * ને જ્ઞાનથી જુદા જ એવા ભાવમાં જે અનુભવે
કે 'ભોગવું છું આ' અહા છે કર્મફળની ચેતના.

(૨) [અજ્ઞાનચેતના સંસારનું મૂળ કારણ છે :]

૧. * છે આમ બે રીતે અહા અજ્ઞાનની આ ચેતના,
સંસારનું છે બીજ તે અજ્ઞાનની સહુ ચેતના;
૨. * એ કારણે કે અષ્ટવિધ જ્ઞાનાવરણાદિ બધાં,
કર્મો સહુ છે બીજ આ સંસારના તેનું અહા;
૩. * રે [-મૂળ કારણ-] બીજ છે અજ્ઞાનની આ ચેતના,
અર્થાત્ તેનાથી જ છે બંધાય આ કર્મો બધાં;

(3) [માટે આચાર્યશ્રી ઉપદેશે છે કે મોક્ષાર્થીએ માત્ર ભગવતી જ્ઞાનચેતનાને જ નચાવવી* :]

૧. * માટે સદા મોક્ષાર્થી પુરુષે પ્રલય કરવાને અહા
અજ્ઞાનની આ ચેતનાનો, સકળ કર્મ તણા અહા;
૨. * સંન્યાસ [માત્ર]ની ભાવનાને ને સકલ કર્મો તણા,
ફળત્યાગની પણ ભાવના ઉપજાવી, પ્રણમીને અહા;

---

નચાવવી = ઉપજાવવી, પૂરી કરવી, [તે રૂપે] પરિણમવું.

3. * સ્વભાવભૂત છે એવી ભગવતી જ્ઞાનની બસ ચેતના,
તે એકલી જ નચાવવી [–આચાર્યનો આદેશ આ.]

ટીકા :–

(૧) [સૌ પ્રથમ અજ્ઞાનચેતનાનું સ્વરૂપ અને તેના બે પ્રકારોની વ્યાખ્યા કહે છે :]

૧. * જ્ઞાનથી અન્યમાં (-જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં)
* એમ ચેતવું (અનુભવવું) કે 'આ હું છું' તે અજ્ઞાનચેતના છે.

૨. * તે બે પ્રકારે છે—કર્મચેતના અને
* કર્મફળચેતના.

૩. * તેમાં, જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે
* 'આને હું કરું છું', તે કર્મચેતના છે;

૪. * અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું
* કે 'આને હું ભોગવું છું', તે કર્મફળચેતના છે.

(૨) [અજ્ઞાનચેતના સંસારનું મૂળ કારણ છે :]

૧. * (એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે.)
* તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે;

૨. * કારણ કે સંસારનું બીજ જે
* આઠ પ્રકારનું (જ્ઞાનાવરણાદિ) કર્મ,

૩. * તેનું તે અજ્ઞાનચેતના બીજ છે
* (અર્થાત્ તેનાથી કર્મ બંધાય છે).

(૩) [માટે આચાર્યશ્રી ઉપદેશે છે કે મોક્ષાર્થીએ માત્ર ભગવતી જ્ઞાનચેતનાને જ નચાવવી :]

૧. * માટે મોક્ષાર્થી પુરુષે અજ્ઞાનચેતનાનો
* પ્રલય કરવા માટે સકળ કર્મના

૨. * સંન્યાસની (ત્યાગની) ભાવનાને તથા
* સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવીને,

૩. * સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને
* જ એકને સદાય નચાવવી.

## કળશ–૨૨૫

ઉત્થાનિકા :–તેમાં પ્રથમ, સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવે છે :—

(ત્યાં પ્રથમ, કાવ્ય કહે છે :—)

**શ્લોકાર્થ :—**

૧. * ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) સમસ્ત કર્મને
 * કૃત-કારિત-અનુમોદનાથી અને

૨. * મન-વચન-કાયાથી ત્યાગીને હું પરમ નૈષ્કર્મ્યને
 * (-ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને) અવલંબુ છું.

૩. * (એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.)
 * [આમ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સકળ કર્મના સંન્યાસની પોતાની ભાવનાને પ્રગટ કરી.]

**કળશામૃત :—**

૧. * ભૂત, ભાવિ, સાંપ્રત કાળ સંબંધી સહુયે કર્મને,
કૃતથી અને કારિતથી, અનુમોદનાથી પણ અને

૨. * મન-વચન-કાયથી ત્યાગીને રે હું પરમ નૈષ્કર્મ્યને–
અવલંબુ છું ઉત્કૃષ્ટ કર્મરહિત 'વસ્થાને* ખરે.

૩. * સહુ કર્મને તજનાર જ્ઞાની કરે પ્રતિજ્ઞા આ રીતે;
[કહી આમ અમૃતચંદ્ર ભાવે ભાવના નિજને વિષે.]

**ટીકા :–**

* (હવે ટીકામાં પ્રથમ, પ્રતિક્રમણ-કલ્પ અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ કહે છે :—)
* (પ્રતિક્રમણ કરનાર કહે છે કે :)
* જે મેં (પૂર્વે કર્મ) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. (કર્મ કરવું, કરાવવું અને અન્ય કરનારને અનુમોદવું તે સંસારનું બીજ છે એમ જાણીને તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી ત્યારે જીવે તેના પ્રત્યેનું મમત્વ છોડ્યું, તે જ તેનું મિથ્યા કરવું છે.)
* [આ રીતે આચાર્યશ્રી કૃત-કારિત-અનુમોદના તથા મન-વચન-કાયા એ ત્રણ ત્રણ બોલના ''Permutation'' અને ''Combination'' વડે બધા મળીને ૪૯ બોલ કહે છે, જેની સંક્ષિપ્ત સમજણ નિમ્ન પ્રકારે છે :]
* (આ ૪૯ ભંગોની અંદર, –

[૧] * **પહેલા ભંગમાં** કૃત, કારિત, અનુમોદના—એ ત્રણે લીધાં અને તેના પર મન, વચન, કાયા—એ ત્રણે લગાવ્યાં. એ રીતે બનેલા એક ભંગને '૩૩'ની સમસ્યાથી—સંજ્ઞાથી—ઓળખી શકાય.

---

* 'વસ્થાને = અવસ્થાને.

[૨] *** ૨ થી ૪ સુધીના ભંગોમાં** કૃત, કારિત, અનુમોદના ત્રણે લઈને તેના પર મન, વચન, કાયામાંથી બબ્બેને લગાવ્યાં. આ ત્રણ ભંગોને '૩૨'ની સંજ્ઞાથી–ઓળખી શકાય.

[૩] *** ૫ થી ૭ સુધીના ભંગોમાં** કૃત, કારિત, અનુમોદના ત્રણે લઈને તેના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યાં.–આ ત્રણ ભંગોને '૩૧'ની સંજ્ઞાથી–ઓળખી શકાય.

[૪] *** ૮ થી ૧૦ સુધીના ભંગોમાં** કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેના પર મન, વચન, કાયા ત્રણે લગાવ્યાં. આ નવ ભંગોને '૨૩'ની સંજ્ઞાથી–ઓળખી શકાય.

[૫] *** ૧૧ થી ૧૯ સુધીના ભંગોમાં** કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયામાંથી બબ્બેને લગાવ્યાં. આ નવ ભંગોને '૨૨'ની સંજ્ઞાથી–ઓળખી શકાય.

[૬] *** ૨૦ થી ૨૮ સુધીના ભંગોમાં** કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ નવ ભંગોને '૨૧'ની સંજ્ઞાવાળા ભંગો તરીકે ઓળખી શકાય.

[૭] *** ૨૯ થી ૩૧ સુધીના ભંગોમાં** કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયા ત્રણે લગાવ્યાં. આ ત્રણ ભંગોને '૧૩'ની સંજ્ઞાથી–ઓળખી શકાય.

[૮] *** ૩૨ થી ૪૦ સુધીના ભંગોમાં** કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. આ નવ ભંગોને '૧૨'ની સંજ્ઞાથી–ઓળખી શકાય.

[૯] *** ૪૧ થી ૪૯ સુધીના ભંગોમાં** કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યાં. આ નવ ભંગોને '૧૧'ની સંજ્ઞાથી ઓળખી શકાય.

* આ રીતે બધા મળીને પ્રતિક્રમણ-કલ્પના ૪૯ ભંગો થયા.)

* એવી જ રીતે પ્રત્યાખ્યાન-કલ્પના ૪૯ બોલ તથા આલોચના-કલ્પના ૪૯ બોલ એમ ત્રણેય મળીને ૧૪૭ બોલની યાદી ચાર્ટરૂપે હવે પછીના બે પાનાઓમાં બતાવી છે :–

# પ્રતિક્રમણ-કલ્પના ૪૯ ભંગનો ચાર્ટ

| | AB | | | A | | | B | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રૂપ નંબર | સંજ્ઞા નંબર | બોલ નંબર | કર્યું | કરાવ્યું | અનુમોદ્યું | મનથી | વચનથી | કાયાથી |
| ૧ | 33 | ૧ | Y* | Y* | Y* | Y* | Y* | Y* |
| | | ૨ | Y | Y | Y | Y | Y | - |
| ૨ | 3૨ | 3 | Y | Y | Y | - | Y | Y |
| | | ૪ | Y | Y | Y | Y | - | Y |
| | | ૫ | Y | Y | Y | Y | - | - |
| 3 | 3૧ | ૬ | Y | Y | Y | - | Y | - |
| | | ૭ | Y | Y | Y | - | - | Y |
| | | ૮ | Y | Y | - | Y | Y | Y |
| ૪ | ૨3 | ૯ | - | Y | Y | Y | Y | Y |
| | | ૧૦ | Y | - | Y | Y | Y | Y |
| | | ૧૧ | Y | Y | - | Y | Y | - |
| | | ૧૨ | Y | Y | - | - | Y | Y |
| | | ૧3 | Y | Y | - | Y | - | Y |
| ૫ | ૨૨ | ૧૪ | - | Y | Y | Y | Y | - |
| | | ૧૫ | - | Y | Y | - | Y | Y |
| | | ૧૬ | - | Y | Y | Y | - | Y |
| | | ૧૭ | Y | - | Y | Y | Y | - |
| | | ૧૮ | Y | - | Y | - | Y | Y |
| | | ૧૯ | Y | - | Y | Y | - | Y |
| | | ૨૦ | Y | Y | - | Y | - | - |
| | | ૨૧ | - | Y | Y | Y | - | - |
| | | ૨૨ | Y | - | Y | Y | - | - |
| | | ૨3 | Y | Y | - | - | Y | - |
| ૬ | ૨૧ | ૨૪ | - | Y | Y | - | Y | - |
| | | ૨૫ | Y | - | Y | - | Y | - |
| | | ૨૬ | Y | Y | - | - | - | Y |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૭ | - | Y | Y | - | - | Y |
| | | ૨૮ | Y | - | Y | - | - | Y |
| | | ૨૯ | Y | - | - | Y | Y | Y |
| ૭ | ૧૩ | ૩૦ | - | Y | - | Y | Y | Y |
| | | ૩૧ | - | - | Y | Y | Y | Y |
| | | ૩૨ | Y | - | - | Y | Y | - |
| | | ૩૩ | Y | - | - | - | Y | Y |
| | | ૩૪ | Y | - | - | Y | - | Y |
| ૮ | ૧૨ | ૩૫ | - | Y | - | Y | Y | - |
| | | ૩૬ | - | Y | - | - | Y | Y |
| | | ૩૭ | - | Y | - | Y | - | Y |
| | | ૩૮ | - | - | Y | Y | Y | - |
| | | ૩૯ | - | - | Y | - | Y | Y |
| | | ૪૦ | - | - | Y | Y | - | Y |
| | | ૪૧ | Y | - | - | Y | - | - |
| | | ૪૨ | Y | - | - | - | Y | - |
| | | ૪૩ | Y | - | - | - | - | Y |
| ૯ | ૧૧ | ૪૪ | - | Y | - | Y | - | - |
| | | ૪૫ | - | Y | - | - | Y | - |
| | | ૪૬ | - | Y | - | - | - | Y |
| | | ૪૭ | - | - | Y | Y | - | - |
| | | ૪૮ | - | - | Y | - | Y | - |
| | | ૪૯ | - | - | Y | - | - | Y |

પ્રતિક્રમણ-કલ્પના ૪૯ બોલ
\+ પ્રત્યાખ્યાન-કલ્પના ૪૯ બોલ
\+ આલોચના-કલ્પના ૪૯ બોલ
= બધુ મળીને ૧૪૭ બોલ

* Y = Yes = હા

## કળશ – ૨૨૬

ઉત્થાનિકા :–હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. * જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂત કાળમાં) કર્મ કર્યાં,
* તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)

૨. * ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ–) નિરંતર
* વર્તું છું (એમ જ્ઞાની અનુભવ કરે છે).

**કળશામૃત :—**

૧. * જે મોહથી-અજ્ઞાનથી-ભૂતકાળમાં કર્મો કર્યાં
મેં, તે સમસ્ત પ્રતિક્રમીને સર્વ કર્મ રહિત અહા;

૨. * ચૈતન્યસ્વરૂપી આતમામાં હું સદા આત્મા વડે,
વર્તું જ છું એવો અહો અનુભવ [સહુ] જ્ઞાની કરે.

આ રીતે પ્રતિક્રમણ-કલ્પ (અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ) સમાપ્ત થયો.

(હવે ટીકામાં આલોચનાકલ્પ કહે છે :—)

* હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી; મનથી, વચનથી તથા કાયાથી.
* [હવે પ્રતિક્રમણકલ્પમાં જે રીતે કહ્યાં હતાં તે જ રીતે આલોચના વિષયક કૃત-કારિત-અનુમોદના તથા મન-વચન-કાયાના નિષેધપૂર્વક બધા મળીને ૪૯ બોલ કહે છે :]

(આ રીતે, પ્રતિક્રમણના જેવા જ આલોચનામાં પણ ૪૯ ભંગ કહ્યાં.)

## કળશ–૨૨૭

ઉત્થાનિકા : હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :–**

(નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર કહે છે કે–)

૧. * મોહના વિલાસથી ફેલાયેલું
* જે આ ઉદયમાન (ઉદયમાં આવતું) કર્મ તે સમસ્તને આલોચીને

૨. * (-તે સર્વ કર્મની આલોચના કરીને–)
* હું નિષ્કર્મ (અર્થાત સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ

3. * આત્મામાં આત્માથી જ (-પોતાથી જ–) નિરંતર વર્તું છું.
* (નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર [મુનિ આ પ્રમાણે] કહે છે.)

**કળશામૃત :–**

૧. * [બસ] મોહના વિલાસથી રે જે અહો ફેલાયું છે,
તે ઉદયમાં આવેલ આ સહુ કર્મને* આલોચીને;

૨. * [-એ સર્વ કર્મ તણી અહો આલોચના** કરી] હું [હવે,]
સહુ કર્મથી વિરહિત આ નિષ્કર્મ ચેતનસ્વરૂપ એ,

3. * આત્મા મહીં આત્મા થકી વર્તું જ છું નિરંતરે,
(નિશ્ચયચરિત ગ્રહણ કરંતો [મુનિ] કહે છે [આ રીતે.]

આ રીતે આલોચનાકલ્પ સમાપ્ત થયો.

---

* કર્મ = રાગ-દ્વેષાદિ

** આલોચના = જોવું, જાણવું.

* (હવે ટીકામાં પ્રત્યાખ્યાનકલ્પ અર્થાત્ પ્રત્યાખ્યાનનો વિધિ કહે છે :–)
* (પ્રત્યાખ્યાન કરનાર કહે છે કે : )
* હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ; કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહીં, મનથી, વચનથી તથા કાયાથી.)
* [હવે પ્રતિક્રમણકલ્પમાં જે રીતે કહ્યાં હતાં તે જ રીતે પ્રત્યાખ્યાન વિષયક કૃત-કારિત-અનુમોદના તથા મન-વચન-કાયાના નિષેધપૂર્વક બધા મળીને ૪૯ બોલ કહે છે.]
* (આ રીતે, પ્રતિક્રમણના જેવા જ પ્રત્યાખ્યાનમાં પણ ૪૯ ભંગ કહ્યાં)

## કળશ–૨૨૮

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * (પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે–)
   * ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (-ત્યાગીને),

૨. * જેનો મોહ નષ્ટ થયો છે એવો,
   * હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ

૩. * આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.
   * [આ રીતે આચાર્યશ્રીએ પ્રત્યાખ્યાનનો વિધિ સમજાવ્યો.]

**કળશામૃત :–**

૧. * પચખાણ કરનારા અહો જ્ઞાની મુનિ કહે છે* અહા,
ત્યાગી હું-પચખીને હું-સહુયે કર્મ ભાવિ કાળના;

૨. * જેનો થયો છે નષ્ટ મોહ ખરે હું એવો [નિશ્ચયે,]
નિષ્કર્મ-કર્મ રહિત સર્વે—ચિત્સ્વરૂપી જેહ તે;

૩. * આત્મા મહીં આત્મા થકી વર્તું જ છું નિરંતરે,
[પચખાણનો વિધિ આ રીતે સમજાવીયો શ્રી મુનિવરે.]

---

* કહે છે = જાણે છે

* આ રીતે પ્રત્યાખ્યાનકલ્પ સમાપ્ત થયો.

## કળશ-૨૨૯

ઉત્થાનિકા :–હવે સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવવા વિષેનું કથન પૂર્ણ કરતાં, કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * (શુદ્ધનયનું આલંબન કરનાર કહે છે કે–)
 * પૂર્વોક્ત રીતે ત્રણે કાળનાં સમસ્ત કર્મોને દૂર કરીને-છોડીને,
૨. * શુદ્ધનયાવલંબી (અર્થાત્ શુદ્ધનયને અવલંબનાર) અને વિલીનમોહ
 * (અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે) એવો હું હવે
૩. * (સર્વ) વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને અવલંબુ છું.
 * [આ રીતે સકળ કર્મના સંન્યાસની ભાવનાને આચાર્યશ્રીએ નચાવી.]

**કળશામૃત :–**

૧. * નયશુદ્ધને અવલંબનારા [ભાવલિંગી મુનિ] કહે–
પૂર્વોક્ત રીત દૂરે કરી ત્રણ કાળના સહુ કર્મને;
૨. * હું શુદ્ધનય અવલંબનારો ને વિલીનમોહી ખરે,
(-મિથ્યાત્વ નષ્ટ થયું અહો છે જેહનું-) એવો હવે;
૩. * અવલંબું છું સહુયે વિકારરહિત ચેતનમાત્રને;
[–સહુ કર્મના સંન્યાસની રે ભાવના ભાવી ખરે.]

## કળશ-૨૩૦

ઉત્થાનિકા :–હવે સકળ કર્મફળના સન્યાસની ભાવનાને નચાવે છે :–

(ત્યાં પ્રથમ, તે કથનના સમુચ્ચય–અર્થનું કાવ્ય કહે છે :–)

શ્લોકાર્થ :–

૧. * (સમસ્ત કર્મફળની સન્યાસભાવના
 * કરનાર [નિકટ મુક્તિગામી આચાર્ય ભગવંત] કહે છે કે–)
૨. * [આ] કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ
 * ખરી જાઓ; હું (મારા) ચૈતન્યસ્વરૂપ આત્માને
૩. * નિશ્ચળપણે સંચેતું છું—અનુભવું છું.
 * [આ રીતે આચાર્યશ્રીએ પોતાની સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવી.]

કળશામૃત :–

૧. * સહુ કર્મફળસન્યાસની જે ભાવના ભાવે સદા,
તે [મુક્તિગામી જ્ઞાની મુનિ ભગવંત] એમ કહે અહા–
૨. * [આ] કર્મરૂપવિષવૃક્ષફળ મુજ ભોગવ્યા જ વિના ખરે,
રે ખરી જજો, હું તો અહો મુજ ચિત્સ્વરૂપી આત્મને;
૩. * નિશ્ચળપણે સંચેતું છું–મુજ આત્મના અનુભવ મહીં;
[મુનિએ નચાવી ભાવના સહુ કર્મફળસન્યાસની.]

## કળશ-૨૩૦ પછીની ટીકા

(હવે ટીકામાં સકળ કર્મફળના સંન્યાસની ભાવનાને નચાવે છે :–)

૧. * હું (જ્ઞાની હોવાથી) મતિજ્ઞાનાવરણીય
   * કર્મના ફળને નથી ભોગવતો,

૨. * ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું
   * અર્થાત્ એકાગ્રપણે અનુભવું છું.
   (અહીં 'ચેતવું' એટલે અનુભવવું, વેદવું, ભોગવવું.
   'સં' ઉપસર્ગ લાગવાથી, 'સંચેતવુ' એટલે 'એકાગ્રપણે અનુભવવું' એવો અર્થ અહીં બધા પાઠોમાં સમજવો.)

૩. * (આ પ્રમાણે [મુખ્યપણે સપ્તમ ગુણસ્થાનવર્તી મુનિરાજ] સકળ કર્મોના ફળના સન્યાસની [અતિશય ઉત્તમ] ભાવના કરે છે.)

**કળશામૃત :–**

૧. * હું (જ્ઞાની હોવાથી) અહો જ્ઞાનાવરણ આદિ* બધાં,
કર્મો તણા ફળને નથી હું વેદતો કદીએ અહા;

૨. * ચૈતન્યસ્વરૂપી આતમાને માત્ર સંચેતું સદા,
એકાગ્ર થઈ એને જ હું વેદું—અનુભવું છું અહા;

૩. * આ રીત [સપ્તમ સ્થાનવર્તી]** જ્ઞાની [મુનિરાજે] કરી,
સહુ કર્મના સંન્યાસની રે ભાવના [ઉત્તમ અતિ.]

---

** સપ્તમ સ્થાનવર્તી = સાતમા ગુણસ્થાનવર્તી

*** 'જ્ઞાનાવરણીય આદિ ૧૪૮ કર્મપ્રકૃતિઓની સૂચિ હવે પછીના પાના પર આપી છે. તે દરેક પ્રકૃતિના ફળને જ્ઞાની વેદતો નથી પરંતુ ચૈતન્યસ્વરૂપી આત્માને જ સંચેતે છે—એમ બધે ઠેકાણે જાણવું.**

| પ્રકૃતિઓ | | ઉત્તર પ્રકૃતિઓ | |
|---|---|---|---|
| **નં.** | **નામ** | **સંખ્યા** | **નામ** |
| ૧. | જ્ઞાનાવરણીયકર્મ | ૫ | ૧. મતિજ્ઞાનાવરણીયકર્મ |
| | | | ૨. શ્રુતજ્ઞાનાવરણીયકર્મ |
| | | | ૩. અવધિજ્ઞાનાવરણીયકર્મ |
| | | | ૪. મનઃપર્યયજ્ઞાનાવરણીયકર્મ |
| | | | ૫. કેવલજ્ઞાનાવરણીય કર્મ |
| ૨. | દર્શનાવરણીયકર્મ | ૯ | **(A) ચક્ષુ-અચક્ષુ સંબંધી** |
| | | | ૬. ચક્ષુદર્શનાવરણીયકર્મ |
| | | | ૭. અચક્ષુદર્શનાવરણીયકર્મ |
| | | | ૮. અવધિદર્શનાવરણીયકર્મ |
| | | | ૯. કેવલદર્શનાવરણીયકર્મ |
| | | | **(B) નિદ્રા સંબંધી** |
| | | | ૧૦. નિદ્રાદર્શનાવરણીયકર્મ |
| | | | ૧૧. નિદ્રાનિદ્રાદર્શનાવરણીયકર્મ |
| | | | ૧૨. પ્રચલાદર્શનાવરણીયકર્મ |
| | | | ૧૩. પ્રચલાપ્રચલાદર્શનાવરણીયકર્મ |
| | | | ૧૪. સ્ત્યાનગૃદ્ધિદર્શનાવરણીયકર્મ |
| ૩. | વેદનીયકર્મ | ૨ | ૧૫. શાતાવેદનીયકર્મ |
| | | | ૧૬.અશાતાવેદનીયકર્મ |
| ૪. | મોહનીયકર્મ | ૨૮ | **(A) સમ્યક્ત્વ-મિથ્યાત્વ સંબંધી** |
| | | | ૧૭. સમ્યક્ત્વમોહનીયકર્મ |
| | | | ૧૮. મિથ્યાત્વમોહનીયકર્મ |
| | | | ૧૯. સમ્યકત્વમિથ્યાત્વમોહનીયકર્મ |
| | | | **(B) ક્રોધકષાય સંબંધી** |
| | | | ૨૦. અનંતાનુબંધીક્રોધકષાયવેદનીયમોહનીયકર્મ |
| | | | ૨૧. અપ્રત્યાખ્યાનાવરણીયક્રોધકષાયવેદનીયમોહનીયકર્મ |
| | | | ૨૨. પ્રત્યાખ્યાનાવરણીક્રોધકષાયવેદનીયમોહનીયકર્મ |
| | | | ૨૩. સંજ્વલનક્રોધકષાયવેદનીયમોહનીયકર્મ |

(C) માનકષાય સંબંધી

૨૪. અનંતાનુબંધીમાનકષાયવેદનીયમોહનીયકર્મ
૨૫. અપ્રત્યાખ્યાનાવરણીયમાનકષાયવેદનીયમોહનીયકર્મ
૨૬. પ્રત્યાખ્યાનાવરણીયમાનકષાયવેદનીયમોહનીયકર્મ
૨૭. સંજ્વલનમાનકષાયવેદનીયમોહનીયકર્મ

(D) માયાકષાય સંબંધી

૨૮. અનંતાનુબંધીમાયાકષાયવેદનીયમોહનીયકર્મ
૨૯. અપ્રત્યાખ્યાનાવરણીયમાયાકષાયવેદનીયમોહનીયકર્મ
૩૦. પ્રત્યાખ્યાનાવરણીયમાયાકષાયવેદનીયમોહનીયકર્મ
૩૧. સંજ્વલનમાયાકષાયવેદનીયમોહનીયકર્મ

(E) લોભકષાય સંબંધી

૩૨. અનંતાનુબંધીલોભકષાયવેદનીયમોહનીયકર્મ
૩૩. અપ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયવેદનીયમોહનીયકર્મ
૩૪. પ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયવેદનીયમોહનીયકર્મ
૩૫. સંજ્વલનલોભકષાયવેદનીયમોહનીયકર્મ

(F) નોકષાય સંબંધી

૩૬. હાસ્યનોકષાયવેદનીયમોહનીયકર્મ
૩૭. રતિકષાયવેદનીયમોહનીયકર્મ
૩૮. અરતિકષાયવેદનીયમોહનીયકર્મ
૩૯. શોકનોકષાયવેદનીયમોહનીયકર્મ
૪૦. ભયનોકષાયવેદનીયમોહનીયકર્મ
૪૧. જુગુપ્સાનોકષાયવેદનીયમોહનીયકર્મ
૪૨. સ્રીવેદનોકષાયવેદનીયમોહનીયકર્મ
૪૩. પુરુષવેદનોકષાયવેદનીયમોહનીયકર્મ
૪૪. નપુંસકવેદનોકષાયવેદનીયમોહનીયકર્મ

(૫) આયુકર્મ ૪ ૪૫. નરકઆયુકર્મ
૪૬. તિર્યંચઆયુકર્મ
૪૭. મનુષ્યઆયુકર્મ
૪૮. દેવઆયુકર્મ

(૬) નામકર્મ ૯૩ (A) નરકાદિ ગતિનામકર્મ
૪૯. નરકગતિનામકર્મ

૫૦. તિર્યંચગતિનામકર્મ
૫૧. મનુષ્યગતિનામકર્મ
૫૨. દેવગતિનામકર્મ

(B) પાંચઇન્દ્રિય સંબંધી

૫૩. એકેન્દ્રિયજાતિનામકર્મ
૫૪. દ્વિન્દ્રિયજાતિનામકર્મ
૫૫. ત્રીન્દ્રિયજાતિનામકર્મ
૫૬. ચતુરિન્દ્રિજાતિનામકર્મ
૫૭. પંચેન્દ્રિયજાતિનામકર્મ

(C) શરીર સંબંધી

૫૮. ઔદારિકશરીરનામકર્મ
૫૯. વૈક્રિયિકશરીરનામકર્મ
૬૦. આહારકશરીરનામકર્મ
૬૧. તૈજસશરીરનામકર્મ
૬૨. કાર્માણશરીરનામકર્મ

(D) અંગોપાંગ સંબંધી

૬૩. ઔદારિકશરીર-અંગોપાંગનામકર્મ
૬૪. વૈક્રિયકશરીર-અંગોપાંગનામકર્મ
૬૫. આહારકશરીર-અંગોપાંગનામકર્મ

(E) શરીરબંધન સંબંધી

૬૬. ઔદારિકશરીરબંધનનામકર્મ
૬૭. વૈક્રિયકશરીરબંધનનામકર્મ
૬૮. આહારકશરીરબંધનનામકર્મ
૬૯. તૈજસશરીરબંધનનામકર્મ
૭૦. કાર્માણશરીરબંધનનામકર્મ

(F) શરીરસંઘાત સંબંધી

૭૧. ઔદારિકશરીરસંઘાતનામકર્મ
૭૨. વૈક્રિયકશરીરસંઘાતનામકર્મ
૭૩. આહારકશરીરસંઘાતનામકર્મ
૭૪. તૈજસશરીરસંઘાતનામકર્મ

૭૫. કાર્માણશરીરસંઘાતનામકર્મ

**(G) સંસ્થાન સંબંધી**

૭૬. સમચતુરસ્રસંસ્થાનનામકર્મ

૭૭. ન્યગ્રોધપરિમંડલસંસ્થાનનામકર્મ

૭૮. સાતિકસંસ્થાનનામકર્મ

૭૯. કુબ્જકસંસ્થાનનામકર્મ

૮૦. વામનસંસ્થાનનામકર્મ

૮૧. હુંડકસંસ્થાનનામકર્મ

**(H) સંહનન સંબંધી**

૮૨. વજ્રર્ષભનારાચસંહનનનામકર્મ

૮૩. વજ્રનારાચસંહનનનામકર્મ

૮૪. નારાચસંહનનનામકર્મ

૮૫. અર્ધનારાચસંહનનનામકર્મ

૮૬. કીલિકાસંહનનનામકર્મ

૮૭. અસંપ્રાપ્તસૃપાટિકાસંહનનનામકર્મ

**(I) સ્પર્શ સંબંધી**

૮૮. સ્નિગ્ધસ્પર્શનામકર્મ

૮૯. રૂક્ષસ્પર્શનામકર્મ

૯૦. શીતસ્પર્શનામકર્મ

૯૧. ઉષ્ણસ્પર્શનામકર્મ

૯૨. ગુરુસ્પર્શનામકર્મ

૯૩. લઘુસ્પર્શનામકર્મ

૯૪. મૃદુસ્પર્શનામકર્મ

૯૫. કર્કશસ્પર્શનામકર્મ

**(J) રસ સંબંધી**

૯૬. મધુરરસનામકર્મ

૯૭. આમ્લરસનામકર્મ

૯૮. તિક્તરસનામકર્મ

૯૯. કટુકરસનામકર્મ

૧૦૦. કષાયરસનામકર્મ

(K) ગંધ સંબંધી

૧૦૧. સુરભિગંધનામકર્મ

૧૦૨. અસુરભિગંધનામકર્મ

(L) વર્ણ સંબંધી

૧૦૩. શુક્લવર્ણનામકર્મ

૧૦૪. રક્તવર્ણનામકર્મ

૧૦૫. પીતવર્ણનામકર્મ

૧૦૬. હરિતવર્ણનામકર્મ

૧૦૭. કૃષ્ણવર્ણનામકર્મ

(M) ગત્યાનુપૂર્વી સંબંધી

૧૦૮. નરકગત્યાનુપૂર્વીનામકર્મ

૧૦૯. તિર્યંચગત્યાનુપૂર્વીનામકર્મ

૧૧૦. મનુષ્યગત્યાનુપૂર્વીનામકર્મ

૧૧૧. દેવગત્યાનુપૂર્વીનામકર્મ

(N) શરીરની રચના સંબંધી

૧૧૨. નિર્માણનામકર્મ

૧૧૩. અગુરુલઘુનામકર્મ

૧૧૪. ઉપઘાતનામકર્મ

૧૧૫. પરઘાતનામકર્મ

૧૧૬. આતપનામકર્મ

૧૧૭. ઉદ્યોતનામકર્મ

૧૧૮. ઉચ્છ્વાસનામકર્મ

૧૧૯. પ્રશસ્તવિહાયોગતિનામકર્મ

૧૨૦. અપ્રશસ્તવિહાયોગતિનામકર્મ

૧૨૧. સાધારણશરીરનામકર્મ

૧૨૨. પ્રત્યેકશરીરનામકર્મ

૧૨૩. સ્થાવરનામકર્મ

૧૨૪. ત્રસનામકર્મ

૧૨૫. સુભગનામકર્મ

૧૨૬. દુર્ભગનામકર્મ

| | | | |
|---|---|---|---|
| | | | ૧૨૭. સુસ્વરનામકર્મ |
| | | | ૧૨૮. દુઃસ્વરનામકર્મ |
| | | | ૧૨૯. શુભનામકર્મ |
| | | | ૧૩૦. અશુભનામકર્મ |
| | | | ૧૩૧. સૂક્ષ્મશરીરનામકર્મ |
| | | | ૧૩૨. બાદરશરીરનામકર્મ |
| | | | ૧૩૩. પર્યાપ્તનામકર્મ |
| | | | ૧૩૪. અપર્યાપ્તનામકર્મ |
| | | | ૧૩૫. સ્થિરનામકર્મ |
| | | | ૧૩૬. અસ્થિરનામકર્મ |
| | | | **(O) આદર-અનાદર સંબંધી** |
| | | | ૧૩૭. આદેયનામકર્મ |
| | | | ૧૩૮. અનાદેયનામકર્મ |
| | | | ૧૩૯. યશઃકીર્તિનામકર્મ |
| | | | ૧૪૦. અપયશકીર્તિનામકર્મ |
| | | | ૧૪૧. તીર્થંકરનામકર્મ |
| (૭) | ગોત્રકર્મ | ૨ | ૧૪૨. ઉચ્ચગોત્ર |
| | | | ૧૪૩. નીચગોત્ર |
| (૮) | અંતરાયકર્મ | ૫ | ૧૪૪. દાનાંતરાયકર્મ |
| | | | ૧૪૫. લાભાંતરાયકર્મ |
| | | | ૧૪૬. ભોગાંતરાયકર્મ |
| | | | ૧૪૭. ઉપભોગાંતરાયકર્મ |
| | | | ૧૪૮. વીર્યાંતરાયકર્મ |

(આ પ્રમાણે જ્ઞાની સકળ કર્મોના ફળના સંન્યાસની ભાવના કરે છે.)

## કળશ ૨૩૦ પરની ટીકાના અંતમાં લખાયેલી 'ભાવના' વિષયક વધારાની ટીકા :

**ટીકામૃત :**

(૧) [સમસ્ત કર્મ તથા કર્મફળને ત્યાગનાર જ્ઞાનીને એક ચૈતન્યને જ ભોગવવાનું બાકી રહે છે :]

૧. * ચિંતવન વારંવાર કરી ઉપયોગનો અભ્યાસ જે,
કરવો અહો તેને અહીં કહી 'ભાવના' છે [-નિશ્ચયે;]

૨. * [આ] જીવ જ્યારે થાય છે સદ્દ્રષ્ટિ-જ્ઞાની તેહને,
શ્રદ્ધાન-જ્ઞાન થયું જ છે ત્યારે અહો કે 'હું ખરે

૩. * છું કર્મ તેમજ કર્મના ફળથી રહિત નિશ્ચયનયે,'
રે કિંતુ પૂર્વનિબદ્ધ કર્મોદય થકી જે થાય છે;

૪. * તે ભાવનું કર્તૃત્વ છોડીને અહો ત્રણ કાળના,
ઓગણપચાસ પ્રકારથી આ કર્મચેતનતા તણા;

૫. * રે ત્યાગની કરી ભાવના ને સર્વ કર્મફળો તણા,
અનુભવની ત્યાગી ભાવનાને એક ચેતનરૂપ આ;

૬. * નિજ આતમાને વેદવાનું બાકી રહ્યું તેથી અહા,
અવ્રતી, વ્રતી, ષટ્સ્થાનવર્તી* જીવને વર્તે સદા,

૭. * શ્રદ્ધાન-જ્ઞાન મહીં અહો છે ભાવના આવી અહા!
[ચારિત્ર કરશે પૂર્ણ તે ટાળી હવે અસ્થિરતા.]

(૨) [તે જીવ અસ્થિરતા ટાળીને ચારિત્રની પૂર્ણતા કઈ રીતે પામે છે તે હવે કહે છે :]

૧. * તે જીવ જ્યારે પ્રાપ્ત કરી અપ્રમત્ત 'વસ્થાને** અહા,
એકાગ્ર ચિત્તે ધ્યાન કરી બસ એક ચેતનમાત્રમાં;

૨. * ઉપયોગ સ્થિર કરી અને શુદ્ધોપયોગરૂપે થતાં,
નિશ્ચયચરિતમય શુદ્ધ એ ઉપયોગભાવ વડે તદા;

૩. * શ્રેણી ચડી ઉપજાવતો કૈવલ્યજ્ઞાન અરે અહા,
ત્યારે અહો એ ભાવનાનું જેહ છે ફળ તે મહા;

૪. * રે કર્મચેતનતાથી ને વળી કર્મફળની ચેતના,
તેનાથી પણ છે રહિત એ સાક્ષાત્ જ્ઞાનની ચેતના–

૫. * રૂપ પરિણમિત તે થાય છે, પછી આતમા 'નંતા*** અહા,
રે કાળ સુધી જ્ઞાનની બસ ચેતનારૂપ જ સદા;

---

* ષટ્સ્થાનવર્તી = છઠ્ઠા ગુણસ્થાનવર્તી ** 'વસ્થાને = અવસ્થાને

**** 'નંતા = અનંતા

૬. * રહેતો થકો રહે છે અહો તે મગ્ન પરમાનંદમાં;

[આ વિધિથી સુખ પામતો સાદિ અનંત સમાધિમાં.]

ટીકા :–

(૧) [સમસ્ત કર્મ તથા કર્મફળને ત્યાગનાર જ્ઞાનીને એક ચૈતન્યને જ ભોગવવાનું બાકી રહે છે :]

૧. * અહીં ભાવના એટલે વારંવાર ચિંતવન કરીને
   * ઉપયોગનો અભ્યાસ કરવો તે.

૨. * જ્યારે જીવ સમ્યગ્દ્રષ્ટિ-જ્ઞાની થાય છે
   * ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ કે 'હું

૩. * શુદ્ધનયે સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું.'
   * પરંતુ પૂર્વે બાંધેલા કર્મ ઉદયમાં આવે તેમનાથી થતા

૪. * ભાવોનું કર્તાપણું છોડીને, ત્રણે કાળ સંબંધી
   * ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના

૫. * ત્યાગની ભાવના કરીને તથા સર્વ કર્મનું ફળ
   * ભોગવવાના ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્યસ્વરૂપ

૬. * આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.
   * અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થાવાળા જીવને

૭. * જ્ઞાન-શ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ;
   * [હવે તે જીવ અસ્થિરતા ટાળીને પૂર્ણતા કરશે.]

(૨) [તે જીવ અસ્થિરતા ટાળીને ચારિત્રની પૂર્ણતા કઈ રીતે પામે છે તે હવે કહે છે :]

૧. * અને જ્યારે જીવ અપ્રમત્ત દશા પ્રાપ્ત કરીને
   * એકાગ્ર ચિત્તથી ધ્યાન કરે, કેવળ ચેતન્યમાત્ર આત્મામાં

૨. * ઉપયોગ લગાવે અને શુદ્ધોપયોગરૂપ થાય,
   * ત્યારે નિશ્ચયચારિત્રરૂપ શુદ્ધોપયોગભાવથી

૩. * શ્રેણી ચડીને કેવળજ્ઞાન ઉપજાવે છે.
   * તે વખતે એ ભાવનાનું ફળ જે

૪. * કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી
   * રહિત સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ

૫. * પરિણમન તે થાય છે. પછી આત્મા અનંત
   * કાળ સુધી જ્ઞાનચેતનારૂપ જ

૬. * રહેતો થકો પરમાનંદમાં મગ્ન રહે છે.
   * [આ વિધિ વડે જ્ઞાની સાદિ અનંત કાળ સમાધિસુખ પામે છે.]

## કળશ–૨૩૧

ઉત્થાનિકા :–હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * (સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનાની
* ભાવના કરનાર જ્ઞાની કહે છે કે :)

૨. * પૂર્વોક્ત રીતે સમસ્ત કર્મના ફળનો સન્યાસ કરવાથી
* હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને

૩. * અતિશયપણે ભોગવું છું અને તે સિવાયની
* અન્ય સર્વ ક્રિયામાં વિહારથી મારી

૪. * વૃત્તિ નિવૃત્ત છે (અર્થાત્ આત્મતત્ત્વના
* ભોગવટા સિવાયની અન્ય જે ઉપયોગની ક્રિયા–

૫. * વિભાવરૂપ ક્રિયા—તેમાં મારી પરિણતિ
* વિહાર કરતી નથી—પ્રવર્તતી નથી);

૬. * એમ આત્મતત્ત્વના ભોગવટામાં
* અચળ એવા મને, આ કાળની આવલી કે જે

૭. * પ્રવાહરૂપે અનંત છે તે, આત્મતત્ત્વના
* ભોગવટામાં જ વહો–જાઓ [–એવી ભાવના મુનિરાજ ભાવે છે.]

૮. * (ઉપયોગની પ્રવૃત્તિ અન્યમાં કદી પણ ન જાઓ.)
* [મને મારી જ્ઞાનચેતનાનો ભોગવટો ચિરકાળ હો!]

**કળશામૃત :–**

૧. * (સહુ કર્મફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનતાની આ,
રે ભાવના કરનાર જ્ઞાની એમ કહે છે કે અહા : )

૨. * પૂર્વોક્ત રીતે ત્યાગવાથી કર્મફળ સહુને અહા,
ચૈતન્યલક્ષણ જેહનું છે તેહ આત્માને સદા;

૩. * અતિશયપણે હું ભોગવું છું ને બધી તેના સિવા,
રે અન્ય સર્વ ક્રિયા મહીં વિહારથી મારી સદા;

૪. * નિવૃત્ત છે વૃત્તિ [જ તેથી] આત્મતત્ત્વ તણા અહા,
વેદન* સિવાયની અન્ય જે ઉપયોગની સહુયે ક્રિયા;

૫. * વિભાવરૂપ છે જેહ તેમાં મારી પરિણતિ રે કદા,
વિહાર નથી કરતી-પ્રવર્તતી તે નથી–કદીએ અહા;

૬. * એ રીત ભોગવટા મહીં મુજ આત્મતત્ત્વ તણા અહા
રે અચળ મુજને, કાળની આ આવલી કે જે સદા;
૭. * પ્રવાહરૂપ અનંત છે તે, આત્મતત્ત્વ તણા અહા.
વેદન* મહીં જ વહ્યાં કરો, [મુનિરાજ ભાવે ભાવના:]
૮. * (ઉપયોગની મારી પ્રવૃત્તિ અન્યમાં કદી ના જજો;)
[ચિરકાળ ભોગવટો મને હો જ્ઞાનચેતનતા તણો.]

---

* વેદન = ભોગવટો

## કળશ - ૨૩૨

ઉત્થાનિકા :– ફરી કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :–

૧. ⁎ પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ
⁎ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ
૨. ⁎ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી અને
⁎ ખરેખર પોતાથી જ (-આત્મસ્વરૂપથી જ) તૃપ્ત છે, તે પુરુષ,
૩. ⁎ જે વર્તમાન કાળે રમણીય છે અને ભવિષ્યમાં
⁎ પણ જેનું ફળ રમણીય છે એવી નિષ્કર્મ–
૪. ⁎ સુખમય દશાંતરને પામે છે
⁎ (અર્થાત્ જે પૂર્વે સંસાર-અવસ્થામાં
૫. ⁎ કદી થઈ નહોતી એવી જુદા પ્રકારની
⁎ કર્મરહિત સ્વાધીન સુખમય દશાને પામે છે).

કળશામૃત :–

૧. * અજ્ઞાનભાવથી જે કરેલાં કર્મ સહુ ભૂત-કાળના,
તે કર્મરૂપ વિષવૃક્ષનાં ફળને અહો જે નર સદા;
૨. * નથી વેદતો સ્વામી થઈને ને ખરેખર તૃપ્ત છે,
નિજ આતમાના સ્વરૂપથી જ સ્વયં અહો તે પુરુષ રે;
૩. * રમણીય છે જે વર્તમાને ને ભવિષ્ય મહીં ખરે,
પણ જેનું ફળ રમણીય છે એવી અહો નિષ્કર્મ ને
૪. * સુખમય દશાંતર પામતો [તે જ્ઞાની સાદિ-અનંતને.]
(આ રીત જે પૂર્વે અહો સંસાર'વસ્થામાં અરે;
૫. * કદી ના થઈ હતી એવી [કોઈ] અહો જુદા જ પ્રકારની,
સ્વાધીન સુખમય કર્મવિરહિત પ્રાપ્તિ થાતી દશા તણી.)

## કળશ–૨૩૩

ઉત્થાનિકા :—'પૂર્વોક્ત રીતે કર્મચેતના અને કર્મફળચેતના ત્યાગની ભાવના કરીને અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને, પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, જ્ઞાનચેતનાને નચાવતા થકા જ્ઞાનીજનો સદાકાળ આનંદરૂપ રહો'—એવા ઉપદેશનું કાવ્ય હવે કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. * જ્ઞાનીજનો, અવિરતપણે કર્મથી અને
 * કર્મના ફળથી વિરતિને અત્યંત ભાવીને
૨. * (અર્થાત્ કર્મ અને કર્મફળ પ્રત્યે
 * અત્યંત વિરક્તભાવને નિરંતર ભાવીને),
૩. * (એ રીતે) સમસ્ત અજ્ઞાનચેતનાના નાશને
 * સ્પષ્ટપણે નચાવીને, નિજરસથી
૪. * પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,
 * પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા
૫. * હવેથી સદાકાળ પ્રશમરસને પીઓ
 * (અર્થાત્ કર્મના અભાવરૂપ આત્મિક રસને—અમૃતરસને-
૬. * અત્યારથી માંડીને અનંત કાળ
 * પર્યંત પીઓ. આમ જ્ઞાનીજનોને પ્રેરણા છે).

**કળશામૃત :—**

૧. * **જ્ઞાનીજનો! અવિરતપણે (શુભ કે અશુભ સહુ) કર્મ ને**
**સહુ કર્મફળથી [પણ] અહો અત્યંત વિરતિ ભાવીને;***
૨. * **(અર્થાત્ કર્મ અને સહુ ફળકર્મના પ્રત્યે ખરે,**
**નિરંતરે અતિશયપણે વિરક્તભાવને ભાવીને;**
૩. * **અજ્ઞાનની સહુ ચેતનાના નાશને રે આ રીતે,**
**[અત્યંત] સ્પષ્ટપણે નચાવીને** અહો નિજરસથી જે;**
૪. * **છે પ્રાપ્ત એ નિજભાવને કરી પૂર્ણ સર્વ રીતે અરે,**
**નિજ જ્ઞાનચેતનતા અહો આનંદ સાથ નચાવીને;**
૫. * **પીઓ હવેથી પ્રશમરસને રે સદાયે [સહુ તમે!]**
**(અભાવરૂપ કર્મો તણા આત્મિક અમૃતમય ખરે;**
૬. * **રસને અહો અત્યારથી માંડી અનંતા કાળ રે,**
**પર્યંત પીઓ, જ્ઞાનીઓ! રે પ્રેરણા [મુનિવર કરે.]**

---

* વિરતિને અત્યંત ભાવીને = એની નિવૃત્તિ અત્યંત પામીને

** સ્પષ્ટપણે નચાવીને =તમારો આત્મા તમને સ્પષ્ટ પ્રત્યક્ષ થઈ જાય એમ.

## કળશ–૨૩૪

ઉત્થાનિકા :—આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે, તેથી જ્ઞાનને કર્તાભોક્તાપણાથી ભિન્ન બતાવ્યું; હવેની ગાથાઓમાં અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી જ્ઞાનને ભિન્ન બતાવશે તે ગાથાઓની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :—

શ્લોકાર્થ :-

૧. * અહીંથી હવે (આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં
   * હવેની ગાથાઓમાં એમ કહે છે કે–) સમસ્ત વસ્તુઓથી ભિન્નપણાના
૨. * નિશ્ચય વડે જુદું કરવામાં આવેલું જ્ઞાન,
   * પદાર્થના વિસ્તાર સાથે ગૂંથાવાથી
૩. * (–અનેક પદાર્થો સાથે, જ્ઞેયજ્ઞાનસંબંધને
   * લીધે, એક જેવું દેખાવાથી)
૪. * ઉત્પન્ન થતી (-અનેક પ્રકારની) ક્રિયા તેનાથી રહિત
   * એક જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ (-સર્વ આકુળતાથી રહિત) અને
૫. * દેદીપ્યમાન વર્તતું થકું,
   * [સાદિ અનંત અનંત કાળ સુધી] નિશ્ચળ રહે છે.

કળશામૃત :—

૧. * અહીંથી હવે સુવિશુદ્ધ એવા જ્ઞાનના અધિકારમાં
   કહેશે હવે કે–) સર્વ વસ્તુઓથી ભિન્નપણા તણા;
૨. * નિશ્ચય વડે જુદું કરાયેલું અહો જે જ્ઞાન તે,
   પદાર્થના વિસ્તાર સહ ગૂંથાઈ જાવાને લીધે;
૩. * અનેક વસ્તુની સાથ જ્ઞાયકજ્ઞેયરૂપ સંબંધને,
   રે કારણે બસ એકરૂપે લાગતું હોવાથી તે;
૪. * ઉત્પન્ન થાતી અનેકવિધ ક્રિયાથી રહેતું રહિત એ,
   બસ એક જ્ઞાનક્રિયા જ માત્રરૂપે અનાકુળ જે અને
૫. * દેદીપ્યમાનપણે અહો તે વર્તતું થકું છે રહે,
   નિશ્ચળપણે [સાદિ અનંત અનંત કાળ લગી અરે!]

## ગાથા – ૩૯૦ થી ૪૦૪

ઉત્થાનિકા :—એ જ અર્થની ગાથાઓ હવે કહે છે :—

ગાથા * રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું—જિન કહે; ૩૯૦.
* રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો—જિન કહે; ૩૯૧.
* રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું—જિન કહે; ૩૯૨.
* રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો—જિન કહે; ૩૯૩.
* રે! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી—જિન કહે; ૩૯૩.
* રે! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો—જિનવર કહે; ૩૯૫.
* રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો—જિન કહે; ૩૯૬.
* રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું—જિન કહે; ૩૯૭.
* રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો—જિન કહે; ૩૯૮.
* અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો—જિન કહે; ૩૯૯.
* રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો—જિન કહે; ૪૦૦.
* આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,
તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું—જિન કહે; ૪૦૧.
* નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,
તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.
* રે સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,
ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઇમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.
* સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને
ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.

**ટીકામૃત :–**

પહેલો પારિગ્રાફ : (૧) [સૌ પ્રથમ જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક સમજાવે છે :]

૧. * જે વચનરૂપ છે એવું દ્રવશ્રુત જ્ઞાન નથી એ કારણે
કે છે અચેતન શ્રુત તે, ને તેથી શ્રુતને-જ્ઞાનને
૨. * વ્યતિરેક છે, (અર્થાત્ જ્ઞાન અને અહો શ્રુત ભિન્ન છે.)
રે શબ્દ તે નથી જ્ઞાન [કદી] એ કારણે કે શબ્દ એ,
૩. * (પર્યાય પુદ્‌ગલદરવની હોવાથી) ચેતનરહિત છે;
માટે અહો [મુજ] જ્ઞાનને ને શબ્દને વ્યતિરેક છે.
૪. * રે રૂપ તે [પણ] જ્ઞાન નથી એ કારણે કે રૂપ તે,
(પુદ્‌ગલદરવનો ગુણ છે) [તેથી] અચેતન તેહ છે;
૫. * માટે અહો આ રૂપને ને જ્ઞાનને વ્યતિરેક છે.
રે વર્ણ તે [પણ] જ્ઞાન નથી એ કારણે કે વર્ણ તે,
૬. * (પુદ્‌ગલદરવનો ગુણ છે) તેથી અચેતન તેહ છે;
માટે અહો [મુજ] જ્ઞાનને ને વર્ણને વ્યતિરેક છે.
૭. * રે ગંધ તે [પણ] જ્ઞાન નથી એ કારણે કે ગંધ તે;
(પુદ્‌ગલદરવનો ગુણ છે) તેથી અચેતન તેહ છે;
૮. * માટે અહો [મુજ] જ્ઞાનને ને ગંધને વ્યતિરેક છે.
ને રસ [વળી] નથી જ્ઞાન કારણ કે અહો તે રસ ખરે,
૯. * (પુદ્‌ગલદરવનો ગુણ છે) તેથી અચેતન તેહ છે;
માટે અહો [તે] રસ અને [મુજ] જ્ઞાનને વ્યતિરેક છે.
૧૦. * રે સ્પર્શ તે [પણ] જ્ઞાન નથી એ કારણે કે સ્પર્શ તે,
(પુદ્‌ગલદરવનો ગુણ છે) [તેથી] અચેતન તેહ છે;
૧૧. * માટે અહો તે સ્પર્શને ને જ્ઞાનને વ્યતિરેક છે.
ને કર્મ [પણ] નથી જ્ઞાન કારણ કે અચેતન કર્મ છે,
૧૨. * માટે અહો [આ] કર્મને ને જ્ઞાનને વ્યતિરેક છે.
રે ધરમદ્રવ્ય નથી જ્ઞાન કારણ કે અચેતન તેહ છે;
૧૩. * માટે અહો [આ] ધર્મને ને જ્ઞાનને વ્યતિરેક છે.
અધર્મ તે નથી જ્ઞાન કારણ કે અચેતન તેહ છે,
૧૪. * માટે અધર્મદરવ અને [મુજ] જ્ઞાનને વ્યતિરેક છે.
રે કાળ [પણ] નથી જ્ઞાન કારણ કે અચેતન તેહ છે;

૧૫. * માટે અહો [મુજ] જ્ઞાનને ને કાળને વ્યતિરેક છે.
આકાશ [પણ] નથી જ્ઞાન કારણ કે અચેતન તેહ છે;
૧૬. * માટે અહો આકાશને ને જ્ઞાનને વ્યતિરેક છે.
[શુભ-અશુભ] અધ્યવસાન જ્ઞાન નથી અહો એ કારણે
૧૭. * કે તેહ અધ્યવસાન ચેતનહીન છે માટે અરે,
કર્મો તણા જે ઉદયની પ્રવૃત્તિરૂપે છે ખરે;
૧૮. * તેવા અહો એ ભાવને ને જ્ઞાનને વ્યતિરેક છે.
આ રીત સહુ પરદ્રવ્ય સહ વ્યતિરેક જ્ઞાન તણો ખરે,
૧૯. * નિશ્ચયથી સાધિત દેખવો અર્થાત્ નિશ્ચયથી અહો;
તે સિદ્ધિપ્રાપ્ત થયેલ છે એવો અહો અનુભવ કરો.

બીજો પારિગ્રાફ :

(૨) [હવે, જ્ઞાનનો જીવપર્યાયો સાથે અવ્યતિરેક દર્શાવે છે :]
૧. * છે જીવ ચેતન તેથી એક જ જીવ છે તે જ્ઞાન છે,
ને તેથી અવ્યતિરેક છે [આ] જીવને ને જ્ઞાનને;
૨. * વ્યતિરેક વળી જીવ-જ્ઞાનનો નથી શંકનીય જરા અહા,
(છે જીવ જ્ઞાનથી ભિન્ન—એ શંકા જરાયે યોગ્ય ના;)
૩. * એ કારણે કે જીવ પોતે જ્ઞાનમાત્ર જ છે ખરે,
આ રીત જીવથી જ્ઞાન કદી ના ભિન્ન હોવાને લીધે,
૪. * જ્ઞાન જ અહો સદ્-દ્રષ્ટિ છે, જ્ઞાન જ અહો સંયમ અને
છે જ્ઞાન [દ્વાદશ] અંગ ને [નવ] પૂર્વરૂપે સૂત્ર ને;
૫. * છે જ્ઞાન ધર્મ-અધર્મ (તેથી પુણ્ય-પાપ જ જ્ઞાન છે),
છે જ્ઞાન નિશ્ચયચરિત (તેથી છે પ્રવ્રજ્યા તે ખરે);
૬. * જીવપર્યયોની સાથ અવ્યતિરેક જ્ઞાન તણો યથા,
આ રીત સાધિત દેખવો નિશ્ચય વડે તેથી સદા;
૭. * અર્થાત્ નિશ્ચયથી ખરે તે સિદ્ધિપ્રાપ્ત થયેલ હો,
એવો જ તેને સમજવો ને અનુભવન કરવો અહો.

* ત્રીજો પારિગ્રાફ :

(૩) [છેલ્લે, પરમાર્થે શુદ્ધ એવા જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ કરવાની પ્રેરણા આપે છે :]
૧. * એ રીત સહુ પરદ્રવ્ય સહ વ્યતિરેકથી ને સર્વ જે,
રે દર્શનાદિ સ્વભાવ સહ અણભિન્નતાને કારણે;

૨. * અતિવ્યાપ્તિ, અણવ્યાપ્તિ દૂરે કરતું થકું, મૂળ જેનું છે,
વિભ્રમ અનાદિનું અહો એવા જ ધર્મ-અધર્મ જે;
૩. * છે પુણ્ય-પાપરૂપે અને શુભ-અશુભભાવરૂપે ખરે,
એ પરસમય દૂરે કરી, પોતે પ્રવ્રજ્યા પામીને–
૪. * (પોતે જ નિશ્ચયચરિતમય દીક્ષાપણાને પામીને-)
દ્રગ-જ્ઞાન-ચરિતમહીં થઈ સ્થિત પ્રાપ્ત કરી નિજસમયને;
૫. * રે મોક્ષમારગને અહા નિજમાં જ રે પરિણત કરી,
જેણે અહો સંપૂર્ણ [આ] વિજ્ઞાનઘન નિજભાવની;
૬. * પ્રાપ્તિ કરી છે એવું ત્યાગ અને ગ્રહણથી રહિત જે,
રે સમયસાર [સ્વભાવ]ભૂત સાક્ષાત્ એવું જ્ઞાન તે;
૭. * પરમાર્થરૂપે શુદ્ધ નિશ્ચળ એક એવા તેહને,
પ્રત્યક્ષ સંવેદન થકી અનુભવવું [સહુયે મુનિજને.]

ટીકા :–

પહેલો પારિગ્રાફ

(૧) [સૌ પ્રથમ જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક સમજાવે છે :]

૧. * શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી, કારણ કે
* શ્રુત અચેતન છે; માટે જ્ઞાનને અને શ્રુતને
૨. * વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે.
* શબ્દ જ્ઞાન નથી, કારણ કે શબ્દ
૩. * (પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે,) અચેતન છે;
* માટે જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક (અર્થાત્ ભેદ) છે.
૪. * રૂપ જ્ઞાન નથી, કારણ કે રૂપ
* (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે;
૫. * માટે જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે (અર્થાત્ બંને જુદાં છે).
* વર્ણ જ્ઞાન નથી, કારણ કે વર્ણ
૬. * (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે;
* માટે જ્ઞાનને અને વર્ણને વ્યતિરેક છે (અર્થાત્ જ્ઞાન અન્ય છે, વર્ણ અન્ય છે).
૭. * ગંધ જ્ઞાન નથી, કારણ કે ગંધ
* (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે;
૮. * માટે જ્ઞાનને અને ગંધને વ્યતિરેક (-ભેદ, ભિન્નતા) છે.

* રસ જ્ઞાન નથી, કારણ કે રસ
૯. * (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે;
* માટે જ્ઞાનને અને રસને વ્યતિરેક છે.
૧૦. * સ્પર્શ જ્ઞાન નથી, કારણ કે સ્પર્શ
* (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે;
૧૧. * માટે જ્ઞાનને અને સ્પર્શને વ્યતિરેક છે.
* કર્મ જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે;
૧૨. * માટે જ્ઞાનને અને કર્મને વ્યતિરેક છે.
* ધર્મ (-ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે ધર્મ અચેતન છે;
૧૩. * માટે જ્ઞાનને અને ધર્મને વ્યતિરેક છે.
* અધર્મ (-અધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે અધર્મ અચેતન છે;
૧૪. * માટે જ્ઞાનને અને અધર્મને વ્યતિરેક છે.
* કાળ (-કાળદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે કાળ અચેતન છે;
૧૫. * માટે જ્ઞાનને અને કાળને વ્યતિરેક છે.
* આકાશ (-આકાશદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે આકાશ અચેતન છે;
૧૬. * માટે જ્ઞાનને અને આકાશને વ્યતિરેક છે.
* અધ્યવસાન જ્ઞાન નથી, કારણ
૧૭. * કે અધ્યવસાન અચેતન છે; માટે
* જ્ઞાનને અને (કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ)
૧૮. * અધ્યવસાનને વ્યતિરેક છે.
* આમ આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક
૧૯. * નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે
* સિદ્ધ થયેલો સમજવો—અનુભવવો).

* બીજો પારિગ્રાફ :

(૨) [હવે, જ્ઞાનનો જીવપર્યાયો સાથે અવ્યતિરેક દર્શાવે છે :]

૧. * હવે, જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ
* ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક (-અભિન્નતા) છે.
૨. * વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી
* (અર્થાત્ જ્ઞાનની જીવથી ભિન્નતા હશે એમ જરાય શંકા કરવાયોગ્ય નથી),

૩. * કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે.
* આ પ્રમાણે (જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી,
૪. * જ્ઞાન જ સમ્યગ્દ્રષ્ટિ છે, જ્ઞાન જ સંયમ છે,
* જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,
૫. * જ્ઞાન જ ધર્મ-અધર્મ (અર્થાત્ પુણ્ય-પાપ) છે,
* જ્ઞાન જ પ્રવ્રજ્યા (દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે
૬. * —એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક
* નિશ્ચયસાધિત દેખવો
૭. * (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો
* સમજવો—અનુભવવો).

* **ત્રીજો પારિગ્રાફ :**

(૩) [છેલ્લે, પરમાર્થે શુદ્ધ એવા જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ કરવાની પ્રેરણા આપે છે :]
૧. * હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને
* સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે
૨. * અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું,
* અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ
૩. * (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ)
* પરસમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને
૪. * (અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),
* દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,
૫. * મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,
* જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાને
૬. * પ્રાપ્ત કર્યો છે એવું, ત્યાગ-ગ્રહણથી રહિત,
* સાક્ષાત્ સમયસારભૂત,
૭. * પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત (-નિશ્ચળ રહેલું)
* [સહુ મુનિજનોએ] દેખવું (અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું).

## કળશ–૨૩૫

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * અન્ય દ્રવ્યોથી ભિન્ન, પોતામાં જ નિયત,
 * પૃથક્ વસ્તુપણાને ધારતું
૨. * (-વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક હોવાથી
 * પોતે પણ સામાન્યવિશેષાત્મકપણાને ધારણ કરતું),
૩. * ગ્રહણ-ત્યાગ રહિત, આ અમલ
 * (–રાગાદિક મળથી રહિત) જ્ઞાન એવી રીતે અવસ્થિત (-નિશ્ચળ રહેલું)
૪. * અનુભવાય છે કે જેવી રીતે આદિ-મધ્ય-
 * અંતરૂપ વિભાગોથી રહિત એવી સહજ
૫. * ફેલાયેલી પ્રભા વડે દેદીપ્યમાન
 * એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા
૬. * નિત્ય-ઉદિત રહે—(શુદ્ધ જ્ઞાનના
 * પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).

**કળશામૃત :–**

૧. * સહુ અન્ય દ્રવ્યથી ભિન્ન નિજમાંહી જ નિયત અહો ખરે,
 રે પૃથક્ વસ્તુપણું અહો ધારણ કરંતુ જેહ તે;
૨. * વસ્તુસ્વરૂપ સામાન્ય ને વિશેષઆત્મક હોઈને,
 પોતે સ્વયં સામાન્ય ને વિશેષપણું પણ ધારીને;
૩. * રે ગ્રહણ-ત્યાગ રહિત, એવું અમલ જ્ઞાન [અહો મને]
 આ, રાગ આદિ મળ રહિત નિશ્ચળ અહો એવી રીતે;
૪. * વેદાય છે કે જેવી રીતે આદિ-મધ્ય અહો અને
 રે અંતરૂપ વિભાગથી વિરહિત એવી સહજ જે;
૫. * વિસ્તાર પામેલી પ્રભાથી જેહ દીપ્તિમાન છે,
 એવો અહો જેનો મહિમા જ્ઞાનઘનરૂપ શુદ્ધ રે;
૬. * નિત્યે ઉદિત રહે—સદા એ શુદ્ધજ્ઞાન તણો [મહા,]
 રે પુંજમય મહિમા અહા રહેજો ઉદિત [આ આત્મમાં.]

## કળશ–૨૩૬

ઉત્થાનિકા :–'આવા જ્ઞાનસ્વરૂપ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ ગ્રહવાયોગ્ય સર્વ ગ્રહ્યું અને ત્યાગવાયોગ્ય સર્વ ત્યાગ્યું'—એવા અર્થનું કાવ્ય હવે કહે છે :—

શ્લોકાર્થ :–

૧. ⁎ જેણે સર્વ શક્તિઓ સમેટી છે
⁎ (-પોતામાં લીન કરી છે)

૨. ⁎ એવા પૂર્ણ આત્માનું આત્મામાં
⁎ ધારણ કરવું તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું

૩. ⁎ અને ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.
⁎ [શ્રી સમયસાર શાસ્ત્રની આ અંતિમ ગાથાઓમાં મોક્ષોન્મુખ એવા મુનિરાજના ચારિત્રનું નિરૂપણ કરવામાં આવી રહ્યું છે.]

કળશામૃત :—

૧. * જેણે સમેટી સર્વ શક્તિઓ અહો [નિજમાં જ] છે,
[અર્થાત્ કરી છે લીન શક્તિઓ સહુ [નિજમાં ખરે;]

૨. * એવું અહો આત્મા મહીં સંપૂર્ણ એવા આત્મનું
કરી રાખવું ધારણ, અહો છે ત્યાગવું સહુ ત્યાજ્યનું;

૩. * ને ગ્રહણ છે સહુ ગ્રાહ્યનું [-કૃતકૃત્યપણું છે એ ખરું;]
[અંતિમ ગાથાઓ મહીં વર્ણન કર્યું ચારિત્રનું.]

## કળશ-૨૩૭

ઉત્થાનિકા :—'આવા જ્ઞાનને દેહ જ નથી'—એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. * આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન પરદ્રવ્યથી જુદું
 * અવસ્થિત (-નિશ્ચળ રહેલું) છે; તે (જ્ઞાન) આહારક
૨. * (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર
 * કરનારું) કેમ હોય કે જેથી તેને
૩. * દેહની શંકા કરાય?
 * (જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ
૪. * કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી.)
 * [આ રીતે આચાર્યશ્રીએ આગળની ગાથાઓની સૂચના કરી.]

**કળશામૃત :—**

૧. * પૂર્વોક્ત રીતે જ્ઞાન [જે] પરદ્રવ્યથી જુદું સદા,
 નિશ્ચળ રહેલું [હોઈને] તે (જ્ઞાન) આહારક અહા;
૨. * (અર્થાત્ નોકર્મો અને કર્મો તણા આહારને
 કરનાર) [કદીયે] હોય કાં કે જેથી એવા જ્ઞાનને;
૩. * શંકા કરાય [કદાપિ] કે છે દેહ તે આત્મા અરે,
 (રે જ્ઞાનને કદી દેહ હોઈ શકે જ નહીં એ કારણે
૪. * કે કર્મ કે નોકર્મરૂપે જ્ઞાનને આહાર ના;)
 [સૂચના કરી શ્રીમુનિવરે આગામી ગાથાની અહા.]

## ગાથા ૪૦૫ થી ૪૦૭

ઉત્થાનિકા :—હવે આ અર્થને ગાથામાં કહે છે :—

ગાથા : * એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ'રક ખરે,
પુદ્‌ગલમયી છે આ'ર તેથી આ'ર તો મૂર્તિક ખરે. ૪૦૫.
* જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,
એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.
* તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,
છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.

**ટીકામૃત :—**

(૧) [પ્રાયોગિક તેમજ વૈસ્રસિક બંને ગુણોના સામર્થ્ય વડે આત્માને પરના ગ્રહણ-ત્યાગ નથી.]

૧. * પરદ્રવ્યને નથી જ્ઞાન ગ્રહતું કાંઈ પણ [કદીયે] જરા,
ને છોડતું પણ તે નથી એ કારણે કે જે થતા;
૨. * પરના નિમિત્તથી જેહને કહેવાય 'પ્રાયોગિક'* યથા,
એ ગુણના*** સામર્થ્યથી તેમજ અહો જેઓ થતા
૩. * નિજભાવથી કહેવાય છે જે 'વૈસ્રસિક **અહા યથા,
એ ગુણના સામર્થ્યથી પરદ્રવ્યનું ગ્રહવું તથા
૪. * રે છોડવું જ અશક્ય છે આત્મા વડે તેથી સદા;
[બન્ને રીતે આ 'જ્ઞાન'થી પરના ગ્રહણ ને ત્યાગ ના.]

(૨) [હવે આચાર્યશ્રી જ્ઞાનને દેહની શંકા શા માટે ન કરવી તે સમજાવે છે :]

૧. * વળી, (કર્મ-નોકર્માદિરૂપ) પરદ્રવ્ય જ્ઞાન તણો કદા,
આહાર છે નહિ કેમકે આહાર છે પુદ્‌ગલ સદા;
૨. * મૂર્તિક તેથી હોઈને તેને અમૂર્તિક આતમા,
ગ્રહી ના શકે તેથી ખરે કદી છે અહારક જ્ઞાન ના;
૩. * માટે જ શંકા જ્ઞાનને નહીં દેહની કરવી કદા;
[છોડાવશે તેથી હવે મમકાર દ્રવલિંગો તણા.]

(3) [હવે, આ શાસ્ત્રમાં ઠેર ઠેર આત્માને 'જ્ઞાન' શા માટે કહેવામાં આવ્યો છે તે વિષે ભાષા ટીકાકાર ખુલાસો કરે છે :—]

૧. * અહીં 'જ્ઞાન' કહેવાથી સમજવો 'આતમા' એ કારણે
કે લક્ષ્યનો લક્ષણ મહીં વ્યવહાર એમ કરાય છે;

---

* પ્રાયોગિક = કર્મના નિમિત્તના સંબંધે-લક્ષે થતા વિકારી પરિણામ

** વૈસ્રસિક = સ્વભાવિક

*** ગુણ = પર્યાય

**૨. * આ ન્યાયથી આચાર્યશ્રી [આ શાસ્ત્રમાં] કહે છે અહા,**
**આ આતમાને ‘જ્ઞાન’ નામે [ઠેકઠેકાણે] યથા.**

**ટીકા :—**

(૧) [પ્રાયોગિક તેમજ વૈસ્રસિક બન્ને ગુણોના સામર્થ્ય વડે આત્માને પરના ગ્રહણ-ત્યાગ નથી :]

૧. * જ્ઞાન પરદ્રવ્યને કાંઈ પણ (જરા પણ) ગ્રહતું નથી
* તથા છોડતું નથી, કારણ કે

૨. * પ્રાયોગિક (અર્થાત્ પરના નિમિત્તથી થયેલા)
* ગુણના સામર્થ્યથી તેમ જ

૩. * વૈસ્રસિક (અર્થાત્ સ્વાભાવિક)
* ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે પરદ્રવ્યનું ગ્રહવું તથા

૪. * છોડવું અશક્ય છે.
* [આ રીતે પ્રાયોગિક તેમજ વૈસ્રસિક એ બંને ગુણોના સામર્થ્ય વડે આત્માને પરના ગ્રહણ-ત્યાગ નથી.]

(૨) [હવે આચાર્યશ્રી જ્ઞાનને દેહની શંકા શા માટે ન કરવી તે સમજાવે છે :]

૧. * વળી (કર્મ-નોકર્માદિરૂપ) પરદ્રવ્ય જ્ઞાનનો-અમૂર્તિક આત્મદ્રવ્યનો–
* આહાર નથી, કારણ કે તે મૂર્તિક પુદ્ગલદ્રવ્ય છે;

૨. * (અમૂર્તિકને મૂર્તિક આહાર હોય નહિ).
* તેથી જ્ઞાન આહારક નથી.

૩. * માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી.
* [તેથી હવે આગામી ગાથાઓમાં આચાર્યશ્રી દ્રવ્યલિંગોના મમકારને છોડાવશે.]

(૩) [હવે, આ શાસ્ત્રમાં ઠેરઠેર આત્માને ‘જ્ઞાન’ શા માટે કહેવામાં આવ્યો છે તે વિષે ભાષા ટીકાકાર ખુલાસો કરે છે :]

૧. * અહીં ‘જ્ઞાન’ કહેવાથી ‘આત્મા’ સમજવો; કારણ
* કે, અભેદ વિવક્ષાથી લક્ષણમાં જ લક્ષ્યનો વ્યાપાર કરાય છે.

૨. * આ ન્યાયે ટીકાકાર આચાર્યદેવ
* આત્માને જ્ઞાન જ કહેતા આવ્યા છે.

## કળશ – ૨૩૮

ઉત્થાનિકા :—આત્માને દેહ જ નહિ હોવાથી, પુદ્ગલમય દેહસ્વરૂપ લિંગ (-વેષ, ભેખ, બાહ્ય ચિહ્ન) મોક્ષનું કારણ નથી—એવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. * આમ શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી; તેથી જ્ઞાતાને
 * દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.

**કળશામૃત :—**

૧. * **દેહ જ નથી શુદ્ધાત્મને તેથી [જ] જ્ઞાતાને ખરે;**
**રે દેહમય કો' લિંગ છે નહિ મોક્ષનું કારણ ખરે.**

## ગાથા – ૪૦૮, ૪૦૯

ઉત્થાનિકા :—હવે આ અર્થને ગાથામાં કહે છે :–

ગાથા : * બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને
ગ્રહીને કહે છે મૂઢજન 'આ લિંગ મુક્તિમાર્ગ છે.' ૪૦૮.
* પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.

**ટીકામૃત :–**

૧. * [આ જગતમાં] લોકો અહો અજ્ઞાનમય દ્રવલિંગને
કો' મોક્ષમારગ માનતાં રે મોહથી દ્રવલિંગને;
૨. * [બસ માત્ર] ગ્રહણ કરે અહો છે, તે ગ્રહણ કરવું ખરે,
ઉપપન્ન નથી અર્થાત્ યુક્ત નથી ખરેખર કેમકે;
૩. * ભગવાન સહુ અરિહંતને રે શુદ્ધજ્ઞાનપણા લીધે,
દ્રવલિંગના આશ્રય અહા આ દેહના મમકારને;
૪. * તજવાથી શરીરાશ્રિત એવા દ્રવ્યલિંગ તણા અહા,
રે ત્યાગથી દ્રગ જ્ઞાન ને ચારિત્રની મુક્તિ તણા;
૫. * મારગપણે ઉપાસના દેખાય છે [સહુને અહો,]
અર્થાત્ તે [અરિહંત] દેહાશ્રિત એવા લિંગનો;
૬. * કરી ત્યાગ દર્શન જ્ઞાન ને ચારિત્રને મુક્તિ તણા,
મારગપણે આરાધતા દેખાય છે [જિનવાણીમાં.]

**ટીકા :–**

૧. * [આ જગતમાં] કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને
* મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને
૨. * જ ગ્રહણ કરે છે, તે (-દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરવું તે)
* અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે; કારણ કે
૩. * બધાય ભગવાન અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે
* દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો
૪. * ત્યાગ હોવાથી શરીરાશ્રિત દ્રવ્યલિંગના
* ત્યાગ વડે દર્શનજ્ઞાનચારિત્રની
૫. * મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે
* (અર્થાત્ તેઓ શરીરાશ્રિત દ્રવ્યલિંગનો
૬. * ત્યાગ કરીને દર્શનજ્ઞાનચારિત્રને
* મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામાં આવે છે).

## ગાથા-૪૧૦

ઉત્થાનિકા :—હવે એ જ સિદ્ધ કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે—એમ સિદ્ધ કરે છે) :—

ગાથા : * મુનિલિંગ ને ગૃહીલિંગ—એ લિંગો ન મુક્તિમાર્ગ છે;
ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.

ટીકામૃત :—

૧. * રે દ્રવ્યલિંગ નથી ખરેખર મોક્ષનો મારગ [કદા,]
એ કારણે કે તેહ શરીરાશ્રિત હોવાથી [યથા]

૨. * પરદ્રવ્ય છે, ને જ્ઞાન-દર્શન-ચરણ છે મુક્તિ તણા
બસ માર્ગ, કારણ કે અહો તેઓ જ આત્માને [સદા]

૩. * આશ્રિત છે, તેથી કહ્યાં છે સ્વદરવ [જિનવચનમાં]
[રે પંથ છે પરમાર્થનો બસ એક આતમસિદ્ધિમાં.]

ટીકા :—

૧. * દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી
* કારણ કે તે (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી

૨. * પરદ્રવ્ય છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષ
* -માર્ગ છે, કારણ કે તેઓ આત્માને

૩. * આશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.
* [તેથી જ 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં કહ્યું છે કે કે ત્રણે કાળમાં પરમાર્થનો પંથ એક જ હોય છે. ]

## ગાથા - ૪૧૧

ઉત્થાનિકા :—જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ (નીચે પ્રમાણે) કરવું—એમ હવે ઉપદેશ કરે છે.

ગાથા : * તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,
ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.

ટીકામૃત :—

૧. * એ કારણે કે દ્રવ્યલિંગ ન મોક્ષમારગ છે ખરે,
તેથી સહુ દ્રવલિંગને છોડી અહો દર્શન અને

૨. * રે જ્ઞાન ને ચારિત્ર માત્ર જ મોક્ષમારગ હોઈને,
બસ જ્ઞાનદર્શનચરણ માત્ર મહીં જ રે નિજ આત્મને;

૩. * રે જોડવાને યોગ્ય છે—એવી અહા સૂત્રો તણી,
છે અનુમતિ [-થાઓ હવે નિજ અનુભૂતિ એ રીતથી.]

ટીકા :—

૧. * કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી,
* તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને દર્શન-

૨. * જ્ઞાનચારિત્રમાં જ, તે (દર્શનજ્ઞાનચારિત્ર)
* મોક્ષમાર્ગ હોવાથી, આત્માને

૩. * જોડવાયોગ્ય છે—એમ સૂત્રની
* અનુમતિ છે. [–હવે મને એ જ રીતે નિજ આત્માનુભૂતિ થાઓ!]

## કળશ–૨૩૯

ઉત્થાનિકા :—હવે આ જ અર્થને દ્રઢ કરતી આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. ⁎ આત્માનું તત્ત્વ દર્શનજ્ઞાનચારિત્રત્રયાત્મક છે (અર્થાત્ આત્માનું યથાર્થ રૂપ દર્શન, જ્ઞાન ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે);

⁎ તેથી મોક્ષના ઇચ્છક પુરુષે

૨. ⁎ (આ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ

⁎ સદા સેવવાયોગ્ય છે.

**કળશામૃત :—**

૧. * દ્રગ જ્ઞાન ને ચારિત્રમય ત્રિકસ્વરૂપ આતમતત્ત્વ છે,
તેથી અહો છે મોક્ષનો ઇચ્છુક તે પુરુષે ખરે;

૨. * (આ જ્ઞાનદર્શનચરણમય) જે માત્ર મુક્તિમાર્ગ છે,
બસ સેવવો તે યોગ્ય છે [–જિનવર તણો ઉપદેશ છે.]

## ગાથા–૪૧૨

ઉત્થાનિકા :—હવે આ જ ઉપદેશ ગાથા દ્વારા કરે છે :—

ગાથા : * તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨

ટીકામૃત :—

(૧) [હે ભવ્ય! ત્રિકાળી દ્રવ્યના આશ્રય વડે પોતાના આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં નિરંતર સ્થાપ :]

૧. * અનાદિના સંસારથી લઈને અહો [આ] આતમા,
પોતે જ નિજની બુદ્ધિ*ના અપરાધથી પરદ્રવ્યમાં-

૨. * રાગાદિમાં—રહેતો ભલે હોવા છતાં નિરંતરે,
નિજબુદ્ધિના ગુણથી** જ પાછો તેમનાથી વાળીને;

૩. * તેને અતિ નિશ્ચળપણે દ્રગ-જ્ઞાન ને ચારિત્રમાં,
હે ભવ્યજન! નિર્ અંતરે તું સ્થાપજે તેને સદા.

(૨) [હે ભવ્ય! પોતાના આત્મામાં અત્યંત એકાગ્ર થઈને દર્શનજ્ઞાનચારિત્રને જ ધ્યા :]

૧. * ને અન્ય સહુ ચિંતા તણા નિરોધથી એકાગ્ર રે
અત્યંત તું થઈ, ધ્યાવજે બસ જ્ઞાન-દર્શન-ચરણને.

(૩) [હે ભવ્ય! સમસ્ત કર્મચેતના તથા કર્મફળચેતનાને ત્યાગીને દર્શનજ્ઞાનચારિત્રને જ અનુભવ :]

૧. * ને સર્વ કર્મની ચેતના, સહુ કર્મફળની ચેતના,
કરી ત્યાગ તેઓનો [થઈ તું વિમુખ એનાથી] અહા;

૨. * રે શુદ્ધજ્ઞાનની ચેતનામય જ્ઞાન-દર્શન-ચરિતને,
બસ ચેત તું—અનુભવન કર તું—તેમનો હે ભવ્ય ને

(૪) [હે ભવ્ય! દર્શનજ્ઞાનચારિત્રના નિર્મળ પરિણામમાં નિત્ય વિહાર કર—તેમાં એકાગ્ર થા :]

૧. * [નિજના જ] દ્રવ્યસ્વભાવના લક્ષે પ્રતિક્ષણ ઉપજતા,
પરિણામ પોતાને અહો જે, તે-પણાથી જે સદા;

૨. * (અર્થાત્ પરિણામીપણાથી) જેહ થઈ તન્મય ખરે,
દ્રગ-જ્ઞાન ને ચારિત્રના પરિણામવાળો થઈ અરે;

૩. * દ્રગ-જ્ઞાન ને ચારિત્રમાં જ વિહાર તું કરજે સદા,
[તું વિહરજે નિજ જ્ઞાનમાં હે જ્ઞાની! આ રીતે અહા.]

(૫) [હે ભવ્ય! નિજ જ્ઞાનસ્વરૂપને અવલંબીને સમસ્ત પરદ્રવ્યોમાં-વિકલ્પોમાં-ન વિહાર કર :]

૧. * બસ એક જ્ઞાનસ્વરૂપને જ અચળપણે અવલંબીને,
જે જ્ઞેયરૂપે હોઈને છે જે ઉપાધિસ્વરૂપ તે;

* બુદ્ધિ = પ્રજ્ઞા; ** ગુણ = પર્યાય

૨. * ફેલાય છે જે સર્વ રીતે તે સહુ પરદ્રવ્યમાં,
ન વિહાર કર જરીયે અહા [-ચારિત્ર પૂર્ણ થશે યથા.]

ટીકા :—

(૧) [હે ભવ્ય! ત્રિકાળી દ્રવ્યના આશ્રય વડે પોતાના આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં નિરંતર સ્થાપ :]

૧. * (હે ભવ્ય!) પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને
* પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી પરદ્રવ્યમાં–

૨. * રાગદ્વેષાદિમાં—નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,
* પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વાળીને

૩. * તેને અતિ નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં
* નિરંતર સ્થાપ;

(૨) [હે ભવ્ય! પોતાના આત્મામાં અત્યંત એકાગ્ર થઈને દર્શનજ્ઞાનચારિત્રને જ ધ્યા :]

૧. * તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને
* દર્શન-જ્ઞાન-ચારિત્રને જ [હે ભવ્ય!] તું ધ્યા.

(૩) [હે ભવ્ય! સમસ્ત કર્મચેતના તથા કર્મફળચેતનાને ત્યાગીને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ અનુભવ.]

૧. * તથા સમસ્ત કર્મચેતના અને કર્મફળચેતનાના
* ત્યાગ વડે

૨. * શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને
* જ [હે ભવ્ય!] તું ચેત-અનુભવ; તથા

(૪) [હે ભવ્ય! દર્શનજ્ઞાનચારિત્રના નિર્મળ પરિણામમાં નિત્ય વિહાર કર—તેમાં એકાગ્ર થા :]

૧. * દ્રવ્યના સ્વભાવના વશે (પોતાને) જે ક્ષણે ક્ષણે પરિણામો ઊપજે છે
* તે—પણા વડે

૨. * (અર્થાત્ પરિણામીપણા વડે) તન્મય પરિણામવાળો
* (-દર્શનજ્ઞાનચારિત્રમય પરિણામવાળો) થઈને

૩. * દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર; તથા
* [આ રીતે હે જ્ઞાની! તું પોતાના જ્ઞાનમાં જ નિત્ય વિહરજે.]

(૫) [હે ભવ્ય! નિજ જ્ઞાનસ્વરૂપને અવલંબીને સમસ્ત-પરદ્રવ્યોમાં-વિકલ્પોમાં ન વિહાર કર :]

૧. * જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો,
* જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે એવાં

૨. * સર્વ તરફથી ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં
* જરા પણ ન વિહર. [–આમ થતાં તારું ચારિત્ર યથા પ્રકારે પૂર્ણ થશે અર્થાત્ તને યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થશે.]

## કળશ-૨૪૦

ઉત્થાનિકા :—હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. ⁎ દર્શનજ્ઞાનચારિત્રરૂપ જે આ એક નિયત મોક્ષમાર્ગ
⁎ છે, તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે
૨. ⁎ અર્થાત્ સ્થિત રહે છે,
⁎ તેને જ નિરંતર ધ્યાવે છે;
૩. ⁎ તેને જ ચેતે—અનુભવે છે, અને અન્ય દ્રવ્યોને
⁎ નહિ સ્પર્શતો થકો તેમાં જ નિરંતર વિહાર કરે છે, તે પુરુષ,
૪. ⁎ જેનો ઉદય નિત્ય રહે છે એવા સમયના સારને
⁎ (અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ અવશ્ય
૫. ⁎ પામે છે–અનુભવે છે.
⁎ [એવો જીવ નિયમથી સાદિ અનંત કાળ સમાધિસુખમાં રહે છે.]

**કળશામૃત :—**

૧. * ચારિત્ર-દર્શન-જ્ઞાનમય આ નિયત મારગ મોક્ષનો
જે એક છે, તેમાં જ પામે સ્થિતિ જે નર તે અહો;
૨. * અર્થાત્ સ્થિત રહે અહો છે પુરુષ તે તેમાં સદા,
તેને જ ધ્યાવે છે ખરે તે પુરુષ, [તેમ જ જે અહા;]
૩. * તેને જ ચેતે–અનુભવે છે, ને અહા પરને કદા
નથી સ્પર્શતો પણ તે, તથા તેમાં જ વિહરે છે સદા;
૪. * જેનો ઉદય નિત્યે રહે છે એ સમયના સારને,
અર્થાત્ પરમાત્મા તણા રૂપને જરૂરથી જીવ તે;
૫. * પામે જ છે–અનુભવ કરે છે–અલ્પકાળે તે અહા;
[સાદિ અનંત સમાધિસુખમાં નિયમથી રહે છે સદા.]

## કળશ–૨૪૧

ઉત્થાનિકા :—'જેઓ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ માની તેમાં મમત્વ રાખે છે, તેમણે સમયસારને અર્થાત્ શુદ્ધ આત્માને જાણ્યો નથી'—એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે :—

**શ્લોકાર્થ :–**

(૧) [વ્યવહાર મોક્ષમાર્ગમાં પ્રવર્તનારને સમયસારની પ્રાપ્તિ થતી નથી :]

૧. * જે પુરુષ આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ
   * મોક્ષમાર્ગને છોડીને વ્યવહારમોક્ષમાર્ગમાં

૨. * સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં
   * મમતા કરે છે (અર્થાત્ એમ માને છે

૩. * કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે),
   * તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા

૪. * હજુ સુધી સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને)
   * દેખતા–અનુભવતા નથી.

(૨) [એ સમયસાર કેવો છે તેનું હવે વર્ણન કરે છે :]

૧. * કેવો છે તે સમયસાર અથવા શુદ્ધ આત્મા?
   * નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી

૨. * થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી),
   * અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે

૩. * ખંડ થતા નથી), એક છે (અર્થાત્
   * પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં

૪. * જે એકરૂપપણાને છોડતો નથી),
   * અતુલ (-ઉપમારહિત) જેનો પ્રકાશ છે

૫. * (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની
   * ઉપમા આપી શકાતી નથી),

૬. * સ્વભાવપ્રભાનો પુંજ છે
   * (અર્થાત્ ચૈતન્યપ્રકાશના સમૂહરૂપ છે),

૭. * અમલ છે (અર્થાત્ રાગાદિ–વિકારરૂપી મળથી રહિત છે).
   * (આ રીતે, જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે

(૩) [કારણસમયસારના અનુભવ વિના કાર્યસમયસાર પ્રાપ્ત થતો નથી.]

૧. * તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ

⁎ નથી; તો પછી તેમને

૨. ⁎ કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?)

⁎ [હવે આ વાતને મુનિવર શ્રી કુંદકુંદાચાર્યદેવ આગામી ગાથામાં કહેશે.]

**કળશામૃત :—**

(૧) [વ્યવહાર મોક્ષમાર્ગમાં પ્રવર્તનારને સમયસારની પ્રાપ્તિ થતી નથી :]

૧. * જે પુરુષ આ પૂર્વે કથિત પરમાર્થસ્વરૂપે છે સદા,
તે મોક્ષમારગ છોડીને, વ્યવહાર મારગમોક્ષમાં;

૨. * સ્થાપેલ નિજ આત્મા વડે બસ દરવલિંગ મહીં અરે,
મમતા કરે છે (એટલે કે એમ માને છે ખરે;

૩. * કે દ્રવ્યમય આ લિંગ અમને મોક્ષપ્રાપ્તિ કરાવશે,)
તે પુરુષ તત્ત્વ તણા જ સાચા જ્ઞાનરહિત થઈ અરે!

૪. * રે હજુ સુધી શુદ્ધાત્મને અથવા સમયના સારને,
નથી દેખતા કે અનુભવન કરતા [દરવલિંગી અરે!]

(૨) [એ સમયસાર કેવો છે તેનું હવે વર્ણન કરે છે :]

૧. * કેવો અહો છે તે સમયનો સાર કે શુદ્ધાતમા?
નિત્યે પ્રકાશે જેહ છે (અર્થાત્ કો પ્રતિપક્ષી ના

૨. * થઈને અહો જેના ઉદયને નાશ કરી શકતું કદા,)
અખંડ છે (-તેમાં અહા નિમિત્તથી જ્ઞેયાદિના

૩. * ખંડો થતા નથી), [ને વળી] તે એક છે (અર્થાત્ કે
અનેક’વસ્થારૂપ પર્યાયોથી જેહ થતો ભલે;

૪. * નથી એકરૂપપણું કદીયે છોડતો તોપણ ખરે),
અતુલ છે—ઉપમા રહિત—જેનો અહો જ પ્રકાશ છે;

૫. * (એ કારણે કે સૂર્ય આદિકના પ્રકાશ તણી ખરે,
ઉપમા ન આપી શકાય છે) [તે જ્ઞાનના રે પુંજને;]

૬. * નિજના સ્વભાવ તણી પ્રભાનો પુંજ છે (અર્થાત્ કે
ચૈતન્યના નૂરના સમૂહરૂપ [તેહ ચેતનદ્રવ્ય] છે;)

૭. * છે અમલ તે (અર્થાત્ કે રાગાદિ મળથી રહિત છે.)
(આ રીત જે મમતા કરે છે દ્રવ્યલિંગ મહીં અરે—

(3) [કારણસમયસારના અનુભવ વિના કાર્યસમયસાર પ્રાપ્ત થતો નથી :]

૧. * કારણસમયના સારનો અનુભવ કદીયે તેમને
નથી નિશ્ચયે, પછી પ્રાપ્તિ તો ક્યાંથી જ હો તે જીવને;

૨. * [કૈવલ્યજ્ઞાનરૂપી અહો] કાર્યસમયના સારની?
[આ વાતને કહેશે હવે મુનિ કુંદકુંદાચાર્યશ્રી.]

## ગાથા-૪૧૩

ઉત્થાનિકા :–હવે આ અર્થની ગાથા કહે છે :—

ગાથા : * બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે
મમતા કરે, તેણે નથી જાણ્યો 'સમયના સાર'ને. ૪૧૩.

ટીકામૃત :—

૧. * 'હું શ્રમણ છું' અથવા 'ઉપાસક છું હું શ્રમણ તણો' ખરે,
જેઓ અહો દ્રવલિંગમાં મમકારથી આવી અરે;

૨. * મિથ્યા અહંબુદ્ધિ કરે છે તે સહુથી જીવ જે,
અનાદિકાળથી આવતા વ્યવહારમાં મૂઢ વર્તીને;

૩. * આરૂઢ થતાં નથી નિશ્ચયે કે જે વિવેકથી પ્રૌઢ છે,
પરમાર્થથી સત્યાર્થ એવો તેથી છે ભગવાન જે;

૪. * એવા સમયના સારને નથી દેખતા ને પણ અહા,
અનુભવન પણ કરતા નથી [સહુ દ્રવ્યલિંગીઓ કદા.]

ટીકા :—

૧. * જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું'
* એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે

૨. * મિથ્યા અહંકાર કરે છે, તેઓ
* અનાદિરૂઢ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા,

૩. * પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (-નિશ્ચયનય) પર અનારૂઢ* વર્તતા થકા,
* પરમાર્થ સત્ય (-જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન

૪. * સમયસારને દેખતા—
* અનુભવતા નથી.

---

* અનારૂઢ = નહિ આરૂઢ; નહિ ચડેલા.

## કળશ–૨૪૨

ઉત્થાનિકા :—હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. ⁎ વ્યવહારમાં જ જેમની દ્રષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે

⁎ એવા પુરુષો પરમાર્થને જાણતા નથી,

૨. ⁎ જેમ જગતમાં તુષ⁎ના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે (–મોહ પામી છે)

⁎ એવા પુરુષો તુષને જ જાણે છે, તંડુલ⁎⁎ને જાણતા નથી.

**કળશામૃત :—**

**૧. * વ્યવહારમાત્ર મહીં જ જેની દ્રષ્ટિ મોહિત છે સદા,**
**એવા પુરુષ પરમાર્થને નથી જાણતા કદીયે જરા;**
**૨. * છે બુદ્ધિ મોહિત જેમની તુષ*ના જ જ્ઞાન મહીં સદા,**
**તુષને જ, તંડુલ**ને નહિ એ જગતના જન જાણતા.**

---

⁎ તુષ = ડાંગરના ફોતરાં, અનાજના ફોતરાં.

⁎⁎ તંડુલ = ફોતરાં વિનાના ચોખા, ફોતરાં વિનાનું અનાજ.

## કળશ–૨૪૩

ઉત્થાનિકા :—હવે આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. ⁎ જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ-વિવેકરહિત છે,
⁎ તેઓ સમયસારને જ દેખતા નથી; કારણ કે

૨. ⁎ આ જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર અન્યદ્રવ્યથી થાય છે,
⁎ આ જ્ઞાન જ એક પોતાથી (આત્મદ્રવ્યથી) થાય છે.

**કળશામૃત :—**

૧. * દ્રવ્યલિંગમાં મમકારથી જે અંધ-રહિતવિવેક છે,
તેઓ સમયના સારને નથી દેખતા એ કારણે

૨. * કે જગતમાં દ્રવલિંગ તો બીજા દરવથી થાય છે,
નિજના જ આતમદ્રવ્યથી આ જ્ઞાન એક જ થાય છે.

## ગાથા-૪૧૪

ઉત્થાનિકા :—'વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને—એ બંને લિંગોને મોક્ષમાર્ગ કહે છે, નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી'—એમ હવે ગાથામાં કહે છે :—

ગાથા : * વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,
નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.

### ટીકામૃત :—

(૧) [વ્રતાદિના પરિણામ અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી પરમાર્થ નથી.]

૧. * રે 'શ્રમણ' ને છે જે 'ઉપાસક શ્રમણના'—એ ભેદથી,
દ્રવલિંગ ઉભય પ્રકારના છે મોક્ષના મારગ મહીં;

૨. * —એવા પ્રકારે પ્રરૂપણા કેવળ અહો વ્યવહાર છે,
પરમાર્થ નથી તે, કેમકે તે પ્રરૂપણા પોતે જ છે;

૩. * અણશુદ્ધ દ્રવ્ય તણા અનુભવસ્વરૂપ તેથી તેહને,
સદ્‌ભાવ નથી પરમાર્થમયતાનો ખરે [જિનવર કહે;]

(૨) [દર્શનજ્ઞાનમાં પ્રવૃત્તિ શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી પરમાર્થ છે :]

૧. * રે શ્રમણ ને છે જે ઉપાસક શ્રમણના—ભેદોથી બે
અતિક્રાંત, દ્રગ ને જ્ઞાનમાં જ પ્રવૃત્ત પરિણતિમાત્ર જે;

૨. * એ શુદ્ધ જ્ઞાન જ એક છે—એવું અહો નિસ્તુષ રે,
તે અનુભવન પરમાર્થ છે, એ કારણે કે તે ખરે;

૩. * પોતે જ શુદ્ધ દરવ તણા અનુભવનરૂપે હોઈને
તેને જ છે પરમાર્થપણું સાચું અહો [જિનવર કહે.]

(૩) [રાગની ક્રિયાથી નહિ પરંતુ જ્ઞાનની ક્રિયાથી સમયસારનો અનુભવ થાય છે :]

૧. * માટે જ જે વ્યવહારને પરમાર્થબુદ્ધિથી ખરે
-પરમાર્થ માનીને—કરે છે અનુભવન તેનું અરે!

૨. * નથી અનુભવન કરતા જ [કદી] તેઓ સમયના સારને;
[પણ] અનુભવે છે જે ખરે પરમાર્થબુદ્ધિથી જ રે

૩. * પરમાર્થને, તેઓ અનુભવે છે સમયના સારને;
[તેથી ન શ્રાવક કે મુનિના લિંગ મુક્તિપથ વિષે.]

### ટીકા :—

(૧) [વ્રતાદિના પરિણામ અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી પરમાર્થ નથી :]

૧. * શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે
* બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે–

૨. * એવો જે પ્રરૂપણ-પ્રકાર (અર્થાત્ એવા પ્રકારની જે પ્રરૂપણા) તે કેવળ વ્યવહાર જ છે,

* પરમાર્થ નથી, કારણ કે તે (પ્રરૂપણા) પોતે

૩. * અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને

* પરમાર્થપણાનો અભાવ છે;

(૨) [દર્શનજ્ઞાનમાં પ્રવૃત્તિ શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી પરમાર્થ છે :]

૧. * શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી

* અતિક્રાંત, દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર (-માત્ર દર્શન-જ્ઞાનમાં પ્રવર્તેલી પરિણતિરૂપ)

૨. * શુદ્ધ જ્ઞાન જ એક છે—એવું જે નિસ્તુષ (–નિર્મળ)

* અનુભવન તે પરમાર્થ છે, કારણ કે તે (અનુભવન)

૩. * પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી

* તેને જ પરમાર્થપણું છે.

(૩) [રાગની ક્રિયાથી નહિ પરંતુ જ્ઞાનની ક્રિયાથી સમયસારનો અનુભવ થાય છે :]

૧. * માટે જેઓ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી

* (-પરમાર્થ માનીને) અનુભવે છે,

૨. * તેઓ સમયસારને જ નથી અનુભવતા;

* [પરંતુ] જેઓ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,

૩. * તેઓ જ સમયસારને અનુભવે છે.

* [આ રીતે નિશ્ચયથી મુનિલિંગ અથવા શ્રાવકલિંગ એ બંને મુક્તિપથમાં નથી—એ સિદ્ધ થયું.]

## કળશ–૨૪૪

ઉત્થાનિકા :—‘બહુ કથનથી બસ થાઓ, એક પરમાર્થનો જ અનુભવ કરો’—એવા અર્થનું કાવ્ય હવે કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. * બહુ કહેવાથી અને
   * બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ;

૨. * અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમાર્થને
   * એકને જ નિરંતર અનુભવો; કારણ

૩. * કે નિજ રસના
   * ફેલવથી પૂર્ણ જે જ્ઞાન

૪. * તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર
   * (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ

૫. * નથી (-સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી.)
   * [આ જગતમાં તે ઉત્કૃષ્ટથી પણ મહા ઉત્કૃષ્ટ છે.]

**કળશામૃત :—**

૧. * બસ થાઓ, બસ થાઓ, બહુ કહેવાથી [વચન વડે] અને
બહુ દુર્વિકલ્પોથી [અરે વ્યવહારના ભેદોરૂપે;]

૨. * કહેવાનું અહીં બસ એટલું છે કે અહો પરમાર્થને
આ, એકને જ અનુભવો નિરંતરે એ કારણે

૩. * કે [જ્ઞાન ને આનંદ, શાંતિ આદિ] નિજરસના અહા,
ફેલાવથી છે પૂર્ણ એવું જ્ઞાન (અથવા આતમા;)

૪. * તેના પ્રગટપણારૂપે છે સમયસાર અહા અહા!
પરમાતમા—તેનાથી બીજું ઊંચું કાંઈ પણ [કદા;]

૫. * નથી, [તેથી] કાંઈ સારભૂત નથી અહો એના સિવા;
[આ જગતમાં ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ પણ છે તે મહા!]

## કળશ – ૨૪૫

ઉત્થાનિકા :—હવે છેલ્લી ગાથામાં આ સમયસાર ગ્રંથના અભ્યાસ વગેરેનું ફળ કહીને આચાર્યભગવાન આ ગ્રંથ પૂર્ણ કરશે; તેની સૂચનાનો શ્લોક પ્રથમ કહે છે :–

**શ્લોકાર્થ :—**

૧. ⁎ આનંદમય વિજ્ઞાનઘનને
⁎ (-શુદ્ધ પરમાત્માને, સમયસારને) પ્રત્યક્ષ કરતું

૨. ⁎ આ એક (-અદ્વિતીય) અક્ષય જગત-ચક્ષુ
⁎ (-સમયપ્રાભૃત) પૂર્ણતાને પામે છે.

**કળશામૃત :—**

૧. * આનંદમય વિજ્ઞાનઘન [એવા] સમયના સારને,
–કે શુદ્ધ પરમાત્મા અહો ને—જે કરે પ્રત્યક્ષ તે;

૨. * આ એક—અદ્વિતીય અક્ષય જગતચક્ષુ જેહ છે,
તે સમયપ્રાભૃત પૂર્ણતાને પ્રાપ્ત થાયે છે [હવે.]

## ગાથા—૪૧૫

ઉત્થાનિકા :—હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ગ્રંથને પૂર્ણ કરે છે તેથી તેના મહિમારૂપે તેના અભ્યાસ વગેરેનું ફળ ગાથામાં કહે છે :—

ગાથા : * આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,
ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.

ટીકામૃત :-

(૧) [શબ્દબ્રહ્મ સમાન આ શાસ્ત્રને સ્વલક્ષે અર્થથી અને તત્ત્વથી નિર્ણયપૂર્વક જાણવું જોઈએ :]

૧. * રે સમયસારસ્વરૂપ આ ભગવાન પરમાત્મા અહો,
કે જે પ્રકાશક વિશ્વનો છે તેથી વિશ્વસમય કહ્યો;

૨. * તેનું પ્રતિપાદન અહો કરતું જ હોવાથી ખરે,
જે શબ્દબ્રહ્મ સમાન છે પોતે જ એવા શાસ્ત્રને;

૩. * જે આતમા નિજલક્ષથી ભણીને, અહો આ વિશ્વને
જે છે સમર્થ પ્રકાશવામાં, તેહ પરમાર્થે ખરે;

૪. * ચૈતન્ય-નૂર આત્મા તણો નિર્ણય કરંતો [જીવ તે,]
(આ શાસ્ત્રને) રે અર્થથી ને તત્ત્વથી [પણ] જાણીને;

(૨) [અને પછી તેના જ અર્થમાં ઠરવાથી આત્મા પોતે સૌખ્યસ્વરૂપ થઈ જાય છે :]

૧. * તેના જ અર્થસ્વરૂપ [આ] ભગવાન એક જ પૂર્ણ જે,
વિજ્ઞાનઘન પરબ્રહ્મ*માં સ્થિત સર્વ ઉદ્યમથી થશે;

૨. * તે આતમા તત્ક્ષણ અહો સાક્ષાત્ પ્રગટ થતા અરે!
ચૈતન્યરસથી ભરેલ ભાવ મહીં જ એક સુસ્થિત ને

૩. * આકુળતાથી રહિત હોવાને લીધે છે 'વાચ્ય' જે,
એ (સૌખ્ય) પરમાનંદ શબ્દ વડે અહો ઉત્તમ અને

૪. * આકુળતાથી રહિતપણું છે જેહનું લક્ષણ અહા!
એવા જ સૌખ્યસ્વરૂપ પોતે થઈ જશે [પરમાતમા.]

ટીકા :—

(૧) [શબ્દબ્રહ્મ સમાન આ શાસ્ત્રને અર્થથી અને તત્ત્વથી નિર્ણયપૂર્વક જાણવું જોઈએ :]

૧. * સમયસારભૂત આ ભગવાન પરમાત્માનું–
* કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે

૨. * તેનું—પ્રતિપાદન કરતું હોવાથી
* જે પોતે શબ્દબ્રહ્મ સમાન છે એવા આ શાસ્ત્રને

---

* પરબ્રહ્મ = પરમબ્રહ્મ.

૩. * જે આત્મા ખરેખર* ભણીને, વિશ્વને
* પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત,

૪. * ચૈતન્ય-પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો (આ શાસ્ત્રને)
* અર્થથી** અને તત્ત્વથી*** જાણીને,

(૨) [અને પછી તેના જ અર્થમાં ઠરવાથી આત્મા પોતે સૌખ્યસ્વરૂપ થઈ જાય છે :]

૧. * તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણ–
* વિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વ ઉદ્યમથી સ્થિત થશે,

૨. * તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા
* એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને

૩. * નિરાકુળ (–આકુળતા વિનાનું) હોવાને લીધે જે
* (સૌખ્ય) 'પરમાનંદ' શબ્દથી વાચ્ય છે, ઉત્તમ છે અને

૪. * અનાકુળતા–લક્ષણવાળું છે
* એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.

---

* ખરેખર = સમ્યક્ પ્રકારે = સ્વલક્ષે.

** અર્થ = પદાર્થ = દ્રવ્ય.

*** તત્ત્વ = ભાવ, સ્વભાવ, શક્તિ, ત્રિકાળી ભાવ, ગુણ.

## કળશ-૨૪૬

ઉત્થાનિકા :—હવે આ સર્વવિશુદ્ધજ્ઞાનના અધિકારની પૂર્ણતાનો કળશરૂપ શ્લોક કહે છે :—

**શ્લોકાર્થ :—**

૧. * આ રીતે આ આત્માનું તત્ત્વ (અર્થાત્ પરમાર્થભૂત સ્વરૂપ)
 * જ્ઞાનમાત્ર નક્કી થયું—
૨. * કે જે (આત્માનું) જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે
 * (અર્થાત્ અનેક જ્ઞેયાકારોથી અને પ્રતિપક્ષી કર્મોથી જોકે
૩. * ખંડ ખંડ દેખાય છે તોપણ જ્ઞાનમાત્રમાં ખંડ નથી),
 * એક છે (અર્થાત્ અખંડ હોવાથી
૪. * એકરૂપ છે), અચળ છે (અર્થાત્
 * જ્ઞાનરૂપથી ચળતું નથી—જ્ઞેયરૂપ થતું નથી),
૫. * સ્વસંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે),
 * અને અબાધિત છે (અર્થાત્ કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી)

**કળશામૃત :—**

૧. * પરમાર્થભૂત સ્વરૂપ અથવા તત્ત્વ આ આત્મા તણું,
આ રીત છે બસ જ્ઞાનમાત્ર જ તે અહો નક્કી થયું;
૨. * રે જ્ઞાનમાત્ર જ તત્ત્વ તેહ અખંડ છે આત્મા તણું,
અનેક જ્ઞેયાકારથી, પ્રતિપક્ષી કર્મોથી થતું
૩. * તે ખંડ ખંડ જણાય છે; પણ જ્ઞાનમાં નહિ ખંડ છે,
વળી એક છે અર્થાત્ તેહ અખંડ હોવાથી ખરે
૪. * છે એકરૂપે, ને અહો છે અચળ તે અર્થાત્ કે
ચળતું નથી તે જ્ઞાનરૂપથી, જ્ઞેયરૂપ ન થાય છે;
૫. * જણાય છે પોતે સ્વયંથી તેથી સ્વસંવેદ્ય છે,
કુતર્કથી બાધિત નથી તેથી અબાધિત છે ખરે.

'આમ શ્રી સમયસારની (શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સર્વવિશુદ્ધજ્ઞાનનો પ્રરૂપક નવમો અંક સમાપ્ત થયો.'

# પરિશિષ્ટ

## A. સ્યાદ્‌વાદ અધિકાર (કળશ : ૨૪૭ થી ૨૬૩)

## B. ૪૭ શક્તિઓ

## C. ઉપાય-ઉપેય અધિકાર (કળશ : ૨૬૪ થી ૨૭૮)

# A.સ્યાદ્‌વાદ અધિકાર

### કળશ : ૨૪૭ થી ૨૬૩

- (અહીં સુધીમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની ૪૧૫ ગાથાઓનું વ્યાખ્યાન ટીકાકાર અમૃતચંદ્રાચાર્યદેવે કર્યું અને તે વ્યાખ્યાનમાં કળશરૂપે તથા સૂચનિકારૂપે ૨૪૬ કાવ્યો કહ્યાં. હવે ટીકાકાર આચાર્યદેવે વિચાર્યું કે—આ શાસ્ત્રમાં જ્ઞાનને પ્રધાન કરીને જ્ઞાનમાત્ર આત્મા કહેતા આવ્યા છીએ; તેથી કોઈ તર્ક કરશે કે 'જૈનમત તો સ્યાદ્‌વાદ છે; તો પછી આત્માને જ્ઞાનમાત્ર કહેવાથી શું એકાંત આવી જતો નથી? અર્થાત્ સ્યાદ્‌વાદ સાથે વિરોધ આવતો નથી? વળી એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ—એ બંને કંઈ રીતે ઘટે છે?' આમ તર્ક કોઈને થશે. માટે આવા તર્કનું નિરાકરણ કરવાને ટીકાકાર આચાર્યદેવ હવે પરિશિષ્ટરૂપે થોડું કહે છે.

### કળશ-૨૪૭

ઉત્થાનિકા :–(તેમાં પ્રથમ શ્લોક કહે છે :–)

**શ્લોકાર્થ :–[Slightly Rearranged]**

૧. * અહીં સ્યાદ્‌વાદની શુદ્ધિને અર્થે
   * વસ્તુતત્ત્વની વ્યવસ્થા અને ઉપાય-ઉપેયભાવ જરા ફરીને પણ

૨. * (-એક જ જ્ઞાનમાં ઉપાયપણું અને
   * ઉપેયપણું કઈ રીતે ઘટે છે તે બતાવવા–)

૩. * વિચારવામાં આવે છે, [એમ આચાર્યશ્રી કહે છે.]
   * [આચાર્ય અમૃતચંદ્રશ્રી આ રીતે 'પરિશિષ્ટ'નો પ્રારંભ કરે છે.]

**કળશામૃત :–**

૧. * સ્યાદ્‌વાદની શુદ્ધિ તણા અર્થે અહીં નિજતત્ત્વ*ની
વસ્તુવ્યવસ્થા ને ઉપાય-ઉપેયભાવ જરા ફરી;

૨. * (-અર્થાત્ એક જ જ્ઞાનમાં ઉપાયપણું તેમ જ અહા,
ઉપેયપણું કઈ રીત ઘટતું તે અહો દર્શાવવા-)

૩. * વિચાર પણ કરીએ છીએ [કહે છે અહો આચાર્યશ્રી;]
[પરિશિષ્ટનો પ્રારંભ કરતાં આમ અમૃતચંદ્રશ્રી]

---

* નિજતત્ત્વ = વસ્તુતત્ત્વ

* અહીં નીચે પ્રમાણે (૧૪ ભંગોના કળશરૂપે) ૧૪ કાવ્યો પણ કહેવામાં આવે છે :—

## કળશ-૨૪૮

ઉત્થાનિકા :–(પ્રથમ, પહેલા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :—**

[A. જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો પર જ આધાર રાખે છે એમ અજ્ઞાની માને છે :]

૧. * બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે
   * પી જવામાં આવેલું, પોતાની વ્યક્તિને (-પ્રગટતાને)

૨. * છોડી દેવાથી ખાલી (-શૂન્ય) થઈ ગયેલું,
   * સમસ્તપણે પરરૂપમાં જ વિશ્રાંત (અર્થાત્ પરરૂપ ઉપર જ આધાર રાખતું)

3. * એવું
   * પશુનું જ્ઞાન (-તિર્યંચ જેવે એકાંતવાદીઓનું જ્ઞાન) [તે] નાશ પામે છે.

[B. પરંતુ ધર્મી એમ માને છે કે 'જ્ઞાન જ્ઞાનથી થાય છે, જ્ઞેયથી નહીં']

૧. * અને સ્યાદ્‌વાદીનું જ્ઞાન
   * તો, 'જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે.

૨. * (અર્થાત્ દરેક તત્ત્વને-વસ્તુને-સ્વરૂપથી
   * તત્પણું છે)' એવી માન્યતાને લીધે,

3. * અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી,
   * સંપૂર્ણ ઉદિત (-પ્રગટ) થાય છે.

**કળશામૃત :—**

[A જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો પર જ આધાર રાખે છે એમ અજ્ઞાની માને છે :]

૧. * બાહ્ય પદાર્થ વડે સમસ્તપણે [અરેરે] જે ખરે,
રે પી જવામાં આવતું ને જે અહો નિજ વ્યક્તિને;

૨. * છોડી દઈને ખાલી-શૂન્ય-થઈ ગયેલું તે ખરે;
પરરૂપમાં જ સમસ્ત રીત વિરામ પામતુ હોય છે;

3. * આધાર છે પરમાત્રનો એવું અહો જે જ્ઞાન છે,
તિર્યંચ સમ એકાંતીનું તે, નાશ પામે છે ખરે;

[B પરંતુ ધર્મી એમ માને છે કે 'જ્ઞાન જ્ઞાનથી થાય છે, જ્ઞેયથી નહિ' :]

૧. * ને [ઉપાસક જિન તણા] સ્યાદ્‌વાદીનું જે જ્ઞાન છે;
તે તો અહો 'તત્ જેહ છે તે સ્વરૂપથી તત્ છે' અરે;

૨. * (અર્થાત્ કે 'નિજ સ્વરૂપથી પ્રત્યેક વસ્તુ—તત્ત્વને,
છે તત્પણું' એવી ખરેખર માન્યતા બસ હોઈને;

૩. * અત્યંત પ્રગટ થયેલ એવા જ્ઞાનઘન નિજભાવ*ના,
રે ભારથી સંપૂર્ણ પ્રગટ-ઉદિત-થાયે છે અહા!

આ રીતે સ્વરૂપથી તત્-પણાનો [પહેલો] ભંગ કહ્યો.

---

* જ્ઞાનઘન નિજભાવના = જ્ઞાનઘનરૂપ સ્વભાવના

## કળશ–૨૪૯

ઉત્થાનિકા :–(હવે બીજા ભંગના કળશરૂપે કાવ્ય કહે છે :–)

[A. એકાંતવાદી સમસ્ત (જ્ઞેય) વસ્તુઓને જ્ઞાનરૂપ (પોતારૂપ) માને છે :]

૧. * પશુ અથવા સર્વથા એકાંતવાદી અજ્ઞાની,
 * 'વિશ્વ જ્ઞાન છે (અર્થાત્ સર્વ જ્ઞેયપદાર્થો આત્મા છે)' એમ વિચારીને

૨. * સર્વને (–સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને
 * વિશ્વમય (-સમસ્ત જ્ઞેયપદાર્થમય) થઈને,

૩. * ઢોરની માફક સ્વચ્છંદપણે
 * ચેષ્ટા કરે છે—વર્તે છે;

[B. જ્ઞાન જ્ઞેયોના આકારે થવા છતાં તેમનાથી ભિન્ન છે એમ જ્ઞાની માને છે.]

૧. * અને સ્યાદ્વાદદર્શી તો (-સ્યાદ્વાદનો દેખનાર તો),
 * 'જે તત્ છે તે પરરૂપથી તત્ નથી

૨. * (અર્થાત્ દરેક તત્ત્વને સ્વરૂપથી તત્પણું હોવા છતાં
 * પરરૂપથી અતત્પણું છે)' એમ માનતો

૩. * હોવાથી, વિશ્વથી ભિન્ન એવા અને વિશ્વથી (-વિશ્વના નિમિત્તથી) રચાયેલું
 * હોવા છતાં વિશ્વરૂપ નહિ એવા

૪. * (અર્થાત્ સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં
 * સમસ્ત જ્ઞેયવસ્તુથી ભિન્ન એવા) પોતાના નિજતત્ત્વને

૫. * સ્પર્શે છે—અનુભવે છે.
 * [આ રીતે આચાર્યશ્રીએ આત્મતત્ત્વનું પરરૂપથી અતત્પણું સમજાવ્યું.]

**કળશામૃત :–**

[A. એકાંતવાદી સમસ્ત જ્ઞેયવસ્તુઓને જ્ઞાનરૂપ (પોતારૂપ) માને છે :]

૧. * છે સર્વથા એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે,
છે સર્વ જ્ઞેયપદાર્થ આત્મા એવું તેહ વિચારીને;

૨. * નિજ તત્ત્વની આશાથી દેખીને સહુએ વિશ્વને,
સમસ્ત જ્ઞેયપદાર્થમય–કે વિશ્વમય–થઈને અરે!

૩. * રે ઢોરની માફક ખરે સ્વચ્છંદતાથી જીવ તે,
ચેષ્ટા કરે-વર્તન કરે છે [મૂઢ મિથ્યાદ્રષ્ટિ એ.]

[B. જ્ઞાન જ્ઞેયોના આકારે થવા છતાં તેમનાથી ભિન્ન છે એમ જ્ઞાની માને છે : ]

૧.　*　ને જેહ છે સ્યાદ્‌વાદદર્શી [જીવ] તે માને ખરે,
　　　'[છે સ્વરૂપથી] તાર જેહ રે, તત્ છે નહિ તે પરરૂપે;
૨.　*　(અર્થાત્ સહુને તત્-પણું નિજ સ્વરૂપથી હોવા છતાં,
　　　પરરૂપથી અણતત્પણું છે)'—એવી તેની માન્યતા
૩.　*　હોવાથી, વિશ્વથી ભિન્ન એવા, વિશ્વથી જે રચિત છે,
　　　તોપણ ન વિશ્વરૂપે થતા એવા અહો નિજ**તત્ત્વ**ને;
૪.　*　(અર્થાત્ જ્ઞેય સમસ્તના આકારરૂપે હો ભલે,
　　　પણ જ્ઞેયવસ્તુથી ભિન્ન એવા જે અહો નિજ આત્મને;)
૫.　*　સ્પર્શે અહો છે—અનુભવે છે [સ્યાદ્‌વાદી તો સદા,]
　　　['પરરૂપથી છે અતત્'—એ સમજાવ્યું આ રીતે અહા!]

* આ પ્રમાણે પરરૂપથી અતત્પણાનો [બીજો] ભંગ કહ્યો.

## કળશ-૨૫૦

ઉત્થાનિકા :- (હવે ત્રીજો ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

[A. જ્ઞેયોના આકારે પરિણમવાથી જ્ઞાન ખંડ ખંડ થઈ જાય છે એમ અજ્ઞાની માને છે :]

૧. * પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,
   * બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના
૨. * (જ્ઞાનના) સ્વભાવની અતિશયતાને લીધે,
   * ચારે તરફ (સર્વત્ર) પ્રગટ થતા અનેક પ્રકારના
૩. * જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઈ ગઈ છે
   * એવો થઈને (અર્થાત્ અનેક જ્ઞેયોના
૪. * આકારો જ્ઞાનમાં જણાતાં
   * જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન—ખંડખંડરૂપ—થઈ જતી માનીને)
૫. * સમસ્તપણે તૂટી જતો થકો (અર્થાત્ ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો)
   * નાશ પામે છે;

[B. અનેક પરને જાણવા છતાં હું તો એકરૂપ રહું છું એમ ધર્મી માને છે :]

૧. * અને અનેકાંતનો જાણનાર તો,
   * સદાય ઉદિત (-પ્રકાશમાન) એક દ્રવ્યપણાને લીધે
૨. * ભેદના ભ્રમને નષ્ટ કરતો થકો (અર્થાત્ જ્ઞેયોના
   * ભેદે જ્ઞાનમાં સર્વથા ભેદ પડી જાય છે
૩. * એવા ભ્રમનો નાશ કરતો થકો),
   * જે એક છે (-સર્વથા અનેક નથી) અને
૪. * જેનું અનુભવન નિર્બાધ છે એવા જ્ઞાનને
   * દેખે છે—અનુભવે છે.

**કળશામૃત :–**

[A. જ્ઞેયોના આકારે પરિણમવાથી જ્ઞાન ખંડ ખંડ થઈ જાય છે એમ અજ્ઞાની માને છે :]

૧. * છે સર્વથા એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે–
   રે બાહ્ય [જ્ઞેય] પદાર્થને [સહુ] ગ્રહણ કરવાના ખરે
૨. * અતિશયપણાને કારણે, નિજજ્ઞાનના જ સ્વભાવના,
   ચારે તરફ (-સર્વત્ર) પ્રગટ થતા અનેક પ્રકારના;
૩. * જ્ઞેયો તણા આકારથી વિશીર્ણ-શક્તિ થઈ અહા,
   એવો થઈને એટલે કે વિવિધ જ્ઞેયોના ઘણા;

૪. * આકાર જ્ઞાન મહીં સહુએ જાણવામાં આવતાં,
નિજ જ્ઞાનશક્તિ થઈ અરે ખંડિત એવું માનતાં;
૫. * સમસ્તરૂપ તૂટી જઈ—એકાંતી એવો જીવ તે,
અનેકરૂપ થઈ જતાં રે નાશ પામે છે ખરે;

[B. અનેક પરને જાણવા છતાં હું તો એકરૂપ રહું છું એમ ધર્મી માને છે :]

૧. * ને અહો 'નેકાંતનો જ્ઞાતા [ખરેખર] જીવ જે—
નિત્યે પ્રકાશિત એકદ્રવ્યપણું જ હોવાને લીધે;
૨. * સહુ ભેદ-ભ્રમને નષ્ટ કરતો (એટલે કે જ્ઞેયના,
ભેદે અહા નિજ જ્ઞાનમાં [બહુ] ભેદ પડતા સર્વથા;
૩. * એવા સહુએ ભ્રમ તણો તે નાશ રે કરતો થકો),
જે એક છે (-જે સર્વથા નથી 'નેક) [કદીયે] ને અહો;
૪. * છે અનુભવન જેનું અહો નિર્બાધ એવા જ્ઞાનને,
દેખે અને અનુભવ કરે છે સ્યાદ્‌વાદી જ્ઞાની તે.

* આ પ્રમાણે એકપણાનો [ત્રીજો] ભંગ કહ્યો.

## કળશ–૨૫૧

ઉત્થાનિકા :–(હવે ચોથા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :—)

**શ્લોકાર્થ :–**

[A. અજ્ઞાની અનંત ગુણને તથા અનેકાકાર પર્યાયોને કલંક માને છે :]

૧. * પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,
 * જ્ઞેયાકારોરૂપી કલંકથી (અનેકાકારરૂપ) મલિન

૨. * એવા ચેતનમાં પ્રક્ષાલન કલ્પતો થકો (અર્થાત્ ચેતનની
 * અનેકાકારરૂપ મલિનતાને ધોઈ નાખવાનું કલ્પતો થકો),

૩. * એકાકાર કરવાની ઇચ્છાથી
 * જ્ઞાનને—જોકે તે જ્ઞાન અનેકાકારપણે પ્રગટ છે

૪. * તોપણ—ઇચ્છતો નથી (અર્થાત્
 * જ્ઞાનને સર્વથા એકાકાર માનીને જ્ઞાનનો

૫. * અભાવ કરે છે);

[B. જ્ઞાની આત્માને એકરૂપ પણ અને અનેકાકારરૂપ પણ માને છે :]

૧. * અને અનેકાંતનો જાણનાર તો,
 * પર્યાયોથી જ્ઞાનની અનેકતા જાણતો (અનુભવતો) થકો,

૨. * વિચિત્ર છતાં અવિચિત્રતાને પ્રાપ્ત
 * (અર્થાત્ અનેકરૂપ છતાં એકરૂપ) એવા જ્ઞાનને

૩. * સ્વતઃક્ષાલિત (સ્વયમેવ ધોયેલું—શુદ્ધ) અનુભવે છે.
 * [આમ આત્માની પર્યાયો સંબંધી અનેકતા વિષયક ચોથો ભંગ આચાર્યશ્રીએ કહ્યો.]

**કળશામૃત :–**

[A. અજ્ઞાની અનંતગુણને તથા અનેકાકાર પર્યાયોને કલંક માને છે :]

૧. * છે સર્વથા એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે–
 છે જ્ઞેયના આકારરૂપ કલંકથી જે મલિન તે;

૨. * ચૈતન્ય-પ્રક્ષાલન તણી કરી કલ્પના [જીવની અરે,]
 અણએકતારૂપ મલિનતાને સાફ કરવા કલ્પીને!

૩. * તેને જ એકાકાર કરવાની અહો ઇચ્છા વડે,
 જોકે અહો છે જ્ઞાન પ્રગટપણે અનેકાકાર રે;

૪. * તોપણ–નથી તે ઇચ્છતો એ જ્ઞાનને (અર્થાત્ કે
 બસ માનીને તે સર્વથા એ જ્ઞાન એકાકાર છે;

૫.  *  અભાવ જ્ઞાન તણો કરે છે આમ એકાંતી અરે,
[નથી જ્ઞાન 'નેકાકાર કદીએ—એમ માનીને ખરે!]

[B. જ્ઞાની આત્માને એકરૂપ પણ અને અનેકાકારરૂપ પણ માને છે :]

૧.  *  ને અહો 'નેકાંતનો જ્ઞાતા [ખરેખર] જેહ છે–
અણએકતા નિજ જ્ઞાનની સહુ પર્યયોથી જાણીને;

૨.  *  વિચિત્ર પણ અવિચિત્રતાને પ્રાપ્ત એવા જ્ઞાનને,
(અર્થાત્ 'નેકરૂપે છતાં પણ એકરૂપે જેહ છે;)

૩.  *  તે સ્વતઃક્ષાલિત—સ્વયં સ્વચ્છ જ શુદ્ધરૂપ અનુભવે;
[ચતુર્થ ભંગ અનેકતાનો વર્ણવ્યો શ્રીમુનિવરે.]

* આ પ્રમાણે અનેકપણાનો [ચોથો] ભંગ કહ્યો.

## કળશ-૨૫૨

ઉત્થાનિકા :–(હવે પાંચમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :—

**શ્લોકાર્થ :–**

[A. ઇન્દ્રિય-પ્રત્યક્ષ પરદ્રવ્યની હયાતીને અજ્ઞાની માને છે પરંતુ પોતાની હયાતીને માનતો નથી :]

૧. * પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,
 * પ્રત્યક્ષ આલિખિત* એવાં પ્રગટ (-સ્થૂલ) અને સ્થિર (-નિશ્ચળ)

૨. * પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો,
 * સ્વદ્રવ્યને (-આત્મદ્રવ્યના અસ્તિત્વને)

3. * નહિ દેખતો હોવાથી સમસ્તપણે શૂન્ય થયો થકો
 * નાશ પામે છે)

[B. મારું અસ્તિત્વ મારાથી છે, પરથી નહિ એમ જ્ઞાની માને છે :]

૧. * અને સ્યાદ્‌વાદી તો, આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે
 * નિપુણ રીતે અવલોકતો હોવાથી,

૨. * તત્કાળ પ્રગટ થતા વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે
 * પૂર્ણ થતો થકો જીવે છે—નાશ પામતો નથી.

**કળશામૃત :—**

[A. ઇન્દ્રિય-પ્રત્યક્ષ પરદ્રવ્યની હયાતીને અજ્ઞાની માને છે પરંતુ પોતાની હયાતીને માનતો નથી.]

૧. * છે સર્વથા એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે–
પ્રત્યક્ષ અલિખિત એવા સ્થૂલ ને સ્થિર જેહ છે;

૨. * એ સર્વ પરદ્રવ્યો તણા અસ્તિત્વથી જ ઠગાઈને,
નિજ દ્રવ્યને—નિજ આત્મના અસ્તિત્વને—રે જે ખરે;

3. * નહિ દેખતો હોવાથી થઈને શૂન્ય પૂર્ણ રીતે અરે,
તે નાશને પામે અહો છે જીવ એકાંતી ખરે;

[B. મારું અસ્તિત્વ મારાથી છે, પરથી નહીં એમ જ્ઞાની માને છે :]

૧. * ને સ્યાદ્‌વાદી તો અહો નિજ આત્મને અસ્તિપણે,
સ્વદ્રવ્યરૂપ અવલોકતો હોવાથી તેહ નિપુણ રીતે;

૨. * તત્કાળ પ્રગટ થતા અહા [સુ]વિશુદ્ધ જ્ઞાનપ્રકાશથી,
[સં]પૂર્ણ થઈ જીવતો રહે છે, નાશ પ્રાપ્ત થતો નથી.

* આ પ્રમાણે સ્વદ્રવ્ય-અપેક્ષાથી અસ્તિત્વનો (સત્-પણાનો) [પાંચમો] ભંગ કહ્યો.

---

* આલિખિત = ઓળખાયેલાં; ચિત્રિત; સ્પર્શતાં; જણાતાં.

## કળશ-૨૫૩

ઉત્થાનિકા :–(હવે છઠ્ઠા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :–**

[A. અનુકૂળ દેખાતા નિમિત્તથી મને લાભ થાય છે એમ માનીને અજ્ઞાની પરદ્રવ્યમય થાય છે :]

૧. * પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,
* દુર્વાસનાથી (-કુનયની વાસનાથી) વાસિત થયો થકો,

૨. * આત્માને સર્વદ્રવ્યમય માનીને,
* (પરદ્રવ્યોમાં) સ્વદ્રવ્યના ભ્રમથી પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે; અને

[B. પરદ્રવ્યથી મારામાં કાંઈ થાય નહિ એમ માનીને જ્ઞાની પોતામાં રહે છે :]

૧. * સ્યાદ્‌વાદી તો, સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ
* જાણતો થકો, જેનો શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે

૨. * એવો વર્તતો થકો, સ્વદ્રવ્યનો જ આશ્રય કરે છે.
* [આ રીતે આચાર્યશ્રીએ પરદ્રવ્યથી નાસ્તિત્વનો ભંગ કહ્યો.]

**કળશામૃત :–**

[A. અનુકૂળ દેખાતા નિમિત્તથી મને લાભ થાય છે એમ માનીને અજ્ઞાની પરદ્રવ્યમય થાય છે :]

૧. * છે સર્વથા એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે–
કુનય તણી દુર્વાસનાથી તેહ વાસિત થઈ અરે;

૨. * નિજ આતમાને સર્વદ્રવ્યમયી [ખરેખર] માનીને,
પરદ્રવ્યમાં નિજદ્રવ્યના ભ્રમથી વિરામ કરે અને

[B. પરદ્રવ્યથી મારામાં કાંઈ થાય નહિ એમ માનીને જ્ઞાની પોતામાં રહે છે :]

૧. * સ્યાદ્‌વાદી તો, સહુ વસ્તુમાં પરદ્રવ્યરૂપ નાસ્તિત્વનો
અનુભવ કરંતો, શુદ્ધ નિર્મળ છે મહિમા જ્ઞાનનો;

૨. * એવો અહો તે વર્તતો આશ્રય કરે જ સ્વદ્રવ્યનો;
[પરદ્રવ્યથી નાસ્તિત્વનો રે ભંગ આ રીતે કહ્યો.]

* આ પ્રમાણે પરદ્રવ્ય-અપેક્ષાથી નાસ્તિત્વનો (-અસત્-પણાનો) [છઠ્ઠો] ભંગ કહ્યો.

## કળશ-૨૫૪

ઉત્થાનિકા :–(હવે સાતમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :–**

[A. પરક્ષેત્ર અનુકૂળ હોય તો મને ઠીક રહે છે એમ માનીને અજ્ઞાની પોતાનો નાશ કરે છે :]

૧. ⁎ પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,
⁎ ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોમાં

૨. ⁎ જે જ્ઞેયજ્ઞાયકસંબંધરૂપ
⁎ નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો, આત્માને

૩. ⁎ સમસ્તપણે બહાર (પરક્ષેત્રમાં) પડતો દેખીને
⁎ (-સ્વક્ષેત્રથી આત્માનું અસ્તિત્વ નહિ માનીને)

૪. ⁎ સદા નાશ પામે છે;
⁎ [એકાંતવાદી અજ્ઞાની આ રીતે કદી આત્મપ્રાપ્તિ કરતો નથી.]

[B. પરક્ષેત્રને હું મારામાં રહીને જાણું એવો મારો સ્વભાવ છે એમ ધર્મી માને છે :]

૧. ⁎ અને સ્યાદ્‌વાદનો જાણનાર તો, સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે
⁎ જેનો વેગ રોકાયેલો છે એવો થયો થકો (અર્થાત્ સ્વક્ષેત્રમાં વર્તતો થકો,) આત્મામાં જ આકારરૂપ

૨. ⁎ થયેલાં જ્ઞેયોમાં નિશ્ચિત વ્યાપારની
⁎ શક્તિવાળો થઈને, ટકે છે—જીવે છે (–નષ્ટ થતો નથી).

**કળશામૃત :–**

[A. પરક્ષેત્ર અનુકૂળ હોય તો મને ઠીક રહે એમ માનીને અજ્ઞાની પોતાનો નાશ કરે છે :]

૧. * છે સર્વથા એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે-
છે ભિન્ન ક્ષેત્ર મહીં રહેલા સર્વ જ્ઞેય પદાર્થ જે;

૨. * તેઓ મહીં છે જ્ઞેયજ્ઞાયકબંધનો* વ્યાપાર જે
નિશ્ચિતપણે, તેમાં પ્રવર્તન તે કરંતો, આત્મને

૩. * સમસ્ત રીતે બાહ્ય એવા ક્ષેત્રમાં પડતો અરે
દેખી-સ્વક્ષેત્રથી આત્મના અસ્તિત્વને નહિ માનીને;

૪. * તે નાશ પામે છે [અરે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ એ;]
[એકાંતવાદી આ રીતે કદી આત્મપ્રાપ્તિ નવ કરે.]

---

⁎ જ્ઞેયજ્ઞાયકબંધ = જ્ઞેયજ્ઞાયકસંબંધ.

[B. પરક્ષેત્રને હું મારામાં રહીને જાણું એવો મારો સ્વભાવ છે એમ ધર્મી માને છે :]

૧. * પણ જ્ઞાની તો નિજ ક્ષેત્રના અસ્તિપણાને કારણે
નિજક્ષેત્રમાં વર્તન કરંતો આત્મ આકારે ખરે;

૨. * થયેલ એવા જ્ઞેયમાં વ્યાપારનો નિશ્ચિતપણે,
થઈ શક્તિવાન ટકે–જીવે છે, નષ્ટ ના કદી થાય છે.

* આ પ્રમાણે સ્વક્ષેત્રની અપેક્ષાએ અસ્તિત્વનો [સાતમો] ભંગ કહ્યો.

## કળશ-૨૫૫

ઉત્થાનિકા :–(હવે આઠમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :—**

[A. પરક્ષેત્રમાં રહેલા પદાર્થોને છોડતી વખતે અજ્ઞાની તે સંબંધી જ્ઞાનાકારોને પણ છોડી દે છે :]

૧. ⁎ પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,
⁎ સ્વક્ષેત્રમાં રહેવા માટે જુદા જુદા

૨. ⁎ પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને છોડવાથી [-છોડતી વખતે],
⁎ જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના

૩. ⁎ આકારોને પણ વમી નાખતો થકો (અર્થાત્ જ્ઞેય પદાર્થોના
⁎ નિમિત્તે ચૈતન્યમાં જે આકારો થાય છે

૪. ⁎ તેમને પણ છોડી દેતો થકો) તુચ્છ થઈને નાશ
⁎ પામે છે;

[B. પરક્ષેત્રમાં પોતાની નાસ્તિ જાણતો થકો સ્યાદ્‌વાદી પોતાના જ્ઞાનાકારોને છોડતો નથી :]

૧. ⁎ અને સ્યાદ્‌વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો,
⁎ પરક્ષેત્રમાં પોતાનું નાસ્તિત્વ જાણતો થકો,

૨. ⁎ (પરક્ષેત્રમાં રહેલા) જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં
⁎ તે પરપદાર્થોમાંથી ચૈતન્યના આકારોને ખેંચતો હોવાથી (અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે થતા

૩. ⁎ ચૈતન્યના આકારોને છોડતો નહિ હોવાથી)
⁎ [તે સ્યાદ્‌વાદી જ્ઞાની કદી] તુચ્છતા પામતો નથી.

**કળશામૃત :—**

[A. પરક્ષેત્રમાં રહેલા પદાર્થોને છોડતી વખતે અજ્ઞાની તે સંબંધી જ્ઞાનાકારોને પણ છોડી દે છે :]

૧. * છે સર્વથા એકાંતવાદી પશુ અરે અજ્ઞાની આ–
નિજક્ષેત્રમાં જ નિવાસ કરવા કાજ રે જુદા જુદા;

૨. * પરક્ષેત્રમાં જ રહેલ જ્ઞેય પદાર્થ સર્વે છોડતાં,
તે સર્વ જ્ઞેયપદાર્થની સાથે અહો ચૈતન્યના;

૩. * આકાર પણ વમતો થકો (અર્થાત્ જ્ઞેય પદાર્થના
નિમિત્તથી ચૈતન્યમાં આકાર રે જેઓ થતા;

૪. * તે સર્વને પણ છોડી દેતો) તુચ્છ થઈને નાશને,
પામે અહો છે આ રીતે અજ્ઞાની એકાંતી અરે!

[B. પરક્ષેત્રમાં પોતાની નાસ્તિ જાણતો થકો સ્યાદ્‌વાદી પોતાના જ્ઞાનાકારોને છોડતો નથી :]

૧. * ને સ્યાદ્‌વાદી તો અહો નિજ ક્ષેત્રમાં રહેતો થકો,
પરક્ષેત્રમાં નાસ્તિત્વ નિજનું જાણીને તે તો અહો!

૨. * (પરક્ષેત્રમાં સ્થિત) જ્ઞેય સર્વ પદાર્થને છોડે છતાં,
તે સર્વ જ્ઞેય પદાર્થના નિમિત્તથી જેઓ થતા;

૩. * આકાર ચેતનના અહા નહિ છોડતો તે હોઈને,
નથી તુચ્છતાને પામતો [કદી સ્યાદ્‌વાદી જ્ઞાની એ.]

* આ પ્રમાણે પરક્ષેત્રની અપેક્ષાએ નાસ્તિત્વનો [આઠમો] ભંગ કહ્યો.

## કળશ-૨૫૬

ઉત્થાનિકા :–(હવે નવમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :—**

[A. અજ્ઞાની પરકાળથી (-પરના કારણે) પોતાના સ્વકાળની (-પોતાની પર્યાયની) ઉત્પત્તિ માને છે :]

૧. ∗ પશુ અર્થાત્ [સર્વથા] એકાંતવાદી અજ્ઞાની,
∗ પૂર્વાલંબિત જ્ઞેય પદાર્થોના નાશ સમયે

૨. ∗ જ્ઞાનનો પણ નાશ જાણતો થકો,
∗ એ રીતે જ્ઞાનને કાંઈપણ (વસ્તુ) નહિ જાણતો થકો

3. ∗ (અર્થાત્ જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ જ નહિ માનતો થકો),
∗ અત્યંત તુચ્છ થયો થકો નાશ પામે છે;

[B. જ્ઞાની પોતાની પર્યાય પોતાના ત્રિકાળીના અવલંબનથી ઉત્પન્ન થઈ છે એમ જાણે છે :]

૧. ∗ અને સ્યાદ્‌વાદનો જાણનાર તો
∗ આત્માનું નિજ કાળથી અસ્તિત્વ જાણતો થકો,

૨. ∗ બાહ્ય વસ્તુઓ વારંવાર થઈને નાશ પામતાં છતાં પણ,
∗ પોતે પૂર્ણ રહે છે, [કદીયે નાશ પામતો નથી.]

**કળશામૃત :—**

[A. અજ્ઞાની પરકાળથી (-પરના કારણે) પોતાના સ્વકાળની (-પોતાની પર્યાયની) ઉત્પત્તિ માને છે :]

૧. * છે [સર્વથા] એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે–
તે પૂર્ણ આલંબિત જ્ઞેય પદાર્થ નાશ થતાં અરે;

૨. * રે જ્ઞાનનો પણ નાશ તે સમયે જ જાણીને ખરે,
એ રીત જ્ઞાન નથી કંઈપણ (વસ્તુ) એવું જાણીને;

3. * (અર્થાત્ વસ્તુજ્ઞાનના અસ્તિત્વને નહિ માનીને,)
અત્યંત તુચ્છ થયો થકો રે નાશ પામે છે ખરે;

[B. જ્ઞાની પોતાની પર્યાય પોતાના ત્રિકાળીના અવલંબનથી ઉત્પન્ન થઈ છે એમ જાણે છે :]

૧. * ને સ્યાદ્‌વાદ તણો અહો છે જાણનારો તેહ તો,
આત્મા તણું નિજ કાળથી અસ્તિત્વ જાણીને અહો;

૨. * સહુ વસ્તુ વારંવાર થઈને નાશ પામે પણ છતાં,
પોતે રહે છે પૂર્ણ, [નાશ ન પામતો કદીયે અહા!]

∗ આ પ્રમાણે સ્વકાળ—અપેક્ષાએ અસ્તિત્વનો [નવમો] ભંગ કહ્યો.

## કળશ-૨૫૭

ઉત્થાનિકા :–(હવે દસમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :—**

[A. પરપદાર્થના અવલંબનથી જ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો અજ્ઞાની પરજ્ઞેયોમાં ભમે છે :]

૧. ⁎ પશુ અર્થાત્ અજ્ઞાની [સર્વથા] એકાંતવાદી,
   ⁎ જ્ઞેય પદાર્થોના આલંબન કાળે જ

૨. ⁎ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો થકો, બાહ્ય
   ⁎ જ્ઞેયોના આલંબનની લાલસાવાળા

૩. ⁎ ચિત્તથી (બહાર) ભમતો થકો
   ⁎ [તે અજ્ઞાની એકાંતવાદી] નાશ પામે છે;

[B. પોતાના કાળથી જ પોતાનું અસ્તિત્વ જાણતો જ્ઞાની સ્વભાવમાં ટકે છે :]

૧. ⁎ અને સ્યાદ્‌વાદનો જાણનાર તો
   ⁎ પરકાળથી આત્માનું નાસ્તિત્વ જાણતો થકો,

૨. ⁎ આત્મામાં દ્રઢપણે રહેલા નિત્ય સહજ જ્ઞાનના
   ⁎ એક પુંજરૂપ વર્તતો થકો ટકે છે—નષ્ટ થતો નથી.

**કળશામૃત :—**

[A. પર પદાર્થના અવલંબનથી જ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો અજ્ઞાની પરજ્ઞેયોમાં ભમે છે :]

૧. * છે સર્વથા એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે–
   [બસ માત્ર] 'જ્ઞેય પદાર્થના આશ્રય તણા કાળે ખરે;

૨. * [નિજ] જ્ઞાનનું અસ્તિત્વ છે'—ત્યમ જાણીને જે બાહ્ય છે
   એ જ્ઞેયના, આશ્રય તણી તે લાલસાવાળા ખરે;

૩. * રે ચિત્તથી [બસ] બાહ્યમાં જ ભ્રમણ કરંતો તે અરે
   અજ્ઞાની, પામે નાશને છે સર્વથા એકાંતી તે.

[B. પોતાના કાળથી જ પોતાનું અસ્તિત્વ જાણતો જ્ઞાની સ્વભાવમાં ટકે છે :]

૧. * ને સ્યાદ્‌વાદ તણો અહો છે જાણનારો તેહ તો,
   પરકાળથી આત્મા તણા નાસ્તિત્વને તે જાણતો;

૨. * આત્મા મહીં નિશ્ચળપણે સ્થિત નિત્ય નિર્મળ જ્ઞાનના
   બસ પુંજરૂપે વર્તતો, ટકતો—ન નષ્ટ થતો કદા.

⁎ આ પ્રમાણે પરકાળ-અપેક્ષાએ નાસ્તિત્વનો [દસમો] ભંગ કહ્યો.

## કળશ-૨૫૮

ઉત્થાનિકા :– (હવે અગિયારમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :—**

[A. એકાંતવાદી અજ્ઞાની પરભાવોના ભવનને પોતાનું જ માને છે :]

૧. * પશુ અર્થાત્ [સર્વથા] એકાંતવાદી અજ્ઞાની,
   * પરભાવોના ભવન*ને જ જાણતો હોવાથી,

૨. * (એ રીતે પરભાવોથી જ પોતાનું અસ્તિત્વ માનતો હોવાથી) સદાય
   * બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો,

૩. * (પોતાના) સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન (જડ)
   * વર્તતો થકો, નાશ પામે છે;

---

* ભવન = અસ્તિત્વ; પરિણમન.

[B. સ્યાદ્વાદી તો જ્ઞેયાકાર જ્ઞાનને પરભાવનું નહિ પરંતુ પોતાનું અસ્તિત્વ માને છે :]

૧. * અને સ્યાદ્વાદી તો (પોતાના) નિયત સ્વભાવના
   * ભવનસ્વરૂપ જ્ઞાનને લીધે સર્વથી (-સર્વ પરભાવોથી)

૨. * ભિન્ન વર્તતો થકો, જેણે સહજ સ્વભાવનું
   * પ્રતીતિરૂપ જાણપણું સ્પષ્ટ-પ્રત્યક્ષ-અનુભવરૂપ

૩. * કર્યું છે એવો થયો થકો, નાશ પામતો નથી.
   * [આ રીતે સ્વભાવથી અસ્તિત્વનો ભંગ કહ્યો.]

**કળશામૃત :—**

[A. એકાંતવાદી અજ્ઞાની પરભાવોના ભવનને પોતાનું જ માને છે :]

૧. * છે [સર્વથા] એકાંતવાદી પશુ અરે અજ્ઞાની જે–
   પરભાવના પરિણામ માત્ર જ જાણતો હોવાથી તે;

૨. * (આ રીત પરભાવો થકી અસ્તિત્વ નિજનું માનતો
   હોવાથી,) તે વિશ્રામ કરતો બાહ્ય વસ્તુમાં અહો;

૩. * (નિજના) સ્વભાવ તણા મહિમામાં અતિશય જડપણે,
   વર્તન કરંતો નાશ પામે છે [સદા અજ્ઞાની તે;]

[B. સ્યાદ્‌વાદી તો જ્ઞેયાકાર જ્ઞાનને પરભાવનું નહિ પરંતુ પોતાનું અસ્તિત્વ માને છે :]

૧. * ને સ્યાદ્‌વાદી તો અહો (નિજના જ) નિયત સ્વભાવથી,
રે ભવનસ્વરૂપ જ જ્ઞાનને લીધે સહુ પરભાવથી;

૨. * [અત્યંત] ભિન્ન પ્રવર્તતો જેણે [જ] સહજ સ્વભાવનું,
પ્રતીતિરૂપે રે સ્પષ્ટ ને અનુભવસ્વરૂપ જાણનપણું;

૩. * કર્યું છે અહો એવો થયેલો નાશ ના કદી પામતો,
[આ રીત ભંગ કહ્યો અહો નિજભાવથી અસ્તિત્વનો.]

* આ પ્રમાણે સ્વ-ભાવની (પોતાના ભાવની) અપેક્ષાથી અસ્તિત્વનો [અગિયારમો] ભંગ કહ્યો.

## કળશ-૨૫૯

ઉત્થાનિકા :–(હવે બારમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :—**

[A. અજ્ઞાની પોતાને સર્વ પરજ્ઞેયોના ભાવરૂપ માને છે :]

૧. * પશુ અર્થાત્ અજ્ઞાની [સર્વથા] એકાંતવાદી,
 * સર્વ ભાવોરૂપ ભવનનો

૨. * આત્મામાં અધ્યાસ કરીને (અર્થાત્
 * સર્વ જ્ઞેય પદાર્થોના ભાવોરૂપે [મારો] આત્મા છે

૩. * એમ માનીને) શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો,
 * કોઈ પરભાવને બાકી રાખ્યા વિના

૪. * સર્વ પરભાવોમાં સ્વચ્છંદતાથી
 * નિર્ભયપણે (નિઃશંકપણે) ક્રીડા કરે છે અને

[B. જ્ઞાની પોતાના શુદ્ધસ્વભાવને પરભાવોથી ભિન્ન અનુભવે છે :]

૧. * સ્યાદ્‌વાદી તો પોતાના સ્વભાવમાં અત્યંત આરૂઢ થયો થકો,
 * પરભાવોરૂપ ભવનના અભાવની દ્રષ્ટિને લીધે

૨. * (અર્થાત્ આત્મા પરદ્રવ્યોના ભાવોરૂપે નથી–
 * એમ દેખાતો હોવાથી) [ધર્મી સદા]

૩. * નિષ્કંપ વર્તતો થકો, શુદ્ધ જ વિરાજે છે.
 * [આચાર્યશ્રીએ આ રીતે પરભાવથી નાસ્તિત્વનો ભંગ કહ્યો.]

**કળશામૃત :—**

[A. અજ્ઞાની પોતાને સર્વ પરજ્ઞેયોના ભાવરૂપ માને છે :]

૧. * છે [સર્વથા] એકાંતવાદી પશુ અરે અજ્ઞાની આ–
 તે સર્વ [પર] ભાવોરૂપે છે ભવન [જ્ઞેયોનું] અહા;

૨. * તેનો અહો નિજ આત્મમાં અધ્યાસ કરીને (એટલે
 કે સર્વ જ્ઞેયપદાર્થના ભાવોરૂપે મુજ આત્મ છે;

૩. * ત્યમ માનીને) નિજ શુદ્ધ ભાવથી* તેહ ચ્યુત થયો થકો,
 રે કોઈ પણ પરભાવને નહિ શેષ રાખીને અહો;

૪. * બસ સર્વ પરભાવો મહીં સ્વચ્છંદતાથી જે ખરે
 નિર્ભયપણે (નિઃશંકરૂપ) ક્રીડા કરે છે તે અને

[B. જ્ઞાની પોતાના શુદ્ધસ્વભાવને પરભાવોથી ભિન્ન અનુભવે છે :]

૧. * સ્યાદ્‌વાદી તો નિજભાવમાં** અત્યંત થઈ આરૂઢ ને
પરભાવરૂપે ભવનની જ અભાવ-દ્રષ્ટિ હોઈને;

૨. * (અર્થાત્ પરદ્રવ્યો તણા ભાવોરૂપે નથી આતમા,
–તે દેખતો રે એમ હોવાથી) અહો ધર્મી સદા;

૩. * નિષ્કંપ રીત પ્રવર્તતો તે શુદ્ધ વિરાજે અહો,
[પરભાવથી નાસ્તિત્વનો આ ભંગ શ્રીમુનિએ કહ્યો.]

---

* ભાવ = સ્વભાવ.

** નિજભાવમાં = પોતાના સ્વભાવમાં.

* આ પ્રમાણે પરભાવની અપેક્ષાથી નાસ્તિત્વનો [બારમો] ભંગ કહ્યો.

## કળશ-૨૬૦

ઉત્થાનિકા :– (હવે તેરમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

**શ્લોકાર્થ :–**

[A. અજ્ઞાની પોતાને પોતાની ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયપણે માને છે :]

૧. ∗ પશુ અર્થાત્ [સર્વથા] એકાંતવાદી અજ્ઞાની,
∗ ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા

૨. ∗ જે વહેતા (-પરિણમતા) જ્ઞાનના અંશો તે-રૂપ
∗ અનેકાત્મકપણા વડે જ (આત્માનો) નિર્ણય

૩. ∗ અર્થાત્ જ્ઞાન કરતો થકો, ક્ષણભંગ∗ના સંગમાં
∗ પડેલો, બાહુલ્યપણે નાશ પામે છે;

[B. સ્યાદ્‌વાદી તો પોતાને પોતાથી જ નિત્ય-ઉદિતરૂપ અનુભવે છે :]

૧. ∗ અને સ્યાદ્‌વાદી તો ચૈતન્યાત્મકપણા વડે
∗ ચૈતન્યવસ્તુને નિત્ય-ઉદિત અનુભવતો થકો,

૨. ∗ ટંકોત્કીર્ણઘનસ્વભાવ (-ટંકોત્કીર્ણપિંડરૂપ સ્વભાવ) જેનો
∗ મહિમા છે એવા જ્ઞાનરૂપ વર્તતો,

૩. ∗ [નિત્યાત્માને માનતો થકો] જીવે છે.
∗ [આ રીતે આચાર્યશ્રીએ 'નિત્યત્વ'નો તેરમો ભંગ કહ્યો.]

**કળશામૃત :–**

[A. અજ્ઞાની પોતાને પોતાની ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયપણે માને છે :]

૧. * છે [સર્વથા] એકાંતવાદી પશુ અરે અજ્ઞાની આ–
ઉત્પાદ-વ્યયથી જેહ છે લક્ષિત એવા જ્ઞાનના;

૨. * વહેતા (-પ્રણમતા) જ્ઞાનના અંશોરૂપે છે જે સદા,
એવા અનેકાત્મકપણાથી આત્માનો નિર્ણય અહા;

૩. * અર્થાત્ એવો જાણતો, ક્ષણભંગ*ના સંગે અરે
પડતો, ખરે તે પામતો બાહુલ્યરૂપે નાશને;

[B. સ્યાદ્‌વાદી તો પોતાને નિત્ય-ઉદિતરૂપ અનુભવે છે :]

૧. * ને સ્યાદ્‌વાદી તો અહો ચૈતન્ય આત્મકતા વડે
અનુભવ કરંતો નિત્ય એવી ઉદિત ચેતનવસ્તુને

૨. * ટંકોત્કીર્ણરૂપે અહો ઘનપિંડ જેહ સ્વભાવનો
મહિમા અહો અત્યંત છે એ જ્ઞાનરૂપે વર્તતો

૩. * [નિત્યાતમાને માનીને] જીવે અહો તે જ્ઞાની છે
[આ રીત ભંગ કહ્યો અહો ‘નિત્યત્વ’નો શ્રીમુનિવરે.]

* આ પ્રમાણે નિત્યત્વનો [તેરમો] ભંગ કહ્યો.

---

* ક્ષણભંગ = ક્ષણે ક્ષણે થતો નાશ; ક્ષણભંગુરતા; અનિત્યતા.

## કળશ-૨૬૧

ઉત્થાનિકા :– (હવે ચૌદમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :—

**શ્લોકાર્થ :—**

[A. એકાંતવાદી અજ્ઞાની અથવા નિશ્ચયાભાસી જૈન આત્માને સર્વથા નિત્ય જ માને છે.]

૧. * પશુ અર્થાત્ [સર્વથા] એકાંતવાદી અજ્ઞાની,
   * ટંકોત્કીર્ણ વિશુદ્ધ જ્ઞાનના ફેલાવરૂપ

૨. * એક-આકાર (સર્વથા
   * નિત્ય) આત્મતત્ત્વની આશાથી, ઊછળતી

૩. * નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક
   * (આત્મતત્ત્વને) ઇચ્છે છે

૪. * (પરંતુ એવું કોઈ આત્મતત્ત્વ છે નહિ);
   * [તેથી એકાંતવાદીની માન્યતા મિથ્યા ઠરે છે;]

[B. જ્ઞાન દ્રવ્યે નિત્ય છે તોપણ પર્યાયથી અનિત્ય પણ છે—એમ જ્ઞાની માને છે :]

૧. * અને સ્યાદ્‌વાદી તો, ચૈતન્યવસ્તુની વૃત્તિના
   * (-પરિણતિના, પર્યાયના) ક્રમ દ્વારા તેની

૨. * અનિત્યતાને અનુભવતો થકો, નિત્ય
   * એવા જ્ઞાનને અનિત્યતાથી વ્યાપ્ત

૩. * છતાં ઉજ્જ્વળ (-નિર્મળ) માને છે—અનુભવે છે.
   * [આ રીતે નિત્ય આત્માને માનતો થકો જ્ઞાની પર્યાયનો અનુભવ કરે છે.]

**કળશામૃત :—**

[A. એકાંતવાદી અજ્ઞાની અથવા નિશ્ચયાભાસી જૈન આત્માને સર્વથા નિત્ય જ માને છે :]

૧. * છે [સર્વથા] એકાંતવાદી પશુ અરે અજ્ઞાની આ,
ટંકોત્કીર્ણ વિશુદ્ધ જ્ઞાન તણા અહા ફેલાવના–

૨. * રૂપે અહો છે એક આકાકારમાત્ર જ (સર્વથા
[બસ] નિત્ય) આતમતત્ત્વની આશાથી, જે ઊછળે અહા;

૩. * નિર્મળ અહો ચૈતન્યપરિણતિથી જુદા એવા અરે,
રે આત્મતત્ત્વ તણી અહો [એકાંતથી] ઈચ્છા કરે!

૪. * (કિંતુ કદી ના એવું કોઈ આત્મતત્ત્વ જ છે ખરે,)
[તેથી અહો એકાંતવાદી માન્યતા મિથ્યા ઠરે;]

[B. જ્ઞાન દ્રવ્યે નિત્ય છે તોપણ પર્યાયથી અનિત્ય પણ છે—એમ જ્ઞાની માને છે :]

૧. * ને સ્યાદ્‌વાદી તો અહો ચૈતન્યની વૃત્તિ તણા,
(-પર્યાય કે પરિણતિ તણા-) ક્રમથી થતી તેની સદા;

૨. * અનિયતતાનું અનુભવન કરતો થકો, જે નિત્ય છે,
એ જ્ઞાનને કે જે ભલે અનિત્યતાથી વ્યાપ્ત છે;

૩. * તોપણ અહો ઉજ્જ્વળપણે—નિર્મળપણે અનુભવ કરે,
[નિત્યાતમાને માનીને પર્યાયને તે અનુભવે.]

---

* અનિયતતા = અનિત્યતા.

* આ પ્રમાણે 'અનિત્યત્વ'નો [ચૌદમો] ભંગ કહ્યો.

## કળશ-૨૬૨

ઉત્થાનિકા :–'પૂર્વોક્ત રીતે અનેકાંત, અજ્ઞાનથી મૂઢ થયેલા જીવોને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરી દે છે—સમજાવી દે છે' આવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ રીતે અનેકાંત અર્થાત્ સ્યાદ્‌વાદ
   * અજ્ઞાનમૂઢ પ્રાણીઓને

૨. * જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો
   * સ્વયમેવ અનુભવાય છે.

**કળશામૃત :–**

૧. * 'નેકાંત અથવા સ્યાદ્‌વાદ [કહો અહો તે] આ રીતે,
અજ્ઞાનમૂઢ [એકાંતવાદી જેહ છે તે] પ્રાણીને;

૨. * [નિજ] જ્ઞાનમાત્ર જ આત્મતત્ત્વ તણી પ્રસિદ્ધિ કરાવતો,
સ્વયમેવ [-આપોઆપ બસ] અનુભવ મહીં આવે અહો!

## કળશ-૨૬૩

ઉત્થાનિકા :– 'પૂર્વોક્ત રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય હોવાથી અનેકાંત અર્થાત્ સ્યાદ્‌વાદ સિદ્ધ થયો' એવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આ રીતે અનેકાંત—કે જે જિનદેવનું અલંઘ્ય

* (કોઈથી તોડી ન શકાય એવું) શાસન છે તે–

૨. * વસ્તુના યથાર્થ સ્વરૂપની

* વ્યવસ્થિતિ (વ્યવસ્થા) વડે પોતે પોતાને સ્થાપિત કરતો થકો

૩. * સ્થિત થયો—નિશ્ચિત ઠર્યો—સિદ્ધ થયો.

* ['માટે હે નિપુણ પુરુષો! સારી રીતે વિચાર કરી પ્રત્યક્ષ અનુમાન–પ્રમાણથી અનુભવ કરી જુઓ.']

**કળશામૃત :–**

૧. * અલંઘ્ય છે 'નેકાંત જે જિનદેવનું શાસન ખરે,
(ને તેહ શાસન કોઈથી કદીયે ન તોડી શકાય છે;)

૨. * આ રીત તે 'નેકાંત વસ્તુ તણા યથાર્થ સ્વરૂપને,
વ્યવસ્થિતિથી જ સ્વયં સ્વયંની સ્થાપીને [મુનિવર કહે;]

૩. * નિશ્ચિત ઠર્યો–ને સ્થિત થયો–ને સિદ્ધ આ રીતે થયો;]
[તેથી અહો હે નિપુણ પુરુષો! આત્મનો અનુભવ કરો.]

# B. ૪૭ શક્તિઓ

## ઉપોદ્ઘાત

[પ્રશ્નોત્તર નં. ૧ : અનેકાંતમય આત્માને જ્ઞાનમાત્ર કેમ કહેવામાં આવે છે?]

**ટીકામૃત :–** (દોહરા)

પ્રશ્ન : * અનેક ધર્મ સહિત છે [આત્મા ગુણનું ધામ,]
તોપણ તેને ક્યમ કહો 'જ્ઞાનમાત્ર છે આત્મ?'

ઉત્તર :

૧. * જ્ઞાન અસાધારણ અહો ગુણ છે આત્મામાંય,
તેથી લક્ષણ આત્મનું જ્ઞાન જ છે કહેવાય;

૨. * લક્ષણની સિદ્ધિ* વડે લક્ષ્ય-પ્રસિદ્ધિ* થાય,
તેથી સિદ્ધિ* આત્મની જ્ઞાન-સિદ્ધિ*થી થાય.

**ટીકા :– [Slightly Rearranged]**

પ્રશ્ન : આત્મા અનેકાંતમય હોવા છતાં પણ અહીં તેનો જ્ઞાનમાત્રપણે કેમ વ્યપદેશ** કરવામાં આવે છે?

(આત્મા અનંત ધર્મોવાળો હોવા છતાં તેને જ્ઞાનમાત્રપણે કેમ કહેવામાં આવે છે? જ્ઞાનમાત્ર કહેવાથી તો અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.)

ઉત્તર :

૧. * આત્માનું જ્ઞાન લક્ષણ છે, કારણ કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે (-અન્ય દ્રવ્યોમાં જ્ઞાનગુણ નથી).

૨. * લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવે છે. માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેને લક્ષ્યની–આત્માની પ્રસિદ્ધિ થાય છે.

---

[પ્રશ્નોત્તર નં. ૨ : અજ્ઞાનીને લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે :]

**ટીકામૃત :–**

પ્રશ્ન : * લક્ષણની સિદ્ધિ થકી હેતુ ક્યો સધાય?
સીધી જ લક્ષ્ય-પ્રસિદ્ધિ ક્યમ કરતા નથી [ગુરુ આપ?]

ઉત્તર : * લક્ષણને જાણે નહીં, તેહ ન જાણે લક્ષ્ય,
લક્ષણની સિદ્ધિ થતાં લક્ષ્ય થતું પ્રત્યક્ષ.

---

* સિદ્ધિ = પ્રસિદ્ધિ. ** વ્યપદેશ = કથન; નામ.

**ટીકા :–**

પ્રશ્ન : એ લક્ષણની પ્રસિદ્ધિથી શું પ્રયોજન છે? માત્ર લક્ષ્ય જ પ્રસાધ્ય અર્થાત્ પ્રસિદ્ધિ કરવાયોગ્ય છે. (માટે લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના માત્ર લક્ષ્યને જ—આત્માને જ—પ્રસિદ્ધ કેમ કરતા નથી?)

ઉત્તર : જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય તેને (અર્થાત્ જે લક્ષણને જાણતો નથી એવા અજ્ઞાની જનને) લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. જેને લક્ષણ પ્રસિદ્ધ થાય તેને જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે. (માટે અજ્ઞાનીને પહેલાં લક્ષણ બતાવીએ ત્યારે તે લક્ષ્યને ગ્રહણ કરી શકે છે.)

---

[પ્રશ્નોત્તર નં. ૩ : જ્ઞાન લક્ષણથી ભિન્ન એવું કોઈ આત્મદ્રવ્ય લક્ષ્ય નથી :]

**ટીકામૃત :–**

પ્રશ્ન : * એવું ક્યું તે લક્ષ્ય છે કે જે ભિન્ન જણાય,
જ્ઞાન તણી સિદ્ધિ વડે જ્ઞાનથી [હે મુનિરાય?]

ઉત્તર : * દ્રવ્યપણે છે જ્ઞાન ને આત્મા એક અભેદ,
તેથી જુદું જ્ઞાનથી કોઈ ન લક્ષ્ય કહેલ.

**ટીકા :–**

પ્રશ્ન : ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી (-જ્ઞાનથી) ભિન્ન પ્રસિદ્ધ થાય છે?

ઉત્તર : જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી કારણ કે જ્ઞાન ને આત્માને દ્રવ્યપણે અભેદ છે.

---

[પ્રશ્નોત્તર નં. ૪ : હવે શ્રીગુરુ લક્ષણ-લક્ષ્યનો વિભાગ કરવાનું કારણ સમજાવે છે :]

**ટીકામૃત :–**

પ્રશ્ન : * તો પછી શા માટે કર્યો લક્ષણ-લક્ષ્ય વિભાગ?
[સમજાવો શ્રી સદ્ગુરુ કરુણા કરી અપાર.]

ઉત્તર :–

૧ * પ્રસિદ્ધત્વ અને અહો પ્રસાધ્યમાનત્વ*—
તેના કારણથી કર્યો ભેદ લક્ષ્ય-લક્ષણ;

૨ * સંવેદનથી સિદ્ધ છે જ્ઞાન જગતને સર્વ,
તેના અવિનાભૂત છે ધર્મ અનંત અનંત;

૩. * એવા સમૂહરૂપે અહો છે આ આત્મા જેહ,
જ્ઞાન તણા લક્ષણ વડે પ્રસિદ્ધ થાતો તેહ.

૪. * માટે જ્ઞાન જ માત્રમાં અચલિત દ્રષ્ટિ વડે જ,
ક્રમ-અક્રમરૂપ વર્તતો તદ્ અવિનાભૂત જેહ;

૫. * અનંતધર્મસમૂહ તે લક્ષિત થાતો જેહ,
સઘળો એક જ છે અહો આતમદ્રવ્ય અભેદ.

---

* પ્રસાધ્યમાન = પ્રસિદ્ધ કરવામાં આવતું હોય તે. (જ્ઞાન પ્રસિદ્ધ છે અને આત્મા પ્રસાધ્યમાન છે.)

**ટીકા :-**

પ્રશ્ન : તો પછી લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવ્યો?

ઉત્તર :-

૧ ∗ પ્રસિદ્ધત્વ અને પ્રસાધ્યમાનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે.

૨ ∗ જ્ઞાન પ્રસિદ્ધ છે, કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે (અર્થાત્ જ્ઞાન સર્વ પ્રાણીઓને સ્વસંવેદનરૂપ અનુભવમાં આવે છે); તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે પ્રસાધ્યમાન, તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા) અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે.

૩. ∗ (જ્ઞાન પ્રસિદ્ધ છે; અને જ્ઞાન સાથે જેમનો અવિનાભાવી સંબંધ છે એવા અનંત ધર્મોના સમુદાયસ્વરૂપ આત્મા તે જ્ઞાન વડે પ્રસાધ્યમાન છે.)

૪. ∗ માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દ્રષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો)

૫. ∗ અનંતધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, તે સઘળોય ખરેખર એક આત્મા છે.

∗ આ કારણે જ અહીં આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ છે.

---

[પ્રશ્નોત્તર નં. ૫ : હવે અનંતધર્મી આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે તે સમજાવે છે :–]

**ટીકામૃત :–**

પ્રશ્ન : * ક્રમ-અક્રમરૂપ વર્તતો અનંતધર્મી જીવ,
તેને જ્ઞાન જ માત્રમયપણું કહ્યું કઈ રીત?

ઉત્તર :-

1. * એક બીજાથી ભિન્ન જે એવા અનંત ધર્મ,
તેના સમૂહરૂપે પ્રણિત* એક જ્ઞપ્તિમાત્ર જ–
2. * ભાવરૂપે પોતે જ હોવાથી આતમરામ,
તેને જ્ઞાન જ માત્રમયપણું [કહ્યું છે જાણ;]
3. * તેથી તેને જ્ઞાનમયમાત્ર એક જ ભાવ,
તેની અંતઃપાતિની ઊછળે શક્તિ અમાપ;
4. * આત્માના સહુ ધર્મમાં લક્ષણભેદે ભેદ,
પણ પ્રદેશમાં ભેદ ના [આગમ મહીં કહેલ;]
૫. * એક આત્મપરિણામમાં સર્વ ધર્મ-પરિણામ
હોવાથી, બસ એક જ્ઞાનમાત્ર ભાવની માંય;
6. * અનંત શક્તિઓ [સદા] રહે છે [એક જ સાથ,]
માટે ઉછળે છે અહો શક્તિ અમાપ અમાપ.

---

∗ પ્રણિત = પરિણત.

7. * તેમાંથી થોડી અહો શક્તિ અહીં કથંત,
[તે સહુને સમજી હવે શક્તિવાન અવલંબ.]

**ટીકા :-**

પ્રશ્ન : જેમાં ક્રમ અને અક્રમ પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?

ઉત્તર :–

૧. ⁎ પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત એક જ્ઞપ્તિમાત્ર

૨. ⁎ ભાવરૂપે પોતે જ હોવાથી (અર્થાત્ પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલી જે એક જાણનક્રિયા તે જાણનક્રિયામાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી) આત્માને જ્ઞાનમાત્રપણું છે.

૩. ⁎ માટે જ તેને જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની (-જ્ઞાનમાત્ર એક ભાવની અંદર પડનારી અર્થાત્ જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી–) અનંત શક્તિઓ ઊછળે છે.

૪. ⁎ (આત્માના જેટલા ધર્મો છે તે બધાયને, લક્ષણભેદે ભેદ હોવા છતાં, પ્રદેશભેદ નથી;

૫. ⁎ આત્માના એક પરિણામમાં બધાય ધર્મોનું પરિણમન રહેલું છે.
તેથી આત્માના એક જ્ઞાનમાત્ર ભાવની અંદર

૬. ⁎ અનંત શક્તિઓ રહેલી છે. માટે જ્ઞાનમાત્ર ભાવમાં—જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં—અનંત શક્તિઓ ઊછળે છે.)

૭. ⁎ તેમાંથી કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે :—
[એ બધી શક્તિઓનું સ્વરૂપ સમજીને તું હવે અનંત શક્તિના ધરનાર આત્માનું અવલંબન કર.]

---

**(૧) જીવત્વશક્તિ :-**

વ્યાખ્યા : આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં—આત્મામાં—ઊછળે છે.) ૧.

કળશામૃત :- (દોહરા)

* કારણભૂત છે આત્મના જે ચેતનમય ભાવ,
(દર્શનજ્ઞાનાનંદ) એ ભાવપ્રાણ જીવમાંય;
ધારણ કરવું તેમનું લક્ષણ જેનું તેહ,
ઊછળે છે આત્મા મહીં જીવતરશક્તિ* કહેલ.

---

⁎ જીવતરશક્તિ = જીવત્વશક્તિ.

**(૨) ચિતિશક્તિ :–**

વ્યાખ્યા : અજડત્વરૂપ ચિતિશક્તિ.

(અજડત્વ અર્થાત્ ચેતનત્ત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.) ૨.

કળશામૃત :– * અજડતારૂપ છે અહો ચિતિશક્તિ કહેવાય,
ચેતનતાને સ્વરૂપ તું ચિતિશક્તિનું જાણ;
[જ્ઞાન અને દર્શન અહો 'ચિતિ' મહીં જ સમાય,
રાગ-દ્વેષ-મોહાદિ છે ચેતનહીન જડ ભાવ.]

**(૩) દ્રશિશક્તિ :–**

વ્યાખ્યા :–અનાકાર ઉપયોગમયી દ્રશિશક્તિ.

(જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી—સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી—દ્રશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ.)

કળશામૃત :– * અનાકાર ઉપયોગમય દ્રશિશક્તિ તું જાણ,
જ્ઞેયરૂપ આકારવણ ગ્રહણ કરે સહુ ભાવ;
સત્તામાત્ર પદાર્થમાં યુક્ત થાય છે જેહ,
એવી દર્શનની ક્રિયારૂપ છે શક્તિ તેહ.

**(૪) જ્ઞાનશક્તિ :–**

વ્યાખ્યા :– સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ.

(જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ.)

કળશામૃત :– * છે સાકારોપયોગમય જ્ઞાનશક્તિ કહેવાય,
જ્ઞેય પદાર્થોના અહો જેહ વિશેષાકાર;
તેમાં જે ઉપયુક્ત રે થાય તેહ છે જ્ઞાન,
એવા જ્ઞાનાપયોગમય જ્ઞાનશક્તિને જાણ.

**(૫) સુખશક્તિ :–**

વ્યાખ્યા :–અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ. ૫.

કળશામૃત :– * અનાકુળતા જેહનું લક્ષણ—સ્વરૂપ—તેહ,
સુખશક્તિ કહેવાય છે [–જિનવરનો સંદેશ;]
[શ્રદ્ધા ને ચારિત્ર પણ આ સુખમાં જ સમાય,
આનંદે તું પૂર્ણ છો હે ભાઈ! સર્વાંગ.]

**(૬) વીર્યશક્તિ :–**

વ્યાખ્યા :–સ્વરૂપની (-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.

કળશામૃત :– * આત્મસ્વરૂપ તણી અહો રચનાના સામર્થ્ય–
રૂપે છે જે તેહને વીર્યશક્તિ કથંત;
[નિર્મળ પર્યાયો રચે–વીર્યવાન કહેવાય,
રચે પુણ્ય-પાપાદિ તે વીર્યહીન કથાય.]

**(૭) પ્રભુત્વશક્તિ :–**

વ્યાખ્યા :–જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (-સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ.

કળશામૃત :– * કોઈ ન ખંડિત કરી શકે જેનો પ્રતાપ તેહ,
સ્વાધીનતાથી શોભવું લક્ષણ જેનું કહેલ;
એવી [મહિમાવંત છે] પ્રભુત્વશક્તિ [અપાર,]
[નિર્બાધિત પ્રતાપવંત તું છો આતમરામ.]

**(૮) વિભુત્વશક્તિ :–**

વ્યાખ્યા :–સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.)

કળશામૃત :– * વ્યાપક સર્વે ભાવમાં એક ભાવરૂપ જેહ,
વિભુત્વશક્તિ આત્મમાં [-જિનવરનો સંદેશ;]
સર્વે ભાવ મહીં અહો જ્ઞાનભાવ જ્યમ એક,
[રહીને નિજ પ્રદેશમાં] વ્યાપે છે રે તેમ.

**(૯) સર્વદર્શિત્વશક્તિ :–**

વ્યાખ્યા :–સમસ્ત વિશ્વના સામાન્યભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.

કળશામૃત :– * સર્વ પદાર્થસમૂહરૂપ લોકાલોક સમસ્ત,
ગ્રહવારૂપે તેહને માત્ર જ સત્તારૂપ;
પરિણમતા એવા અહો આતમદર્શન એક,
તે-મય શક્તિને અહો સર્વદર્શિ કહેલ.

## (૧૦) સર્વજ્ઞત્વશક્તિ :–

વ્યાખ્યા :–સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.

કળશામૃત :– * સમસ્ત વિશ્વ તણા અહો વિશેષ ભાવ અનેક,
તેઓના જાણનરૂપે જે પરિણમતા તેહ;
આતમજ્ઞાનમયી અહો શક્તિ જેહ કથાય,
સર્વજ્ઞત્વશક્તિ છે [–જિનવરનું એંધાણ.]

## (૧૧) સ્વચ્છત્વશક્તિ :–

વ્યાખ્યા :–અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક–આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ.

(જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.)

કળશામૃત :– * અમૂર્ત આત્મપ્રદેશમાં જેહ પ્રકાશે તેહ,
લોકાલોક તણા અહા ’નેકાકારરૂપે જ;
મેચક જે ઉપયોગ છે જેનું લક્ષણ એહ,
સ્વચ્છત્વશક્તિ [અહો આગમમહીં કહેલ.]

* દર્પણની પર્યાયમાં સ્વચ્છત્વશક્તિથી જેમ,
પ્રકાશતા ઘટપટ અહા, આત્મામાં પણ તેમ;
તેના રે ઉપયોગમાં સ્વચ્છત્વશક્તિ થકી જ,
લોકાલોકારો સૌ અહા પ્રકાશતા [સુવિદિત.]

## (૧૨) પ્રકાશશક્તિ :–

વ્યાખ્યા :–સ્વયં પ્રકાશમાન વિશદ (સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (–સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.

કળશામૃત :– * સ્વયં પ્રકાશિત વિશદ–સ્પષ્ટ–સ્વસંવેદનરૂપ*,
એવા સ્વાનુભવમયી પ્રકાશશક્તિ [અનૂપ;]
[આ શક્તિને જાણીને નિજનું કર તું લક્ષ,
અંતરમાં એકાગ્ર થઈ કર અનુભવ પ્રત્યક્ષ.]

---

સ્વસંવેદનરૂપ = સ્વસંવેદનમયી.

**(૧૩) અસંકુચિતવિકાસત્વશક્તિ :–**

વ્યાખ્યા :–ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવી ચિદ્વિલાસસ્વરૂપ (–ચૈતન્યના વિલાસસ્વરૂપ) અસંકુચિતવિકાસત્વશક્તિ.

કળશામૃત :– * ક્ષેત્ર-કાળ સીમા રહિત ચિદ્વવિલાસરૂપ જેહ,
એવી રે ચૈતન્યના વિલાસરૂપ છે તેહ;
અસંકુચિતવિકાસમયશક્તિ [છે તુજ માંય,]
[બેહદ તુજ સામર્થ્ય છે, થા લીન તુજમાં ભાઇ.]

**(૧૪) અકાર્યકારણત્વશક્તિ :–**

વ્યાખ્યા :–જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.

(જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે-સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ.)

કળશામૃત :– * કરાય જે નહિ અન્યથી, પરને કરે ન કાંય,
એવી એક જ દ્રવ્યરૂપ શક્તિ [પણ સમજાય;]
તે અકાર્યકારણમયી શક્તિ છે કહેવાય,
[દ્રવ્ય-ગુણ-પર્યાય સૌ નિજના નિજથી થાય.]

**(૧૫) પરિણમ્યપરિણામકત્વશક્તિ :–**

વ્યાખ્યા :–પર અને પોતે જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ.

(પર જેમનાં કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશકતિ.)

કળશામૃત :– * પરના કારણથી થતાં એવા જ્ઞેયાકાર,
તેઓને ગ્રહવા તણા સ્વભાવમય જે ભાવ;
* ને કારણ પોતે જ છે જેના એ આકાર,
જ્ઞાન તણા તેને ગ્રહણ પરને કરાવનાર;
* એવા જેહ સ્વભાવમય છે તેને કહેવાય,
પરિણમ્ય-પરિણામકત્વ શક્તિ [તું જાણ.]

**(૧૬) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ :–**

વ્યાખ્યા :–જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (–નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ–) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.

કળશામૃત :– * ઘટતું–વધતું જે નથી [ભરિતઅવસ્થ] સ્વરૂપ,
તેમાં નિયતપણે [સદા] નિશ્ચિત રહેવારૂપ;
[એ લક્ષણ છે જેહનું] તે શક્તિ [નું નામ,]
ત્યાગગ્રહણશૂન્યત્વમય શક્તિ [છે કહેવાય.]

**(૧૭) અગુરુલઘુત્વશક્તિ :–**

વ્યાખ્યા :–ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ (-વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (-ખાસ) ગુણ તે-સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ.

[આ ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિનું સ્વરૂપ 'ગોમ્મટસાર' શાસ્ત્રમાંથી જાણવું. અવિભાગ પરિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં પડતી-સમાવેશ પામતી—વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી (-જે ગુણથી) થાય છે અને જે (ગુણ) વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે એવો કોઈ ગુણ આત્મામાં છે; તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે. આવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે.]

કળશામૃત :– * ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ પરિણમતો જે ભાવ,
સ્વરૂપ-પ્રતિષ્ઠાના અહા કારણરૂપ સ્વભાવ;
વિશિષ્ટ એવો ગુણ [છે] તેહ સ્વરૂપે જેહ,
છે શક્તિ તેને અહો અગુરુલઘુત્વ કહેલ.

**(૧૮) ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ :–**

વ્યાખ્યા :–ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એની ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ.

(ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદવ્યયરૂપ છે અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે.)

કળશામૃત :– * ક્રમવૃત્તિરૂપે અને અક્રમવૃત્તિસ્વરૂપ,
વર્તન જેનું છે અહો લક્ષણ [એવો ગુણ;]
ઉત્પત્તિ-વ્યય-ધ્રુવમયશક્તિ તે કહેવાય,
[ગુણો ધ્રુવ સ્વયં રહે ક્રમનિયમિત વ્યય થાય.]

**(૧૯) પરિણામશક્તિ :–**

વ્યાખ્યા :–દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (-સ્પર્શિત), સદ્રશ અને વિસદ્રશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ.

કળશામૃત :– * ધ્રૌવ્ય અને વ્યય-ઉત્પત્તિ દ્રવ્યસ્વભાવોમાંય,
ધ્રૌવ્ય સદ્રશ, ઉત્પાદ-વ્યય વિસદ્રશ્ય જણાય;
આલિંગિત એનાથી જે અસ્તિમાત્રમય એક,
એવી શક્તિને અહો 'પરિણામ' કહેલ.

### (૨૦) અમૂર્તત્વશક્તિ :-

વ્યાખ્યા :–કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવતા, સહજ, સ્પર્શાદિશૂન્ય (-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ.

કળશામૃત :- * કર્મબંધ અભાવથી પ્રગટ વ્યક્ત જે થાય,
સહજ, સ્પર્શ-રસ-ગંધથી જે [બહુ] શૂન્ય જણાય;
એવા આત્મપ્રદેશરૂપ [જ્ઞાનીને વેદાય,]
અમૂર્તત્વશક્તિ અહો તેનું નામ કથાય.

### (૨૧) અકર્તૃત્વશક્તિ :-

વ્યાખ્યા :–સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ* (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ (જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણમોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.)

કળશામૃત :- * જેહ કરાતા કર્મથી, જ્ઞાતાપણા વિહીન,
તે સહુ પરિણામો તણા કરવાપણા રહિત;**
એવી અકર્તૃ[મયી]*** શક્તિ આત્મામાંય,
[તેથી જ્ઞાની રાગનો કર્તા કદી ન થાય.]

---

** કરવાપણા રહિત = કરણના અભાવ—અંત—નિવૃત્તિસ્વરૂપ.

*** અકર્તૃ[મયી] શક્તિ = અકર્તૃત્વશક્તિ.

* ઉપરમ = અટકવું તે; નિવૃત્તિ; અંત; અભાવ.

### (૨૨) અભોક્તૃત્વશક્તિ :-

વ્યાખ્યા :–સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના (–ભોગવટાના) ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.

કળશામૃત :- * જેહ કરાતા કર્મથી, જ્ઞાતાપણા વિહીન,*
તે સહુ પરિણામો તણા ભોગવટાથી રહિત;**
એવી અભોક્તૃ[મયી] શક્તિ*** આત્મામાંય,
[તેથી જ્ઞાની રાગનો ભોક્તા કદી ન થાય.]

---

* જ્ઞાતાપણા વિહીન = જ્ઞાતૃત્વમાત્રથી જુદા.

*** અભોક્તૃત્વ[મયી] શક્તિ = અભોક્તૃત્વશક્તિ.

** ભોગવટાથી રહિત = અનુભવના ઉપરમસ્વરૂપ.

**(૨૩) નિષ્ક્રિયત્વશક્તિ :–**

વ્યાખ્યા :–સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તતી આત્મપ્રદેશોની નિષ્કંપતાસ્વરૂપ (-અકપંતાસ્વરૂપ) નિષ્ક્રિયત્વશક્તિ.

(સકળ કર્મનો અભાવ થાય ત્યારે પ્રદેશોનું કંપન મટી જાય છે માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે.)

કળશામૃત :– * સકળ કર્મ ઉપરમ થકી જેહ પ્રવર્તે તેહ,
આત્મપ્રદેશોની અહા અકંપતારૂપ જેહ;
<u>નિષ્ક્રિયત્વશક્તિ</u> અહો પણ છે આત્મામાંય,
[અવલંબી નિજ આત્મને અકંપતા પ્રગટાવ.]

**(૨૪) નિયતપ્રદેશત્વશક્તિ :–**

વ્યાખ્યા :–જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાલોકના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ.

(આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચ-વિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે.)

કળશામૃત :– * અનાદિના સંસારથી જે સંકોચ-વિસ્તાર,
તેનાથી લક્ષિત ને ચરમ શરીર પરિમાણ;
* તેનાથી કિંચિત્ ન્યૂન પરિમાણે સ્થિત થાય,
એવું લોકાલોકના માપ જેટલું માપ;
* તેટલું છે અવયવપણું [નિશ્ચિત] આત્મામાંય,
<u>નિયતપ્રદેશીશક્તિ</u>ને આ લક્ષણથી જાણ.
* (લોકપ્રમાણ અસંખ્ય છે પ્રદેશ આત્મામાંય,
પામે છે સંસારીમાં તે સંકોચ-વિસ્તાર;
* મોક્ષ-અવસ્થામાં અહો ચરમ શરીરથી તેહ,
કિંચિત્ ન્યૂન રહે) [અહો કેવળજ્ઞાની કહેલ.]

**(૨૫) સ્વધર્મવ્યાપકત્વશક્તિ :–**

વ્યાખ્યા :–સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ (શરીરના ધર્મરૂપ ન થતાં પોતાના ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ તે સ્વધર્મવ્યાપકત્વશક્તિ.)

કળશામૃત :– * સર્વ શરીરોમાં અહો એકસ્વરૂપમય જેહ,
<u>સ્વધર્મવ્યાપકમયી</u> અહો <u>શક્તિ</u> એવી કહેલ;
* (શરીર તણા ધર્મોરૂપે થાય ન કિંતુ જેહ,
નિજ ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ છે તેહ.)

* [એક દીવો ફરતો અહો અનેક ઓરડામાંય,
પણ તે દીવો ના થતો ઓરડારૂપે કાંય;
દેહાદિ-રાગાદિમાં ફરતો ચેતન જેમ,
રાગાદિરૂપ ના થતો તેહ કદીયે તેમ.]

**(૨૬) સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ :–**

વ્યાખ્યા :–સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ.

કળશામૃત :– * આત્મા ને પરદ્રવ્યના ગુણો કોઈ સમાન,
કોઈ સમાન નહિ અને કોઈ ઉભય પ્રકાર;
આવા ત્રણ ભાવો તણા ધારણસ્વરૂપે તેહ,
['ત્રિવિધશક્તિ'] છે આત્મમાં [આગમ મહીં કહેલ;]
[અમૂર્ત*** ને સત્*, ચિત્** તું ધારે શક્તિ ત્રિવિધ,
ધ્યાવી શક્તિવાનને કરજે આત્મ પ્રસિદ્ધ.]

---

* સત્ = અસ્તિત્વ એ સાધારણ ધર્મ છે.

** ચિત્ = જ્ઞાન એ અસાધારણ ધર્મ છે.

*** અમૂર્તત્વ = અરૂપીત્વ એ સાધારણાસાધારણ ધર્મ છે.

**(૨૭) અનંતધર્મત્વશક્તિ :–**

વ્યાખ્યા :–વિલક્ષણ (-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા) અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંતધર્મત્વશક્તિ.

કળશામૃત :– * ભિન્ન ભિન લક્ષણ સહિત 'નંત સ્વભાવથી જેહ,
ભાવિત એવો ભાવ છે લક્ષણ જેનું એક;
અનંતધર્મમયી અહો શક્તિ [તેને જાણ,]
[ઓસડ હોય અનેક પણ ઔષધ એક જ જાત.]

**(૨૮) વિરુદ્ધધર્મત્વશક્તિ :–**

વ્યાખ્યા :–તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ.

કળશામૃત :– * તદ્રૂપતા નિજભાવથી, પરથી અતદ્રૂપ,
જેનું લક્ષણ છે અહો [એવો આતમગુણ;]
વિરુદ્ધધર્મમયી અહો શક્તિ તેનું નામ,
[તત્-અતત્ ધર્મો તણો આત્મા છે ધરનાર.]

**(૨૯) તત્ત્વશક્તિ :–**

વ્યાખ્યા :–તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ.

(તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ એવી તત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન ચેતનપણે રહે છે—પરિણમે છે.)

કળશામૃત :– * તદ્રૂપે પરિણમનરૂપ તત્ત્વશક્તિ કહેવાય,
(તત્સ્વરૂપ હોવારૂપે કે તત્ રૂપ ભવાય;)
એવી શક્તિ આત્મમાં છે [તેને તું જાણ,]
[નિર્મળ પર્યાયોરૂપે આત્મા તેથી થાય.]
આ શક્તિને કારણે ચેતન ચેતનરૂપ
રહે છે—પ્રણમે છે [અહો નિર્મળ નિર્મળરૂપ.]

**(30) અતત્ત્વશક્તિ :–**

વ્યાખ્યા :–અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વ શક્તિ.

(તત્સ્વરૂપ ન હોવારૂપ અથવા તત્સ્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન જડરૂપ થતો નથી.)

કળશામૃત :– * અતદ્-રૂપે ભવનરૂપ અતત્ત્વશક્તિ કથાય,
(તત્સ્વરૂપ હોવાપણું હોય ન આત્મામાંય;)
તત્ રૂપે પરિણામ ના આત્મામાં [કદી] થાય,
આ શક્તિને કારણે ચેતન જડ ના થાય.]

**(૩૧) એકત્વશક્તિ :–**

વ્યાખ્યા :–અનેક પર્યાયોમાં વ્યાપક એવા એકદ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ.

કળશામૃત :– * નિર્મળ પર્યાયો અનેક, તેમાં વ્યાપક જેહ,
એકદ્રવ્યમયપણારૂપી એકત્વશક્તિ કહેલ;
[વ્યાપે ભેદોમાં ભલે, ભેદરૂપે નવ થાય,
દ્રવ્યરૂપે એક જ રહે, કદી અનેક ન થાય.]

**(૩૨) અનેકત્વશક્તિ :–**

વ્યાખ્યા :–એક દ્રવ્યથી વ્યાપ્ય (વ્યપાવાયોગ્ય) જે અનેક પર્યાયો તે-મયપણારૂપ અનેકત્વશક્તિ.

કળશામૃત :– * નિર્મળ પર્યાયો અનેક, દ્રવ્યથી જેહ વ્યપાય,
તે—મયતારૂપ શક્તિને અનેકત્વ કથાય;
[એકપણે રહેતો થકો અનેકરૂપે થાય,
અનેકાંતમય છે અહો અદ્ભુત આત્મસ્વભાવ.]

**(૩૩) ભાવશક્તિ :–**

વ્યાખ્યા :–વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ.

(અમુક અવસ્થા* જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ.)

કળશામૃત :– * અમુક અવસ્થા* હોય છે વિદ્યમાન સદાય,
એવા હોવાપણારૂપે શક્તિ આત્મામાંય;
એવી શક્તિને અહો ભાવશક્તિ કહેવાય,
[નિર્મળ પર્યાયો સ્વયં આ શક્તિથી થાય.]

---

* અમુક અવસ્થા = જે થવાની છે તે નિર્મળ પર્યાય.

**(૩૪) અભાવશક્તિ :–**

વ્યાખ્યા :–શૂન્ય (-અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ.

(અમુક અવસ્થા* જેમાં અવિદ્યમાન હોય એવાપણારૂપ અભાવશક્તિ.)

કળશામૃત :– * અમુક અવસ્થાથી* અહા આત્મા શૂન્ય સદાય,
એવા શૂન્યપણારૂપી અભાવશક્તિ કથાય;
[દ્રવ્ય-ભાવકર્મો અને પૂર્વોત્તર પર્યાય,
અભાવ વર્તે વિકારનો આ શક્તિથી જાણ.]

---

અમુક અવસ્થા = વિકારી પર્યાય.

**(૩૫) ભાવાભાવશક્તિ :–**

વ્યાખ્યા :–ભવના (–વર્તતા, થતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ.

કળશામૃત :– * વિદ્યમાન પર્યાયના વ્યયરૂપ સહજ સ્વભાવ,
'ભાવાભાવ' કહ્યું અહો! આ શક્તિનું નામ;
* [સર્વ ગુણોમાં છે અહો! આ શક્તિનું રૂપ,
બીજે સમયે પામતી વ્યય તેથી પર્યય;
* કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય,
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.]

**(૩૬) અભાવભાવશક્તિ :–**

વ્યાખ્યા :–નહિ ભવતા (–નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ અભાવભાવશક્તિ.

કળશામૃત :– * નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ સ્વભાવ,
'અભાવભાવ' કહ્યું અહો! તે શક્તિનું નામ;
* [અલ્પજ્ઞાની તું હો ભલે પામીશ કેવળજ્ઞાન,
ને પામી અરિહંત પદ શીઘ્ર લહીશ નિર્વાણ.]

**(૩૭) ભાવભાવશક્તિ :-**

વ્યાખ્યા :–ભવતા (-વર્તતા) પર્યાયના ભવનરૂપ (વર્તવારૂપ, પરિણમવારૂપ) ભાવભાવશક્તિ.

કળશામૃત :- * નિર્મળ ભવનસ્વરૂપ જે વર્તમાન પર્યાય,
ફરી-ફરી ભવશે તે અહો! નિર્મળ નિર્મળ ભાવ;
* આવી શક્તિને અહો 'ભાવભાવ' કહેવાય,
[પ્રગટ્યું સમકિત તે હવે મિથ્યા કદી ન થાય.]

**(૩૮) અભાવાભાવશક્તિ :-**

વ્યાખ્યા :–નહિ ભવતા (–નહિ વર્તતા) પર્યાયના અભવનરૂપ (–નહિ વર્તવારૂપ) અભાવાભાવશક્તિ.

કળશામૃત :- * નહીં ભવતા પર્યાયના ભવનરહિત સ્વભાવ,
તે શક્તિ કહેવાય છે 'અભાવઅભાવ' નામ;
* [અભાવ રાગ તણો અહો! ધર્મીને જે થાય,
અભાવ તે વર્તે સદા સિદ્ધદશાની માંય.]

**(૩૯) ભાવશક્તિ :-**

વ્યાખ્યા :–(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા* તેનાથી રહિત ભવનમાત્રમયી (-હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ.

કળશામૃત :- * ષટ્કારક અનુસાર જે ક્રિયા વિકારી થાય,
રહિતપણે તેનાથી જે ભવન** જ્ઞાનીને થાય;
* એવા ભવનમયી અહો! 'ભાવશક્તિ' કહેવાય,
[જ્ઞાની તેથી વિકારનો જ્ઞાતા રહે સદાય.]

---

* ક્રિયા = મલિન, વિકૃત પરિણતિ.

** ભવન = પર્યાયમાં પરિણમન.

**(૪૦) ક્રિયાશક્તિ :-**

વ્યાખ્યા :–કારકો* અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ** તે-મયી*** ક્રિયાશક્તિ.

કળશામૃત :- * ષટ્કારક અનુસાર જે પરિણમવારૂપ ભાવ,
તે-મય શક્તિને અહો! 'ક્રિયાશક્તિ' કહાવ;
* [અનંત ગુણમાં છે અહો! ક્રિયાશક્તિનું રૂપ,
તેથી ગુણો પરિણમે નિર્મળ નિર્મળરૂપ;
* સમકિતરૂપે પરિણમે શ્રદ્ધાગુણ ત્રિકાળ,
તે છે ભાવમયી અહો! ક્રિયાશક્તિનું કામ.]

---

* કારકો = ત્રિકાળ નિર્મળ કારકો.

** ભાવ = પવિત્ર નિર્મળ પરિણમન. *** તે-મયી = તેવા ગુણમયી.

**(૪૧) કર્મશક્તિ :–**

વ્યાખ્યા :–પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે-મયી કર્મશક્તિ.

કળશામૃત :– * સિદ્ધરૂપ* જે ભાવને પ્રગટ પ્રાપ્ત કરાય,
તે-મય શક્તિને અહો! કર્મશક્તિ** કહેવાય;
* [નિર્મળ પર્યય છે અહો કર્મશક્તિનું કર્મ,***
વંદન હો ગુરુદેવને–સમજાવ્યો આ મર્મ;
* આ શક્તિનું રૂપ છે શ્રદ્ધા આદિ માંય,
સમકિત આદિ પર્યયો તેથી પ્રાપ્ત કરાય.]

---

* સિદ્ધરૂપ ભાવ = ચોક્કસ પ્રગટ થવાવાળી સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય.

** કર્મશક્તિ એ ત્રિકાળી ગુણ છે.

*** કર્મ = નિર્મળ પર્યાયરૂપી શુદ્ધ કાર્ય.

**(૪૨) કર્તૃશક્તિ :–**

વ્યાખ્યા :–થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ.

કળશામૃત :– * થવાપણા* ને સિદ્ધરૂપ** ભાવ પ્રગટ જે થાય,
તેના ભાવકપણામયી કર્તૃશક્તિ કથાય;
* [દરેક ગુણમાં છે અહો આ શક્તિનું રૂપ,
તે કારણથી પ્રાપ્ય છે પર્યય નિર્મળરૂપ;
* શ્રદ્ધાગુણમાં છે અહો કર્તૃશક્તિનું રૂપ,
સમકિતની પ્રાપ્તિ થશે આ કારણથી જરૂર.]

---

* થવાપણારૂપ = વર્તમાન પર્યાય. ** સિદ્ધરૂપ = ચોક્કસ થવાવાળી પ્રાપ્ય પર્યાય.

**(૪૩) કરણશક્તિ :–**

વ્યાખ્યા :–ભવતા (-વર્તતા, થતા) ભાવના ભવનના (-થવાના) સાધકતમપણામયી (–ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ.

કળશામૃત :– * ભવતા નિર્મળ ભાવનું ભવન અહો! જે થાય,
તેના સાધકતમમયી કરણશક્તિ કહેવાય;
* [આ શક્તિનું રૂપ છે શ્રદ્ધાગુણની માંય,
તેના કારણથી થતી સમકિતની પર્યાય;
* ભાઈ! બીજે શોધ મા, તારું સાધન તું જ,
છોડી રાગ-નિમિત્તને થા નિજની સન્મુખ.]

**(૪૪) સંપ્રદાનશક્તિ :–**

વ્યાખ્યા :–પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામયી (–તેને મેળવવાના યોગ્યપણામય, તેને લેવાના પાત્રપણામય) સંપ્રદાનશક્તિ

કળશામૃત :– * પોતાથી દેવાય જે નિર્મળ સમ્યક્ ભાવ,
તેના પાત્રપણામયી શક્તિ આત્મામાંય;
* સંપ્રદાનશક્તિ અહો! તેનું નામ કથાય,
[દાતા, દાન, સુપાત્ર તું અંતર્દષ્ટિ માંય;
* શ્રદ્ધાગુણમાં છે અહો સંપ્રદાનનું રૂપ,
દાતા, પાત્ર સ્વયં અહો સમકિતની પર્યય.]

**(૪૫) અપાદાનશક્તિ :–**

વ્યાખ્યા :–ઉત્પાદ-વ્યયથી આલિંગિત ભાવના અપાય (-હાનિ, નાશ) થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ.

કળશામૃત :– * આલિંગિત ઉત્પાદ ને વ્યયથી એવો ભાવ,
તેના હાનિ–નાશથી જે નહિ પામે નાશ;
* એવા ધ્રુવપણામયી શક્તિ [પરમ પ્રધાન,]
અપાદાનશક્તિ [અહો તેનું નામ કથાય;]
* [ક્ષણિક અને ધ્રુવ બે કહ્યાં ઉપાદાન-પ્રકાર,
એ બંનેય પ્રકાર આ શક્તિમાં જ સમાય;
* કોઈ પણ પર્યય તણો જ્યારે થાય અભાવ,
ધ્રુવપણાને કારણે બીજી પર્યય થાય;
* ત્રિકાળ ટકતા ભાવને તેથી તું અવલંબ,
નિર્મળ પર્યય પ્રગટશે સાદિ અનંત અનંત.]

**(૪૬) અધિકરણશક્તિ :–**

વ્યાખ્યા :–ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા) ભાવના આધારપણામયી અધિકરણશક્તિ.

કળશામૃત :– * ભાવ્યમાન [સહુ] ભાવના આધારમયસ્વરૂપ,
અધિકરણશક્તિ [કહી આગમ મહીં અનૂપ;]
* [આ શક્તિનું રૂપ છે દરેક ગુણમાં જાણ,
નિર્મળ પર્યય પ્રગટતી તે રૂપને આધાર;
* પ્રકાશશક્તિમાં અહો આ શક્તિનું રૂપ,
તેના આધારે થતું સંવેદન પ્રત્યક્ષ;
* સમકિત આદિ પર્યયો ભાવ્યમાન છે ભાવ,
શ્રદ્ધા મહીં અધિકરણના આધારે પ્રગટાવ.]

**(૪૭) સંબંધશક્તિ :-**

વ્યાખ્યા :–સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ.

(પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી—એવા સંબંધમયી સંબંધશક્તિ.)

કળશામૃત :- * દ્રવ્ય, ગુણ, પરિણમન શુદ્ધ–'સ્વ'સ્વભાવ કહેવાય,
તેવા સ્વામીપણામયી સંબંધશક્તિ કથાય;

* [નથી તું સ્વામી કોઈનો સ્વભાવમાત્ર સિવાય,
સ્વસ્વામિસંબંધમયશક્તિ ત્યાં વર્તાય;

* અનુભવ થાતાં શક્તિ આ પર્યયમાં પ્રગટાય,
તેથી જ્ઞાની રાગનો સ્વામી કદી ન થાય.]

## ઉપસંહાર

*	આવી અનંતી શક્તિઓ ઊછળે છે સુખદાય,
	શક્તિ, શક્તિવાનનો ભેદ જતાં વેદાય;
*	દરેક શક્તિમાં રહે નિજ નિજનું જ સ્વરૂપ,
	ને અનંત શક્તિ મહીં વ્યાપે તેનું રૂપ;
*	વ્યાપે દ્રવ્ય-ગુણો મહીં સર્વે શક્તિ સદાય,
	અભેદને અવલંબતાં વ્યાપે પર્યય માંય;
*	આ છે આચાર્યો તણી અનુપમ અમૂલ્ય ભેટ,
	‘‘આમાં ખોલ્યાં છે અહો! કેવળીઓના પેટ.’’

## ગુરુવંદના

*	કહાનગુરુ-પ્રવચન અહો! શ્રુતના સિંધુ સમાન,
	અંતર અનુભવથી અહો! આનંદે ઉભરાય;
*	આત્મખ્યાતિ મહીં કહ્યો ‘શક્તિ’નો અધિકાર,
	મર્મ કહી તેનો કર્યો ગુરુદેવે ઉપકાર;
*	આવી દેશના પામવી તે મોટું સદ્‌ભાગ્ય,
	વિનમ્ર ભાવે ભક્તિથી વંદુ છું ગુરુપાદ.

# C : ઉપાય-ઉપેય અધિકાર

## કળશ ૨૬૪ થી ૨૭૮

## કળશ ૨૬૪

ઉત્થાનિકા :–'ઇત્યાદિ અનેક શક્તિઓથી યુક્ત આત્મા છે તોપણ તે જ્ઞાનમાત્રપણાને છોડતો નથી'— એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * ઇત્યાદિ (પૂર્વે કહેલી ૪૭ શક્તિઓ વગેરે વગેરે) અનેક નિજ શક્તિઓથી સારી રીતે
 * ભરેલો હોવા છતાં જે ભાવ

૨. * જ્ઞાનમાત્રમયપણાને છોડતો નથી, એવું તે,
 * પૂર્વોક્ત પ્રકારે ક્રમરૂપે અને અક્રમરૂપે વર્તતા

૩. * વિવર્તથી (-રૂપાંતરથી, પરિણમનથી) અનેક પ્રકારનું,
 * દ્રવ્યપર્યાયમય ચૈતન્ય

૪. * (અર્થાત્ એવો તે ચૈતન્યભાવ—આત્મા)
 * આ લોકમાં વસ્તુ છે [તેનો હે જીવો! તમે અનુભવ કરો.]

**કળશામૃત :–**

૧. * ઇત્યાદિ પૂર્વકથિત નિજ શક્તિ અનંતથી સુરીતે,
[પરિપૂર્ણ રીત] ભરિત હોવા [પણ] છતાંયે ભાવ જે;

૨. * નથી છોડતો [નિજ] જ્ઞાનમાત્રપણું [કદીયે], એવું તે,
પૂર્વોક્ત રીતે ક્રમરૂપે–અક્રમરૂપે વર્તન વડે;

૩. * (રૂપાંતરોથી-પરિણમનથી) તેહ 'નેક પ્રકારનું,
દ્રવ-[ગુણ] ને પર્યયમયી ચૈતન્ય [રૂપ સ્વભાવનું;]

૪. * (અર્થાત્ એવો આતમા ચૈતન્યભાવપણે અહો,)
આ લોકમાં છે વસ્તુ [તેને સાધ્યભાવરૂપે ગ્રહો.]

## કળશ-૨૬૫

ઉત્થાનિકા :– 'આ અનેકસ્વરૂપ—અનેકાંતમય—વસ્તુને જેઓ જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તેઓ જ્ઞાનસ્વરૂપ થાય છે'—એવા આશયનું, સ્યાદ્‌વાદનું ફળ બતાવતું કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * આવી (અનેકાંતાત્મક) વસ્તુતત્વની વ્યવસ્થિતિને
   * અનેકાંત-સંગત (–અનેકાંત સાથે સુસંગત, અનેકાંત સાથે મેળવાળી)

૨. * દ્રષ્ટિ વડે સ્વયમેવ દેખતા થકા, સ્યાદ્‌વાદની
   * અત્યંત શુદ્ધિને જાણીને, જિનનીતિને (જિનેશ્વરદેવના માર્ગને)

૩. * નહિ ઉલ્લંઘતા થકા,
   * સત્પુરુષો જ્ઞાનસ્વરૂપ થાય છે.

૪. * [ઉત્થાનિકામાંથી :–]
   * 'આ રીતે જે અનેકસ્વરૂપ-અનેકાંતમય વસ્તુને
   * જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તેઓ જ્ઞાનસ્વરૂપ થાય છે.'

**કળશામૃત :–**

૧. * આવી અહો ('નેકાંત*-આત્મક) વસ્તુતત્વ-વ્યવસ્થિતિને,
('નેકાંત*-સંગત સુરીતે, 'નેકાંત*ને અનુકૂળ જે;)

૨. * દ્રષ્ટિ વડે સ્વયમેવ દેખીને અહા સ્યાદ્‌વાદની,
અત્યંત શુદ્ધિ જાણીને (જિનદેવના [સદ્] માર્ગને;)

૩. * અર્થાત્ એવી જિનનીતિને [કદીય] નહિ ઉલ્લંઘીને,
[સહુ] સત્પુરુષો જ્ઞાનસ્વરૂપે થાય છે [મુનિવર કહે.]

૪. * [ઉત્થાનિકામાંથી :–]
આ રીત 'નેક**સ્વરૂપ કે 'નેકાંત*મય [નિજ] વસ્તુને,
જાણે અને શ્રદ્ધે–અનુભવે, જ્ઞાનસ્વરૂપે થાય તે.

---

* 'નેક = અનેક.

** 'નેકાંત = અનેકાંત.

# ઉપાય-ઉપેય અધિકાર

## [ઉપોદ્ઘાત]

* (આ રીતે સ્યાદ્વાદ વિષે કહીને, હવે આચાર્યદેવ ઉપાય-ઉપેયભાવ વિષે થોડું કહે છે :—

* હવે આનો (-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનો) ઉપાય-ઉપેયભાવ* વિચારવામાં આવે છે (અર્થાત્ આત્મવસ્તુ જ્ઞાનમાત્ર હોવા છતાં તેને ઉપાયપણું અને ઉપેયપણું બંને કઈ રીતે ઘટે છે તે વિચારવામાં આવે છે.) :–

* આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ તેને ઉપાય-ઉપેયભાવ (ઉપાય-ઉપેયપણું) છે જ; કારણ કે તે એક હોવા છતાં પોતે** સાધકરૂપે અને સિદ્ધરૂપે એમ બંનેરૂપે પરિણમે છે. તેમાં જે સાધકરૂપ છે તે ઉપાય છે અને જે સિદ્ધરૂપ છે તે ઉપેય છે. માટે, અનાદિ કાળથી મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર વડે (મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર વડે) સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે સંસારમાં ભ્રમણ કરતાં, સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહારસમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રના પાકના પ્રકર્ષની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરાવવામાં આવતા આ આત્માને, અંતર્મગ્ન જે નિશ્ચય સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ભેદો તે-પણા વડે પોતે સાધકરૂપે પરિણમતું, તથા પરમ પ્રકર્ષની હદને પામેલા રત્નત્રયની અતિશયતાથી પ્રવર્તેલો જે સકળ કર્મનો ક્ષય તેનાથી પ્રજ્વલિત (દેદીપ્યમાન) થયેલો જે અસ્ખલિત વિમળ સ્વભાવભાવ તે-પણા વડે પોતે સિદ્ધરૂપે પરિણમતું એવું એક જ જ્ઞાનમાત્ર ઉપાય-ઉપેયભાવ સાધે છે.

* આ રીતે બંનેમાં (-ઉપાયમાં તેમજ ઉપેયમાં–) જ્ઞાનમાત્રનું અનન્યપણું છે અર્થાત્ અન્યપણું નથી; માટે સદાય અસ્ખલિત એક વસ્તુનું (-જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું-) નિષ્કંપ ગ્રહણ કરવાથી, મુમુક્ષુઓને–કે જેમને અનાદિ સંસારથી ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય તેમને પણ, તત્ક્ષણ જ ભૂમિકાની પ્રાપ્તિ થાય છે; પછી તેમાં જ નિત્ય મસ્તી કરતા તે મુમુક્ષુઓ કે જેઓ પોતાથી જ, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક અંતની (અનેક ધર્મની) મૂર્તિઓ છે તેઓ—સાધકભાવથી ઉત્પન્ન થતી પરમ પ્રકર્ષની કોટિરૂપ*** સિદ્ધિભાવનું ભાજન થાય છે. પરંતુ જેમાં અનેક અંત અર્થાત્ ધર્મ ગર્ભિત છે એવા એક જ્ઞાનમાત્ર ભાવરૂપ આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતા નથી, તેઓ સદા અજ્ઞાની વર્તતા થકા, જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન અને પરરૂપથી ભવન દેખતા (-શ્રદ્ધતા) થકા, જાણતા થકા અને આચરતા થકા, મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની અને મિથ્યાચારિત્રી વર્તતા થકા, ઉપાય-ઉપેયભાવથી અત્યંત ભ્રષ્ટ વર્તતા થતા સંસારમાં પરિભ્રમણ જ કરે છે.

---

* ઉપેય એટલે પામવાયોગ્ય, અને ઉપાય એટલે પામવાયોગ્ય જેનાથી પમાય તે.

** આત્મા પરિણામી છે અને સાધકપણું તથા સિદ્ધપણું એ બંને તેના પરિણામ છે.

*** કોટિ = અંતિમતા; ઉત્કૃષ્ટતા; ઊંચામાં ઊંચું બિંદુ; હદ.

## કળશ–૨૬૬

ઉત્થાનિકા :–હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે પુરુષો કોઈ પણ પ્રકારે
 * જેમનો મોહ દૂર થયો છે એવા થયા થકા, જ્ઞાનમાત્ર નિજભાવમય અકંપ
૨. * ભૂમિકાનો (અર્થાત્ જ્ઞાનમાત્ર જે પોતાનો ભાવ તે-મય નિશ્ચળ ભૂમિકાનો) આશ્રય કરે છે,
 * તેઓ સાધકપણાને પામીને સિદ્ધ થાય છે;
૩. * પરંતુ જેઓ મૂઢ (-મોહી, અજ્ઞાની,
 * મિથ્યાદૃષ્ટિ) છે, તેઓ આ ભૂમિકાને નહિ પામીને
૪. * સંસારમાં પરિભ્રમણ કરે છે.
 * [તેથી હે જીવો! તમે સૌ સાધક થઈને હવે સાધ્ય આત્માની પ્રાપ્તિ કરો!]

**કળશામૃત :–**

૧. * જે મોહને દૂરે કરી કો' પણ પ્રકારે પુરુષ તે,
રે વિલીનમોહ થયા થકા, નિજભાવમય અણકંપ* જે–
૨. * [બસ] જ્ઞાનમાત્ર જ ભૂમિનો [નિશ્ચળપણે] આશ્રય કરે,
સાધકપણાને પામીને તે પુરુષ સિદ્ધ બને ખરે;
૩. * કિંતુ જેઓ મૂઢ-મોહી છે અરે અજ્ઞાની જે,
મિથ્યામતિઓ એ સહુ આ ભૂમિકા નહિ પામીને;
૪. * [વિપરીત દ્રષ્ટિથી અરે] ફરી ફરી કરે છે ભ્રમણ રે;
[તેથી જીવો! સાધક થઈને સાધ્ય પ્રાપ્ત કરો હવે.]

---

* અણકંપ = અકંપ.

## કળશ-૨૬૭

ઉત્થાનિકા :–આ ભૂમિકાનો આશ્રય કરનાર જીવ કેવો હોય તે હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે પુરુષ સ્યાદ્‌વાદમાં પ્રવીણતા તથા
   * (રાગાદિક અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ) સુનિશ્ચળ સંયમ

૨. * —એ બંને વડે પોતામાં ઉપયુક્ત રહેતો થકો
   * [અર્થાત્ પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઉપયોગને જોડતો થકો]

૩. * પ્રતિદિન પોતાને ભાવે છે
   * (–નિરંતર પોતાના આત્માની ભાવના કરે છે),

૪. * તે જ એક (પુરુષ), જ્ઞાનનય અને ક્રિયાનયની
   * પરસ્પર તીવ્ર મૈત્રીના પાત્રરૂપ થયેલો,

૫. * આ (જ્ઞાનમાત્ર નિજભાવમય) ભૂમિકાનો આશ્રય કરે છે;
   * [તેથી હે ભવ્ય! તું આત્માનુભવ અને સંયમ વડે નિષ્કર્મ અવસ્થાને પ્રાપ્ત કર.]

**કળશામૃત :–**

૧. * સ્યાદ્‌વાદમાં રે પ્રવીણતા ને સુરીતે નિશ્ચળ ખરે,
(એવા અશુદ્ધ પરિણતિના ત્યાગરૂપ) સંયમ વડે;

૨. * જે પુરુષ–એ બંને વડે ઉપયુક્ત નિજમાં થઈ અને
-નિજ જ્ઞાનસ્વરૂપી આત્મમાં ઉપયોગ નિજનો જોડીને–

૩. * નિજને જ ભાવે છે પ્રતિદિન એટલે કે તે ખરે,
નિજ આતમાની ભાવના રે છે કરે નિરંતરે;

૪. * [બસ] તે જ એક (પુરુષ) જ્ઞાન અને ક્રિયાનયની અહા,
રે તીવ્ર મૈત્રીના પરસ્પર પાત્રરૂપ થઈ [સદા;]

૫. * નિજભાવમય આ જ્ઞાનમાત્ર જ ભૂમિનો આશ્રય કરે;
[તું પ્રાપ્તિ કર નૈષ્કર્મ્યની અનુભવ અને સંયમ વડે.]

## કળશ-૨૬૮ [સુપ્રભાત]

ઉત્થાનિકા :—આમ જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે, તે જ અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે—એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ (પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે)
⁎ તેને જ, ચૈતન્યપિંડનો નિરર્ગળ

૨. ⁎ વિલસતો જે વિકાસ તે-રૂપ
⁎ જેનું ખીલવું છે (અર્થાત્ ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું છે), [એવું તે સમ્યગ્દર્શન/કેવળદર્શન છે :]

૩. ⁎ શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે
⁎ **સુપ્રભાત** સમાન છે, [એવું તે સમ્યગ્જ્ઞાન/કેવળજ્ઞાન છે;]

૪. ⁎ આનંદમાં સુસ્થિત એવું [તે અતીન્દ્રિય/અવ્યાબાધ સુખ છે;]
⁎ જેનું સદા અસ્ખલિત એક રૂપ છે.

૫. ⁎ અને અચળ જેની જ્યોત છે એવો આ આત્મા
⁎ [અનંત વીર્ય પ્રગટ કરતો થકો] ઉદય પામે છે.

૬. ⁎ [ઉત્થાનિકામાંથી :]
આમ જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે,
⁎ તે જ અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે.

કળશામૃત :–

૧. * (પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિનો આશ્રય કરે,
તેને જ [આ] ચૈતન્યપિંડ તણો નિરર્ગળ [રૂપ જે;]

૨. * એવો વિલસતો જે વિકાસ અહો અહો તેના રૂપે,
છે ખીલવું જેનું અરે [છે એવું એ દર્શન ખરે;]

૩. * [વળી] શુદ્ધ [શુદ્ધ] પ્રકાશની અત્યંતતા હોવાથી જે,
રે સુપ્રભાત સમાન છે [એવું અહો તે જ્ઞાન છે;]

૪. * સુસ્થિત છે આનંદમાં એવું [અહો તે સુખ છે,]
જેનું સદા અસ્ખલિત [એવું] એક [માત્ર જ] રૂપ છે;

૫. * ને અચળ જેની જ્યોત છે એવો અહો આ આતમા,
[સંપૂર્ણ વીર્ય પ્રગટ કરંતો] ઉદયને પામે અહા!

૬. * [ઉત્થાનિકામાંથી :–]
જે પુરુષ આ રીતે અહો આ ભૂમિનો આશ્રય કરે,
તેને જ દર્શન આદિ ’નંત* ચતુષ્ટ**ની પ્રાપ્તિ ખરે.]

---

* ’નંત = અનંત. ** ચતુષ્ટ = ચતુષ્ટય.

અનંત ચતુષ્ટય : ચિત્પિંડ – અનંત દર્શન.
શુદ્ધપ્રકાશ — અનંત જ્ઞાન.
આનંદમાં સુસ્થિત — અનંત સુખ.
અચલાર્ચિ — અનંત વીર્ય.

## કળશ-૨૬૯

ઉત્થાનિકા :–એવો જ આત્મસ્વભાવ અમને પ્રગટ હો એમ હવે કહે છે.

**શ્લોકાર્થ :–**

૧. ⁎ સ્યાદ્‌વાદ વડે પ્રદીપ્ત કરવામાં આવેલું
⁎ લસલસતું (-ઝગમગાટ કરતું) જેનું તેજ છે અને જેમાં
૨. ⁎ શુદ્ધસ્વભાવરૂપ મહિમા છે એવો આ પ્રકાશ (જ્ઞાનપ્રકાશ)
⁎ જ્યાં મારામાં ઉદય પામ્યો છે, ત્યાં બંધ-મોક્ષના
૩. ⁎ માર્ગમાં પડનારા અન્ય ભાવોથી મારે
⁎ શું પ્રયોજન છે? નિત્ય જેનો ઉદય રહે છે
૪. ⁎ એવો કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ સ્વભાવ જ
⁎ મને સ્ફુરાયમાન હો.

**કળશામૃત :–**

૧. * સ્યાદ્‌વાદથી જે દીપ્ત* કરવામાં અહો આવેલ તે,
લસલસતું જેનું તેજ છે ને જેહમાં મહિમા ખરે;
૨. * છે શુદ્ધભાવસ્વરૂપ એવો જ્ઞાનનો પરકાશ** આ,
જ્યાં ઉદય મુજમાં પામીઓ*** છે ત્યાંય મુક્તિ-બંધના;
૩. * મારગ મહીં પડનાર બીજા ભાવથી મારે અહા,
શું છે પ્રયોજન? નિત્ય જેનો ઉદય વર્તે છે સદા;
૪. * કેવળ અહો એવો અનંતા ચતુષ્ટયમય ભાવ જે,
તે પ્રગટ હો–સ્ફુરાયમાન રહો સદા મુજમાં હવે.

---

* દીપ્ત = પ્રદીપ્ત.

** પરકાશ = પ્રકાશ.

*** પામીઓ = પામ્યો.

## કળશ-૨૭૦

ઉત્થાનિકા :–'જોકે નયો વડે આત્મા સધાય છે તોપણ જો નયો પર જ દૃષ્ટિ રહે તો નયોમાં તો પરસ્પર વિરોધ પણ છે, માટે હું નયોને અવિરોધ કરીને અર્થાત્ નયોનો વિરોધ મટાડીને આત્માને અનુભવું છું'—એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાય આ
∗ આત્મા નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતાં
૨. ∗ તત્કાળ નાશ પામે છે; માટે હું એમ અનુભવું છું
∗ કે—જેમાંથી ખંડોને નિરાકૃત∗ કરવામાં આવ્યા નથી છતાં
૩. ∗ જે અખંડ છે, એક છે, એકાંત શાંત છે
∗ (અર્થાત્ જેમાં કર્મના ઉદયનો લેશ પણ નથી
૪. ∗ એવા અત્યંત શાંત ભાવમય છે)
∗ અને અચળ છે (અર્થાત્ કર્મના ઉદયથી ચળાવ્યું ચળતું નથી)
૫. ∗ એવું ચૈતન્યમાત્ર તેજ હું છું.
∗ [આ રીતે નયોનો વિરોધ મટાડીને હું આત્માને અનુભવું છું.]

∗ નિરાકૃત = બહિષ્કૃત; દૂર; રદબાતલ; નાકબૂલ.

**કળશામૃત :–**

૧. * [વિધવિધ] 'નેક* પ્રકારની નિજ શક્તિનો સમુદાય આ
આત્મા, કરાતાં ખંડખંડરૂપે અહો નયદ્રષ્ટિમાં;
૨. * તત્કાળ પામે નાશને છે તેથી એમ હું અનુભવું–
જેમાંથી ખંડોને નથી દૂરે કરાયા છે છતાં;
૩. * અખંડ છે ને એક છે, જે શાંત એકાંતે અહા,
અર્થાત્ જેમાં કર્મનો છે ઉદય લેશ નહિ જરા;
૪. * એવા અતિશય શાંત ભાવમયી અહો છે તે સદા,
ને અચળ છે–નથી કર્મઉદયે તે ચળે કદીયે જરા;
૫. * એવું અહો ચૈતન્યમાત્ર જ તેજ હું છું [જ્ઞાનનું;]
[નયસમૂહને અવિરોધ કરી મુજ આત્મને હું અનુભવું.]

∗ 'નેક = અનેક.

## કળશ ૨૭૦ પછીનો ગદ્યાંશ

ઉપોદ્‌ઘાત : હવે, જ્ઞાની અખંડ આત્માનો આવો અનુભવ કરે છે એમ આચાર્યદેવ ગદ્યમાં કહે છે :–

**ટીકા :–**

૧. ⁎ (જ્ઞાની શુદ્ધનયનું આલંબન લઈ એમ અનુભવે છે
⁎ કે–) હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને

૨. ⁎ નથી દ્રવ્યથી ખંડતો (-ખંડિત કરતો), નથી ક્ષેત્રથી ખંડતો,
⁎ નથી કાળથી ખંડતો, નથી ભાવથી ખંડતો;

૩. ⁎ સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ છું.
⁎ [જ્ઞાની અખંડ આત્માનો આવો અનુભવ કરે છે.]

**ટીકામૃત :–**

૧. * (નયશુદ્ધને અવલંબીને રે જ્ઞાની એમ અનુભવે
કે–) હું મને અર્થાત્ મારા શુદ્ધ આત્મસ્વરૂપને;

૨. * નથી ખંડતો [કદી] દ્રવ્યથી, નથી ખંડતો [કદી] ક્ષેત્રથી,
નથી ખંડતો [કદી] કાળથી, નથી ખંડતો [કદી] ભાવથી;

૩. * સુવિશુદ્ધ [-ખંડ રહિત એવો] જ્ઞાનમાત્ર જ ભાવ છું;
[જ્ઞાની કહે–મુજ આતમાને આ રીતે હું અનુભવું.]

## કળશ-૨૭૧

ઉત્થાનિકા :–જ્ઞાનમાત્ર ભાવ પોતે જ જ્ઞાન છે, પોતે જ પોતાનું જ્ઞેય છે અને પોતે જ પોતાનો જ્ઞાતા છે—એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના
∗ જ્ઞાનમાત્ર જ ન જાણવો; (પરંતુ) જ્ઞેયોના
૨. ∗ આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપે પરિણમતો તે,
∗ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો
૩. ∗ (અર્થાત્ પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા–
∗ એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો).

**કળશામૃત :–**

૧. * જે જ્ઞાનમાત્ર [જ] ભાવ આ હું છું અહો તે જ્ઞેયના,
બસ જ્ઞાનમાત્ર ન જાણવો (પણ) જ્ઞેય-આકારે થતાં;
૨. * [મુજ] જ્ઞાનકલ્લોલોરૂપે પરિણમન કરતો હું [સદા,]
છું જ્ઞેય-જ્ઞાતા-જ્ઞાનમય રે વસ્તુમાત્ર જ હું અહા.
૩. * (હું જ્ઞાન છું, હું જ્ઞેય છું, જ્ઞાતા સ્વયં પણ હું જ છું,
હું જ્ઞેય-જ્ઞાતા-જ્ઞાનમય ત્રણ ભાવસહ વસ્તુ જ છું.)

## કળશ–૨૭૨

ઉત્થાનિકા :–આત્મા મેચક, અમેચક ઇત્યાદિ અનેક પ્રકારે દેખાય છે તોપણ યથાર્થ જ્ઞાની નિર્મળ જ્ઞાનને ભૂલતો નથી—એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ∗ (જ્ઞાની કહે છે :) મારા તત્ત્વનો એવો સ્વભાવ જ છે કે
∗ કોઈ વાર તો તે (આત્મતત્ત્વ) મેચક (-અનેકાકાર, અશુદ્ધ) દેખાય છે,

૨. ∗ કોઈ વાર
∗ મેચક-અમેચક (બંનેરૂપ) દેખાય છે અને

૩. ∗ વળી કોઈ વાર અમેચક (–એકાકાર, શુદ્ધ) દેખાય છે;
∗ તોપણ પરસ્પર સુસંહત (-સુમિલિત, સુગ્રથિત, સારી રીતે ગૂંથાયેલી) પ્રગટ

૪. ∗ શક્તિઓના સમૂહરૂપે સ્ફુરાયમાન તે આત્મતત્ત્વ
∗ નિર્મળ બુદ્ધિવાળાઓના મનને વિમોહિત કરતું નથી (-ભ્રમિત કરતું નથી, મુંઝવતું નથી).

૫. ∗ [ઉત્થાનિકામાંથી :]
∗ આત્મા મેચક, અમેચક ઇત્યાદિ અનેક પ્રકારે દેખાય છે
∗ તોપણ યથાર્થ જ્ઞાની નિર્મળ જ્ઞાનને ભૂલતો નથી.

**કળશામૃત :–**

૧. * મુજ **તત્ત્વ**નો જ સ્વભાવ એવો છે અહો જ્ઞાની કહે :
દેખાય છે મેચક—અશુદ્ધ અને અનેકાકાર—તે

૨. * કો’વાર આતમ**તત્ત્વ** ને વળી કોઈ [બીજી] વાર રે,
દેખાય છે મેચક-અચેમક બેયરૂપે તે અને

૩. * વળી કોઈ [બીજી] વાર તે રે અમેચક દેખાય છે,
તોપણ પરસ્પર સુમિલિત—સુગ્રથિત—એવી પ્રગટ જે;

૪. * શક્તિ તણા સમૂહોરૂપે સ્ફુરિત આતમ**તત્ત્વ** તે,
નિર્મળ [મહા] મતિમંતના મનને વિમોહિત ના કરે.

૫. * [ઉત્થાનિકામાંથી : ]
* [દેખાય મેચક ને અમેચક આદિરૂપે આતમા;
તોપણ યથારથ* જ્ઞાની નિર્મળ જ્ઞાનને ન ભૂલે જરા.]

---

યથારથ = યથાર્થ = સમ્યક્.

## કળશ-૨૭૩

ઉત્થાનિકા :–આત્માનો અનેકાંતસ્વરૂપ (-અનેક ધર્મસ્વરૂપ) વૈભવ અદ્‌ભૂત (-આશ્ચર્યકારક) છે—એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * અહો! આત્માનો તે આ સહજ અદ્‌ભૂત વૈભવ છે કે—
એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે

૨. * અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે,
* એક તરફથી જોતાં ક્ષણભંગુર છે

૩. * અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી
* [તે નિત્યે ઉદિત એવો આ આત્મા] ધ્રુવ છે;

૪. * અને એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે અને
* એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે.

૫. * [ઉત્થાનિકામાંથી]
* આત્માનો અનેકાંતસ્વરૂપ (-અનેક ધર્મસ્વરૂપ) વૈભવ
* અદ્‌ભૂત (–આશ્ચર્યકારક) છે [તેને આચાર્યશ્રી અમૃતચંદ્રે વર્ણવ્યો.]

**કળશામૃત :–**

૧. * આત્મા તણો તે આ સહજ અદ્‌ભૂત વૈભવ છે ખરે,
જોતાં અહો તે એક રીતે 'નેકતા* પામેલ છે;
૨. * ને દેખતાં તે એક રીતે એકતા ધારે સદા,
તે એક રીતે દેખતાં ભંગુર છે ક્ષણમાત્રમાં;
૩. * ને એક રીતે દેખતાં હોવાથી ઉદય અહો સદા,
* તે ધ્રુવ છે [નિત્યે ઉદિત એવો અહો આ આતમા;]
૪. * ને દેખતાં તે એક રીતે પરમ વિસ્તૃત છે તથા
નિજના પ્રદેશોથી જ તે ધારી રખાયો છે સદા!
૫. * [ઉત્થાનિકામાંથી]
* આવો અનેકાનેક ધર્મસ્વરૂપ [નિજ] વૈભવ અહો,
અદ્‌ભૂત ને આશ્ચર્યકારી [-ચંદ્રઅમૃતે** કહ્યો.]

---

* 'નેકતા = અનેકતા.

** ચંદ્રઅમૃતે = આચાર્ય શ્રી અમૃતચંદ્રે.

## કળશ-૨૭૪

ઉત્થાનિકા :–ફરી આ જ અર્થનું કાવ્ય કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. ⁎ એક તરફથી જોતાં કષાયોનો ક્લેશ દેખાય છે
⁎ અને એક તરફથી જોતાં શાંતિ (કષાયોના અભાવરૂપ શાંતભાવ) છે;

૨. ⁎ એક તરફથી જોતાં ભવની (–સંસાર સંબંધી) પીડા દેખાય છે
⁎ અને એક તરફથી જોતાં (સંસારના અભાવરૂપ) મુક્તિ પણ સ્પર્શે છે;

૩. ⁎ એક તરફથી જોતાં ત્રણ લોક સ્ફુરાયમાન છે (-પ્રકાશે છે, દેખાય છે)
⁎ અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે.

૪. ⁎ (આવો) આત્માનો અદ્દભૂતથી પણ અદ્દભૂત સ્વભાવમહિમા
⁎ જયવંત વર્તે છે (–કોઈથી બાધિત થતો નથી).

**કળશામૃત :–**

૧. * રે એક રીતે દેખતાં જ કષાય-ક્લેશ દીસે અરે,
ને એક રીતે દેખતાં બસ શાંત-ભાવ જણાય છે;

૨. * રે એક રીતે દેખતાં ભવની પીડા દેખાય છે,
ને એક રીતે દેખતાં રે મુક્તિ પણ સ્પર્શન કરે;

૩. * રે એક રીતે દેખતાં ત્રણ લોક સ્ફુરિત છે અરે,
ને એક રીતે શોભતો ચૈતન્ય કેવળ ભાવ રે;

૪. * અદ્દભૂતથી અદ્દભૂત આત્મસ્વભાવનો મહિમા અહો,
જયવંત વર્તે છે (ન બાધિત કોઈથી પણ તે થતો.)

## કળશ-૨૭૫

ઉત્થાનિકા :–હવે ટીકાકાર આચાર્યદેવ અંતમંગળને અર્થે આ ચિત્ચમત્કારને જ સર્વોત્કૃષ્ટ કહે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * સહજ (–પોતાના સ્વભાવરૂપ) તેજઃપુંજમાં
 * ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી
૨. * જેમાં અનેક ભેદો થતા દેખાય છે
 * તોપણ જેનું એક જ સ્વરૂપ છે
૩. * (અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો ઝળકતા હોવાથી)
 * જે અનેક જ્ઞેયાકારરૂપ દેખાય છે તોપણ
૪. * ચૈતન્યરૂપ જ્ઞાનાકારની દ્રષ્ટિમાં
 * જે એકસ્વરૂપ જ છે),
૫. * જેમાં નિજ રસના ફેલાવથી પૂર્ણ અછિન્ન તત્ત્વ-ઉપલબ્ધિ છે.
 * (અર્થાત્ પ્રતિપક્ષી કર્મનો અભાવ થયો હોવાથી જેમાં સ્વરૂપ-અનુભવનનો અભાવ થતો નથી)
૬. * અને અત્યંત નિયમિત જેની જ્યોત છે (અર્થાત્
 * અનંત વીર્યથી જે નિષ્કંપ રહે છે)
૭. * એવો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ચૈતન્ય—
 * ચમત્કાર જયવંત વર્તે છે
૮. * (–કોઈથી બાધિત ન કરી શકાય
 એમ સર્વોત્કૃષ્ટપણે વર્તે છે).
 (અહીં 'ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે' એમ કહેવામાં જે
 ચૈતન્યચમત્કારનું સર્વોત્કૃષ્ટપણે વર્તવું બતાવ્યું, તે જ મંગળ છે.)

કળશામૃત :–

૧. * નિજના સ્વભાવરૂપે સહજ આ તેજઃપુંજ મહીં અરે,
ત્રણ લોકના [સહુયે] પદાર્થ [નિ]મગ્ન થાતાં હોઈને;
૨. * જેમાં અનંતા ભેદ [જ્ઞેયોના] થતા દેખાય છે,
તોપણ અહો એક જ અખંડ સ્વરૂપ છે જેનું ખરે;
૩. * (અર્થાત્ કેવળજ્ઞાનમાં [જ્ઞેયો] ઝળકતા હોઈને,
જે ’નેક* જ્ઞેયાકારરૂપ જણાય છે તોપણ અરે;
૪. * ચૈતન્યમય [એ] જ્ઞાનના આકારની દ્રષ્ટિ મહીં,
જે એક [માત્ર] સ્વરૂપ છે) [પણ ’નેક* સ્વરૂપે છે નહીં.]
૫. * નિજ રસ તણા ફેલાવથી તત્ત્વોપલબ્ધિ અછિન્ન છે
પરિપૂર્ણરૂપે જેહમાં, (પ્રતિપક્ષી કર્મ ન હોઈને;)
૬. * અત્યંત નિયમિત જ્યોત જેની છે અહો (અર્થાત્ કે
અનંત વીર્ય થકી અહા નિષ્કંપ જે [નિત્યે] રહે;)
૭. * એવો અહો પ્રત્યક્ષ અનુભવગમ્ય આ ચૈતન્યનો,
ચમકાર રે જયવંત વર્તે છે [કહે મુનિવર અહો;]
૮. * (નથી કોઈથી પણ તે અરે બાધિત કરી જ શકાય છે,
એવી રીતે સર્વોત્કૃષ્ટપણે જ તે વર્તી રહે.)

* (અહીં ‘ચૈતન્યચમત્કાર જયવંત વર્તે છે’ એમ કહેવામાં જે ચૈતન્યચમત્કારનું સર્વોત્કૃષ્ટપણે વર્તવું બતાવ્યું, તે જ મંગળ છે.)

---

* ’નેક = અનેક

## કળશ-૨૭૬

ઉત્થાનિકા :–હવેના કાવ્યમાં ટીકાકાર આચાર્યદેવ પૂર્વોક્ત આત્માને આશીર્વાદ આપે છે અને સાથે સાથે પોતાનું નામ પણ પ્રગટ કરે છે :–

**શ્લોકાર્થ :–**

૧. * જે અચળ–ચેતનાસ્વરૂપ આત્મામાં આત્માને
* પોતાથી જ અનવરતપણે (-નિરંતર) નિમગ્ન રાખે છે

૨. * (અર્થાત્ પ્રાપ્ત કરેલા સ્વભાવને કદી છોડતી નથી),
* જેણે મોહનો (અજ્ઞાન-અંધકારનો) નાશ કર્યો છે,

૩. * જેનો સ્વભાવ નિઃસપત્ન (અર્થાત્ પ્રતિપક્ષી કર્મો વિનાનો) છે,
* જે નિર્મળ છે અને જે પૂર્ણ છે એવી

૪. * આ ઉદય પામેલી અમૃતચંદ્રજ્યોતિ (-અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ, જ્ઞાન, આત્મા)
* સર્વ તરફથી જાજ્વલ્યમાન રહો.*

**કળશામૃત :–**

૧. * જે અચળ ચેતનસ્વરૂપ આત્મામાં જ આત્માને અહા,
પોતાથી માત્ર નિરંતરે નિમગ્ન રાખે છે સદા;

૨. * (નથી છોડતી નિજભાવને કદી જે અહો સંપ્રાપ્ત છે,)
અજ્ઞાન-અધરૂપ મોહનો જેણે કર્યો વિનાશ છે;

૩. * પ્રતિપક્ષી કર્મ રહિત એવો જેહનો જ સ્વભાવ છે,
નિર્મળ અહો છે જે અને છે પૂર્ણ એવી તે ખરે,

૪. * રે ઉદય પામી છે અહા આ જ્યોતિ અમૃતચંદ્રની,
જાજ્વલ્યમાન રહો* અહો [સહુ ક્ષેત્રથી ને કાળથી.]

---

* समन्तात् ज्वलतु = સર્વ તરફથી જાજ્વલ્યમાન રહો (તે સર્વ ક્ષેત્રે તથા સર્વ કાળે પ્રકાશ કરવાનું જણાવે છે).

હવે શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્યદેવ બે કાવ્યો કહીને આ સમયસારશાસ્ત્રની આત્મખ્યાતિ નામની ટીકા પૂર્ણ કરે છે.

## કળશ-૨૭૭

ઉત્થાનિકા :—

* 'અજ્ઞાનદશામાં આત્મા સ્વરૂપને ભૂલીને રાગદ્વેષમાં વર્તતો હતો, પરદ્રવ્યની ક્રિયાનો કર્તા થતો હતો, ક્રિયાના ફળનો ભોક્તા થતો હતો,–ઇત્યાદિ ભાવો કરતો હતો; પરંતુ હવે જ્ઞાનદશામાં તે ભાવો કાંઈ જ નથી એમ અનુભવાય છે.'—આવા અર્થનું કાવ્ય પ્રથમ કહે છે :—

**શ્લોકાર્થ :–**

૧. * જેનાથી (અર્થાત્ જે પરસંયોગરૂપ બંધપર્યાયજનિત
 * અજ્ઞાનથી) પ્રથમ પોતાનું અને
૨. * પરનું દ્વૈત થયું (અર્થાત્ પોતાના અને પરના ભેળસેળપણારૂપ ભાવ થયો), દ્વૈતપણું થતાં
 * જેમાંથી સ્વરૂપમાં અંતર પડ્યું (અર્થાત્ બંધપર્યાય જ પોતારૂપ જણાયો),
૩. * સ્વરૂપમાં અંતર પડતાં જેનાથી રાગદ્વેષનું
 * ગ્રહણ થયું, રાગદ્વેષનું ગ્રહણ થતાં જેનાથી ક્રિયાના કારકો
૪. * ઉત્પન્ન થયા (અર્થાત્ ક્રિયાનો અને કર્તા-કર્મ આદિ કારકોનો ભેદ પડ્યો),
 * કારકો ઉત્પન્ન થતાં જેનાથી અનુભૂતિ
૫. * ક્રિયાના સમસ્ત ફળને ભોગવતી થકી ખિન્ન થઈ (-ખેદ પામી),
 * તે અજ્ઞાન હવે વિજ્ઞાનઘનના ઓઘમાં મગ્ન થયું
૬. * (અર્થાત્ જ્ઞાનરૂપે પરિણમ્યું) તેથી હવે
 * તે બધું ખરેખર કાંઈ જ નથી.

**કળશામૃત :–**

૧. * જે પર તણા સંયોગરૂપ રે બંધપર્યાયો વડે,
ઉપજ્યું અહો અજ્ઞાન જેનાથી પ્રથમ પોતાનું ને
૨. * પરનું થયું જે દ્વૈત—ભેળપણું સ્વ-પરનું—તે થતાં,
અંતર પડ્યું નિજ સ્વરૂપમાં, (સ્વ-રૂપે જણાયો બંધ આ;)
૩. * અંતર થતાં નિજ સ્વરૂપમાં જેનાથી રાગાદિ અહા,
થયું ગ્રહણ તેમનું, તેમ થાતાં કારકો ક્રિયા તણા;
૪. * જેનાથી ઉપજ્યાં [એટલે કે ભેદ કારકનો પડ્યો,]
ને તેમ થાતાં જેહથી અનુભૂતિ આ નિજની અહો;
૫. * ક્રિયા તણા ફળને સહુ ભોગવતી ખિન્ન થઈ, હવે
અજ્ઞાન તે વિજ્ઞાનઘનના ઓઘમાં થયું મગ્ન રે;
૬. * અર્થાત્ તે અજ્ઞાન જ્ઞાનરૂપે પ્રણમવાથી હવે,
તે સર્વ કાંઈપણ નથી [-બસ અનુભવું છું હું મને.]

## કળશ-૨૭૮

ઉત્થાનિકા :–'પૂર્વોક્ત રીતે જ્ઞાનદશામાં પરની ક્રિયા પોતાની નહિ ભાસતી હોવાથી, આ સમયસારની વ્યાખ્યા કરવાની ક્રિયા પણ મારી નથી, શબ્દોની છે—એવા અર્થનું, સમયસારની વ્યાખ્યા કરવાના અભિમાનરૂપ કષાયના ત્યાગને સૂચવનારું કાવ્ય હવે કહે છે :–

**શ્લોકાર્થ :– [Slightly Rearranged]**

૧. * પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે
 * એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (-આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા) કરી છે;

૨. * અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી,
 * [કે જેઓ] સ્વરૂપગુપ્ત [–અમૂર્તિક] જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) [છે.]

**કળશામૃત :–**

૧. * નિજ શક્તિથી વસ્તુસ્વરૂપ સારી રીતે કહ્યું જેમણે,
 એવા અહો શબ્દે કરી છે સમયની વ્યાખ્યા ખરે;

૨. * તેમાં ન અમૃતચંદ્રસૂરિનું કંઈ કર્તવ્ય છે,
 (જે અમૂર્તિક બસ જ્ઞાનમાત્ર સ્વરૂપમાં છે ગુપ્ત રે!]

* આમ શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયપ્રાભૃત નામના પ્રાકૃતગાથાબદ્ધ પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા અનુસાર પંડિત જયચંદ્રજીકૃત સંક્ષેપભાવાર્થમાત્ર દેશભાષામય વચનિકાના આધારે શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

**સમાપ્ત**